www.vitragvani.com

શ્રી સીમંધર-કુંદકુંદકહાન-દિગંબર જૈન સાહિત્ય સ્મૃતિ-સંચય, પુષ્પ નં. ૪

ॐ

परमात्मने नम: ।

# સમયસાર નાટક પ્રવચન

[ભાગ-૧]

કવિવર પંડિત બનારસીદાસ રચિત
'સમયસાર નાટક' શાસ્ત્ર ઉપર
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના અધ્યાત્મરસસભર પ્રવચન

: પ્રકાશક :
**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**
સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

: પ્રસ્તુતકર્તા :
**શ્રી શાંતિલાલ રતીલાલ શાહ-પરિવાર, સાયન (મુંબઈ)**
**શ્રી સૂરજબેન અમુલખભાઈ શેઠ-સ્મૃતિ ટ્રસ્ટ, સાયન (મુંબઈ)**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com

પ્રથમ આવૃત્તિ : ૧૦૦૦

વીર સં. ૨૫૫૮ વિ.સં. ૨૦૫૮ ઇ. સ. ૨૦૦૨

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી ૧૧૩મી જન્મજયંતી, વૈશાખ સુદ-૨, તા. ૧૪-૫-૨૦૦૨

પ્રાપ્તિસ્થાન :–

❋ **શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**
સોનગઢ-૩૬૪૨૫૦
(જિલ્લો-ભાવનગર)

❋ **સૂરજબેન અમુલખભાઈ શેઠ-સ્મૃતિ ટ્રસ્ટ**
૨૧૮, વીણા વિહાર, સાયન, મુંબઈ-૪૦૦૦૨૨.

કિંમત રૂા. ૨૫ = ૦૦

લેસર ટાઈપ સેટીંગ :
**અરિહંત કોમ્પ્યુટર ગ્રાફિક્સ**
જૈન વિદ્યાર્થી ગૃહ કંપાઉન્ડ,
સોનગઢ-૩૬૪૨૫૦
ફોન : (૦૨૮૪૬) ૪૪૦૮૧

મુદ્રક :
**ચંદ્રકાંત આર. મહેતા**
૮૧૬, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક,
રાજકોટ-૩૬૦૦૦૧
ફોન : (૦૨૮૧) ૨૨૮૧૭૬

## બે બોલ

શ્રી સમયસાર વગેરે પરમાગમોનાં ઊંડાં હાર્દને સ્વાનુભવગત કરી શ્રી તીર્થંકર-ભગવાનના શુદ્ધાત્માનુભવપ્રધાન અધ્યાત્મશાસનને જીવંત રાખનાર આધ્યાત્મિક સંત પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીએ સરળ તેમ જ સુગમ પ્રવચનો દ્વારા તેમનાં અણમૂલાં રહસ્યો મુમુક્ષુ સમાજને સમજાવ્યાં; અને એ રીતે આ કાળે અધ્યાત્મરુચિનો નવયુગ પ્રવર્તાવી, તેઓશ્રીએ અસાધારણ મહાન ઉપકાર કર્યો છે. આ વિષમ ભૌતિક યુગમાં સમગ્ર ભારતવર્ષને વિષે તેમ જ વિદેશોમાં પણ જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિભીની અધ્યાત્મવિદ્યાના પ્રચારનું જે આંદોલન પ્રવર્તે છે તે પૂજ્ય ગુરુદેવશ્રીના ચમત્કારી પ્રભાવનાયોગનું અદ્‌ભુત ફળ છે.

આવા પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રીનાં ટેઈપ-અવતીર્ણ, અધ્યાત્મરસભરપૂર પ્રવચનોનું પ્રકાશન કરવાનો અવસર પ્રાપ્ત થવો એ પણ આપણું પરમ સૌભાગ્ય છે. તદ્‌નુસાર કવિવર પંડિત બનારસીદાસ રચિત 'નાટક સમયસાર' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનોનું સંકલન પ્રકાશિત કરતાં કલ્યાણી ગુરુવાણી પ્રત્યે અતિ ભક્તિભીની પ્રસન્નતા અનુભવીએ છીએ.

આ 'નાટક સમયસાર'ના પ્રવચનકાર પરમોપકારી પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી શુદ્ધાત્મદૃષ્ટિવંત, સ્વરૂપાનુભવી, વીતરાગ દેવગુરુના પરમ ભક્ત, કુમારબ્રહ્મચારી, સમયસાર આદિ અનેક ગહન અધ્યાત્મશાસ્ત્રોના પારગામી, સ્વાનુભવસ્યંદી ભાવશ્રુતલબ્ધિના ધણી, સતતજ્ઞાનોપયોગી, વૈરાગ્યમૂર્તિ, નયાધિરાજ શુદ્ધનયની પ્રમુખતા સહ સમ્યક્ અનેકાન્તરૂપ અધ્યાત્મતત્ત્વના અસાધારણ ઉત્તમ વ્યાખ્યાનકાર અને આશ્ચર્યકારી પ્રભાવના-ઉદયના ધારક અધ્યાત્યુગસ્રષ્ટા મહાપુરુષ હતાં. તેમનાં આ પ્રવચનોનું અવગાહન કરતાં જ અધ્યેતાને તેઓશ્રીનો ગાઢ અધ્યાત્મપ્રેમ, શુદ્ધાત્મ-અનુભવ, સ્વરૂપ તરફ ઢળી રહેલી પરિણતિ, વીતરાગ-ભક્તિના રંગે રંગાયેલું ચિત્ત, જ્ઞાયકદેવના તળને સ્પર્શનારું અગાધ શ્રુતજ્ઞાન અને સાતિશય

પરમ કલ્યાણકારી અદ્‌ભુત વચનયોગનો ખ્યાલ આવી જાય છે.

પૂજ્ય ગુરુદેવે અધ્યાત્મનવનીત સમા આ 'નાટક સમયસાર' ના પ્રત્યેક શ્લોકને સર્વ તરફથી છણીને, વિરાટ અર્થોને આ પ્રવચનોમાં ખોલ્યાં છે. અતિશય સચોટ છતાં સુગમ એવા અનેક ન્યાયો વડે અને પ્રકૃત-વિષયસંગત અનેક યથોચિત દૃષ્ટાંતો વડે પૂજ્ય ગુરુદેવે 'નાટક સમયસાર'ના અર્થગંભીર સૂક્ષ્મ ભાવોને અતિશય સ્પષ્ટ અને સરળ બનાવ્યા છે. જીવને કેવા ભાવ સહજ રહે ત્યારે જીવ-પુદ્‌ગલનું સ્વતંત્ર પરિણમન સમજાયું કહેવાય, કેવા ભાવ રહે ત્યારે આત્માનું યથાર્થ સ્વરૂપ સમજાયું ગણાય, ભૂતાર્થ જ્ઞાયક નિજ ધ્રુવ તત્ત્વનો (અનેકાન્ત-સુસંગત) કેવો આશ્રય હોય તો દ્રવ્યદૃષ્ટિ યથાર્થ પરિણમી મનાય, કેવા કેવા ભાવ રહે ત્યારે સ્વાવલંબી પુરુષાર્થનો આદર, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ-વીર્યાદિકની પ્રાપ્તિ થઈ કહેવાય-વગેરે મોક્ષમાર્ગની પ્રયોજનભૂત બાબતો, મનુષ્ય-જીવનમાં બનતા અનેક પ્રસંગોના સચોટ દાખલા આપીને, એવી સ્પષ્ટ કરવામાં આવી છે કે આત્માર્થીને તે તે વિષયનું સ્પષ્ટ ભાવભાસન થઈ અપૂર્વ ગંભીર અર્થો દૃષ્ટિગોચર થાય અને તે, શુભભાવરૂપ બંધમાર્ગને વિષે મોક્ષમાર્ગની મિથ્યા કલ્પના છોડી, શુદ્ધભાવરૂપ યથાર્થ મોક્ષમાર્ગને સમજી, સમ્યક્ પુરુષાર્થમાં જોડાય. આ રીતે 'નાટક સમયસાર'ના સ્વાનુભૂતિદાયક ઊંડા ભાવોને, હૃદયમાં સોંસરવટ ઊતરી જાય એવી અસરકારક ભાષામાં અને અતિશય મધુર, નિત્ય-નવીન, વૈવિધ્યપૂર્ણ શૈલીથી અત્યંત સ્પષ્ટપણે સમજાવી ગુરુદેવે આત્માર્થી જગત ઉપર અનહદ ઉપકાર કર્યો છે. 'નાટક સમયસાર'ના શ્લોકમાં છુપાયેલાં અણમૂલ તત્ત્વરત્નોનાં મૂલ્ય સ્વાનુભવવિભૂષિત કહાનગુરુદેવે જગતવિદિત કર્યાં છે.

આ પરમ પુનિત પ્રવચનો સ્વાનુભૂતિના પંથને અત્યંત સ્પષ્ટપણે પ્રકાશિત કરે છે એટલું જ નહિ, પણ સાથે સાથે મુમુક્ષુજીવોના હૃદયમાં સ્વાનુભવની રુચિ અને પુરુષાર્થ જાગ્રત કરી, કંઈક અંશે સત્પુરુષના પ્રત્યક્ષ ઉપદેશ જેવું ચમત્કારિક કાર્ય કરે છે. આવી અપૂર્વ ચમત્કારિક શક્તિ પુસ્તકારૂઢ પ્રવચનવાણીમાં જવલ્લે જ જોવામાં આવે છે.

આ રીતે 'નાટક સમયસાર' શાસ્ત્રમાં નિહિત અધ્યાત્મતત્ત્વ વિજ્ઞાનનાં ગહન રહસ્યો અમૃતઝરતી વાણીમાં સમજાવી, સાથે સાથે શુદ્ધાત્મરુચિને જાગ્રત કરી, પુરુષાર્થને પ્રેરી, પ્રત્યક્ષ સત્સમાગમની ઝાંખી કરાવનારાં આ પ્રવચનો જૈન સાહિત્યમાં અજોડ છે. પ્રત્યક્ષ સત્સમાગમના વિયોગમાં મુમુક્ષુઓને આ પ્રવચનો અનન્ય આધારભૂત છે. નિરાલંબન પુરુષાર્થ સમજાવવો અને પ્રેરવો એ જ ઉદ્દેશ હોવા સાથે 'નાટક સમયસાર'ના સર્વાંગ સ્પષ્ટીકરણસ્વરૂપ આ પ્રવચનોમાં સમસ્ત શાસ્ત્રોનાં સર્વ પ્રયોજનભૂત તત્ત્વોનું તળસ્પર્શી

દર્શન આવી ગયું છે. શ્રુતામૃતનો સુખસિંધુ જાણે આ પ્રવચનોમાં હિલોળી રહ્યો છે. આ પ્રવચનગ્રંથ શુદ્ધાત્મતત્ત્વની રુચિ ઉત્પન્ન કરી પર પ્રત્યેની રુચિ નષ્ટ કરવાનું પરમ ઔષધ છે, સ્વાનુભૂતિનો સુગમ પંથ છે અને ભિન્ન ભિન્ન કોટિના સર્વ આત્માર્થીઓને અત્યંત ઉપકારક છે. પરમ પૂજ્ય ગુરુદેવે આ અમૃતસાગર સમા પ્રવચનોની ભેટ આપી દેશવિદેશમાં વસતાં મુમુક્ષુઓને ન્યાલ કર્યાં છે.

સ્વરૂપસુધાને પ્રાપ્ત કરવા ઇચ્છતા જીવોએ આ પરમ પવિત્ર પ્રવચનોનું વારંવાર મનન કરવા યોગ્ય છે. સંસારવિષવૃક્ષને છેદવાનું તે અમોઘ શસ્ત્ર છે. ડાળે-પાંખડે વળગ્યા વિના તે મૂળ પર જ ઘા કરે છે. આ અલ્પાયુષી મનુષ્યભવમાં જીવનું પ્રથમમાં પ્રથમ કર્તવ્ય એક નિજ શુદ્ધાત્માનું બહુમાન, પ્રતીતિ અને અનુભવ છે. તે બહુમાનાદિ કરાવવામાં આ પ્રવચનો પરમ નિમિત્તભૂત છે.

આ પ્રસંગે મુમુક્ષુ સમાજ ઉપર જેમનો વિશિષ્ટ-ઉપકાર છે તે ધર્મરત્ન પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ચરમકમળમાં અત્યંત ભક્તિભાવે અભિવંદન કરીને ભાવના ભાવીએ છીએ કે-મુમુક્ષુઓ અતિશય ઉલ્લાસપૂર્વક આ પ્રવચનોનો ઊંડો અભ્યાસ કરી, ઉગ્ર પુરુષાર્થથી તેમાં કહેલાં ભાવોને સંપૂર્ણ રીતે હૃદયમાં ઉતારી, નિજ શુદ્ધાત્માની રુચિ, પ્રતીતિ તથા અનુભવ કરી, શાશ્વત પરમાનંદને પામો.

આ પ્રવચનગ્રંથના પ્રકાશનપ્રસંગે, ''ગુજરાતી આત્મધર્મ'' માટે 'નાટક સમયસાર' ઉપરનાં પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો લિપિબદ્ધ કરનાર સંપાદક તેમ જ લેસર ટાઈપ સેટીંગ કરી આપનાર અરિહંત કોમ્પ્યુટરનો તથા પ્રવચનગ્રંથનું સુંદર મુદ્રણ કરી આપનાર સ્મૃતિ ઓફસેટનો આભાર માનીએ છીએ.

અહીં 'નાટક સમયસાર'ના કર્તાકર્મક્રિયાદ્વાર અધિકાર સુધીના બાવન પ્રવચનોનો સંગ્રહ પ્રથમ ભાગ તરીકે પ્રકાશિત કરવામાં આવ્યો છે. દ્વિતીય ભાગ તૈયાર થયેથી પ્રકાશિત કરવામાં આવશે.

આ ગ્રંથના સ્વાધ્યાય દ્વારા મુમુક્ષુઓ નિજ-કલ્યાણ સાધે-એવી ભાવના ભાવીએ છીએ.

*-પ્રસ્તુતકર્તા*

# અર્પણ

ભવ્યોના ભાગ્યવશે ભગવાન શ્રી સીમંધરસ્વામી પાસેથી પરમાત્મપણાનો સંદેશ લઈને તીર્થધામ સુવર્ણપુરીમાં ૪૫-૪૫ વર્ષ સુધી અધ્યાત્મ-અમૃતની ધોધમાર વર્ષા વડે આ કળિકાળને ધર્મકાળમાં પલટાવી નાખનાર હે યુગસૃષ્ટા ગુરુદેવ! અમ ભક્તોને ભવસાગર પાર ઉતારવા, અગાધ વિશાળ પરમાગમસાગરના મંથન વડે સ્વાનુભૂતિનો માર્ગ પ્રકાશીને આપે જે અનંત અનંત ઉપકાર કર્યો છે તે અનંત ઉપકારની ચિર સ્મૃતિરૂપે, આપનાં ચરણકમળમાં કોટિ કોટિ વંદન પૂર્વક, શ્રી નાટક સમયસાર ઉપરના આપના દ્રવ્યદૃષ્ટિપ્રધાન અધ્યાત્મરસસભર પ્રવચનોનું સંકલન કરીને 'શ્રી સમયસાર નાટક પ્રવચન (ભાગ-૧)' નામનું આ પુસ્તક પ્રકાશિત કરતાં અમો અત્યંત પ્રસન્નતા અનુભવીએ છીએ.

-પ્રસ્તુતકર્તા

## શ્રી સદ્ગુરુદેવ-સ્તુતિ

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો ! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો ! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના !
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
-રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં-અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર ! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર ! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી ! તને નમું હું.

(સ્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, - મનરથ મનનો; પૂરજો શક્તિશાળી !

# કવિવર બનારસીદાસજી

## (સંક્ષિપ્ત જીવન-પરિચય)

❋

જોકે જૈનધર્મના ધારક અનેક વિદ્વાનો ભારત-ભૂમિને પવિત્ર બનાવી ગયા છે તોપણ કોઈએ પોતાનું જીવન-ચરિત્ર લખીને આપણી અભિલાષા તૃપ્ત કરી નથી. પરંતુ આ ગ્રંથના નિર્માતા સ્વર્ગીય પંડિત બનારસીદાસજી આ દોષથી મુક્ત છે. તેમણે પોતે પોતાની કલમથી પંચાવન વર્ષ સુધીનું અંતર્બાહ્ય સત્ય ચરિત્ર લખીને જૈનસાહિત્યને પવિત્ર કર્યું છે અને એક ઘણી મોટી ત્રુટિને પૂરી કરી છે.

શ્રીમાન્‌નું પવિત્ર ચરિત્ર 'બનારસીવિલાસ'માં જૈન ઇતિહાસના આધુનિક શોધક શ્રીમાન્ પં. નાથૂરામજી પ્રેમીએ છપાવ્યું હતું, તેના જ આધારે સંક્ષિપ્તરૂપે અહીં ઉદ્ધૃત કરીએ છીએ.

મધ્ય ભારતમાં રોહતકપુર પાસે બિહોલી નામનું એક ગામ છે. ત્યાં રજપૂતોની વસ્તી છે. એક વખતે બિહોલીમાં જૈનમુનિનું શુભાગમન થયું. મુનિરાજના વિદ્વત્તાપૂર્ણ ઉપદેશ અને પવિત્ર ચારિત્રથી મુગ્ધ થઈને ત્યાંના બધા રજપૂતો જૈની થઈ ગયા. અને -

**પહિરી માલા મંત્રકી, પાયો કુલ શ્રીમાલ;**
**થાપ્યો ગોત બિહોલિયા, બિહોલી-રખપાલ.**

નવકારમંત્રની માળા પહેરીને શ્રીમાળ કુળની સ્થાપના કરી અને બિહોલિયા ગોત્ર રાખ્યું. બિહોલિયા કુળે ખૂબ વૃદ્ધિ પ્રાપ્ત કરી અને દૂર દૂર સુધી ફેલાઈ ગયું. આ કુળમાં પરંપરાગત સંવત ૧૬૪૩ ના મહા મહિનામાં શ્રી બનારસીદાસજીનો જન્મ થયો.

### બાલ્યકાળ

**હરષિત કહૈ કુટુમ્બ સબ, સ્વામી પાસ સુપાસ;**
**દુહુંકો જનમ બનારસી, યહ બનારસીદાસ.**

બાળક ખૂબ લાડકોટથી મોટો થવા લાગ્યો. માતા-પિતાનો પુત્ર ઉપર અસીમ પ્રેમ હતો. એક પુત્ર ઉપર કોને પ્રેમ ન હોય? સંવત ૧૬૪૮માં પુત્ર સંગ્રહણી નામના રોગથી પીડાયો. માતા-પિતાના શોકનો પાર ન રહ્યો. જેમ તેમકરીને મંત્ર-તંત્રના પ્રયોગથી સંગ્રહણીનો રોગ શાન્ત થયો ત્યાં શીતળાએ ઘેરી લીધો. આ રીતે લગભગ એક વર્ષ સુધી બાળકને અત્યંત કષ્ટ પડ્યું. સંવત

૧૬૫૦માં બાળકે પાઠશાળામાં જઈને *પાંડે રૂપચંદજીની પાસે વિદ્યા મેળવવાનું શરૂ કર્યું. બાળકની બુદ્ધિ ઘણી તીક્ષ્ણ હતી, તે બે-ત્રણ વર્ષમાં જ સારી રીતે હોશિયાર બની ગયો.

જે વખતનો આ ઇતિહાસ છે તે વખતે દેશમાં મુસલમાનોની પ્રબળતા હતી. તેમના અત્યાચારોના ભયથી બાળ-વિવાહનો વિશેષ પ્રચાર હતો. તેથી ૯ વર્ષની ઉંમરે જ ખૈરાબાદના શેઠ કલ્યાણમલજીની કન્યા સાથે બાળક બનારસીદાસજીની સગાઈ કરી દેવામાં આવી, અને બે વર્ષ પછી સં. ૧૬૫૪માં મહા સુદ ૧૨ને દિવસે વિવાહ થઈ ગયા. જે દિવસે વહૂ ઘરમાં આવી તે જ દિવસે ખરગસેનજીને ત્યાં એક પુત્રીનો જન્મ થયો અને તે જ દિવસે તેમની વૃદ્ધ દાદીમા મૃત્યુ પામ્યા. આ બાબતમાં કવિ કહે છે :–

**નાની મરન સુતા જનમ, પુત્રવધૂ આગૌન;**
**તીનોં કારજ એક દિન, ભયે એક હી ભૌન.**
**યહ સંસાર વિડંબના, દેખ પ્રગટ દુઃખ ખેદ;**
**ચતુર-ચિત્ત ત્યાગી ભયે, મૂઢ ન જાનહિં ભેદ.**

બનારસીદાસજીની ઉંમર આ વખતે ૧૪ વર્ષની થઈ ગઈ હતી, બાલ્યકાળ વીતી ગયો હતો અને યુવાવસ્થાની શરૂઆત હતી. આ વખતે પં. દેવદત્તજી પાસે ભણવું એ જ તેમનું એક માત્ર કામ હતું. ધનંજય નામમાળા આદિ કેટલાક પુસ્તકો તેઓ શીખી ગયા હતા. જેમ કે -

**પઢી નામમાલા શત દોય, ઔર અનેકારથ અવલોય;**
**જ્યોતિષ અલંકાર લઘુલોક, ખંડસ્ફુટ શત ચાર શ્લોક.**

### યૌવનકાળ

યુવાવસ્થાની શરૂઆત ખરાબ હોય છે, ઘણા માણસો આ અવસ્થામાં શરીરના મદથી ઉન્મત્ત થઈને કુળની પ્રતિષ્ઠા, સંપત્તિ, સંતતિ વગેરે સર્વનો નાશ કરી નાખે છે. આ અવસ્થામાં વડીલોનો પ્રયત્ન જ રક્ષણ કરી શકે છે, નહિ તો કુશળતા રહેતી નથી. બનારસીદાસ પોતાના માતા-પિતાના એકના એક પુત્ર હતા તેથી માતા પિતા અને દાદીમાનો તેમના ઉપર અતિશય પ્રેમ હોવો સ્વાભાવિક છે. અસાધારણ પ્રેમને લીધે વડીલોનો પુત્ર પર જેટલો ભય હોવો જોઈએ, એટલો બનારસીદાસજીને નહોતો તેથી -

---

* જિનેન્દ્ર-પંચકલ્યાણકના રચયિતા પાંડે રૂપચંદજી અધ્યાત્મના વિદ્વાન અને પ્રસિદ્ધ કવિ હતા.

**તજિ કુલકાન લોકકી લાજ, ભયૌ બનારસિ આસિખબાજ.**

આપણા ચરિત્રનાયક યુવાવસ્થામાં અનંગના રંગમાં મગ્ન થઈ રહ્યા હતા, તે વખતે જૌનપુરમાં ખડતર ગચ્છીય યતિ ભાનુચન્દ્રજી (મહાકવિ બાણભટ્ટકૃત કાદમ્બરીના ટીકાકર)નું આગમન થયું. યતિ મહાશય સદાચારી અને વિદ્વાન હતા. તેમની પાસે સેંકડો શ્રાવક આવતા જતા હતા. એક દિવસ બનારસીદાસજી પોતાના પિતાની સાથે યતિજીની પાસે ગયા. યતિજીએ તેમને સારી રીતે સમજી શકે તેવા જોઈને સ્નેહ બતાવ્યો. બનારસીદાસ પ્રતિદિન આવવા જવા લાગ્યા. પછી એટલો સ્નેહ વધી ગયો કે આખો દિવસ યતિની પાસે જ પાઠશાળામાં રહેતા, માત્ર રાત્રે ઘેર જતા હતા. યતિજીની પાસે પંચસંધિની રચના અષ્ટૌન, સામાયિક, પ્રતિક્રમણ, છન્દશાસ્ત્ર, શ્રુતબોધ, કોષ અને અનેક છૂટક શ્લોક વગેરે વિષયો કંઠસ્થ કર્યા. આઠ મૂળગુણ પણ ધારણ કર્યા. પણ હજી શૃંગારરસ છૂટ્યો નહોતો.

કેટલાક સમય પછી બનારસીદાસજીના વિચારોમાં પરિવર્તન થયું, સમ્યગ્જ્ઞાનની જ્યોત જાગૃત થઈ અને શૃંગારરસ પ્રત્યે અરુચિ થવા લાગી. એક દિવસ તેઓ પોતાની મિત્રમંડળી સાથે ગોમતીના પુલ ઉપર સંધ્યા સમયે હવા ખાઈ રહ્યા હતા અને નદીના ચંચળ મોજાંઓને ચિત્તવૃત્તિની ઉપમા આપતાં કાંઈક વિચાર કરી રહ્યા હતા, પાસે એક પોથી પડી હતી. કવિવર પોતાની મેળે જ ગણગણવા લાગ્યા, 'લોકો પાસેથી સાંભળ્યું છે કે જે કોઈ એક વાર પણ જૂઠું બોલે છે, તે નરક-નિગોદના અનેક દુઃખોમાં પડે છે, પણ મારી કોણ જાણે કેવી દશા થશે? જેણે જૂઠનો એક સમૂહ બનાવ્યો છે. મેં આ પુસ્તકમાં સ્ત્રીઓના કપોલકલ્પિત નખ-શિખની રચના કરી છે. હાય! મેં આ સારું નથી કર્યું. હું તો પાપનો ભાગીદાર થઈ જ ગયો અને હવે બીજા માણસો પણ એ વાંચીને પાપના ભાગીદાર થશે તથા લાંબા સમય સુધી પાપની પરંપરા વધશે' બસ, આ ઉચ્ચ વિચારથી તેમનું હૃદય ડગમગવા માંડ્યું. તેઓ બીજું કાંઈ વિચારી શક્યા નહિ અને ન તો કોઈની રજા લીધી, ચુપચાપ તે પુસ્તક ગોમતીના અથાહ અને વેગીલા પ્રવાહવાળા જળમાં ફેંકી દીધું. તે દિવસથી બનારસીદાસજીએ એક નવીન અવસ્થા ધારણ કરી -

**તિસ દિનસોં બનારસી, કરી ધર્મકી ચાહ;**
**તજી આસિખી ફાસિખી[1], પકરી કુલકી રાહ.**

ખરગસેનજી પુત્રની પરિણતિમાં આ પરિવર્તન જોઈને બહુ જ રાજી થયા. અને કહેવા લાગ્યા-

**કહૈં દોષ કોઉ ના તજૈ, તજૈ અવસ્થા પાય;**
**જૈસે બાલકકી દશા, તરુણ ભયે મિટ જાય.**

૧. પાપકાર્ય.

અને -

**ઉદય હોત શુભ કર્મકે, ભઈ અશુભકી હાનિ;**
**તાર્તેં તુરત બનારસી, ગહી ધર્મકી બાનિ.**

જે બનારસી સંતાપજન્ય રસના રસિયા હતા, તે હવે જિનેન્દ્રના શાન્તરસમાં મસ્ત રહેવા લાગ્યા. લોકો જેમને ગલી-કૂંચિયોમાં ભટકતા જોતા હતા, તેમને હવે જિનમંદિરમાં અષ્ટદ્રવ્ય લઈને જતા જોવા લાગ્યા. બનારસીને જિનદર્શન વિના ભોજનત્યાગની પ્રતિજ્ઞા, ચૌદ નિયમ, વ્રત, સામાયિક, પ્રતિક્રમણાદિ અનેક આચાર-વિચારમાં તન્મય દેખવા લાગ્યા.

**તબ અપજસી બનારસી, અબ જસ ભયો વિખ્યાત.**

આગ્રામાં અર્થમલ્લજી નામના અધ્યાત્મ-રસના રસિક એક સજ્જન હતા. કવિવરનો તેમની સાથે વિશેષ સમાગમ રહેતો હતો. તેઓ કવિવરની વિલક્ષણ કાવ્યશક્તિ જોઈને આનંદિત થયા હતા, પરંતુ તેમની કવિતામાં આધ્યાત્મિક-વિદ્યાનો અભાવ જોઈને કોઈ કોઈ વાર દુઃખી પણ થતા હતા. એક દિવસ અવસર પામીને તેમણે કવિવરને પં. રાજમલ્લજીકૃત સમયસાર-ટીકા આપીને કહ્યું કે આપ આ એકવાર વાંચો અને સત્યની ખોજ કરો. તેમણે તે ગ્રંથ કેટલીયે વાર વાંચ્યો, પરંતુ ગુરુ વિના તેમને અધ્યાત્મનો યથાર્થ માર્ગ સૂઝ્યો નહિ અને તેઓ નિશ્ચયનયમાં એટલા તલ્લીન થઈ ગયા કે બાહ્ય ક્રિયાઓથી વિરક્ત થવા લાગ્યા -

**કરનીકૌ રસ મિટ ગયો, ભયો ન આતમસ્વાદ;**
**ભઈ બનારસિકી દશા, જથા ઊંટકૌ પાદ.**

તેમણે જપ, તપ, સામાયિક, પ્રતિક્રમણાદિ ક્રિયાઓ બિલ્કુલ છોડી દીધી, ત્યાં સુધી કે ભગવાનને ચડાવેલું નૈવેદ્ય પણ ખાવા લાગ્યા. આ દશા ફક્ત તેમની જ નહોતી થઈ પણ તેમના મિત્ર ચન્દ્રભાણ, ઉદયકરણ અને થાનમલ્લજી આદિ પણ આ જ અંધારામાં પડી ગયા હતા અને નિશ્ચયનયનું એટલા એકાન્તરૂપે ગ્રહણ કરી લીધું હતું કે -

**નગન હોંહિ ચારોં જનેં, ફિરહિ કોઠરી માહિં;**
**કહહિં ભયે મુનિરાજ હમ, કછૂ પરિગ્રહ નાહિં.**

સૌભાગ્યવશ પં. રૂપચંદજીનું આગ્રામાં આગમન થયું. પંડિતજીએ તેમને અધ્યાત્મના એકાન્ત રોગથી ગ્રસિત જોઈને ગોમ્મટસારરૂપ ઔષધનો ઉપચાર કર્યો. ગુણસ્થાન અનુસાર જ્ઞાન અને ક્રિયાઓનું વિધાન સારી રીતે સમજતાં જ તેમની આંખો ખુલી ગઈ -

**તબ બનારસી ઔરહિ ભયો, સ્યાદ્વાદ પરિણતિ પરણયો;**
**સુનિ સુનિ રૂપચંદકે બૈન, બનારસી ભયો દિઢ જૈન.**
**હિરદેમેં કછુ કાલિમા, હુતી સરદહન બીચ;**
**સોઉ મિટી સમતા ભઈ, રહી ન ઊંચ ન નીચ.**

કેટલાક વર્ષોમાં તેમણે સૂક્તિમુક્તાવળી, અધ્યાત્મબત્તીસી, મોક્ષપૈડી, ફાગ, ધમાલ, સિન્ધુચતુર્દશી, છૂટક કવિત્ત, શિવપચ્ચીસી, ભાવના, સહસ્ત્રનામ, કર્મછત્તીસી, અષ્ટક ગીત, વચનિકા આદિ કવિતાઓની રચના કરી. આ બધી કવિતાઓ જિનાગમને અનુકૂળ જ થઈ છે -

**સોલહ સૌ બાનવે લૌં, કિયો નિયત રસ પાન;**
**પૈ કવીસુરી સબ ભઈ, સ્યાદ્વાદ પરમાન.**

ગોમ્મટસાર વાંચી લીધા પછી જ્યારે તેમના હૃદયના પડ ખુલી ગયા, ત્યારે ભગવાન કુન્દકુન્દાચાર્ય પ્રણીત સમયસારનો ભાષા પદ્યાનુવાદ કરવાનું શરૂ કર્યું. ભાષાસાહિત્યમાં આ ગ્રંથ અદ્વિતીય અને અનુપમ છે. એમાં ઘણી સરળતાથી અધ્યાત્મ જેવા કઠિન વિષયનું વર્ણન કર્યું છે. સંવત્ ૧૬૯૬માં તેમનો એકનો એક પ્રિય પુત્ર પણ આ અસાર સંસારમાંથી વિદાય થઈ ગયો. આ પુત્રશોકનો તેમના હૃદય ઉપર ઘણો ઊંડો આઘાત થયો. તેમને આ સંસાર ભયાનક દેખાવા લાગ્યો. કારણ કે -

**નૌ બાલક હૂએ મુવે, રહે નારિનર દોય;**
**જ્યોં તરુવર પતઝાર હ્વૈ, રહેં ઠૂંઠસે હોય.**

તેઓ વિચાર કરવા લાગ્યા કે -

**તત્ત્વદષ્ટિ જો દેખિયે, સત્યારથકી ભાંતિ;**
**જ્યોં જાકૌ પરિગ્રહ ઘટૈ, ત્યોં તાકો ઉપશાંતિ.**

પરંતુ -

**સંસારી જાનેં નહીં, સત્યારથકી બાત;**
**પરિગ્રહસોં માને વિભવ, પરિગ્રહ બિન ઉતપાત.**

કમભાગ્યે કવિવરનું પૂર્ણ જીવનચરિત્ર પ્રાપ્ત નથી. શુભોદયથી જે કાંઈ પ્રાપ્ત છે, તે તેમના ૫૫ વર્ષની અવસ્થા સુધીનું વૃત્તાન્ત છે અને તે પુસ્તક અર્દ્ધકથાનકના નામથી પ્રસિદ્ધ છે. તેને કવિવરે

પોતે પોતાની કલમથી લખ્યું છે. લેખકે ગ્રંથમાં પોતાના ગુણ અને દોષ બન્નેનું નિષ્પક્ષપણે વર્ણન કર્યું છે. કવિવરના જીવનની અનેક જનશ્રુતિઓ પ્રચલિત છે, તેમાંથી કેટલીક અહીં અંકિત કરવામાં આવી છે.

કવિવર શેતરંજના મહાન ખેલાડી હતા, શાહજહાં બાદશાહ એમની જ સાથે શેતરંજ રમ્યા કરતા હતા. બાદશાહ જે વખતે પ્રવાસમાં નીકળતા હતા, તે વખતે પણ તેઓ કવિવરને સાથે રાખતા હતા. આ કથા સંવત્ ૧૬૯૮ પછીની છે જ્યારે કવિવરનું ચરિત્ર નિર્મળ થઈ રહ્યું હતું અને જ્યારે તેઓ અષ્ટાંગ સમ્યક્ત્વને પૂર્ણપણે ધારણ કરી રહ્યા હતા. કહેવાય છે કે તે વખતે કવિવરે એક દુર્ધર પ્રતિજ્ઞા ધારણ કરી હતી કે હું જિનેન્દ્રદેવ સિવાય કોઈની પણ આગળ મસ્તક નમાવીશ નહિ. જ્યારે આ વાત ફેલાતાં ફેલાતાં બાદશાહનાં કાને પહોંચી ત્યારે તેઓ આશ્ચર્ય પામ્યા પણ ક્રોધાયમાન ન થયા. તેઓ બનારસીદાસજીના સ્વભાવથી અને ધર્મશ્રદ્ધાથી સારી રીતે પરિચિત હતા, પરંતુ તે શ્રદ્ધાની સીમા અહીં સુધી પહોંચી ગઈ છે એ તેઓ જાણતા નહોતા, તેથી જ વિસ્મિત થયા. આ પ્રતિજ્ઞાની પરીક્ષા કરવા માટે બાદશાહને એક મજાક સૂઝી. પોતે એક એવી જગ્યાએ બેઠા જેનું દ્વાર બહુ નાનું હતું અને જેમાં માથું નીચું કર્યા વિના કોઈ પ્રવેશ કરી શકે તેમ નહોતું. પછી કવિવરને એક નોકર દ્વારા બોલાવવામાં આવ્યા. કવિવર બારણા પાસે આવીને અટકી ગયા અને બાદશાહની ચાલાકી સમજી ગયા અને ઝટ દઈને બેસી ગયા પછી તરત જ બારણામાં પહેલાં પગ નાખીને દાખલ થઈ ગયા, આ ક્રિયાથી તેમને મસ્તક નમાવવું ન પડ્યું. બાદશાહ તેમની આ બુદ્ધિમત્તાથી ખૂબ પ્રસન્ન થયા અને બોલ્યા : કવિરાજ, શું ઇચ્છો છો ? આ વખતે જે માગો તે મળશે. કવિવરે ત્રણ વાર વચનબદ્ધ કરીને કહ્યું, જહાંપનાહ! એ ઇચ્છું છું કે આજ પછી ફરી કોઈ વાર દરબારમાં મને બોલાવવામાં ન આવે. બાદશાહ વચનબદ્ધ હોવાથી બહુ દુઃખી થયા અને ઉદાસ થઈને બોલ્યા, કવિવર આપે સારું ન કર્યું. આટલું કહીને તે અંતઃપુરમાં ચાલ્યા ગયા અને કેટલાય દિવસો સુધી દરબારમાં ન આવ્યા. કવિવર પોતાના આત્મધ્યાનમાં લવલીન રહેવા લાગ્યા.

એક વાર ગોસ્વામી તુલસીદાસજી બનારસીદાસની કાવ્ય-પ્રશંસા સાંભળીને પોતાના કેટલાક શિષ્યો સાથે આગ્રા આવ્યા અને કવિવરને મળ્યા. કેટલાક દિવસોના સમાગમ પછી તેઓ પોતાની બનાવેલી રામાયણની એક પ્રત ભેટ આપીને વિદાય થઈ ગયા અને પાર્શ્વનાથસ્વામીની સ્તુતિ બે-ત્રણ કવિતાઓ સહિત જે બનારસીદાસજીને ભેટ આપી હતી તે સાથે લેતા ગયા. ત્યાર પછી બે-ત્રણ વર્ષે જ્યારે બન્ને શ્રેષ્ઠ કવિઓનો ફરીથી મેળાપ થયો, ત્યારે તુલસીદાસજીએ રામાયણના સૌન્દર્ય વિષે પ્રશ્ન કર્યો, જેના ઉત્તરમાં કવિવરે એક કવિતા તે જ સમયે બનાવીને સંભળાવી -

**વિરાજૈ રામાયણ ઘટમાંહિં;**
**મરમી હોય મરમ સો જાનૈ, મૂરખ માનૈ નાંહિં;**

વિરાજૈ રામાયણ૦ ૧.

આતમ રામ જ્ઞાન ગુન લછમન, સીતા સુમતિ સમેત;
શુભપયોગ વાનરદલ મંડિત, વર વિવેક રનખેત. વિરાજૈ. ૨.

ધ્યાન ધનુષ ટંકાર શોર સુનિ, ગઈ વિષયદિતિ[૧] ભાગ;
ભઈ ભસ્મ મિથ્યામત લંકા, ઉઠી ધારણા આગ. વિરાજૈ. ૩.

જરે અજ્ઞાન ભાવ રાક્ષસકુલ, લરે નિકાંછિત સૂર;
જૂઝે રાગદ્વેષ સેનાપતિ, સંસૈ ગઢ ચકચૂર. વિરાજૈ. ૪.

વિલખત કુંભકરણ ભવ વિભ્રમ, પુલકિત મન દરયાવ;
થક્તિ ઉદાર વીર મહિરાવણ, સેતુબંધ સમભાવ. વિરાજૈ. ૫.

મૂર્છિત મંદોદરી દુરાશા, સજગ ચરન હનુમાન;
ઘટી ચતુર્ગતિ પરણતિ સેના, છુટે છપકગુણ બાન. વિરાજૈ. ૬.

નિરખિ સકતિ ગુન ચક્રસુદર્શન, ઉદય વિભીષણ દીન;
ફિરૈ કબંધ મહી રાવણકી, પ્રાણભાવ શિરહીન. વિરાજૈ. ૭.

ઇહ વિધિ સકલ સાધુ ઘટ અંતર, હોય સહજ સંગ્રામ;
યહ વિવહારદષ્ટિ રામાયણ, કેવલ નિશ્ચય રામ. વિરાજૈ. ૮.

*(બનારસીવિલાસ પૃષ્ઠ-૨૪૨)*

તુલસીદાસજી આ અધ્યાત્મચાતુર્ય જોઈને બહુ પ્રસન્ન થયા અને બોલ્યા 'આપની કવિતા મને બહુ જ પ્રિય લાગી છે,' હું તેના બદલામાં આપને શું સંભળાવું? તે દિવસે આપની પાર્શ્વનાથ-સ્તુતિ વાંચીને મેં પણ એક પાર્શ્વનાથ સ્તોત્ર બનાવ્યું હતું, તે આપને જ અર્પણ કરું છું. એમ કહીને 'ભક્તિબિરદાવલી' નામની એક સુન્દર કવિતા કવિવરને અર્પણ કરી. કવિવરને તે કાવ્યથી ઘણો સંતોષ થયો અને પછી ઘણા દિવસો સુધી બન્ને સજ્જનોનો મેળાપ વખતોવખત થતો રહ્યો.

કવિવરના દેહોત્સર્ગનો સમય જાણવામાં નથી. પરંતુ મૃત્યુ સમયની એક દંતકથા પ્રસિદ્ધ છે કે અંતસમયે કવિવરનો કંઠ રુંધાઈ ગયો હતો, તેથી તેઓ બોલી શકતા નહોતા. અને પોતાના અન્ત

૧. સૂર્પનખા રાક્ષસી.

સમયનો નિશ્ચય કરીને ધ્યાનાવસ્થિત થઈ ગયા હતા. લોકોને ખાતરી થઈ ગઈ હતી કે હવે કલાક બે કલાકથી વધારે જીવતા નહિ રહે. પરંતુ જ્યારે કલાક બે કલાકમાં કવિવરની ધ્યાનાવસ્થા પૂરી ન થઈ ત્યારે લોકો જાતજાતના વિચાર કરવા લાગ્યા. મૂર્ખ માણસો કહેવા લાગ્યા કે એમના પ્રાણ માયા અને કુટુંબીઓમાં અટકી રહ્યા છે, જ્યાં સુધી કુટુંબીજનો એમની સામે નહિ આવે અને પૈસાની પોટલી એમની સમક્ષ નહિ મૂકવામાં આવે ત્યાંસુધી પ્રાણ જશે નહિ. આ પ્રસ્તાવમાં બધાએ અનુમતી આપી, કોઈએ પણ વિરોધ ન કર્યો. પરંતુ લોકોના આ મૂર્ખાઈ ભરેલા વિચારો કવિવર સહન ન કરી શક્યા. તેમણે આ લોકમૂઢતા ટાળવા ઇચ્છા કરી. તેથી એક પાટી અને કલમ લાવવા માટે નજીકના લોકોને ઇશારો કર્યો. મહા મહેનતે લોકો તેમનો આ સંકેત સમજ્યા. જ્યારે કલમ આવી ત્યારે તેમણે બે શ્લોક રચીને લખી દીધા. તે વાંચીને લોકો પોતાની ભૂલ સમજી ગયા અને કવિવરને કોઈ પરમ વિદ્વાન અને ધર્માત્મા સમજીને તેમની સેવામાં લાગી ગયા.

**જ્ઞાન કુતક્કા હાથ, મારિ અરિ મોહના;**
**પ્રગટ્યૌ રૂપ સ્વરૂપ, અનંત સુ સોહના.**
**જા પરજૈકો અંત, સત્ય કર માનના;**
**ચલે બનારસીદાસ, ફેર નહિં આવના.***

* અહીં શ્રી હીરાલાલજી નેગી દ્વારા લિખિત જીવનચરિત્રનું સંક્ષિપ્ત રૂપ આપવામાં આવ્યું છે.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

ॐ

नमः श्रीसर्वज्ञवीतरागाय ।

## શાસ્ત્ર-સ્વાધ્યાયનું પ્રારંભિક મંગલાચરણ

ओंकारं बिन्दुसंयुक्तं नित्यं ध्यायन्ति योगिनः।
कामदं मोक्षदं चैव ॐकाराय नमो नमः।।

अविरलशब्दघनौघप्रक्षालितसकलभूतलमलकलङ्का।
मुनिभिरुपासिततीर्था सरस्वती हरतु नो दुरितान्।।
अज्ञानतिमिरान्धानां ज्ञानाञ्जनशलाकया।
चक्षुरुन्मीलितं येन तस्मै श्रीगुरवे नमः।।

मोक्षमार्गस्य नेतारं भेत्तारं कर्मभूभृताम्।
ज्ञातारं विश्वतत्त्वानां वन्दे तद्गुणलब्धये।।

नमः समयसाराय स्वानुभूत्या चकासते।
चित्स्वभावाय भावाय सर्वभावान्तरच्छिदे।।

विविक्तमव्ययं सिद्धं स्व-स्वभावोपलब्धये।
स्व-स्वभाव-मयं बुद्धं ध्रुवं स्तौमि विकल्मषम्।।

मंगलं भगवान् वीरो मंगलं गौतमो गणी।
मंगलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलम्।।
सर्वमङ्गलमांगल्यं सर्वकल्याणकारकं।
प्रधानं सर्वधर्माणां जैनं जयतु शासनम्।।

ॐ

परमात्मने नमः।

શ્રીમદ્ કવિવર બનારસીદાસજી વિરચિત

# નાટક સમયસાર

ઉપર

પરમ પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં પ્રવચન

## પરમાત્માનું બહાનું લઈને આત્માની સ્તુતિ

(સળંગ પ્રવચન નં. ૧)

શ્રી નાટક સમયસાર આજ શરૂ થાય છે. આ ગ્રંથ રચનાર પં. બનારસીદાસજી ૩૦૦ વર્ષ પહેલાં થઈ ગયા. તેમના પિતાના તેઓ એકના એક પુત્ર હતા. જુવાનીમાં શૃંગારપોષક શાસ્ત્રો પણ તેમણે ઘણાં લખેલાં પણ જ્યાં સાચો સંગ મળ્યો અને આત્માનો અનુભવ થયો એટલે તે શાસ્ત્રો બધાં નદીમાં ફેંકી દીધા.

બનારસીદાસજી જબ્બર કવિ હતાં. છેલ્લે છેલ્લે તેઓ તુલસીદાસને મળેલાં. બનારસીદાસજીને સાંભળીને તુલસીદાસ બહુ સંતોષ પામ્યા, રામાયણ ભેટ આપ્યું વગેરે બધી વાત આ શાસ્ત્રમાં શરૂઆતમાં તેમના 'સંક્ષિપ્ત જીવન પરિચય'માં લખેલી છે. જુવાન અવસ્થામાં ખોટા રસ્તે ચડી ગયા પણ વળી જુવાનીમાં જ જીવનની દિશા બદલાઈ ગઈ. એક રૂપચંદજી નામના સાધર્મી મળ્યા તેમણે ગોમ્મટસાર આપ્યું

તે વાંચતા જ સ્વચ્છંદથી એકદમ પાછા ફરી ગયા. સમકિતીની દશા, શ્રાવકની દશા, તેનો વ્યવહાર આદિ કેવું હોય એ જાણતાં દૃષ્ટિ ખુલી ગઈ. પછી રાજમલજી કૃત કળશ ટીકા મળી, તે વાંચીને તેના ઉપરથી બનારસીદાસજીએ આ નાટક સમયસાર લખ્યું. તેનું વાંચન આજે આપણે શરૂ કરીએ છીએ.

પ્રથમ જ ૐથી શાસ્ત્રની શરૂઆત થાય છે. ૐ એટલે ભગવાનની વાણી. ભગવાનને જ્યાં અખંડદશા પ્રગટ થાય છે ત્યાં વાણી પણ અખંડ આવે છે. 'ૐકાર સુણી અર્થ ગણધર વિચારે....' ભગવાનની એકાક્ષરીવાણી સાંભળીને તેના ઉપરથી ગણધરદેવ ૧૨ અંગની રચના કરે છે. ૐ પાંચેય પરમેષ્ઠીના પદનું વાચક છે.

'શ્રી પરમાત્માને નમઃ' જેને પૂર્ણ આનંદ અને જ્ઞાન પ્રગટ થયા છે એવા લક્ષ્મીવંત પરમાત્માને હું નમસ્કાર કરું છું. હવે હિન્દી ટીકાકાર મંગલાચરણમાં કહે છે કે આ સમયસાર નાટકમાં નિજસ્વરૂપનો પરમરસ ભર્યો છે. નિજસ્વરૂપ કેવું છે? પરમ આનંદમય છે. એ અપાર, અપરિમિત, અવિચળ, અનંત આનંદમય ભગવાન આત્માને હું વંદન કરું છું.

બે હજાર વર્ષ પહેલાં સંવત ૪૯માં કુંદકુંદ મુનિરાજ થઈ ગયા તે કેવા હતાં? કે મુનિ-ચન્દવર એટલે મુનિઓમાં પણ જે શ્રેષ્ઠ હતાં તેમણે આ સમયસાર શાસ્ત્રની રચના કરી. તેના ઉપર શ્રી અમૃતચંદ્ર આચાર્યે ટીકા લખી અને જેમ મંદિર ઉપર કળશ હોય તેમ ટીકા ઉપર કળશની રચના પણ અમૃતચંદ્ર આચાર્યદેવે કરી છે, તે કળશોનો આ નાટક-સમયસારમાં અર્થ ભર્યો છે.

બનારસીદાસજી ગૃહસ્થ હતાં પણ આતમરસી હતાં. ગૃહસ્થાશ્રમમાં કાંઈ આત્માનો રસ ન લઈ શકાય એવું નથી. ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં ધર્મીને આત્માના આનંદનો જ રસ છે. રાગ આવે છે પણ તેનો રસ નથી. જુઓને! ભરત ચક્રવર્તી આદિ થઈ ગયા તેને તો ઘરે ૯૬૦૦૦ રાણી અને ૯૬ કરોડ તો પાયદળ હતું. પણ તેની શ્રદ્ધા શું કામ કરતી હતી કે 'હું જ્યાં છું ત્યાં આ નથી, હું જ્યાં છું ત્યાં તો આનંદ છે.' આવા જ આત્મરસિક બનારસીદાસજી થઈ ગયાં.

હવે બનારસીદાસજી પોતે મંગલાચરણ કરે છે. જેવા શૃંગારકવિ હતાં તેવાં જ ગુંલાટ ખાઈને જબ્બર અધ્યાત્મકવિ થઈ ગયા હતાં. તેમણે ૨૪ તીર્થંકરમાંથી ત્રેવીશમાં તીર્થંકર પાર્શ્વનાથની સ્તુતિ રચી છે કેમ કે પાર્શ્વનાથ કાશી-બનારસમાં થઈ

ગયાં અને આ કવિ પણ ત્યાં જ થઈ ગયાં એટલે તો માતા-પિતાએ તેમનું નામ 'બનારસી' રાખ્યું હતું.

પાર્શ્વનાથ ભગવાન કેવા હતાં? કે જેમ સૂર્ય અંધકાર હરે છે તેમ ભગવાન અજ્ઞાનરૂપી અંધકારને હરવા માટે સૂર્ય સમાન છે. ભગવાન મોક્ષમાર્ગને બતાવવાવાળા છે. પૂર્ણાનંદને પ્રાપ્ત ભગવાન સર્વજ્ઞને ઈચ્છા વિના વાણી છૂટે છે તે મોક્ષનો માર્ગ દેખાડે છે, તે કાંઈ સંસારમાર્ગ બતાવતી નથી કે કેમ તમારો સંસાર સારો ચાલે, કેમ તમે વિદ્યા ભણો ને આગળ વધો એવું ભગવાન કહેતા નથી. ભગવાન તો 'શિવમારગદરસી' છે, સંસારમાર્ગદરસી નથી.

करम-भरम जग-तिमर-हरन खग,
उरग-लखन-पग सिवमगदरसी।
निरखत नयन भविक जल बरखत,
हरखत अमित भविकजन-सरसी।।
मदन-कदन-जित परम-धरमहित,
सुमिरत भगति भगति सब डरसी।
सजल-जलद-तन मुकुट सपत-फन,
कमठ-दलन जिन नमत बनरसी।।१।।

ભગવાનના દર્શન કરતાં ભવ્યજીવોનાં નેત્રોમાંથી આનંદના આંસુ વહે છે. પૂર્ણ આનંદરસમાં તરબોળ પ્રભુને જોતાં ભવ્યને એમ થાય છે અહા આવા પ્રભુ! પરમ શાંત પૂર્ણ આનંદરસના ઢીમ થઈ ગયા છે એવા પ્રભુના શરીરમાંથી પણ જાણે શાંતરસ ઝલકે છે. તેને જોતાં ભવ્યની આંખમાંથી હરખના આંસુ ટપકે છે. આનંદઘનજી કહે છે 'દેખણ દે સખી મને દેખણ દે, ચંદ્રપ્રભુ મુખચંદ સખી દેખણ દે' અરે! હું એકેન્દ્રિય, બેઈન્દ્રિય, કાગડા-કૂતરાંના ભવમાં ભમતો હતો ત્યાં ક્યાંય મને પ્રભુનાં દર્શન થયા નથી.

અરે, હું ક્યા હતો? નિગોદમાં-પાણીનાં એક ટીપામાં કેટલા જીવ, પાણી ઉપર લીલફૂગ હોય તેમાં એક કણીમાં અસંખ્ય તો શરીર અને એક એક શરીરમાં અનંત જીવ....હવે એ જીવ ક્યારે મનુષ્ય થાય અને પ્રભુનાં દર્શન કરે! 'દેખણ દે સખી દેખણ દે....' મારાં નયનની આળસે જ મેં હરિને નિરખ્યા નહિ, વિકાર અને

www.vitragvani.com



અજ્ઞાનને હરનાર એવા નિજ ભગવાન-હરિને મેં જોયા નહિ. બીજું જોવાના અજ્ઞાનમાં રોકાતા મેં મારા હરિને ન જોયાં. એમ જેને પોતાના હરિને જોવાની લગની લાગી છે તેને ભગવાનને નિરખતાં આનંદના આંસુ આવી જાય છે. તેનો હરખ ક્યાંય સમાતો નથી.

જુઓ! આ પરમાત્માની સ્તુતિ છે પણ ખરેખર તો ભવ્યજીવ પરમાત્માનું બહાનું લઈને આત્માની સ્તુતિ કરે છે. પ્રભુને જોતાં ભવ્યરૂપી સરોવર પ્રસન્ન થઈ જાય છે. તેને અમર્યાદિત-અપાર આનંદ થાય છે.

'મદન-કદન-જિત' ભગવાને કામદેવને યુદ્ધમાં હરાવી દીધો છે. ભગવાન આત્માના પરમ શાંતરસને અનુભવતાં કામનો રસ રહેતો નથી. કામની વાસનાનો નાશ કરનારો જ ભગવાન આત્મા છે. કામની વાસના રાખનારો તે ભગવાન આત્મા નથી.

ભગવાન ઉત્કૃષ્ટ જૈનધર્મના હિતકારી છે-પરમધર્મને પ્રભુ હિતકર છે. જેમનું સ્મરણ કરતાં જ ભક્તજનોના બધાં ભયો દૂર ભાગે છે.

પાર્શ્વનાથ ભગવાનનું શરીર કેવું હતું? કે સજલ-જલદ પાણીથી ભરેલાં વાદળાં જેવું નીલ રંગનું હતું. એવું નમણું શરીર કે બધાં અંગો જાણે મોરની જેમ કળા કરેલાં ન હોય? સાત ફેણનો તો જેનો મુગટ હતો. પાર્શ્વનાથ જ્યારે મુનિદશામાં ધ્યાનમાં ઉભા હતાં ત્યારે ઉપરથી અસુરદેવપર્યાયને પ્રાપ્ત કમઠનું વિમાન નીકળ્યું હતું. કુદરતના નિયમ પ્રમાણે નિયમ છે કે આનંદના સાધક સંત જ્યાં બિરાજતાં હોય ત્યાં તેમને નમ્યા વગર વિમાન આગળ ન જઈ શકે. ત્યાં જ થંભી જાય. તે અનુસાર કમઠના જીવનું વિમાન થંભી ગયું. જ્યાં નીચે આવીને જુએ છે તો પાર્શ્વનાથ ધ્યાનમાં લીન છે. એકદમ કમઠને ગુસ્સો આવ્યો કે અરે, તેં મારું વિમાન અટકાવ્યું?

આઠ ભવથી કમઠને વેર ચાલ્યું આવતું હતું. ક્રોધમાં આવીને પાર્શ્વનાથ ઉપર વરસાદ વરસાવ્યો, પથ્થર ફેંક્યા, વીજળીના ઝબકારા કર્યા, પોતે ભૂત-પ્રેતનું રૂપ લઈને આવ્યો પણ પ્રભુ તો ધ્યાનમાં લીન છે.

ભગવાન પાર્શ્વનાથ જ્યારે રાજ્ય અવસ્થામાં હતાં ત્યારે એકવાર ફરવા ગયેલાં



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

ત્યારે તેના નાના (માતાના પિતા) જે તાપસ થઈ ગયેલાં તે યજ્ઞમાં લાકડાં હોમી રહ્યાં હતાં. પાર્શ્વનાથે અવધિજ્ઞાનથી જોયું કે આ લાકડામાં તો અંદર નાગ અને નાગણ બે બેઠાં છે, બળી જશે. લાકડું ફાડીને જોયું તો બંને જીવ છેલ્લી સ્થિતિમાં છે. બંનેને પાર્શ્વનાથે નમસ્કારમંત્ર સંભળાવ્યા. તે નાગ અને નાગણ મરીને સ્વર્ગમાં ધરણેન્દ્રદેવ અને દેવી થયાં. અત્યારે પણ એ દેવ અને દેવીરૂપે સ્વર્ગમાં છે. ભગવાન ઉપર ઉપસર્ગ થયો ત્યાં તેનું આસન કંપ્યું અને દેવ-દેવીએ આવીને ભગવાનના ઉપસર્ગનું નિવારણ કર્યું હતું. સાત ફેણવાળા સર્પનું રૂપ લઈને પ્રભુ ઉપર છાયા કરીને અખંડ જળવૃષ્ટિથી રક્ષણ કર્યું હતું એ હેતુથી જ પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા ઉપર સાત ફેણોનું ચિહ્ન પ્રચલિત છે અને તેથી જ અહીં કવિએ મુગટની ઉપમા આપી છે.

આ રીતે કમઠના જીવને અસુર પર્યાયમાં જેણે હરાવ્યો હતો એવા આ પાર્શ્વનાથ જિનરાજને બનારસીદાસજી વંદન કરે છે.

જુઓ! એક શ્લોકમાં કેટલું ભર્યું છે. ભગવાન કેવા હોય, છદ્મસ્થદશામાં ભગવાન ઉપર કેવા ઉપસર્ગ આવ્યા હતાં, તેનું નિવારણ ધરણેન્દ્ર-પદ્માવતીએ કેવી રીતે કર્યું હતું વગેરે ઘણી વાતો આ પ્રથમ સ્તુતિમાં આવી ગઈ.

આ મંગલાચરણની સ્તુતિ હતી. મંગલનો અર્થ એ થાય છે કે મંગ=પવિત્રતા અને લ=લાતિ. પવિત્રતાને લાવે તે મંગલ છે. અથવા મમ્=પાપ, ગલ=ગાળે. ભગવાન આનંદસ્વરૂપમાં આવીને અજ્ઞાન અને રાગ-દ્વેષના પાપને ગાળે તે મંગલ છે. પૈસો મળવો કે માન મળવું તે મંગલ નથી.

'દેશભૂષણ'નો ઈલ્કાબ ને એવા બધાં ઈલ્કાબો મળે છે ને! પણ તેનાથી આત્માને શું લાભ છે? એ તો બધું નાશવાન છે. માંગલિક નથી.

હવે અહીં બીજી સ્તુતિ શરૂ કરીએ.

**सकल-करम-खल-दलन,**
**कमठ-सठ-पवन कनक-नग।**
**धवल परम-पद-रमन,**
**जगत-जन-अमल-कमल-खग।।**

परमत-जलधर-पवन,
सजल-घन-सम-तन समकर।
पर-अघ-रजहर जलद,
सकल जन-नत भव-भय-हर।।
जमदलन नरकपद-छयकरन,
अगम अतट भवजलतरन।
वर-सबल-मदन-वन-हरदहन,
जय जय परम अभयकरन।।२।।

ભગવાનને પણ પહેલાં કર્મો તો બંધાયેલા હતા તેને સ્વભાવના ભાન અને આનંદમાં લીનતા દ્વારા ભગવાને તે દુષ્ટ કર્મોનો નષ્ટ કર્યો છે. કમઠરૂપ પવનની સામે ભગવાન મેરુ સમાન છે એટલે કમઠના તીવ્ર ઉપસર્ગની સામે ભગવાન સોનાના મેરુની જેમ અડગ રહ્યા હતાં. તે કોઈના ડગાવ્યા ડગે નહિ, હલાવ્યા હલે નહિ. એ તો પોતાના આનંદમાં મ્હાલતાં હતાં. અંદરમાં અમૃતરસના ઘૂંટડા પીતા હતાં. આ તો સર્વજ્ઞ થયા પહેલાંની વાત છે. ત્યારે પણ ભગવાન કમઠના જીવે ચલાવેલ ઉગ્ર આંધીના ઉપસર્ગથી રંચમાત્ર ચલિત થયાં ન હતાં. ઈતિહાસ પણ ભેગો કહેતાં જાય છે કે આમ બન્યું હતું.

ભગવાન તો અત્યારે નિર્વિકાર સિદ્ધપદમાં રમણ કરે છે. ધવલ એટલે વિકાર રહિત નિર્મળ દશામાં પ્રભુ રમણ કરે છે એવા પ્રભુ સંસારી જીવોરૂપી કમળોને પ્રફુલ્લિત કરવા માટે સૂર્ય સમાન છે. જેમ સૂર્ય ઉગતાં કમળ ખિલી જાય છે તેમ ભગવાન એવા હતાં કે જેને જોતાં અને વાણી સાંભળતા ભવ્યજીવોના હૃદયકમળ ખિલી જતાં હતાં. હવે વિશેષ સ્તુતિ આગળ કહેવાશે.

# અરિહંત, સિદ્ધ, સાધુ-ભગવંતોની અલૌકિક સ્તુતિ

(પ્રવચન નં. ૨)

આ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ચાલે છે. પં. બનારસીદાસજી સમયસાર-કળશના પદ બનાવતાં પહેલાં પાર્શ્વનાથ ભગવાનની સ્તુતિ કરે છે. સ્તુતિનો એક ભાગ તો થઈ ગયો. બીજો ભાગ ચાલે છે.

सकल करम खल दलन, कमठ-सठ-पवन कनक-नग।
धवल परम-पद-रमन, जगत-जन-अमल-कमल-खग।।

परमत-जलधर-पवन, सजल-घन-सम-तन समकर।
पर-अघ-रजहर जलद, सकल जन-नत भव-भय-हर।।

जमदलन नरकपद-छयकरन, अगम अतट-भवजलतरन।
वर-सबल-मदन-वन-हरदहन, जय जय परम अभयकरन।।२।।

જે સકળ કર્મરૂપી દુષ્ટોનો નાશ કરનાર છે અને કમઠરૂપી-દુષ્ટ અસુરદેવરૂપી પવનની સામે જે મેરુ સમાન અડગ છે એટલે કે સોનાનો મેરુ જેમ પવનથી ડગતો નથી તેમ કમઠના જીવે ચલાવેલા ઉગ્ર આંધીના ઉપસર્ગથી જે ચલિત થનાર નથી જેઓ ધ્યાનમાં એવા એકાગ્ર હતાં કે જેને ઉપસર્ગ ડગાવી શક્યો નહિ.

આ સ્તુતિમાં બધાં એકાક્ષર હોવાથી પાર્શ્વનાથ ભગવાનનું નામ નથી આવ્યું પણ પાર્શ્વનાથની જ સ્તુતિ છે. કેવા છે ભગવાન? કે ધવલ નામ પવિત્ર, પરમ પવિત્ર પદમાં જે રમણ કરનારા છે એટલે જે નિર્વિકાર સિદ્ધપદમાં રમણ કરે છે. સિદ્ધભગવાન સંસારી જીવોરૂપી કમળને પ્રફુલ્લિત કરવા માટે સૂર્ય સમાન છે. પૂર્ણ પવિત્ર ચૈતન્યચમત્કારીક દશા જેને પ્રગટ થઈ છે તે નિમિત્તરૂપે પરને પણ એમ કરી શકે છે એમ કહેવું છે. ખરેખર તો ભગવાન પોતે પોતાનું કરનારા છે પણ બીજા જીવોને પોતાનું હિત કરવામાં નિમિત્તરૂપ છે તેથી ભગવાનને સંસારી જીવરૂપી કમળને પ્રફુલ્લિત કરવા માટે સૂર્ય સમાન કહ્યાં છે.

મિથ્યામતરૂપી મેઘોને ઉડાડી મૂકવા માટે ભગવાન પ્રચંડ વાયુ સમાન છે. સર્વજ્ઞ

વીતરાગ પરમદેવે જે માર્ગ બતાવ્યો તેનાથી વિરુદ્ધ મતવાળાઓએ જે એકાંત મતો સ્થાપ્યા છે તેને ઉડાડવા માટે ભગવાન પ્રચંડ વાયુ સમાન છે. અનેકાંત વડે એકાંતનું ખંડન કરવા ભગવાન સમર્થ છે.

જેને અમૃતસ્વરૂપ વીતરાગી સમતા પ્રગટ થઈ છે એવા ભગવાન અન્ય જીવોને પણ સમતા આપનાર છે જે સમજે તેને સમતા પ્રાપ્ત થાય તે ભગવાને દીધી એમ કહેવામાં આવે છે. અશુભકર્મોરૂપી ધૂળને ધોવા માટે ભગવાન મેઘ સમાન છે. ઘણી ધૂળ ઉડતી હોય પણ એમાં જો વરસાદ આવે તો બધી ધૂળ બેસી જાય-ઉડે નહિ તેમ જે ભગવાનની વાણી સાંભળે, ભગવાનને ઓળખે-જાણે તેના કર્મોનો રસ ટળી જાય છે.

જેને સકળ જીવો નમન કરે છે. જે જન્મ-મરણનો ભય દૂર કરનારા છે એટલે ભગવાનને જે ઓળખે અને એવો જ મારો આત્મા છે એમ જાણે તેને ચોરાશીના અવતારનો નાશ થાય છે. જન્મ-મરણનો જ નાશ થાય છે.

જેણે અમૃત આનંદસ્વરૂપ પ્રગટ કર્યું છે એવા ભગવાનનું જે શરણ લે તેને પછી નરકગતિ મળતી નથી. અગમ નામ ગંભીર અને અતટ નામ મોટો, સંસારરૂપી સમુદ્ર તેમાંથી જીવને તારનારા છે. કીડી, મકોડા, કાગડા, કૂતરા જેવી અનેક યોનિવાળો આ મોટો, ગંભીર સંસારસમુદ્ર તેમાંથી આ ભગવાન સિવાય કોઈ તારનાર નથી. એટલે ભગવાને જેવું આત્માનું સ્વરૂપ કહ્યું તેવું સમજે તેને ચોરાશી લાખ યોનિના પરિભ્રમણનો અંત આવે છે. ભગવાન કોઈને તારી દેતા નથી. અતટ નામ જેનો છેડો નથી એવા સંસારસમુદ્રથી પાર ઉતરવામાં ભગવાન નિમિત્તરૂપ છે.

ભગવાન અત્યંત બળવાન એવા કામદેવના વનને બાળવા માટે રુદ્રની અગ્નિ સમાન છે. સબળ મદન નામ ઉગ્ર કામવાસના કે જેમાં અનાદિથી જીવો બળી રહ્યાં છે. એવી કામવાસનાના વનને બાળવા માટે ભગવાન અગ્નિ સમાન છે. 'જય જય પરમ અભયકરન' પરમ અભય-નિર્ભયતા અને નીડરતાના દેનારા વીતરાગ સર્વજ્ઞ પરમાત્માનો જય હો જય હો એમ કરીને સ્તુતિ અને માંગલિક કર્યું છે.

હવે ત્રીજી સ્તુતિ....તેમાં પારસનાથનું નામ આવશે. આ બનારસીદાસજી તો કવિ છે ને! શીઘ્ર કવિ હતાં.

जिन्हिके वचन उर धारत जुगल नाग,
भए धरनिंद पदुमावति पलकमें।
जाकी नाममहिमासौं कुधातु कनक करै;
पारस पखान नामी भयौ है खलकमैं।।
जिन्हकी जनमपुरी नामके प्रभाव हम,
अपनौ स्वरूप लख्यौ भानुसौ भलकमैं।
तेई प्रभु पारस महारसके दाता अब,
दीजै मोही साता दृगलीलाकी ललकमैं।।३।।

પારસનાથ ભગવાન જ્યારે ગૃહસ્થાશ્રમમાં હતા અને વનક્રીડા કરવા હાથીના હોદ્દે નીકળ્યા હતા ત્યાં તેના નાના જે તાપસ હતા તે યજ્ઞમાં લાકડા હોમતા હતા; એ જ લાકડામાં બે નાગ અને નાગણ બળી રહ્યાં હતાં તેને પાર્શ્વનાથે 'ૐ' એવો શબ્દ જે પંચપરમેષ્ઠીનો વાચક છે એ સંભળાવ્યો અને એ બંને મરીને ધરણેન્દ્ર અને પદ્માવતી નામના ભવનવાસી દેવ-દેવી થયાં. ભગવાનના વચન સાંભળતા ક્ષણમાં નાગ-નાગણ મરીને દેવ-દેવી થયાં.

જેમ પારસમણિ નામનો પથ્થર લોઢાને સોનું બનાવે છે એ વાત જગતમાં પ્રસિદ્ધ છે, તેમ ભગવાનને જે સ્પર્શે-ઓળખે-સમજે તેને ભગવાન પોતાના સમાન બનાવે છે તે રીતે ભગવાન પણ જગતમાં પ્રસિદ્ધ છે.

જેમની જન્મભૂમિના નામના પ્રભાવથી અમે અમારું આત્મસ્વરૂપ જોયું છે એ કેવું છે? બનારસીદાસ કહે છે કે જાણે કે અમને સૂર્યની જ્યોતિ જ પ્રગટ થઈ છે. પાર્શ્વનાથ ભગવાનની જન્મભૂમિ 'બનારસ' તેના ઉપરથી આ શરીરનું નામ બનારસી રાખ્યું અને આ જ ભવમાં અમને ચૈતન્યજ્યોતિ અનુભવમાં આવી જાણે કે પુણ્ય-પાપના મેલ આડે છુપાયેલી ચૈતન્યસૂર્યની જ્યોતિ પ્રગટ અનુભવમાં આવી. જુઓ! અહીં બનારસીદાસજીને બનારસમાં આત્મ-અનુભવ થયો એ વાત બતાવી છે. અનુભવ થયો ત્યારે બનારસીદાસજી તો ગૃહસ્થાશ્રમમાં હતાં પણ આત્માનો અનુભવ કરવામાં સ્ત્રી પુત્રાદિ ક્યાં નડે છે? આત્મામાં ડૂબકી મારતાં નિર્વિકલ્પ, શાંત આનંદનું વેદન થાય છે. ઘણાં એમ માને છે કે આત્માનો અનુભવ થાય તેની ખબર કેમ પડે? એ તો ભગવાન જાણે. અરે ભાઈ! અજ્ઞાન છૂટીને જ્ઞાન થાય એ ખબર કેમ

ન પડે? સૂર્યની જ્યોતિની જેમ પુણ્ય-પાપના અંધકારથી પાર ચૈતન્યજ્યોતિનો અનુભવ થાય છે તેની ખબર જરૂર પડે જ.

બનારસીદાસજી કહે છે કે તે પ્રભુ પારસ કે જેણે અમને અનુભવરસનો સ્વાદ આપ્યો તે પોતાની પ્રિય દૃષ્ટિથી અમને શાંતિ આપો. અમારો અનુભવ હવે પૂર્ણ થઈ જાઓ. 'દીજે મોહિ સાતા દગલીલાકી લલકમેં' આંખ મીંચી ને ઊઘાડીએ એટલી વારમાં એટલે ક્ષણમાં અમારો પૂર્ણાનંદ પ્રાપ્ત થાઓ....

'જાગીને જોઉં ત્યાં જગત દીસે નહિ, ઊંઘમાં અટપટા ખેલ દીખે' ભગવાન આત્મા સત્‌ચિદાનંદસ્વરૂપનું અંતરમાં ભાન થાય ત્યાં જગતમાં કોઈ મારું ભાસતું નથી. પુણ્ય-પાપ પણ દેખાતા નથી. હું તો સત્ ચિદાનંદ પ્રભુ છું. જુઓ! આવો અનુભવ ચોથા ગુણસ્થાને ગૃહસ્થાશ્રમમાં પણ થઈ શકે છે. અને આવા અનુભવ વગરના સાધુ થાય તોપણ રખડી મરવાના છે. જાગીને જોતો નથી કે હું કોણ છું, કેવો છું અને વેષધારી થઈને રહે તેને આત્માનો કાંઈ લાભ નથી.

અહીં તો બનારસીદાસજી ભગવાન પાસે પ્રાર્થના કરે છે કે અમને આનંદનો અનુભવ પૂર્ણ થાઓ....ક્ષણવારમાં શાંતિ પ્રગટ થઈ જાઓ. પ્રાર્થના તો ખરેખર આત્મા પાસે છે પણ નિમિત્તથી ભગવાનને જ કહેવાય ને! કોઈને પાંચ-પચાસ લાખ રૂપિયા થઈ જાય તે વિનયથી એમ બોલે છે ને કે આ તો વડીલોના પુણ્ય છે! તેની જેમ ભગવાન પાસે આ પ્રાર્થનાના વિનય, નમ્રતાથી બોલેલા વચનો છે ખરેખર કોઈ કાંઈ દેતું નથી અને કોઈ લેતું નથી.

આ અરિહંત ભગવાનની સ્તુતિ થઈ. હવે સિદ્ધ ભગવાનની સ્તુતિ કરે છે 'નમો સિદ્ધાણં' સિદ્ધપદ નામ શરીર રહિત દશા. અનંત અનંત શક્તિથી ભરેલો આત્મા પર્યાયમાં પૂર્ણરૂપે પ્રગટ થાય તેને સિદ્ધદશા કહે છે. 'શરીર, વાણી, મન આદિ રહિત એકલો પૂર્ણ પ્રગટ આત્મા તે સિદ્ધ.'

अविनासी अविकार परमरसधाम हैं।
समाधान सरवंग सहज अभिराम हैं।।
सुद्ध बुद्ध अविरुद्ध अनादि अनन्त हैं।
जगत शिरोमनि सिद्ध सदा जयवन्त हैं।।४।।

www.vitragvani.com



ભગવાન આત્મા અનાદિ-અનંત નિત્ય છે. જે સત્ છે તેની કદી ઉત્પત્તિ થતી નથી અને કદી નાશ પણ થતો નથી. એવો આત્મા અનાદિથી ચાર ગતિમાં રખડતો હતો ત્યાં એકલું દુઃખ હતું તેનો નાશ કરીને અનંત આનંદ પ્રાપ્ત કરવો તેનું નામ મુક્તિ. તેનું નામ સિદ્ધદશા અને તેનું જ નામ પરમ ઉત્કૃષ્ટદશા, જે પરમરસધામ એટલે પરમસુખનું સ્થાન છે.

સમાધાન સરવંગ નામ સિદ્ધભગવાનના અસંખ્ય પ્રદેશમાં શાંતિ....શાંતિ....શાંતિ ભરી છે. બરફ જેમ શીતળતાની શીલા છે તેમ ભગવાન આત્મા અરૂપી શાંતરસની શીલા છે. તે શાંતરસ જેને પૂર્ણ પ્રગટ થઈ ગયો છે તે સિદ્ધ છે.

એક ભાઈ પૂછતાં હતાં કે અશરીરી સિદ્ધભગવાન કોઈનું કાંઈ કરે કે નહિ? તો કીધું, કાંઈ ન કરે તો કહે એ સિદ્ધભગવાન શું કામના? અહીં અમે પણ બીજાનું જેટલું થાય એટલું કરીએ છીએ અને ભગવાન કાંઈ ન કરે? ભાઈ, અહીં તું પણ શું કરે છે? અજ્ઞાનથી માને છે કે હું બીજાનું કરું છું. આ મારા કારખાનામાં ૨૫-૫૦ માણસો નભે છે પણ એ તો એના પુણ્યથી નભે છે તેમાં તે શું કર્યું? તું તો અજ્ઞાનથી રાગ અને દ્વેષ કરે છે, કોઈનું કાંઈ કરવા કોઈ સમર્થ નથી. કોણ કોનો શેઠ છે? કાં તું વિકારનો શેઠ અને સમજ તો તું નિર્વિકાર સ્વભાવનો શેઠ છો બીજાનો શેઠ કોઈ છે જ નહિ.

અહીં તો કહે છે કે સિદ્ધભગવાનને સહજ પરમ સમાધાનરૂપ શાંતિ છે. પુણ્ય-પાપના વિકલ્પો છે-રાગ છે તે અશાંતિ છે-આકુળતા છે. નાના નાના ચકલાં બેઠા હોય ને! બેઠાં બેઠાં પણ પાંખ ફફડાવ્યા કરે. ચંચળતા બહુ હોય. ઝાડ ઉપર બેઠાં બેઠાં વાંદરા પણ આંખો આમથી તેમ ફેરવ્યા કરે, પૂંછડી આદિ હલાવ્યા કરે, એ અંદરના કષાય બહાર શરીરની ચેષ્ટામાં દેખાય છે અને જેને અંતરમાં કષાય શમી ગયો છે એવા સિદ્ધને અસંખ્ય પ્રદેશોમાં શાંતિ....શાંતિ વર્તે છે. સહજ સમાધાન વર્તે છે. ભક્તિમાં આવે છે ને! 'ઉપશમરસ વરસે રે પ્રભુ તારા નયનમાં....' પ્રભુ! તું જેવો શાંતસ્વરૂપ શીતળ શીલા છો, એવો જ મારો સ્વભાવ છે. તેને પ્રગટ કરીને હું પણ તારા જેવો થાઉં એ માટે હું સ્તુતિ કરું છું.

'સમાધાન સર્વાંગ સહજ અભિરામ હૈ' આ કોઈ કૃત્રિમ શાંતિની વાત નથી. આ તો અતીન્દ્રિય અકષાય શાંતિના અંકુર ફૂટીને અંતરમાં શાંતિની રેલમછેલ થઈ



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ગઈ છે તેનાથી પ્રભુ આપ સર્વાંગ સુંદર થઈ ગયા છો.

શુદ્ધ, બુદ્ધ, અવિરુદ્ધ અનાદિ અનંત છો. પ્રભુ! આપ તો મહા શુદ્ધ છો, પૂર્ણ જ્ઞાની છો, વિરોધ રહિત છો, બીજાને તારી દઉં એવો વિકલ્પમાત્ર પણ જેને નથી એવી દશા જેને પ્રગટ થઈ છે તે પરમાત્મા છે. લોકો જેને-તેને પરમાત્મા માનીને માથા ફોડે છે તેને કહે છે કે પરમાત્મા તો આવા હોય.

જેમ સંસારી જીવો જગતમાં અનાદિના છે અને અનંતકાળ રહેવાના છે, તેમ જગતમાં સિદ્ધો અનાદિ અનંત છે. જેમ 'ગાડું' કહેતાં તેનો આગલો અને પાછલો બંને ભાગ આવી જાય છે એમ 'જગત' કહેતાં તેમાં શરીર સહિત અને શરીર રહિત બધાં જીવો આવી જાય છે. સંસારી અને સિદ્ધ બંને અનાદિના છે કોઈ આગળ-પાછળ નથી.

તે જગત શિરોમણી સિદ્ધ સદા જયવંત રહો. ચૌદ બ્રહ્માંડ અસંખ્ય જોજનમાં રહેલો છે તેમાં સૌથી ઉપરના ભાગમાં સિદ્ધો રહે છે. લોકના અગ્રે રહેલાં છે તેથી સિદ્ધોને જગત શિરોમણી કહ્યાં છે. રાજા-મહારાજ પરણે ત્યારે માથા ઉપર કલગી રાખે છે ને! તેમ સિદ્ધો જગતની કલગીના સ્થાને છે.

સિદ્ધાલયમાં સિદ્ધો પોતાના પૂર્ણ આનંદમાં રહે છે ત્યાં કાંઈ ખાવા-પીવાનું કે નોકર-ચાકર આદિ કાંઈ નથી. સદાય સહજ સુખમાં મસ્ત છે એવા સિદ્ધો જયવંત વર્તો.

અરિહંત અને સિદ્ધની સ્તુતિ થઈ. હવે બનારસીદાસજી સાધુની સ્તુતિ કરે છે.

ग्यानकौ उजागर सहज सुखसागर,
    सुगुन-रतनागर विराग रस भर्‌यौ है।
सरनकी रीति हरै मरनको न भै करै,
    करनसौं पीठि दे चरन अनुसरयौ है।।
धरमको मंडन भरमको विहंडन है,
    परम नरम ह्वैकै करमसौं लर्‌यौ है।
ऐसौ मुनिराज भुवलोकमैं बिराजमान,
    निरखि बनारसी नमस्कार कर्‌यौ है।।४।।



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



જુઓ! સાધુના ગુણો કેવા હોય તેને અહીં ઓળખાવે છે. જે સ્વરૂપને સાધે તે સાધુ છે. રાગને સાધે, સંયોગને સાધે એ તો અજ્ઞાની છે. સત્ ચિદાનંદ પ્રભુ આનંદના ધામમાં અનંત અનંત શુદ્ધતાના અને શાંતિનો સમાજ પડ્યો છે એવા સ્વરૂપને જે નિર્વિકલ્પ શુદ્ધતા વડે સાધે તેને સાધુ કહેવાય છે.

ભગવાન આત્મા પરમ પવિત્ર શુદ્ધ જ્ઞાનના પ્રકાશક છે. શુદ્ધોપયોગી મુનિ જ્ઞાનના ઉજાગર છે. ચૈતન્યબિંબ-ચૈતન્યચમત્કારનો પ્રકાશ કરનારા છે. મુનિરાજ સહજ સુખના સાગર છે. સાહજિક એટલે જે આત્મજનિત સુખ છે તે કોઈ અન્ય દ્વારા ઉત્પન્ન થતું નથી. તેથી જે સ્ત્રી, કુટુંબ, ભોગ, પૈસા આદિમાં સુખની કલ્પના કરે છે તે જૂઠી છે તે સુખ નથી પણ દુઃખ છે.

સમુદ્રના મધ્યબિંદુમાંથી જેમ પાણી ઊછળતાં કાંઠે ભરતી આવે છે તેમ અંતરમાં સ્વરૂપના ધ્યેયને પકડતાં સાધુને વર્તમાનદશામાં આનંદના ઉમળકા આવે છે. પર્યાયના કાંઠે સુખનો સાગર ઊછળે છે. જાણે સુખનો દરિયો ઊછળ્યો છે. ભગવાન આત્મા અનંત જ્ઞાન, દર્શનાદિ ગુણનો રત્નાકર છે-આકર નામ દરિયો છે.

શ્રોતાઃ-પણ પ્રભુ! આ દરિયો દેખાતો તો નથી?

પૂજ્ય ગુરુદેવશ્રીઃ-અરે બાપા! ઈ જ દેખાય છે. જ્યાં હોય ત્યાં આ દેખાય છે, આ આમ છે એવું નક્કી કોણ કરે છે? પોતાની હયાતી વગર જાણે કોણ? આ શરીર છે, આ રાગ છે એ જાણ્યું કોણે? જ્ઞાનભૂમિ સિવાય કઈ ભૂમિકામાં જાણવાનું કાર્ય થાય! આ જ્ઞાન છે તે જ આત્મા છે જ્યાં જુઓ ત્યાં આત્મા જ જણાય છે પણ તેની સામે નજર નહિ અને પર સામે જ નજર છે તેથી ચૈતન્યરત્નાકર તો દેખાતો નથી એમ લાગે છે.

આત્મા જ સમકિત આદિ ગુણરત્નોની ખાણ છે. આત્માની શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર, વીર્ય, સુખ, કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપ્રદાન, અધિકરણ આદિ અનંતગુણનો સમુદ્ર છે. પોતે જ આનંદનો કર્તા, આનંદનો ભોક્તા, આનંદનો દાતા અને આનંદનો લેનાર પણ પોતે જ છે. સાધુ-મુનિરાજ પોતે જ આનંદના કરનાર અને ભોગવનાર છે. આ સફળ અવતાર છે. મુનિરાજનો જન્મ સફળ છે કે જેણે અનંતા જન્મ-મરણને અફળ કર્યા છે.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

ભાઈ! તેં સાધુપદ સાંભળ્યા નથી. સાધુને તો ગુણરત્નોનો સાગર ફાટી નીકળ્યો છે. સાથે મુનિનો વૈરાગ્ય પણ કેવો છે! આખા જગતથી ઉદાસ....ઉદાસ....કોઈ ચીજ મારી નથી, કોઈથી મને લાભ નથી, કોઈથી હું રાજી થતો નથી, કોઈથી હું કરમાતો નથી, મુરજાતો નથી, દુઃખી થતો નથી. આવા વૈરાગ્યરસથી મુનિરાજ છલોછલ ભર્યા છે. દેહમાં પણ વૈરાગ્ય દેખાય છે અને મુનિરાજની વાણીમાં તો જાણે અમૃત જ ઝરે છે. અંદરમાં અમૃતસ્વરૂપ આત્માનું ભાન છે તેની વાણીમાં પણ જાણે અમૃત જ ઝરે છે.

જુઓ! આવા સાધુને અમે યાદ કરીએ છીએ. આ સમયસાર નાટક શરૂ કરતાં આવા અરિહંત, સિદ્ધ અને સાધુને યાદ કરીને પછી અમે સમયસાર નાટક કહીશું. લગ્નના પ્રસંગમાં પણ લોકો વ્હાલાં સગાને યાદ કરે છે ને કે અરે, આવા પ્રસંગે આ દીકરો કે દીકરી આવી ન શક્યાં!-એ તો બધાં રાગના લક્ષણ છે પણ અહીં તો વીતરાગી પ્રભુને યાદ કરે છે કે પ્રભુ, આપને યાદ કરીને અમે શાસ્ત્ર શરૂ કરીએ છીએ. અમે અમારાં સ્વરૂપની લગની લગાવીને શાસ્ત્ર લખીએ છીએ તેમાં પ્રભુ! આપ વહેલાં પધારો, આપનાથી જ અમારી શોભા છે.

'સરનકી રીતિ હરૈ....' મુનિરાજ કોઈનું શરણ લેતા નથી. આ મુનિદશામાં અમને કોઈની સહાય હોય તો ઠીક એવો ભાવ જ મુનિને હોતો નથી. અરે, જ્યાં વ્યવહાર વિકલ્પનું પણ શરણ નથી ત્યાં બીજાં કોનું શરણ!

બનારસીદાસે પણ કાંઈ રચના કરી છે! પહેલાં શૃંગારના કાવ્યો લખતાં તેમાંથી ગુલાંટ મારીને અધ્યાત્મના કેવા સુંદર કાવ્યો લખ્યાં છે!

મુનિરાજ 'મૃત્યુકો ન ભય કરે', આત્મા તો અનાદિ-અનંત છે તો મૃત્યુ કોનું? પર્યાયમાં નિર્મળતા છે તેનો પણ નાશ થવાનો નથી પછી મૃત્યુ કોનું? સામે કાળો નાગ આવે કે કેસરીયો સિંહ આવે પણ તે કોને ખાશે? શરીરનો સંયોગ છે તે છૂટી જશે પણ મારા સત્‌ચિદાનંદ આત્માને સર્પ કે સિંહ શું કરી શકે? એમ મુનિરાજ નિર્ભય અને નિઃશંક હોય છે.

'કરનસૌ પીઠિ દે ચરન અનુસર્‌યો હૈ' કરન એટલે ઇન્દ્રિયો અને તેના વિષયોને મુનિરાજે પીઠ દીધી છે અને ચારિત્રને અનુસરે છે. ધર્મની સ્થાપના કરે છે અને ભ્રમનો નાશ કરે છે. અતીન્દ્રિય આનંદમાં ઝૂલતાં આવા સંતોથી જ ધર્મની શોભા

છે. મિથ્યાત્વરૂપ ભ્રમણાનો તો મુનિરાજે નાશ કર્યો છે. ઇન્દ્ર, ચક્રવર્તીપદમાં સુખ છે એવી ભ્રમણા પણ મુનિને ન હોય. મુનિરાજ સર્વ ઇન્દ્રિયવિષયોની ઇચ્છાથી રહિત અતીન્દ્રિય સ્વરૂપને સાધે છે. બનારસીદાસ કહે છે કે આવા મુનિઓને યાદ કરીને હું શાસ્ત્રની રચના કરું છું. આ જ માંગલિક છે.

★ સંતો કહે છે કે ભાઈ! તારી પર્યાયને જોવાની આંખને સર્વથા બંધ કરી દે! દેવ-ગુરુ પંચપરમેષ્ઠી આદિને જોવાનું તો બંધ કરી દે પણ ભાઈ! તારી પર્યાયને જોવાની આંખને સર્વથા બંધ કરીને તારા દ્રવ્યને જોવાની આંખને ખુલ્લી કરીને જો! ભાઈ! આ તો પ્રવચનસાર એટલે સંતોના હૃદયના કાળજા છે. એ સંતો એમ કહે છે કે ભાઈ! તારી પર્યાયને જોવાની આંખને સર્વથા બંધ કરી દે. નરકાદિ પર્યાયને જોવાની આંખ તો બંધ કરી દે પણ સિદ્ધ પર્યાયને જોવાનું પણ બંધ કરી દે, તો તને દ્રવ્ય-ભગવાનને જોવાના-દેખવાના ચક્ષુ ખુલી જશે. ભાઈ! એક વાર જો તો ખરો! પ્રભુ! તું કોણ છો! જ્યાં પર્યાયને જોવાની આંખ બંધ કરી ત્યાં દ્રવ્યને જોવાનું જ્ઞાન ઊઘડી ગયું. પર્યાયને જોવાની આંખ બંધ કરી ત્યાં દ્રવ્યને દેખવાની આંખ ઊઘડી ગઈ. હવે એ ભગવાન છાનો નહિ રહી શકે!

*-પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ*

★ વીતરાગભાવસ્વરૂપ આત્મા છે તે વીતરાગભાવથી પ્રાપ્ત થાય છે; સર્વજ્ઞ પરમાત્મા પ્રત્યેના પ્રેમનો પણ તેમાં અવકાશ નથી. બહારનું બધું ભૂલી જા. શરીર-વાણી-મનને ભૂલી જા, રાગને ભૂલી જા, એક સમયની પર્યાયને પણ ભૂલી જા. આકાશના અનંતા પ્રદેશ કરતાં પણ અનંતગુણા ગુણો આત્મામાં છે અને એક એક ગુણમાં અનંત ગુણનું રૂપ છે, અને એક એક ગુણની પર્યાયમાં ષટ્કારકો છે- આવો ભગવાન આત્મા છે, ત્રણલોકનો નાથ છે, પણ કોડી કોડી માટે ભીખારો થઈને ફરે છે!

*-પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

# નમસ્કારયોગ્ય સ્વાનુભવી સંતોની દશા

(સળંગ પ્રવચન નં. ૩)

શ્રી નાટક સમયસારશાસ્ત્રના મંગલાચરણના આ શ્લોકો ચાલે છે. પ્રથમ અરિહંત અને સિદ્ધભગવાનની સ્તુતિ કરી. હવે સાધુ મહારાજની સ્તુતિ કરતાં પં. બનારસીદાસજી લખે છે:-

ग्यानकौ उजागर सहज-सुखसागर,
सुगुन-रतनागर विराग-रस भर्यो है।
सरनकी रीति हरै मरनको न भै करै,
करनसौं पीठि दे चरन अनुसर्यो है।।
धरमको मंडन भरमको विहंडन है,
परम नरम ह्वैके करमसौं लर्यो है।
ऐसौ मुनिराज भुवलोकमैं बिराजमान,
निरखि बनारसी नमस्कार कर्यो है।।५।।

પં. બનારસીદાસ સાધુ મહાત્માનું સ્વરૂપ બતાવીને સાધુનું સ્મરણ કરીને નમસ્કાર કરે છે. સાધુ જ્ઞાનના ઉજાગર છે એટલે જ્ઞાનાનંદસ્વરૂપ આત્માનો પ્રકાશ કરનારા છે. સાધુને રાગની ક્રિયા હોય કે શાસ્ત્રની પ્રરૂપણા હોય છે તેની વાત નથી લીધી, કેમ કે એ કાંઈ સ્તુતિને યોગ્ય ભાવ નથી, એ તો ઉપાધિરૂપ છે. સાધુ તો તેને કહીએ કે જે જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા-ચૈતન્યના પૂરના સ્વરૂપને પ્રકાશે છે, વિકાસે છે, ઉદ્યોત કરે છે એટલે કે અંતરમાં એકાગ્ર થઈને સાધુ જ્ઞાનને વિશેષ ઉજાળે છે, નિર્મળ કરે છે.

સાધુ સહજ-સુખ-સાગર છે. સંસારી એને કહીએ કે જે રાગ, દ્વેષ અને અજ્ઞાનને વેદે છે. તેથી તે અજ્ઞાની દુઃખના સાગરમાં ડૂબેલો છે. તેને અંતરના સુખસાગરની ખબર જ નથી અને સાધુને તો વર્તમાન પર્યાયના કાંઠે અગાધ સુખસમુદ્ર ઊછળી રહ્યો છે. સાધુ તો પોતે સુગુણરત્નાકર છે. સમ્યગ્દર્શન આદિ અનંત ગુણોના રત્નસ્વરૂપ



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



સાધુ છે. જેને આત્મા શું છે, કેવો છે, તેમાં શું ભર્યું છે એ કાંઈ ખબર ન હોય અને સાધુ થઈ જાય તો એમ કાંઈ સ્વરૂપના ભાન વગર સાધુ ન થવાય.

અસ્તિથી કહ્યું કે સાધુ સમ્યગ્દર્શન, જ્ઞાન, સ્વચ્છતા, પ્રભુતા આદિ ગુણોના રત્નાકર છે. સાધુની વર્તમાન દશાના કાંઠે અનંત ગુણો ઊછળી રહ્યા છે અને નાસ્તિથી કહીએ તો મુનિરાજ રાગથી રહિત છે તથા જગતથી ઉદાસ છે ઉપરથી ઈન્દ્રની ઈન્દ્રાણીઓ આવે તોપણ મુનિનું લક્ષ તેના તરફ જતું નથી. બધેથી ઉદાસ એવા સાધુ વૈરાગ્યરસથી ભરેલા છે. આનું નામ 'સાધુ'!

**सरनकी रीति हरै**-જેણે મર્યાદા વિનાના અપરિમિત ગુણોના સાગરનું શરણ લીધું છે તેને કોઈ બહારના શરણની જરૂર નથી. લોકો પૈસાવાળાનું શરણ લે છે પણ મુનિને તો જેમ કળી ખીલે તેમ આત્માના ગુણોની કળી ખીલી ગઈ છે તેના શરણ પાસે બહારના કોઈ શરણની ચાહના જ નથી. બહારમાં તો બધું અશરણ છે.

અરિહંતા શરણમ્, સિદ્ધા શરણમ્ કહે છે ને! પણ જેને અંતરસ્વરૂપનું શરણ પ્રગટ્યું છે, અનંત ગુણનો બગીચો ખીલી ઊઠ્યો છે તેને કોઈ પરનું શરણ નથી, શરણની ચાહના નથી.

મુનિને મરણનો ભય પણ હોતો નથી. જગતના જડ-તત્ત્વો સંબંધમાં રહેલા છે તેની સ્થિતિ પૂરી થાવ તો ભલે થાવ મારે તેની સાથે કોઈ સંબંધ નથી. શ્રીમદ્ લખે છે ને-

એકાકી વિચરતો વળી સ્મશાનમાં,
વળી પર્વતમાં વાઘ-સિંહ સંયોગ જો,
અડોલ આસન ને મનમાં નહિ ક્ષોભતા,
પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો.
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે!

ધર્મી ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં મુનિપણાની આવી ભાવના ભાવે છે. મારે શરીર જોઈતું નથી અને સિંહ આવીને ખાઈ જાય તો એ તો મારો મિત્ર થયો, તેનાથી મને ડર નથી. અહો! સંતો આવા નિર્ભય અને સમતારસના પિંડ હોય છે. આવી સંતની દશા અમને ક્યારે પ્રગટે! એમ ધર્મી ગૃહસ્થાશ્રમમાં રહેતાં છતાં



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ભાવના ભાવે છે. અહીં તો એવી સાક્ષાત્ દશા જેને પ્રગટ થઈ છે એવા સંત-મુનિરાજની જ સ્તુતિ છે.

**करनसौं पीठि दे** એટલે પાંચ ઇન્દ્રિયને મુનિએ પીઠ દઈ દીધી છે-ત્યાંથી પાછા હટી ગયા છે અને **चरन अनुसर्यो है**-અતીન્દ્રિય શાંતસ્વરૂપનું ચારિત્ર આદર્યું છે. આનંદના નાથની રમણતાને અનુસર્યા છે. જુઓ આ સાધુ! અહીંયા ક્યાંય અઠ્યાવીસ મૂળગુણ અને પંચમહાવ્રત પાળે તે સાધુ એ વાત ન આવી. સાધુને એવા શુભ વિકલ્પો હોય છે પણ તે કાંઈ ગુણરૂપ નથી. જે આનંદના ધામને અનુસરીને સ્વરૂપમાં સ્થિર થયા છે તે સાધુ છે. એવા સાધુ-મુનિરાજને યાદ કરીને વંદન કરે છે.

આહાહા! ધર્મનો જેને શણગાર છે તે સાધુ છે. દર્પણમાં જોઈને શરીરને ટાપટીપ કરવાથી આત્માની શોભા વધતી નથી. આત્માની શોભા તો ધર્મથી છે. સાધુ આવા ધર્મથી શોભે છે અને એવા સાધુથી ધર્મની શોભા છે.

**भरमको विहंडन है।** સાધુ-મુનિરાજે ભ્રમણાનો તો વિશેષ પ્રકારે નાશ કરી નાંખ્યો છે. બહારમાં ક્યાંય સુખ છે કે આશ્રયસ્થાન છે એવી ભ્રમબુદ્ધિનો સાધુએ નાશ કર્યો છે.

બનારસીદાસજી કવિ હતાં ને! એટલે જુઓને ભાષા કેવી વાપરી છે. પહેલાં શૃંગારી હતાં ત્યારે તેના કાવ્યો રચતાં, પછી ધર્મમાં વળ્યાં એટલે આવા કાવ્યો લખ્યાં. અર્ધકથાનકમાં પોતે પોતાનો બધો ઇતિહાસ લખ્યો છે.

અહીં કહે છે કે મુનિરાજે પરમ નરમ થઈને એટલે તદ્દન અકષાયસ્વભાવના આશ્રયે કરમ સાથે લડાઈ માંડી છે. વિકલ્પને ઉત્પન્ન થવા દેતા નથી. આહાહા....! અંદરમાં ભગવાનનો ભેટો થયો છે ને! તેની સાક્ષીમાં અને શરણમાં જઈને કર્મ સાથે તો યુદ્ધ માંડ્યું છે. કરમને હરાવે છે અને પોતે જીતી જાય છે.

જુઓ! આવા સાધુ હોય. માથુ મુંડાવીને, અમુક ક્રિયા-કરીને સાધુપણું મનાવે છે એ તો સાધુને કલંક લગાડે છે. સાધુપદ તો પરમેશ્વરપદ છે.

'માણસ હોના મુશ્કેલ હૈ, તો સાધુ કહાંસે હોય?
સાધુ હુઆ સો સિદ્ધ હુઆ, કહેણી રહી ન કોય.'



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



જેની અંતરની દશા અતીન્દ્રિય આનંદ અને શાંતિથી ઊછળી રહી છે એવા મુનિરાજ આ પૃથ્વીલોકમાં બિરાજી રહ્યાં છે. એવા સંતને અંતરમાં જોઈને હું (બનારસીદાસ) વંદન કરું છું. જુઓ! આ પૃથ્વી પૈસાવાળાથી કે રૂપાળા માણસોથી શોભતી નથી પણ આ સંતોથી પૃથ્વી શોભે છે.

મુમુક્ષુઃ-એની દૃષ્ટિ જ એવી છે ને!

પૂજ્ય ગુરુદેવઃ-અરે, વસ્તુસ્થિતિ જ એમ છે. દૃષ્ટિ જુદી છે એટલે? -વસ્તુસ્થિતિ જ એવી છે. ચૈતન્યના ઓપે આત્મા શોભી રહ્યો છે, તેમને હું નમસ્કાર કરું છું. સાધુ કહેતાં આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ત્રણેય પદ તેમાં આવી જાય છે.

હવે સમ્યગ્દૃષ્ટિનું વર્ણન કરીને તેને વંદન અને સ્તુતિ કરે છે. ધર્મની પહેલી સીઢીવાળા, ગૃહસ્થાશ્રમમાં રહેલા સમ્યગ્દૃષ્ટિ કેવા હોય તેનું વર્ણન કરે છે.

भेदविज्ञान जग्यौ जिन्हके घट,
सीतल चित्त भयौ जिम चंदन।
केलि करै सिव मारगमैं,
जग माहिं जिनेश्वरके लघु नंदन।।
सत्यसरूप सदा जिन्हकै,
प्रगटयौ अवदात मिथ्यात-निकंदन।
सांत दसा तिन्हकी पहिचानि,
करै कर जोरि बनारसि वंदन।।६।।

ગૃહસ્થાશ્રમમાં રહેલાં ધર્મી પણ કેવા હોય છે તેનું વર્ણન કરીને મંગલાચરણમાં સ્તુતિ અને વંદન કરતાં જાય છે. જેને નિજ-પરનો વિવેક પ્રગટ થયો હોય છે એવા ધર્મી ગૃહસ્થાશ્રમમાં રહેલાં હોય, અરે! ચક્રવર્તી હોય તેને તો ૯૬૦૦૦ રાણી અને ૯૬ કરોડ પાયદળ હોય પણ એ હું નહિ-એ હું નહિ એવો વિવેક તેને વર્તે છે. એક સચ્ચિદાનંદ પ્રભુ આત્મા એ હું, બાકી વિકલ્પથી માંડીને રાજપાટ, સ્ત્રી આદિ કાંઈ હું નહિ, એ મારાં નહિ અને એનામાં હું નહિ. આવી દશા સમ્યગ્દૃષ્ટિને ગૃહસ્થાશ્રમમાં પણ હોય છે.

પહેલો જ શબ્દ વાપર્યો છે भेदविज्ञान જેને સ્વ-પરનું ભેદવિજ્ઞાન થયું છે,



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

નિજસ્વરૂપ ભગવાન ચૈતન્ય, આનંદ-જ્યોત અને પુણ્ય-પાપના વિકલ્પરૂપ વિકાર-ઝેર અને સ્ત્રી પુત્રાદિ પર-જડ તેની જુદાઈ જેણે જાણી છે તેને સમકિતી-ધર્મની શરૂઆતવાળા જ્ઞાની કહેવામાં આવે છે.

અનાદિથી તો રાગ અને શરીરને મારાં માન્યા હતાં. મારાં હતાં નહિ પણ મારાં માન્યા હતાં, તેને હવે ભેદવિજ્ઞાન દ્વારા ધર્મીએ જુદાં જાણ્યાં કે-એ શરીર, કર્મ આદિ પરચીજ છે તે મારાં અસ્તિત્વમાં નથી અને હું તેના અસ્તિત્વમાં નથી. ચક્રવર્તીને ૯૬૦૦૦ રાણીઓ હોય પણ એ કેવી! એક એક પદ્‌મણી જેવી સ્ત્રીઓ. તેમાં એક પટ્ટરાણીની તો એક હજાર દેવો સેવા કરતાં હોય છે પણ સમકિતી જાણે છે કે એ ચીજ અમારી નથી. એ મારી નહિ અને અમે તેના નહિ. અમારામાંથી તે ચીજ આવી નથી. તે તેના કારણે આવીને રહેલી ચીજ છે. મારે અને તેને કાંઈ સંબંધ નથી.

**भेदविज्ञान जग्यौ जिन्हके घट** એટલે જેના હૃદયમાં-અંતરજ્ઞાનમાં, કરવત મારતાં લાકડાના બે ભાગ જુદાં પડી જાય તેમ, ભેદજ્ઞાનરૂપી કરવત વડે સ્વ અને પર એમ બે ભાગ જુદાં પડી ગયા છે. એક તરફ પોતે ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ અને બીજી બાજુ પુણ્ય-પાપના વિકલ્પથી માંડીને બધી પરચીજ તેનું ભેદજ્ઞાન થઈ ગયું છે. જે મારી ચીજ હોય તે જુદી પડે નહિ અને જુદી પડે તે મારી ચીજ નહિ એવું સ્વ-પરની ભિન્નતાનું જેને ભાન થઈ ગયું છે તે ધર્મી છે.

જેમનું મન ચંદન જેવું શીતળ થઈ ગયું છે કેમ કે કષાયોનો આતાપ રહ્યો નથી. પુણ્ય-પાપની વૃત્તિઓ ઊઠે છે તે કષાયનો આતાપ છે, તેનાથી ધર્મીને ભેદજ્ઞાન થઈ ગયું છે.

અરે, જીવોને આ સત્યતત્ત્વની ખબર નથી અને ધર્મના નામે ક્યાં ક્યાં રોકાય રહે છે.! દેહની સ્થિતિ તો ચાલી જાય છે, સમયે સમયે દેહની સ્થિતિ પૂરી થવા તરફ છે અને આ માને છે કે અમે આગળ વધ્યાં....ધૂળેય આગળ વધ્યા નથી ભાઈ! પાપમાં વધ્યા છો, પણ તમને તેની ખબર નથી. જે પોતાનું નથી તેને પોતાના માને છે અને જે પોતાનું છે તેને તો ઓળખતો નથી.

કષાયના ક્રોધ, માન, માયા અને લોભ આ ચાર ભેદ છે અને તેમાં તીવ્ર અને મંદ આદિના ચાર ભેદ છે, તેમાં સૌથી આકરો જે અનંતાનુબંધી કષાય

કે જેના કારણે જીવ સંસારમાં રખડે છે તેનો સમ્યગ્દષ્ટિએ નાશ કર્યો છે. તેથી શાંત શાંત-ચૈતન્યમાંથી શીતળતા પ્રગટી છે એટલે ચંદન જેવો શીતળ થઈ ગયો છે. આ તો ચંદનની ઉપમા આપી છે. ચંદનની શીતળતા અને આત્માની શીતળતાને કાંઈ મેળ નથી. બંનેની જાત જ જુદી છે પણ બહારમાં જેની શીતળતા ઊંચી ગણાય છે તેની ઉપમા અપાય છે.

**केलि करै शिवमारगमैं** ચોથા ગુણસ્થાને ધર્મી મોક્ષમાર્ગમાં કેલી કરે છે એમ કહ્યું છે. પણ લોકોને સમ્યક્ત્વની કિંમતની ખબર જ નથી. બાહ્યક્રિયામાં હિંદુસ્તાન આખો ભરમાય ગયો છે, ધર્મના નામે ઠગાય ગયો છે, બાહ્યત્યાગમાં જ ધર્મ માની લીધો છે અને સાચા ધર્મની ખબર નથી.

અહીં કહે છે ધર્મી તો નિજ-પરનો વિવેક થવાથી મોક્ષમાર્ગમાં મોજ કરે છે. રાગાદિ આવે છે તેનો તેને પ્રેમ નથી. ધર્મીને રાગાદિ આવે છે એમ કહેવું એ પણ વ્યવહાર છે. ધર્મીને તો જ્ઞાન આવે છે. ધર્મી ખાતાં, પીતાં, સૂતાં આદિ ક્રિયા કરતાં દેખાય પણ તે તો અંતરમાં મોક્ષમાર્ગમાં મોજ કરી રહ્યાં છે-કેલી કરે છે. લોકોને એમ લાગે કે આ તો અમારી કરતાં પણ વધારે સારૂં ખાય છે, પીએ છે, સારી રીતે રહે છે! ભરત ચક્રવર્તી બત્રીશ કવળનો આહાર લે તે આહાર ૯૬ કરોડ પાયદળ પણ પચવી ન શકે. સામાન્ય માણસ ખાય તો તો મરી જ જાય એવી ઊંચી ઊંચી ભસ્મોનો બનાવેલો ખોરાક હોય. પણ ધર્મી તે ખોરાકની મોજ માણતાં નથી, એ તો ભેદજ્ઞાનની મોજ માણતાં હોય છે. સમ્યગ્દષ્ટિ ચાંડાલ હોય તોપણ તેને દેવ કહ્યો છે. જેમ રાખથી ભારેલો અગ્નિ દેખાતો નથી પણ એ અગ્નિ અંદરમાં પડી જ છે તેમ એ ચાંડલના શરીરની અંદર, શરીર અને ભિન્ન ચૈતન્યજ્યોતિ પડી જ છે.

સમ્યગ્દષ્ટિ જગતમાં દેખાય છે પણ તે જિનેશ્વરના લઘુનંદન છે. ભગવાનના નાના પુત્ર છે, તેને ભગવાનનો વારસો મળવાને વાર નથી. સાધુ કે જે અતીન્દ્રિય જ્ઞાન અને આનંદ સહિત જંગલમાં વસી રહ્યાં છે તે ઉત્કૃષ્ટ-મોટા પુત્ર છે પણ સમ્યગ્દષ્ટિ પણ નાના પુત્ર છે. સર્વજ્ઞના લઘુનંદન છે. સમ્યગ્દષ્ટિ-ચોથા ગુણસ્થાનવાળાને શ્રાવક જેટલી શાંતિ અને સંયમ નથી છતાં તેને પણ સર્વજ્ઞપુત્ર કહ્યાં છે, કેમ કે તેને કેવળજ્ઞાન પ્રગટ્યું નથી પણ કેવળજ્ઞાન પ્રગટ કરવાનું સાધન પ્રગટ થઈ

ગયું છે, તેથી અલ્પકાળમાં જ સર્વજ્ઞનો વારસો લઈ લેવાના છે-થોડા કાળમાં જ અરહંતપદ પ્રાપ્ત કરનારા છે. જ્ઞાન અને રાગની ભિન્નતા શરૂ થઈ ગઈ છે તે અલ્પકાળમાં જ પૂર્ણપણે જુદાં પડી જવાના છે.

**सत्यसरूप** એટલે સમ્યગ્દર્શન. પુણ્ય-પાપના રાગ-વિકલ્પથી રહિત શુદ્ધ આનંદકંદનું સમ્યક્-સત્ય દર્શન જેને થયું છે. જેના જ્ઞાનમાં સદાય સત્યસ્વરૂપનો અનુભવ અને પ્રતીતિ વર્તે છે અને મિથ્યાત્વનું તો જેણે નિકંદન કરી નાખ્યું છે. વસ્તુનું સ્વરૂપ આમ હશે કે તેમ હશે એવો સંદેહ જેને રહ્યો નથી. એવા ધર્મી જીવની શાંત અર્થાત્ અકષાય શુદ્ધદશા જાણીને, તેનો નિશ્ચય કરીને પં. બનારસીદાસજી હાથ જોડીને વંદન કરે છે.

બનારસીદાસજી પોતે પણ જ્ઞાની અને સાથે કવિ પણ છે. ચાલતી સાદી હિંદી ભાષામાં કેવા પદો બનાવ્યા છે! જે સમજવા માટે બહુ સંસ્કૃત કે વ્યાકરણની જરૂર નથી એવા સાદા શબ્દોમાં સહેલાં ભાવો ભર્યા છે.

હવે સમકિતીની દશાનું વિશેષ વર્ણન કરે છે.

**स्वारथके साचे परमार्थके साचे चित्त,**
**साचे साचे बैन कहैं साचे जैनमती हैं।**
**काहूके विरुद्धि नाहि परजाय-बुद्धि नाहि,**
**आतमगवेषी न गृहस्थ हैं न जती हैं।।**
**सिद्धि रिद्धि वृद्धि दीसै घटमैं प्रगट सदा,**
**अंतरकी लच्छिसौं अजाची लच्छपती हैं।**
**दास भगवंतके उदास रहैं जगतसौं,**
**सुखिया सदैव ऐसे जीव समकिती हैं।।७।।**

**स्वारथके साचे**-સ્વપદાર્થ આત્મા તેની બરાબર ઓળખાણ કરીને સમકિતી થયા છે. પોતાના સ્વરૂપનું જ્ઞાન કરનારા સમકિતી જીવો નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવ ચારેય ગતિમાં હોય છે. અત્યારે તો લોકોને સમકિતના સાચાં સ્વરૂપની પણ ખબર નથી. દેવ-શાસ્ત્ર-ગુરુને માનો એટલે થઈ ગયું સમકિત ભાઈ! એ તો શુભરાગ છે. સમકિત એટલે ધર્મનું પહેલું પગથિયું. પોતાના જ્ઞાનમાં આત્માનો ભાસ થાય

અને તેની યથાર્થ શ્રદ્ધા સહિત અનુભવ થાય તેને સમ્યગ્દર્શન કહેવાય છે. તે સાચો ધર્મ છે. ભગવાનની સેવા, પૂજા કરવાથી કે જીવદયા મંડળી કરવાથી ધર્મ ન થાય. પરના આશ્રયે ધર્મ કદી ન થાય. સ્વના આશ્રયે જ સ્વનો ધર્મ થાય.

સ્વપદાર્થને સાધી રહ્યા છે એવા સ્વારથના સાચા ધર્મી ભલે ગૃહસ્થાશ્રમમાં રહ્યા હોય છતાં જાણે છે કે મારે અને પરિવારને કાંઈ સંબંધ નથી. જેમ ધાવમાતા બાળકને ધવરાવે છે પણ તેને ખાતરી છે કે આ બાળક કાંઈ મારું નથી. ગીતમાં, આવે છે ને! -'સમ્યગ્દૃષ્ટિ જીવડા કરે કુટુંબ પ્રતિપાળ, જેમ ધાય ખીલાવે બાળ! તેમ સમ્યગ્દૃષ્ટિને કુટુંબમાં ધાવમાતા જેવું લાગે છે. હું કોઈનો નથી, કોઈ મારા નથી.

ધર્મી परमारथके साचे નામ મોક્ષરૂપ પરમપદાર્થના પ્રેમી છે. પરમ+અર્થ એટલે મોક્ષ. જૈનધર્મમાં ચાર પદાર્થ કહ્યા છે-ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. ધર્મ એટલે પુણ્ય, અર્થ એટલે પૈસો, કામ એટલે વિષયભોગ અને મોક્ષ એટલે આત્માની પૂર્ણદશાએ પરમ પદાર્થ છે. વિકારી દશાનો નાશ થઈને પૂર્ણ નિર્વિકાર દશા પ્રગટ થવી તે મોક્ષ છે. ધર્મીને આવા પરમપદાર્થ-મોક્ષનો પ્રેમ છે તેથી તેને સાધે છે.

ધર્મની પ્રથમ શરૂઆતવાળા ધર્મી હૃદયના સાચા હોય છે તેથી તે વચન પણ સત્ય જ બોલે છે. આવા ધર્મી-વીતરાગતાને સાધનારા ધર્મી ખરાં જૈનમતી છે. વીતરાગ ભગવાને બતાવેલા વીતરાગી જૈનધર્મને સાધે છે માટે તે જૈનમતી છે.

ધર્મીના જ્ઞાનમાં કોઈ પણ સમ્યક્ વિવક્ષાવાળી વાતનો વિરોધ નથી હોતો. ધર્મી સમસ્ત નયોના જ્ઞાતા હોય છે તેથી સત્યના કોઈ પણ અંશમાં તેને વિરોધ હોતો નથી. ધર્મીને પર્યાયબુદ્ધિ નથી એટલે શરીરમાં કે એક સમયની પર્યાયમાં અહમ્‌બુદ્ધિ કરતાં નથી. ધર્મીને પર્યાયબુદ્ધિ નહિ પણ દ્રવ્યબુદ્ધિ હોય છે. અનાદિથી હું શરીર છું, હું રાગ છું, હું આ રાગને જાણનારો છું એવી પર્યાયબુદ્ધિ હતી તે ભ્રમબુદ્ધિ હતી તેનો નાશ કરીને ધર્મીએ નિજદ્રવ્યમાં અહમ્ સ્થાપ્યું છે.

ધર્મી આતમગવેષી છે એટલે કે ધર્મી આત્માના ખોજક છે. રાગના ખોજક નથી. આવા ધર્મી ન ગૃહસ્થ છે કે ન યતિ છે. ગૃહસ્થાશ્રમમાં દેખાય છે પણ ખરેખર તે ગૃહને મારું માનતાં નથી માટે ગૃહસ્થ પણ નથી અને અણુવ્રત મહાવ્રત નથી તેથી યતિ પણ નથી. યતિ તો તેને કહેવાય કે જેને આત્માના આનંદની જતના છે. ચોથા ગુણસ્થાનવાળા ધર્મી ગૃહસ્થ પણ નથી અને યતિ પણ નથી છતાં દેવ

અને ઈન્દ્ર દ્વારા પૂજ્ય છે. પૂજ્ય છે એટલે ઈન્દ્ર પણ જેની પ્રશંસા કરે છે-પ્રશંસાયોગ્ય છે.

**सिद्धि, सिद्धि, वृद्धि दीसे घटमें प्रगट सदा।** જેને સદૈવ પોતાના હૃદયમાં આત્માની સિદ્ધિ છે. તેને બહારની કોઈ રિદ્ધિ-સિદ્ધિની વાંછા નથી. પણ હું પૂર્ણ કેમ થાઉં? પૂર્ણ શુદ્ધ કેમ થાઉં! એવી સિદ્ધિની ભાવના છે, તે તરફ ધર્મી વૃદ્ધિ કરી રહ્યાં છે. પૈસાથી ધર્મી પોતાની સિદ્ધિ માનતાં નથી. જડ પદાર્થ તો તેની ક્રિયાવતીશક્તિથી આવે અને જાય તેનાથી આત્માની સિદ્ધિ ન થાય. પૈસાને રાખવા કે છોડવા એ પોતાના હાથની વાત નથી.

આત્માની શાંતિ અને જ્ઞાન, આનંદ એ ધર્મીની રિદ્ધિ છે. પૈસા, સ્ત્રી, છોકરાં અને મોટાં મોટાં બંગલા એ ધર્મીની રિદ્ધિ નથી કેમ કે એ પોતાની ચીજ જ નથી. પોતાની ચીજ જે પ્રગટ થઈ છે એ પોતાની રિદ્ધિ છે અને તેમાં વૃદ્ધિ થવી તે પોતાની વૃદ્ધિ છે. લોકોને જરા પૈસો વધે ત્યાં કહે છે કે હમણાં આપણે ચડતી દેગડી છે તેને પડવા દેશો નહિ. પણ ભાઈ! એ તારી વૃદ્ધિ નથી. ધર્મીને તો પોતાના અંતરમાં રિદ્ધિ, સિદ્ધિ અને વૃદ્ધિ દેખાય છે.

ધર્મી તો અંતરની લક્ષ્મીના લક્ષપતિ છે. અજાચી એટલે માગ્યા વગરની પોતાની અંતરલક્ષ્મીના પતિ છે-સ્વામી છે. **दास भगवंतके उदास रहै जगतसो, सुखिया सदैव ऐसे जीव समकिती हैं।** ધર્મી ભગવાનના દાસ છે અને જગતથી ઉદાસ છે, હંમેશા સુખી છે. ધર્મી જ્યાં હોય ત્યાં સદાય સુખી રહે છે. આવા ગુણોવાળા ધર્મીને સમકિતી કહેવાય છે.

# ગણધરદેવ જેવો વિવેક જેને પ્રગટ થયો છે એવા સમકિતીનું સ્વરૂપ

(સળંગ પ્રવચન નં. ૪)

શ્રી સમયસાર નાટકમાં આ મંગલાચરણના શ્લોકો ચાલ્યાં. તેમાં પહેલાં અરિહંત ભગવાનની સ્તુતિ કરી, સિદ્ધભગવાનની સ્તુતિ કરી, પછી સાધુની સ્તુતિ કરી. તેમાં આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ત્રણેય આવી ગયા. આમ પંચપરમેષ્ઠીની સ્તુતિ કરી પછી સમકિતીની સ્તુતિ કરે છે. તેના બે શ્લોકો તો આવી ગયા. હવે ત્રીજો શ્લોક આવે છે.

जाकै घट प्रगट विवेक गणधरकौसौ,
हिरदै हरखि महामोहकौं हरतु है।
साचौ सुख मानै निजमहिमा अडौल जानै,
आपुहीमैं आपनौ सुभाउ ले धरतु है।।
जैसैं जल-कर्दम कतलफल भिन्न करै,
तैसैं जीव-अजीव विलछनु करतु है।
आतम सकति साधै ग्यानकौ उदौ आराधै,
सोई समकिती भवसागर तरतु है।।८।।

જુઓ, આ સમ્યગ્દર્શન! તેનું સ્વરૂપ અને સ્તુતિ કહેવાય છે. જેના હૃદયમાં ગણધર જેવો સ્વ-પરનો વિવેક પ્રગટ થયો છે તે સમ્યગ્દૃષ્ટિ છે. કારણ કે બે ચીજ ન હોય તો ભૂલ કેમ થાય? પોતાનું જેવું સ્વરૂપ છે તેવું જાણવામાં ન આવે એટલે બીજી ચીજને પોતાની માને એ જ મિથ્યાદૃષ્ટિ છે. દ્વૈત હોય ત્યાં જ ભૂલ હોય અને તેમાંથી ભિન્ન પડે ત્યારે ભૂલ ટળે.

વિવેક એટલે ભેદજ્ઞાન-સ્વ-પરની જુદાઈ. આત્મા આનંદસ્વરૂપ છે અને વિકલ્પ આકુળતાસ્વરૂપ છે માટે વિકલ્પથી માંડીને બધી પરચીજ આત્માથી ભિન્ન છે, એવો ગણધર જેવો વિવેક સમ્યગ્દૃષ્ટિને પ્રગટ થયો છે. તે પછી ભલે મનુષ્ય હોય, પશુ



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

હોય, નારકી કે દેવ હોય, સ્ત્રી પર્યાયમાં હોય પણ તે સમ્યગ્દૃષ્ટિ છે તો તેને ગણધર જેવો વિવેક પ્રગટ્યો છે.

અહો! ક્યાં તીર્થંકરપ્રભુના વજીર સમા ગણધરદેવ, જે અંતમુહૂર્તમાં બાર અંગની રચના કરે છે અને ક્યાં સમ્યગ્દૃષ્ટિ! છતાં શ્રદ્ધામાં વિવેક બંનેનો એકસરખો છે. ક્યાં ગણધર, ક્યાં સમ્યગ્દૃષ્ટિ મનુષ્ય, પશુ અને નારકી. પણ એ બધાંના જ્ઞાનમાં સ્વ-પરનો વિવેક એકસરખો પ્રગટ થયો છે. તેમના સમ્યક્ત્વ અને ભેદજ્ઞાનમાં કાંઈ ફરક નથી.

રાગ, શરીર અને કર્મથી ચૈતન્યનું સ્વરૂપ તદ્દન જુદું છે એવું જ્ઞાન થયું છે તેથી તેના હૃદયમાં એટલે જ્ઞાનમાં આત્માનુભવથી હરખ થયો છે. આ હરખ એટલે દુનિયાના હરખની વાત નથી. આ તો આનંદસ્વરૂપ આત્માના અનુભવથી થયેલો હરખ છે. આવા સમ્યગ્દૃષ્ટિને સ્વ-પરનો અને સ્વભાવ-વિભાવનો વિવેક થવાથી મિથ્યાત્વ નષ્ટ થઈ જાય છે. સ્વભાવનો અનુભવ કરીને આનંદ આવ્યો છે તેને લઈને મહા મોહરૂપ મિથ્યાત્વનો નાશ કરે છે. ગૃહસ્થાશ્રમમાં રહ્યાં છતાં જીવ અને અજીવ, સ્વભાવ અને વિભાવનું ભેદજ્ઞાન થતાં ઈન્દ્રિયો અને તેના વિષયોમાં આનંદ માનતો નથી. મિથ્યાત્વરૂપ ભ્રમણાનો નાશ કરવા માટે આ એક જ ઉપાય છે 'ભેદજ્ઞાન.'

ભેદજ્ઞાન થતાં મિથ્યાત્વનો નાશ અને સમકિતની પ્રાપ્તિ બંને એક સાથે થાય છે. ભેદજ્ઞાન થતાં મિથ્યાત્વ અને અજ્ઞાન બંનેનો નાશ થાય છે. ભલે શ્રદ્ધા અને જ્ઞાન ગુણ જુદાં હોય પણ કાર્ય એક સાથે થાય છે. જુઓ ને લખ્યું છે **महामोहकौं हरतु है** ચૈતન્યસ્વરૂપમાં આરૂઢ થતાં મિથ્યાત્વ ઉત્પન્ન જ થતું નથી તેથી તેનો નાશ કર્યો એમ કહેવાય છે.

આત્મા આનંદની મૂર્તિ છે અને રાગ તે આકુળતા છે. ભલે શુભરાગ હોય તે પણ આકુળતા છે. તેથી રાગની એકતા હતી ત્યાં સુધી દુઃખી હતો અને વિકલ્પની આકુળતા અને આત્માની આનંદતાનો ભેદ પાડતાં સુખી થાય છે. આ સમકિત અને ભેદજ્ઞાન છે.

**साचौ सुख मानै....** સમકિતી-ધર્મની શરૂઆતવાળો જીવ કે જેણે જન્મ-મરણના કારણરૂપ ભાવનો નાશ કર્યો છે તે સ્વાધીન આત્માના આનંદમાં જ સુખ માને

www.vitragvani.com



છે. તે ધર્મીજીવ પુણ્ય-પાપના રાગમાં કે સ્ત્રી, પુત્ર, પરિવારમાં કે રાજપાટ, ઈન્દ્રના ઈન્દ્રાસનમાં સુખ માનતો નથી. કેમ કે તેમાં સુખ છે નહિ.

બહુ ટૂંકા શ્લોકોમાં માલ ઘણો ભરી દીધો છે.

**निजमहिमा अडोल जाने**-પોતાના અનંતગુણોની મહિમા પાસે બીજા કોઈની મહિમા તેની શ્રદ્ધામાં આવતી નથી. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એવા ઊંચા શુભભાવની પણ જ્ઞાનીને મહિમા આવતી નથી. અને પોતાના જ્ઞાન, આનંદાદિ અનંતગુણસ્વરૂપ આત્માની મહિમા અડોલ, હલે નહિ તેવી નિઃશંક હોય છે. આઠ વર્ષની કન્યા સમકિત પામી હોય તો તેને પણ આવી નિઃશંક શ્રદ્ધા હોય છે. સમકિત ક્યાં કોઈ બીજાની ચીજ છે? પોતાની જ ચીજ છે. પોતે શુદ્ધ ચૈતન્યકંદ, આનંદનો દળ, અસ્તિત્વવાળી વસ્તુ છે. એવો અંતરમાં વિવેક થતાં તેને પોતાના ગુણની જ મહિમા અડોલપણે ભાસે છે. શરીર સુંદર હો કે વાણી કોમળ હો કે ચક્રવર્તીના રાજ હો પણ કોઈની મહિમા અંતરમાં આવતી નથી.

શ્રોતાઃ-અંતરમાં મહિમા આવતી નથી એટલે?

પૂજ્ય ગુરુદેવશ્રીઃ-એટલે બહારથી ભલે કદાચ બોલે કે આનો કંઠ બહુ મીઠો છે, શરીર બહુ સુંદર છે પણ અંતરમાં તેની મહિમા જ્ઞાનીને ન હોય.

**आपुहीमैं आपनौ सुभाउ ले धरतु है।** આત્મા પોતાના જ્ઞાન-દર્શનાદિ સ્વભાવને પોતામાં ધારણ કરે છે. પોતાનો જાણવાનો ભાવ, શ્રદ્ધવાનો ભાવ, ઠરવાનો ભાવ, આનંદનો ભાવ તેને ધારે છે પણ ધર્મી રાગાદિભાવોને પોતામાં ધારતો નથી. વ્યવહારને-દયા, દાનાદિ વિકલ્પને પોતાનામાં ધારતો નથી. પોતાના ગુણોની નિર્મળ પર્યાય પ્રગટ કરીને ધર્મી તેને ધારે છે, રક્ષા કરે છે પણ પુણ્ય-પાપના રાગને ધારતો કે રક્ષતો નથી. શ્રીમદ્‌માં આવે છે કે સ્વદ્રવ્યના ધારક ત્વરાથી થાઓ અને પરદ્રવ્યનું ધારકપણું ત્વરાથી તજો. ધર્મી નિર્મળ પર્યાય પ્રગટ કરીને ધારે છે પણ પુણ્ય-પાપના રાગને ધારતા નથી. ધર્મી રાગના ધારક નથી, રક્ષક નથી પક્ષક નથી ભોગવનાર પણ નથી.

ભારે વાત છે ને! ધર્મી ઈન્દ્ર, ચક્રવર્તી હોય તેને વૈભવના પાર ન હોય, અત્યારે તો કોઈને એવા વૈભવ નથી. ચક્રવર્તીને દેવ આવીને પાંચ બંગલા બનાવી દે છે. તે બંગલા પણ મોટા અને અલૌકિક હોય, ચારે બાજુ અંદરમાં હીરા-માણેક જડ્યાં હોય, એક એક હીરાની અબજોની કિંમત હોય. એવા અનેક પ્રકારના



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



વૈભવ હોય પણ ધર્મી જાણે છે કે એ વૈભવો મારા નહિ અને હું તેનો નહિ, હું તેને રાખતો નથી, ધારતો નથી, મેં તેને પ્રગટ કર્યા નથી, હું તેનો રક્ષક નથી તે મારા રક્ષક નથી.

જેમ મેલાં પાણીમાં કતકફળ નાંખવાથી પાણી અને કાદવ જુદાં પડી જાય છે તેમ ભેદજ્ઞાન કરવાથી રાગ અને નિર્વિકલ્પ ભગવાન આત્મા બંને જુદાં પડી જાય છે. માટે આ ભેદજ્ઞાન જ કરવાનું છે અને જેણે કર્યું છે તેની દશા આવી હોય છે તેમ અહીં કહેવામાં આવ્યું છે. ભેદજ્ઞાન વગર સમકિત ક્યારેય કોઈને થતું નથી.

નિર્મળી ઔષધિ જે કતકફળ તે પાણીમાં નાંખવાથી કાદવ નીચે બેસી જાય છે અને પાણી નિર્મળ થઈ જાય છે તેમ ભેદજ્ઞાનરૂપી-પ્રજ્ઞાછીણીરૂપ નિર્મળી ઔષધિ વડે બહિર્મુખી લાગણીઓ અને અંતર્મુખી સ્વભાવ બંનેને ભિન્ન જાણીને ધર્મી જીવ શુદ્ધતાનો અનુભવ કરે છે. **'जीव-अजीव विलछनु करतु है'** એટલે જીવ-અજીવને જુદાં પાડી દે છે. તેમાં અજીવ શબ્દમાં રાગાદિ બધાં ભાવ આવી જાય છે. ચૈતન્ય ભગવાન જ્ઞાયકસ્વભાવનું દળ આનંદમૂર્તિ આત્મા અને રાગાદિ અજીવ એ બન્ને ને ભેદજ્ઞાન વડે જુદાં પાડવામાં આવે છે. જુઓ! કર્મ વડે કે કોઈ પરદ્રવ્ય વડે સ્વ-પરને જુદાં પાડી શકાતાં નથી પણ ભેદજ્ઞાનની ક્રિયાવડે જીવ-અજીવ અને સ્વભાવ-વિભાવને જુદાં પાડી શકાય છે.

**आतम सकति साधै** એટલે જ્ઞાન, દર્શન, આનંદની શક્તિને સાધે. ભલે લડાઈ આદિમાં ઊભા હોય પણ જ્ઞાન-દર્શનાદિ શક્તિને સાધે છે અને જ્ઞાનનો એટલે આત્માનો પ્રકાશ કરે છે. તે જ સમ્યગ્દૃષ્ટિ સંસાર-સમુદ્રથી પાર થાય છે.

જુઓ! આ લખનાર બનારસીદાસજી પોતે એક કવિ છે અને જ્ઞાની છે. ગૃહસ્થાશ્રમમાં રહેલાં હતાં. ત્રણ વાર લગ્ન થયાં હતાં. નવ બાળકો થયેલાં પણ બધાંય મરી ગયાં. જગતની ચીજો છે ભાઈ! પોતાના કારણે આવે અને પોતાના કારણે જાય. ગઢડાવાળા એક ભાઈને એવું બનેલું કે પરદેશ કમાવા ગયેલો ત્યાં કમાણો, પરણ્યો, છોકરા થયાં, એકલો હતો તેમાંથી ૧૨ જણા થયાં અને વળી બધાં ચાલ્યાં ગયાં, પૈસો પણ ગયો અને પોતે એકલો ગયેલો તેમ એકલો પાછો આવ્યો. એ શું બતાવે છે કે પરચીજની સાથે આત્માને કાંઈ સંબંધ નથી. ધર્મી



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

પણ વેપાર, પરિવાર આદિમાં દેખાય પણ તેની સાથે તેને કાંઈ સંબંધ નથી. આવા સમકિતી જીવો જ ચોરાશીના અવતારરૂપ ભવજળમાંથી તરી જાય છે. સમકિત થયું તેનો અલ્પકાળમાં કેવળજ્ઞાન થઈને મોક્ષ થવાનો જ છેઃ-

કોઈ એમ કહે કે વ્રત, તપ, ક્રિયા આદિ કરીએ છીએ માટે સંસાર તરી જશું, ભવપાર થઈ જઈશું. તો કહે છે હરામ છે જો એક પણ ભવ ઘટે તો! આત્માની અંતરદૃષ્ટિ, જ્ઞાન અને અનુભવ વિના મોક્ષ તો ન થાય પણ એક ભવ પણ ઓછો ન થાય.

આ ત્રણ, સમકિતીની સ્તુતિના શ્લોક થયાં. હવે તેની સામે વિપરીત દૃષ્ટિવાળો મિથ્યાદૃષ્ટિ કેવો હોય તે ઓળખાવે છે.

धरम न जानत बखानत भरमरूप,
ठौर ठौर ठानत लराई पच्छपातकी।
भूल्यौ अभिमानमैं न पाउ धरैं धरनीमैं,
हिरदैमैं करनी विचारै उतपातकी।।
फिरै डांवाडोलसौ करमके कलोलिनिमैं,
व्है रही अवस्था सु बघूलेकैसे पातकी।
जाकी छाती ताती कारी कुटिल कुवाती भारी,
ऐसौ ब्रह्मघाती है मिथ्याती महापातकी।।९।।

અજ્ઞાની જીવ ધર્મના સ્વરૂપને જાણતો નથી. ભગવાન આત્મા ચૈતન્યનું દળ છે, આત્મા ધર્મી છે અને જ્ઞાન, આનંદ આદિ તેના ધર્મ છે, તેનાથી અજ્ઞાની અજાણ છે. તે કહે છે અમારે વસ્તુના સ્વરૂપને જાણીને શું કામ છે? અંધારામાં પણ ગોળ તો ગળ્યો જ લાગે માટે અમારે જાણવાની કાંઈ જરૂર નથી. અરે ભાઈ! ગોળ ખાવા જતાં અંધારામાં ઝેર આવી જશે તો?-મરી જઈશ. તેમ વસ્તુના સ્વરૂપને નહિ જાણ તો વિપરીત સ્વરૂપને પોતાનું માનીને મરી જઈશ. રાગના ભાવને આત્માનો ભાવ જાણનારો અજ્ઞાની ઝેર ખાય છે.

મિથ્યાદૃષ્ટિ જે કાંઈ કથન કરે, કાંઈ પણ ભાવ કરે તે વિપરીત શ્રદ્ધાવાળામિથ્યાત્વમય જ હોય છે અને તે મિથ્યાત્વની ભ્રમણાને જ વખાણતો હોય છે. ઠેકઠેકાણે અજ્ઞાની એકાંતનો પક્ષ લઈને લડાઈ કરતો હોય છે કે નહિ, આમ નહિ, આમ જ હોય.

અજ્ઞાનીના લક્ષણ જ આવા બધા હોય છે.

**भूल्यौ अभिमानमैं न पाउ धरै धरनीमैं।** મિથ્યાત્વીજીવ અભિમાનમાં ડોલતો હોય છે. એવો ડોલે છે કે ધરતી ઉપર પગ ટેકવતો નથી. જાણે અમે જ કાંઈક છીએ. મિથ્યાદૃષ્ટિ જીવના હૃદયમાં કાંઈક કરી નાંખવાનો ઉત્પાત જ ભર્યો હોય છે એટલે આકુળ-વ્યાકુળ....આકુળ-વ્યાકુળ થયા કરે છે. આમ કરી નાખું, તેમ કરી નાંખું, એમ કરણી જ વિચાર્યા કરે છે. ચિત્તમાં ઉપદ્રવનો જ વિચાર કરીને તોફાન મચાવતા હોય છે.

મિથ્યાદૃષ્ટિ જીવ કર્મના ઉદયમાં જોડાવાથી સંસારમાં ડામાડોળ થઈને ફરે છે અર્થાત્ અંતરમાં એટલા કષાયનું જોર હોય છે કે વિશ્રામ પામતો નથી. તેની દશા તો એવી થઈ રહી છે જેવી વંટોળિયામાં પાંદડાની દશા હોય છે. મિથ્યાત્વ અને કષાયના જોરમાં જાણે આને ખુશી કરી દઉં, આનો નાશ કરી નાંખું, આનું આમ કરું એમ ડામાડોળ થયા કરે છે.

જેનું હૃદય ક્રોધથી તપ્ત છે, જેનું હૃદય લોભથી મલિન રહે છે, કોઈ પણ કામમાં એને લોભ-આશા હોય છે કે આમાંથી મને કંઈક મળશે, જેનું હૃદય માયાથી કુટીલ છે અને માનથી ભારે કુવચન બોલે છે. આવો આત્મઘાતી અને મહાપાપી મિથ્યાદૃષ્ટિ છે. કવિએ **ताती कारी कुटिल** અને **भारी** એવા શબ્દો વડે ચારેય કષાય-ક્રોધ, માન, માયા અને લોભયુક્ત મિથ્યાદૃષ્ટિ જીવની દશા વર્ણવી છે કે આવો મિથ્યાદૃષ્ટિ પરનો ઘાત તો કરે કે ન કરે પણ પોતાનો જ ઘાત કરી રહ્યો છે, માટે આત્મઘાતી છે-બ્રહ્મઘાતી છે અને મહાપાપી છે.

આ મંગલાચરણમાં કાંઈ મિથ્યાદૃષ્ટિનું કામ નથી પણ આ તો મિથ્યાદૃષ્ટિનું માત્ર સ્વરૂપ વર્ણવીને તેનું જ્ઞાન કરાવ્યું છે. હવે કવિ બનારસીદાસ સિદ્ધ ભગવાનને યાદ કરીને વંદન કરે છે.

**वंदौं सिव अवगाहना, अरु वंदौं सिव पंथ।**
**जसुप्रसाद भाषा करौं, नाटकनाम गरंथ।।१०।।**

હું સિદ્ધ ભગવાનને અને રત્નત્રયરૂપ મોક્ષમાર્ગને નમસ્કાર કરું છું, જેમના પ્રસાદથી દેશભાષામાં નાટક સમયસાર ગ્રંથ રચું છું.

કોઈને એમ પ્રશ્ન થતો હોય કે સિદ્ધભગવાનને આકાર હોય કે નહિ? તેનો

www.vitragvani.com



આમાં જવાબ આવી જાય એવી ભાષા વાપરી છે. 'वंदौं सिव अवगाहना', સિદ્ધ ભગવાન પણ આત્મા છે ને? માટે તેને પણ આકાર હોય છે. સિદ્ધપ્રભુ પોતાના અસંખ્ય પ્રદેશી પૂર્ણ નિર્મળ આનંદઘનની અવગાહનામાં રહેલા છે તેમને હું વંદન કરું છું અને સિવ પંથ એટલે રત્નત્રયને પણ વંદું છું. સમ્યગ્દર્શનને નમસ્કાર, સમ્યગ્જ્ઞાનને નમસ્કાર અને સમ્યક્ચારિત્રને નમસ્કાર. આમ મોક્ષ અને મોક્ષપંથને નમસ્કાર કરું છું કે જેના પ્રસાદથી હું આ ગ્રંથની રચના કરું છું. એમ નિર્માન થઈને કવિ કહે છે હું આ નાટક સમયસાર નામનો ગ્રંથ બનાવું છું.

હવે ૧૧મા શ્લોકમાં કવિ પોતાની દશાનું વર્ણન કરે છેઃ-

चेतनरूप अनूप अमूरत,
सिद्धसमान सदा पद मेरौ।
मोह महातम आतम अंग,
कियौ परसंग महा तम घेरौ।।
ग्यानकला उपजी अब मोहि,
कहौं गुन नाटक आगमकेरौ।
जासु प्रसाद सधै सिवमारग,
वेगि मिटै भववास वसेरौ।।११।।

મારું સ્વરૂપ સદૈવ ચૈતન્યરૂપ, ઉપમારહિત, નિરાકાર સિદ્ધ સમાન છે. દ્રવ્યદૃષ્ટિએ હું આવો હોવા છતાં પર્યાયમાં મેં મારા અસંખ્ય પ્રદેશમાં મોહનો અંધકાર ફેલાવી દીધો હતો. કોઈ કર્મે મને આવી દશા કરી ન હતી પણ કર્મનો સંગ કરીને રાગનો સંગ કરીને આંધળો બની રહ્યો હતો. વસ્તુ સિદ્ધ સમાન શુદ્ધ છે પણ મોહના અંધકારમાં હું એવો અંધ બની ગયો હતો કે મને મારું સ્વરૂપ દેખાતું ન હતું.

નિશ્ચયથી મારું સ્વરૂપ સિદ્ધસદૃશ હોવા છતાં મેં જ મારાં આતમ-અંગમાં મોહનું માહાત્મ્ય લગાડ્યું હતું તેથી સ્વરૂપ દેખાતું ન હતું. મારી પર્યાયમાં મોહના અંધકારે ઘેરો ઘાલ્યો હતો તેના સંગમાં એવો અંધ બની ગયો હતો કે શરીર, રાગાદિને જ મારા માનતો હતો. મારા સ્વરૂપને હું ઓળખતો જ ન હતો. પણ હવે મને જ્ઞાનની જ્યોતિ પ્રગટ થઈ છે તેથી શરીર અને રાગાદિને મારા માન્યાં હતાં તે ભ્રમણા હવે ટળી ગઈ છે. અજ્ઞાન ટળીને સ્વરૂપનું સમ્યગ્જ્ઞાન પર્યાયમાં પ્રગટ થયું છે.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



હવે મને જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ છે તેથી હું નાટક સમયસાર ગ્રંથ કહું છું. જેના પ્રસાદથી મોક્ષમાર્ગની સિદ્ધિ થાય છે અને જલદી સંસારનો નિવાસ અર્થાત્ જન્મ-મરણ છૂટી જાય છે.

જુઓ! આ પોતાનો આત્મા ખાતરી આપે છે કે આ જ્ઞાનકળા પ્રગટી છે તેના પ્રસાદથી વેગે એટલે જલ્દી સંસારનો અંત આવી જશે. જેમાં ભવ નથી, ભવનો ભાવ નથી એવા સ્વભાવનું ભાન થયું તેને હવે ભવ કેવા? અમે અલ્પકાળમાં સંસારથી મુક્ત થશું તેમાં કોઈની સહાય મદદની જરૂર નથી.

અનાદિથી ભવમાં વસી રહ્યા છે તેની દશા તો કેવી છે તે નજરે દેખાય છે ને! પોતાનું શરીર પણ સાથ આપતું નથી. કેટલી દવા લેવી પડે છે? દીકરા પણ સુખ દેતાં નથી. બે દિવસ આવી મળીને ચાલ્યાં જાય છે. અરે, પાસે રહે તોપણ તે સુખ દઈ શકતા નથી. કોઈ કોઈને સુખી કરવા સમર્થ નથી અને પોતે અજ્ઞાનથી અંધ છે, તેથી દુઃખી છે.

હવે ૧૨મા શ્લોકમાં પોતાની લઘુતાનું વર્ણન કરે છેઃ-

जैसैं कोऊ मूरख महा समुद्र तिरिवेकौं,
भुजानिसौं उद्यत भयौ है तजि नावरौ।
जैसैं गिरि ऊपर विरखफल तोरिवेकौं,
बावनु पुरुष कोऊ उमगै उतावरौ।।
जैसैं जलकुण्डलमैं निरखि ससि-प्रतिबिम्ब,
ताके गहिबेकौं कर नीचौ करै टाबरौ।
तैसैं मैं अलपबुद्धि नाटक आरंभ कीनौ,
गुनी मोहि हसैंगे कहैंगे कोऊ बावरौ।।१२।।

જેમ કોઈ મૂર્ખ મનુષ્ય નૌકા છોડીને પોતાના બાહુબળથી સમુદ્રને તરવાનો પ્રયત્ન કરે અથવા પહાડ ઉપર ઉગેલા વૃક્ષનું ફળ તોડવા માટે કોઈ ઠીંગણો પુરુષ જલદીથી ઉછળે-ઉત્સાહથી ઉતાવળ કરે તેવું આ મારું કાર્ય છે એમ કવિ નિર્માનતા બતાવે છે.

टाबरौ એટલે બાળક જેમ પાણીના કુંડમાં આકાશમાં રહેલા ચંદ્રનું પ્રતિબિંબ જોઈને તેને લેવા માટે હાથ નીચો કરે છે, પાણીમાં હાથ નાખીને ચંદ્રને પકડવાનો



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

પ્રયત્ન કરે છે તેમ આ સમયસાર નાટક બનાવવાનું મહાકાર્ય મેં મંદબુદ્ધિવાળાએ શરૂ કર્યું છે. મારી બુદ્ધિ થોડી છે અને મેં કાર્ય મોટું શરૂ કર્યું છે.

કુંદકુંદઆચાર્ય, અમૃતચંદ્રઆચાર્ય કે જે આભના થોભ જેવા ધર્મધુરંધર મોટા આચાર્યો છે તેમણે સમયસાર જેવું મહાન શાસ્ત્ર રચ્યું તેને હું અલ્પબુદ્ધિ હોવા છતાં પદ્યમાં રચવાનું કામ મેં શરૂ કર્યું છે, તેથી ગુણીજનો-વિદ્વાન લોકો તો મને હસશે કે અરે, આ કાંઈ તારું કામ છે! આ શું તું લઈને બેઠો? શું તું પાગલ થઈ ગયો છો કે આ મહાન આચાર્યોના શાસ્ત્રને તું પદ્યમાં લખવા બેઠો? એમ વિદ્વાનો મને પાગલ કહેશે તો ભલે મને પાગલ કહો પણ હું તો ભક્તિથી આ શાસ્ત્ર લખવા માંગુ છું.

★ આહાહા! ચૈતન્ય બાદશાહનો સ્વભાવ તો જુઓ! કેવો અગમ્ય છે! કેવળજ્ઞાનની પર્યાય હોય કે મિથ્યાત્વની પર્યાય હોય કે સમ્યગ્દર્શનની પર્યાય હોય પણ જ્ઞાયકભાવ એકપણું છોડતો નથી, જ્ઞાયકભાવ તો જ્ઞાયકરૂપ જ રહ્યો છે. નિગોદની પર્યાય અક્ષરના અનંતમાં ભાગે રહી ગઈ છે ને કેવળજ્ઞાનની પર્યાય અનંત અવિભાગ-પ્રતિચ્છેદ સહિત પૂરણ પ્રગટ થઈ છતાં જ્ઞાયક-ચૈતન્યજ્યોતિ એકપણું છોડતી નથી. સ્વર્ગ, નરક, નિગોદ આદિ અનેક પર્યાયમાં રહ્યો છતાં ચૈતન્યજ્યોતિ એકપણું છોડતી નથી. નવતત્ત્વમાં પ્રાપ્ત થયેલો આત્મા અનેકરૂપે દેખાય, અનેક સ્વાંગો ધારણ કરે છતાં ચૈતન્યજ્યોતિ એકપણું છોડતી નથી, આર્ત્ત-રૌદ્રધ્યાનના અનેકરૂપ વિચિત્ર શુભાશુભ ભાવના બંધનમાં આવવા છતાં ચૈતન્યજ્યોતિ એકપણું કદી છોડતી નથી. આહાહા! જ્ઞાનજ્યોતિ નવતત્ત્વની સંતતિમાં આવવા છતાં, અનેક સ્વાંગો ધારવા છતાં, પોતાનું એકપણું છોડતી નથી. અહો! જેનું ક્ષેત્ર મર્યાદિત હોવા છતાં જેના કાળનો અંત નથી, જેના ગુણોનો અંત નથી-એવી અનંત સ્વભાવી ચૈતન્યજ્યોતિ સદાય એકરૂપ ચૈતન્યસ્વરૂપે જ રહી છે. આત્મવસ્તુ જ ગંભીરસ્વભાવી છે, એની ગંભીરતા ભાસે નહિ ત્યાં સુધી ખરો મહિમા આવે નહીં, એની ગંભીરતા ભાસતાં આત્માનો એવો મહિમા આવે કે એ મહિમા આવતાં આવતાં એ મહિમા વિકલ્પને ઓળંગી જાય છે, વિકલ્પને તોડવો પડતો નથી પણ તૂટી જાય છે ને અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય છે.

*-પૂજ્ય ગુરુદેવશ્રી*

# કેવળીના વિરહ ભુલાવનારું સમયસાર

(સળંગ પ્રવચન નં. ૫)

પં. બનારસીદાસજી કૃત શ્રી નાટક સમયસાર શાસ્ત્રની ઉત્થાનિકાનો આ ૧૩ મો શ્લોક ચાલે છે.

जैसैं काहू रतनसौं वींध्यौ है रतन कोऊ,
तामैं सूत रेसमकी डोरी पोई गई है।
तैसैं बुध टीकाकारि नाटक सुगम कीनौ,
तापरि अलपबुद्धि सूधी परिनई है।।
जैसैं काहू देसके पुरुष जैसी भाषा कहैं,
तैसी तिनिहूंके बालकनि सीख लई है।
तैसैं ज्यौं गरंथकौ अरथ कह्यौ गुरु त्योंहि,
हमारी मति कहिवेकौं सावधान भई है।।१३।।

જેમ કોઈએ હીરાની કણીથી રતનમાં છિદ્ર કરી રાખ્યું હોય તો તેમાં રેશમનો દોરો પરોવી દેવાય છે, તેમ વિદ્વાન સ્વામી અમૃતચંદ્ર આચાર્યદેવે ટીકા કરીને સમયસાર સરળ કરી દીધું છે. તેમાં વળી અમૃતચંદ્ર આચાર્યદેવે કળશો લખ્યા અને તેના ઉપર ટીકા કરીને રાજમલ્લજીએ પણ સમયસારને ઘણું સરળ કરી દીધું છે. તેથી મારા જેવા અલ્પબુદ્ધિને સમજમાં આવી ગયું.

રતનમાં કાણું કરેલું હોય તો દોરો પરોવવો સહેલો થઈ જાય. તેમ અમૃતચંદ્ર આચાર્યદેવ અને રાજલ્લજીએ સમયસારને સરળ કરી દીધું છે. તેથી મારી અલ્પબુદ્ધિમાં તે સમજાય ગયું છે-મારી અલ્પબુદ્ધિ સમ્યક્ બની છે.

જેમ જે દેશમાં જેવી ભાષા બોલાતી હોય તેવી બાળક શીખી લે છે તેમ મને ગુરુપરંપરાથી જેવું અર્થજ્ઞાન થયું છે તેવું જ કહેવા માટે મારી બુદ્ધિ તત્પર બની છે. ભરતક્ષેત્રનું અદ્વિતીયનેત્ર એવું આ અજોડ....અજોડ સમયસાર તેને ગુરુઓએ સરળ બનાવી દીધું તેથી જ્ઞાનમાં સમજાયું અને ગુરુએ કહ્યું તેવી ભાષા પણ અમે

www.vitragvani.com



શીખી લીધી છે અને તે પ્રમાણે કહેવાને તત્પર થયો છું.

હવે કવિ કહે છે કે ભગવાનની ભક્તિથી અમને બુદ્ધિબળ પ્રાપ્ત થયું છે. જુઓ! અહીં ભગવાનની ભક્તિ કહેતાં સાથે આત્માની ભક્તિ આવી જાય છે પણ નિર્માનતાથી બોલાય એમ કે ભગવાનની ભક્તિથી બુદ્ધિબળ મળ્યું, તીર્થંકર પરમદેવ સર્વજ્ઞની ભક્તિથી મારી બુદ્ધિ સમ્યક્ બની છે એમ જ કહેવાય. પણ, ભક્તિ સાચી ક્યારે કહેવાય કે જ્યારે ચૈતન્યને ઓળખીને તેની ભક્તિ જાગે ત્યારે જ ભગવાનની ભક્તિને વ્યવહારાભક્તિ કહેવાય.

कबहू सुमति व्है कुमतिको विनाश करै,
कबहू विमल जोति अन्तर जगति है।
कबहू दया व्है चित्त करत दयालरूप,
कबहू सुलालसा व्है लोचन लगति है।।
कबहू आरती व्है कै प्रभु सनमुख आवै,
कबहू सुभारती व्है बाहरि बगति है।
धरै दसा जैसी तब करै रीति तैसी ऐसी,
हिरदै हमारै भगवन्तकी भगति है।।१४।।

અમારા હૃદયમાં ભગવાનની એવી ભક્તિ છે કે કોઈવાર તો સુબુદ્ધિ થઈને કુબુદ્ધિને દૂર કરે છે. સમ્યગ્જ્ઞાન દ્વારા અજ્ઞાનનો નાશ થાય છે. સ્વસન્મુખ થતાં અંતરમાં ચૈતન્યનો પ્રકાશ થાય છે. સર્વજ્ઞની ભક્તિ આવતાં 'હું પણ સર્વજ્ઞસ્વભાવી છું' અને સર્વજ્ઞ થવાને લાયક છું એવી ચૈતન્યજ્યોત અંતરથી જાગે છે.

કોઈવાર ચિત્ત દયાળુ બની જાય છે એટલે ભક્તિમાં કષાયની મંદતાથી બધાં પ્રાણી પ્રત્યે કરુણા જાગે છે. બધાં પ્રત્યે અવિરોધભાવ આવે છે.

ભગવાનની ભક્તિ કરતાં કોઈવાર અનુભવની એવી પિપાસા જાગે છે કે આંખો સ્થિર થઈ જાય છે. નેત્ર ઠરી જાય છે. જ્ઞાનચક્ષુ દ્વારા અંતરમાં સર્વજ્ઞસ્વભાવને જોતાં જ્ઞાનચક્ષુ સ્વભાવમાં ઠરી જાય છે. અહો! ભગવાન સર્વજ્ઞ છે તેમ હું પણ સર્વજ્ઞસ્વભાવી છું.

આ તો અધ્યાત્મ કવિ છે અને અધ્યાત્મના ગ્રંથના અર્થ થાય છે તેથી અધ્યાત્મ



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

જ અંદરમાંથી નીકળે છે. આગળ આવશે, 'શુદ્ધતા વિચારે, ધ્યાવે, શુદ્ધતામેં કેલી કરે અમૃતધારા વરસે....' શુભપરિણામ દયા-દાનાદિના રાગ તે તો કષાય છે. શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્મા તેનાથી રહિત છે.

પ્રવચનસારમાં આવે છે ને, જે કોઈ અરિહંત ભગવાનના દ્રવ્યને, તેની શક્તિને અને દશાને જાણે તે પોતાના અંતરમાં વળીને મોહનો ક્ષય કરે છે, સર્વજ્ઞસ્વભાવની દૃષ્ટિ થતાં રાગની એકતા તૂટી જાય છે. પછી બહારમાં જેટલો વિકલ્પ રહે છે તેમાં મંદકષાય થાય છે અને અશુભભાવ ટળે છે.

**कबहू आरती व्हे कै प्रभु सन्मुख आवै** તેના પણ બે અર્થ થાય છે. અંતરમાં પ્રભુ સન્મુખ આરતી એટલે પ્રેમ થતાં પ્રભુ સન્મુખ ગતિ જાય છે અને બહારમાં ભગવાનની સન્મુખ આરતી ઉતારવાનો વિકલ્પ આવે છે. પહેલાના જમાનામાં રાજા બહારગામથી આવે ત્યાં તેની આરતી ઉતારતાં. તેની પાછળ ભાવ એ કે અમે તમને વારી જઈએ છીએ. પણ એ નાશવાન પદને શું વારી જવું? અવિનાશી ચૈતન્યપદનું રાજ સ્વીકારીને તેને વારી જાય તો અંતરમાં શાંતિ અને વીતરાગતાની જાગૃતિ થાય તેનું નામ પ્રભુની સન્મુખ થઈને આરતી કરી કહેવામાં આવે છે.

લોકો ગીની આદિ ઊંચી ચીજથી ભગવાનની આરતી ઉતારે છે ને! અહીં ઊંચી ચીજ-સમ્યગ્દર્શન-જ્ઞાનથી ભગવાન આત્માની આરતી ઉતારે છે એટલે દૃષ્ટિ પણ પ્રભુ સન્મુખ સ્થિર થાય છે અને લીનતા પણ ત્યાં થાય છે અને બહારમાં પ્રભુ સન્મુખ લક્ષ જતાં બીજું બધું લક્ષ છૂટી જાય છે.

કોઈવાર તીર્થંકર ત્રિલોકીનાથની સુંદર વચનો દ્વારા સ્તુતિ કરે છે. ગણધરદેવ પણ પ્રભુની સ્તુતિ કરે છે અને ઈન્દ્ર પણ એક હજાર આઠ નામો વડે પ્રભુની સ્તુતિ કરે છે, બીજા સામાન્ય સંતો આદિ પણ ભગવાનની સ્તુતિ કરે છે.

બનારસીદાસજીએ પણ સુંદર સ્તુતિ રચી છે. બનારસીદાસજી ગૃહસ્થાશ્રમમાં હતાં પણ જબ્બર કવિ અને જ્ઞાની થઈ ગયા. સંસાર ઉપરથી તેમને દૃષ્ટિ ઉડી ગઈ હતી. આસક્તિનો ભાવ હોય તેને પણ જ્ઞાની ઉપાધિ જાણીને ત્યાગવા ચાહે છે.

બહારમાં ભક્તિના ભાવ જાગે ત્યારે પ્રભુની ભક્તિ કરે છે અને અંતરમાં ભક્તિ જાગે ત્યારે અંતરમાં ઠરી જાય છે. આમ જ્યારે જેવા ભાવ જાગે તે

www.vitragvani.com



પ્રમાણે ક્રિયા કરે છે. 'हिरदै हमारै भगवन्तकी भगति है।' જેણે એક સમયમાં ત્રણકાળને જ્ઞાનમાં લઈ લીધા છે એ ભગવાનના જ્ઞાનની મહિમા કેટલી! કેવડું મોટું જ્ઞાન! આવા અનંત ગુણના ધણી-ભગવાનની ભક્તિ અમારાં હૃદયમાં વસેલી છે.

શ્રીમદ્દમાં આવે છે કે 'સર્વજ્ઞદેવ પરમગુરુ'ની માળા ફેરવવી. એક માળામાં બંને સમાવી દીધા છે. સર્વજ્ઞશક્તિની દિવ્યતા જેને પ્રગટી તે જ પરમગુરુ છે એમ જેને અંતરમાં ભાન થાય છે તેને આત્માની સન્મુખતા થાય છે અને શાંતિ વળે છે.

હવે કવિ નાટક સમયસારના મહિમાનું વર્ણન કરે છે કે આ શાસ્ત્ર તો મોક્ષમાં જવા માટેનું શુકન છે.

मोख चलिवेकौ सौन करमको करै बौन,
जाके रस-भौन बुध लौन ज्यौं घुलत है।
गुनको गरन्थ निरगुनकौ सुगम पन्थ,
जाकौ जसु कहत सुरेश अकुलत है।।
याहीके जु पच्छी ते उड़त ग्यानगगनमैं,
याहीके विपच्छी जगजालमैं रुलत है।
हाटकसौ विमल विराटकसौ विसतार,
नाटक सुनत हिये फाटक खुलत है।।१५।।

આ સમયસાર શાસ્ત્ર ભરતક્ષેત્રના ભક્તોને કેવળીના વિરહ ભુલાવે તેવું શાસ્ત્ર છે મોક્ષમાં ચાલવા માટે પ્રથમ શુકન છે કે તમને સમયસારનો પક્ષ આવ્યો તો હવે તમારો મોક્ષ તૈયાર છે. દ્રવ્ય અને ભાવે સમયસાર અલૌકિક છે. મોક્ષમાં જવા માટેની સીડી છે. કેવળીની જ આ સીધી આવેલી વાણી છે. આ સમયસાર સાંભળવા મળ્યું તેને મોક્ષ જવા માટેના શુકન થઈ ગયા.

આ સમયસાર વિકારનું વમન કરાવનાર છે, કર્મનો નાશ કરાવનારું છે. એવું અલૌકિક શાસ્ત્ર છે કે તેનું વાચ્ય એવો આત્મા જેના લક્ષમાં આવ્યો તેને મોક્ષના શુકન થઈ ગયા અને મોક્ષમાં ચડવાની સીડી-પૂર્ણાનંદ પ્રાપ્તિની શ્રેણી મળી ગઈ. ભાવમાં જેને આ સમયસાર પ્રાપ્ત થયું છે તેને અતીન્દ્રિય આનંદનું વેદન થાય છે અને વિકારનું તો વમન થઈ જાય છે. વમનનો અર્થ એ છે કે જે વમી



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



નાખ્યું તેને કોઈ ફરી પાછું લેતું નથી. તેમ વિકારને જે વમી નાખે છે તેને ફરી લેતો નથી એવો અર્થ આમાંથી નીકળે છે. આહાહા.....!

અહા....! જેને ચૈતન્યસ્વરૂપ પૂર્ણાનંદના રત્નાકરનું શ્રવણ મળ્યું અને શ્રવણ કરીને આત્માની સન્મુખ દૃષ્ટિ કરી-રુચિ કરી તેણે કર્મના વિકારને તો વમી નાખ્યાં અને અતીન્દ્રિય આનંદની શ્રેણીએ ચડવા માંડ્યો. કોઈને એમ પ્રશ્ન થાય કે આ પંચમકાળ છે તેમાં મોક્ષ માટે શું થઈ શકે? શું ઉપાય? તો કહે છે આ સમયસાર મળ્યું એટલે એના મોક્ષના શુકન થઈ ગયાં અને તેની શ્રેણીએ ચાલવા પણ લાગ્યો.

સમયસારની એક એક ગાથા અને ટીકામાં અહા! સત્‌ના રહસ્ય ભર્યા છે, અમૃતના ઘૂંટડા ભર્યા છે. તેના રસમાં જેમ પાણીમાં મીઠું ઓગળી જાય તેમ સમયસારના રસમાં વિદ્વાનો એકાકાર થઈ જાય છે. આ અધ્યાત્મના કવિ પણ ટૂંકામાં, ઓછી ઉપમા આપીને પણ કેટલું બધુ સમજાવી દે છે! પાણીમાં જેમ મીઠું ઓગળી જાય છે-એકમેક થઈ જાય છે તેમ જ્ઞાનીની આનંદદશા આત્મામાં એકમેક થઈ જાય છે. બુધ એટલે સમયસારના વાસ્તવિક તત્ત્વને સમજનારા જ્ઞાનની વર્તમાનદશા અંતરમાં લીન થઈ જાય છે ત્યારે જ તેને સમયસાર મળ્યું કહેવાય છે.

સમયસાર **गुनको गरन्थ** છે. એટલે સમયસાર નામ આત્મા અનંત ગુણનો ગાંઠડો છે. સમ્યગ્દર્શનાદિ ગુણનો પિંડ છે. જેમાં વિકારી ગુણો નથી એવી નિરગુણ-મુક્તિનો સુગમ પંથ છે. ભગવાન શુદ્ધ આત્મા દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મથી રહિત છે એવું જેને અંતરમાં ભાન થયું તેને તો મોક્ષનો સરળ રસ્તો હાથમાં આવી ગયો. અનંતકાળથી ક્રિયા કરીને દુઃખ વેઠીને મોક્ષ લેવા માટે હેરાન થઈ ગયો પણ મોક્ષ મળ્યો નહિ, તેને હવે આ સમયસારરૂપ સુગમ પંથ મળી ગયો. જે શુદ્ધાત્માને જોયો તેમાં રમવાની રીત હવે તેના હાથમાં આવી ગઈ.

ધવલમાં આવે છે ને! કે-સમકિતીએ મોક્ષનો માર્ગ જોઈ લીધો છે કે આ શુદ્ધાત્મા છે અને આ તેમાં લીન થવાનો માર્ગ છે. તેને હવે માર્ગે ચાલીને મોક્ષ પામવું સહેલું છે અને મિથ્યાદૃષ્ટિએ માર્ગ જોયો નથી તેથી તેને અઘરું લાગે છે.

સમયસારનો જશ ગાતાં ઈન્દ્ર અકળાય છે એટલે કે સમયસારની મહિમાનું વર્ણન કરતાં ઈન્દ્રો પણ લજ્જિત થાય છે કે નાના મોઢે હું મોટી વાત કરું છું! એવી આ ઊંચી વાત છે; તેને પંડિતોએ સુગમ કરીને આપણને આપી છે. બનારસીદાસ



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



લખે છે કે पांडे राजमल्ल जिनधर्मी, समयसार नाटकके मर्मी, तिन ग्रन्थकी टीका कीनी, बालबोध सुगम कर दीनी। રાજમલ્લજી સમયસારના મર્મી હતાં. તેમણે કળશટીકા બનાવીને સાધારણ માણસ પણ સમજી શકે એવું સમયસારને સરળ બનાવી દીધું છે. એટલે જ કીધું કે આ કળશટીકાનું ગુજરાતી થાય તો બહુ સારું.....'घर घर नाटक कथा बखानी' ઘરે ઘરે સમયસારની વાત થવા લાગી છે. થવી જ જોઈએ. આવો ઉત્તમ મનુષ્યદેહ પામ્યા છે, તો બાળકથી માંડીને બધાં જીવો આ સમજે તો તેનું હિત થાય તેવી વાત છે. અત્યારે તો આ સમયસારના પ્રચારનો યુગ છે.

સમયસાર એટલે શાસ્ત્ર-જિનવાણી અને આત્મા. તેની મહિમા કરતાં ઈન્દ્ર પણ અકળાય છે કે જેની મહિમાનું વર્ણન ગણધરદેવ પણ પૂરું કરી શકતાં નથી તેનું વર્ણન હું શું કરું? એવા આ સમયસારનો જે પક્ષ કરે છે તે જીવ જેમ પક્ષી ગગનમાં ઊડે છે તેમ જ્ઞાનગગનમાં ઊડીને ઊર્ધ્વમાં ચાલ્યો જાય છે.

શ્રોતાઃ-આત્માનો અનુભવ કર્યા વગર ઊર્ધ્વ-મોક્ષમાં કેવી રીતે જાય?

પૂજ્ય ગુરુદેવશ્રીઃ-સમયસારનો પક્ષ આવ્યો તેનો અર્થ જ એ છે કે તેને આત્માનો અનુભવ થયો. રાગ અને પર્યાયની બુદ્ધિ હતી તે પડખું છોડીને જે આત્માના પડખે ચડ્યો તે સમ્યગ્જ્ઞાનરૂપી ગગનમાં ઊડીને મોક્ષમાં ચાલ્યો જાય છે. પંખી આકાશમાં સહેજે સહેજે ઊડે છે તેને વચમાં પાણી, પર્વત, ઝાડ કે વંટોળિયા આદિ કાંઈ આડું આવતું નથી તેમ સમયસારના પક્ષરૂપી પાંખ જેને પ્રાપ્ત થઈ છે તેને મોક્ષના માર્ગે આગળ વધવામાં કોઈ વિઘ્ન આડા આવતાં નથી. અપાર જ્ઞાનગગનમાં તે આગળ વધી જાય છે અને જે સમયસારના વિપક્ષી છે તેઓ જગતની જ જાળમાં ફસાય છે-ચોરાશીના અવતારમાં રખડે છે.

દ્રવ્યે અને ભાવે જેને ૐકારનો પક્ષ આવ્યો છે, દ્રવ્યે એટલે શબ્દબ્રહ્મ અને ભાવે એટલે આત્માનો જેને પક્ષ થયો છે-અંતરથી ૐકાર આવ્યો છે-અંતરથી જાગ્યો છે તે જ્ઞાનગગનમાં ઊડે છે, તેની ગતિને કોઈ રોકી શકતું નથી અને એ રોકવા માટે નીકળ્યો પણ નથી. તે તો અનંત અપરિમિત જ્ઞાનગગનમાં આગળ આગળ ઊડતો જાય છે અને આ સમયસારનો જેને પક્ષ થયો નથી એટલે તેનું લક્ષ જેને થયું નથી-તેમાં જે દક્ષ નથી, તેને સમયસાર પ્રત્યક્ષ થતું નથી તેથી તે જગતની જંજાળમાં ફસાય છે.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



જેને હજી પોતાના ભવની શંકા હોય, હું ભવિ છું કે અભવિ તે ખબર ન હોય અને ભગવાન અને ભગવાનની વાણીની પરીક્ષા કરવા નીકળે તે પરીક્ષા કરી શકતો નથી, ભવરહિત ભગવાનને તે ઓળખી શકતો નથી અને ભગવાનના પક્ષે ચડ્યો છે તે તો પોતે જ્ઞાનગગનમાં ઊડીને કેવળજ્ઞાન પામી જાય છે. આ ગ્રંથ શુદ્ધ સુવર્ણ જેવો નિર્મળ છે. શ્રીમદ્ કહે છે ને, 'વચનામૃત વીતરાગના, પરમ શાંતરસ મૂળ....' દુનિયામાં ક્યાંય આ ચીજ નથી. વીતરાગની વાણી શુદ્ધ ચૈતન્યને બતાવનારી છે. તેને માટે કોઈ કહે કે આ વાણી ગૃહસ્થે ન વંચાય, સાધુને જ વંચાય માટે ગોપવી દ્યો.

અરે ભાઈ! આ ગોપવવાની ચીજ નથી. જે બહાર આવ્યું તે પાછું જાય નહિ માતાના પેટમાંથી પુત્ર આવ્યો તે પાછો જાય ખરો? આ તત્ત્વ બહાર આવ્યું તે તો લોકોને ન્યાલ કરી દે તેવું છે. આ તત્ત્વ સાંભળતા જેને રુચિ અને દૃષ્ટિ થઈ તે સંસારથી નીકળી ગયો સમજો....રાગમાંથી નીકળીને તે સ્વભાવમાં આવી ગયો.

સમયસારનો વિસ્તાર વિરાટ છે. વિરાટ એટલે કેટલો? કે લોકાલોક જેટલો જેનો વિસ્તાર છે. કૃષ્ણે અર્જુનને પોતાનું વિરાટ સ્વરૂપ બતાવ્યું હતું એમ ગીતામાં આવે છે તેમ આ સમયસારનો વિસ્તાર પણ વિરાટ છે. ગણધરદેવો પણ જેનો વિસ્તાર પૂરો કહી ન શક્યા એટલું આમાં તત્ત્વ ભરેલું છે. નાટક સુનત હિયે ફાટક ખુલત હૈ-આ સમયસારરૂપ નાટક જે સાંભળે છે તેના હૃદયરૂપી કપાટ ખુલી જાય છે. આડ તૂટીને વસ્તુસ્વરૂપ શું છે તે સમજાય જાય છે. સમજનારાને શું ન સમજાય? સમજનારો ન સમજે એમ બને નહિ. અહીં તો કહે છે સાંભળતા જ એના હૃદયના ફાટક ખુલી જાયછે.

હવે કવિ અનુભવનું વર્ણન કરે છે.

> कहौं सुद्ध निहचैकथा, कहौं सुद्ध विवहार।
> मुकतिपंथकारन कहौं, अनुभौकौ अधिकार।।१६।।

અનુભવના વર્ણનમાં અમે શુદ્ધ નિશ્ચયસ્વરૂપ પણ કહેશું અને સાથે વીતરાગ પરિણતિરૂપ વ્યવહાર કેવો હોય તે પણ કહેશું. અનુભવ એ જ મોક્ષપંથ છે તેનું વર્ણન અમે કરીશું.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

આહા....! સારમાં સાર વાત આ છે. લાખો વાતો સાંભળે અને વિચારે પણ કરવાનું તો એક જ છે-આનંદસ્વરૂપ આત્માનો અનુભવ. આ અનુભવથી જીવની મોક્ષની ધારા ચાલે છે. તેથી જ છઢાળામાં કહ્યું છે ને, 'લાખ બાતકી બાત યહી નિશ્ચય ઉર આણો....' કવિના વર્ણન તો જુઓ! એને આનંદની ખુશાલી ફાટી નીકળી છે. આહા....આ સમયસાર! આ વાણી! વીતરાગતાથી નીતરતું તત્ત્વ છે.

वस्तु विचारत ध्यावतैं, मन पावै विश्राम।
रस स्वादत सुख ऊपजै, अनुभौ याकौ नाम।।१७।।

ભગવાન આત્માના જ્ઞાનાનંદ સ્વરૂપને વિચારતાં અને તેનું ધ્યાન કરતાં-તેમાં એકાગ્ર થતાં મન છૂટી જાય છે-વિશ્રામ પામે છે. રાગ રહિત-વિકલ્પ રહિત, નિર્મળાનંદ શુદ્ધ ચૈતન્ય વસ્તુને ધ્યાવતા જે આત્મિકરસનો આસ્વાદ આવે-આનંદ પ્રાપ્ત થાય તેને અનુભવ કહેવામાં આવે છે.

નવતત્ત્વમાં આત્મતત્ત્વ કેવું છે તેની વાત ચાલે છે. નવમાં એક તો અજીવ છે અને આઠ પર્યાય છે. અખંડ અભેદ એકરૂપ આત્માનો અનુભવ કરતાં મન વિશ્રામ પામે છે અને ચિત્તમાં શાંતિ ઊપજે છે. એક તરફથી મન ઠરી જાય છે અને આમ ચિત્તમાં શાંતિ મળે છે તથા આત્મિકરસનો આસ્વાદ કરવાથી જે આનંદ મળે છે તેને જ અનુભવ કહે છે. આ અનુભવનું સમયસારમાં વર્ણન કર્યું છે.

ભગવાન આત્મા ચૈતન્યરસનું ધામ છે. તેની સન્મુખ થઈને તેનો અનુભવ કરવો એટલે આત્માના આનંદરસની પ્રાપ્તિ કરવી તેનું નામ ધર્મ છે, તેનું જ નામ અનુભવ છે, તેનું જ નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. બાકી વિશેષ જાણપણું હો, ન હો, દુનિયાને સમજાવતાં આવડે કે ન આવડે તેની સાથે કાંઈ સંબંધ નથી.

अनुभव चिंतामनि रतन, अनुभव है रसकूप।
अनुभव मारग मोखकौ, अनुभव मोख सरूप।।१८।।

અનુભવ રતન છે રતન! એ શાંતિરસનો મોટો સિંધુ છે, મુક્તિનો મારગ પણ અનુભવ છે અને અનુભવ જ મોક્ષસ્વરૂપ છે.

અનુભવ જ ખરું ચિંતામણિરત્ન છે. પદ્મનંદિમાં આવે છે કે ચિંતામણિરત્ન અને કલ્પવૃક્ષની વાતો સાંભળી છે પણ ક્યાંય જોયું નથી પણ અમારી પાસે તો

આ અનુભવરૂપી ચિંતામણિરત્ન છે. તેમાંથી અમને આનંદ મળે છે. શાંતિરસનો કૂવો પણ આ અનુભવ છે. મોક્ષનો મારગ પણ આ અનુભવ છે. શુભભાવ છે તે મોક્ષનો મારગ નથી. મોક્ષસ્વરૂપ પણ અનુભવ જ છે.

★ પ્રાપ્ય, વિકાર્ય ને નિર્વર્ત્ય એવું વ્યાપ્યલક્ષણવાળું પુદ્‌ગલદ્રવ્યના પરિણામસ્વરૂપ કર્મ એટલે કે ભક્તિ, પૂજા, દયા, દાન આદિના શુભ પરિણામો તેની આદિ-મધ્ય-અંતમાં પુદ્‌ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને પરિણમે છે, ગ્રહણ કરે છે ને ઊપજે છે. આહાહા! રાગાદિ પરિણામમાં પુદ્‌ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને રાગરૂપે પરિણમે છે, રાગને ગ્રહણ કરે છે, રાગરૂપે ઊપજે છે. જીવ એ રાગની આદિ-મધ્ય-અંતમાં વ્યાપક થઈને પરિણમતો નથી, ગ્રહણ કરતો નથી કે રાગરૂપે ઊપજતો નથી. કેમ કે જીવ તો એકલો જ્ઞાયકભાવ સ્વરૂપ છે, એ જ્ઞાયકભાવ દયા-દાન-ભક્તિ આદિ રાગરૂપ એવા પુદ્‌ગલકર્મને કેમ કરે? ભક્તિ -વિનય-વૈયાવ્રત આદિના ભાવની આદિ-મધ્ય-અંતમાં પુદ્‌ગલદ્રવ્ય વ્યાપક થઈને રાગને કરે છે. આહાહા! ત્રણલોકનો નાથ ચૈતન્યસ્વભાવ એ રાગાદિ પરિણામને કરતો નથી. જ્ઞાયક પ્રભુ એ રાગાદિ પરિણામમાં વ્યાપતો નથી. ચારિત્રમોહની નબળાઈથી પણ જીવ રાગાદિભાવને કરતો નથી-એમ અહીં એકલા દ્રવ્યસ્વભાવને સિદ્ધ કરવો છે. અરે પ્રભુ! ક્યાં તારી મહાનતા ને ક્યાં વિભાવની તુચ્છતા? તુચ્છ એવા વિભાવભાવ તારાથી કેમ થાય? તું તો જાણનસ્વભાવી છો. તારાથી વિકાર કેમ થાય? આહાહા! દ્રવ્યદૃષ્ટિના સમયસારના કથનો અલૌકિક છે.

*-પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ*

# ચિંતામણિરત્ન : અનુભવ

(સળંગ પ્રવચન નં. ૬)

આ, શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ચાલે છે. ૧૬મા શ્લોકથી અનુભવનો અધિકાર શરૂ થયો છે. બીજી અનેક વાત તો બનારસીદાસજી કહેશે, પણ આ આત્માના આનંદનો અનુભવ તે ધર્મ છે અને એ અનુભવ કેમ પ્રાપ્ત થાય તે માટે અનુભવનો અધિકાર પણ અહીં કહ્યો છે. બનારસીદાસજી કહે છે કે, શુદ્ધ નિશ્ચયનય, શુદ્ધ વ્યવહારનય અને મોક્ષમાર્ગમાં કારણભૂત આત્માનુભવની ચર્ચાનું હું વર્ણન કરું છું.

वस्तु विचारत ध्यावतैं, मन पावै विश्राम।
रस स्वादत सुख ऊपजै, अनुभौ याकौ नाम।।१७।।

આત્મપદાર્થનો વિચાર અને ધ્યાન કરવાથી ચિત્તને જે શાંતિ મળે છે તથા આત્મિકરસનો આસ્વાદ કરવાથી જે આનંદ મળે છે તેને જ અનુભવ કહે છે. આ અનુભવની વ્યાખ્યા થઈ.

આખો અનુભવનો અધિકાર કહેવો છે ને! સારમાં સાર વાત આ છે. શુદ્ધ ચૈતન્યમૂર્તિ આત્માનો વિચાર અને ધ્યાન કરતાં મનને શાંતિ મળે છે અને તેનો રસ ચાખવો એટલે શુદ્ધ ચૈતન્યને અનુસરીને આનંદનો સ્વાદ લેવો તેનું નામ અનુભવ છે.

અમે નાના હતા ત્યારે બાજુવાળા મામા ગાતા તે અમે સાંભળતાં-'અનુભવીને એટલું રે, આનંદમાં રહેવું રે, ભજવા પરિબ્રહ્મને, બીજું કાંઈ ન કહેવું રે....'

અહીં કહે છે કે, આત્મા શક્તિના સત્ત્વ તત્ત્વસ્વરૂપે પરમાત્મસ્વરૂપ જ છે, સત્ ચિદાનંદસ્વરૂપ છે. સત્ નામ શાશ્વત જ્ઞાન અને આનંદસ્વરૂપ વસ્તુને અનુસરીને આનંદના વેદનમાં આવવું તેનું નામ અનુભવ છે.

अनुभव चिंतामनि रतन, अनुभव है रसकूप।
अनुभव मारग मोखकौ, अनुभव मोख सरूप।।१८।।

પુણ્ય-પાપથી રહિત સત્ચિદાનંદ ચૈતન્યસ્વરૂપ આત્માને અનુસરીને આનંદનું વેદન -અનુભવ કરવો તે ચિંતામણિરતન છે; બાકી તો બધાં ધૂળના રતન છે. કરવાનું

હોય તો આ એક કરવાનું છે.

ચિંતામણિ એટલે એક એવો પથ્થર થાય છે કે જે દેવ-અધિષ્ઠિત હોય છે, પુણ્યને કારણે જેની પાસે તે પથ્થર હોય તે જે ચિંતવે તે વસ્તુ તેને પ્રાપ્ત થાય છે. એ તો જડ છે. અહીં કહે છે કે આ આત્મા પોતાના જ્ઞાન, આનંદ આદિથી ભરેલું તત્ત્વ છે તેનો અનુભવ કરવો તે ચિંતામણિરત્ન છે. પુણ્ય-પાપથી રહિત પોતાની ચીજનો અનુભવ કરવો તે ચિંતામણિરતન છે.

કરોડપતિ અને અબજપતિ શેઠિયા કહેવાય છે તે બધાં પથ્થરના ભિખારી છે, તેને પૈસાવાળા કહીને બધાં મલાવે; પણ એ કહેનારા તો પાગલ છે. જ્ઞાન-આનંદ આદિ સ્વરૂપનું અનુભવમાં આવવું તે ચિંતામણિરતન છે.

**अनुभव है रसकूप**-ભગવાન આત્મા શાંતિનો સાગર છે. અવિકારી નિર્દોષ શાંત રસનો સાગર છે. તેનો અનુભવ એ રસનો કૂવો છે. જેના સ્વભાવનો કોઈ પાર નથી, અપરિમિત છે, બેહદ છે એવી અપાર શાંતિનો સાગર ભગવાન આત્મા પોતે છે અને તેનો અનુભવ તે શાંતરસનો કૂવો છે.

**अनुभव मारग मोखकौ**-અનુભવ તે મોક્ષનો મારગ છે. જુઓ! આ સીધી વાત લખી છે કે, અનુભવ એ મોક્ષનો મારગ છે. લોકો નકામી તકરાર લઈને બેસે છે કે વ્યવહારથી નિશ્ચય થાય, શુભરાગથી ધર્મ થાય. અરે! દયા, દાન, વ્રત, ભક્તિ આદિ શુભરાગ તો વૃત્તિના ઉત્થાન છે, એ ધર્મ કેવો! અનુભવ જ ધર્મ છે, એ એક જ મોક્ષનો મારગ છે, મોક્ષના મારગ બે નથી એમ કહે છે.

અખંડ આનંદ સ્વરૂપ આત્માની અભેદ, નિર્વિકલ્પ, વીતરાગ સમ્યક્ દૃષ્ટિ, નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાન અને સ્વરૂપમાં સ્થિરતારૂપ આનંદનું ભોજન તે મોક્ષનો મારગ છે.

શ્રોતાઃ-તેમાં વ્યવહાર સાધન તરીકે તો છે ને!

પૂજ્ય ગુરુદેવઃ-અનુભવરૂપ ધર્મનું સાધન પણ અંદર છે. બહારમાં કોઈ વ્યવહાર સાધન નથી. સ્વરૂપનું સાધન કરે ત્યારે બહારમાં જે રાગની મંદતા હોય તેને ઉપચારથી, નિમિત્ત તરીકે બાહ્ય સાધન કહેવાય છે. વાસ્તવિક દૃષ્ટિએ કોઈ વ્યવહાર સાધન નથી. જે નથી તેને કહેવું તેનું જ નામ વ્યવહાર છે.

શું થાય! જગતને સત્ય મળતું નથી એટલે ધર્મના નામે પણ ઊંધા રસ્તે ચાલ્યા જાય છે. તેમાં આત્મા ક્યાંયથી હાથમાં આવતો નથી.

અહીં તો સીધી અને સરળ વાત છે કે આત્મા પોતે પૂર્ણાનંદ-સ્વરૂપ છે તેની પર્યાયમાં પૂર્ણ-આનંદની પ્રાપ્તિ થવી તે મોક્ષ છે અને આનંદનું અંશે વેદન થવું તે અનુભવરૂપ મોક્ષનો માર્ગ છે. સીધી વાત છે પણ જીવ બહારમાં એવો ગૂંચવાઈ ગયો છે, એટલી પરાશ્રિતબુદ્ધિ થઈ ગઈ છે કે આ સ્વાશ્રિત અનુભવની વાતની હા પાડવામાં પણ એને પરસેવો ઊતરે છે!

**अनुभव मोक्षस्वरूप**-જેવો વસ્તુનો પૂર્ણસ્વભાવ છે તેવો દશામાં તેનો પૂર્ણ અનુભવ થવો તેનું જ નામ મોક્ષ છે. મુક્તિના કારણરૂપ એવા અનુભવનો આખો અધિકાર વર્ણવવો છે ને! અબંધસ્વભાવી ભગવાન આત્માના આશ્રયે પર્યાયમાં જે અબંધદશા પ્રગટ થાય તે મોક્ષનો મારગ છે-તે અનુભવ છે અને તેની પર્યાયમાં પૂર્ણતા થઈ જવી તેનું નામ મોક્ષ છે.

અરે, એના નિજઘરના રસ્તા હાથ ન આવે તો બહારથી માથા પછાડીને મરી જાય, કાય-કલેશાદિ કરે તોપણ વસ્તુ હાથ આવે તેમ નથી.

હવે ૧૯મા શ્લોકમાં અનુભવને જુદી જુદી ઉપમા આપે છેઃ-

**अनुभौके रसकौं रसायन कहत जग,**
**अनुभौ अभ्यास यहु तीरथकी ठौर है।**
**अनुभौकी जो रसा कहावै सोई पोरसा सु,**
**अनुभौ अधोरसासौं ऊरधकी दौर है।।**
**अनुभौकी केलि यहै कामधेनु चित्रावेलि,**
**अनुभौको स्वाद पंच अमृतकौ कौर है।**
**अनुभौ करम तोरै परमसौं प्रीति जौरै,**
**अनुभौ समान न धरम कौऊ और है।।१९।।**

જેમ વનસ્પતિના જે રસથી લોઢું સોનું થઈ જાય તેને રસાયણ કહે છે તેમ મિથ્યાત્વને તોડીને આનંદ પ્રાપ્ત કરાવે છે એવા અનુભવને જગતના જ્ઞાનીઓ રસાયણ કહે છે.

જ્ઞાનાર્ણવના રચયિતા શુભચંદ્ર આચાર્યદેવના ભાઈ અન્યમતીના સાધુ થઈ ગયેલાં. તેણે તપ કરીને લોઢામાંથી સોનું બનાવવાનું આવું રસાયણ પ્રાપ્ત કર્યું અને તેને કિંમતી જાણી પોતાના ભાઈ શુભચંદ્રાચાર્યને મોકલ્યું. આચાર્ય તો એ ઢોળી નાંખે છે અને ભાઈને ઠપકો આપે છે કે અરે, ભિખારી! શું આ રસાયણ માટે તે રાજ છોડ્યું હતું? રસાયણ જ જોઈતું હતું તો રાજમાં જ રહેવું હતું ને! આપણે તો ચૈતન્યનું રસાયણ લેવા માટે રાજ્ય છોડ્યું હતું. એમ કહીને પથ્થરની શિલા ઉપર પેશાબ કર્યો તો શિલા સોનાની થઈ ગઈ તે બતાવીને કહે છે કે અહીં તો પેશાબ રસાયણનું કામ કરે છે પણ તેને શું કરે? આત્માના અનુભવના રસાયણ પાસે તેની શું કિંમત છે?

રસાયણ તો તેને કહેવાય કે જેનાથી ક્ષણમાં મિથ્યાત્વનો નાશ થઈને આત્મા જાગૃત થાય, સાક્ષાત્કાર થાય, તેનું નામ અનુભવ-રસાયણ છે. જ્ઞાનીઓ આ અનુભવને રસાયણ કહે છે જ્યારે મૂઢ અજ્ઞાની લોઢાને સોનું બનાવે તેને રસાયણ કહે છે પણ એ તો બંને ધૂળ છે-લોઢું અને સોનું બંને જડ છે, તેનાથી આત્માને લાભ શું થાય?

આત્મા જ પવિત્ર તીર્થભૂમિ છે. જેણે એ પવિત્રધામનો અનુભવ કરી પ્રવેશ કર્યો તે તીર્થના ધામમાં છે. પવિત્ર ભૂમિમાં પેઠો, તે પોતે પવિત્ર થઈને ત્યાં જ ઠરી ગયો છે. તેણે ખરી તીર્થયાત્રા કરી છે. સમ્મેદશિખર જાય કે શેત્રુંજય જાય પણ તે ખરી યાત્રા નથી. લોકો ગંગાસ્નાનથી પવિત્રતા માને પણ ગંગામાં તો ઘણાં માછલાં ન્હાય છે તો શું પવિત્ર થઈ ગયા?

તરવાના ઉપાયનું સાધન એવો જે ભગવાન સચ્ચિદાનંદ સ્વરૂપ આત્મા તેમાં જેણે પ્રવેશ કર્યો તેણે પવિત્ર તીર્થભૂમિમાં પ્રવેશ કર્યો છે. જુઓ! યાત્રાના શુભ ભાવને યાત્રા કહી નથી. અશુભથી બચવા યાત્રાનો ભાવ આવે એની ના નથી. પણ એ વસ્તુનું સ્વરૂપ નથી. આત્માના તીર્થમાં પ્રવેશ કર્યો તે તો તરી ગયો. તેણે અનુભવમાં પવિત્રતા પ્રગટ કરી; તે તીર્થમાં ઠરી જાય છે. આવી તીર્થયાત્રા તો પશુ પણ કરી શકે છે, તો મનુષ્ય ગૃહસ્થાશ્રમમાં રહેલો હોય તે ન કરી શકે એ વાત ક્યાં રહી?

**અનુભૌકી જો રસા**-રસા એટલે ભૂમિ; નિર્વિકલ્પ શુદ્ધ ચૈતન્ય રસકંદ આત્માની

www.vitragvani.com



સન્મુખનો જે અનુભવ તે એવી ભૂમિ છે કે જેમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, ઇચ્છાનિરોધ આદિ ઊંચી વસ્તુઓ પાકે છે.

કેટલીક ભૂમિ એવી હોય કે જેમાં ચોખા પાકે, કોઈમાં કળથી પાકે, તેમ આ અનુભવની ભૂમિ એવી છે કે જેમાં અનંત જ્ઞાન, અનંત આનંદ આદિ ઊંચી ચીજ જ પાકે છે. પછી તે અનુભવ કરનારને સ્ત્રીનું શરીર હોય, દેડકાનું શરીર હોય, નારકીનું શરીર હોય કે દેવનું હોય પણ તેનાં અનુભવરસમાં આનંદ, શાંતિ, પ્રભુતા, સ્વચ્છતા, પવિત્રતાના પાક પાકે છે.

**अनुभव अधोरसासौं ऊधरकी दौर है।** નીચલી ભૂમિકાથી ઉપર લઈ જાય, નરકમાંથી ઊંચો લાવીને મોક્ષમાં લઈ જાય એવો આ અનુભવ છે. નરકની અંદર પણ અનુભવ કરનારા નારકી જીવો છે. સમ્યક્ અનુભવ અને અનુભવની શાંતિ નરકમાં પણ થઈ શકે છે. અહો, આ આત્મા! અદ્ભુત....અદ્ભુત, વિસ્મય...વિસ્મય એવું આત્માનું ભાન થતાં નરકના જીવો પણ ત્યાંથી ઊંચે આવીને મનુષ્ય થઈને મોક્ષમાં જાય છે. એવું આ અનુભવનું ફળ છે.

શ્રેણિકરાજા ૮૪૦૦૦ વર્ષ નરકમાં રહીને, ત્યાંથી નીકળી તીર્થંકર થઈ મોક્ષ જવાના છે : એ આ અનુભવરસના ફળ પાકવાના છે. પુણ્યના પરિણામ તીર્થંકરગોત્રને યોગ્ય થયા હતાં તેના ફળમાં સમોસરણ આદિ વૈભવ થશે પણ કેવળજ્ઞાન તો આ અનુભવના ફળમાં થવાનું છે.

અંદરમાં આત્મા પરમેશ્વરસ્વરૂપે બિરાજમાન છે ને! શુદ્ધ આનંદ અને શુદ્ધ જ્ઞાનનો દરિયો....ચૈતન્યરત્નાકર....ચૈતન્યનો સ્વંયભૂરમણ સમુદ્ર છે, તેમાં દર્શન, જ્ઞાન, શાંતિ આદિ રત્નો પાકે છે. એ અનુભવ જ જીવને ઊંચે લઈ જાય છે.

**अनुभौकी केलि यहै कामधेनु चित्रावेलि।** કામધેનુ ગાય જ્યારે જોઈએ ત્યારે દૂધ આપે છે, ઇચ્છો ત્યારે દૂધ આપે છે. તેમ આ અનુભવ પણ આનંદની દેનારી કામધેનુ છે, આનંદનું દુઝાણું ઘરે પાક્યું છે. ચિત્રાવેલિ એટલે એ જાતની વનસ્પતિ કે તેમાંથી જે જોઈએ તે મળે તેમ અનુભવ એ આનંદની ચિત્રાવેલિ છે.

પદ્મનંદીમાં મુનિરાજ કહે છે કે કામધેનુ, ચિત્રાવેલિ આદિ કહેવાય છે તે તો અમે જોઈ નથી પણ આ અનુભવરૂપ કામધેનુ તો અમે જોઈ છે, અતીન્દ્રિય



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

આનંદનો અનુભવ એ ચિત્રાવેલિ અને કામધેનુ છે. એક 'કામકુંભ' થાય છે તેમાંથી પણ જે કાઢો તે નીકળ્યા કરે. લાખો માણસ જમી લે તોપણ તેમાંથી દૂધપાક ખૂટે નહિ. પણ એ તો જડ-ધૂળ છે. અનુભવ તો એવો કામકુંભ છે કે આત્મામાંથી અતીન્દ્રિય આનંદનો રસ કાઢ્યાં કરે....કાઢ્યાં જ કરે....ખૂટે જ નહિ.

પણ એણે આત્માના ગાણા કોઈ'દિ સાંભળ્યા નથી. અમુક ચીજ બહુ ઊંચી આ બહુ ઊંચી-એમ કહે છે, પણ એલા! એ ચીજ ઊંચી કે તેનો જાણનાર ઊંચો? જાણનારને જાણ્યો નહિ અને બીજી માથાફોડીના પાર નહિ.

**अनुभौ स्वाद पंच अमृतको कौर है।** અનુભવ એ તો પાંચ પ્રકારના અમૃતનું ભોજન છે. આનું નામ કવિ કહેવાય કે જે આત્માના ગાણા ગાય છે. શરીરના ગાણા ગાય તે કવિ નથી. શરીર તો રૂપાળું દેખાતું હોય પણ જ્યાં બે દિવસ ખોરાક ન ખાય ત્યાં તો એ ધાનનું ઢિંગલુ કરમાય જાય છે, તેના વળી ગાણા શું ગાવા! શરીર તો સડે તો અંદર ઈયળો પડે છે. કેમ કે એ તો માટી છે ને! હાડ-માંસનું પીંજરું છે.

અનુભવ એ પંચામૃત ભોજન છે. લગનમાં પંચોળાને જમવા બેસાડે છે ને! તેમાં ઊંચી ઊંચી ચીજ જમવામાં આપે, બધાં જાનૈયાને એવું ન મળે. તેમ જે પંચ-પરમેષ્ઠીની સાથે જમવા બેઠો, તેને પંચામૃત મળે છે! આહાહાહા! આત્માના આનંદ પાસે પાંચ ઈન્દ્રિયના વિષયો-ઈન્દ્રના ઈન્દ્રાસનો પણ સડેલાં મીંદડા ને કૂતરાંના કલેવર જેવા લાગે છે. ચિદાનંદના સ્વાદ આગળ બધું ધૂળ....ધૂળ ને ધૂળ છે.

આવા આત્માની એને ખબર ન મળે અને કહે કે આત્મા છે....છે; પણ કેવો છે આત્મા! એને ઓળખ તો ખરો. આત્માના આનંદનો રસ ચાખ તો એ તો પંચામૃતના ભોજન છે. આવું વીતરાગનું તત્ત્વ સાંભળ્યું નહિ અને ક્રિયા કરીને મરી ગયા છે.

**अनुभौ करम तोरै** ભગવાન આનંદકંદ શુદ્ધ ચૈતન્યના અનુભવથી કર્મની નિર્જરા થાય છે. ઉપવાસ કરવાથી કર્મની નિર્જરા થતી નથી. ઉપવાસ કરે છે એ તો લાંઘણ છે. અનુભવ જ કર્મોને તોડે છે. થોડા અનુભવથી થોડી નિર્જરા થાય છે અને પૂર્ણ અનુભવથી પૂરી નિર્જરા થાય છે.

જુઓ! આ થોડાં શબ્દોમાં કેટલું મૂકી દીધું છે! **परमसौं प्रीति जौरै।** પરમ એટલે પોતાનું અવિનાશી આનંદકંદ ધ્રુવ પરમાત્મસ્વરૂપ. અનુભવથી પરમાત્મસ્વરૂપ સાથે પ્રીતિ થાય છે અને રાગ તથા પુણ્ય-પાપની પ્રીતિ ઊડી જાય છે.

સ્વચૈતન્યપ્રભુ અપરિમિત આનંદ જ્ઞાન અને શાંતિનો સાગર છે તેનો આશ્રય કરવો, અનુભવ કરવો-વેદન કરવું તે કર્મ તૂટવાનું કારણ છે. વ્રત, તપ, ઉપવાસ આદિ ક્રિયા એ કર્મ તોડવાનું કારણ નથી.

**अनुभौ समान न धरम कोऊ और है।** અનુભવ સમાન બીજો કોઈ ધર્મ નથી અખંડાનંદ સ્વરૂપનો અનુભવ કરવો તે જ ધર્મ છે. કાલે આવ્યું હતું ને! અનુભવ ધર્મની જય હો.

પ્રભુ! તું કોણ છો? શું તું રાગવાળો, પુણ્યવાળો અને વિકલ્પવાળો છો? એ તારું સ્વરૂપ છે? એ તો બધી જડ પરવસ્તુ છે. તું આનંદવાળો, જ્ઞાનવાળો, શાંતિવાળો, સહજાત્મસ્વરૂપનો પિંડ છો, તેનો અનુભવ કર તો સ્વરૂપની પ્રીતિ થશે અને કર્મો તૂટી જશે. બાકી કોઈ ક્રિયાકાંડથી આત્મામાં એકાકાર થવાતું નથી કે કર્મોની નિર્જરા થતી નથી.

જીવ અને અન્ય છ દ્રવ્યોનું હવે વિવેચન કરવામાં આવે છે.

**चेतनवन्त अनन्त गुन, परजै सकति अनन्त।**
**अलख अखंडित सर्वगत, जीव दरव विरतंत।।२०।।**

જીવ કોને કહેવો? દેહમાં બિરાજમાન ચૈતન્યતત્ત્વ કેવું છે? તે બતાવે છે. ભગવાન આત્મા ચૈતન્યરૂપ છે, અનંત ગુણ, અનંત પર્યાય અને અનંત શક્તિ સહિત છે. આત્માને જડરૂપ નથી માટે તે સ્પર્શ, રસ, ગંધવાળો નથી. જીવ પોતે એકરૂપ છે પણ તેની જ્ઞાન, દર્શન, આનંદ, સુખ, વીર્ય, પ્રભુતા આદિ અનંત શક્તિઓ છે. તે ત્રિકાળી ગુણ છે અને એક એક ગુણમાં અનંતી શક્તિ-સામર્થ્ય છે. ચિદ્‌વિલાસમાં આ વાત લીધી છે. જીવદ્રવ્ય આવો અનંત ગુણમય છે એવો જાણ્યા વગર તેનો અનુભવ થતો નથી.

એક જીવદ્રવ્યમાં અનંત ગુણ છે અને એક એક ગુણની અનંત પર્યાય છે અને અનંતી શક્તિ છે. પર્યાય તો એક અંશ છે પણ તે ગુણની શક્તિનું સામર્થ્ય

અનંત છે. અહીં તો દશ-વીશ લાખ થાય ત્યાં જાણે હું કાંઈક મોટો થઈ ગયો એમ લાગે છે. પણ ભાઈ! એ પૈસો તારો નથી; તારી અનંત શક્તિ તે તારો વૈભવ છે.

અજ્ઞાની જીવને શરીરમાં કેન્સર આદિ રોગ થાય તેની દરકાર છે. 'અરે, મને કેન્સર થઈ ગયું!'-તેનો ભય છે, પણ આત્માને આ શરીર હું છું, રાગ હું છું એ કેન્સર અને ક્ષય લાગુ પડ્યો છે તેની દરકાર નથી, તેનો ભય નથી, કેમ કે પોતાની જાતને ભૂલીને કજાતને પોતાની માની છે ને! પણ તેમાં ક્ષણે ક્ષણે એનું મૃત્યુ થાય છે તેનું તેને ભાન નથી. જાગતી જીવતી ચૈતન્યજ્યોત, જે અનંત જ્ઞાન, આનંદ અને શાંતિનો સાગર છે, તેને નહિ કબૂલતા, તેની સામે નહિ જોતા, કૃત્રિમ રાગાદિની સામે જોતાં તેનું માન વધી જાય છે અને આત્માનું માન ઘટી જાય છે. સમજાણું કાંઈ! વ્યવહારથી નિશ્ચય થાય છે એમ માનનારે વ્યવહારને માન આપ્યું છે. હે રાગ! તારાથી મને લાભ છે એમ રાગને માન દેનારે જાગતી જીવતી ચૈતન્યજ્યોતનું અપમાન કર્યું છે. અનંત ગુણના સાગરનું અપમાન કર્યું છે.

જીવદ્રવ્ય અનંતગુણ અને શક્તિવાળો છે એમ કહ્યું. હવે કહે છે જીવદ્રવ્ય અલખ છે, અલખ એટલે તે ઇન્દ્રિયોથી જણાય તેવો નથી. અતીન્દ્રિયસ્વરૂપ ભગવાન છે. અખંડિત છે, તેમાં ખંડ-ખંડ નથી. વળી સર્વગત છે એટલે સર્વને જાણનારો છે. સર્વમાં વ્યાપ્યા વગર, પોતામાં રહીને ત્રણકાળ અને ત્રણલોકને જાણનારો છે. જ્ઞાનની અપેક્ષાએ તેનો વિસ્તાર સર્વવ્યાપી છે એટલે જગતમાં પોતે વ્યાપી જતો નથી પણ પોતે પોતામાં રહીને આખા જગતને જાણી લે છે.

ભગવાને જીવદ્રવ્યનું આવું સ્વરૂપ કહ્યું છે તે અહીં વર્ણવ્યું, હવે પુદ્‌ગલદ્રવ્યનું સ્વરૂપ વર્ણવે છે.

> फरस-वरन-रस-गंधमय, नरद-पास संठान।
> अनुरूपी पुद्‌गल दरव, नभ-प्रदेश-परवान।।२१।।

પુદ્‌ગલદ્રવ્ય પરમાણુરૂપ છે. પરમ+અણુ=પરમાણુ. સૌથી નાનામાં નાનો અણુ છે તે પરમાણુ છે, તે જ પુદ્‌ગલદ્રવ્ય છે. આ શરીર આદિ દેખાય છે તે તો પરમાણુના પિંડ-સ્કંધ છે. પરમાણુ આકાશના એક પ્રદેશ જેવડો હોય છે. ચોસલા

www.vitragvani.com



જેવો તેનો આકાર હોય છે એટલે કે છ પાસાદાર જેવો ચોરસ-બરફીના ચોસલા જેવો હોય છે. ભગવાન સર્વજ્ઞદેવે પુદ્‌ગલનું આવું સ્વરૂપ પ્રત્યક્ષ જોયું છે.

આત્મા અરૂપી ચિદાનંદ ભગવાન છે અને પુદ્‌ગલ તો સ્પર્શ, રસ, ગંધવાળું છે. ઠંડો, ગરમ, લૂખો, ચીકણો આદિ આઠ પ્રકારનો તેનો સ્પર્શ હોય છે. કાળો, લાલ, પીળો આદિ તેનામાં રંગ હોય છે. ખાટો, મીઠો, કડવો આદિ રસ હોય છે. પરમાણુ આવા સ્પર્શ, રસ, ગંધમય હોય છે. ગુણીથી ગુણ જુદાં હોતા નથી. જેમ સાકરથી તેની મીઠાશ અને સફેદાઈ જુદી નથી હોતી, અભેદ હોય છે, તેમ પરમાણુમાં રંગ, ગંધ, સ્પર્શ આદિ ગુણો અભેદ છે. આમ, સ્પર્શ, રસ, ગંધ અને વર્ણમય પરમાણુને પુદ્‌ગલદ્રવ્ય કહેવાય છે.

★ નિશ્ચયદૃષ્ટિથી દરેક જીવ પરમાત્મસ્વરૂપ જ છે, જિનવર ને જીવમાં ફેર નથી. ભલે તે એકન્દ્રિયનો જીવ હોય કે સ્વર્ગનો જીવ હોય, એ બધું તો પર્યાયમાં છે, વસ્તુ સ્વરૂપે તો પરમાત્મા જ છે. પર્યાય ઉપરથી જેની દૃષ્ટિ ખસીને સ્વરૂપ ઉપર દૃષ્ટિ થઈ છે એ તો પોતાને પણ પરમાત્મસ્વરૂપ દેખે છે ને દરેક જીવને પણ પરમાત્મસ્વરૂપ દેખે છે. સમ્યગ્દૃષ્ટિ બધા જીવોને જિનવર જાણે છે અને જિનવરને જીવ જાણે છે. અહા! કેટલી વિશાળ દૃષ્ટિ! અરે, આ વાત બેસે તો કલ્યાણ થઈ જાય, પણ આવી કબૂલાતને રોકનારા મિથ્યા-માન્યતારૂપી ગઢના પાર ન મળે! અહીં તો કહે છે કે ૧૨ અંગનો સાર એ છે કે જિનવર સમાન આત્માને દૃષ્ટિમાં લેવો, કેમ કે આત્માનું સ્વરૂપ પરમાત્મસ્વરૂપ જ છે.

*-પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

# સર્વ દ્રવ્યોમાં સદા ઊર્ધ્વ રહેતું જીવતત્ત્વ

(સળંગ પ્રવચન નં. ૭)

શ્રી નાટક સમયસાર શાસ્ત્ર છે. ભૂમિકા ચાલે છે. તેમાં આ જીવદ્રવ્યનું સ્વરૂપ કાલે આવ્યું હતું ને!

चेतनवन्त अनन्त गुन, परजै सकति अनन्त।
अलख अखंडित सर्वगत, जीव दरव विरतंत।।२०।।

આત્માનું નિજસ્વરૂપ ચૈતન્યરૂપ છે, તેમાં જાણવું, દેખવું આદિ અનંત ગુણ છે, તેમાં અનંત પર્યાય છે એટલે કે દ્રવ્ય પરિણમ્યા કરે છે, ફૂટસ્થ નથી, વસ્તુ તરીકે કાયમ રહીને દશા બદલાયા કરે છે. અધર્મ ટળીને ધર્મ થાય, દુઃખ ટળીને સુખ થાય એ બધું પર્યાયમાં થાય છે. આવી પર્યાય પણ એકે એક ગુણમાં અનંત પર્યાય છે અને શક્તિ પણ અનંત છે. જેનો જે સ્વભાવ છે તેની શક્તિનું શું કહેવું?

अलख-આત્મા ઈન્દ્રિયોથી જણાય તેવો નથી. અતીન્દ્રિય મહાપદાર્થ છે. તે અતીન્દ્રિયજ્ઞાન વડે જ જણાય તેવો છે. શરીર, ઈન્દ્રિય, મન, વિકલ્પ કે રાગ દ્વારા અનુભવમાં આવે એવો એ પદાર્થ નથી.

अखंडित-આત્મામાં અનંત ગુણો હોવા છતાં તેમાં ભેદ નથી. વસ્તુ તરીકે આત્મા અખંડ એક વસ્તુ છે. सर्वगत છે એટલે કે એક સમયમાં આખા લોકાલોકને જાણવાના સ્વભાવવાળુ આ જીવદ્રવ્ય છે. આ જીવદ્રવ્યનો રાગરહિત થઈને અંતર અનુભવ કરવો તેનું નામ ધર્મ છે. જીવદયા પાળવી કે વ્રતાદિ લેવા તે ધર્મનું સ્વરૂપ નથી.

फरस-वरन-रस-गंधमय, नरद-पास संठान।
अनुरूपी पुद्गल दरव, नभ-प्रदेश-परवान।।२१।।

જેમ આ જીવ પદાર્થ છે તેમ પુદ્ગલ પણ પદાર્થ છે. તે જીવથી જુદી ચીજ છે. જુદી છે માટે તેનાથી જુદું પડવાનું છે. શરીર, વાણી, મન, મકાન, લક્ષ્મી આદિ પુદ્ગલ છે. તેમાં સ્પર્શ, રસ, ગંધ અને આકાર આદિ ગુણો હોય

www.vitragvani.com



છે. છ પાસાવાળા ચોપાટ જેવો એક એક પુદ્‌ગલ પરમાણુનો આકાર હોય છે અને જેવો પરમાણુનો આકાર છે તેવો જ એક એક પ્રદેશનો આકાર છે. આ બધી સર્વજ્ઞથી સિદ્ધ થયેલી વાત છે. કલ્પના નથી. જગતના પદાર્થોનો આવો સ્વભાવ છે તે સર્વજ્ઞના એક સમયના જ્ઞાનમાં આવ્યો છે અને ઇચ્છા વિના નીકળતી સર્વજ્ઞ ભગવાનની ૐધ્વનિમાં આ સ્વરૂપ જગત સામે જાહેર થયું છે.

ચૌદ બ્રહ્માંડમાં એક ધર્મ નામનું દ્રવ્ય છે જે ગતિ કરતા જીવ અને પુદ્‌ગલોને ગતિમાં નિમિત્ત બને છે. આ પણ અરૂપી એક વસ્તુ છે.

जैसैं सलिल समूहमैं, करै मीन गति-कर्म।
तैसैं पुद्‌गल जीवकौं, चलनसहाई धर्म।।२२।।

જેમ પાણીમાં માછલી પોતાનું ગતિનું કાર્ય કરે છે તેમાં તેને પાણી નિમિત્ત છે તેમ, જીવ અને પુદ્‌ગલ ગતિ કરે છે તેમાં ધર્મદ્રવ્ય નિમિત્તકારણ છે. જીવ, પુદ્‌ગલ પોતાના ઉપાદાનથી ગતિ કરે છે ત્યારે ધર્મદ્રવ્ય નિમિત્તકારણ થાય છે. પાણી માછલીને ચલાવતું નથી પણ માછલી પોતે ચાલે ત્યારે તેમાં પાણી નિમિત્ત કહેવાય છે તેમ, ધર્મદ્રવ્ય જીવ-પુદ્‌ગલને ચલાવતું નથી પણ એ પોતાની મેળે ગતિ-કર્મ કરે ત્યારે ધર્મદ્રવ્યને ઉદાસીન નિમિત્ત કહેવાય છે, પ્રેરક નિમિત્ત નથી.

જીવ-પુદ્‌ગલને ગતિ કરવામાં ધર્મદ્રવ્યને સહકારીકારણ કહ્યું છે એટલે કે સાથે છે પણ તેનો અર્થ એવો નથી કે તે ગતિ કરાવી દે છે. માછલી ગતિ કરે ત્યારે પાણી ત્યાં હોય છે. પાણી માછલીને ગતિ કરાવી દેતું નથી. તેમ ધર્મદ્રવ્ય આખા લોકમાં વ્યાપેલું છે તે જીવ-પુદ્‌ગલને ગતિ સમયે હાજર છે પણ ગતિ કરાવી દેતું નથી. બે દ્રવ્યની સ્વતંત્રતા તો પ્રસિદ્ધ છે પણ લોકોને ખબર નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાર્ય કરી ન શકે. માત્ર સહકારી તરીકે સાથે હોય છે.

હવે અધર્મદ્રવ્યનું લક્ષણ કહે છે.

ज्यौ पंथी ग्रीषमसमै बैठे छायामांहि।
त्यौं अधर्मकी भूमिमैं, जड़ चेतन ठहराँहि।।२३।।

ચૈત્ર માસના તડકામાં મુસાફર રસ્તે ચાલ્યો જતો હોય તે વૃક્ષની છાયા આવતાં ત્યાં બેસી જાય છે. છાયો તેને બેસવાનું કહેતો નથી પણ પંથી પોતે બેસે છે.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



તેમ જડ-ચૈતન્યને અધર્માસ્તિકાય સ્થિર કરી દેતું નથી. પણ જડ-ચૈતન્ય પોતે કર્તા થઈને ગતિપૂર્વક સ્થિતિ કરે છે ત્યારે અધર્માસ્તિકાયને નિમિત્તકારણ-સહકારીકારણ-ઉપસ્થિત દ્રવ્ય અથવા ઉદાસીનકારણ કહેવાય છે.

શબ્દ જોયો? **बैठे छायामांहि।** છાયો મુસાફરને કહેતો નથી કે તું બેસ! પણ મુસાફર છાયામાં બેસે ત્યારે છાયાને નિમિત્ત કહેવાય છે. તેમ જડ, ચૈતન્ય ઠરે (સ્થિર થાય) ત્યારે અધર્માસ્તિકાયને નિમિત્ત કહેવાય છે.

જેમ જડ અને ચૈતન્ય દ્રવ્ય છે તેમ આકાશ પણ એક દ્રવ્ય છે જે અરૂપી સર્વવ્યાપક પદાર્થ છે. ખાલી....ખાલી....ખાલી જગ્યા તે આકાશ છે. દશે દિશામાં ક્યાંય તેનો અંત નથી, તે આકાશદ્રવ્યનું સ્વરૂપ અહીં કહ્યું છે.

**संतत जाके उदरमैं, सकल पदारथवास।**
**जो भाजन सब जगतकौ, सोई दरव अकास।।२४।।**

જેના પેટમાં એટલે જેની જગ્યામાં બધાં દ્રવ્યો સદાય વસેલા છે તે આકાશદ્રવ્ય છે. આકાશ પહેલાં હતું ને પછી બીજાં દ્રવ્યો થયા અને આકાશમાં રહ્યાં એમ નથી. પાંચેય દ્રવ્યો નિરંતર આકાશમાં વસેલા છે.

શ્રોતાઃ-આકાશ અને પાંચ દ્રવ્યોને આધાર-આધેય સંબંધ હશે ને!

પૂજ્ય ગુરુદેવઃ-વ્યવહારથી આધાર-આધેય સંબંધ છે. બાકી કોને કોનો આધાર! પોતે જ પોતાનો આધાર છે. આકાશને કોનો આધાર છે? પોતે જ આધાર છે. તેમ જડ અને ચૈતન્ય પોતાના અવગાહનમાં જ રહેલા છે તેને આકાશના અવગાહનનું નિમિત્ત છે. માટે કહ્યું કે પાત્રમાં જેમ વસ્તુ રહે તેમ જીવ, પુદ્ગલાદિને રહેવાનું આકાશ એક પાત્ર છે.

નોટઃ-અવકાશ આપવાનો-જગ્યા આપવાનો આકાશનો પરમ ધર્મ છે. તેથી બીજા દ્રવ્યોને અવકાશ આપે છે. તેમ આકાશ પોતે પોતાને પણ અવકાશ આપી રહ્યું છે. જેમ જાણવાનો જીવનો સ્વભાવ છે તેથી બધાંને જાણે તેમ જીવ પોતાને પણ જાણે છે. તેવી રીતે આકાશ બધાંને અવકાશ આપે છે તેમ આકાશનો આધાર આકાશ પોતે છે.

જગતમાં કાળ નામના સૂક્ષ્મ, અરૂપી અણુઓ છે. જડ અને ચૈતન્યમાં રૂપાંતર



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



થાય છે તેમાં તે નિમિત્ત બને છે. બદલવાનું ઉપાદાન દ્રવ્ય પોતે છે પણ તેમાં નિમિત્ત કાળદ્રવ્ય છે.

जो नवकरि जीरन करै, सकल वस्तुस्थिति ठानि।
परावर्त वर्तन धरै, काल दरब सो जानि।।२५।।

જે વસ્તુનો નાશ ન કરતાં, સર્વ વસ્તુની નવી હાલતો પ્રગટ થવામાં અને પૂર્વ પર્યાયોના નાશ પામવામાં નિમિત્ત કારણ છે એવા વર્તના લક્ષણના ધારક દ્રવ્યને કાળદ્રવ્ય કહે છે.

જડ અને ચૈતન્ય પોતે કર્તા થઈને નવી પર્યાયને ઉપજાવે છે અને જૂની પર્યાયનો નાશ કરે છે તેમાં કાળદ્રવ્ય ઉદાસીનકારણ થાય છે. જગતના પદાર્થોનો આવો સ્વભાવ છે.

કાળદ્રવ્યનો પરમ ધર્મ વર્તના છે. તેથી તે અન્ય દ્રવ્યોની વર્તનામાં નિમિત્ત છે અને પોતાની પર્યાયોને પણ પલટે છે. કાળદ્રવ્યના અસંખ્ય અણુઓ આખા ચૌદ બ્રહ્માંડની અંદર રહેલાં છે. તે અરૂપી અને સૂક્ષ્મ દ્રવ્ય છે. અનંત ગુણનો પિંડ છે અને સમયે સમયે પોતાની પર્યાયને બદલે છે અને બીજા દ્રવ્યોની પર્યાય બદલવામાં નિમિત્ત છે.

આવું આ છ દ્રવ્યોનું સ્વરૂપ છે. તેને જાણવાનો જીવનો સ્વભાવ છે. આવા સ્વભાવને જાણીને, સ્વરૂપમાં દૃષ્ટિ કરતાં સમ્યગ્દર્શન થાય છે. દ્રવ્યના આવા સ્વભાવની ખબર ન હોય અને આત્માનો અનુભવ થઈ જાય એમ બનતું નથી. કેમ કે જાણવાનો જીવનો સ્વભાવ છે અને છ દ્રવ્ય છે છતાં ન માને તો તેનું જ્ઞાન પણ ખોટું ઠરે છે.

હવે, નવ પદાર્થોનું જ્ઞાન પણ અનુભવનું કારણ છે માટે તેમનું વિવેચન કરવામાં આવે છે. જીવ, અજીવ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ તથા પુણ્ય અને પાપ આ નવ તત્ત્વો છે. જીવ પદાર્થનું વર્ણન આગળ આવી ગયું. અહીં જીવતત્ત્વનું વર્ણન કરેછે.

समता रमता उरधता, ग्यायकता सुखभास।
वेदकता चैतन्यता, ए सब जीवविलास।।२६।।

આ ભગવાન આત્માનો વિલાસ બતાવાય છે. રાગ-દ્વેષ રહિત વીતરાગભાવ તે સમતા છે. રાગભાવમાં લીન થવું તે જીવનો સ્વભાવ નથી, વીતરાગભાવમાં લીન



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



થવું તે સ્વભાવ છે.

શ્રીમદ્ રાજચંદ્રે પોતે આ પદનો અર્થ કર્યો છે. શ્રીમદ્‌રાજચંદ્ર પુસ્તકમાં ૪૩૬મો પત્ર છે. ૨૬માં વર્ષમાં લખેલો છે. તે આપણે લઈએ.

શ્રી તીર્થંકર ભગવાને આ જગતમાં જીવ નામના પદાર્થને જે પ્રકારે કહ્યો છે, તે અત્યંત યથાસ્થિત કહ્યો છે. તેને અમે નિરાબાધપણે જાણ્યો છે, અમે એવો આત્મા સ્પષ્ટ અનુભવ્યો છે, પ્રગટ તે જ આત્મા અમે છીએ.

તે આત્મા 'સમતા' લક્ષણથી યુક્ત છે, અસંખ્ય પ્રદેશી છે, વર્તમાનમાં જેવી ચૈતન્યની સ્થિતિ છે તેવી જ ભૂતકાળમાં હતી. અનંતકાળથી એવો છે અને ભવિષ્યમાં પણ એવો જ રહેશે. અસંખ્ય પ્રદેશમાંથી કદી વધ-ઘટ થતી ન્આદાવાથી, અરૂપી છે તેમાંથી કદી રૂપી થતો નથી. ત્રિકાળ આનંદકંદ સ્વભાવી છે તે એવો ને એવો જ રહે છે.

જેમ લોટાથી પાણી જુદું છે તેમ આ દેહ કાશીઘાટના લોટા જેવો છે તેનાથી ભગવાન આત્મા ત્રિકાળ જુદો છે. લોટાનો આકાર લોટના કારણે અને પાણીનો આકાર પાણીના કારણે છે. તેમ શરીરનો આકાર શરીરના કારણે અને આત્માનો આકાર આત્માના કારણે છે.

ચૈતન્યપણું, અરૂપીપણું, અસંખ્યપ્રદેશીપણું આદિ જે જીવના સ્વભાવ છે તે કદી છૂટતા નથી. આવું જે સમપણું, તેનું નામ સમતા છે, તે જીવનું લક્ષણ છે. આ બધાં ચૈતન્ય આદિ સ્વભાવો ભૂત, વર્તમાન, ભવિષ્ય ત્રણેય કાળમાં એમ ને એમ રહે છે. ત્રણેકાળ એકરૂપ રહે છે. સમ+તા=સમપણું એમ કહેવું છે. બનારસીદાસજીને પણ આ જ કહેવું છે. સમતા શબ્દમાં ક્ષેત્રથી, કાળથી, ગુણથી સરખાપણું બતાવ્યું.

શ્રીમદ્ રાજચંદ્રનો ક્ષયોપશમ ઘણો હતો. તે વખતે ક્ષયોપશમમાં આ એક જ પુરુષ હતાં પણ ગૃહસ્થાશ્રમમાં રહ્યાં હતા તેથી કિંમત થઈ નહિ. લોકોને બાહ્યત્યાગની જ કિંમત છે. લોકોને તત્ત્વની મહિમા નથી પણ બાહ્યત્યાગની જ મહિમા છે પણ તત્ત્વના ભાન વગરના બાવા થઈને બેસે તેની શું કિંમત છે!

જીવનું અસંખ્યપ્રદેશી ક્ષેત્ર અનાદિ અનંત છે, ચૈતન્યપણાનો ભાવ અનાદિ-અનંત છે. અરૂપીપણું અનાદિ અનંત છે. આમ ચૈતન્યદ્રવ્ય અનાદિ-અનંત એટલે



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ત્રણે કાળ આવા લક્ષણથી સહિત છે.

આત્મસિદ્ધિમાં શ્રીમદે આત્માનું સ્વરૂપ લખ્યું છે ને,

શુદ્ધ, બુદ્ધ ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સુખધામ,
બીજું કહીએ કેટલું, કર વિચાર તો પામ.

ભગવાન આત્મા શુદ્ધ-બુદ્ધ-જ્ઞાનનો દરિયો, જ્ઞાનના સ્વભાવવાળું તત્ત્વ છે. ચૈતન્યઘન છે, સ્વયંપ્રકાશી છે, તેને પ્રકાશવા માટે બીજાની જરૂર નથી. સુખધામ-આનંદનું ધામ છે, અનંત અતીન્દ્રિય આનંદનું ધામ આત્મા પોતે છે. બીજામાં-સ્ત્રી, ધનાદિમાં તેનું સુખ નથી.

સમતાનો સીધો અર્થ તો વીતરાગભાવમાં રહેવું તે છે. તે તો અમુક કાળે જ થાય. પણ શ્રીમદે તો બનારસીદાસના કાવ્યમાંથી સમતાને ત્રિકાળ લક્ષણ ગણીને અર્થ કાઢ્યો છે. ત્રિકાળ જેનામાં ચૈતન્યપણું આદિ ગુણ છે તે આત્મા છે. એ સમતાનો અર્થ છે અને રમતા એટલે વીતરાગભાવમાં રમવું તે. નાટકમાં સમતા રમતાનો એક જ અર્થ લઈ લીધો છે અને અહીં બંનેના જુદા અર્થ કર્યા છે. શ્રીમદે બહુ સરસ અર્થ કર્યા છે.

રમતા એટલે રમણપણું; શું રમણપણું? કે-પશુ, પક્ષી, મનુષ્ય, વૃક્ષાદિ દેહને વિષે જે રમણીયપણું જણાય છે-શરીરની અંદર જે રમણીય આત્મા જણાય છે, સ્ફુર્તિ દેખાય છે, સુંદરપણાથી જે સહિત છે એવું રમણપણું તે આત્માનું લક્ષણ છે. આવા આત્માની રમણીયતા ન હોય તો આખું જગત શૂન્યવત્ સંભવે છે.

પ્રકાશના પ્રકાશક એવા ભગવાન આત્માની હયાતી વિના જગત આખું શૂન્યવત્ ભાસે છે. આવી આત્માની રમણીયતા છે.

શ્રીમદ્‌ના અંતરની ક્ષયોપશમની ઘણી ગંભીરતા હતી....શબ્દના અંતરના ભાવ પણ કેવા કાઢ્યા છે! પણ લોકોએ એમને બહારથી જ કલ્પી લીધાં છે. તેમની બહારથી ભક્તિ કરીને મુક્તિ થશે એમ માને છે. ભક્તિ એ તો શુભરાગ છે તેનાથી મુક્તિ કેવી રીતે થાય? ગુરુની સામે જોવાથી મુક્તિ ન થાય. એમણે તો એ કહ્યું છે કે તું તારી સામે જો. સ્વદ્રવ્યની રક્ષા કર! રાગ, પુણ્ય એ તારી ચીજ નથી.

સ્વદ્રવ્યની રક્ષા કર, સ્વદ્રવ્યનો ધારક થા. સ્વદ્રવ્યમાં વ્યાપી જા. પુણ્ય-પાપમાં



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ન વ્યાપ, એ તો જડ છે, પર છે, તેમાં તારો વિસ્તાર કરવા ન જા. સ્વદ્રવ્યને ધાર! એમ કહ્યું છે. ક્યાંય એમ નથી કહ્યું કે, અમારી ભક્તિ કર તો તારી રક્ષા થશે. અમને ધાર! એમ પણ નથી કહ્યું. તેમાં તો છેલ્લે કહ્યું છે કે, પરદ્રવ્યનું રક્ષકપણું ત્વરાથી તજી દો. પરદ્રવ્યનું ધારકપણું ત્વરાથી તજી દો. પરદ્રવ્ય, રાગાદિ મારા એમ ધારી રાખ્યું છે તે છોડી દે!

આવા લક્ષણોથી જે યુક્ત છે તે આત્મા છે. તેના લઈને બધું રમ્ય લાગે છે. તેના વગર તો બધું શૂન્ય જેવું લાગે છે. આવું રમ્યપણું જેનામાં છે તે આત્મા છે. આત્મા છે તો શરીર આવું દેખાય છે. આત્મા જાય ત્યાં શરીર ઢળી પડે છે. ભલે આત્મા છે ત્યારે પણ શરીરની સ્થિતિ તો શરીરના કારણે છે. આત્માએ તેને રાખી નથી. આત્મા હોય અને શરીર સડે છે એવું પણ બને છે, ઈયળો પણ પડે છે, એ તો શરીરનો સ્વભાવ છે. અમે એક જગ્યાએ ગયા હતાં ત્યાં એક ભાઈનું શરીર એવું સડી ગયેલું કે, મરી ગયેલું ગધેડું ગંધાય તેવું ગંધાતુ હતું. એક જગ્યાએ એક જુવાન બાઈને માતા નીકળ્યા હતાં તો દાણે-દાણે ઈયળો પડી હતી. આત્મા તો અંદરમાં છે છતાં શરીર સડે છે એ શરીરનો સ્વભાવ છે.

અહીં તો એ બતાવવું હતું કે આત્મા હોય ત્યાં સુધી શરીર તેની પોતાની યોગ્યતાથી તેજવાળું રહે છે. અંતરમાં તેજી અને સ્ફૂર્તિ છે તે આત્માની છે. એવી આત્માની રમણીયતા છે.

ઉરધતાનો અર્થ અહીં ઊર્ધ્વગમન કર્યો છે તે તો ક્યારેક જ થાય પણ અહીં શ્રીમદે સારો અર્થ કર્યો છે કે જે આત્માનો કાયમી સ્વભાવ છે. 'ઊર્ધ્વપણું' એ આત્માનો સ્વભાવ છે. કોઈપણ જાણનાર ક્યારે પણ કોઈપણ પદાર્થને પોતાના અવિદ્યમાનપણે જાણે એમ બનતું નથી. ચૈતન્યની અવિદ્યમાનતામાં કોઈ પદાર્થ જણાતો નથી. માટે કોઈ પણ પદાર્થને જાણવામાં પ્રથમ, પોતાની વિદ્યમાનતા હોવી ઘટે છે.

આ શરીર છે, આ વાણી છે. એ બધું આત્માની હયાતી વિના શેમાં જણાય? માટે દરેક પદાર્થને જાણવા પહેલાં જેની મુખ્યતા છે એવો જીવનો 'ઊર્ધ્વ' સ્વભાવ છે. રાગ થાય, દ્વેષ થાય, શરીરમાં ફેરફાર થાય તે જાણનારા વિના શેમાં જણાય? જણાય જ નહિ. માટે બધામાં જાણનારની જ મુખ્યતા છે. કોઈપણ પદાર્થના



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ગ્રહણ, ત્યાગને જ્ઞાન જાણે છે. કોઈનું ઉદાસીન જ્ઞાન થવામાં પણ કારણ પોતે જ છે.

આમ, કોઈપણ પદાર્થના અલ્પ પણ જાણવામાં, અંગીકાર કરવામાં, ત્યાગ કરવામાં પ્રથમ જે રહેલો છે તે આત્મા છે. જ્ઞાન વગર કોઈ પદાર્થનું જાણવું થઈ શકતું નથી. આ પદાર્થનો હું અંગીકાર કરું છું કે આ પદાર્થનો ત્યાગ કરું છું એમ જાણનાર વિના કોણ જાણે!

આમ, સર્વથી પ્રથમ રહેનારો-ઊર્ધ્વ-તે જીવ પદાર્થ છે. તેને ગૌણ કરીને એટલે કે તેના વિના કોઈ કંઈ પણ જાણવા ઇચ્છે તો તે બનવાયોગ્ય નથી. માત્ર તે જ મુખ્ય હોય તો જ બીજું કંઈ જાણી શકાય એવો એ પ્રગટ 'ઊર્ધ્વતાધર્મ' જેના વિષે છે તે પદાર્થને શ્રી તીર્થંકર જીવ કહે છે.

★ ભાઈ! આ વીતરાગે કહેલાં તત્ત્વની વાતો બહુ ઝીણી ને અપૂર્વ છે. જે પુણ્ય-પાપના ભાવો છે, રાગ-દ્વેષ છે, દયા, દાન, ભક્તિ, કામ, ક્રોધ આદિના ભાવો છે-એ બધાં પુદ્‌ગલના પરિણામ છે. આહાહા! પ્રભુ! તારી દશામાં થતાં દયા, દાન, કામ, ક્રોધાદિના શુભાશુભ ભાવો તે તારા નહિ, પણ પુદ્‌ગલના પરિણામ છે. તું તો આનંદસ્વરૂપ શાંતિનો સાગર છો. આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપે છે તે દયા, દાન, કામ, ક્રોધરૂપે કેમ પરિણમે? ભાઈ! તારું ઘર તો જ્ઞાનાનંદસ્વરૂપ છે, તેમાં ઠરવું એ તારી ચીજ છે. તું રાગ-દ્વેષ સુખ-દુઃખરૂપે કેમ પરિણમે? એ તો પુદ્‌ગલકર્મનો સ્વાદ છે, એ તારો સ્વાદ નથી. જેમ જળ અને અગ્નિની શીત-ઉષ્ણ પર્યાય છે તે પુદ્‌ગલની છે, પુદ્‌ગલથી અભિન્ન છે ને તેનો અનુભવ-જ્ઞાન તે આત્માની પર્યાય છે, તેમ રાગ-દ્વેષ સુખ-દુઃખના પરિણામ થાય છે તે પુદ્‌ગલની પર્યાય છે, પુદ્‌ગલથી અભિન્ન છે ને તેનો અનુભવ-જ્ઞાન તે આત્માની પર્યાય છે. જેમ શીત-ઉષ્ણ અવસ્થારૂપે આત્માને પરિણમવું અશક્ય છે તેમ રાગ-દ્વેષ, સુખ-દુઃખરૂપે આત્માને પરિણમવું અશક્ય છે. જેણે શુભ-અશુભની કલ્પનાથી ભિન્ન જ્ઞાનાનંદસ્વરૂપ આત્માને અનુભવ્યો છે તે જ્ઞાનીને શુભાશુભરૂપે થવું અશક્ય છે. ભલે હજુ અધુરી દશામાં રાગ આવશે પણ તેનો જાણનાર રહે છે. આહાહા! અહીં રાગાદિ પરિણામને આત્માથી ભિન્ન પુદ્‌ગલ-પરિણામ કહે છે ને જગત એ શુભરાગથી ધર્મ થવાનું માને છે! વીતરાગ સર્વજ્ઞે કહેલું તત્ત્વ જગતને કઠણ પડે એવું છે. આવી વાતો તો જેના ભાગ્ય હોય તેને સાંભળવા મળે છે. અબજો રૂપિયા મળે તેને અહીં ભાગ્યશાળી કહેતા નથી. અલૌકિક વાતો છે. *-પૂજ્ય ગુરુદેવશ્રી*



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

## જીવના મૂળ લક્ષણો
(સળંગ પ્રવચન નં. ૮)

શ્રી નાટક સમયસાર શાસ્ત્રમાં ૨૬મો શ્લોક ચાલે છે. તેનો અર્થ આપણે શ્રીમદ્ રાજચંદ્ર પુસ્તકમાંથી લઈએ છીએ, સમતા, રમતા આદિનો અર્થ શ્રીમદે વિશેષ પ્રકારે લીધો છે તે ગંભીર અર્થ છે.

समता रमता उरधता, ग्यायकता सुखभास।
वेदकता चैतन्यता, ए सब जीवविलास।।२६।।

સમતાનો અર્થ શાસ્ત્રમાં વીતરાગતા અને રમતાનો અર્થ તેમાં રમવું એમ લીધો છે. પણ અહીં શ્રીમદે સમતા એટલે સમપણું એવો અર્થ લીધો છે. આત્મા ભૂત, ભવિષ્ય અને વર્તમાન ત્રણેય કાળે અસંખ્ય પ્રદેશી, ચૈતન્યસ્વરૂપ, અરૂપી આદિ ગુણે સમપણે રહ્યો છે એટલે કે તે સ્વભાવો ક્યારેય છૂટતાં નથી એવું સમપણું તે આત્માનું લક્ષણ છે. સમ+તા એટલે સમપણું, રમ+તા એટલે રમ્યપણું આવા જે અર્થ શ્રીમદે કર્યા છે તે બરાબર બેસે છે.

આત્માનો સ્વભાવ રમ્ય છે. આત્મામાં ત્રિકાળ રમ્યપણું રહેલું છે. ઉરધતા એટલે ઊર્ધ્વપણું તે અર્થ બરાબર બેસે છે. ઊર્ધ્વગમન સ્વભાવ તે અર્થ બેસતો નથી. કેમ કે ઊર્ધ્વગમન તો એક સમય પૂરતું છે અને ઊર્ધ્વતા સ્વભાવ તો ત્રિકાળ છે. ઊર્ધ્વપણું તે ભાવવાચક શબ્દ છે તો આત્મામાં ઊર્ધ્વપણું કેવી રીતે છે તે અહીં બતાવવું છે.

કોઈપણ જાણનાર ક્યારે પણ કોઈ પણ પદાર્થને પોતાના અવિદ્યમાનપણે જાણે એમ બનવા યોગ્ય નથી. પ્રથમ પોતાનું વિદ્યમાનપણું ઘટે છે. એટલે કે કોઈ પણ પદાર્થના જાણવા કાળે પોતાની હયાતી હોવી ઘટે છે કે જે મુખ્ય છે. જાણનારનું ઊર્ધ્વપણું દરેક કાળે છે. જ્ઞાનની વિદ્યમાનતા વગર કાંઈ જણાતું નથી.

કોઈપણ વસ્તુનો સંયોગ થાય કે વિયોગ થાય તેનું જ્ઞાન કરનાર પોતે છે. અથવા કોઈ ચીજનું ઉદાસીન જ્ઞાન થાય તેમાં પણ કારણ પોતે છે. રાગનું થવું

કે જવું, શરીરનો સંયોગ થવો કે વિયોગ થવો અને કોઈ પણ ચીજનું ઉદાસીન જ્ઞાન થવું તે ત્રણેયને જ્ઞાનની વિદ્યમાનતા જાણે છે. જ્ઞાન વિદ્યમાન ન હોય તો તે બધાને જાણે કોણ? માટે આ જ્ઞાનનું ઊર્ધ્વપણું છે.

દરેક પદાર્થના અલ્પ જાણપણામાં પણ જ્ઞાનમાં જાણનારો મુખ્ય છે. જે સર્વમાં પ્રથમ રહેનારો છે માટે તે ઊર્ધ્વ એટલે મુખ્ય છે. આ અર્થ જ અહીં લાગું પડે છે. આ અર્થથી જ ભાવ ભાસે છે. કોઈપણ શબ્દનો ભાવ તો ભાસવો જોઈએ ને કે આ શબ્દ વડે વસ્તુનો આ ભાવ બતાવે છે.

ભગવાન ચૈતન્યમૂર્તિની હયાતી સિવાય કોઈ કંઈ પણ જાણવા ઈચ્છે તો તે બનવા યોગ્ય નથી. જાણનાર વિના કોઈના ગ્રહણ-ત્યાગ થાય તેને કોણ જાણે? રાગ આવે, જાય તેને રાગ તો જાણતો નથી તો રાગને જાણ્યો કોણે? કે જાણનાર જ સર્વને જાણે છે. દયા, દાન, ભક્તિ આદિનો રાગ આવ્યો અને આવીને ચાલ્યો ગયો તે આત્માની અવિદ્યમાનતામાં જાણે કોણ? જાણનારની અવિદ્યમાનતામાં કાંઈ જણાતું જ નથી. માટે જાણનાર જ મુખ્ય હોય તો જ બીજું બધું જાણી શકાય એવો એ પ્રગટ 'ઊર્ધ્વતાધર્મ' જેના વિષે છે તેને ભગવાન જીવ કહે છે.

આ શ્લોકનો આવો અર્થ શ્રીમદે પોતાની જ વિચિક્ષણતાથી કાઢ્યો છે. બહુ સરસ અર્થ કર્યો છે. એ વખતે હિન્દુસ્તાનમાં આવો કોઈ પુરુષ બીજો હતો જ નહિ એવું લાગે છે. ઘણો ક્ષયોપશમ! શબ્દો બનારસીદાસજીના છે પણ શ્રીમદે અર્થ કેવા કાઢ્યાં છે!

આ જીવદ્રવ્યના લક્ષણની વાત ચાલે છે. તેમાં શ્રીમદે એક એક શબ્દના પેટ ખોલ્યાં છે. અહો! ભગવાન આત્માની મુખ્યતા વગર આ રાગ આવ્યો,ગયો, શરીર આવ્યું,ગયું, રોગ થયો અને ગયો તેને જાણ્યું કોણે? જાણનાર હોય તો જ જણાય. માટે રાગાદિ થાય તેની મુખ્યતા નથી પણ જાણનારની મુખ્યતા છે. આત્મા તેનો જાણનાર છે પણ કરનાર નથી.

માત્ર જાણનાર મુખ્ય હોય તો જ બીજું કંઈ જાણી શકાય. જાણનાર મુખ્ય ન હોય અને બીજું કાંઈ જાણી શકાય એમ બને નહિ. કેમ કે જાણનાર વગર તેને જાણે કોણ? માટે પ્રજ્ઞાબ્રહ્મ ચૈતન્ય જ સર્વ કાળે મુખ્ય છે. રાગ, દયા, દાન, વ્રત, ભક્તિ આદિ ક્રિયા તેનાથી ભિન્ન છે. કેમ કે તે તો વિકલ્પ છે તે કાંઈ

www.vitragvani.com



જાણતાં નથી.

જાણનાર પોતે અગ્રેસર ન હોય તો બીજાને જાણે કોણ? બીજા પ્રસંગોને જાણે કોણ? સંયોગ,વિયોગને જાણે કોણ? દરેક વખતે જાણનાર હોય તો જ તેનું જ્ઞાન થાય છે. એવો જીવનો ઊર્ધ્વતાધર્મ છે.

જુઓ! આ દૃષ્ટિના વિષયની વાત નથી હો, દૃષ્ટિનો વિષય તો અભેદ છે. વસ્તુનું સ્વરૂપ આવું છે તેનું જ્ઞાન કરીને તેમાં દૃષ્ટિ કરે ત્યારે અભેદદૃષ્ટિ થાય. વસ્તુ પોતે એક તત્ત્વ છે ને! હોવાવાળી ચીજ છે ને! તે દ્રવ્ય છે, અસંખ્ય પ્રદેશ તેનું ક્ષેત્ર છે, જ્ઞાન, દર્શન આદિ તેના ભાવો છે અને તે ત્રિકાળ એમ ને એમ રહેલો છે તે તેનો કાળ છે, આને જીવનું સમપણું ગણવામાં આવ્યું છે.

રમ્યપણું એ પણ આત્માનું લક્ષણ કહ્યું છે. જેના વિદ્યમાનપણા વગર આખું જગત શૂન્ય જેવું ભાસે છે અરે, શૂન્યને પણ જાણનાર વિના કોણ જાણે!

જેની મુખ્યતામાં જ બીજું જણાય, તેની મુખ્યતા વગર ન જણાય એ આત્માનો ઊર્ધ્વપણાનો સ્વભાવ કહ્યો છે. આ રાગ છે, આ પુણ્ય છે, આ શરીર છે, તેમાં રોગ આવે છે, જાય છે, શુભભાવ આવે છે, જાય છે એ બધું જાણનાર કોણ? જાણનાર જ તે બધાંને જાણે છે. માટે કહ્યું કે જાણનારની જ મુખ્યતામાં બીજું બધું જણાય છે. આવું ઊર્ધ્વપણું જેના વિષે છે તે પદાર્થને જ શ્રી તીર્થંકર, જીવ કહે છે.

હવે ચોથું લક્ષણ છે 'જ્ઞાયકતા'. પ્રગટ એવા જડ પદાર્થો અને જીવ, તે જે કારણે કરી ભિન્ન પડે છે, તે લક્ષણ જીવનો 'જ્ઞાયકતા' નામનો ગુણ છે. પ્રગટ એવા જડ પદાર્થોમાં રાગાદિ પરિણામ પણ આવી જાય છે કેમ કે તે પણ જડ જ છે. તેનાથી 'જ્ઞાયકતા' લક્ષણ વડે જીવ જુદો પડે છે. આ લક્ષણ જીવમાં ત્રિકાળ રહેલું છે તેથી જ્ઞાયકપણાથી રહિત જીવને, કોઈ પણ સમયે કોઈ અનુભવી શકતું નથી. જ્ઞાયકપણે જ તેનો અનુભવ થઈ શકે છે. વળી, આ 'જ્ઞાયકપણું' જીવ સિવાય કોઈ દ્રવ્યોમાં નથી. પુણ્ય-પાપના વિકલ્પો, વ્યવહારરત્નત્રય આદિને વિષે પણ જ્ઞાયકપણું સંભવતું નથી કેમ કે તે અચેતન લક્ષણવાળા છે. ત્રિકાળ અનુભવનું કારણ આ 'જ્ઞાયકભાવ' જ છે.આત્માના આનંદના વેદનના કારણરૂપે આ જ્ઞાયકભાવ છે.

આ તો વસ્તુના મૂળ સ્વરૂપની વાત છે. અપૂર્વ વાત છે. જગત બહારમાં



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



જ અટકી જાય છે. તેથી માથા ફોડીને મરી જાય છે તો પણ વસ્તુનો અનુભવ થતો નથી. ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ અંદરમાં જ્ઞાયકપણે જ બિરાજી રહ્યો છે. બીજા કોઈમાં તે જ્ઞાયકપણું નથી એવું જે 'જ્ઞાયકપણું' એવા લક્ષણવાળાને શ્રી તીર્થંકર પરમાત્માએ જીવ કહ્યો છે. જુઓ, પુણ્ય-પાપવાળો તે જીવ, એમ નથી કહ્યું.

સાક્ષાત્ તીર્થંકર પરમાત્મા પાસે જઈ આવ્યો, દર્શન કર્યા, વાણી સાંભળી પણ આત્માનો અનુભવ ન થયો કેમ કે એ તો પરલક્ષી વૃત્તિને ઉત્થાન છે. ભગવાને કહેલા 'જ્ઞાયકતા' લક્ષણવાળા જીવનું લક્ષ કરે તો તેનો અનુભવ થાય.

હવે પાંચમું લક્ષણ 'સુખભાસ' કહ્યું છે. સુખનો ભાસ થાય તે પણ આત્મામાં છે. શબ્દ, રસ, રૂપ આદિ પાંચ ઈન્દ્રિયના વિષયો સંબંધી અને સમાધિ આદિ જોગ સંબંધી જે સ્થિતિમાં સુખ સંભવે છે તે ભિન્ન ભિન્ન કરી જોતાં માત્ર છેવટે તે સર્વને વિષે સુખનું કારણ એક જ એવો એ જીવ પદાર્થ સંભવે છે. પાંચ ઈન્દ્રિયના વિષયોમાં સુખ તો નથી પણ જીવ કલ્પના કરે છે ને! તેમ શુભાશુભભાવમાં પણ સુખની કલ્પના કરે છે તેમાં સુખ નથી પણ સુખનો જે ભાસ થાય છે તે પણ આત્મામાં છે. બહારના પદાર્થોમાં લક્ષ કરીને અજ્ઞાની સુખ માને છે પણ તે તો દુઃખ છે. તેમાં આત્માનું સુખ નથી. સુખનું ખરું કારણ તો આત્મા છે. તેમાં અતીન્દ્રિય આનંદનો રસ પડ્યો છે. તે આનંદ ઈન્દ્રિયાતીત છે, વિકલ્પાતીત છે, મનાતીત છે, તનાતીત છે, એટલે કે તે આનંદ ઈન્દ્રિય, વાણી, મન, શરીર, વિકલ્પ આદિથી જુદો છે.

અજ્ઞાની જીવે આ તત્ત્વનું કદી જ્ઞાન જ કર્યું નથી. તત્ત્વના જ્ઞાન વિના વ્રત, તપ, ભક્તિ,પૂજા આદિ કરી કરીને મરી ગયો....તપસ્યા કરીને હેરાન થઈને મરી ગયો પણ કરવાનું હતું તે કદી ન કર્યું.

સુખનો ભાસ થવો એટલે સુખનું માલુમ પડવું, તે પણ આત્મામાં થાય છે. બહારની ક્રિયામાં કે દયા,દાન વિકલ્પમાં સુખ માલુમ પડતું નથી. જીવ સિવાય ક્યાંય સુખ છે જ નહિ.

જુઓ! આ બનારસીદાસના એક શ્લોકમાં આટલું સ્વરૂપ ભર્યું છે. પહેલાં તો તેઓ શ્રૃંગારી કવિ હતાં પછી દશા ફરી ગઈ. જૈનના જબ્બર કવિ થઈ ગયા. શ્રૃંગારની કવિતાઓ લખી હતી તે બધાં કાગળો નદીમાં ફેંકી દીધા. અરે! મેં આવા



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

પાપ કર્યા! પછી તો દૃષ્ટિ ગુલાંટ ખાઈને અંદરમાં ઉતરી અને સત્સમાગમથી ભાન થયું. આવું પરિવર્તન થઈ શકે છે ન થાય એવું નથી. સો ઉંદર મારીને બિલાડી પાટે બેસી શકે છે. પાપ કરનારો પલટી ન શકે એમ ન હોય.

મેં આત્માને ભૂલીને અપરાધ કર્યા છે તે મારો ગુનો છે પણ અરે! એ હું નહિ. હું તો સચ્ચિદાનંદ આનંદમૂર્તિ છું. ગુના કરવા એ મારું સ્વરૂપ નથી.

અહીં શ્રીમદે સુખભાસ લક્ષણ માટે વ્યવહારે દૃષ્ટાંત નિદ્રાનું આપ્યું છે. જે નિદ્રાને વિષે બીજા કોઈ પદાર્થો તો નથી ત્યાં પણ હું સુખી છું એવું જે જ્ઞાન છે, તે બાકી વધ્યો એવો જે જીવપદાર્થ તેનું છે. આત્મસિદ્ધિમાં આવે છે ને 'અબાધ્ય અનુભવ જે રહે તે જીવસ્વરૂપ' બાદ કરતાં વધે તે આત્મા છે. રાગ, શરીર, વાણી, પુણ્ય-પાપના વિકલ્પ આદિ બધાંને બાદ કરતાં કરતાં બાકી જે વધ્યો તે આત્મા છે. તેને બાદ કરી શકાતો નથી. આત્માને બાદ કરે તો શૂન્ય રહે.

નિદ્રામાં બીજો કોઈ પદાર્થ તો વિદ્યમાન નથી અને સુખનું ભાસવાપણું તો અત્યંત સ્પષ્ટ છે. તે જેનાથી ભાસે છે તે જીવ નામના પદાર્થ સિવાય બીજે ક્યાંય તે લક્ષણ જોયું નથી. સુખ....સુખ....સુખ આત્મપદાર્થ સિવાય બીજે ક્યાંય નથી.

સુખ માટે શ્રીમદ્જીએ નિદ્રાનું દ્રષ્ટાંત લીધું છે. આપણે એક શેઠનું દ્રષ્ટાંત લઈએ છીએ કે એક કરોડપતિ શેઠિયો હતો તેને એકનો એક દીકરો. શેઠે દીકરાને કીધેલું કે કાંઈ ધંધો કરીશ નહિ આપણી પાસે ઘણું છે. છતાં છોકરાએ ધંધો કર્યો અને દશ લાખ ગયા. હવે? બાપ તો સત્તાપ્રિય માણસ હતો, તેની પાસે દીકરો પૈસા લેવા જઈ ન શક્યો. પોતાના ભાઈબંધ સાથે પિતાને કહેવરાવ્યું કે પૈસા આપો નહિ તો સવારે મારું મોઢું જોવા નહિ મળે. મિત્રે જઈને કીધું ત્યાં તો શેઠ ખીજાય ગયાં. ત્યારે મિત્ર કહે છે બાપુજી! એક ન્યાય આપું? સાંભળો. તમારી ઉંમર ૭૦ વર્ષની તો થઈ ગઈ છે. હવે પાંચ-દશ વર્ષે ચાલ્યા જશો ત્યારે પૈસો તો બધાં ભાઈના છે ને? હા, તો અત્યારે તેમાંથી દશ લાખ ઓછાં થશે તે મારાં થશે કે દીકરાના? વિચારી જુઓ કે એ તો પૈસા એના ગયા. મારાં ક્યાં હતાં? ત્યારે શેઠ કહે છે દીકરા? તે તો ભારે વાત કરી હો. સાચી વાત છે આ લે! પૈસા લઈ જા. મારું આમાં કાંઈ ઓછું થતું નથી.

જુઓ! શેઠ પહેલાં અકળાયા, ખીજાણા અને પછી સમાધાનથી સુખ પામ્યા.

www.vitragvani.com



પ્રતિકૂળતા તો એની એ જ હતી પણ જ્યાં શેઠની દૃષ્ટિ ફરી ગઈ ત્યાં સંતોષ થઈ ગયો. આટલી પ્રતિકૂળતામાં જેને સમાધાન કરતાં આવડે છે તેને અનંતી પ્રતિકૂળતામાં પણ સમાધાન કરતાં આવડે એવો આ આત્મા સંતોષી છે, સુખસ્વરૂપ છે.

ભગવાન આત્મા સુખસ્વરૂપ છે. ગમે તેટલી પ્રતિકૂળતા હોય પણ તે સમાધાન.... સમાધાનસ્વરૂપ છે. અને જેને એક પ્રતિકૂળતામાં સમાધાન કરતાં આવડે તેને બધી પ્રતિકૂળતામાં સમાધાન કરતાં આવડે છે. ભલે ને ગમે તેટલી પ્રતિકૂળતા આવે પણ તે મારામાં નથી, હું તો જ્ઞાન છું. એમ પોતાની દૃષ્ટિ કરીને જેને સમાધાન અને સંતોષ કરતાં આવડે છે તેને જ શાંતિ અને સુખ છે. બાકી ક્યાંય શાંતિ નથી. ભગવાન આત્મા સિવાય ક્યાંય સુખ અને શાંતિ નથી.

હવે **વેદકતા** લક્ષણ બતાવે છે, આ મોળું છે, આ મીઠું છે, ખાટું છે, ખારું છે એવું જ્ઞાન અથવા હું આ સ્થિતિમાં છું, ટાઢે ઠરું છું, તાપ લાગે છે, દુઃખી છું, દુઃખ અનુભવું છું એવું જે સ્પષ્ટજ્ઞાન, વેદનજ્ઞાન, અનુભવજ્ઞાન, અનુભવપણું તે જો કોઈમાં પણ હોય તો તે આ જીવ પદને વિષે જ છે. આ જીવનું 'વેદકતા' લક્ષણ છે.

ખાટું, ખારું, ઠંડી, ગરમી આદિને વેદનારો જીવ છે. આ વેદનસ્વભાવે આત્મા જણાય એવો છે. જડ પદાર્થ કોઈને વેદી શકતું નથી. માટે આવું વેદકપણું જેના વિષે છે તે જીવ છે એમ શ્રી તીર્થંકરદેવે કહ્યું છે.

**ચૈતન્યતા** પણ આત્માનું લક્ષણ છે. ભગવાન જ્ઞાનના પ્રકાશ વિના સૂર્યના, ચંદ્રના, દીપકના પ્રકાશને કોણ જાણે? માટે, સ્પષ્ટ પ્રકાશપણું અનંત અનંત કોટિ દીપક, મણિ, ચંદ્ર, સૂર્યાદિની કાંતિ જેના પ્રકાશ વિના પ્રતિભાસતી નથી અર્થાત્ તે સર્વ પોતે પોતાને જણાવા અથવા જાણવા યોગ્ય નથી તેને જે જાણનાર છે તે જીવ છે. સૂર્યાદિની કાંતિ જેના પ્રકાશ વિના પ્રગટવા સમર્થ નથી એટલે કે આ દીવો છે, આ મણિ છે, આ સૂર્ય છે તેનો પ્રકાશ છે તેને જાણનાર સિવાય કોણ જાણે? પ્રકાશના અસ્તિત્વવાળા પદાર્થને પણ જેના પ્રકાશમાં જાણવાનું થાય તે ચૈતન્યચિહ્ન જીવનું લક્ષણ છે.

અરે, એણે આવા આત્માને સાંભળ્યો નથી અને કાંઈક પૈસા થાય ત્યાં તો હું પહોળો ને શેરી સાંકડી થઈ જાય છે. પણ જુઓ! અહીં ક્યાંય એમ આવ્યું



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

કે પૈસા તે જીવનું લક્ષણ છે? રાગ પણ જીવનું લક્ષણ નથી તો પૈસા તો ક્યાંય દૂર રહી ગયા.

આત્મા તો ચૈતન્યપ્રકાશનું નૂર છે કે જેના પ્રકાશ વિના ચંદ્ર, સૂર્યની કાંતિ પણ પ્રકાશવા સમર્થ નથી એટલે કે જાણનાર વિના જણાતી નથી. ચંદ્ર,સૂર્ય આદિના પ્રકાશ તો પોતાનો પણ જાણવા સમર્થ નથી. જે પદાર્થના પ્રકાશને વિષે ચૈતન્યપણાથી તે પદાર્થો જાણ્યા જાય છે, તે પદાર્થો પ્રકાશ પામે છે, સ્પષ્ટ ભાસે છે, તે પદાર્થ જે કોઈ છે તે જીવ છે. અર્થાત્ તે લક્ષણ પ્રગટપણે સ્પષ્ટ પ્રકાશમાન, અચળ એવું નિરાબાધ પ્રકાશ્યમાન ચૈતન્ય, તે જીવનું લક્ષણ જીવ પ્રત્યે ઉપયોગ વાળતાં પ્રગટ દેખાય છે.

ચૈતન્યભગવાન પ્રકાશસ્વરૂપ છે. તેનો વર્તમાન ઉપયોગ બહાર પરમાં ગયેલો છે તેને અંતરમાં વાળતાં ચૈતન્યમૂર્તિ પ્રગટ અનુભવમાં આવે છે. ચૈતન્યપ્રકાશ કેમ જણાય કે જ્ઞાનના તેજની વર્તમાનદશાને અંતરમાં વાળતાં પ્રગટ એવો ચૈતન્ય ઉપયોગ પ્રગટ,પ્રગટ દેખાય છે.

આ જે લક્ષણો કહ્યાં તે ફરી ફરી વિચારતાં, જીવ નિરાબાધપણે જાણ્યો જાય છે. આ પ્રમાણે શ્રી તીર્થંકરાદિએ જીવના લક્ષણો કહ્યાં છે.

આ પ્રમાણે સમતા....રમતાના શ્લોકનો શ્રીમદ્જીએ કરેલો અર્થ પૂરો થયો. હવે ૨૭ મો અજીવના લક્ષણના શ્લોક લઈએ છીએ.

तनता मनता वचनता, जड़ता जड़सम्मेल।
लघुता गुरुता गमनता, ये अजीवके खेल।।२७।।

આ અજીવની વ્યાખ્યા છે.

तनता શરીરપણું એ જડનું લક્ષણ છે. ભગવાન ચૈતન્ય તેનાથી તદ્દન જુદો છે. मनता એટલે મનપણું પણ જડને છે. જેમ જોવાનું કાર્ય આત્મા કરે પણ તેમાં આંખ નિમિત્ત છે તેમ વિચાર તો ભગવાન આત્મા કરે છે પણ તેમાં નિમિત્તરૂપે જે મન છે તે અનંત પરમાણુનું બનેલું, ખીલેલાં કમળના આકાર જેવું છે પણ એટલું સૂક્ષ્મ છે કે ડોકટર છાતી ચીરે તોપણ કાંઈ હાથમાં આવે તેવું નથી, એટલું નાનું અંગુલના અસંખ્યમાં ભાગે છે. તેને અવધિજ્ઞાની અને ગણધર જાણી શકે છે પણ ડોકટરો પોસ્ટમોર્ટમ કરે તોપણ હાથમાં આવે કે દેખાય એવી ચીજ નથી.

**वचनता**, ભાષા પણ જડ છે. આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે અને વાણી તો જડ છે તેથી આત્મા ભાષા બોલી શકતો નથી. વાણી નીકળવી એ અજીવનો ખેલ છે. શરીર અને મન પણ અજીવનો ખેલ છે, આત્માનો ખેલ નથી પણ આતમરામને પોતાના ખેલની ખબર નથી અને જડના ખેલને - આ શરીર મારું મન-વચન મારાં એમ મારું-મારું કરીને બેસી ગયો છે.

**जड़सम्मेल** પરમાણુઓનું મળવું અને છૂટા પડવું એ બધું જડનું કાર્ય છે. જડના ખેલને આત્મા કરી શકતો નથી. ખોરાકના કોળિયા મોઢામાં આવવાં, પેટમાં જવાં વિષ્ટા થવી એ બધાં જડના ખેલ છે, આત્માના નહિ. આત્મા તો અમૃત આનંદસ્વરૂપ છે તેને પોતે કદી જોયો કે જાણ્યો નથી. તેને શ્રદ્ધવાની દરકાર પણ કરી નથી. એને ભૂલીને-વર વિનાની જાન જોડી દીધી છે. દાળ-ભાત કરવા, લાડવા કરવા, અનેક જાતના સાધનો ભેગા કરવા એ બધાં જડના ખેલ છે તેને હું કરું છું એમ અજ્ઞાની માને છે.

**लघुता** એટલે હળવાપણું તે જડને હોય, આત્માને ન હોય. રૂ હળવું હોય, કોમળ હોય. **गुरुता** એટલે ભારેપણું તે પણ જડનો ગુણ છે. **गमनता** એટલે ગતિ કરવી તે જડનો ખેલ છે. આત્મા શરીરને ગતિ કરાવે ત્યારે ગતિ કરે એમ નથી. હાથ, પગ, વાણી, શરીર આદિના હલન-ચલન, ગમન આદિ જડના ખેલ છે તેને આત્મા કરતો નથી.

જડના ખેલ એટલે જડની પરિણતિનો કર્તા જડ છે. આત્મા તો તેનો સાક્ષી છે પણ અજ્ઞાનીને ભાન ન મળે એટલે અભિમાનના પાર નહિ....એટલે આ સંચા હું ચલાવું છું, આ હજીરા મેં બનાવ્યા છે....અરે એ મોટા મકાન તેના માલિકે તો નથી બનાવ્યા પણ કડિયાએ પણ બનાવ્યા નથી. એ તો જડે કરેલો જડસંમેલ છે. જડના ખેલ જડથી થાય, આત્માથી ન થાય ભાઈ!

સમયસારમાં છેલ્લો કળશ આવે છે ને કે જગતને નાચવું હોય તો નાચો. હું તો જે છું તે છું. આ ટીકા રચવાનું કાર્ય મારું નથી. અજીવ નાચે છે. હું તો ચૈતન્યબિંબ પ્રકાશની મૂર્તિ છું. જડના પરમાણુ જાય, આવે, ભાંગે-તૂટે થાય તેનો સાક્ષી છું, કરનાર નથી. એમ જ્ઞાની સાક્ષી રહે છે અને અજ્ઞાની કર્તા થઈને અભિમાન કરે છે. પણ જડનો ખેલ તો જડનો જ છે તે આત્માનો થતો નથી.

# પુણ્યતત્ત્વ, આસ્રવતત્ત્વ તથા સંવરતત્ત્વનું સ્વરૂપ

(સળંગ પ્રવચન નં. ૯)

શ્રી નાટક સમયસારજી શાસ્ત્રની આ ઉત્થાનિકા ચાલે છે, તેમાં જીવ અને અજીવનું વર્ણન આવી ગયું, હવે પુણ્યતત્ત્વનું વર્ણન શ્લોક ૨૮મા કહે છે.

**जो विशुद्धभावनि बंधै, अरु ऊरधमुख होइ।**
**जो सुखदायक जगतमैं, पुन्य पदारथ सोइ।।२८।।**

'વિશુદ્ધભાવ'નો અર્થ શુદ્ધભાવ પણ થાય છે અને શુભભાવના અર્થમાં પણ લેવાય છે. અહીં વિશુદ્ધભાવ કહીને શુભભાવનો અર્થ લેવો છે. જેમાં રાગની મંદતા છે તે શુભભાવ છે, તેનાથી પુણ્ય બંધાય છે. દયા, દાન, ભક્તિ, પૂજા આદિ શુભભાવો છે, પુણ્યબંધનું કારણ છે પણ તેનાથી ધર્મ થતો નથી.

પુણ્ય ઊર્ધ્વગતિનું કારણ છે માટે તેને **ऊरधमुख** કહ્યું છે. મોક્ષમાર્ગ પ્રકાશમાં કહ્યું છે કે પાપ અધોગતિનું કારણ છે અને પુણ્ય ઊર્ધ્વગતિનું કારણ છે અને પુણ્ય તો મોક્ષમાર્ગનું અનુસારી છે એમ કહ્યું છે તે કેવી રીતે? અને ક્યારે? -કે, એ શુભભાવના વિકલ્પથી ભિન્ન પડીને સ્વરૂપની દૃષ્ટિ કરે ત્યારે શુદ્ધતા પ્રગટે છે ત્યારે એ શુભભાવને ઊર્ધ્વગતિનું કારણ કહેવામાં આવે છે.

વળી, તેમાં લખ્યું છે કે, શુભભાવ જરૂર ઊર્ધ્વમુખ કરે. કારણ કે જીવ એકેન્દ્રિયમાંથી બહાર આવે છે તે પુણ્યભાવથી જ બહાર આવે છે. બેઇન્દ્રિય, ત્રણેન્દ્રિય, કાગડા, કૂતરા આદિ જીવો મનુષ્ય આદિ ઊંચી ગતિમાં આવે છે તે પણ રાગની મંદતાથી જ આવે છે માટે પુણ્યને ઊર્ધ્વમુખ કહ્યું છે, તેથી તે ઊંચી ગતિનું કારણ છે પણ ધર્મ નથી. શુભભાવ તે મોક્ષમાર્ગ નથી, બંધનું જ કારણ છે પણ અહીં શુભભાવમાં શુદ્ધતાનો અંશ સિદ્ધ કરવો છે એટલે તેને ઊર્ધ્વતાનું કારણ કહ્યું છે, પણ તે ધર્મ નથી.

ભગવાન આત્મા તો અબંધસ્વરૂપ છે. ચૈતન્યમૂર્તિ જ્ઞાનઘન, રાગ અને કર્મના લેપ વિનાની ચીજ છે. સ્વયં મુક્તસ્વરૂપ જ છે. મુક્તસ્વરૂપ ન હોય તો મુક્તિની

પર્યાય પ્રગટે ક્યાંથી? લીંડીપીપરમાં ૬૪ પહોરી તીખાશ ભરેલી જ છે તે ઘસવાથી બહાર આવે છે. કાંઈ પથ્થરમાંથી તીખાશ આવતી નથી. તેમ શક્તિએ તો આત્મા મુક્તસ્વરૂપ જ છે, તે પૂર્ણમુક્તસ્વરૂપના આશ્રયે પર્યાયમાં મુક્તિ પ્રગટ થાય તેને સિદ્ધદશા, મુક્તદશા અથવા નિર્વાણ કહે છે. એ મુક્તદશા દ્રવ્યમાંથી જ આવે છે કાંઈ બહારથી આવતી નથી.

પુણ્યથી સ્વર્ગાદિની સન્મુખ થાય છે પણ કર્મનું ટળવું તેનાથી થતું નથી. જો **सुखदायक जगतमें** સંસારમાં પુણ્ય અને તેના ફળને સુખદાયક ગણવામાં આવે છે. અનુકૂળ સંયોગો મળે, પાંચ દશ કરોડ રૂપિયા મળે, મોટર,ગાડીઓ મળે, નોકર,ચાકર મળે તેથી જગતમાં તેને સુખદાયક ગણ્યું છે પણ તે બંધનું જ કારણ છે, મુક્તિનું કારણ નથી, માટે આત્માને તે સુખદાયક નથી.

મુમુક્ષુ:-પુણ્યને અહીં **सुखदायक** કહ્યું ને!

પૂજ્ય ગુરુદેવશ્રી:-ભાષા જુઓ.જો સુખદાયક જગતમેં....જગતના જીવો તેને સુખદાયક માને છે. આબરૂ, કીર્તિ, મકાન, સ્વર્ગાદિ મળે તેમાં સંસારી જીવોને સુખ લાગે છે. સ્વર્ગને અમર કહેવાય છે ને! કેમ કે, ત્યાં અસંખ્ય અબજ વર્ષનું આયુષ્ય છે તેથી સાધારણ પ્રાણીને તો સ્વર્ગ જ વૈકુંઠ, અક્ષરધામ લાગે છે. અહીં મનુષ્યમાં પણ રાજા શેઠિયા આદિના વૈભવો એવાં હોય છે કે, ગરીબ માણસ તો તાકીને જોતો જ રહે! પણ એમાં સુખ નથી ભાઈ! જેના ફળમાં એવા સુખ મળે તેવા શુભભાવ તો તે અનંતવાર કર્યા છે. અનંતવાર નવમી ગ્રૈવેઈકે જઈ આવ્યો છો. પણ તેમાં સાચું સુખ ક્યાં છે! અનંતકાળમાં શુભક્રિયા તો ઘણી કરી, નગ્ન દિગંબર દ્રવ્યલિંગી સાધુ થયો, એક લંગોટીનો પરિગ્રહ પણ નહિ પણ રાગથી રહિત આત્માનું શરણ ન લીધું, રાગની ક્રિયાનું શરણ લીધું.

મુનિવ્રતધાર અનંતબાર ગ્રૈવેઈક ઉપજાયો,<br>
પૈ નિજ આતમ-જ્ઞાન બિના, સુખ લેશ ન પાયો.

સચ્ચિનાનંદ પ્રભુ મારો આત્મા પુણ્ય-પાપના વિકલ્પોથી રહિત શુદ્ધ આનંદકંદ છે એમ ભાસ્યું નહિ તેથી આટલી કડક શુભક્રિયા કરવા છતાં લેશ પણ સુખ ન પામ્યો.

'જો સુખદાયક જગતમેં, પુન્ય પદારથ સોઈ.' શબ્દો કેવા વાપર્યા છે. હોશિયાર

કવિ છે ને! તેના શબ્દોમાં કાંઈ ફેર ન પડે. દયા, દાન, વ્રત, ભક્તિ, તપાદિ પુણ્યભાવ છે. તે ધર્મ પણ નથી અને તે આત્મપદાર્થ પણ નથી.

જીવ અને અજીવ,જડ આ બે વસ્તુઓનું પહેલાં વર્ણન કર્યુ. હવે તેની સાત પર્યાયોનું વર્ણન કરે છે. તેમાં પુણ્ય-પાપ, આસ્રવ અને બંધ આ ચાર વિકારી પર્યાય છે તે જીવ અને પુદ્‌ગલના સંબંધથી થાય છે અને સંવર, નિર્જરા અને મોક્ષ નિર્વિકારી પર્યાય છે તે જીવ અને પુદ્‌ગલના સંબંધના અભાવથી અને જીવના પુરુષાર્થની જાગૃતિથી તથા સ્વસન્મુખતાથી પ્રગટ થાય છે.

સૌ પ્રથમ જીવતત્ત્વને વર્ણવ્યું તે તો મુખ્ય વસ્તુ છે. જ્ઞાયક, ભગવાન આત્મા સુખરૂપ છે. ચૈતન્યસ્વભાવી, વેદન કરનારો છે તે જીવ છે અને શરીર, વાણી, મન, પૈસા, મકાન, કર્મ આદિ બધું જડતત્ત્વ છે. આ બેના સંબંધમાં જે દશા ઉત્પન્ન થાય છે તેમાંથી રાગની મંદતારૂપ વિશુદ્ધભાવ તે પુણ્યપદાર્થ છે. તેને જગતમાં રખડનારા મૂઢ જીવો સુખદાયક માને છે પણ તે જીવને સુખદાયી નથી. તે તો જીવની વિકારીદશા છે.

હવે ૨૯મા શ્લોકમાં પાપ પદાર્થનું વર્ણન છે.

संकलेश भावनि बंधै, सहज अधोमुख होई।
दुखदायक संसारमैं, पाप पदारथ सोइ।।२९।।

સંકલેશ ભાવ એટલે હિંસા, જૂઠ, ચોરી, પરિગ્રહ, ભોગ, ક્રોધ, માન, માયા, લોભ, આબરૂ, કીર્તિ આદિના જે ભાવ તે તીવ્ર મલિનભાવ છે માટે તેને સંક્લેશભાવ કહેવાય છે. પુણ્યભાવ તે મંદ મલિનભાવ છે અને પાપભાવ તે તીવ્ર મલિનભાવ છે. આવા હિંસા આદિના પાપભાવ નવા મલિન કર્મ બંધાવાના કારણ છે.

જુઓ! કમાવાના ભાવ પણ પાપભાવ છે તેનાથી નવાં પાપકર્મ બંધાય છે.

મુમુક્ષુઃ-કમાવાથી પૈસા મળે તેને દાનમાં દેવાથી પુણ્ય બંધાય ને!

પૂજ્ય ગુરુદેવશ્રીઃ-પૈસામાં તૃષ્ણા મંદ પડે.રાગ મંદ થાય તો પુણ્ય બંધાય. કાંઈ પૈસાથી પુણ્ય બંધાતું નથી અને રાગની મંદતાથી પુણ્ય બંધાય તોપણ જગતના સુખ મળે તેનાથી આત્માને કાંઈ લાભ થતો નથી.

સહજ અધોમુખ હોઇ જેમ લોઢાના ગોળાને પાણીમાં મૂકો તો સહેજે નીચે

જ જાય. તેને કાંઈ ભીંસ દેવી ન પડે. તેમ પાપભાવના ફળમાં જીવ સહેજે નીચી ગતિમાં જ જાય છે.

**दुखदायक संसारमें** જ્યાં પ્રતિકૂળ સંયોગો મળે એવા સ્થાનમાં જ તે જાય. પાપના ફળમાં આવા સંયોગો જીવે અનંતવાર મેળવ્યા છે. **पाप पदारथ सोइ** એટલે આવા સંકલેશભાવ માઠા ભાવ તેને પાપપદાર્થ કહેવામાં આવે છે.

હવે આસ્રવતત્ત્વનું વર્ણન કરે છે. પુણ્ય-પાપ બંને ભાવ આસ્રવ છે તે નવા કર્મબંધનું કારણ છે.

**जोई करमउदोत धरि, होइ क्रिया रसरत्त।**
**करषै नूतन करमकौं, सोई आस्रव तत्त।।३०।।**

**आस्रव** એટલે આવવું. જે ભાવથી નવાકર્મ આવે તેને આસ્રવ કહેવાય છે.

**जोई करम उदोत धरि** જ્યારે કર્મનો ઉદય આવે છે ત્યારે તેમાં જોડાણ થવાથી જીવને પુણ્ય અને પાપના ભાવ થાય છે. કર્મના ઉદયમાં યોગોની જે રાગ સહિત પ્રવૃત્તિ થાય છે તે નવીન કર્મોને ખેંચે છે તેને આસ્રવ પદાર્થ કહે છે.

ભગવાન આત્મા પોતાના જ્ઞાનાનંદસ્વભાવને ભૂલીને હિંસા, જૂઠ, ચોરીની પાપ પ્રવૃત્તિમાં કે દયા, દાન, ભક્તિ આદિ પુણ્ય પ્રવૃત્તિમાં રસપૂર્વક જોડાય છે ત્યારે નવા કર્મો બંધાય છે. કેમ કે, તે બંને રાગની ક્રિયા છે, આત્માની ધાર્મિક ક્રિયા નથી. પણ જીવોને શું ધર્મની ક્રિયા છે અને શું રાગની ક્રિયા છે તેની જ ખબર નથી. કર્મના ઉદયમાં જોડાતાં તો રાગની જ ક્રિયા થાય છે અને આનંદસ્વરૂપ આત્મામાં રસ જોડતાં ધર્મની,આનંદની ક્રિયા પ્રગટ થાય છે.

રાગના રસવાળી ક્રિયા કર્મોને ખેંચે છે તેથી નવા કર્મ બંધાય છે. હિંસા, જૂઠ આદિ તો રાગ છે જ પણ સમ્મેદશિખરની યાત્રા આદિ શુભક્રિયામાં રાગનો રસ છે તે કર્મને ખેંચવામાં નિમિત્ત છે, કર્મ ખરવામાં નિમિત્ત નથી એમ અહીં કહે છે. પણ તત્ત્વ શું છે એ તેના જ્ઞાનમાં આવતું નથી એટલે અનાદિથી ગડબડ ઊભી થઈ છે. શાસ્ત્ર ભણે, વાંચે, વિચારે પણ અંદરથી માન્યતામાં ગડબડ છે તે કાઢતો નથી.

ત્રિકાળી વસ્તુસ્થિતિ શું છે, વર્તમાનદશામાં વિકૃતિ શું છે, તે વિકૃતિ કેમ અટકે

તેની અજ્ઞાની જીવને ખબર નથી. આવા તત્ત્વની દૃષ્ટિ વગર ધર્મ થાય એમ ત્રણકાળમાં કદી બનતું નથી.

જે વડે નવા કર્મ ખેંચાય એવી હિંસા, જૂઠ, વિષય આદિ કે દયા, દાનાદિ શુભ, અશુભ ક્રિયાને આસ્રવતત્ત્વ કહે છે. હવે, ૩૧માં શ્લોકમાં સંવરતત્ત્વનું વર્ણન કરે છે.

સંવર એટલે રાગ-દ્વેષના, પુણ્ય-પાપના પરિણામ ઉત્પન્ન ન થવા અને આત્માના આશ્રયે નિર્મળદશા પ્રગટ થવી તેને સંવર કહે છે. ટૂંકામાં, 'રાગનું અટકવું અને નિર્મળતાનું પ્રગટવું તે સંવર છે.' પુણ્ય-પાપના પરિણામ તે સંવર ન હતાં એ તો આસ્રવ હતાં-બંધના કારણ હતાં.

**जो उपयोग स्वरूप धरि, बरतै जोग विरत्त।**
**रोकै आवत करमकौं, सो है संवर तत्त।।३१।।**

સંવર એટલે ધર્મની નિર્મળ-પવિત્ર દશા. તે પવિત્ર દશાનું સ્વરૂપ શું?-**जो उपयोग स्वरूप धरि** પુણ્ય-પાપના વિકલ્પ વિના, શુદ્ધસ્વરૂપ આત્માનો ઉપયોગ ધરે, વ્યાપાર કરે તેને સંવર કહે છે. વ્રત લઈને બેસી જવાથી સંવર થતો નથી પણ તેનાથી ધર્મ માનવાથી તો ઉલટું મિથ્યાત્વ થાય છે.

આત્મા જાણનાર-દેખનાર ચૈતન્યબિંબસ્વરૂપ પ્રભુ છે તેનો પુણ્ય-પાપના ભાવરહિત, જાણવા-દેખવાનો શુદ્ધ-નિર્મળ વ્યાપાર તે સંવર છે. સચ્ચિદાનંદપ્રભુનો વીતરાગી-નિર્મળ ઉપયોગ-ચૈતન્યના આશ્રયે પ્રગટ થયેલો જાણવા-દેખવાનો જે નિર્મળ પરિણામ ઉપયોગને ધરે તે સંવરતત્ત્વ છે.

લોકોને આવું ધર્મનું સ્વરૂપ આકરું પડે છે જાણે મેરુપર્વત ઉપાડવો ન હોય! આમ ને આમ અનંત જિંદગીનો ચાલી ગઈ. ધર્મ કોઈ'દિ કર્યો ન હતો પણ માનતો હતો કે હું ધર્મ કરું છું.

ઉપયોગથી ધર્મ અને ક્રિયાથી કર્મ એમ આવે છે ને! શુભ-અશુભભાવ તે રાગની ક્રિયા છે તેનાથી કર્મ આવે છે અને ઉપયોગે ધર્મ એટલે શુદ્ધ ચૈતન્યવસ્તુમાં અંતર એકાગ્ર થઈને જાણવા-દેખવાના શુદ્ધ પરિણામ પ્રગટ કરવા તેને શુદ્ધ ઉપયોગ કહે છે, તે જ ધર્મ છે અને તેને જ સંવર કહે છે. પહેલાં જે શુભ અને

www.vitragvani.com



અશુભભાવ કહ્યાં તે આસ્રવતત્ત્વ છે અને જે શુદ્ધ ઉપયોગને ધારણ કરે છે તે સંવરતત્ત્વ છે.

**वत्थुसहावो धम्मो।** જાણવું, દેખવું અને આનંદ તે જીવનો અવિનાશી ત્રિકાળ સ્વભાવ છે તેમાં એકાકાર થઈને જાણવા-દેખવાના અને આનંદના શુદ્ધ પરિણામનું કરવું, થવું અને ધરવું તેને સંવર અથવા ધર્મ કહેવામાં આવે છે.

આ સંવર તે જીવની નિર્વિકારી દશા છે, દ્રવ્ય ગુણ નથી પણ નિર્મળ પર્યાય છે અને પુણ્ય-પાપ તથા આસ્રવ, બંધ તે વિકારી પર્યાય છે.

**वरते जोग विरत्त** જે શુભ-અશુભભાવથી વિરક્ત થાય છે અને શુદ્ધભાવથી સહિત છે તે સંવર છે, તેનું જ નામ સમકિત છે અને તે જ ધર્મ છે.

સંવર અને આસ્રવ બંને વિરુદ્ધદશા છે. આસ્રવમાં જીવ શુભ-અશુભક્રિયાના રસમાં રક્ત છે અને સંવરમાં તેનાથી વિરક્ત છે. આસ્રવ અશુદ્ધ ઉપયોગ છે અને સંવર શુદ્ધ ઉપયોગ છે. આસ્રવ કર્મોને ખેંચે છે અને સંવર કર્મોને આવતા રોકે છે. આસ્રવ અધર્મ છે અને સંવર ધર્મ છે.

શાંતિની શુદ્ધ ઉપયોગરૂપ ક્રિયાને ભગવાન સંવર કહે છે. આ મૂળ તત્ત્વને સમજ્યા વગર વ્રત, પોષા ને પ્રતિક્રમણ આદિ કરવાથી કે યાત્રા કરી લેવાથી ધર્મ નહિ થઈ જાય. એ તો બધી વિકલ્પની લાગણી છે. 'કરવું' તેમાં તો જીવના સ્વભાવનું હણાવું થાય છે.

લોકોને ધંધા આદિ અશુભ ક્રિયામાંથી બહાર આવવાનો સમય જ નથી. તેમાં થોડો સમય કાઢીને શુભક્રિયા કરીને માની લે કે અમને થઈ ગયો ધર્મ! પણ એ વ્યવહાર ધર્મનો અર્થ જ એ કે, ધર્મ નથી તેને ધર્મ કહેવો તેનું નામ વ્યવહાર. જેનું જે સ્વરૂપ નથી તેને તે,રૂપે કહેવું તેને વ્યવહાર કહેવાય છે.

ભગવાન આત્મા પરમ અતીન્દ્રિય આનંદનો રસકંદ છે. તેમાં શુભ-અશુભરાગથી વિરક્ત થઈને આ પરમ આનંદકંદમાં લીન થતાં જે શુદ્ધોપયોગ પરિણામ પ્રગટ થાય છે તેને ભગવાન સંવરતત્ત્વ કહે છે. સંવર થયો તેને પાપ અટકી ગયાં.

કોઈ તો એમ કહે કે, ભગવાનની ભક્તિ કરો તો તમને સંવર અને નિર્જરા થશે. પણ ભાઈ! ભગવાન તો પરદ્રવ્ય છે. તેની ભક્તિનો ભાવ એ તો રાગ



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

છે, તેનાથી ધર્મ કેવી રીતે થાય? તેમાં ભક્તિની ધૂન જગાવીને કર્તાપણું થાય તે તો મિથ્યાત્વ છે. પણ એણે અનંતકાળમાં એક સેકંડ પણ આ માર્ગ પ્રગટ કર્યો નથી એટલે અઘરું લાગે છે અને રાગના રસમાં તો અનાદિથી ટેવાયેલો છે તેથી એ સહેલું લાગે છે.

લોકોને એકાંત કોને કહેવાય અને અનેકાંત કોને કહેવાય તેની ખબર નથી અને શબ્દ પકડીને ઊંધા અર્થ કરે છે. વ્યવહારથી પણ ધર્મ થાય અને નિશ્ચયથી પણ ધર્મ થાય તેનું નામ અનેકાંત છે એમ માને છે. નિશ્ચયથી જ ધર્મ થાય તે તો એકાંત છે એમ કહે છે. પણ ભાઈ! તને એકાંત અનેકાંતની ખબર જ નથી જુઓ! અહીં क्रिया रसरत्त અને वरते जोग विरत्त કહીને અનેકાંત કર્યું છે. વિકારની ઉત્પત્તિ ન થવી અને નિર્દોષ સ્વભાવ પ્રગટ થવો તેને સંવર,ધર્મ કહે છે.

ભાષા તો બહુ સહેલી છે, ભાવ ઊંડા છે.

અનંતકાળથી આથડયો, વિના ભાન ભગવાન,<br>
સેવ્યા નહિ ગુરુ,સંતને, મૂક્યું નહિ અભિમાન.

અમે શાસ્ત્ર જાણીએ છીએ એવા અભિમાન મૂક્યા નહિ અને આત્માનું જ્ઞાન કર્યું નહિ તેથી જીવ રખડ્યો છે. સચ્ચિદાનંદ, નિર્મળાનંદપ્રભુ આત્માને ભગવાન સર્વજ્ઞદેવે જેવો જોયો અને જેવો કહ્યો છે એવો અનંતજ્ઞાન, દર્શન, આનંદ આદિ ગુણનો પિંડ પ્રભુ આત્મા....તેની સન્મુખ થઈને જેણે શુદ્ધોપયોગને ધાર્યો છે તેને ભગવાન સંવર નામ ધર્મની શરૂઆત કહે છે. શુદ્ધોપયોગથી જ ધર્મની શરૂઆત થાય છે.

ભગવાન આત્મા મહાપ્રભુ છે, અનંત અનંત આનંદનો રસકંદ છે તેમાં પુણ્ય-પાપના વિકલ્પની ગંધ પણ નથી. આવું સત્ છે ભાઈ! હવે સત્‌ને અસત્ કેમ કહેવાય! અને અસત્‌ને સત્ કેમ મનાય? પુણ્ય-પાપના વિકલ્પો આત્માના સત્‌માં નથી પણ એ તો કર્મના ઉદયમાં જોડાઈને નવાં ઉત્પન્ન કરે છે. પુણ્ય-પાપના વિકલ્પરૂપ જગતથી આત્મતત્ત્વ જુદું છે.

બનારસીદાસજી મોટા કવિ હતા ને! ભાષા બહુ સરસ વાપરી છે. શુભાશુભભાવને રાગરસની ક્રિયા કહીને, તે કર્મને ખેંચવામાં કારણ છે, કર્મને રોકવામાં કારણ નથી

www.vitragvani.com



એમ કહ્યું છે શુભ-અશુભ યોગથી વિરક્ત થયો છે અને પોતાના ઉપયોગ સ્વરૂપને ધાર્યો છે તેને ધર્મ છે. આ અનેકાંત છે.

શ્રીમદ્જીએ પણ કહ્યું છે કે, અનેકાંત પણ સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ સિવાય અન્ય હેતુએ ઉપકારી નથી. સમ્યક્ સ્વભાવ તરફ ઢળતાં શુદ્ધોપયોગ પ્રગટ થાય છે અને શુભ છે તેનું જ્ઞાન થાય છે તેને અનેકાંત કહે છે. વવાણિયા ગયાં હતાં ત્યારે આ લીટીનો અર્થ કર્યો હતો. કલાક ચાલ્યો હતો. કલ્પનાથી અર્થ કરે તે ન ચાલે. વસ્તુની સ્થિતિ જે પ્રમાણે છે, સંતો, આચાર્યોનો જે અભિપ્રાય છે તે અભિપ્રાયે અર્થ કરો તો જ વસ્તુની સ્થિતિ હાથમાં આવે-સમજાય. ભલે પર્યાયનું અને રાગનું જ્ઞાન હોય પણ સ્વભાવ તરફ ઢળે તો જ એ જ્ઞાન યથાર્થ થઈ શકે. સમ્યક્ એકાંત તરફ ઢળ્યા વગર અનેકાંતનું જ્ઞાન પણ યથાર્થ ન હોઈ શકે.

જે પોતાના શુદ્ધ ઉપયોગસ્વરૂપને ધરે છે અને શુભ-અશુભરાગથી વિરક્ત થાય છે તે કર્મોને આવતા રોકે છે તેનું નામ સંવર છે. પોષો લઈને ૨૪ કલાક બેસી રહેવાથી સંવર થઈ જતો નથી. હું પરથી નિવર્ત્યો છું એ માન્યતા જ મિથ્યાત્વ છે. કેમ કે, તે જડની ક્રિયામાં જ હું પણું માનીને બેઠો છે. **जोग विरत्त**નો અર્થ જ એ છે કે, શુભ-અશુભ વિકલ્પથી નિવર્તવું અને સ્વભાવ સન્મુખ ઠરવું તેનું નામ ધર્મ છે. જડની ક્રિયાથી તો આત્મા નિવૃત્ત જ છે. જડની ક્રિયાને કરતો જ નથી તો જેનાથી નિવૃત્ત જ છે તેનાથી નવું નિવૃત્ત થવાનું ક્યાં રહ્યું! આ તો શુભ-અશુભ ક્રિયામાં અજ્ઞાનથી જોડાતો હતો તેનાથી વિરક્ત થવું અને સ્વભાવમાં રક્ત થવું એટલે શુદ્ધોપયોગ પ્રગટ થવો તે કર્મ રોકવાનું કારણ છે.

સમકિતીના કથન હોય, શ્રાવકના હોય, મુનિના હોય કે કેવળીના હોય પણ કોઈના કથનમાં ફેર ન હોય. તેની પોતાની સ્થિરતામાં ફેર છે તે જુદી વાત છે. તે ચારિત્રની સ્થિરતાના ભેદ છે પણ વસ્તુની દૃષ્ટિમાં કોઈને ફેર નથી તેથી જેવું કેવળી પ્રરૂપે તેવું જ સમકિતી પ્રરૂપે છે. બનારસીદાસજીએ આગળ આઠમાં શ્લોકમાં લીધું છે કે! **जाके घट प्रगट विवेक गणधरकौसौ।** તીર્થંકરના વજીર, ધર્મરાજાના દીવાન જે ગણધરદેવ તેને જેવી શ્રદ્ધા છે એવી જ શ્રદ્ધા સમકિતીને હોય છે. પછી સમકિતી ભલે નરકમાં હો, તિર્યંચમાં હો, મનુષ્યમાં હો કે દેવમાં હો, શ્રદ્ધા દરેકની સમાન છે.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

છઢાળામાં પણ કહ્યું છે 'ચરિતમોહવશ લેશ ન સંયમ, પૈ સુરનાથ જજૈ હૈં.' ચારિત્રમોહના તાબામાં થઈ જવાથી આસક્તિ છૂટતી નથી છતાં સમકિતીનો ઇન્દ્રો પણ આદર કરે છે. સમકિતીને આસક્તિથી વિરક્ત તો થઈ છે તેથી તો સમકિતી થયા છે પણ આસક્તિ છૂટતી નથી.

અહા! અનાદિથી ભ્રમણામાં ભૂલેલા જીવોને સવળે રસ્તે આવવું કઠણ પડે છે બહારની પ્રવૃત્તિ કરવી,દુકાન છોડીને ધર્મસ્થાનકે આવીને બેસવું એ કાંઈક ધર્મની ક્રિયા કરી એવું લાગે છે પણ ભાઈ! દુકાનથી તો તું છૂટો જ છો. શુભ-અશુભરાગની ક્રિયાથી નિવૃત્તિ થવું તે નિવૃત્ત છે અને શુદ્ધોપયોગ પ્રગટ કરવો તે તારી ધર્મની પ્રવૃત્તિ છે.

**रोकै आवत कर्मकौं, सो है संवर तत्त।** શુભ અશુભરાગની ક્રિયાથી રહિત થવું અને નિર્મળ દશા પ્રગટ કરવી તેને અહીં સંવરતત્ત્વ કહે છે.

સંવર આસ્રવને રોકી દે છે એટલે કર્મ આવતાં હતાં અને તેને અટકાવી દીધા એમ નથી. સ્વભાવનો આશ્રય લેવાથી પુણ્ય-પાપ ઉત્પન્ન થતાં નથી તેથી કર્મ આવતાં નથી રોક્યા એમ કહેવામાં આવે છે, કાંઈ કર્મના રજકણો આવતાં હતાં અને તેને અટકાવી દીધા એમ અર્થ નથી. પૂર્વે પોતે શુભાશુભરાગમાં રોકાતો હતો તો કર્મ આવતાં હતાં અને હવે તેનાથી નિવૃત્ત થઈને શુદ્ધોપયોગમાં રોકાયો તેથી કર્મ તેની મેળે આવતાં જ નથી.

એક એક તત્ત્વના અર્થ સમજવામાં પણ મોટો ફેર છે, પોતાની કલ્પનાએ અર્થ કરે અને માને કે, અમે બરાબર અર્થ કરીએ છીએ. ભાઈ! શાસ્ત્રને સમજવાની આંખો કોઈ બીજી હોય છે.

**रोकै आवत कर्मकौं** એટલે આવતાં કર્મોને અટકાવ્યા નથી પણ કર્મને આવવાનું કારણ જે રાગ તે ન થયો અને શુદ્ધોપયોગ થયો તેથી કર્મ આવવાના જ ન હતાં તે ન આવ્યા તેને વ્યવહારથી રોક્યાં એમ કહેવાય છે.

આ સંવરતત્ત્વની વ્યાખ્યા થઈ. હવે નિર્જરાની વ્યાખ્યા આવશે.

# સંવર-નિર્જરા તત્ત્વનું વાસ્તવિક સ્વરૂપ

(સળંગ પ્રવચન નં. ૧૦)

શ્રી સમયસાર નાટકનો આ ભૂમિકા અધિકાર છે. તેમાં જીવ, અજીવ, આસ્રવ, પુણ્ય, પાપનું વર્ણન આવી ગયું છે. હવે સંવરનું વર્ણન ચાલે છે.

સંવર કોને કહે છે? અર્થાત્ ધર્મ કોને કહે છે? ધર્મ કેમ ઉત્પન્ન થાય? તેનું આ સંવરતત્ત્વમાં વર્ણન આવે છે.

जो उपयोग स्वरूप धरि, वरतै जोग विरत्त।
रौकै आवत करमकौं, सो है संवर तत्त।।३१।।

શુભ અને અશુભ વિકલ્પરૂપ ભાવ છે તેને રોકીને અથવા તેનાથી વિરક્ત થઈને જે જાણવા-દેખવારૂપ શુદ્ધ ઉપયોગને ધારણ કરે છે તે સંવર છે. દયા, દાન, વ્રત, ભક્તિ પૂજાદિના ભાવ થાય છે તે શુભજોગ છે અને હિંસા, જૂઠ, ચોરી, ક્રોધ, માન આદિના ભાવ થાય તે અશુભજોગ છે તેનાથી વિરક્ત થઈને જ્ઞાતા-દૃષ્ટા ભાવને ધરે છે તે સંવર છે અર્થાત્ શુભ-અશુભભાવથી રહિત શુદ્ધભાવને ધારણ કરવો તેનું નામ સંવર અથવા ધર્મ છે.

અજ્ઞાનીઓ જેને આત્મા કહે છે તે નહિ પણ સર્વજ્ઞ વીતરાગદેવે જોયેલો અને કહેલો જે આત્મા તે શરીર, વાણી અને કર્મથી તો ભિન્ન છે જ પણ દયા, દાન, વ્રતાદિ, શુભભાવ અને હિંસા, જૂઠ, ચોરી, વાસના, ક્રોધ, માનાદિના અશુભભાવથી પણ ચૈતન્યતત્ત્વ ભિન્ન છે.

આવા ચૈતન્યપ્રભુનું માહાત્મ્ય કરીને જે શુદ્ધ ત્રિકાળીભાવમાં એકાકાર થાય તેને રાગના મેલ રહિત જે શુદ્ધોપયોગ થાય તે સંવરતત્ત્વ છે. પોતાના ચૈતન્યસ્વભાવની દૃષ્ટિ કરીને, પુણ્ય-પાપના વિકલ્પ રહિત જે શુદ્ધ પરિણામ પ્રગટ થાય તેને પરમાત્મા સંવરતત્ત્વ કહે છે.

જુઓ! માર્ગ જ આવો છે. દુનિયા ન માને એટલે કાંઈ માર્ગ ફરી જતો નથી. દુનિયાને તો હજી ખબર જ નથી કે ધર્મ શું ચીજ છે અને તે કેમ પ્રગટ થાય છે.

ભગવાન આત્મા શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન છે, ચૈતન્ય પ્રકાશસ્વરૂપ પવિત્ર મૂર્તિ છે, તેની સન્મુખતા કરી, રાગથી વિમુખ થઈ પોતાના શુદ્ધભાવને ધારણ કરે તેને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સંવર કહેવાય છે. સંવરથી જ ધર્મની શરૂઆત થાય છે.

**जो उपयोग स्वरूप धरि, वरतै जोग विरत्त।** આમાં અસ્તિ-નાસ્તિ કરીને બતાવ્યું છે. જ્ઞાનાનંદસ્વભાવનો શુદ્ધ વ્યાપાર કર્યો તે અસ્તિ અને શુભ-અશુભ વિકલ્પથી વિરક્ત થયો તે નાસ્તિ.

**रोके आवत करमकौं** એટલે કર્મ આવતા હતા અને અટકાવ્યા એમ નહિ પણ શુદ્ધભાવ થવાથી કર્મ આવ્યા જ નહિ, પહેલાં શુભ-અશુભભાવ હતાં તેના નિમિત્તે કર્મ આવતાં હતાં, હવે શુભાશુભભાવથી વિરક્ત થઈને શુદ્ધભાવમાં આવ્યો તેથી કર્મ આવવાના જ ન હતાં તે ન આવ્યા, તેને અહીં કર્મને રોક્યા એમ કહ્યું છે. કર્મના એક પણ રજકણને લાવવો કે રોકવો તે જીવના અધિકારની વાત નથી. કેમ કે, કર્મ તો જડ છે અને આત્મા ચૈતન્ય છે. આવે છે ને!-કે 'દાને દાને પે લિખા હૈ ખાનેવાલેકા નામ.' તેનો અર્થ શું? જે રજકણનો પિંડ જેની પાસે આવવાનો છે તે તેની પાસે આવશે....આવશે ને આવશે જ અને જે પરમાણુ નથી આવવાના તે નહિ જ આવે, તેમાં આત્માનો કાંઈ અધિકાર નથી. આહાર લઉં કે ન લઉં એવો વિકલ્પ હોય પણ આહાર આવવો કે ન આવવો તે જડની ક્રિયા છે. તેનો અજ્ઞાની સ્વામી થવા જાય છે માટે તે મિથ્યાદૃષ્ટિ છે.

શરીર સદાય અજીવ છે તે જીવની સાથે રહ્યું છે પણ કાંઈ જીવ થઈને રહ્યું નથી. શરીર તો અજીવપણે જ રહ્યું છે. છતાં અજ્ઞાની મૂઢ તેને મારું માને છે તે તો ઉઠાવગીર કહેવાય કે જે પરચીજને પોતાની માની લે છે.

સિદ્ધાંત નક્કી કરો કે, શરીર અજીવપણે જ રહેલું છે. જો શરીર જીવપણે હોય તો તે અરૂપી હોવું જોઈએ પણ શરીર તો રૂપી છે, જડ છે. વાણી પણ જડ છે ને પૈસો પણ જડ -ધૂળ છે તે તમારી થઈને રહી નથી. ધૂળ તો ધૂળ જ છે.

અહીં તો આચાર્યદેવ કહે છે કે-આસ્રવતત્ત્વ પણ જીવ નથી. શુભાશુભ પરિણામ જે આસ્રવતત્ત્વ છે, મેલ છે તેને પોતાના માને છે તે મૂઢ મિથ્યાદૃષ્ટિ છે, અજૈન છે. લોકોએ સત્ય શું છે-તત્ત્વ શું છે તે સમજણમાં લીધું જ નથી. અનાદિથી ગડબડ-ગડબડ માની રાખ્યું છે.

લોકોને અંતરની અપૂર્વ ચીજ શું છે તે સાંભળવા પણ મળી નથી. માત્ર બહારથી વ્રત લઈ, તપ કરી, યાત્રા કરી એટલે ધર્મ થઈ ગયો એમ માની લે છે. વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા તો કહે છે કે, શુભાશુભ પરિણામનું અટકવું, તેનાથી વિરક્ત થવું અને આનંદકંદપ્રભુમાં લીન થવું તે સંવર છે-તે ધર્મ છે.

www.vitragvani.com



આ સંવરનું વર્ણન તો આગળ આવી ગયું હતું. આ તો નિર્જરા સાથે તેનો સંબંધ જોડવા થોડું વર્ણન લીધું.

ચૈતન્યસ્વરૂપનો તો અનાદિ અનંત વીતરાગસ્વરૂપે જ છે તેની દૃષ્ટિ કરતા વીતરાગ-ભાવનું વેદન થાય અને નવા કર્મો આવતાં અટકે તે તો સંવરની ભૂમિકા થઈ. પણ હવે જૂના કર્મો બાકી રહ્યાં તેનું શું કરવું તે માટે નિર્જરાનું સ્વરૂપ વર્ણવે છે. જેને સંવર નથી તેને તો નિર્જરા હોતી જ નથી. સંવરપૂર્વક નિર્જરા થાય એ જ ખરી નિર્જરા છે.

પુણ્યથી ધર્મ થાય છે એવી જેની દૃષ્ટિ છે તે તો છ-છ મહિનાના ઉપવાસ કરે કે કરોડોના દાન આપે પણ તેને ધર્મ થતો નથી અને નિર્જરા પણ થતી નથી. આગળ કહ્યું કે શુદ્ધતત્ત્વની ઓળખાણ અને તેની સન્મુખ દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પ્રગટ થયા એટલે નવા કર્મો આવતા નથી પણ જૂના કર્મો જે સત્તામાં પડ્યાં છે તેનો નાશ કેવી રીતે કરવો તેની હવે વાત કરે છે.

जो पूरव सत्ता करम, करि स्थिति पूरन आउ।
खिरबेकौं उद्यत भयौ, सो निर्जरा लखाउ।।३२।।

પૂર્વે અજ્ઞાનભાવથી બાંધેલા જે કર્મ સત્તામાં પડ્યા છે તેનું હવે આત્મભાનપૂર્વક સંવરદશામાં ટળવું-ઝરવું-ખરવું કેવી રીતે થાય કે તે કર્મોની સ્થિતિ પૂરી જ થવા આવી છે અને ભગવાન આત્મા પોતાના આનંદસ્વરૂપમાં પુરુષાર્થ કરીને આવ્યો એટલે તરત કર્મ ખરી જાય છે.

જુઓ શેઠ! આ પૈસા આવે છે તે તમારા ડહાપણથી આવે છે એમ નથી હો. પૂર્વના પુણ્યના કર્મો સત્તામાં પડ્યા હોય તે ગળવાની તૈયારી હોય ત્યારે આવા સંયોગો દેખાય, કર્મો અને સંયોગોની સોગઠી ગોઠવાય જાય. પણ તમારી હોંશિયારીથી ધન આવે છે એમ નથી. અમે ઘણાં એવા બુદ્ધિના બારદાન માણસો જોયા છે કે તેને પૈસાના ઢગલા હોય છે.

જેમ ઝાડની ડાળ ઉપરથી ફળ ખરવાની તૈયારી હોય ત્યારે એ ડીટયાંમાંથી જુદું પડી જાય છે તેમ પૂર્વકર્મોના પાક કાળે સામે એવી યોગ્યતાવાળા સંયોગોની સોગઠી ગોઠવાઈ જાય છે તેમાં આત્માનો પુરુષાર્થ કાંઈ કરતો નથી. છતાં વસ્તુસ્થિતિથી અજાણ માણસો એમ માને છે કે અમે બરાબર વ્યવસ્થા જાળવી, કામકામજનો દોર હાથમાં રાખ્યો એટલે આટલા ધનાદિ મળ્યા છે. આ તેનો મોટો મિથ્યાભ્રમ છે.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

પુણ્ય, પાપ, આસ્રવનું જુદાં જુદાં તત્ત્વરૂપે વર્ણન કર્યું પછી જે સ્વરૂપ-સન્મુખ દૃષ્ટિ કરીને અંતરમાં ઘૂસ્યો અને અતીન્દ્રિય આનંદ પામ્યો તેને મિથ્યાત્વના કર્મ આવતાં અટકી ગયા તે સંવરતત્ત્વ કહ્યું. હવે નિર્જરાના ત્રણ પ્રકાર છે : એક તો, શુદ્ધોપયોગની ઉગ્રતા કરવી તે નિર્જરા છે. પંચાસ્તિકાયમાં તો 'શુદ્ધોપયોગ'ને નિર્જરા કહી છે. બીજી, શુભાશુભભાવરૂપ અશુદ્ધ ઉપયોગ ન થવો અર્થાત્ તેનો નાશ થવો તે નિર્જરા છે અને ત્રીજી, કર્મોનું ખરી જવું તે જડની નિર્જરા થઈ.

સમજાણું કાંઈ? આ તો અભ્યાસ કરે તો સમજાય તેવું છે. ફરી લઈએ. શુભ અને અશુભભાવ તે અશુદ્ધ ઉપયોગ છે. બંધના કારણ છે. તે ન થયા, ગળી ગયા તે નાસ્તિથી નિર્જરા થઈ અને શુદ્ધોપયોગરૂપ પવિત્રતાની પ્રાપ્તિ તે અસ્તિથી નિર્જરા થઈ અને એ વખતે કર્મો પોતાની સ્થિતિ પૂરી કરીને ખરી જાય છે તે જડની નિર્જરા છે.

કર્મ તો જડ છે તેને લાવવા કે છોડવા તે આત્માનું કાર્ય નથી. કર્મનો આત્મા સ્વામી નથી અને કર્મ આત્માના દાસ નથી, બંને સ્વતંત્ર તત્ત્વ છે પણ અહીં જીવના શુદ્ધોપયોગરૂપ પરિણામ થવાથી અશુદ્ધતાનો નાશ થાય છે ત્યારે કર્મ તેની પોતાની યોગ્યતાથી ખરી જાય છે. જીવ તો શુદ્ધઉપયોગનો ઉદ્યમ કરે છે અને અતીન્દ્રિય આનંદનું ભોજન કરે છે તે કાંઈ કર્મમાં ફેરફાર કરતો નથી.

ઉપવાસ આદિ ક્રિયાથી કર્મો ખરતાં નથી. છઢાળામાં આવે છે 'મુનિવ્રત ધાર અનંત બેર ગ્રૈવેઈક ઉપજાયો....' આ જીવે અનંતવાર મુનિવ્રત ધારણ કર્યા, પંચમહાવ્રત પાળ્યા, અઠ્યાવીસ મૂળગુણ ધાર્યા, ચામડી ઉતરડીને ખાર છાંટે તોપણ ક્રોધ ન કર્યો-એટલી ક્ષમા રાખી પણ આત્માનું ભાન કર્યું ન હતું તેથી બધી પુણ્યની ક્રિયાથી કર્મ બાંધતો હતો.

સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ તીર્થંકરદેવે ઈન્દ્રો અને ગુણધરોની હાજરીમાં દિવ્યધ્વનિ દ્વારા કહેલી આ વાત છે. કુંદકુંદ આચાર્ય સીમંધર ભગવાન પાસે ગયા હતાં તેને બે હજાર વર્ષ થઈ ગયા. અત્યારે પણ મહાવિદેહમાં સીમંધર ભગવાન બિરાજે છે અને ભવિષ્યમાં હજુ અબજો વર્ષ રહેશે. બહુ લાબું-કરોડપૂર્વનું એમનું આયુષ્ય છે.

કરોડપૂર્વ કોને કહેવાય એ ખબર છે? ઘરમાં પૈસા કેટલા છે એ તો ખબર રાખો છો અને આમાં કહેશો કે એ તો ભગવાન જાણે. તો ભગવાન તો જાણે જ છે. પણ આ ભગવાનભાઈએ પણ જાણવું જોઈએ ને! કરોડપૂર્વની સ્થિતિ એવી છે કે, એક પૂર્વની અંદર સીત્તેર લાખ કરોડ અને છપ્પન હજાર કરોડ વર્ષ ચાલ્યા જાય છે. આટલા વર્ષનો તો એક

પૂર્વ અને એવા કરોડ પૂર્વની સ્થિતિ પૂરી થશે ત્યારે સીમંધર ભગવાન મોક્ષમાં જશે. અનંતકાળની પાસે આ સ્થિતિ પણ બહુ નાની છે.

સંવત ૪૯મા કુંદકુંદ આચાર્ય ત્યાં મહાવિદેહમાં ગયા હતાં. આઠ દિવસ રહ્યા હતાં અને આવીને આ સમયસારની રચના કરી હતી. તેના ઉપર ૯૦૦ વર્ષ પહેલાં થઈ ગયેલાં અમૃતચંદ્ર આચાર્યે કળશ રચ્યા અને તેના ઉપર રાજમલ્લજીએ ટીકા રચી છે અને તેના ઉપરથી બનારસીદાસજીએ આ નાટક સમયસાર બનાવ્યું છે.

તેમાં અહીં નિર્જરાના વર્ણનમાં કહે છે કે તે વખતે કર્મોનો તો ગળવાનો સમય હતો જ પણ તે સમયે જીવે શું પુરુષાર્થ કર્યો? કે જીવે સ્વભાવ સન્મુખની જાગૃતિમાં વિશેષ શુદ્ધતા પ્રગટ કરી પુણ્ય-પાપના વિકલ્પથી છૂટીને નિર્વિકલ્પ ચૈતન્ય ભગવાન આત્મામાં ઉગ્ર પુરુષાર્થથી જામી ગયો. તેનું નામ નિર્જરા કહેવામાં આવે છે.

અરે! અનંતવાર મનુષ્યપણું મળ્યું, અનંતવાર સાધુ થયો, ત્યાગી થયો પણ પોતાનું મૂળ સત્ત્વ શું છે તેનો પત્તો લીધો નહિ અને તત્ત્વની દૃષ્ટિ વગર તો કિંચિત્‌માત્ર પણ સંવર કે નિર્જરા થતાં નથી. અહીં કહે છે **खिरबेकौ उद्यत भयौ** એટલે શું? કે કર્મોને ખરવાની તૈયારી થઈ અને આત્મા પોતાના સ્વભાવ તરફના પુરુષાર્થમાં જોડાઈ ગયો. ચૈતન્યનૂર, સ્વભાવના પૂરમાં પ્રવેશ કરીને વિશેષ શુદ્ધતા પ્રગટ કરી તેને પુરુષાર્થ વડે નિર્જરા કરી કહેવાય છે.

આ વાતો મોંઘી લાગે એટલે સાધારણ સમાજના જીવો તો એમને એમ રખડી મરે છે. પૈસાવાળા દાન દઈને ધર્મ માની લે છે. શરીરના બળિયા હોય એ ક્રિયા કરીને ધર્મ કર્યો માની લે છે અને મનના બળિયા એટલે ક્ષયોપશમના-જ્ઞાનના ઉઘાડવાળા વાતો કરીને ધર્મ માની લે છે.

ચોરાશી લાખ યોનિમાં એકે એકમાં અવતાર ધારણ કર્યા છે પણ ભૂલી ગયો છે એટલે શું અવતાર નો'તા કર્યા! અરે, નરકના એક ક્ષણના દુઃખ સાંભળ્યા જાય નહિ તેવી નરકમાં અનંતવાર જઈ આવ્યો છે. નરકનું ઓછામાં ઓછું આયુષ્ય પણ દશ હજાર વર્ષનું છે અને વધુમાં વધુ ૩૩ સાગરની સ્થિતિ છે. એક સાગરમાં ક્રોડાક્રોડી પલ્યોપમ જાય અને એક પલ્યોપમના અસંખ્યમાં ભાગમાં અસંખ્ય અબજ વર્ષો જાય છે. આગળ કરોડ પૂર્વની સ્થિતિ કીધી એવાં તો અસંખ્ય અબજ કરોડ પૂર્વ જાય ત્યારે એક સાગર થાય. આટલા લાંબા કાળની સ્થિતિએ સાતમી નરકમાં પણ જીવ અનંતવાર જઈ આવ્યો. એક પોતાના આત્માનું જ્ઞાન નહિ, સમ્યગ્દર્શન શું છે તેનું ભાન નહિ તેથી અજ્ઞાનમાં જીવે નરકાદિમાં જે દુઃખ ભોગવ્યા

www.vitragvani.com



તે ભગવાન જાણે અને પોતે વેદે. બાકી વાણીમાં તે આવી શકે તેમ નથી.

જીવે અનંતા નરકના ભવ કર્યા તેનાથી અસંખ્યગુણા અનંતા સ્વર્ગના ભવ કર્યા જ્યાં એકલું પુણ્યનું ફળ મળે છે એટલે દુનિયા તો તેને અમરધામ-વૈકુંઠ માને છે એવા સ્થાનમાં ૩૧-૩૧ સાગરની સ્થિતિએ અનંતવાર જઈ આવ્યો પણ પુણ્ય-પાપથી રહિત, આનંદસ્વરૂપ ભગવાન આત્મા કે જેને વિકલ્પના સહારાની પણ જરૂર નથી તેની અનંત અનુભવ દૃષ્ટિ જીવે કદી કરી નથી. પરમાત્માએ કહેલી આત્માની આ વાત જીવને અંતરમાં કદી બેઠી નથી. આમ તે કાંઈ હોતું હશે એમ કાંઈ ને કાંઈ બચાવ કરીને અટકી ગયો છે.

સર્વથા બંધનો અભાવ તે તો મોક્ષ છે પણ એક દેશ બંધનો અભાવ થાય ખરેખર અંશે પવિત્રતા પ્રગટ થાય તેને નિર્જરા અથવા શુદ્ધતા કહેવામાં આવે છે. થોડું પણ સત્ય હોવું જોઈએ. હજી તો તત્ત્વ કોને કહેવું તે ખબર ન હોય અને ધર્મ થઈ જાય એમ કદી બનતું નથી. ''અનંતકાળથી આથડ્યો, વિના ભાન ભગવાન, સેવ્યાં નહિ ગુરુ સંતને, મૂક્યું નહિ અભિમાન.'' સંતોની વાત મળી નહિ અને અમે જાણીએ છીએ, એવા અભિમાનમાં ને અભિમાનમાં રહી ગયો. પણ શાસ્ત્રજ્ઞાન એ કોઈ ચીજ નથી. ચીજ તો એ કે જે અતીન્દ્રિય આનંદના નાથમાં દૃષ્ટિ અને સ્થિરતા વડે નિર્જરા પ્રગટ કરે છે તે ચીજ છે. બાકી ઉપવાસ કરી કરીને મરી જાય તોપણ તેને જરાય નિર્જરા નથી.

જગતને બેસે કે ન બેસે પણ મારગ તો આવો છે. અમારી પાસે માખણ લગાડવાની વાત નથી કે પૈસાવાળાને ધર્મ થાય અને ગરીબને ધર્મ ન થાય. પરમાત્મપ્રકાશમાં યોગીન્દ્રદેવે પંચમઆરાના પૈસાવાળા કેવા છે તે લખ્યું છે કે, પુણ્યથી વૈભવ મળે, વૈભવથી મદ થાય છે અને મદથી મતિ ભ્રષ્ટ થઈ જાય છે, અમે જ કાંઈક મોટા છીએ ગરીબોને તો ગણે જ નહિ અને મતિભ્રષ્ટ થવાથી અવિવેકથી પાપ બાંધે છે એવું પુણ્ય અમારે જોઈતું નથી.

આત્માના અનુભવપૂર્વક શુભભાવ આવે અને પુણ્ય બંધાય જાય તેમાં તો શુભભાવનો આદર નથી તેથી એના ફળ વખતે આ મારા છે એવું અભિમાન નથી હોતું પણ ઉપર જે કહ્યું એ તો અજ્ઞાનીના પુણ્યની વાત છે. મિથ્યાદૃષ્ટિનું પુણ્ય પણ પાપનું જ કારણ થાય છે.

પ્રભુ-આત્મા રજકણ અને રાગના અંશથી ભિન્ન છે. કર્મ તે રજકણ છે અને પુણ્ય-પાપભાવ તે રાગનો અંશ છે તે બંને તત્ત્વથી ભગવાન આત્મા એક જુદું તત્ત્વ છે. 'સિદ્ધ સમાન સદા પદ મેરો' એવા પરમાત્મસ્વરૂપમાં ઉપયોગ ઉગ્રપણે એકાગ્રતા પ્રગટ કરે તેને અહીં નિર્જરા તત્ત્વ કહેવામાં આવે છે અને આ નિર્જરાના ભાવને લઈને કર્મ એની મેળે



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ગળીને ખરી જાય છે તેને દ્રવ્યનિર્જરા કહેવાય છે.

હવે બંધતત્ત્વનું વર્ણન કરે છે. સંવરમાં નવા કર્મ અટકે છે, નિર્જરામાં જૂના કર્મો ખરે છે પણ આ બંધતત્ત્વ શું છે? કે જૂના કર્મોની સાથે નવા કર્મોને જોડી દે છે તે બંધ છે.

**जो नवकरम पुरानसौं, मिलैं गांठि दिढ़ होइ।**

**सकति बढ़ावै बंसकी, बन्ध पदारथ सोइ।।३३।।**

ભગવાન આત્મા અબંધસ્વરૂપ છે, પુણ્ય-પાપભાવ તે ભાવબંધ છે અને જડકર્મો બંધાય છે તે દ્રવ્યબંધ છે. જે નવા કર્મ, જૂના કર્મ સાથે પરસ્પર મળીને મજબૂતપણે બંધાઈ જાય છે અને કર્મશક્તિની પરંપરાને વધારે છે તે બંધ પદાર્થ છે.

મિથ્યાદૃષ્ટિને સ્વરૂપના અજ્ઞાનમાં નવા કર્મો જૂના કર્મો સાથે મળીને મજબૂત ગાંઠ બનાવી દે છે. તેથી કર્મનો વંશ વધી જાય છે. નિર્જરામાં શુદ્ધતાનો વંશ વધે છે અને આ બંધમાં કર્મનો વંશ વધે છે.

આ તો જેને ચારગતિમાં દુઃખ લાગ્યું હોય અને તેમાંથી નીકળવું હોય તેને માટે વાત છે. રાગમાં ક્યાંય પણ સુખ લાગતું હોય તો તે તો મિથ્યાદૃષ્ટિ છે. સ્વર્ગમાં પણ મજા માનતો હોય તે મૂઢ છે. સુખ તો એક આત્મામાં છે. તેને બદલે શરીરમાં, લક્ષ્મીમાં, શેઠાઈમાં, આબરૂમાં સુખ માને તે મૂઢ છે. પોતાનો આનંદ પરમાં માને એ તો મૂઢ જ હોય ને!

પોતાના ચૈતન્યસ્વરૂપને ભૂલીને, શરીરાદિ અજીવતત્ત્વને અને રાગાદિ આસ્રવતત્ત્વને પોતાના માનીને અજ્ઞાની મૂઢ જીવ નવા કર્મો બાંધે છે અને જૂનાની સાથે નવા કર્મો મળવાથી કર્મની ગાંઠ વધુ દૃઢ બનાવે છે.

આ મારગ જુદો છે ભાઈ! દુનિયા સાથે મેળવવા જઈશ તો ત્યાં ક્યાંય નહિ મળે.

જેની દૃષ્ટિ આત્મામાં નથી અને પુણ્ય-પાપ, આસ્રવ અને અજીવતત્ત્વમાં જેની દૃષ્ટિ છે તેને જૂના કર્મ તો સત્તામાં પડ્યા જ છે અને નવા બાંધે છે તે બંને મળીને કર્મની ગાંઠને મજબૂત બનાવી દે છે **सकति बढ़ावे वंसकी, बन्ध पदारथ सोइ।** પદાર્થ કહો કે તત્ત્વ કહો કે વસ્તુ બધું એક જ છે. વસ્તુ તરીકે તો પ્રભુ, બંધથી રહિત છે પણ એવી દૃષ્ટિ નથી અને પુણ્ય-પાપાદિ ભાવબંધ અને દ્રવ્યબંધથી હું સહિત છું એવી દૃષ્ટિ હોવાને લીધે મિથ્યાદૃષ્ટિ નવા કર્મ બાંધીને કર્મની શક્તિને પુષ્ટ કરે છે. જુઓ! આ બંધની વ્યાખ્યા છે.

પુરુષાર્થસિદ્ધિની ૧૪મી ગાથામાં લીધું છે કે આત્મા કર્મ અને કર્મના નિમિત્તે થતાં



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પુણ્ય-પાપના ભાવથી રહિત છે તેને સહિત માનવો એ જ ભવનું બીજ છે. આહા....! આત્મા દ્રવ્યકર્મ, ભાવકર્મથી રહિત હોવા છતાં સહિત માનવો એ જ ભવનું બીજ છે. એ જ બંધનું કારણ છે.

★ કારણપરમાત્મા એ જ ખરેખર આત્મા છે. નિર્ણય કરે છે પર્યાય, નિત્યનો નિર્ણય કરે છે અનિત્ય પર્યાય, પણ તેનો વિષય છે કારણપરમાત્મા, તેથી તે જ ખરેખર આત્મા છે. પર્યાયને અભૂતાર્થ કહીને વ્યવહાર કહીને અણાત્મા કહ્યો છે. કારણપરમાત્મા પ્રભુ ઉપાદેય છે, અતિ આસન્નભવ્ય જીવોને એવા નિજ કારણપરમાત્મા સિવાય અન્ય કોઈ ઉપાદેય નથી. પર્યાય કે રાગ કે નિમિત્ત કોઈ ઉપાદેય નથી. નિજ પરમાત્માને જે પર્યાયે ઉપાદેય કર્યો, તે પર્યાયને આત્મા કરતો નથી. અમિતગતિ આચાર્યદેવના યોગસારમાં આવે છે કે પર્યાયનો દાતા દ્રવ્ય નથી, કેમ કે પર્યાય સત્ છે ને સત્‌ને કોઈનો હેતુ નથી. તેથી સમ્યગ્દર્શનની પર્યાય સ્વનો આશ્રય લ્યે છે તે પર્યાયના પોતાના સામર્થ્યથી છે. આત્માનું જેવું સામર્થ્ય છે તેવું શ્રદ્ધા-જ્ઞાનમાં આવે છે પણ તે સમ્યગ્દર્શન-જ્ઞાનની પર્યાયના પોતાના સામર્થ્યથી છે, પરંતુ એ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે નિજ પરમાત્મા સિવાય અન્ય કાંઈ ઉપાદેય નથી.

★ જિનવચનમાં શુદ્ધ દ્રવ્ય અર્થાત્ ત્રિકાળી ધ્રુવવસ્તુ તે જ મુખ્ય છે, તેથી તે જ ઉપાદેય છે. આવા ત્રિકાળી ધ્રુવ શુદ્ધ ચૈતન્યને મુખ્ય કરીને તેમાં જે પુરુષો રમે છે, પ્રચુર પ્રીતિ સહિત વારંવાર અભ્યાસ કરે છે, તે પુરુષો શુદ્ધ ચૈતન્યમાત્ર આત્માનો તુરત જ સ્વાનુભવ કરે છે, પરમ શુદ્ધ ચૈતન્યજ્યોતિને દેખે છે, અનુભવે છે અર્થાત્ તેમાં ક્રિડા કરે છે, રમે છે.

*-પૂજ્ય ગુરુદેવશ્રી*



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

# પોતાનું દ્રવ્ય જ મુક્તિનું દાતા છે

(સળંગ પ્રવચન નં. ૧૧)

શ્રી નાટક સમયસારજી શાસ્ત્રની ઉત્થાનિકાનો આ ૩૪મો શ્લોક છે. જેમાં કવિવરે મોક્ષનું વર્ણન કર્યું છે.

थिति पूरन करि जो करम, खिरै बंधपद भानि।
हंस अंस उज्जल करै, मोक्ष तत्त्व सो जानि।।३४।।

ભગવાન આત્મા અબંધસ્વરૂપ છે. તેમાં જે રાગાદિભાવ છે તે બંધસ્વરૂપ છે, તે બંધનો એકદેશ નાશ થવો તેનું નામ નિર્જરા અથવા ધર્મ છે અને તેનો સર્વથા નાશ થવો તેનું નામ મોક્ષ છે.

જેમ હંસની ચાંચમાં ખટાશ છે તો એ દૂધ અને પાણીને જુદાં કરી નાંખે છે. તેમ આ આત્મહંસ નિજ શુદ્ધ આત્માના આશ્રયે રાગાદિ આસ્રવોનો નાશ કરીને આત્મા પોતાના અંશને એટલે દશાને ઉજ્જ્વળ કરે છે અને તે દશાને પૂર્ણ નિર્મળ કરે તેનું નામ મોક્ષ કહેવાય છે.

''મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ;
સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ.''

પોતાની પર્યાયમાં પૂર્ણ શુદ્ધતા થાય તેનું નામ મોક્ષ છે અને અપૂર્ણ શુદ્ધતા હોય તેને સાધકદશા અથવા સંવર-નિર્જરા કહેવાય છે. સંપૂર્ણપણે રાગ-દ્વેષાદિ ભાવોનો નાશ અને પર્યાયમાં પૂર્ણ શુદ્ધતા તે મોક્ષ છે અને અંશે ભાવકર્મરૂપ રાગ-દ્વેષનો નાશ અને અંશે શુદ્ધતાનું પ્રગટવું તે ધર્મ અથવા સમ્યગ્દર્શન-જ્ઞાન છે, તે જ સંવર-નિર્જરા છે.

મોક્ષ એટલે સિદ્ધશિલામાં જઈને લટકવું એ મોક્ષ નથી. પોતાની પર્યાયમાં મલિનતાનો પૂર્ણપણે નાશ થઈને પૂર્ણપણે નિર્મળતાની પ્રાપ્તિ થવી તેનું નામ મોક્ષ છે.

અરે! એને પોતાના સ્વરૂપની ખબર નથી અને ભ્રમણાથી અનાદિકાળથી ભટકી રહ્યો છે. અનંતવાર સ્વર્ગનો દેવ થયો, અનંતવાર રાજા થયો અને અનંતવાર રાક એટલે સો વાર માગે ત્યારે માંડ રોટલો મળે એવો ભિખારી થયો. તેને માટે કાંઈ નવું નથી. નવું તો આ છે



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

કે પોતાના આનંદધામ ભગવાનના જ્ઞાયકભાવમાં પ્રવેશવું અને રાગથી હટવું એ કદી આ જીવે કર્યું નથી. અનંતકાળમાં એક સમય પણ આ કામ તેણે કર્યું નથી. માટે કહે છે કે, પ્રભુ! તારો ભગવાન આત્મા પૂર્ણ નિર્મળ ચિદ્કંદ છે. ચિદ્ નામ જ્ઞાનનો કંદ છે, તેની દશામાં મિથ્યાત્વનો સંપૂર્ણ નાશ તથા રાગ-દ્વેષનો અંશે નાશ કરીને નિર્મળદશા પ્રગટ કરવી તેનું નામ ધર્મ છે, તે જ મુક્તિનું કારણ છે.

સમાધિશતકમાં પૂજ્યપાદસ્વામી કહે છે કે, હું બીજાને સમજાવું એવો વિકલ્પ આવે છે તે ઉન્માદ છે. કેમ કે એ પણ રાગ છે ને! ભગવાન આત્મા તો રાગ રહિત નિર્વિકલ્પ ચૈતન્યઘન છે. તેમાં બીજાને સમજાવવાનો વિકલ્પ કે બીજા દ્વારા સમજવાનો વિકલ્પ એ બંને ઉન્માદ છે. આત્મામાં વાણી તો છે નહિ કે જેનાથી બીજાને સમજાવે કે સમજે અને વિકલ્પ ઉઠે છે તે તો રાગ છે એ રાગ પણ કાંઈ સમજતો નથી. માટે રાગ વડે પણ જીવ સમજતો નથી. આત્મા તો રાગરહિત નિર્વિકલ્પ વિજ્ઞાનઘન છે જેમાં સમજવાના કે સમજાવવાના વિકલ્પની ગંધ પણ નથી. માટે પર્યાયમાં જે રાગાદિની એકત્વતાથી મલિનતા ઊભી થઈ છે તેને ભિન્ન કરીને નિર્મળતા પ્રગટ કરવી તે સંવર-નિર્જરારૂપ જીવનો પ્રથમ ધર્મ છે.

છઢાળામાં દૌલતરામજી કહે છે કે, 'લાખ બાતકી બાત યહી, નિશ્ચય પર લાવો, તોડી સકલ જગ દંદ-ફંદ, નિજ આતમ ધ્યાવો.' આ છઢાળા તો ઘણાને કંઠસ્થ હોય છે. વેપાર-ધંધા કરતાં કરતાં પણ આ ભાવ યાદ કરી શકે છે. તેમાં કહ્યું છે કે, લાખ, કરોડ અને અનંત વાતનો સાર એ છે કે, પૂર્ણાનંદના નાથ ભગવાન આત્માને ગ્રહણ કરી લે.

**हंस अंस उज्वल करैं।** પુણ્ય-પાપના વિકલ્પ છે તે પાણી સમાન છે અને ભગવાનઆત્મા જ્ઞાનાનંદ રસકંદ છે તે બંનેને જુદાં જાણીને, જ્ઞાનાનંદમાં એકાકાર થઈને રાગ-દ્વેષરૂપ પાણીને જુદું પાડી દેવું તેનું નામ ધર્મ છે અને એવો ધર્મ કરવાવાળા આત્માને હંસ કહ્યો છે. ભાવ સમજે તે હંસ છે. ભાવ સમજ્યા વગરના કોઈ પરમહંસ નથી.

આ નવતત્ત્વનું વર્ણન પૂરું થયું અને હવે છ દ્રવ્યના નામ અને તેનું સ્વરૂપ વર્ણવે છે. ભગવાન સર્વજ્ઞ તીર્થંકરદેવે કેવળજ્ઞાનમાં એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જોયા તેમાં છ દ્રવ્ય જોયા છે. જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ. સંખ્યાએ તો દ્રવ્ય અનંત છે પણ જાતિએ છ દ્રવ્ય છે તેના નામાંતર કહે છે. આ તો નાટક છે ને! એટલે નાટકમાં જેમ હવે આ પાત્ર પ્રવેશ કરે છે એમ કરીને પાત્રનો પરિચય આપે છે ને! તેમ આમાં પણ વસ્તુનું સ્વરૂપ બતાવે છે.

અમે તો નાનપણમાં નાટક જોયા છે ને! એ વખતે તો નાટક પણ બહુ વૈરાગ્યના હતાં. અત્યારે તો અનીતિ અને અરાજકતા બહુ વધી ગયાં. ધર્મના નામે ઝગડા થવા લાગ્યા. એ વખતે તો ધર્મને કોઈ જાણતું ન હતું પણ નીતિ ઘણી હતી. નૈતિકજીવન હતાં. અત્યારે તો અનીતિ અને કાળાબજાર બહુ વધી ગયાં.

અહીં આપણે આ નાટકના પાત્રનું વર્ણન ચાલે છે. તેમાં વસ્તુ એટલે જેમાં અનંત ગુણ વસે છે તેનું નામ વસ્તુ છે. ગોમ્મટસારમાં આ વાત આવે છે કે, કોઈ પણ આત્મા હો કે પરમાણુ હો પણ જેમાં અનંતગુણ રહેલાં છે તે વસ્તુ છે. ભગવાને વસ્તુ તરીકે અનંત જીવ, અનંતાનંત પુદ્‌ગલ, એક ધર્મ, એક અધર્મ, એક આકાશ અને અસંખ્ય કાળાણું એમ છ પ્રકારની વસ્તુ જોઈ છે તેના નામો તો અનેક છે, તેમાંથી અમુક નામ આ પ્રમાણે છે.

भाव पदारथ समय धन, तत्त्व वित्त वसु दर्व।
द्रविन अरथ इत्यादि बहु, वस्तु नाम ये सर्व।।૩૫।।

પદાર્થને ભાવ પણ કહેવાય છે. સમયસારમાં પ્રથમ કળશમાં અમૃતચંદ્રાચાર્યે **चित्तस्वभावाय भावाय** માં આત્માને ભાવ કહ્યો છે.

વસ્તુને સમય પણ કહેવાય છે. **सम+अय** અર્થાત્ સમ્યક્ પ્રકારે પોતાનું પરિણમન કરવાવાળા છ દ્રવ્યને સમય કહેવાય છે. જીવ જીવમાં પરિણમન કરે છે, જડ જડમાં પરિણમન કરે છે. જીવ જડમાં પરિણમતો નથી અને જડ જીવમાં પરિણમતા નથી. આ દેખાય છે તે પુદ્‌ગલનો નાનામાં નાનો અણુ,પરમાણુ તે પણ પોતે પોતાથી પોતામાં પરિણમે છે. આ આંગળી હલે છે તે પોતાથી હલે છે, આત્માથી હલતી નથી. છતાં મૂઢ લોકો એમ માને છે કે તેને હું ચલાવું છું.

કોઈ પણ દ્રવ્યનું શુદ્ધ પરિણમન હો કે અશુદ્ધ પરિણમન હો પણ તે પોતાથી પરિણમે છે, પરથી નહિ. માટે તેને સમય કહેવાય છે. આત્મા પણ સમય છે અને પરમાણુ પણ સમય છે. બંને પોતે પોતાથી છે. કેમ શેઠ! આ બીડીના પત્તા વળે છે તે પોતાથી વળે છે, તમારાં વિકલ્પથી બીડીના પત્તા વળતા નથી. વળી, બીડીના બંડલ એક જગ્યાએથી જીપમાં ભરીને બીજા સ્થાને લઈ જાવ છો ને! તે તમે લઈ જતાં નથી પણ તેના એકે એક પરમાણુ સ્વયં પોતાથી પરિણમે છે. માટે જ ભગવાન તેને પણ સમય કહે છે.

વસ્તુને ધન કહેવાય છે; કેમ?-કેમ કે, છએ દ્રવ્ય પોતે પોતાની માલિકીની ચીજ છે, પોતે

www.vitragvani.com



પોતાનું ધન છે. લક્ષ્મી જ ધન છે એમ નથી. જીવ નકામો પરધનનો માલિક થઈ જાય છે. જીવ, પુદ્ગલ, ધર્માસ્તિકાય આદિ છએ દ્રવ્ય ધન છે.

વસ્તુને તત્ત્વ પણ કહેવાય છે. છએ દ્રવ્ય તત્ત્વ છે. દ્રવ્યને તત્ત્વ કહો કે તત્ત્વને દ્રવ્ય કહો બધું એક જ છે. દ્રવ્યનું સત્ત્વ તે તેનું તત્ત્વ છે માટે દરેક દ્રવ્ય તત્ત્વ છે.

દ્રવ્યને વિત્ત એટલે લક્ષ્મી પણ કહેવાય છે. દરેક દ્રવ્ય પાસે પોત પોતાની લક્ષ્મી છે માટે આત્મા પણ વિત્ત છે, પુદ્ગલ પણ વિત્ત છે, કાળાણુ પણ વિત્ત છે. છએ દ્રવ્ય વસ્તુ છે એટલે પોતાની લક્ષ્મીથી સહિત છે તે કોઈને પોતાની લક્ષ્મી દેતાં પણ નથી અને લેતાં પણ નથી માટે દ્રવ્યને વસ્તુ પણ કહેવાય છે.

વસ્તુને દ્રવ્ય કહેવાય છે એ તો પ્રસિદ્ધ છે, ગુણ-પર્યાયના સમૂહને દ્રવ્ય કહેવાય છે. પરમાણુ પણ ગુણનો પુંજ છે, આત્મા પણ ગુણનો પુંજ છે, આકાશ પણ ગુણનો પુંજ છે આમ દરેક વસ્તુ ગુણનો પુંજ છે માટે તેને દ્રવ્ય કહે છે. દ્રવ્ય એટલે પૈસાની વાત નથી. સ્વાધ્યાયમંદિરમાં 'દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ' આ સૂત્ર મોટા અક્ષરે લખેલું છે તે વાંચીને એક શ્વેતાંબરભાઈ કહે આ શું હશે! કરોડપતિઓ અહીં આવે છે તેની દૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ છે એમ લખ્યું હશે! અરે ભાઈ! જૈનમાં જનમ્યો છતાં દ્રવ્ય કોને કહેવાય તે ખબર નથી? પૈસા પાછળ મજૂરી કરી કરીને મરી જાય છે. મૂળ તો રાગ-દ્વેષની મજૂરી છે. બહારની મજૂરી તો જીવ કરી શકતો નથી. સંકલ્પ-વિકલ્પ રાગ-દ્વેષની મજૂરી કરીને મરી જાય છે. અહાહા....! આત્મા ક્યાં છે, કેવો છે, ધર્મ કેમ થાય એ કાંઈ ખબર નહિ અને બાહ્યની ક્રિયાકલાપમાં પડ્યાં છે.

'દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ' એટલે ત્રિકાળી આનંદકંદ આત્માની અંતરદૃષ્ટિ કરીને અનુભવ કરે તે સમ્યગ્દૃષ્ટિ છે. રાગ અને એક સમયની પર્યાયની રુચિ છોડીને અનંતગુણથી અભેદ આત્માની અનુભૂતિ કરવી તે સમ્યગ્દૃષ્ટિ છે.

વસ્તુને **દ્રવિન** પણ કહેવાય છે. પ્રવચનસારની ૧૯૩ ગાથામાં દ્રવિન શબ્દથી વાત કરીને દેહ અને દ્રવિન બધું અધ્રુવ-નાશવાન કહ્યું છે. કાયમ અવિનાશી રહેનારું દ્રવ્ય જ ધ્રુવ છે. એક સમયની પર્યાય પણ ધ્રુવ નથી. દ્રવિનને ત્યાં લક્ષ્મીના અર્થમાં અધ્રુવ કહેલ છે પણ છએ દ્રવ્યને પણ દ્રવિન કહેવાય છે.

**અરથ** છએ દ્રવ્યને અર્થ કહેવાય છે. અર્થ એટલે વાચકનું વાચ્ય. જેમ સાકર શબ્દ તે



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



વાચક છે અને સાકર પદાર્થ તે વાચ્ય છે તેમ અર્થ એટલે પદાર્થ. જીવ પણ અર્થ છે, પુદ્‌ગલ પણ અર્થ છે અને ધર્માસ્તિ આદિ પણ અર્થ છે.

આ રીતે નાટક શરૂ કરતાં પહેલાં વસ્તુનાં જુદાં જુદાં નામ કહી દીધા કે આ શબ્દ આવે ત્યારે તેને વસ્તુ તરીકે માનજો. હવે આગળના શ્લોકમાં વિકાર અને સંયોગથી રહિત શુદ્ધ જીવના જુદાં જુદાં નામ કહે છે :-

परमपुरुष परमेसुर परमज्योति,
परब्रह्म पूरन परम परधान है।
अनादि अनन्त अविगत अविनाशी अज,
निरदुंद मुक्त मुकुन्द अमलान है।।
निराबाध निगम निरंजन निरविकार,
निराकार संसारसिरोमनि सुजान है।
सरवदरसी सरवज्ञ सिद्ध स्वामी शिव,
धनी नाथ ईस जगदीश भगवान है।।३६।।

આ શુદ્ધ જીવદ્રવ્યના નામ છે તે સાંભળીને એમ નહિ કહેતો કે પણ હું તો પામર છું. અરે, સાંભળને ભાઈ! તું પામર કેવો? પામરતા તો તારી મિથ્યા માન્યતાએ ઉધાર લાવેલી ચીજ છે, તે તારી વસ્તુ નથી. પર્યાયમાં મિથ્યાબુદ્ધિવાળા અજ્ઞાની પામર છે પણ તેનું દ્રવ્ય કાંઈ પામર નથી.

ભગવાનઆત્મા **પરમપુરુષ** છે. દૃષ્ટિનો વિષય, સમ્યગ્દર્શનનું ધ્યેય જે શુદ્ધ આત્મા તે પરમસુખ છે. દેહ ભલે સ્ત્રીનો હો પણ તેનું દ્રવ્ય પરમપુરુષ છે. દરેકનું શુદ્ધ દ્રવ્ય તો પરમપુરુષ જ છે.

આત્મા **પરમેશ્વર** છે, જેની દશા નિર્મળ થઈ ગઈ એ તો પરમેશ્વર છે જ પણ દરેકનું શુદ્ધ દ્રવ્ય પણ પરમાત્મા જ છે. અરે! તીર્થંકર થઈ ગયા તે પરમાત્મા છે અમે કાંઈ પરમાત્મા હોઈએ! હા. તીર્થંકર તો દશાએ પરમાત્મા થઈ ગયા પણ તારો સ્વભાવ તો ત્રિકાળ પરમાત્મા છે. જો સ્વભાવ પરમાત્મસ્વરૂપ ન હોય તો પર્યાયમાં ક્યાંથી આવશે! જેમ લીંડીપીપરમાં ૬૪ પહોરી તીખાશ છે તો તે ઘસવાથી બહાર આવે છે. ન હોય તો ક્યાંથી આવે! પથ્થરને ગમે તેટલો ઘસી નાંખો પણ તીખાશ નહિ આવે કેમ કે, તેમાં તીખાશ છે જ નહિ.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



તેમ ચૈતન્યરાજામાં પરમેશ્વરપદ પૂરેપૂરું ભરેલું છે. પણ રાંકો થઈને એણે રતનને રોળી નાંખ્યું છે. રાગ-દ્વેષ અને વિકલ્પની દૃષ્ટિ કરીને નિર્વિકલ્પ પરમેશ્વરપદ પડ્યું છે તેને ભૂલી ગયો છે. તેને સંતો યાદ કરાવે છે કે ભાઈ! તું તો પરમેશ્વર છો. પર્યાયમાં મિથ્યાત્વ અને અજ્ઞાન હોવાથી કાંઈ દ્રવ્યમાંથી પરમેશ્વરપદ ચાલ્યું જતું નથી. દરેક આત્મા પરમેશ્વર છે.

**પરમજ્યોતિ** ભગવાન આત્મા ચૈતન્યના નૂરનું પૂર છે. ભગવાન! તું ચૈતન્યપ્રકાશની અનંત જ્યોત છો. એક સમયની પર્યાયમાં વિકાર છે, સંસાર છે એવી દૃષ્ટિ છોડી દે અને અંદર જો તો તું તો પરમજ્યોતિથી ભરેલો છો. તે જ તારી ચીજ છે. એ જ તારું સ્વધામ છે. તેમાં દૃષ્ટિ કરવી તેનું જ નામ સમ્યગ્દર્શન છે. પ્રથમમાં પ્રથમ ધર્મની શરૂઆત ત્યાંથી થાય છે. બાકી બધું થોથેથોથા છે. આ ઉત્તમ મનુષ્યભવ મળ્યો અને જો ચૈતન્યસ્વભાવની દૃષ્ટિ ન કરી ભવના અભાવનો ઉપાય ન કર્યો તો તારો મનુષ્યજન્મ નિષ્ફળ છે, વૃથા છે. પાંચ-પચીસ લાખ રૂપિયા મળે અને કાંઈક બહારમાં નામ થાય તેનાથી મનુષ્યજન્મની સફળતા નથી. લોકો 'સમાજભૂષણ'નું બિરુદ આપે તેમાં તમારી શોભા નથી. આત્મા પોતે અનંતગુણના સમાજનો ભૂષણ છે. સંખ્યાએ અનંતગુણનો તું સ્વામી છો.

ભારે વાત છે બાપુ! દુનિયાથી જુદી જાતની વાતો છે. સર્વજ્ઞ વીતરાગ પરમદેવની વાતો દુનિયાથી જુદી જાતની છે.

**પરબ્રહ્મ** ઉત્કૃષ્ટ આનંદનો કંદ આત્મા પરબ્રહ્મ છે. પર્યાયમાં રાગ-દ્વેષ ઉત્પન્ન કરે છે તે તેની ચીજ નથી. તે તો નવો કૃત્રિમ રાગ-દ્વેષ ઉભો કરીને દુઃખી થાય છે તે કાંઈ સ્વભાવિક વસ્તુ નથી. પુણ્ય-પાપના વિકલ્પ, રાગ, નિમિત્ત અને એક સમયની પર્યાયની દૃષ્ટિ છોડીને પરમ આનંદમય પરબ્રહ્મની દૃષ્ટિ કરવી તે પ્રથમ ધર્મ-સમ્યગ્દર્શન છે.

તારણસ્વામીના શાસ્ત્રોમાં બહુ આવે છે. **અપ્પા સો પરમઅપ્પા** આત્મા તે જ પરમાત્મા છે. પણ અજ્ઞાની જીવને હજુ પાન બીડી વિના ચાલે નહિ, દાળ બગડે ત્યાં દિવસ બગડતો હોય એને આ વાત બેસતી નથી. એટલે કહે કે અમે તો પામર છીએ. ભાઈ! તું તો અતીન્દ્રિય આનંદના ભોજન જમનારો છો. પણ તને ખબર નથી માટે તું બિચારો છો. વસ્તુદૃષ્ટિએ તું તો પૂરણ પરબ્રહ્મ પ્રભુ છો. અવસ્થામાં વિકાર અને સંસાર છે. વસ્તુમાં વિકાર કે અપૂર્ણતા નથી.

**પરમ પ્રધાન** એટલે ઊંચી ચીજ. દરેકમાં ઊંચામાં ઊંચી મુખ્ય ચીજ આત્મા છે. આવી વસ્તુને જોઈને અંતરમાં દૃષ્ટિ કરીને બહિરદૃષ્ટિ છોડવા માટે આ વાત કહેવાય છે.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

ભગવાન આત્મા **અનાદિ અનન્ત** છે. જે છે તેની આદિ શું! જે છે તેની ઉત્પત્તિ કેવી! જે છે તેને કોણ બનાવે! ભૂતકાળ....ભૂતકાળ તેની કોઈ શરૂઆત નથી. તેમ આત્મા પણ અનાદિનો છે તેની કોઈ આદિ નથી. તેની દૃષ્ટિ કરી નહિ અને એક સમયની પર્યાય આવે છે ને જાય છે તેની દૃષ્ટિ કરીને આ જીવ મિથ્યાદૃષ્ટિ થઈ રહ્યો છે. ભગવાન આત્મા તો અનાદિનો છે અને અનંતકાળ રહેવાનો છે. જે સત્ છે તેનો કદી નાશ ન હોય. જે છે તે સર્વકાળે છે....છે....ને છે....જે છે તે કદી નાશ પામતો નથી.

**અવિગત** નામ આત્મા સર્વને જાણનારો છે. ત્રણકાળ ત્રણલોકને તો જાણે પણ તેથી અનંતગુણા લોક હોય તોપણ એક સમયમાં જાણી લે એવો તેનો સ્વભાવ છે. વિશેષ પ્રકારે જાણવાનો આત્માનો સ્વભાવ છે. તે કોઈને ન જાણે એમ ન બને. પણ આત્મા કોઈનો કરવાવાળો નથી. પરને તો ન કરે પણ રાગને કરવો એ પણ આત્માનો સ્વભાવ નથી.

જે આત્માને રાગસહિત માને છે તે જ રાગનો કર્તા આત્માને માને છે. આત્મા તો ખરેખર જાણવાવાળો છે. આત્મા રાગનો કર્તા પણ નથી, ભોક્તા પણ નથી અને રાગનો છોડનાર પણ નથી. હું આત્મા ત્રિકાળ અવિગત વિશેષ પ્રકારે સૌને જાણવાના સ્વભાવવાળો છું. હું જ્ઞાનને ગમ્ય છું.

અહા! આવા આત્માના જ્ઞાન વગર, તેની શ્રદ્ધા કેમ થાય તેની ખબર વગર જીવે અનંતકાળ ગુમાવ્યો છે. ધર્મ વિના અનંતકાળ ગાળ્યો છે અને ધર્મના નામે પણ અધર્મને સેવ્યો છે.

**અવિનાશી** આત્મા ત્રિકાળ ધ્રુવ અનાદિ અનંત અવિનાશી છે. શરીરાદિ વિનાશીક છે પણ હું તો અવિનાશી આતમરામ છું. રાગાદિ વિનાશીક છે અને એક સમયની પર્યાય પણ વિનાશીક છે. હું એક ધ્રુવ અવિનાશી છું.

**અજ** આત્મા જન્મથી રહિત છે. આત્માની સત્તા સદા એવી ને એવી છે. શરીરના સંયોગ અને વિયોગે જન્મ-મરણ કહેવાય છે પણ આત્માને કદી જન્મ-મરણ જ નથી. યોગસારમાં યોગીન્દ્રદેવે કહ્યું છે કે જન્મ એ તો કલંક છે.આત્માને શરીરનો સંયોગ થવો તે કલંક છે. જેમ, હાથમાં કે પગમાં છટ્ઠી આંગળી હોય તો તે કાપવાની ચીજ છે, રાખવાની ચીજ નથી. તેનાથી પંજો શોભતો નથી તેમ શરીરનો સંયોગ થવો તે આત્માને કલંકરૂપ છે. તે રાખવાની ચીજ નથી. રાગ-દ્વેષ પણ આત્માને કલંક છે. પુણ્યભાવ પણ મેલ છે, કલંક છે. પુણ્યથી મળતા સંયોગો તો ધૂળ છે, તે તો આત્માની ચીજ નથી પણ પુણ્યભાવ પણ આત્માને

કલંક છે.

આત્મા નિરદ્વંદ છે. તેમાં બેપણું નથી. અદ્વૈત ચિદાનંદ પરમાત્મા છે. પુણ્ય-પાપ, હરખ-શોક આદિ દ્વંદનો તેનામાં અભાવ છે. છઢાળામાં આવે છે તે પહેલાં કહ્યું ને! 'લાખ બાતકી બાત....છોડી જગત દ્વંદ ફંદ નિજ આતમ ધ્યાવો.' પણ તેનો અર્થ કરે નહિ, ભાવ સમજે નહિ અને માત્ર મોપાટની જેમ બોલી જાય તેનાથી કાંઈ લાભ ન થાય. એકરૂપ ચીજમાં વળી દ્વંદ કેવો! આત્મામાં સંસાર કેવો? રાગરૂપ દ્વંદ-ફંદ આત્મામાં છે જ નહિ. માટે ભગવાન આત્માને નિર્દ્વંદ કહ્યો છે.

**મુક્ત** આત્મા તો મુક્તસ્વરૂપ જ છે. પર્યાયમાં બંધ થાય છે અને મુક્તિ થાય છે તેનાથી રહિત આત્મા તો ત્રિકાળ મુક્તસ્વરૂપ જ છે. સિદ્ધદશા થાય છે તેમાં પર્યાયમાં મુક્તિ થાય છે પણ દ્રવ્ય તો સદાય મુક્ત જ છે. સમયસારમાં ૧૫મી ગાથામાં કહ્યું છે ને! જે આત્માને અબદ્ધસ્પષ્ટ જુએ છે તે સકળ જિનશાસનને દેખે છે.' જેણે કર્મના બંધનથી રહિત પોતાની દૃષ્ટિ કરી, વીતરાગભાવ સમ્યગ્દર્શન પ્રગટ કર્યું એને જેને ભાવશ્રુતજ્ઞાનનો ઉપયોગ પ્રગટ થયો તેણે આખું જૈનશાસન જોઈ લીધું અને તેને નથી જોયું તેણે કાંઈ નથી જોયું. વસ્તુ સદાય મુક્ત છે. વસ્તુને બંધન કેવી રીતે હોય? વસ્તુમાં બંધન હોય તો તો વસ્તુનો જ અભાવ થઈ જાય.

આત્મા તો આનંદકંદ-ચૈતન્યદળ ધ્રુવ પરમાત્મા છે. તેને બંધ કેવો? એક સમયની પર્યાયમાં રાગાદિ વિકાર અને બંધ છે પણ વસ્તુમાં બંધ કેવો! આત્મા વસ્તુ ત્રિકાળ બંધરહિત મુક્ત છે.

આ નવતત્ત્વની અંદર એક આત્મતત્ત્વ કેવું છે તે બતાવાય છે.

આત્મા **મુકુંદ** છે. એટલે આત્મા મોક્ષનો દેવાવાળો હોય છે. વસ્તુ પોતે મુક્તસ્વરૂપ છે અને પર્યાયમાં મુક્તિને દેવાવાળો છે. આમ કહીને વ્યવહાર મોક્ષમાર્ગથી મુક્તિ થાય કે નિશ્ચય મોક્ષમાર્ગથી મુક્તિ થાય એ બંને વાત છોડી દીધી છે. પોતાની મુક્તિ-નામ પરમાત્મપદને દેવાવાળો આત્મા પોતે જ છે. જેમાં મુક્તિ હોય તેમાંથી મુક્તિ આવે ને! વ્યવહાર સમ્યગ્દર્શન એ રાગ છે તેમાંથી તો મુક્તિ ન આવે પણ નિશ્ચય મોક્ષમાર્ગમાંથી પણ મુક્તિ નથી આવતી. મુક્તિ દેવાવાળું તો દ્રવ્ય છે. બીજા પરમાત્મા આ જીવને મુક્તિ આપે એ વાત પણ વ્યવહારથી કહેવામાં આવે છે. નિશ્ચયથી મુક્તિનું દાતા પોતાનું દ્રવ્ય જ છે.

# એમ પ્રતીત કર : સિદ્ધ સમાન સદા પદ મેરો

(સળંગ પ્રવચન નં. ૧૨)

શ્રી નાટક સમયસાર શાસ્ત્ર છે. તેની ભૂમિકાનો આ ઉદ્દમો શ્લોક ચાલે છે. તેમાં આ આત્મા શું વસ્તુ છે અને કેવા આત્માની દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન થાય તેનું કથન ચાલે છે.

મુકુન્દ સુધીનો અર્થ આવી ગયો છે. હવે કહે છે આત્મા વસ્તુ તરીકે **અમલાન** છે પણ પર્યાયમાં વર્તમાનમાં રાગ-દ્વેષ આદિ મલિનતા હોવાથી હીણી, કરમાયેલી અને વિકૃતદશા દેખાય છે પણ વસ્તુ પોતે કરમાયેલી કે મલિન નથી. પર્યાયદૃષ્ટિથી જોવાથી જાણે હું હીણો થઈ ગયો, મલિન થઈ ગયો અથવા વિપરીત થઈ ગયો એમ દેખાય છે પણ વસ્તુદૃષ્ટિથી જોતાં હીણપ, મલિનતા કે વિપરીતતા વસ્તુના સ્વરૂપમાં નથી. માટે કહ્યું કે વસ્તુ **અમલાન** છે તે પર્યાયમાં મુરઝાઈ ગયેલો દેખાય છે પણ વસ્તુ મુરઝાણી કરમાણી નથી. અખંડાનંદ પૂર્ણ વસ્તુ કરમાતી નથી. સુકાતી નથી, હણાતી નથી, સદાય એકરૂપ છે, તેની દૃષ્ટિ કરવી તેનું જ નામ સમ્યગ્દર્શન છે અને સમ્યગ્દર્શન વગરનું તો બધું વ્યર્થ છે.

પર્યાયમાં મલિનતા હોવા છતાં જે અમલાન છે તે દ્રવ્ય છે. પર્યાયમાં તો મલિનતા છે. પર્યાયમાં પણ જો મલિનતા ન હોય તો આ સંસાર શેનો! પર્યાયમાં સંસાર છે પણ ચૈતન્ય વસ્તુની દૃષ્ટિ કરો તો પ્રભુ આત્મા તો અમલાન જ છે.

ભગવાન આત્મા **નિરાબાધ** છે. કોઈ જાતની બાધા કે પીડા તેનામાં નથી. આત્મા ચિદ્રસ છે. આવા આત્માની દૃષ્ટિ કરવી તે સમ્યગ્દર્શન છે. નિમિત્તની, રાગની અને એક સમયની પર્યાયની દૃષ્ટિ છોડી એક નિરાબાધ સ્વભાવની દૃષ્ટિ કરવી તે શુદ્ધજીવની દૃષ્ટિ છે. જેને ધર્મ કરવો છે તેણે તો આ દૃષ્ટિ કરવા જેવી છે. વર્તમાન અવસ્થામાં રાગ-દ્વેષ આદિ દેખાય છે એટલો જ આત્માને માને છે એ તો મિથ્યાદૃષ્ટિ છે. તે તો સંસારમાં રખડવાવાળો છે. આ તો જેને ધર્મ કરવો છે અને સંસારના દુઃખનો અભાવ કરવો છે તેણે આવા નિરાબાધ ભગવાન આત્માની દૃષ્ટિ કરવી કે જેમાં બાધા નથી, પીડા નથી, દુઃખ નથી, જે પરમાત્મસ્વરૂપ નિરાબાધ વસ્તુ છે.

આવા આત્માને ક્યાં શોધવો? -અરે! એને ક્યાંય શોધવા જવો પડે તેમ નથી. પોતાની

જ ચીજ છે. પોતે સત્ ચિદાનંદ ભગવાન આત્મા શાશ્વત આનંદનો ઘન છે, નિરાબાધ છે પણ એણે કદી આવી વાત સાંભળી નથી. ધર્મના નામે પણ વ્રત, પૂજા, ભક્તિ આદિ રાગની પ્રવૃત્તિ જ લોકો કરી રહ્યાં છે અને તેમાં ધર્મ માને છે. જીવોની યોગ્યતા જ એવી, તેમાં બીજાં શું કરે! સમજણમાં જ ભૂલ છે. પુણ્યની ક્રિયાને ધર્મ માનીને સેવી રહ્યાં છે.

અહીં તો કહે છે જેમાં શરીર નથી, કર્મ નથી અને વિકલ્પ પણ જેમાં નથી એવા નિરાબાધ નિજ આત્માની દૃષ્ટિ કરવી તેનું નામ પ્રથમમાં પ્રથમ ધર્મની શરૂઆત છે.

ભગવાન આત્મા **નિગમ**છે. ઇન્દ્રિયો વડે કે દયા, દાનાદિના શુભ વિકલ્પ વડે પણ આત્મા ગમ્ય નથી, માટે તેને નિગમ કહ્યો છે. દરેક આત્માનું અંતરસ્વરૂપ સિદ્ધ ભગવાન જેવું જ છે. આવા શુદ્ધ આત્માને અંતરજ્ઞાનમાં જ્ઞેય બનાવીને તેની પ્રતીત કરવી તેનું નામ સમ્યગ્દર્શન છે. આ સમ્યગ્દર્શનનો વિષય તે નિગમ એવો ભગવાન આત્મા છે.

આત્મા **નિરંજન** છે. તેમાં અંજન નામ મેલ નથી. એક સમયની પર્યાયમાં વિકાર છે અને તેનાં નિમિત્તરૂપ કર્મનો સંબંધ છે એ તો વ્યવહારનયનો વિષય છે. એ ધર્મનો વિષય નથી.

સંસારના વિકારથી રહિત હોવાથી આત્મા **નિરવિકાર** છે. ચાર ગતિ, રાગ-દ્વેષ, પુણ્ય-પાપ આદિ અનેક પ્રકારના ઉદયભાવથી રહિત છે માટે નિર્વિકાર છે. અસ્તિ-નાસ્તિથી કહો તો આત્મા અવિકારનો પિંડ છે અને વિકારથી રહિત છે. આ તનમંદિરમાં જિનદેવ બિરાજે છે તે ધર્મનું કારણ છે. મંદિરમાં ભગવાન બિરાજે છે તે તો પુણ્યબંધના નિમિત્ત છે; ધર્મના નહિ. સમ્મેદશિખર આદિ તીર્થોની વંદનાનો ભાવ આવે છે ને! એ શુભભાવ છે, એવા ભાવ આવે ખરાં, અશુભથી બચવા એ ભાવ ભલે હો, પણ છે પુણ્યભાવ, ધર્મ નહિ. ધર્મ તો પોતાના નિર્વિકાર સ્વભાવની નિર્વિકલ્પ દૃષ્ટિ કરવી એ જ ધર્મ છે પણ આ ધર્મ જીવે અનંતકાળમાં કદી કર્યો નથી અને આ જ કરવા લાયક છે બીજું કાંઈ કરવા લાયક નથી એવી શ્રદ્ધા પણ કરી નથી.

**નિરાકાર**-જડનો આકાર આત્મામાં નથી. શરીરના આકાર પ્રમાણે પોતાના અસંખ્ય પ્રદેશી આત્માનો આકાર છે પણ શરીરના આકારથી તે ભિન્ન છે. એ તો શુદ્ધ ચૈતન્ય અરૂપી વિજ્ઞાનઘન છે. તેનો અરૂપી આકાર છે. જડનો આકાર તેનામાં નથી. આવા આત્માને દૃષ્ટિમાં લે ત્યારે તેણે આત્માને જાણ્યો અને માન્યો કહેવાય, તે સિવાય બાકી બધાં એકડાં વિનાના મીંડા છે.

અહાહા....! વીતરાગ દર્શનને સમજવું જગતને બહુ કઠણ પડે તેવું છે.

જેમ કાશીઘાટના લોટામાં પાણી ભર્યું છે તે પાણીનો આકાર લોટા જેવો છે પણ લોટાથી તદ્દન ભિન્ન પાણી પોતે એવા આકારે રહેલું છે. તેમ આ શરીરરૂપી કાશીઘાટના લોટામાં જ્ઞાનજળ રહેલું છે તેનો આકાર શરીર જેવો દેખાય છે પણ તે શરીરનો નથી અને શરીરના કારણે નથી. હાંડકા, માંસ, રુધિરથી ભરેલાં આ જડ શરીરના આકારથી જ્ઞાનાનંદજળનો આકાર ભિન્ન છે....પણ એને ઘરના અને બારી બારણાના આકાર કેવા હોય તેની ખબર હોય પણ પોતાના આત્માના આકારની ખબર ન હોય કેમ કે તેની માટે નિવૃત્તિ નથી; ફુરસદ ક્યાં છે! બહુ કામ છે!!

અહીં કહે છે કે આત્મા તો **संसारशिरोमणि** છે. સંસારથી ઊર્ધ્વ રહેનારો છે. કામ, ક્રોધ, માન, માયા, દયા, દાનાદિ સર્વ વિકલ્પથી પાર આત્મા તેનો શિરોમણી છે. સંસારનો શિરોમણિ એટલે સંસારનો નાયક નથી; સંસારથી અધિક.ભિન્ન છે. સંસાર કોને કહેવાય? - રાગ-દ્વેષ અને મિથ્યાત્વભાવ તે સંસાર; બાયડી,છોકરાં તે સંસાર નથી, એ તો પરચીજ છે. તે સંસાર હોય તો તો દેહ છૂટતાં સંસાર જ છૂટી જાય. પણ એમ નથી. આ શરીર મારું, રાગ-દ્વેષ મારાં, પુણ્ય-પાપભાવ મારાં એવી મિથ્યા માન્યતા અને રાગ-દ્વેષભાવ તે સંસાર છે.

પરમાત્મપ્રકાશમાં યોગીન્દ્રદેવે આ વાત લીધી છે કે જો ભગવાન સિદ્ધ સર્વગુણસંપન્ન, શુદ્ધ અને આદરણીય ન હોય તો સર્વ સંસારી પ્રાણીઓથી ઊર્ધ્વ કેવી રીતે રહે! સિદ્ધ ભગવાન ચૌદ બ્રહ્માંડમાં સૌથી ઉપર-લોકના અગ્રભાગે રહેલા છે માટે સંસાર શિરોમણી છે અને સિદ્ધ સમાન દરેક આત્મા વિકલ્પથી ભિન્ન નિર્વિકલ્પ ચીજ છે માટે તે પણ સંસારશિરોમણિ છે.

અહો! જ્યાં આત્મા વિકારથી પણ ભિન્ન છે તો મકાન કોના? કોના પુત્ર? કોનું શરીર? કોની વાણી? બધું ભિન્ન છે. ભગવાન! તું તો આત્મા છો ને! તો ત્રિલોકનાથ ભગવાન તો વિકલ્પથી પણ જે ભિન્ન છે એવા આત્માને આત્મા કહે છે.

આત્મા **सुजान** છે એટલે? -સર્વને જેમ છે તેમ જાણનાર છે. રાગને રાગ તરીકે, શરીરને શરીર તરીકે અને આત્માને આત્મા તરીકે જેમ ભિન્ન-ભિન્ન છે તેમ જાણનાર છે માટે સુજાન એકલો ચૈતન્યરસનો પિંડ છે. પુણ્ય-પાપ વિકારની તો તેનામાં ગંધ પણ નથી. પુણ્ય-પાપ તો આસ્રવતત્ત્વ છે, શરીર અજીવતત્ત્વ છે અને પોતે તો સુજ્ઞાનતત્ત્વ,જીવતત્ત્વ છે. પણ એને ખબર નથી. જ્યાં પોતે છે ત્યાં શોધતો નથી અને જ્યાં નથી ત્યાં પોતાને શોધે છે. પુણ્યની ક્રિયામાં આત્માને શોધે છે એ તો પહેલી ડોશીના દૃષ્ટાંત જેવું છે કે ડોશીની સોય ખોવાઈ હતી અંધારામાં અને તે શોધતી હતી બીજે, જ્યાં અજવાળું હતું ત્યાં. જ્યાં વસ્તુ

ખોવાણી હોય ત્યાં જ શોધે તો મળે ને! તેમ આત્માને રાગની ક્રિયામાં શોધવા જાય તો મળે? અજ્ઞાનમાં આત્મા ખોવાયો છે ત્યાં જ્ઞાન કરતાં આત્મા મળે છે.

ચૈતન્યભગવાન તો એકલો જ્ઞાનનો પિંડ છે. ચૈતન્યસૂર્ય છે, પ્રકાશનો પ્રકાશક છે. આખી દુનિયાના સૂર્ય-ચંદ્રના પ્રકાશ, મણિ-રતનના પ્રકાશ, હીરાના પ્રકાશ આદિ પ્રકાશનો પ્રકાશક એટલે જાણનાર આત્મા છે પણ તેને પોતાના માનનારો નથી. જડને પોતાના માનનારો આત્મા, આત્મા નથી પણ અનાત્મા છે-જડ છે.

આત્મા **सरवदरसी** છે એટલે સર્વને દેખનારો છે એવા સર્વદર્શી આત્માની દૃષ્ટિ કરવાથી અને એકાગ્રતા કરવાથી પર્યાયમાં સર્વદર્શીપણું પ્રગટ થાય છે. એક સમયમાં ત્રણકાળ ત્રણલોક છે અને પોતે છે એવી મહાસત્તાને દેખે એવી શક્તિ જેનામાં છે એવા આત્માની દૃષ્ટિ કરતાં હું સર્વદર્શી છું એવી પ્રતીત થાય છે. હું વિકલ્પ નથી, એક સમયની પર્યાય પણ હું નથી, હું આત્મા છું એવી પ્રતીત થવી તે સમ્યગ્દર્શન છે. અલ્પદર્શનની પર્યાય જેટલો પણ હું નહિ, સર્વદર્શીસ્વભાવી વસ્તુ તે જ હું છું.

આત્મા **सरवज्ञ** છે. જેમ સાકરનો મીઠો સ્વભાવ છે, નમકનો ખારો સ્વભાવ છે, અફીણનો કડવો સ્વભાવ છે તેમ આત્માનો સર્વજ્ઞ સ્વભાવ છે. ભગવાન આત્મા સર્વજ્ઞસ્વભાવી જ છે, તેની સમ્યગ્દર્શનમાં પ્રથમ પ્રતીત થાય છે કે હું સર્વજ્ઞસ્વરૂપ છું. પછી તે સ્વરૂપમાં એકાગ્રતા કરવાથી પ્રગટ પર્યાયમાં સર્વજ્ઞતા પ્રગટ થાય છે. શક્તિ હતી તે વ્યક્ત થાય છે.

હવે એ સર્વજ્ઞ પર્યાયમાં શું ન જણાય? આ જીવની આ સમયે આવી પર્યાય થશે અને તેમાં આ જ નિમિત્ત હશે. એ રીતે ત્રણકાળ અને ત્રણલોક સર્વજ્ઞના જ્ઞાનમાં જણાય છે તેમાં શું ફેરફાર હોઈ શકે? જેવું જણાય છે તેવું જ છે. પર્યાયો ક્રમસર થાય છે અને જે થવાની હોય તે જ થાય છે તો તેને ક્રમબદ્ધ માનવામાં શું હાનિ છે? દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમસર પરિણમી રહી છે તે સર્વજ્ઞના જ્ઞાનમાં બરાબર આવી જાય છે. તે કોઈ પર્યાય આગળ-પાછળ થતી નથી.

ઘણાંને પ્રશ્ન થાય છે કે, પર્યાયો બધી ક્રમ અનુસાર જ થાય છે તો પુરુષાર્થ કરવાનો ક્યાં રહ્યો? અમારી સાથેના એક સંપ્રદાયના સાધુ પણ એમ કહેતાં કે ભગવાને જોયું હશે તેમ થશે આપણો પુરુષાર્થ કાંઈ કામનો નથી. ભવભ્રમણાનો નાશ જ્યારે થવાનો હશે ત્યારે થશે એમ વારંવાર બોલ્યા કરતાં હતાં. તે બે વર્ષ સુધી તો સાંભળી લીધું પણ પછી એકવાર કહી દીધું કે એમ નથી. ભગવાન તો કહે છે કે જેવા અમે છીએ એવા તમે તમને જાણો તો સમ્યગ્દર્શન

થયા વગર રહેશે નહિ. જેની દૃષ્ટિ સર્વજ્ઞને કબૂલે છે કે સર્વજ્ઞ એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણે છે-એવી જેની પર્યાયમાં પ્રતીતિ આવે છે, તેને સ્વસન્મુખ થઈને સમ્યગ્દર્શન થયા વગર રહેતું નથી. એક સેકંડમાં અસંખ્યમાં ભાગમાં સર્વજ્ઞ ત્રણકાળ ત્રણલોકને જાણે છે એવી સર્વજ્ઞના જ્ઞાનની જેને કબૂલાત આવે છે તેની દૃષ્ટિ પોતાના સર્વજ્ઞસ્વભાવ ઉપર જાય છે તેને સમ્યગ્દર્શન થયા વગર રહેતું નથી અને જેને સમ્યગ્દર્શન થાય છે તેનો મોક્ષ અલ્પકાળમાં થાય જ છે.

બહુ સૂક્ષ્મ વિષય છે. તત્ત્વની દૃષ્ટિ ઘણી સૂક્ષ્મ છે.

એક સમય કોને કહેવાય? -આંખ બંધ કરીને ખોલો એમાં અસંખ્ય સમય જાય છે, એક 'ક' બોલો તેમાં અસંખ્ય સમય થઈ જાય છે તો એવો સમયનો જે નાનામાં નાનો ભાગ તે એક સમય છે, એટલા કાળમાં સર્વજ્ઞના જ્ઞાનમાં ત્રણકાળ ને ત્રણલોક જણાય જાય છે એવી એક સમયની સર્વજ્ઞની પર્યાયની મહાન તાકાત છે. તેની પ્રતીતિ કરવાવાળો જીવ કોના લક્ષે એવી પ્રતીત કરી શકે છે? -પોતાના દ્રવ્યસ્વભાવમાં એવું સર્વજ્ઞપદ પડ્યું છે તેના લક્ષે જ સર્વજ્ઞની પ્રતીતિ કરી શકે છે. વિકલ્પ કે એક સમયની પર્યાયના લક્ષે એવી પ્રતીતિ થઈ શકતી નથી.

મૂળ તો એણે અનંતકાળથી ધર્મના નામે પણ ક્રિયા જ કરી છે એટલે આ વાસ્તવિક તત્ત્વ સમજવું સૂક્ષ્મ લાગે છે પણ સમયસારમાં કહ્યું છે ને! કલેશ કરો તો કરો-વ્રત, નિયમ ને તપ કરો તો પણ આત્મા તો જ્ઞાનથી પ્રાપ્ત થાય છે, ક્રિયાથી પ્રાપ્ત થતો નથી.

સર્વજ્ઞ સર્વને જાણે તેમાં શું બાકી રહે? કાંઈ જ નહિ. સર્વજ્ઞ ભગવાનને ત્રણકાળ અને ત્રણલોક એક સમયમાં જાણવામાં આવી જાય છે આવું જ્ઞાન ક્યાંથી પ્રગટ થાય છે કે પોતાના સર્વજ્ઞસ્વભાવમાંથી સર્વજ્ઞ પ્રગટ થાય છે. લીંડીપીપરમાં અંદર ચોંસઠપોરી તીખાશ છે તે તેને ઘૂંટતા પર્યાયમાં પ્રગટ થાય છે તેમ સર્વજ્ઞસ્વભાવ છે તેની પ્રતીત અને તેમાં એકાગ્રતા કરતાં પર્યાયમાં સર્વજ્ઞદશા પ્રગટ થાય છે. માટે નક્કી થાય છે કે સર્વજ્ઞસ્વભાવ તરફ પુરુષાર્થ ઝૂક્યા વિના સર્વજ્ઞની સાચી પ્રતીત થતી નથી. સર્વજ્ઞની પ્રતીત કરનારના જન્મ-મરણ ન મટે એમ ત્રણકાળમાં બને નહિ. આવું જોર ૭૨ની સાલમાં અંદરથી આવતું હતું, ત્યારે તો સમયસાર કે પ્રવચનસાર આદિ કોઈ શાસ્ત્રો મળ્યા નહોતા. પ્રવચનસારની ૮૦મી ગાથામાં આ જ ભાવ રહેલો છે. અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણે છે તે પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણે છે અને તેનો મોહ નાશ પામેછે.

www.vitragvani.com



સર્વજ્ઞની પ્રતીત થાય અને જન્મ-મરણ ન મટે એ વાત અમે સાંભળવા પણ તૈયાર નથી એમ એ વખતે ગુરુભાઈને કહી દીધું હતું. આવો સંપ્રદાય અમને ન જોઈએ. એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણે એવા સર્વજ્ઞની શ્રદ્ધા થાય અને જન્મ-મરણ ન મટે એવું ત્રણકાળમાં બની ન શકે.

લોકોને અંતરમાં આત્મા શું ચીજ છે એ શોધવાની દરકાર નથી. એક તો સંસારમાં ધંધાના પાપમાં વીશ-વીશ કલાક રોકાયેલા હોય અને તેમાં એકાદ કલાક ધર્મ સાંભળવા જાય તો ત્યાં પુણ્યથી ને રાગથી તમારું કલ્યાણ થઈ જશે એમ સાંભળીને તેને જ ધર્મ માની લે છે.

અહીં તો સમયસાર નાટકમાં જીવતત્ત્વના વર્ણન પહેલા પ્રવેશિકામાં જ શુદ્ધ જીવની ઓળખાણ કરાવી દે છે કે ભગવાન શુદ્ધ જીવ તો સર્વજ્ઞસ્વભાવી છે તે રાગવાળો, શરીર-વાળો, પુણ્યવાળો કે અલ્પજ્ઞાનવાળો નથી. ભગવાન! આ રાગ તારો નથી, શરીર તારું નથી, અલ્પજ્ઞાન જેવડો તું નથી, તું તો સર્વજ્ઞસ્વભાવી છો. એક સમયમાં ત્રણકાળ ત્રણ- લોકને એકસાથે જાણવાની શક્તિ લઈને જે બેઠો છે તે ભગવાન-આત્મા છે. આહાહા....

હજી તો જેને આ વાત સાંભળવામાં આવતી નથી તે ક્યારે વિચારે અને ક્યારે પરિણમન કરે! ધંધાના રસ આડે જીવન ચાલ્યું જાય છે. અંતે જ્યારે શરીર નબળું પડી જાય, આંખમાંથી પાણી જાય, કાને સંભળાય નહિ, બેસી શકાય નહિ ત્યારે કહે મારાંથી કાંઈ થતું નથી. અરે ભાઈ! આ ધર્મનું કામ તો પહેલાં કરી લેવા જેવું છે. છઢાળામાં દૌલતરામજી લખે છે કે,.

"....ઈમ જાનિ આલસ હાનિ, સાહસ ઠાનિ, યહ સિખ આદરૌ,
જબલોં ન રોગ જરા ગહૈ તબલૌં ઝટિતિ નિજ હિત કરો."

રોગ, વૃદ્ધાવસ્થા અને મરણ ન આવે તે પહેલાં જલ્દી તારું કામ કરી લે! હમણાં નહિ....હમણાં નહિ એમ કરીશ તો ક્યારેય નહિ થાય અને મરીને કાગડાં-કૂતરામાં ચાલ્યો જઈશ. આખી જિંદગી માયા-કપટ કર્યાં હોય તે મરીને આડાં-ગાય, ભેંસ, કૂતરા, ઉંદર, ખીસકોલી આદિ તિર્યંચમાં અવતરે છે. ભગવાન કહે છે કે, જેણે આગલાં ભવમાં માયા, કપટ, કુટિલ અને દંભ કર્યા છે તેનો આત્મા તો આડો થયો પણ શરીર પણ આડું જ મળશે.

અહા! આત્માનો એક સ્વભાવ પણ જે કબૂલ કરે તેને બધું કબૂલ થઈ જાય છે. 'હું તો સર્વજ્ઞસ્વભાવી ભગવાન આત્મા છું' મારો તો સર્વને જાણવાનો સ્વભાવ છે કોઈ વિકલ્પનું



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



કરવું કે પરદ્રવ્યનું કામ કરવું કે પરમાંથી કાંઈ લેવું એ મારા સ્વભાવમાં નથી.

અરે! જેણે સંસારને મીઠાશથી સેવ્યો હોય તેને આ સાંભળતા ઘા વાગે છે. પણ ઘા વાગે તો એને વિચારવાનો અવકાશ છે, પણ આ તો ખરેખર ઘા પણ વાગવા દેતો નથી.

એક સમય નામ સેકંડનાં અસંખ્યાતમાં ભાગમાં ભગવાન આત્મા સર્વજ્ઞસ્વભાવી છે તેમાં શંકાનું સ્થાન ક્યાં છે! મારું કલ્યાણ ક્યારે થશે એમ નહિ, હું પોતે જ કલ્યાણસ્વરૂપ છું એવી દૃષ્ટિ થઈ તેણે કલ્યાણ પોતાને કબજે કરી લીધું. અંતરસન્મુખ થઈને જેણે કલ્યાણમૂર્તિ, વીતરાગમૂર્તિ સર્વજ્ઞસ્વભાવની પ્રતીત કરી તેણે કલ્યાણ પોતાને કબજે કરી લીધું છે.

આત્મા સિદ્ધ છે. બનારસીદાસજીએ આગળ જ ૧૯મા શ્લોકમાં સિદ્ધ સમાન આત્માનું વર્ણન કર્યું છે."ચેતનરૂપ અનૂપ, અમૂરત, સિદ્ધ સમાન સદા પદ મેરો, મોહ મહાતમ આતમ અંગ, કિયો પરસંગ મહાતમ ઘેરૌ" હું સદા સિદ્ધ સમાન હોવા છતાં પર્યાયમાં રાગ અને વિકલ્પને મારા માનીને મેં મહા મોહનો અંધકાર ઊભો કર્યો છે પણ હું તો સદા સિદ્ધ સમાન છું.

'ગ્યાનકલા ઉપજી અબ મોહિ, કહૌ ગુન નાટક આગમ કેરૌ,
જાસુ પ્રસાદ સધૈ સિવમારગ, વેગિ મિટૈ ભવવાસ વસેરો.'

હું સિદ્ધ જ છું. દ્રવ્યે-સ્વભાવે-શક્તિએ હું સિદ્ધ જ છું. આજ મારી દૃષ્ટિનો વિષય છે. શક્તિમાં સિદ્ધપદ ન હોય તો વ્યક્ત ક્યાંથી થાય! સ્વભાવે હું સદા સિદ્ધ જ છું. આ મારું સિદ્ધસ્વરૂપ જ દૃષ્ટિનો વિષય છે. રાગ અને અલ્પજ્ઞાન એ દૃષ્ટિનો વિષય નથી.

ભગવાન આત્મા સ્વામી છે. સ્વ જે શુદ્ધ આનંદસ્વરૂપ મારું ધન તેનો હું સ્વામી છું. અનંતગુણનો હું સ્વામી છું. હું પત્નીનો પતિ નથી, લક્ષ્મીનો પતિ-લક્ષ્મીપતિ નથી, હું નરપતિ એટલે રાજા નથી. હું ચૈતન્ય થઈને જડનો ધણી કેમ થાઉં! હું તો મારા જ્ઞાન, આનંદ આદિ અનંતગુણનો સ્વામી છું. હું કાંઈ રાગનો, પુણ્યનો કે પરનો સ્વામી નથી.

જેમ કન્યાની સગાઈ થાય ત્યાં તેની દૃષ્ટિ ફરી જાય છે, તેને હવે પતિ અને તેની સંપતિ આદિ પોતાના લાગવા માંડે છે. પિતાની સંપતિનું સ્વામીપણું દૃષ્ટિમાંથી છૂટી જાય છે તેમ, જીવને જ્યાં સ્વભાવનું લક્ષ થાય છે ત્યાં દૃષ્ટિ ફરી જાય છે અહો! હું તો મારાં અનંતજ્ઞાન અને આનંદનો સ્વામી છું. આ રાગ અને પુણ્યનો હું સ્વામી નથી. એમ તેની દૃષ્ટિ ગુલાંટ ખાઈ જાય છે. દૃષ્ટિને ગુંલાટ ખાતા વાર કેટલી?



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આવી મોંઘી-ઊંચી વાતો છે ભાઈ! કોઈ એમ કહે કે, ઊંચી છે માટે પચતી નથી તો શું તને સત્ય પચતું નથી, તો અસત્ય પચાવવું છે? અસત્યને પચાવીશ તો ચોરાશીના ફેરા અનાદિથી ચાલુ છે તે ચાલુ રહેશે. જુઓ ને! બ્રહ્મદત્ત ચક્રવર્તી કે જેને અહીં છખંડનું રાજ્ય હતું, સોળહજાર દેવો જેની સેવા કરતાં હતાં, બત્રીશ હજાર રાજા ચામર ઢાળતાં હતાં એ જ ચક્રવર્તી મરીને બીજી ક્ષણે સાતમી નરકમાં ચાલ્યો ગયો. સંયોગી ચીજ હોય તેનો સંયોગ ક્યાં સુધી રહે! તેનો વિયોગ તો નિશ્ચિત છે. મમતા કરીને પાપના બોજા વધાર્યા તે તેના ફળમાં નીચે,નરકમાં ચાલ્યો ગયો.

અહીં કહે છે કે તારામાં કોઈ બહારની ચીજ જ નથી, પુણ્ય-પાપ તારામાં નથી. તું તો તારા આનંદ, જ્ઞાન, સર્વજ્ઞ,સર્વદર્શિ, સિદ્ધસમાન પદનો સ્વામી છો. આવા સ્વામીપણાની દૃષ્ટિ થાય તેનું નામ ધર્મ છે. બાકી બધી ધર્મના નામે વાતો છે.

આત્મા **સિવ** છે. શિવ એટલે શંકર નહિ પણ શિવ એટલે આત્મા કલ્યાણમૂર્તિ છે. જેમાં કોઈ ઉપદ્રવ જ નથી, ઉપદ્રવ નામ દુઃખની જેમાં ગંધ પણ નથી એવો આત્મા અનાદિ,અનંત શિવ છે, સુખનું ધામ છે.

આત્મા પોતાના સ્વરૂપધનનો ધણી છે માટે આત્માને **ધની** કહ્યો છે. પોતાના જ્ઞાન, આનંદ આદિ અનંતગુણ એ પોતાનું ધન છે તેનો આત્મા ધણી છે. પરનો ધણી થવા જાય છે તે તો અનાત્મા છે, જડ છે, અજ્ઞાની છે.

આત્મા **નાથ** છે. જે હોય તેની રક્ષા કરે અને ન હોય તે મેળવી આપે તેને નાથ કહેવાય છે. ભગવાન આત્મા પોતાના સ્વરૂપધનની પ્રતીતિરૂપ પર્યાય પ્રગટ થાય છે તેની રક્ષા કરે છે અને નહિ પ્રગટેલી શુદ્ધ પર્યાયને પ્રગટાવે છે માટે નાથ છે. જોગ અને ક્ષેમના કરનારને નાથ કહેવાય છે ને!

પોતાનો આત્મા જ પોતાનો ઈશ્વર છે. તેને ત્રણકાળમાં બીજો કોઈ ઈશ્વર નથી. માટે આત્મા **ઈસ** છે. આત્મા જ જગદીશ છે એટલે કે, ત્રણકાળ ત્રણલોકને જાણવાવાળો છે.

આત્મા **ભગવાન** છે. ભગ એટલે લક્ષ્મી અને વાન એટલે વાળો. જે પોતાના જ્ઞાન આનંદની લક્ષ્મીવાળો છે,લક્ષ્મીરૂપ છે માટે ભગવાન છે. હું જ ભગવાન છું. એવી પોતાના ભગવાનપણાની દૃષ્ટિ કરતાં આત્મા પર્યાયમાં સાક્ષાત્ ભગવાન થાય છે.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

# વિવિધ નામોથી જીવની ઓળખાણ

(સળંગ પ્રવચન નં. ૧૩)

શ્રી નાટક સમયસાર શાસ્ત્રની ઉત્થાનિકાનો આ ૩૭મો શ્લોક શરૂ કરીએ છીએ. જેમાં બનારસીદાસજીએ સામાન્યપણે જીવદ્રવ્યના નામ કહ્યાં છે.

चिदानंद चेतन अलख जीव समैसार,
बुद्धरूप अबुद्ध असुद्ध उपजोगी है।
चिद्रूप स्वयंभू चिनमूरति धरमवंत,
प्रानवंत प्रानी जंतु भूत भवभोगी है।
गुनधारी कलाधारी भेषधारी विद्याधारी,
अंगधारी संगधारी जोगधारी जोगी है।
चिन्मय अखंड हंस अक्षर आतमराम,
करमकौ करतार परम विजोगी है।।३७।।

પ્રથમ નામ છે चिदानन्द ચિદ્ એટલે જ્ઞાન+આનંદ જેમાં છે તે ચિદાનંદ છે તે સહજાનંદ છે માટે સહજાનંદ પણ આત્માનું નામ છે.

चेतन આત્મા ચેતનારો છે.જાણનારો છે માટે તેને ચેતન કહ્યો છે. अलख એટલે આત્મા ઇન્દ્રિયોથી જાણવામાં આવતો નથી માટે અલખ કહ્યો છે. ઇન્દ્રિયોથી અને વિકલ્પથી પણ જે જાણવામાં ન આવે તેવો અલખ છે.

जीव એ તો એનું નામ છે. સ્વ-રૂપે જીવે તે જીવ છે. समैसार શાસ્ત્રનું નામ સમયસાર છે અને આત્માનું નામ પણ સમયસાર છે. સમ+અય+સાર=સમયસાર એટલે સમ્યક્‌પ્રકારે જ્ઞાન અને આનંદરૂપે પરિણમન કરીને જે દ્રવ્યકર્મ ભાવકર્મ અને નોકર્મથી રહિત થાય છે એવા આત્માને સમયસાર કહેવાય છે. શાસ્ત્રને સમયસાર નામ આપ્યું છે પણ તે તો શબ્દો છે. વાસ્તવમાં તો આત્મા જ સમયસાર છે.

बुद्धरूप આત્મા એકલો જ્ઞાનસ્વરૂપી છે, જ્ઞાનનો પિંડ છે. 'શુદ્ધ, બુદ્ધ ચૈતન્યઘન' છે. अबुद्ध પોતાના સ્વરૂપને જાણતો નથી એવો આત્મા અબુદ્ધ પણ છે. જ્યાં સુધી પર્યાયમાં

www.vitragvani.com



પોતાના આત્માને ન જાણે ત્યાં સુધી તે અબુદ્ધ છે. નહિ જાણનારો તે પણ આત્મા છે. અહીં એમ કહેવું છે કે અજ્ઞાન છે તે પણ આત્મા છે, અજ્ઞાન પરથી કે પરના કારણથી થતું નથી. પોતાની જ્ઞાનાનંદમય ચીજને ન જાણે અને રાગને આત્મા માને એવો અબુદ્ધ પણ આત્મા છે. તે કાંઈ જડ નથી. અજ્ઞાન, રાગ-દ્વેષ આદિ જીવની પર્યાયમાં થાય છે. 'અપનેકો આપ ભૂલકે હૈરાન હો ગયા....' એ પોતાથી પોતાને ભૂલીને હેરાન થાય છે, કોઈ કર્મ કે પરદ્રવ્યથી હેરાન થતો નથી....

**भवभोगी** ભવને ભોગવવાવાળો પણ આત્મા છે. માટે તેને ભવભોગી નામ આપ્યું છે. નરક, તિર્યંચ, મનુષ્ય આદિ ભવોમાં જે વિકારીભાવ થાય છે તે તેને ભોગવવાવાળો આત્મા છે, કાંઈ જડ તેને ભોગવતું નથી. અનુકૂળ-પ્રતિકૂળ સંયોગોમાં રાગ-દ્વેષ થાય છે તેને જીવ ભોગવે છે. રોગ ભલે શરીરમાં આવે છે પણ તેના પ્રત્યેના દ્વેષના ભાવને જીવ ભોગવે છે.

જેમ સિદ્ધપર્યાયનો ભોક્તા જીવ છે તેમ અજ્ઞાનદશામાં વિકારી પર્યાયનો ભોક્તા પણ જીવ છે. વિકારનો ભોક્તા જડ નથી. આત્મા દાળ, ભાત, રોટલી, લાડવા આદિ જડ ચીજને ભોગવતો નથી પણ તેના પ્રત્યેના રાગને આત્મા જ ભોગવે છે. મનુષ્યગતિ સારી, દેવગતિ સારી, નરક, તિર્યંચગતિ સારી નહિ એવી રાગ-દ્વેષની પર્યાયને જીવ ભોગવે છે. માટે કહ્યું કે રાગ-દ્વેષરૂપ ભવને ભોગવનારો જીવ છે.

**गुनधारी**-આત્મા જ્ઞાન, દર્શનાદિ અનંતગુણને ધરે છે માટે તે ગુણધારી છે. **कलाधारी**-જ્ઞાન-દર્શન-આનંદ આદિની કળાને ધરતો હોવાથી આત્માને કળાધારી કહ્યો છે.

**भेषधारी**-ત્રિકાળ દ્રવ્યની અપેક્ષાએ રાગ-દ્વેષ તે વેષ છે જ પણ સંવર-નિર્જરા રૂપ ધર્મ પણ વેષ છે. તે વેષને ધરનારો હોવાથી આત્મા વેષધારી છે. શરીર, વાણી, મનને આત્મા ધરતો નથી.

જુઓ! આ બનારસીદાસ, નાટક-સમયસારમાં જીવને આ બધાં નામોથી ઓળખાવેછે.

**विद्याधारी**-આત્મા વિદ્યાનો ધરનાર છે. જ્ઞાનવિદ્યા હો કે અજ્ઞાનવિદ્યા હો પણ તેને ધરનારો આત્મા જ છે. કેવળજ્ઞાનની વિદ્યાને પણ આત્મા ધરે છે અને અજ્ઞાનની વિદ્યાને ધરનારો પણ આત્મા છે. **अंगधारी**-આત્માને વ્યવહારથી શરીરધારી પણ કહેવાય છે. અંગ એટલે શરીર તેની સાથે આત્માને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે.

**संगधारी**-આત્મા રાગ-દ્વેષના સંગવાળો છે માટે તેને સંગધારી કહ્યો છે. કુટુંબ,



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પરિવારના સંગનો ધરનારો નહિ પણ રાગના સંગને ધરનારો આત્મા છે.

**જોગધારી**-મન, વચન, કાયાના નિમિત્તથી જીવની પોતાથી થયેલી પોતાના કંપનની યોગ્યતાને યોગ કહેવાય છે તેને ધરનારો આત્મા જોગધારી છે. **જોગી**-જોગને ધરે તેને જોગી કહેવાય છે. સવળી દૃષ્ટિથી લઈએ તો પોતાના નિર્મળ શ્રદ્ધા, જ્ઞાનને ધારીને રહે છે તે જોગી છે. લોકો કહે છે કે જોગ ધરવો,ધ્યાન કરવું એ તો બધું જૂઠું છે. અહીં તો વસ્તુના ભાન સહિત તેમાં જોડાણ કરીને રહે તે જોગધારી છે, તે જ યોગી છે. વસ્તુસ્વરૂપના શ્રદ્ધા,જ્ઞાન વગર ધ્યાન કોનું કરે? આમ જે ભોગી છે તે જ યોગી છે. જે પહેલાં રાગ-દ્વેષને ભોગવતો હતો ત્યારે ભોગી કહેવાયો તે જ જીવ જ્યારે આત્માના આનંદને ભોગવવા લાગે છે ત્યારે તેને યોગી કહેવાય છે.

**ચિન્મય**-આત્મા જ્ઞાનમય વસ્તુ છે. જેમ સાકર મીઠાશમય છે તેમ આત્મા ચિદ્ નામ જ્ઞાનમય છે. **अखंड**-આત્મા અસંખ્યપ્રદેશી હોવા છતાં અખંડ છે, તેમાં કોઈ ખંડ નથી. અભેદ છે.

**हंस**-આત્મા પોતાના સ્વભાવને અને રાગ-દ્વેષને જુદાં પાડવાની તાકાત રાખે છે માટે તેને હંસની ઉપમા આપી છે. એક ભજનમાં પણ આવે છે કે 'મારો હંસલો નાનો ને દેવળ જૂનું રે થયું.' એટલે આ શરીર રૂપી દેવળ જૂનું થઈ ગયું છે અને મારો હંસલો તો એવો ને એવો છે તેમાં કાંઈ બાળ કે વૃદ્ધ અવસ્થા નથી.

અમે તો નાનપણમાં બહુ ભજન શીખેલાં છીએ. 'ભગત' જ કહેવાતા હતાં. ધંધો કરીએ પણ બહુ રસ નહિ એટલે લોકો ભગત કહે.

અહીં કહે છે કે રાગ-દ્વેષ,અજ્ઞાનથી ખસીને પોતાના સ્વરૂપનો અનુભવ કરે તેને હંસ કહેવાય છે અને વિશેષ વીતરાગદશા પ્રગટ કરે તેનું નામ 'પરમહંસ' કહેવાય છે. હંસ જેવા ઉજળાં કપડાં પહેરી લેવાથી હંસ કહેવાતા નથી.

**अक्षर**-આત્માને ક્ષર નામ નાશ થવાપણું કદી નથી માટે તે અક્ષર છે. અનાદિ અનંત છે. લોકો કહે છે ને, આ જીવ અક્ષરધામમાં ગયો; પણ બહારમાં કોઈ અક્ષરધામ નથી. પોતે રાગ-દ્વેષ, પુણ્ય-પાપના વિકલ્પને છોડીને પોતાની અવિનાશી શક્તિને પ્રગટ કરે એ જ અક્ષરધામ છે.

**आतमराम**-જે પોતાના જ્ઞાનાનંદમાં રમે અને વિકારથી હટી જાય એવા ભાવ સ્વરૂપ



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

દ્રવ્યને આતમરામ કહે છે.

**करमकौ करतार**-આત્મા જ કર્મનો કર્તા છે એટલે ભાવકર્મને કરનારો જીવ પોતે છે. જડકર્મ તેને વિકાર કરાવતાં નથી. હિંસા, જૂઠ, ચોરી આદિ અશુભભાવ અને અહિંસા, સત્ય, દયા-દાનાદિ શુભાશુભભાવનો કરનારો અજ્ઞાની આત્મા પોતે જ છે. જડકર્મનો કર્તા તો તેને વ્યવહારથી કહેવાય છે.

**परम विजोगी**-શુદ્ધ ચૈતન્યઘન આત્મા રાગની ક્રિયાથી પરમવિયોગી છે. વિકારનો પરમવિયોગી તે આત્મા છે.

આ પ્રમાણે જીવના સાધારણ નામ કહ્યાં. હવે આકાશ દ્રવ્યના નામ કહે છે. શાસ્ત્રમાં આ પ્રમાણે જુદાં જુદાં નામ આવે ત્યાં તેનો અર્થ આ પ્રમાણે જાણી લેવો એમ સૂચના કરે છે. શાસ્ત્રમાં એકની એક વસ્તુને ભિન્ન-ભિન્ન નામોથી કહી હોય છે.

આકાશ એક અરૂપી, અનંતપ્રદેશી, લોકાલોકવ્યાપક દ્રવ્ય છે, તેના જુદાં જુદાં નામ નીચે પ્રમાણે છે.

खं विहाय अम्बर गगन, अंतरिच्छ जगधाम।
व्योम वियत नभ मेघपथ, ये आकाशके नाम।।३८।।

**खं**-આકાશને ખં કહેવાય છે. તેથી જ આકાશમાં ગમન કરવાવાળા પક્ષી, સૂર્ય આદિને ખગ કહેવાય છે, પણ એક કવિતામાં આવે છે તેમ, આકાશમાં જે પક્ષીના પગ શોધે છે અને પાણીમાં માછલીના પગને શોધે છે તે મૂરખ છે તેમ રાગ-દ્વેષમાં આત્માને શોધે છે તે મૂરખ છે.

**विहाय, अम्बर**-તે પણ આકાશના નામ છે. દિગંબર શબ્દમાં દિશા જેનું અંબર-વસ્ત્ર છે તે દિગંબર છે એમ અર્થ છે. અહીં આકાશને અંબર કહ્યું છે. આકાશને ગગન પણ કહેવાય છે.

**अन्तरिच्छ**-જે કોઈના આધાર વિના રહેલું છે એવું તે સર્વવ્યાપી આકાશ છે. **जगधाम**-વ્યવહારથી આખી દુનિયા જેમાં વસે છે તેને જગધામ-આકાશ કહેવાય છે. **व्योम वियत** એટલે વિસ્તાર, **नभ** અને **मेघपथ** એ પણ આકાશના નામ છે. આકાશ એક અરૂપી મહાપદાર્થ છે તેને ભગવાને જોયો છે હો. આ કોઈ કલ્પના નથી.

હવે કાળદ્રવ્યના નામાંતર કહે છે.

जम कृतांत अंतक त्रिदस, आवर्ती मृतथान।
प्रानहरन आदिततनय, काल नाम परवान।।३९।।

www.vitragvani.com



जम-કાળને જ જમ કહે છે. જે સમયે દેહ છૂટવાનો કાળ છે તે સમયને જ જમ કહે છે તેને બદલે લોકો જમ એટલે જીવને લેવા આવનાર માને છે. એવું કોઈ જીવને લેવા આવતું નથી. कृतांत નામ કાર્યને પૂરું કરનાર કાળ છે. अंतक નામ અંત કરનારો; દેહની સ્થિતિનો અંત આવે છે તેને કાળ કહે છે.

त्रिदस-કાળને ત્રિદશ પણ કહેવાય છે. आवर्ती-નામ પરાવર્તન જડ અને ચૈતન્યને પલટવાની પર્યાયને પણ કાળ કહેવાય છે. ભગવાને કહ્યું છે કે દરેક દ્રવ્ય પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી છે, પરના દ્રવ્ય,ક્ષેત્ર,કાળ,ભાવથી નથી. દ્રવ્ય એટલે ગુણ,પર્યાયનો પિંડ, ક્ષેત્ર એટલે અવગાહન, કાળ એટલે દશા અને ભાવ એટલે શક્તિ. સપ્તભંગીના પહેલાં બોલમાં આ આવી જાય છે કે દરેક દ્રવ્યની પોતાના સ્વચતુષ્ટયથી અસ્તિ છે અને પરચતુષ્ટયથી નાસ્તિ છે. તો એ અનુસાર પોતાની પર્યાયનું પલટવું એ જ કાળ છે તેને અહીં આવર્ત શબ્દથી કહ્યું છે.

मृतथान-મરવાના સ્થાનને કાળ કહે છે. દેહમાં જીવને રહેવાની સ્થિતિ પૂરી થાય તે સમયને કાળ કહેવાય છે. કોઈ જમડો આ અરૂપી આત્માને પકડી જ ન શકે તો લઈ તો ક્યાં જાય?

प्रानहरन-પાંચ ઈન્દ્રિય, મન,વચન,કાય, આયુષ્ય અને શ્વાસોશ્વાસ આ દશ પ્રાણ છે. તેની સ્થિતિ પૂરી થઈ જાય એટલે તેને કાળ અથવા પ્રાણહરણ કહેવાય છે.

आदिततनय-આદિત્ય નામ સૂર્ય તેની ગતિનું માપ દેવામાં કાળ નિમિત્ત છે માટે તેને સૂર્યનો પુત્ર કહેવાય છે. આ રીતે કાળના નામ કહ્યાં. હવે પુણ્ય કેટલા નામથી ઓળખાય છે તે કવિ બતાવે છે.

पुन्य सुकृत ऊरधवदन, अकररोग शुभकर्म।
सुखदायक संसारफल, भाग बहिर्मुख धर्म।।४०।।

पुण्य-શુભભાવને પુણ્ય કહેવાય છે અને જે શુભકર્મ બંધાય છે તેને પણ પુણ્ય કહેવાય છે. સવારના કહ્યું હતું ને! લક્ષ્મી ખરચ્યે ખૂટતી નથી, પુણ્ય ખૂટ્યે લક્ષ્મી ખૂટી જાય છે. પૂર્વના જે પુણ્યના જડ પરમાણુ પડ્યાં છે તેની સ્થિતિ પૂરી થઈ જાય તો લક્ષ્મી વાપર્યા વગર પણ ખૂટી જાય છે અને પુણ્ય હોય તો લક્ષ્મી ખરચવા છતાં ખૂટતી નથી.

सुकृत-સારાં કામને સુકૃત કહેવાય છે. પાપના કામની અપેક્ષાએ જે સારાં કામ-દયા, દાન, વ્રત, ભક્તિ, જાત્રા આદિના ભાવ તે પુણ્ય છે પણ ધર્મ નથી.

ऊरधवदन-પુણ્યથી જીવ ઊંચા ક્ષેત્રમાં જાય છે. સ્વર્ગમાં જાય, શેઠિયો થાય એ બધું



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પુણ્યના ફળમાં થાય છે માટે ઊર્ધ્વવદન કહ્યું છે. આ પરમાર્થની વાત નથી હો! વ્યવહારની વાત છે. લોકમાં તો તેની મહિમા હોય છે ને! ઇન્દોરના સર હુકમીચંદ શેઠ બજારમાં નીકળે ત્યાં તો દુકાનમાંથી વેપારીઓ નીચા ઉતરી જાય, ખમા....ખમા....થાય, એના કપડાં ને જોડા વગેરે બધું ઊંચી જાતનું, અહીં ત્રણ વાર આવી ગયા. તેના ગળામાં ૧૭ લાખનો હાર હતો (૭૧ની સાલમાં ૧૭ લાખ એટલે અત્યારે શું ભાવ થાય!) હીરાનો હાર એટલે લીલા પથરા હતાં. કીધું કે આ તો શેર સવા-શેરનો બોજો ઉપાડવાનોછે!

દુનિયામાં પુણ્યને ઊંચું ગણવામાં આવે છે માટે તેને ઊર્ધ્વવદન કહ્યું છે. શેઠાઈ કરવાની હોય અથવા મોટા મોટા પગાર હોય, બહારની અનુકૂળતા હોય એટલે ઊંચા કહેવાય.

अकररोग-રોગને ન કરે તે પુણ્ય છે. शुभकर्म-શુભભાવને પુણ્ય કહેવાય છે તેમ શાતાવેદનીય બંધાય તેને પણ પુણ્ય-શુભકર્મ કહેવાય છે. પુણ્યના ફળમાં લક્ષ્મી ગોતવા ન જાય તોપણ સામેથી આવે છે એ શુભકર્મ છે પણ ધર્મ નથી. ધૂળ છે. પુણ્યના ફળમાં ધૂળ મળે પણ આત્મા પ્રાપ્ત ન થાય.

सुखदायक-દુનિયામાં પુણ્ય સુખદાયક ગણાય છે. લોકો એમ કહે કે, પૈસે-ટકે અમારે તો બાદશાહી છે. પણ એમાં ખરું સુખ નથી. સંસારના ફળ છે ભાઈ! એમાં આત્માનું કાંઈ નથી.

भाग-પુણ્ય કહો કે ભાગ્ય કહો એક જ છે. અમારાં ભાગ્યમાં હતું તે મળ્યું એમ કહે છે ને! પણ ભાગ્ય એ કોઈ નવી ચીજ નથી. એ તો નિગોદના જીવને પણ હોય છે. નિગોદ એટલે એકેન્દ્રિય જીવને પણ શુભભાવ હોય છે. આલુની એક રાય જેવડી કટકીમાં અસંખ્ય તો ઔદારિક શરીર છે અને એક શરીરમાં અત્યાર સુધી જેટલાં સિદ્ધ થયાં તેનાથી અનંતગુણા જીવ છે તેની પાસે મન, વચન પણ નથી છતાં ક્ષણમાં શુભ અને ક્ષણમાં અશુભ ભાવ કરે છે એવું ભગવાનનું વચન છે. તો એ શુભકર્મ ત્યાં પણ છે પણ તે કોઈ ધર્મનું કારણ નથી.

वहिर्मुख-પુણ્ય એ બહિર્મુખભાવ છે. અંતર્મુખભાવ નથી. અંતર્મુખભાવ તો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર છે. આ તો પરના લક્ષે થયેલી રાગની મંદતાનો બહિર્મુખભાવ છે.

ધર્મ-બંધના કારણ એવા પુણ્યને વ્યવહારધર્મ કહેવામાં આવે છે પણ તે પરમાર્થધર્મ નથી.

હવે પાપના નામ કહેવાય છે.

पाप अधोमुख एन अघ, कम्प रोग दुखधाम।<br>
कलिल कलुस किल्विस दुरित, असुभ करमके नाम।।४१।।



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

**पाप**-હિંસા, જૂઠ, ચોરી આદિ ભાવને ભાવપાપ કહેવાય છે અને તેના નિમિત્તે જે જડ પરમાણુ બંધાય છે તેને દ્રવ્યપાપ કહેવાય છે.

**अधोमुख**-પાપ કરવાવાળા અધોમુખ નીચે જાય છે. તીવ્ર પાપ કરનારાં નરકમાં જાય છે. મોટા મોટા રાજાઓ શિકાર આદિ સાત વ્યસન સેવે છે તે પાપના ફળમાં નીચે જાય છે, માટે પાપ તો અધોમુખ છે. પાપને **एन** પણ કહેવાય છે. પૂર્વના પુણ્યથી બધાં અનુકૂળ ભોગો પ્રાપ્ત થાય પણ તેને ભોગવવાનો ભાવ તે પાપ છે.

**अघ**-પાપને અઘ નામ દોષ કહેવાય છે. **कम्प** નામ અસ્થિરતા, પાપમાં હિંસા, જૂઠ, ચોરી વિષયભોગ વાસના, માન, બડાઈ આદિ ઘણાં અસ્થિર ભાવ છે તે પાપના કંપ છે. **रोग** પાપને રોગ કહે છે. વળી રોગ પણ પાપથી જ આવે છે. અશાતાનો ઉદય હોય તો શરીરની ગમે તેટલી સાર,સંભાળ કરો તોપણ રોગ આવ્યા વગર રહેતો નથી, માટે પાપને જ રોગ કહ્યું છે.

**दुखधाम**-પાપ એ દુઃખનું ધામ છે. શ્રોતાઃ-એ પાપથી જ પૈસા મળે છે તેને દુઃખધામ કેમ કહે છે? પૂજ્ય ગુરુદેવશ્રી :-પૈસા પાપભાવથી મળતાં નથી. પૈસા તો પૂર્વના પુણ્યના ફળથી મળે છે. પાપભાવથી તો પાપકર્મ બંધાય છે. કમાવાનો ભાવ, ખાવાનો ભાવ, વકીલાતનો ભાવ એ બધાં પાપભાવ છે-દુઃખધામ છે. શ્રીમદ્‌માં આવે છે ને! ‘સુખધામ અનંત સુ સંત ચહી, દિન-રાત રહે તદ્ ધ્યાન મહી.’ પાપ તો પાપના ધામમાં લઈ જનારું દુઃખધામ છે અને પાપ પરિણામ પોતે જ દુઃખધામ છે અને દુઃખધામમાં લઈ જાય છે.

**कलिल**-નામ મેલ છે. પાપ તો મેલ છે. **कलुस** પાપ તો કલેશરૂપ દુઃખદાયક મેલા પરિણામ છે. **किल्विस** હલકાં દેવને કિલ્વિષ કહેવાય છે, તેમ પાપને પણ અહીં કલ્વિષ કહેલ છે. **दुरित** ભૂંડી રીત ખોટી રીત. પાપ એ જૂઠી રીત છે. **असुभ** પાપને અશુભ જ કહેલ છે.

હવે કવિવર મોક્ષના નામાંતર કહે છે.

सिद्धक्षेत्र त्रिभुवनमुकुट, शिवथल अविचलथान।
मोख मुकति वैकुण्ठ सिव, पञ्चमगति निरवान।।४२।।

**सिद्धक्षेत्र**-પોતાનો આત્મા પૂર્ણ પવિત્ર થઈ જાય એટલે આત્મા જ પરમાર્થે સિદ્ધક્ષેત્ર છે. લોકના અંતે સિદ્ધશિલા છે તેને વ્યવહારથી સિદ્ધક્ષેત્ર કહેવાય છે. ખરેખર તો, મુક્તિ અહીં થાય છે. શરીર અને રાગથી ભિન્ન થઈને કેવળજ્ઞાન અને કેવળદર્શનની પર્યાય તો અહીં જ થાય છે માટે પોતાનું નિર્મળ અસંખ્યપ્રદેશી ક્ષેત્ર એ જ સિદ્ધક્ષેત્ર છે, તેમાં અરૂપી આનંદકંદ

સિદ્ધ બિરાજે છે.

**त्रिभुवनमुकुट**-સિદ્ધભગવાન ત્રણલોકની ઉપર રહે છે, ઊર્ધ્વ, મધ્ય અને અધો આ ત્રણેય લોકની ઉપર મુકુટના સ્થાને છે.

મૂડબિદ્રીમાં નવું મંદિર બનાવ્યું છે તેનું નામ 'ત્રિભુવનતિલક ચૂડામણિ' રાખ્યું છે. અમે ત્યાં જઈ આવ્યા છીએ. આખા હિન્દુસ્તાનમાં બે વાર જાત્રા કરી છે.

**शिवथल**-શિવ એટલે સુખ તેના સ્થાનરૂપ મોક્ષને શિવથલ કહ્યું છે. શિવ એટલે નિરુપદ્રવ,રાગાદિના ઉપદ્રવથી રહિત આત્માની નિર્મળદશા તે શિવથાન છે.

**अविचलथान**-સિદ્ધક્ષેત્ર અવિચળ છે. ત્યાં જીવો જાય છે પણ ત્યાંથી નીકળતાં નથી, ત્યાં ગતિ છે પણ આગતિ નથી. એવી આત્માની પૂર્ણ પવિત્રદશાને મોક્ષ કહે છે, તેને જ મુક્તિ કહે છે અને તેને જ વૈકુંઠ કહે છે. વૈકુંઠ કોઈ બીજું સ્થાન નથી. ત્યાં કોઈ દેવ હોય અને સેવા કરતાં હોય એવું કાંઈ નથી.

**पञ्चमगति**-નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ આ ચાર ગતિ છે તેનાથી વિલક્ષણ આ પંચમગતિ છે. પૂર્ણદશાને પ્રાપ્ત થયેલા અક્રિય પરમાત્મા આ પંચમગતિમાં રહે છે.

**निरवान**-જેમાં અકલ્યાણ રહ્યું નથી એવા ભાવને અને એવા સ્થાનને નિર્વાણ કહે છે. શીતળીભૂત થઈ ગયેલા શાન્ત પરમાત્મા આ સ્થાનમાં રહે છે.

આ બધાં મોક્ષના જ વિવિધ નામ છે.

★ પ્રભુ! તું કોણ છો એની તને ખબર નથી. તારી પૂરી વાત સર્વજ્ઞ પણ વાણીમાં કહી શક્યા નથી એવો તું મહાન છો, પણ તું અનુભવ કરે તો તને જાણે એવો છો. જ્ઞાયકભાવ શુભાશુભરૂપે થયો નથી તેથી તું ત્યાં દૃષ્ટિ કરે તો તને મળે એવો તું છો. જાગતો જીવ ઊભો છે તે ક્યાં જાય? ત્યાં નજર કર તો તને જરૂર પ્રાપ્ત થશે જ.

*-પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ*

# પ્રજ્ઞા આદિ શબ્દોનાં આધ્યાત્મિક અર્થ

(સળંગ પ્રવચન નં. ૧૪)

નાટક સમયસાર શાસ્ત્રની ઉત્થાનિકા,ભૂમિકા ચાલે છે તેમાં આ ૪૨ શ્લોક પૂરા થઈ ગયા છે હવે ૪૩મા શ્લોકમાં બુદ્ધિના નામ કહે છે :

प्रज्ञा धिसना सेमुसी, धी मेधा मति बुद्धि।
सुरति मनीषा चेतना, आसय अंश विसुद्धि।।४३।।

**પ્રજ્ઞા** જે જ્ઞાન વડે આત્મા રાગાદિથી ભિન્ન થાય છે તેને પ્રજ્ઞા કહે છે, પોતાના સ્વભાવ અને પુણ્ય-પાપરૂપ મલિન ભાવ વચ્ચે સાંધ છે તે સાંધમાં પ્રજ્ઞાછીણી પટકવાથી રાગથી ભિન્ન પોતાનો નિર્મળ સ્વભાવ અનુભવમાં આવે છે. તેને પ્રજ્ઞા અથવા બુદ્ધિ કહેવામાં આવે છે. દુનિયાદારીની બુદ્ધિને પ્રજ્ઞા કહેતાં નથી. પ્ર+જ્ઞ એટલે વિશેષ પ્રકારનું જ્ઞાન કે જેનાથી આત્મા રાગાદિથી ભિન્ન અનુભવમાં આવે છે.

**ધિસના**-એ પણ બુદ્ધિનું એક નામ છે. જે રાગ અને પરને છણી નાખે એવી ધી નામ બુદ્ધિને ધિસના કહે છે. જે રાગાદિની છાલને છણી નાખે અને પોતાના સ્વભાવની દૃષ્ટિ કરે એવી બુદ્ધિને ધિસના કહે છે.

**સેમુસી**-જે બુદ્ધિથી પોતાના સ્વભાવની સન્મુખતા થાય છે એવી બુદ્ધિને સેમુસી કહેવાય છે. શરીર, વાણી અને મન તો જડ છે અને પુણ્ય-પાપ રાગાદિભાવ તો આસ્રવ છે, તેની સન્મુખ રહેવું તે બુદ્ધિ નથી. વ્યવહાર-કુશળતામાં જે બુદ્ધિ છે તેને બુદ્ધિ કહેતાં નથી. રાગ અને પરસન્મુખ બુદ્ધિ તો અનાદિથી ચાલી આવે છે તે તો અજ્ઞાન છે. અનાકુળ આનંદધામ પ્રભુની સન્મુખ બુદ્ધિ તે જ જ્ઞાન છે.

**ધી**-જે બુદ્ધિ શુદ્ધ ચૈતન્ય આત્માનું ધ્યેય કરીને રહે તે બુદ્ધિને ધી કહે છે. જુઓ, આ નાટક સમયસાર! બનારસીદાસ પહેલાં તો બહુ શ્રૃંગારી-વ્યભિચારી હતાં. પછી સત્સંગ મળ્યો ત્યાં એકદમ પલટી ગયા. એ પંડિતજી કહે છે કે, અખંડ નિજ પરમાત્માનું જે ધ્યેય બનાવે તેને ધી અથવા બુદ્ધિ કહે છે. કેમ શેઠ! આ પુસ્તક વાચ્યું છે કે નહિ? અમને તો ૭૮ની સાલમાં દામનગરથી આ પુસ્તક મળ્યું છે. ત્યારથી વાંચીએ છીએ.

www.vitragvani.com



**મેધા** એટલે ડહાપણ અથવા શાણપણ. જે બુદ્ધિ આત્માનું જ્ઞાન કરે તેને મેધા એટલે શાણી બુદ્ધિ કહેવાય, ડહાપણ કહેવાય. બાકી બધી બુદ્ધિને ગાંડપણ કહેવાય છે.

**मति**-નામ જે મતિજ્ઞાન રાગથી ભિન્ન પડીને સ્વરૂપમાં લાગી જાય તેને મતિ કહેવાય છે. 'જેવી મતિ તેવી ગતિ' હોય છે ને! જેની મતિ સ્વરૂપ તરફ છે તેને મોક્ષમાં ગતિ થાય છે અને જેની મતિ રાગ અને પર તરફ છે તેને ચારગતિમાં રખડવું પડે છે. પરમાત્મપ્રકાશમાં કહ્યું છે 'જેવી મતિ એવી ગતિ' જે મતિ રાગથી ખસીને સ્વરૂપમાં લાગી છે તેની મોક્ષગતિ જ થશે અને જે મતિ રાગ-દ્વેષમાં એકમેક છે તેને તો કુમતિ-કુબુદ્ધિ કહે છે. જુઓ પંડિતજી! આ શાસ્ત્ર ભણી-ભણીને પ્રોફેસર થવું તેને બુદ્ધિ કહી નથી.

**बुद्धि**-જે પોતાના આત્માને જાણે તે બુદ્ધિ છે. બાકી પરમાં અને રાગમાં હોશિયારી કરે તે બુદ્ધિ નથી. **सुरति** બુદ્ધિને સુરતિ પણ કહી છે. પોતાના શુદ્ધ આનંદમાં રમે તે સુરતિ-બુદ્ધિ છે. નાટકમાં જેમ પહેલાં પ્રવેશમાં પાત્રોનો પરિચય કરાવે તેમ અહીં નાટકકાર ભૂમિકામાં શબ્દોનો પરિચય કરાવે છે. રાગરૂપ રતિ છે તે કુરતિ છે અને સ્વભાવમાં રતિ છે તે સુરતિ છે. ગૃહસ્થાશ્રમમાં રહેલાં જ્ઞાની કવિ આ કહે છે હો. અધ્યાત્મના જબ્બર કવિ થઈ ગયા. તેમની તત્ત્વની દૃષ્ટિ બહુ સ્પષ્ટ હતી.

**मनीषा**-નામ વિચાર. જે સ્વ અને પરનો વિચાર કરે છે તેને મનીષા અથવા વિચારક કહેવાય છે. **चेतन** પોતાના જ્ઞાનાનંદસ્વરૂપમાં જે બુદ્ધિ ચેતી જાય તેને ચેતના કહે છે. **आसय**-આમ તો અભિપ્રાયને આશય કહેવાય છે પણ અહીં બુદ્ધિ માટે પણ આશય શબ્દ કહ્યો છે. મારો 'કહેવાનો આશય આ છે' એમ કહે છે ને! મારું સ્વરૂપ પૂર્ણ એમ માનનાર મતિને આશય કહે છે.

**अंश**-નામ પર્યાય. ત્રિકાળી ભગવાન આત્મા અંશી છે અને તેના તરફ જે બુદ્ધિ વળેલી છે તેને અંશ કહે છે. કેવળજ્ઞાન પણ એક અંશ છે કેમ કે પર્યાય છે ને! તેમ સ્વભાવ સન્મુખ વળેલી મતિ પણ અંશ છે.

**विसुद्धि**-તેના ત્રણ પ્રકાર છે. શુભભાવને વિશુદ્ધિ કહેવાય છે, એકદેશ શુદ્ધતાને પણ વિશુદ્ધિ કહેવાય છે અને પૂર્ણ શુદ્ધતાને પણ વિશુદ્ધિ કહેવાય છે. અહીં તો સ્વભાવ તરફના અવલંબનમાં જે શુદ્ધિ અથવા નિર્મળતા થાય છે તેને વિશુદ્ધિ કહી છે.

હવે ૪૪, ૪૫ શ્લોકમાં વિચક્ષણ પુરુષના નામ કહે છે. આ નાટકમાં આગળ કહેશે



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

કે, નિગમ નામ શુદ્ધાત્માના સ્વરૂપનું કથન કરીશ. પોતાના આનંદરસને પોષે એવા આત્માના પૂર્ણાનંદ સ્વભાવને નિગમ કહેવાય છે.

निपुन विचच्छन विबुध बुध, विद्याधर विद्वान।
पटु प्रवीन पंडित चतुर, सुधी सुजन मतिमान।।४४।।

कलावंत कोविद कुसल, सुमन दच्छ धीमंत।
ज्ञाता सज्जन ब्रह्मविद, तज्ञ गुणीजन संत।।४५।।

**निपुन**-નામ પ્રવીણ. જેણે પોતાના આત્માને અને વિકારને ભિન્ન પાડીને પ્રવીણતા સિદ્ધ કરી છે તેવા જ્ઞાનીને નિપુણ કહેવાય છે. આ સમજવા માટે અભ્યાસ જોઈએ. ભાઈ! જેને જન્મમરણનો નાશ કરવો છે, ચોરાશીના અવતારના દુઃખથી છૂટવું છે તેને માટે આ વાત છે. અભ્યાસ ન હોય તેને સમજાતાં વાર લાગે. અભ્યાસ કરીને પણ કરવાનું તો આ જ છે : ''સ્વભાવને ઓળખવો તે.'' સંસારમાં ડાહ્યા ગણાતા હોય તે નિપુણ નથી. લોકો તો પૈસાવાળાને બહુ માખણ ચોપડે કે તેમ ડાહ્યા છો-નિપુણ છો,બહુ બુદ્ધિવાળા છો પણ અહીં તો કહે છે જે પોતાના જ્ઞાનાનંદસ્વભાવને ઓળખે તે નિપુણ છે. હીરા-માણેકને પારખીને તેની કિંમત કરે છે પણ પોતાને પારખતો નથી.

પરખ્યા માણેક-મોતીયાં, પરખ્યાં હેમ-કપૂર,
પણ એક ન પરખ્યો આતમા, ત્યાં રહ્યો દિગ્મૂઢ.

આત્મા કોણ છે તેની પરીક્ષા કરીને કદી ઓળખાણ કરી નથી. આત્માની ઓળખાણ કરે તેને તેની કિંમત આવ્યા વગર રહે નહિ. આત્માની કિંમત કરે તે નિપુણ છે. દુનિયામાં અનેક ધંધાની નિપુણતા કરે તે તો અનિપુણ છે. શુદ્ધ આનંદઘનની બુદ્ધિ કરે તે જ નિપુણ છે, તેને ભલે શાસ્ત્રનું જ્ઞાન ઓછું હોય તો પણ તેની સાથે નિપુણતાને કાંઈ સંબંધ નથી. ત્રિલોકનાથ ભગવાને જેવો આત્મા કહ્યો તેવો જેણે જાણ્યો તે જ નિપુણ છે. જુઓ! સંસ્કૃત-વ્યાકરણના જાણનારને નિપુણ કહ્યાં નથી.

**विचक्षण**-દુનિયાની કળા જાણે તે વિચક્ષણ નથી. પણ પોતાની ચીજને કળી લે તે વિચક્ષણ છે. અનંત શુદ્ધગુણોનો પિંડ પ્રભુ તેનું જે જ્ઞાન કરે છે તે વિચિક્ષણ પુરુષ છે. તે જ **विबुध** છે કેમ કે જેણે રાગ અને શરીરથી રહિત ત્રિકાળ શુદ્ધ આત્માનો બોધ કર્યો છે માટે તે વિબુધ છે. વિશેષ બુદ્ધિવાળા છે.

**बुध-बुध्यते इति बुधः** । પોતાના શુદ્ધ આનંદ સ્વભાવે જાણે તે પુરુષને બુધપુરુષ કહેવાય છે. વિદ્યાધર જે વૈતાર્ડ્ય પર્વત ઉપર વિદ્યાના ધારી વિદ્યાધરો રહે છે તે તો લૌકિક વિદ્યાધર છે. આ તો પોતાના શુદ્ધ ચિદાનંદ ધ્રુવની વિદ્યાને ધારે છે એવા સમ્યગ્દૃષ્ટિને વિદ્યાધર કહ્યાં છે. ત્રિકાળ વિદ્યાને-ધ્રુવને જાણવો તે વિદ્યા અને તે વિદ્યાને જે ધરે તે વિદ્યાધર છે.

**विद्वान**-વિધમાન ભગવાન આત્માનું સ્વરૂપ જાણે છે તે વિદ્વાન છે **पटु** એટલે ડાહ્યાં. જેની પટુતા સ્વરૂપ તરફ વળી છે તે પટુ છે. **प्रवीन**-'સિદ્ધ સમાન સદા પદ મેરો' એમ જે પોતાને સિદ્ધ સમાન જાણે છે તે પ્રવીણ છે. હું પામર છું અને હું રાગવાળો છું એમ માને છે તે પ્રવીણ નથી. કોઈ મતવાળા ભગવાન પાસે પોતાના દોષોનો પશ્ચાત્તાપ કરીને બહુ રડે છે પણ ભાઈ! એકલાં દોષને જ જોવા કે નિર્દોષ સ્વભાવને પણ જોવો? રાગના ગાણાં તો બહુ ગાયાં હવે એકવાર વીતરાગસ્વભાવના ગાણાં ગાય તે પ્રવીણ છે.

**पंडित**-આત્માને જાણે તે પંડિત છે. પરમાત્મપ્રકાશ અને સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષામાં પણ આવે છે કે જેણે નિજસ્વભાવની કિંમત કરી છે અને રાગની કિંમત ઉડાવી દીધી છે તે પંડિત છે. **चतुर** એટલે શાણો. જેણે સ્વભાવસન્મુખ થઈને પોતાની ચતુરાઈ પ્રગટ કરી છે તે ચતુર છે. **सुधी** જે પોતાના સ્વરૂપની આનંદમય સત્તાનો સ્વીકાર કરે છે તે સુધી છે. બહારના કાર્યોમાં ચતુરાઈ કરીને જુદી જુદી ડિઝાઇનો પાડે છે તે 'સુધી' નથી. જડની ક્રિયા તો જડથી થાય છે તે તારાથી ન થાય ભાઈ!

**सुजन** એટલે ભલા જન. જેણે આત્માની શુદ્ધિની પિછાણ કરી છે તે સુજન છે. **मतिमान**-સમ્યક્ મતિને ધારણ કરે છે તે મતિમાન છે. **कलावंत**-પોતાની કેવળજ્ઞાનની કળાને પ્રગટ કરે એવા મતિ-શ્રુતજ્ઞાનીને કળાવંત કહે છે, તે જ કળાબાજ છે.

**कोविद**-કોવિદ એક ડિગ્રી અથવા પદવીનું નામ છે પણ અહીં કહે છે જેને આત્માનું ભાન છે તે કોવિદ છે. **कुसल**-શરીરથી કુશળ છે તે કુશળ નથી પણ જેને આત્માનું ભાન છે એવા જ્ઞાની કુશળ છે. **सुमन**-જેણે અખંડ આનંદમય આત્માની કબૂલાત કરી, તેની પ્રતીત કરી તે સુમન પુરુષ છે. પૂર્ણ શાંતરસની જેને દૃષ્ટિ થઈ તે બધાં સુમન છે, બાકી બધાં કુમન છે. **दच्छ** એટલે શાણા ડાહ્યાં. આત્મામાં જે દક્ષ છે તેને દચ્છ કહ્યાં છે. શાસ્ત્રમાં જ્યાં આવા આવા નામ આવે ત્યાં વિચિક્ષણ પુરુષ જ્ઞાનની આ વાત છે એમ સમજી લેવું.

**धीमंत**-જેમ લક્ષ્મીવાળાને શ્રીમંત કહેવાય છે તેમ બુદ્ધિવાળાને ધીમંત કહેવાય છે. અહીં તો કહે છે શ્રીમંત પણ એ છે કે જેની પાસે સ્વરૂપની લક્ષ્મી છે અને ધીમંત પણ એ છે કે

www.vitragvani.com



જેની પાસે આત્માની બુદ્ધિ છે. ज्ञाता-જાણનાર દેખનાર રાગ અને શરીરની ક્રિયા કરવાવાળો તે આત્મા નથી. હું જાણનાર જ્ઞાતા છું એમ જાણે છે તે-જ્ઞાતા છે.

सज्जन એટલે સત્+જન. સત્ સ્વરૂપ ભગવાન આત્માના ભાનવાળાને સજ્જન કહે છે. લૌકિકમાં લૌકિક નીતિને ધરવાવાળાને સજ્જન કહે છે. અહીં અવિનાશી ભગવાન આત્માને જાણે તે સજ્જન છે. ब्रह्मविद्-બ્રહ્મ નામ આનંદ સ્વરૂપ, વિદ એટલે જાણવાવાળા આનંદસ્વરૂપ આત્માનો જાણનારો તે બ્રહ્મવિદ છે. तज्ञ-એટલે તેમનો જાણનારો એટલે આત્માનો જાણનારો તજ્ઞ છે.

गुणीजन-અનંત ગુણ સ્વરૂપ આત્માને જાણનારને ગુણીજન કહેવાય છે. 'શાંતિ પમાડે તેને સંત કહીયે તેના દાસાનુદાસ થઈને રહીએ....' એવું ભજન આવે છે તે આવા જ્ઞાની સંતની વાત છે. બહારના બાવા-સાધુ, ફકીરને સંત કહેવાતા નથી. ભગવાન સર્વજ્ઞ પરમાત્માએ કહેલાં આત્માનો બોધ કરીને શાંતિમાં રહે તે સંત છે. 'શાંત દશા તિનકી પહિચાની, કરે કર જોરિ બનારસી વંદન.'

હવે ૪૬માં શ્લોકમાં મુનીશ્વરના નામ કહે છે.

मुनि महंत तापस तपी, भिच्छुक चारितधाम।
जती तपोधन संयमी, व्रती साधु ऋषि नाम।।४६।।

मुन्यते इति मुनि-પોતાના આનંદનું પોતાને દાન કરીને આનંદનો અનુભવ કરે તે મુનિ છે. महंत-જેણે પોતાની બુદ્ધિને આત્મામાં લગાવી દીધી એવા આત્માને મહંત કહે છે. કોઈ મંદિરના અધિષ્ઠાતાને મહંત કહે છે તે મહંત નથી. અહીં તો રજકણ અને રાગના કણથી પણ રહિત આત્માના અધિષ્ઠાતા છે તેને મહંત કહેવાય છે.

ભારે વાત કરી છે હો બનારસીદાસે! કેવું નાટક બનાવ્યું છે!

तापस-મુનિરાજને તાપસ પણ કહે છે. કેમ? કે, તપ દ્વારા ઈચ્છાનો નિરોધ કરીને પોતાના સ્વરૂપની અતીન્દ્રિય અમૃત આનંદ દશાને પ્રાપ્ત કરે છે માટે મુનિને તાપસ કહે છે. બાકી તપસ્યા કરીને મરી જાય પણ અમૃત સાગરને પ્રાપ્ત ન થાય તેને તાપસ કહેતાં નથી.

तपी-જે લાડવા ઉડાવે અને અલમસ્ત થઈને ફરે તે તપી નથી પણ જેણે સ્વરૂપમાં ઈચ્છાનો નિરોધ કરીને અમૃત આનંદને પ્રાપ્ત કર્યો અને જે મોક્ષની સમીપ આવી ગયા છે તે તપી છે. પુણ્ય-પાપના રાગથી રહિત ચૈતન્યના મઠનો જે સ્વામી છે તે મહંત છે, તે તપી છે.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

**भिच्छुक**-ભિક્ષા દ્વારા ભોજન કરે તેને ભિક્ષુક કહેવાય છે. અંતરમાં આનંદસ્વરૂપને શોધીને આનંદનો અનુભવ કરે તે ભિક્ષુક છે. **चारितधाम**-અહા! મુનિ એટલે આત્માના આનંદ અને શાંતિનું ધામ જોઈ લો. અંતરમાં મુનિને એટલી બધી શાંતિ પ્રગટ થઈ ગઈ છે કે ચારિત્ર નામ રમવાનું સ્થાન થઈ ગયું છે. બહારમાં નગ્નપણું અને અઠ્યાવીસ મૂળગુણ છે તે ચારિત્ર નથી. અંતરમાં-નિર્વિકલ્પ સ્વરૂપમાં લીન થઈને અસંખ્યપ્રદેશી પોતાનું સ્થાન પ્રાપ્ત કરી લીધું છે તે મુનિનું ચારિત્રધામ છે. જગતથી જુદી જ જાતની વાત છે.

**जती**-જતી એટલે બાવા,સાધુ નહિ પણ પોતાના આનંદ અને શુદ્ધસ્વભાવની જતના કરે-રક્ષા કરે તે જતી છે. રાગ અને પુણ્યની રક્ષા કરે એ તો અજતી છે. જુઓ! વ્યવહારની રક્ષા કરવાવાળા જતી નથી એમ કહ્યું છે.

**तपोधन**-જેની પાસે ઈચ્છાનો નિરોધ કરીને પોતાનો આનંદ પ્રગટ થયો છે તેની પાસે તપરૂપી ધન છે માટે તે તપોધન છે. શેઠીયાઓ પાસે તો ધૂળના ધન છે જ્યારે મુનિ પાસે તપરૂપી ધન છે. જેમ ગેરુ લાગવાથી સુવર્ણ શોભે છે તેમ તપ વડે આનંદ દશા પ્રગટ કરીને જેણે આત્માની શોભા વધારી છે તેને તપોધન કહેવાય છે.

**संयमी**-બહારમાં ઈન્દ્રિય સંયમ અને અંદરમાં અતીન્દ્રિય આત્મામાં લીન છે એવા મુનિને સંયમી કહ્યાં છે. અતીન્દ્રિય ભગવાન આત્મા ઈન્દ્રિય અને વિકલ્પ વડે ગમ્ય નથી. અતીન્દ્રિયજ્ઞાન વડે અતીન્દ્રિય આત્મામાં રમવાવાળા મુનિને સંયમી કહે છે. **व्रती**-મુનિરાજ અંતરસ્વરૂપમાં આનંદમાં વીંટાઈ ગયા છે માટે તેને વ્રતી કહેવાય છે. મુનિ સ્વરૂપમાં લપેટાય જાય છે.

**साधु**-પોતાના સ્વરૂપને સાધે છે માટે મુનિને સાધુ પણ કહેવાય છે. **ऋषि**-આત્માનો સાક્ષાત્કાર થઈને આનંદની વૃદ્ધિ થઈ છે માટે મુનિને ઋષિ કહ્યાં છે. ગળે ખેસ લગાડે અને ટીલાં-ટપકાં કરે તે ઋષિ નથી.

આ મુનીશ્વરના નામો પૂરા થયાં. હવે દર્શન નામ દેખવું, સ્વ-પરની મહાસત્તાના દેખવાવાળા દર્શનના નામ કહે છે.

दरस विलोकनि देखनौं, अवलोकनि दृगचाल।
लखन दृष्टि निरखनि जुवनि, चितवनि चाहनि भाल।।४७।।

**दरस**-એટલે દેખવું. સર્વ જીવ છે એમ જોવું તે દર્શન છે. **विलोकनि** નામ વિશેષે

આલોકવું. સ્વ અને પરને બરાબર આલોકવા તેનું નામ વિલોકવું છે. देखनौं સ્વ-પર બધી ચીજ છે એમ જોવું તે. મારામાં પર છે કે પરમાં હું છું એમ નહિ, માત્ર દેખવું તે દર્શન છે. अवलोकनि સ્વ અને પરની સત્તાને અવલોકવી તે દર્શનગુણનું કાર્ય છે. दृगचाल-સ્વ અને પર છે તેને દેખવાં તે દર્શનની ચાલ છે.

लखन-જેમ જાણવું એ આત્માનું લક્ષણ છે તેમ દેખવું એ પણ આત્માનું લક્ષણ છે. दृष्टि એટલે પણ દેખવું. આ દર્શન ઉપયોગની વાત છે હો. निरखनि जुवनि એ પણ તેના જ નામ છે. चितवनि નામ જેમ છે એમ દેખવું તે. चाहनि એટલે ચાહવું,આ છે એમ દેખનારા દર્શનને ચાહનિ નામથી કહેલ છે. भाल એ પણ 'દેખવું' દર્શનનું એક નામ છે.

હવે જ્ઞાન અને ચારિત્રના નામાંતર કહે છે.

> ग्यान बोध अवगम मनन, जगतभान जगजान।
> संजम चारित आचरन, चरन वृत्ति थिरवान।।४८।।

જાણવું તે જ્ઞાન, બોધ એટલે પણ જ્ઞાન અને અવગમ કરવું એટલે પણ જ્ઞાન કરવું. મનન એટલે જ્ઞાનમાં એકાગ્ર થઈને મનન કરવું. જગતભાનુ એટલે ચૈતન્ય ભગવાન આત્મા જગતનો સૂર્ય છે. આત્માનું જ્ઞાન એ જ જગતભાનુ છે. જગતનો સૂર્ય તો સાધારણ છે, આ જ્ઞાનસૂર્ય તો મહાન સૂર્ય છે. जगजान નામ સ્વજ્ઞેય અને પરજ્ઞેયને જાણવાવાળું હોવાથી જ્ઞાનને જગજાન કહેવાય છે.

संजम-સ્વરૂપમાં સંયમ નામ ઇન્દ્રિયથી હટીને અતીન્દ્રિય સ્વરૂપમાં રહેવું તેનું નામ સંયમ છે. चारित्र-સ્વરૂપમાં રમવું અર્થાત્ શુદ્ધ આનંદનું ભોજન કરવું તે ચારિત્ર છે. સ્વરૂપમાં રમવું તે આચરણ છે. દયા, દાનાદિ રાગની ક્રિયા તે આચરણ નથી. चरन-સ્વરૂપમાં ચરણ કરવું. वृत्ति-સ્વરૂપમાં રાગરહિત વૃત્તિનું પરિણમન કરવું તે વૃત્તિ નામ ચારિત્ર છે. પંચમહાવ્રતના વિકલ્પ એ ચારિત્ર નથી. थिरवान-પોતાના આનંદસ્વરૂપમાં સ્થિરપણું તે પણ ચારિત્ર છે.

હવે સત્યના નામ કહે છે.

> सम्यक सत्य अमोघ सत, निसंदेह निरधार।
> ठीक जथारथ उचित तथ, मिथ्या आदि अकार।।४९।।

જેવું સ્વરૂપ છે તેવું જાણવું તેનું નામ સમ્યક્ અથવા સત્ય છે. અનાદિ અનંત ભગવાન આત્મા સત્ય સાહેબ છે તેને પણ સત્ય કહે છે.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**अमोघ**-નામ સફળ. જેમ રામચંદ્રજીનું બાણ અમોઘ હતું એટલે કે વાણ વાગ્યા વગર રહે જ નહિ-એવું અમોઘ હતું. તેમ સત્ય પણ અમોઘ હોય છે. જેની દૃષ્ટિ પરમાનંદસ્વરૂપમાં આવી તેને મુક્તિ મળ્યા વગર રહે જ નહિ,એવું આ સત્ય અમોઘ છે.

**सत्**-સત્‌સ્વરૂપ આત્મા એ જ સત્ છે. સત્યનું એક નામ નિઃસંદેહ પણ છે. ભગવાન આત્માનું ભાન અને તેનો ભાવ નિઃસંદેહ છે. નિરધાર-સત્યને નક્કી કરવું તેનું નામ નિરધાર છે. ઠીક, યથાર્થ, ઉચિત એ પણ સત્યના નામ છે. વસ્તુ જેમ છે તેમ યથાર્થ જાણવી તે સત્ય છે. સત્ય જ ઉચિત છે-**तथ** નામ જેમ છે તેમ. આ બધાં સત્યના નામ છે, તેને અકાર લગાવવાથી તે જૂઠના નામ બની જાય છે જેમ કે અસમ્યક્, અસત્ય, અસત્, અયથાર્થ, અતથ, અનુચિત, અઠીક આ બધાં જૂઠના નામ છે.

अजथारथ मिथ्या मृषा, वृथा असत्त अलीक।
मुधा मोघ निःफल वितथ, अनुचित असत अठीक।।५०।।

સર્વજ્ઞ પરમાત્માએ જેવું દ્રવ્ય, ગુણ, પર્યાયનું સ્વરૂપ કહ્યું છે તેવું ન કહે તે બધાં જૂઠાં છે, અયથાર્થ અર્થને કહેનારા છે. માટે તેને અયથાર્થ, મિથ્યા, મૃષા, વૃથા એટલે નકામા અસત્, અલીક આદિ નામથી કહેવાય છે. મુધા નામ એ મૂરખા છે. નિષ્ફળ નામ જૂઠાને કોઈ ધર્મનું ફળ થતું નથી માટે નિષ્ફળ છે.

હવે નાટક સમયસારનાં બાર અધિકારના પંડિતજી નામ આપે છે.

जीव निरजीव करता करम पुन्न पाप,
आस्त्रव संवर निरजरा बन्ध मोष है।
सरव विसुद्धि स्याद्वाद साध्य साधक,
दुवादस दुवार धरै समैसार कोष है।।
दरवानुयोग दरवानुजोग दूरि करै,
निगमकौ नाटक परमरसपोष है।
ऐसौ परमागम बनारसी बखानै जामैं,
ग्यानको निदान सुद्ध चारितकी चोष है।।५१।।

નાટક સમયસારમાં પહેલો જીવ અધિકાર કહેશે તે આપણે કાલે (ચંદ્રકાંતભાઈના નવા મકાનનાં વાસ્તુ-પ્રસંગે) શરૂ કરશું. બીજો અજીવ અધિકાર કહેશે. ત્રીજો કર્તા-કર્મ અધિકાર



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



જેમાં રાગનો અને પરનો કર્તા આત્માને માને તે અજ્ઞાની છે એ વાત કહેશે. ચોથો પુણ્ય-પાપ અધિકાર જેમાં શુભ, અશુભ બંને ભાવ વિકાર છે, બંધના કારણ છે એ કહેશે. પાંચમો અધિકાર આસ્રવ એટલે પુણ્ય-પાપ બંને આસ્રવ છે એ કહેશે. છઠ્ઠા સંવર અધિકારમાં આસ્રવનો નિરોધ કરીને સ્વભાવ તરફની શાન્તિ પ્રગટ કરવી તે સંવર છે એ કહેશે.

સાતમા નિર્જરા અધિકારમાં કર્મોના નાશરૂપ અને અશુદ્ધિના નાશરૂપ નિર્જરા, આઠ-નવમાં બંધ અને મોક્ષ અધિકાર કહેશે. દશમો સારરૂપ સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર કહેશે અને અગિયારમાં સ્યાદ્‌વાદ અધિકારમાં અનેકાંતનું સ્વરૂપ કહેશે અને છેલ્લા સાધ્ય-સાધકદ્વારમાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ સાધક અને પૂર્ણસ્વરૂપ સાધ્યનું કથન કહેશે.

આ રીતે બાર અધિકારરૂપ સમયસાર ભંડાર છે. આ ઉત્કૃષ્ટ ગ્રન્થ દ્રવ્યાનુયોગરૂપ છે. વસ્તુનું સ્વરૂપ જેવું છે તે અનુસાર પરિણમન કરવાનું બતાવવાવાળો આ દ્રવ્યાનુયોગ છે. તે આત્માને પરદ્રવ્યના સંયોગથી જુદો પાડવાનું પણ કાર્ય કરે છે. અર્થાત્ જીવને મોક્ષમાર્ગમાં લગાડે છે.

આ આત્માનું નાટક પરમ શાંતરસને પુષ્ટ કરનારું છે. શાન્તિ....શાન્તિ....શાન્તિમય અકષાય સ્વભાવને પ્રગટ કરનારું છે અને પોષવાવાળું છે. એવા આ ગ્રન્થની ઉત્થાનિકા થઈ અર્થાત્ પ્રવેશદ્વાર થયો. આ શાસ્ત્ર તો સમ્યગ્જ્ઞાન અને શુદ્ધ ચારિત્રનું કારણ છે. તેને બનારસીદાસજી પદ્યરચનામાં વર્ણવે છે.

★ સ્વ-પરને જાણવાની યોગ્યતા પર્યાયની પોતાની છે તેથી તેને જાણે ત્યારે જ્ઞેય તેમાં જણાયા એમ નિકટપણાને લીધે કહેવામાં આવે છે. જ્ઞાનની એક સમયની પર્યાય અનંતા દ્રવ્યોને જાણે છે ને પર્યાયમાં અનંતા દ્રવ્યો જણાવા લાયક છે તેમ કહેવું તે પણ વ્યવહાર છે, ખરેખર તો જ્ઞાનની એક સમયની પર્યાય સ્વજ્ઞેય નિજ આત્માને જાણે ત્યાં અનંતા પરજ્ઞેયો તેમાં જણાય જાય એવી તે પર્યાયની શક્તિ છે.

*-પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ*



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

# સિદ્ધોને જ્ઞાન-અરીસામાં ઉતારતાં જ્ઞાનીઓ

(સળંગ પ્રવચન નં. ૧૫)

શ્રી નાટક સમયસાર ગ્રંથનો આ પ્રથમ અધિકાર 'જીવદ્વાર' શરૂ થાય છે, તેમાં પ્રથમ માંગલિકરૂપે ચિદાનંદ ભગવાનની સ્તુતિ કરે છે. આમ તો અમૃતચંદ્રાચાર્યના કળશનો ભાવાર્થ જ છે.

शोभित निज अनुभूति जुत चिदानंद भगवान।
सार पदारथ आतमा, सकल पदारथ जान।।१।।

ભગવાન આત્મા કેવો છે? કે-નિજ અનુભૂતિથી સુશોભિત છે. પોતાની અનુભૂતિ વડે અનંત જ્ઞાન આનંદ સ્વરૂપ ભગવાન આત્મા પ્રકાશમાન થાય છે. પુણ્ય-પાપ, વિકલ્પ કે નિમિત્તથી આત્મા પ્રસિદ્ધિમાં આવતો નથી. આત્માને માંગલિકમાં નમસ્કાર કરે છે.

આજથી ૯૦૦ વર્ષ પહેલાં અમૃતચંદ્ર આચાર્ય થઈ ગયા. તેમણે શ્રી કુંદકુંદ આચાર્યદેવ દ્વારા રચિત સમયસારની ઘણી ગૂઢ ગંભીર ટીકા રચી છે જાણે અધ્યાત્મમંદિરના કળશ જેવી ટીકા બનાવી છે. તેનું માંગલિક પણ જુઓને કેવું છે!

ભગવાન આત્મા શરીર અને કર્મથી તો રહિત જ છે પણ પુણ્ય-પાપના વિકારથી પણ રહિત છે એવો આત્મા તે સમયસાર છે અને તે સ્વસંવેદન વડે પ્રકાશિત થાય છે. પુણ્ય-પાપના રાગસ્વભાવથી અનુસરવું એ તો અનાદિથી ચાલ્યું આવે છે પણ એ તો અજ્ઞાન છે. હવે પોતાના જ્ઞાન-આનંદ સ્વભાવમાં એકાગ્ર થઈને તેને અનુસરવું તે સમ્યક્જ્ઞાન છે. અહો! જ્ઞાન-આનંદની અનુભૂતિથી આત્મા પ્રકાશિત થાય છે, શોભિત થાય છે, તેનું નામ ધર્મ છે. બધું કથન અસ્તિથી છે.

સમ+અય+સાર=શરીર, કર્મ અને પુણ્ય-પાપના રાગથી રહિત જે સારભૂત પોતાનો ચિદાનંદ આત્મા છે તે પોતાની આનંદની અનુભૂતિથી સુશોભિત થાય છે; પ્રકાશિત થાય છે. આ રીતે પ્રથમ ધર્મની શરૂઆત થાય છે. સ્વાનુભૂતિ વડે પ્રકાશે એવો જ આત્માનો સ્વભાવ છે. માટે કહ્યું કે स्वानुभूत्या चकासते અલિંગગ્રહણના ૨૦ બોલ છે તેમાં છઠ્ઠા બોલમાં આ જ વાત છે કે 'આત્મા પોતાના સ્વભાવથી સ્વયં પ્રકાશમાન પ્રત્યક્ષ જ્ઞાતા છે.' બહુ સૂક્ષ્મ વાત



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



છે. જૈનદર્શન જ સૂક્ષ્મ છે. અરે! વસ્તુનું સ્વરૂપ જ એવું છે. રાગરહિત વીતરાગ નિર્વિકલ્પ ચીજને જ જૈનપણું અથવા આત્મા કહેવાય છે. સ્વસંવેદનમાં જ આવા આત્માની પ્રતીતિ થાય છે અને ત્યારે જ આત્માની યથાર્થ શ્રદ્ધા થાય છે.

આ **शोभित निज अनुभूति**નો અર્થ ચાલે છે. પુસ્તક સામે રાખીને જુઓ! ધંધાના ચોપડા તો બહુ તપાસો છો! હવે આ ચોપડા તપાસો. બે હજાર વર્ષ પહેલાં ભગવાન કુંદકુંદઆચાર્ય થઈ ગયાં. તેઓ શાક્ષાત્ સીમંધર ભગવાન પાસે મહાવિદેહમાં ગયાં હતાં. આઠ દિવસ ત્યાં રહ્યાં અને ભગવાનની વાણી સાંભળી હતી. એ કુંદકુંદાચાર્યે આ શાસ્ત્ર રચ્યું છે અને તેના ઉપર અમૃતચંદ્ર આચાર્ય કે જે ૯૦૦ વર્ષ પહેલાં વનવાસી દિગંબર સંત થઈ ગયાં તેમણે ટીકા રચી છે. તેનો માંગલિકનો આ કળશ છે. તેનો અર્થ ચાલે છે. **नमः समयसाराय....** આ મહામાંગલિક છે. તેમાં કહે છે કે પોતાના આનંદનો અનુભવ કરવાથી આત્માને ધર્મ થાય છે, તેનાથી આત્મા શોભિત છે, રાગ અને પુણ્ય-પાપના અનુભવથી તો આત્મા અશોભિત છે.

આ મારગ અલૌકિક છે ભગવાન! કોઈ જુદી જાતનો મારગ છે. લોકો આ માર્ગને જાણતાં નથી. અને સેવા-પૂજામાં જ ધર્મ માનીને અટકી ગયા છે. અનાદિકાળથી શુભાશુભ રાગના વેદનમાં-એ તરફના ઝુકાવના કારણે મિથ્યાત્વના વેદનમાં ઝૂલતો અજ્ઞાની ચારગતિમાં રખડે છે અને દુઃખી થાય છે, તો હવે તેને ધર્મ અને સુખ કેવી રીતે થાય તેનું આ કથન છે.

ભગવાન આત્મા દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મથી રહિત છે. દ્રવ્યકર્મ એટલે જ્ઞાનાવરણાદિ આઠ જડકર્મો, ભાવકર્મ એટલે રાગાદિ વિકાર અને નોકર્મ એટલે શરીરાદિ સંયોગી પદાર્થ. તે ત્રણેયથી જે રહિત છે તે સમયસાર-આત્મા છે. શુભ-અશુભ રાગનું વેદન તો અજ્ઞાનીને અનાદિથી છે પણ તે તેને શોભતું નથી. તે આત્માનો શૃંગાર નથી. પ્રભુ! તારા સ્વભાવમાં તો અતીન્દ્રિય અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિ આદિ ભર્યા પડ્યાં છે, તે તરફ ઝુકાવ કરવાથી પર્યાયમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય તે ધર્મ છે. વીતરાગ સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્માએ કહેલું આ ધર્મનું સ્વરૂપ છે. એવો ધર્મ પ્રગટ થાય તેમાં તારી શોભા છે. વિકાર અને ચારગતિથી છૂટવાની ભાવનારૂપ અંતરદશા તે ધર્મ છે.

અરિહંત, સિદ્ધ આદિ પંચપરમેષ્ઠી તો પરદ્રવ્ય છે, તેનો પોતાને અનુભવ થઈ શકતો નથી. તેના તરફ લક્ષ જાય છે એ તો વિકલ્પ છે, રાગ છે. પોતાની અનુભૂતિથી પોતે પ્રગટ પ્રકાશમાન થાય છે. આ તો હજુ અનુભૂતિની એટલે પર્યાયની વાત ચાલે છે. પર્યાય એટલે અવસ્થા. દ્રવ્ય-ગુણ ત્રિકાળ છે અને પર્યાય ક્ષણિક છે. તે પર્યાયમાં અનાદિથી રાગ-વિકાર અને



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



મિથ્યાત્વનું વેદન છે તે આત્મા નથી તે તો અનાત્માનું વેદન છે. જ્ઞાનાનંદસ્વભાવને અનુસરીને જે જ્ઞાન-આનંદનું વેદન પર્યાયમાં આવે છે તેના વડે આત્મા પ્રકાશમાન થાય છે, તે વડે આત્માની યથાર્થ પ્રતીતિ થાય છે.

આ તો વીતરાગનો કોઈ અચિંત્ય માર્ગ છે. બહારમાં શરીરની ક્રિયાની પ્રવૃત્તિ આદિથી ધર્મ મનાઈ રહ્યો છે એ તો અનાદિથી ચાલ્યો આવતો મિથ્યાત્વભાવ જ છે, નરક અને નિગોદમાં જવાની ખાણ છે. શરીર તો જડ છે અને રાગ થાય છે તે પણ ચેતન નથી. નવતત્ત્વમાં તે આસ્રવતત્ત્વ છે. તેનાથી રહિત પોતાનો શુદ્ધ આત્મદ્રવ્યસ્વભાવ છે તેની અનુભૂતિ કરવી તે ધર્મ છે, તે સાર છે. અનુભૂતિ થઈ તે જ આત્માને સાચા નમસ્કાર છે. તે જ આત્માને નમી ગયો. નમન નામ વિનય એટલે આત્માનો આદર અને સત્કાર કરવો તે જ આત્માની અનુભૂતિ છે.

આ સૂક્ષ્મ વાત છે. ધર્મ સુલભ છે પણ સાધારણ માણસ સ્થૂળ રીતે સમજી જાય એવો આ ધર્મ નથી. બહુ દુર્લભ છે, બહુ અલૌકિક વાત છે, અપૂર્વ છે. કેમકે અનંતકાળમાં એક સેકંડ પણ આવી અનુભૂતિ થઈ નથી. જો એક સેંકડ પણ અનુભૂતિ થઈ હોય તો તેની મુક્તિ થયા વિના ન રહે. બીજ ઊગે અને પૂનમ ન થાય એમ કદી બને નહિ, પૂનમ થાય, થાય ને થાય જ. તેમ એક વાર ભગવાન ચૈતન્ય તરફ ઝૂકાવ થઈને આનંદનો અનુભવ અને સમ્યગ્જ્ઞાનની બીજ ઊગી તેને કેવળજ્ઞાનરૂપી પૂનમ થયા વગર રહે નહિ, તેને કેવળજ્ઞાન લીધે છૂટકો છે.

**भावाय** એટલે ભગવાન જે પોતાના સ્વભાવભાવ સ્વરૂપ છે, પરભાવ સ્વરૂપ નથી પણ પોતાના ભાવસ્વરૂપ ભગવાન છે અને **चित्स्वभावाय** એટલે જ્ઞાન અને આનંદ એ આત્માનો સ્વભાવ છે.

દરબાર (એક ગરાસીયા મુમુક્ષુ)! આ આત્મા દરબાર છે. તેમાં અનંત જ્ઞાન આનંદ આદિ સામ્રાજ્ય છે. તેનો તું સ્વામી છો. તું કલ્યાણ સ્વરૂપ છો અને કલ્યાણ કરવાવાળો છો પણ તેના ભાન વગર કલ્યાણ કેવી રીતે થાય! આત્માના ભાન વગર જ અનાદિથી અજ્ઞાની બહારની ક્રિયાથી પોતાનું કલ્યાણ માની રહ્યો છે.

**भावाय** એટલે દ્રવ્ય અને ચિત્સ્વભાવાય એ તેનો સ્વભાવ છે. જેમ, સાકરનો મીઠો અને સફેદ સ્વભાવ છે, અફીણનો કડવો અને કાળો સ્વભાવ છે તેમ, ભગવાન આત્માનો જ્ઞાન અને આનંદ સ્વભાવ છે અને અનુભૂતિ તે તેની પર્યાય છે.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**સર્વાભાવાન્તરચ્છિદે** એટલે ભગવાન આત્મા સર્વભાવોને જાણવાવાળો છે. ભાવાય તે દ્રવ્ય છે, ચિત્તસ્વભાવ તે ગુણ છે અને સ્વાનુભૂતિ તે તેની નીચલી દશાની અધૂરી પર્યાય છે, તે આનંદરૂપ ધર્મની પર્યાય વડે સર્વને જાણનારું જ્ઞાન પ્રગટ થાય છે. અનુભૂતિ વડે સર્વજ્ઞપદ પ્રગટ થાય છે. કોઈ રાગ કે નિમિત્ત વડે સર્વજ્ઞપણું પ્રગટ થતું નથી એ અહીં સિદ્ધ કરવું છે. અનુભૂતિમાં પોતાનું સ્વરૂપ તો જાણવામાં આવ્યું હતું પણ હવે પોતાથી જુદા સર્વ પદાર્થનું પણ એકસાથે જાણવું થાય તે સર્વજ્ઞદશા અનુભૂતિ વડે જ થાય છે. સ્વાનુભૂતિ તે ધર્મની શરૂઆત છે, સંવર-નિર્જરા છે અને સર્વભાવાંતરચ્છિદે એટલે મોક્ષ તે પૂર્ણતા છે. આમ, એક કળશમાં જીવદ્રવ્ય, તેના ગુણ અને સંવર, નિર્જરા અને મોક્ષ પર્યાય આ બધું આવી ગયું. આસ્રવ, બંધ અને અજીવ તે જીવમાં નથી માટે તેની અહીં વાત જ લીધી નથી. નાસ્તિની વાત જ કરી નથી, અસ્તિ જ બતાવી છે.

જુઓ! આવું આ સમયસારનું અલૌકિક માંગલિક છે. જેમ, ભેંસના આઉમાંથી બળૂકી બાઈ અંદરમાં જે દૂધ ભર્યું છે તે બહાર લાવે છે તેમ, અમૃતચંદ્રાચાર્યે કસ બહાર કાઢ્યો છે. શાસ્ત્રમાં જે ભાવ ભર્યા છે તેને અમૃતચંદ્રાચાર્ય જોર દઈને બહાર લાવ્યા છે એવી આ ટીકા છે.

હવે, **સર્વભાવાન્તરચ્છિદે** રૂપ જે મોક્ષની પર્યાય છે તેને પ્રાપ્ત થયેલાં સિદ્ધભગવાનની બનારસીદાસજી સ્તુતિ કરે છે.

સિદ્ધભગવાનની સ્તુતિ, જેમાં શુદ્ધઆત્માનું વર્ણન છેઃ-

**जो अपनी दुति आप विराजत,**
**है परधान पदारथ नामी।**
**चेतन अंक सदा निकलंक,**
**महा सुख सागरको विसरामी।।**
**जीव अजीव जिते जगमैं,**
**तिनकौ गुन ज्ञायक अंतरजामी।**
**सो सिवरूप बसे सिव थानक,**
**ताहि विलोकि नमैं सिवगामी।।२।।**

જુઓ! **विलोकि** કહીને સિદ્ધનું સ્વરૂપ આવું છે એવા ભાન સહિત નમવાની વાત કરી છે. ભાવ વગર નમે તે તો 'તૂંબડીમાં કાંકરા' જેવું છે, તૂંબડી એટલે સૂકાઈ ગયેલી દૂધી. જેમાં બી જુદાં પડી જાય છે એટલે અંદર ખખડે છે જાણે અંદર પૈસા ખખડતાં હોય તેમ લાગે પણ



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



એને ભાન નથી કે એ તો બીજ છે. તેમ સિદ્ધને નમસ્કાર કરે છે પણ સિદ્ધના સ્વરૂપની ખબર નથી એવાની આ વાત નથી.

મુમુક્ષુઃ-સિદ્ધનું સ્વરૂપ સમજવાની દરકાર હોવી જોઈએ ને!

પૂજ્ય ગુરુદેવશ્રીઃ-રુચિ હોય ત્યાં દરકાર આવ્યા વિના રહે નહિ. આ ધંધાની દરકાર કોણે શીખવાડી? રુચિ હતી તો દરકાર આવી ગઈને! ધંધામાં તો દરકાર આવી ગઈને! ધંધામાં તો દરકાર રાખવાથી પૈસા આવતા નથી, એ તો પૂર્વના પુણ્ય હોય તો આવે છે. આંખની પાંપણ ફેરવવી એ પણ તમારું કાર્ય નથી. જડની પર્યાય જડથી થાય, ચેતનનું એ કામ નહિ. છતાં જે એમ માને કે હું જડના કામ કરી શકું છું, હું કમાણી કરું છું-એ મૂઢ મિથ્યાદૃષ્ટિ છે.

હવે અહીં શ્લોકનો અર્થ કરે છે.

**જો અપની દુતિ** એટલે જ્યોતિથી પોતે પ્રકાશે છે સિદ્ધભગવાન પોતાની ચૈતન્ય-જ્યોતિથી બિરાજે છે. સિદ્ધભગવાન કોઈનું કાંઈ કરી દેતાં નથી. કોઈનું ભલું-બૂરું કરવું એ સિદ્ધનું કાર્ય નથી. **નમો સિદ્ધાણં** કહેતાં સિદ્ધના સ્વરૂપનું ભાવભાસન હોવું જોઈએ. કેવા છે સિદ્ધભગવાન જેને ચૈતન્યપ્રકાશનું પૂર્ણ નૂર પ્રગટ થઈ ગયું છે તેને સિદ્ધભગવાન કહે છે અને એવી જ શક્તિ આ આત્મામાં પડી છે. તેમાંથી જ સિદ્ધપણું પ્રગટ થાય છે. ધર્મી પોતાના સ્વભાવને આવો માને છે તે વાત આગળ આવી ગઈ છે. 'ચેતનરૂપ અનૂપ અમૂરત, સિદ્ધ સમાન સદા પદ મેરો.' શરીર નહિ, કર્મ નહિ, રાગ નહિ પણ અલ્પજ્ઞપણું પણ મારો સ્વભાવ નહિ, હું તો સિદ્ધ સમાન છું. સૂક્ષ્મ વાત છે! અપૂર્વ છે! અનંતકાળમાં કદી જાણી નથી એવી વાત છે. દયા, દાન, વ્રત, ભક્તિ તો અનંતવાર કર્યા છે તે કોઈ અપૂર્વ નથી.

આત્મામાં સદાય જે સિદ્ધસ્વરૂપ સત્ત્વ છે તેમાંથી એન્લાર્જ થઈને પર્યાયમાં સિદ્ધપણું પ્રગટ થાય છે. આ તો અંદરનો ફોટો પાડવાની વાત છે. પણ અરે! 'મોહ મહાતમ આતમ અંગ, કિયો પરસંગ મહાતમ ઘેરો' મેં મારા સ્વરૂપને ન જાણીને મહા મિથ્યાત્વને કારણે જે મારા નથી એવા શરીર અને રાગાદિને મારા માન્યા. આ મહા મોહરૂપ મિથ્યાત્વના કારણે આવું માની રાખ્યું છે.

ભગવાન આત્મા તો ચૈતન્યજ્યોત સિદ્ધ સમાન હોવા છતાં વર્તમાન પર્યાયમાં મેં મહા મિથ્યાત્વના કારણે વિકલ્પો ઊભા કરીને સ્વભાવને ઘેરો ઘાલ્યો છે અને પરનો સંગ કરીને મહા અજ્ઞાનરૂપી અંધકાર ફેલાવ્યો છે પણ હવે બનારસીદાસજી કહે છે કે 'જ્ઞાનકલા ઉપજી અબ



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

મોક્ષ, કહૂં ગુણ નાટક આગમકેરો.' બનારસીદાસજી કહે છે કે રાગ અને વિકલ્પથી રહિત સ્વરૂપનું ભાન મને થઈ ગયું છે તેથી સમયસારરૂપી આગમનું નાટક કહીને તેમાં હું તેના ગુણ કહીશ. તેના પ્રસાદથી મારો મોક્ષમાર્ગ સધાશે. પુણ્યથી મોક્ષમાર્ગની સાધના થતી નથી. તારણસ્વામીએ એક જગ્યાએ કહ્યું છે કે જો તું જનરંજન કરાવવા માટે પુણ્યથી ધર્મ થવાનો ઉપદેશ આપે છે તો તું નરકગામી છો. ઊલટો માર્ગ બતાવીને દુનિયાને રાજી રાખે છે તેને નરક સિવાય બીજું શું હોય! મોક્ષમાર્ગની સાધના તો પોતાના આનંદસ્વરૂપને સાધતાં સાધતાં થાય છે.

'जासुं प्रसाद सधै शिवमारग, वेगे मिटे घटवास वसेरो....'

અહા! આ દેહ તો હાડકાં, ચામડાથી બનેલો છે, માટી છે એમાં આત્માને વસવું એ તો કલંક છે. ઊંચામાં ઊંચા મેસૂબને ગધેડાંના ચામડામાં વીંટવા જેવી આ દશા છે, કલંક છે, મોક્ષને સાધતાં આ કલંકરૂપ દેહમાં વસવું શીઘ્ર છૂટી જાય છે, ભવમાં વસવું છૂટી જાય છે -શીઘ્ર છૂટી જાય છે.

આ બધું પહેલાં સમજણમાં લેવાની ચીજ છે. સમજે તો પછી પ્રયોગમાં મૂકી શકે પણ સમજ્યા વગર વીર્ય ક્યા ફોરવે? ક્યાં જવું છે અને ક્યાંથી હટવું છે તેની ખબર વગર ક્યાં જાય!

અહીં સિદ્ધની સ્તુતિ કરતાં કહે છે કે, સિદ્ધ ભગવાન પોતાની આત્મજ્યોતિથી પ્રકાશિત છે, સર્વ પદાર્થોમાં પ્રધાન છે, -અગ્રેસર છે. ચેતન જેનું લક્ષણ નામ ચિહ્ન છે, જાણવું-દેખવું એ તેનો ટ્રેડમાર્ક છે. પુણ્ય-પાપના વિકલ્પ એ તેનું લક્ષણ નથી. પ્રભુ તો નિર્વિકાર છે તેમ આ આત્મા પણ વસ્તુ તરીકે ત્રિકાળ નિર્વિકાર છે અને નિષ્કલંક છે.

સિદ્ધભગવાન મહા સુખસાગરમાં આનંદ કરે છે. કોઈ પ્રશ્ન કરતું હતું મહારાજ! સિદ્ધભગવાન કોઈનું કામ કરે કે નહિ? અમે તો પાંચ-પચીસ માણસોનું કામ કરે તેને મોટા માનીએ છીએ. ભાઈ! સિદ્ધભગવાન કોઈનું કાંઈ કામ ન કરે. કોઈનું ભલું-બૂરું ન કરે. તમે પણ કોઈનું ભલું કરી શકતાં નથી માત્ર માન્યતા કરો છો. તમે તમારાં શરીરમાં રોગ આવે તેને પણ મટાડી શકતાં નથી તો બીજાનું તો ક્યાંથી કરી શકો?

શિષ્યઃ-રોગ તો ડોકટર મટાડે.

પૂજ્ય ગુરુદેવશ્રીઃ-અરે! ડોકટર રોગ શું મટાડવાનો હતો! ડોકટર પોતાને પણ રોગ કે મરણથી બચાવી શકતો નથી. દેહની સ્થિતિ જે સમયે જે ક્ષેત્રમાં જેવી થવાની હોય તેવી

www.vitragvani.com



થાય....થાય ને થાય જ. તેને ફેરવવા ઉપરથી ઈન્દ્રને ઉતારો તોપણ ફરે નહિ.

અહીં તો કહે છે, આરામગૃહ તો ભગવાન આત્મા છે. સિદ્ધભગવાન એ મહા સુખસાગરમાં વિશ્રામ કરે છે. જુઓ! પહેલાં સિદ્ધભગવાનને યાદ કર્યા છે. પોતાને સિદ્ધ થવું છે ને! પ્રભુ! તમે તો નીચે પધારતાં નથી પણ અમે તો તમને યાદ કરીને નીચે ઉતારીએ છીએ. કુંદકુંદઆચાર્ય ગાથામાં પણ પ્રથમ સર્વ સિદ્ધોને નમસ્કાર કરે છે. **वंदित्तु सव्व सिद्धे....**

રામચંદ્રજી જ્યારે નાના હતાં-બે વર્ષના, ત્યારે એકવાર અગાસીમાં બેઠા હતાં. ત્યાંથી ચંદ્ર ઉપર નજર જતાં ચંદ્રને નીચે બોલાવવાની ચેષ્ટા કરવા લાગ્યા. રામચંદ્ર એ જ ભવે મોક્ષગામી હતા ને! તો પુત્રના લક્ષણ પારણેથી જ હોય ને! ચંદ્રને બોલાવે પણ આવે નહિ એટલે રડવા લાગ્યા. ત્યારે દશરથરાજા દીવાનને કહે છે કે તપાસ કરો રામચંદ્ર કેમ રડે છે? દીવાન કહે, હું દીવાનપણું કરું કે બાળકને રમાડું! અરે! આ તો મહાપુરુષ છે! ભાગ્યવાન -પુણ્યશાળી છે. ભાગ્ય કાંઈ ભભૂત લાગવાથી થોડું છુપાઈ જાય છે! દીવાન સમાધાન કરવા જાય છે કે કેમ બાળક રડે છે! જોયું....ઠીક, આને તો ચંદ્રને નીચે ઉતારવો છે. એ કેમ ઉતરે!....નીચેથી અરીસો લઈ આવ્યાં તેમાં ચંદ્રનું પ્રતિબિંબ રામને બતાવીને અરીસો ખીસ્સામાં નાખી દીધો. એટલે રામ રડતાં બંધ થઈ ગયાં. તેમ જ્યારે આત્મા સિદ્ધભગવાનને યાદ કરે છે ત્યારે સિદ્ધ તો નીચે આવતાં નથી પણ સિદ્ધ સમાન પોતાના આત્માની અનુભૂતિ કરે છે તો જાણે સિદ્ધ મારા હૃદયમાં આવી ગયા એમ લાગે છે. હું જ સિદ્ધ સમાન છું, મારું સ્વરૂપ સિદ્ધ જેવું જ છે એવો અનુભવ કરતાં પોતે સિદ્ધ થઈ જાય છે.

સિદ્ધભગવાનને મહાસુખસાગર વિશ્રામી કહ્યાં પણ સાગર તો અલ્પ જોજનના વિસ્તારવાળો -કાંઠાવાળો હોય છે અને સિદ્ધને તો અનંત અનંત આનંદનો સાગર પર્યાયમાં ઊછળે છે. દરિયાની મધ્યમાંથી ભરતી આવે છે તેમ દ્રવ્યમાં જે આનંદ છે તેની પર્યાયમાં ભરતી આવે છે.

**सो सिवरूप वसै सिव थानक।** ઉપર શિવસ્થાન છે ત્યાં સિદ્ધભગવાન વસે છે. ત્યાં બંગલા નથી હો! બંગલા, લાડી, ગાડી, ઘોડી વગેરે કાંઈ ત્યાં નથી. પરચીજના લક્ષે તો આકુળતા ઉત્પન્ન થતી હતી તેનો નાશ કરીને અનાકુળતા ઉત્પન્ન થઈ છે તેને હવે પરચીજનું શું કામ છે! પોતાનો અનંત આનંદ સાગર ઊછળે છે તેનો અનુભવ કરે છે તેને બાહ્ય કોઈ ચીજની જરૂર નથી. તે તો પોતાના અસંખ્યપ્રદેશમાં રહે છે.

સિદ્ધભગવાન મોક્ષરૂપ છે, મોક્ષપુરીના નિવાસી છે, તેમને મોક્ષગામી જીવ જ્ઞાનદૃષ્ટિથી જોઈને નમસ્કાર કરે છે. ધર્મી જીવને સિદ્ધ સમાન પોતાના સ્વરૂપની દૃષ્ટિ થઈ ગઈ છે અને



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

સિદ્ધપર્યાયનું જ્ઞાન થઈ ગયું છે તે જ્ઞાનદૃષ્ટિ વડે સિદ્ધને નમસ્કાર કરે છે. શ્રીમદ્‌જી અપૂર્વ અવસરમાં લખે છે ને!

સાદિ અનંત અનંત સમાધિસુખમાં,
અનંત દર્શન,જ્ઞાન અનંત સહિત જો....અપૂર્વ અવસર૦

શ્રીમદ્ રાજચંદ્ર થઈ ગયા તેની ખબર છે! વવાણિયામાં થઈ ગયાં. સાત વર્ષની ઉંમરે જાતિસ્મરણ થયું હતું, સોળ વર્ષની ઉંમરે તો મોક્ષમાળા બનાવી. માળામાં ૧૦૮ મણકા હોય તેમ આમાં ૧૦૮ પાઠની મોક્ષમાળા બનાવી. ઘણી શક્તિ હતી. ઘણો ક્ષયોપશમ. ત્રણ દિવસમાં આખી મોક્ષમાળા બનાવી. આત્મા ક્યાં સોળ વરસનો છે! એ તો અનાદિ અનંત છે એ મોક્ષમાળાનો એક પાઠ છે કે.

હું કોણ છું, ક્યાંથી થયો, શું સ્વરૂપ છે મારું ખરું!
કોના સંબંધે વળગણા છે, રાખું કે એ પરિહરું;
એના વિચાર વિવેકપૂર્વક, શાંતભાવે જો કર્યા,
તો સર્વ આત્મિકજ્ઞાનના, સિદ્ધાંત તત્ત્વ અનુભવ્યાં.

તેનો વિચાર વિવેકપૂર્વક એટલે રાગથી અને વિકલ્પથી ભિન્ન પડીને વિચાર કરે તો આત્માના સર્વભાવ અનુભવમાં આવે. આત્મા શુદ્ધ, ચૈતન્ય, આનંદઘન છે એવું જ્ઞાનમાં આવી જાય.

અહીં કહે છે **ताहि विलोकि नमैं सिवगामी।** જેને પોતાના જ્ઞાનમાં પોતાની અનુભૂતિ થઈ છે તે પોતાના જ્ઞાનમાં સિદ્ધના સ્વરૂપનું અવલોકન કરીને સિદ્ધને નમે છે. સમ્યગ્દષ્ટિ-જ્ઞાની આ સિદ્ધને ઓળખીને સિદ્ધને નમસ્કાર કરે છે. **नमो सिद्धाणं** કહે પણ સિદ્ધના સ્વરૂપને ઓળખે નહિ તેની આ વાત નથી.

**नमो अरिहंताणं** એટલે જેણે અરિ નામ રાગ-દ્વેષ અને અજ્ઞાનને હણીને વીતરાગતા અને કેવળજ્ઞાન પ્રગટ કર્યું તેને અરિહંત કહેવાય છે. અરિહંતને ચાર કર્મનો નાશ થયો છે અને સિદ્ધને આઠેય કર્મનો નાશ થઈને જે જ્ઞાનશરીરી થયા છે તે સિદ્ધને બનારસીદાસ નમસ્કાર કરે છે. જ્ઞાન અને આનંદ જ જેનું શરીર છે તેને જે નિરંતર અનુભવે છે એવા સિદ્ધોને નમસ્કાર કરીને માંગલિક કર્યું છે.

સમયસાર-સૂર્યના જ્ઞાનકિરણો પ્રકાશનાર શ્રી સદ્‌ગુરુદેવનો જય હો.

www.vitragvani.com



વસ્તુસ્વરૂપમાં વાસ્તુ કરાવનાર ચૈતન્યવિહારી શ્રી સદ્‌ગુરુદેવનો જય હો.

(પ્રવચન પછી 'વાસ્તુ' નિમિત્તે પૂજ્યશ્રીનું સ્વાગતગીત બહેનોએ ગાયું હતું.)

### ✤ સ્વપ્નમાં પણ એનું એ જ રહે તેને આત્મા પ્રાપ્ત થાય જ ✤

શ્રોતાઃ-ઘણા વખતથી તત્ત્વનો અભ્યાસ કરવા છતાં આત્મા પ્રાપ્ત કેમ થતો નથી?

પૂજ્ય ગુરુદેવઃ-આત્મા અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ છે, એના અતીન્દ્રિય આનંદની તાલાવેલી જાગે, આત્મા સિવાય બીજે ક્યાંય મીઠાશ લાગે નહિ, બીજે ક્યાંય રસ પડે નહિ, જગતના પદાર્થોનો રસ ફીક્કો લાગે, સંસારના રાગનો રસ ઊડી જાય, અહો! જેના આટલા આટલા વખાણ થાય છે એ આત્મા અનંતાનંત ગુણોનો પુંજ પ્રભુ છે કોણ? એમ આશ્ચર્ય થાય, એની લગની લાગે, એની ધૂન ચડે એને આત્મા મળે જ, ન મળે એમ બને જ નહિ. જેટલું કારણ આપે એટલું કાર્ય આવે. કારણ આપ્યા વિના કાર્ય આવતું નથી. કારણની કચાશના લઈને કાર્ય આવતું નથી. આત્માના આનંદ સ્વરૂપની અંદરથી ખરેખરી લગની લાગે, તાલાવેલી લાગે, સ્વપ્નમાં પણ એનું એ જ રહે, તેને આત્મા પ્રાપ્ત થાય જ.

★ કોઈ પણ પર્યાય હો, ચાહે તો કેવળજ્ઞાન કે મોક્ષની પર્યાય હો પણ તેની મુદત એક સમયની હોવાથી તે નષ્ટ થવા યોગ્ય છે. સમસ્ત પર્યાયો નષ્ટ થવા યોગ્ય છે. સંવરની પર્યાય હો પણ તે નષ્ટ થવા યોગ્ય છે. કેમ કે એક સમયની છે ને! તે અપેક્ષાએ નષ્ટ થવા યોગ્ય છે અને ત્રિકાળી તત્ત્વ તો છે એમ ને એમ સદાય છે. તેથી સમસ્ત નાશવાન ભાવોથી ધ્રુવ સામાન્યવસ્તુ દૂર છે, ભિન્ન છે. દૂર એટલે સહ્યાંચળ ને વિંધ્યાચળ પર્વતની જેમ ભિન્ન ભિન્ન ક્ષેત્ર છે એમ નહીં, પણ પર્યાયમાં ધ્રુવ નથી ને ધ્રુવમાં પર્યાય નથી. તેથી નાશવાન ભાવોથી ધ્રુવ સામાન્યવસ્તુ દૂર છે.

*-સ્વાનુભવમાર્ગપ્રકાશક પૂજ્ય ગુરુદેવ*



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

# વિશુદ્ધિની ભાવના

(સળંગ પ્રવચન નં. ૧૬)

શ્રી નાટક સમયસારનો આ જીવદ્વાર ચાલે છે. તેમાં આત્માના સ્વરૂપનું કથન ચાલે છે. પ્રથમ કળશમાં માંગલિક થઈ ગયું છે. હવે જિનવાણીની સ્તુતિ કરે છે. પહેલાં દેવની સ્તુતિ કરી, હવે જિનવાણીની સ્તુતિ કરે છે અને ગુરુ તો અમૃતચંદ્ર આચાર્ય પોતે જ છે.

ગુરુ અમૃતચંદ્ર આચાર્ય ત્રણ કષાયના અભાવવાળા નગ્ન દિગંબર ભાવલિંગી સંત હતા. અષ્ટપાહુડમાં-દર્શનપાહુડમાં કહ્યું છે કે પોતાના વીતરાગમૂર્તિ આત્માનો આશ્રય લઈને જેણે ત્રણકષાયનો અભાવ કર્યો છે અને બાહ્યમાં નગ્ન દિગંબર લિંગ છે તે જૈનદર્શન છે. માલ સહિત બારદાનની વાત છે, ખાલી બારદાનથી કાંઈ કિંમત નથી. એકલું નગ્નપણું કે અઠ્યાવીશ મૂળગુણનું પાલન એ તો ખાલી બારદાન જેવું છે. અંતરમાં સત્ ચિદાનંદપ્રભુની દૃષ્ટિ, જ્ઞાન અને સ્થિરતા પ્રગટ કરી હોય તો એ માલ સહિત નગ્ન દિગંબરદશા એ જૈનદર્શન છે. અમૃતચંદ્રાચાર્ય આવા ભાવલિંગ મુનિ હતાં.

હવે બનારસીદાસજી જિનવાણીની સ્તુતિ આ પ્રમાણે કરે છે :

जोग धरैं रहै जोगसौं भिन्न,
  अनन्त गुनातम केवलज्ञानी।
तासु हृदै-द्रहसौं निकसी,
  सरितासम व्है श्रुतसिन्धु समानी।।
याते अनन्त नयातम लच्छन,
  सत्य स्वरूप सिधंत बखानी।
बुद्ध लखै न लखै दुरबुद्ध,
  सदा जगमाँहि जगै जिनवानी।।३।।

जोग धरै रहै जोगसौं भिन्न, अनन्त गुनातम केवलज्ञानी જેણે અરિ નામ રાગ-દ્વેષ અને અજ્ઞાનનો નાશ કરીને પોતાના જ્ઞાન, દર્શન, આનંદ, વીર્ય આદિ અનંત ગુણોને પર્યાયમાં પ્રગટ કર્યા છે એવા અરિહંત અર્થાત્ સર્વજ્ઞ કેવળી ભગવાનને જોગ એટલે મન, વચન,

www.vitragvani.com



કાયાનો યોગ હોય છે છતાં જે યોગથી ભિન્ન છે-વસ્તુ જોગથી ભિન્ન છે એવા પ્રભુના અંતરમાંથી વહેલી વાણી તે જિનવાણી છે.

ધર્મીને સમ્યગ્દર્શનમાં પણ અનંતગુણો અંશે વ્યક્ત જણાય છે. એ જ ગુણો કેવળીને પૂર્ણપણે પ્રગટ થઈ જાય છે. જો કે અરિહંત કેવળીને શરીર છે અને મન, વચન, કાયાના સાત યોગ પણ છે પણ ભગવાન યોગો દ્વારા જ્ઞાનનો અનુભવ કરતાં નથી, જ્ઞાન દ્વારા જ સર્વને જાણે છે. શરીરને યોગોને અને બાકી રહેલાં ચાર અઘાતિ કર્મોને પોતાના જ્ઞાન દ્વારા જાણે છે અને લોકાલોકને પણ જ્ઞાન દ્વારા જાણે છે.

**तासु हदै-द्रहसौं निकसी सरितासम व्है श्रुतसिंधु-समानी** પ્રભુના કેવળજ્ઞાનરૂપ સરોવરમાંથી આ વાણીરૂપી નદી નીકળી છે. 'વીર હિમાચલતેં નિકલી, ગુરુ ગૌતમકે મુખકુંડ ઢરી હૈ.' પૂર્ણજ્ઞાન-આનન્દરૂપી સરોવરમાંથી વાણીરૂપી નદી નીકળી છે. આ નિમિત્તથી કથન છે. કાંઈ જ્ઞાન વાણીમાં આવતું નથી કે વાણી જ્ઞાનમાં ભળી જતી નથી પણ પૂર્ણજ્ઞાન પ્રગટ થયું છે એવા સર્વજ્ઞની વાણી પણ એવી જ નીકળે છે. માટે જ વાણીને સર્વજ્ઞ અનુસારિણી કહીને પૂજ્ય કહી છે. પરમાણુની ભાષારૂપ પર્યાય એવી નીકળે છે કે જે સ્વ-પરને બતાવે છે. તે જ્ઞાનસરોવરમાંથી આવી છે એવું નિમિત્તથી કથન કર્યું છે. આત્મામાં વાણી ભરી નથી, વાણી તો જડ છે અને આત્મા તો ચૈતન્યમૂર્તિ છે.

ભગવાનની આ વાણીમાંથી શાસ્ત્રોની રચના થઈ છે. ગણધરભગવાન બાર અંગ અને ચૌદપૂર્વની રચના કરે છે. વાણીરૂપી નદી આ શ્રુતસિંધુમાં સમાણી છે. આ વાણી કેવી છે? કે, અનંત નયના લક્ષણવાળી છે. સિદ્ધાંતમાં તેને સત્યસ્વરૂપ અને અનંત નયવાળી કહી છે. વાણી **अनंत नयातम** છે.

જયધવલમાં નયના બે પ્રકાર કહ્યા છે એક વાસ્તવિકનય એટલે જ્ઞાનનો અંશ અને વાણી તે ઉપચારિકનય છે. અહીં આ ઉપચારિકનયની વાત ચાલે છે. જેવું સર્વજ્ઞપદ પ્રગટ થયું એવી વાણી નીકળે છે. વાણી તો વાણીના કારણે નીકળે છે પણ તે પદને યોગ્ય જ હોય છે. જેમ, કોઈ માણસ માંસ ખાતો ન હોય, દારૂ પીતો ન હોય, બ્રહ્મચારી હોય તો તેના મુખેથી માંસ ખાવા જેવું છે કે વિષય સેવવા જેવા છે એવી વાણી જ નહિ નીકળે. કેમ કે જેવા અંદરમાં ભાવ હોય તેને અનુકૂળ જ વાણીનો યોગ હોય છે.

ૐધ્વનિ નીકળે છે તેનાં ભગવાન કર્તા નથી પણ ભગવાનના જ્ઞાનને અનુરૂપ જ વાણી આવે છે. એ ૐધ્વનિ અનંત નયસ્વરૂપ છે. જ્ઞાનના એક અંશને નય કહે છે. તે અનંત



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

પદાર્થના એક અંશને પોતાના જ્ઞાન વડે જાણે છે.

**सत्य स्वरूप सिधंत बखानी।** છ દ્રવ્ય, નવ તત્ત્વ, બંધમાર્ગ, મોક્ષમાર્ગ આદિ જેમ છે તેમ યથાર્થપણે જિનવાણી બતાવે છે માટે તેને સત્યસ્વરૂપ કહી છે. વીતરાગની વાણીમાં વીતરાગતા જ આવે છે. રાગ કરવાલાયક છે કે રાગ ઠીક છે એવી વાણી જિનવાણીમાં ન આવે. જેમ આત્મામાં સ્વ-પરને જાણવાની તાકાત છે તેમ વાણીમાં સ્વ-પરને કહેવાની તાકાત છે. આ વાણીમાંથી સિદ્ધાંતો પ્રગટ થયા છે.

**बुद्धै लखै न लखै दुरबुद्ध।** સમ્યગ્જ્ઞાની જ આ વાણીને યથાર્થપણે જાણે છે. શ્રીમદ્‌જીએ સોળ વર્ષની ઉંમરમાં મોક્ષમાળા લખી છે. તેમાં જિનવાણીનું વર્ણન આ પ્રમાણે કર્યું છે.

અનંત અનંત ભાવ ભેદથી ભરેલી ભૂલી,
અનંત અનંત નય નિક્ષેપે વ્યાખ્યાની છે.
સકલ જગત હિતકારીની, હારિણી મોહ
તારિણી ભવાબ્ધિ મોક્ષચારિણી પ્રમાણી છે.
ઉપમા આપ્યાની તેને તમા રાખવી તે વ્યર્થ,
આપવાથી નિજમતી મપાઈ મેં માની છે.
અહો રાજચંદ્ર, બાળ ખ્યાલ નથી પામતા એ,
જિનેશ્વર તણી વાણી જાણી તેણે જાણી છે.

શ્રીમદે ૧૬ વર્ષે લખેલી આ વાણીની મહિમા સામાન્ય જીવોને (વર્ષના આંકડા ઉલટાવી નાંખીએ તો) ૬૧ વર્ષે પણ સમજવી કઠણ પડે છે. પ્રભુની વાણી અનંત અનંત ભાવના ભેદ-પ્રકારથી ભરેલી છે, અનંત નયસ્વરૂપ છે. આખા જગતને હિતનું કારણ છે, મોહનો નાશ કરનારી છે. તારિણી ભવાબ્ધિ એટલે ભવનો અભાવ કરાવનારી છે. સંસારસમુદ્રમાંથી જીવને તારી લેનારી છે અને અનંત સુખરૂપ મોક્ષને દેનારી છે. પૂર્ણતા પ્રાપ્ત કરાવનારી છે. આવી પ્રભુની વાણીને કોઈની ઉપમા આપી શકાય તેમ નથી. ઉપમા આપનારો પોતે મપાય જાય છે. બાળ નામ અજ્ઞાનીઓ વીતરાગની વાણીનો ખ્યાલ પામી શકતાં નથી. જિનેશ્વરદેવની વાણી તો જાણી તેણે જાણી છે-જ્ઞાની જ જાણે છે. અજ્ઞાનીઓને પત્તો ખાતો નથી.

જિનવાણીના મર્મને જ્ઞાની જ જાણી શકે છે. અજ્ઞાનીઓ તેના મર્મને જાણી શકતા નથી. પોતાની કલ્પનાથી અર્થ કરે છે પણ નિશ્ચય, વ્યવહારની અપેક્ષાને સમજતાં નથી. **बुद्ध लखै न लखै दुरबुद्ध।** બુદ્ધ નામ સમ્યગ્દૃષ્ટિ જિનધર્મીના મર્મી છે. દુરબુદ્ધ નામ મૂર્ખ. મિથ્યાદૃષ્ટિ

www.vitragvani.com



જિનવાણીના મર્મને ઓળખી શકતાં નથી.

મુમુક્ષુઃ-બધાંને મૂર્ખ કહ્યાં?

પૂજ્ય ગુરુદેવશ્રીઃ-જે સમજે નહિ તે બધાં મૂર્ખ છે. જિનવાણી જ એને કહીએ કે જેમાંથી વીતરાગતાનું પોષણ મળે અને પૂર્ણ વીતરાગતા પ્રગટ થાય. તો જે વીતરાગતાનું પોષણ ન કાઢે અને રાગનું પોષણ કરે કે, પહેલાં રાગ કરો-વ્યવહાર ધર્મ કરો પછી નિશ્ચય થશે. એ જિનવાણીના મર્મને સમજ્યા નથી. જિનવાણી રાગ કરવાનું કહેતી જ નથી.

આ કાળે વીતરાગની વાણી શું કહે છે તેની પરીક્ષા કરીને સમજવું એ કઠણ કામ છે. બહુ વિચિક્ષણતા જોઈએ. તત્ત્વજ્ઞાની જ તેને જાણી શકે છે.

सदा जगमाँहिं जगे जिनवानी। જિનવાણી જગતમાં સદા જયવંત હો. જુઓ! આ જિનવાણીની સ્તુતિ! વાણી તો વાણી છે એમાં કાંઈ આત્માના ભાવ ભર્યા નથી પણ ભાવને સમજાવવાની શક્તિરૂપ ભાવ તેમાં ભરેલો છે. તે જડભાવ છે. છતાં વાસ્તવિક વસ્તુનું સ્વરૂપ કહેવાની તાકાત તેમાં રહેલી છે. આવી સર્વજ્ઞની દિવ્યધ્વનિ સદા જયવંત રહો.

હવે સમયસારના ત્રીજા કળશના અર્થરૂપ કાવ્ય કહે છે :-

हौं निहचै तिहुंकाल, सुद्ध चेतनमय मूरति।
पर परनति संजोग, भई जड़ता विसफूरति।।
मोहकर्म परहेतु पाइ, चेतन पर रच्चइ।
ज्यौं धतूर-रस पान करत, नर बहुविध नच्चइ।।
अब समयसार वरनन करत,
परम सुद्धता होहु मुझ।
अनयास बनारसीदास कहि,
मिटहु सहज भ्रमकी अरुझ।।८।।

હું તો અનાદિ અનંત શુદ્ધ ચૈતન્યની મૂર્તિ છું. પણ પર પરિણતિરૂપ રાગ-દ્વેષ અને અજ્ઞાનના સંયોગથી જડતા નામ અજ્ઞાનદશા પ્રગટ થઈ છે. 'હું તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ છું' એ દ્રવ્યદૃષ્ટિ છે પણ મારી ચીજને મેં ભૂલીને અજ્ઞાન ઊભું કર્યું છે. રાગ-દ્વેષ, પુણ્ય-પાપ એ બધું અજ્ઞાન છે. એ અજ્ઞાનના સંયોગથી મને જડતા પ્રાપ્ત થઈ છે. મારું સ્વરૂપ તો એવું છે કે, આનંદ અને જ્ઞાનની જાગૃતિ પ્રગટ થાય પણ અજ્ઞાનને કારણ જડતા પ્રગટ થઈ છે. જડતા



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

**विसफूरति** પુણ્ય-પાપ, રાગ અને દ્વેષ કે જેમાં ચૈતન્યના સ્વભાવનો અભાવ છે એવી જડતાની જાગૃતિ થઈ છે. પર્યાયમાં આમ બન્યું છે એમ બનારસીદાસ કહે છે. વસ્તુ તો વસ્તુ જ છે તેમાં કાંઈ ફેર પડ્યો નથી. દ્રવ્યદૃષ્ટિ અને પર્યાયદૃષ્ટિ બંનેનો વિષય બતાવ્યો છે.

**पर परनति**નો સંયોગ મેં કર્યો છે. કોઈ બીજાએ કરાવ્યો નથી. અપનેકો આપ ભૂલકે હૈરાન હો ગયા....મલિન દશાનો સંયોગ મેં જ કર્યો. હું શુદ્ધ જ્ઞાનાનંદ સ્વભાવ તો ત્રિકાળ છું છતાં મારી દશામાં મેં વિકાર એટલે સંસારપ્રકૃતિની જાગૃતિ કરી છે. પુણ્ય-પાપરૂપ વિકારભાવ બંને જડ છે તેમાં ચેતનતા નથી. હું તો ત્રિકાળ ચૈતન્યસ્વરૂપ હોવા છતાં દશામાં આવી અચેતનતાની જાગૃતિ થઈ છે અને તે પણ અનાદિથી છે એમ પણ સિદ્ધ કર્યું છે. અનાદિથી પર્યાયમાં શુદ્ધતા હતી અને હવે અશુદ્ધતા થઈ એમ નથી. પોતાના પરમાનંદ સ્વભાવની દૃષ્ટિ કરી નહિ તેથી અનાદિથી પર્યાયમાં અશુદ્ધતા છે. મારા શુદ્ધ ત્રિકાળ સ્વભાવ ઉપર દૃષ્ટિ નહિ કરીને મેં જ મારી દશામાં અશુદ્ધતાની જાગૃતિ કરી છે. રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ, દયા-દાન, વ્રત, અવ્રત, કામ-ક્રોધ આદિ વિકલ્પોવાળી દશાને હું પ્રાપ્ત થયો છું.

પર્યાયમાં અશુદ્ધતા થઈ તેમાં મોહકર્મના ઉદયનું નિમિત્ત હતું. **मोहकर्म पर हेतु पाइ, चेतन पर रच्चइ।** અનાદિથી પર એવા મોહકર્મનું નિમિત્ત પામીને જીવ પોતાની પર્યાયમાં રાગને રચે છે. મૂળ તો પોતાના સ્વરૂપનું ભાન નથી એટલે પર પદાર્થનું લક્ષ કરીને જીવ વિકારીદશાને ઉત્પન્ન કરે છે. શરીરને, વાણીને કે ધનને તો આત્મા રચતો જ નથી કેમ કે એ તો જડ છે-પરદ્રવ્ય છે, આત્મા તો તેના લક્ષે પોતાની દશામાં વિકારને રચે છે. પોતે ત્રિકાળ નિર્વિકારી ભગવાન હોવા છતાં વિકારને રચે છે કેમ કે દૃષ્ટિ મિથ્યા છે.

**चेतन पर रच्चइ।** ભગવાનઆત્મા ત્રિકાળ પ્રજ્ઞાબ્રહ્મ જ્ઞાનાનંદસ્વરૂપ હોવા છતાં પોતાને ભૂલીને રાગ અને પુણ્ય-પાપની રચના કરે છે તેનાથી સંસાર છે. 'પર રચ્ચઈ' એટલે પરના લક્ષે પરની મમતાને રચે છે. મોહકર્મના નિમિત્તે એટલે તેનો સંયોગ દેખીને પર્યાયમાં પોતે અજ્ઞાન, મિથ્યાશ્રદ્ધા, મિથ્યાભાવ, રાગ-દ્વેષ આદિ વિકારને ઉત્પન્ન કર્યા છે તેથી આનંદના સ્થાને દુઃખ ઊભું થયું છે.

**ज्यों धतूर-रस पान करत, नर बहुविद्य नच्चइ।** જેમ ધતૂરો પીનારને વસ્તુ સફેદ હોવા છતાં પીળી દેખાય છે તેમ, મિથ્યાદૃષ્ટિને ઊંધી દૃષ્ટિના કારણે પરચીજ પોતાપણે દેખાય છે, પોતાનું શુદ્ધસ્વરૂપ તો દેખાતું જ નથી અને પરચીજ મારી છે અને હું તેનો છું એમ માનીને અસંખ્ય પ્રકારના શુભરાગ અને અસંખ્ય પ્રકારના અશુભરાગની રચના કરીને નાચે છે. સર્વથી

ભિન્ન પોતાના શુદ્ધસ્વરૂપને દેખતો નથી.

**अब समयसार वरनन करत**-હવે તો હું આત્માનું વર્ણન કરીશ કે જે પરમ શુદ્ધ ચૈતન્ય છે. આત્માનું વર્ણન કરતાં મારું લક્ષ તો શુદ્ધ ચૈતન્ય ઉપર જ છે.

બનારસીદાસ કહે છે કે, ભગવાન જેવા કહે છે તેવા શુદ્ધાત્માનું હું વર્ણન કરીશ. સમયસાર એટલે જ શુદ્ધાત્મા, તેનું વર્ણન કરતાં મને પરમ શુદ્ધતાની પ્રાપ્તિ થાઓ. મૂળ કળશમાં 'સમયસાર વ્યાખ્યૈવ' શબ્દ પડ્યો છે તેનો અર્થ જ એ છે કે, શુદ્ધાત્માના વર્ણનથી મારી પર્યાયમાં જે થોડી અશુદ્ધિ છે તેનો નાશ થઈને પરમ શુદ્ધતા પ્રાપ્ત થઈ જાઓ. સમયસારનું વર્ણન કરતાં લક્ષ તો અંતરમાં ઘૂંટાય છે તો એ જ કાળમાં સર્વ અશુદ્ધિ નાશ થઈ જાઓ.

**परम सुद्धता होहु मुझ**....હું ત્રિકાળ શુદ્ધ જ છું એવી દૃષ્ટિ થઈ છે તેથી પર્યાયમાં શુદ્ધતા તો છે જ. પણ સાથે થોડી અશુદ્ધિ છે તેનો નાશ થઈને પરમ શુદ્ધતા પ્રાપ્ત થાઓ. દ્રવ્ય, ગુણમાં જેવી શુદ્ધિ છે તેવી પર્યાયમાં પ્રાપ્ત થાઓ. શાસ્ત્રની રચના કરતાં ભલે વિકલ્પ હો અને વાણી નીકળતી હો પણ મારી દૃષ્ટિ તો શુદ્ધ સત્તા ઉપર જ છે. ધ્રુવ ઉપર દૃષ્ટિ તો પડી જ છે તો પર્યાયમાં અશુદ્ધતા છે તેનો નાશ થઈ જાઓ.

વ્યાખ્યાથી અશુદ્ધિનો નાશ થઈ જાઓ એવો વિકલ્પ છે. વ્યાખ્યા તો નિમિત્ત છે તેનાથી અશુદ્ધિ નાશ ન થાય પણ એવો વિકલ્પ ઉઠ્યો છે. બનારસીદાસ કહે છે કે **अनयास मिटहुं सहज भ्रमकी अरुझ** અનાયાસ એટલે ગ્રંથ ભણવા વગેરેનો પ્રયત્ન કર્યા વિના મિથ્યાત્વની ગુંચવણ (અરુઝ) પોતાની મેળે મટી જાવ. હું તો આત્માના ગ્રંથને ખૂબ ખોલીશ. મારી દૃષ્ટિ તો શુદ્ધસ્વભાવ ઉપર જ છે માટે અશુદ્ધતાનો નાશ થાઓ. દૃષ્ટિના જોરમાં ક્ષણે ક્ષણે શુદ્ધતા વધતી-વધતી પરમ શુદ્ધતા પ્રગટ થઈ જાવ.

બનારસીદાસજી કહે છે કે, દ્રવ્ય અને ગુણ તો શુદ્ધ જ છે અને પર્યાયમાં પણ સમ્યગ્દર્શન છે એટલી શુદ્ધિ છે પણ હજુ અશુદ્ધિ પૂરી ગઈ નથી તો આ કાળમાં મારી અનુભૂતિ અંતરમાં એકાગ્ર થઈને અશુદ્ધતાનો નાશ થઈ જાઓ.

હવે આપણે दुरबुद्धनो અર્થ અહીં આપેલો છે તે લઈ લઈએ. દુરબુદ્ધ એટલે મિથ્યાદૃષ્ટિ. અથવા કોરાં વ્યાકરણ, કોષ આદિનો જ્ઞાતા પરંતુ નયજ્ઞાનથી જે રહિત છે એવો. જેને નિશ્ચયનું, વ્યવહારનું સ્વરૂપ શું છે તેની કાંઈ ખબર નથી. આવા લોકોને આદિપુરાણમાં

www.vitragvani.com



જિનસેન આચાર્યે અક્ષર-મલેચ્છ કહ્યાં છે. પોતાના સ્વરૂપનું ભાન નથી અને એકલાં વ્યાકરણ, સંસ્કૃત આદિના જ્ઞાનથી પોતાને જ્ઞાન માની લે છે તે અક્ષરમલેચ્છ-અક્ષર પાછળ ગાંડા,એવા કહ્યાં છે. પોતાની દૃષ્ટિ કેવી છે અને ખરેખર વસ્તુ શું છે તે સમજ્યા વિના શાસ્ત્ર ભણવામાં હોશિયાર થઈ જાય, કવિતાઓ સુંદર રચે તેમાં શું થયું? તેને તો અહીં અક્ષરમલેચ્છ કહ્યાં.

જેને શુદ્ધ નિશ્ચયનયથી પોતાનો શુદ્ધ આનંદ પકડમાં આવ્યો નથી અને આવા અક્ષરમલેચ્છપણામાં રોકાયો છે તે દુર્બુદ્ધ છે.

આ રીતે ત્રણ કળશના ભાવાર્થ કર્યા છે. ચોથા કળશનો અર્થ હવે કહેશે.

જિનવાણીનો મર્મ સમજાવનાર, શાસન પ્રભાવક શ્રી સદ્‌ગુરુદેવનો જય હો.

★ જેમ સર્વજ્ઞને લોકાલોક જ્ઞેય છે, લોકાલોકને સર્વજ્ઞ જાણે છે, તેમ સર્વજ્ઞ સ્વભાવીને દૃષ્ટિમાં લીધો છે એવો સમ્યગ્દૃષ્ટિ સર્વજ્ઞની જેમ રાગને જાણે જ છે. સર્વજ્ઞને જાણવામાં લોકાલોક નિમિત્ત છે, તેમ સમ્યગ્દૃષ્ટિને જાણવામાં રાગ નિમિત્ત છે. સમ્યગ્દૃષ્ટિ રાગને કરતો જ નથી પણ લોકાલોકને જાણનાર સર્વજ્ઞની જેમ સમ્યગ્દૃષ્ટિ રાગને જાણે જ છે. આમ વસ્તુસ્થિતિ છે અને આમ જ અંદરથી બેસે છે, આમ જ અંદરથી આવે છે અને આમ જ વસ્તુની સ્થિતિ છે. આ વાત ત્રણ કાળ ત્રણલોકમાં ફરે તેમ નથી. બીજી રીતે બેસારવા જાય તો કોઈ રીતે વસ્તુ સિદ્ધ થઈ શકે તેમ નથી. આ તો અંદરથી જ આવેલી વસ્તુસ્થિતિ છે. શાસ્ત્ર ભલે અનેક રીતે કહે પણ વસ્તુ આમ જ છે ને આમ જ અંદરથી આવી છે. આ તો અનુભવથી નીવેડો છે.!

*-પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ*



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

# જિનાગમ સ્યાદ્‌વાદ લક્ષણથી શોભે છે

(સળંગ પ્રવચન નં. ૧૭)

શ્રી સમયસાર શાસ્ત્રના ૪થા કળશની ટીકા શરૂ કરીએ છીએ. આ નાટક સમયસારનો જીવદ્વારનો ૫મો શ્લોક છે.

બનારસીદાસજી શાસ્ત્રનું માહાત્મ્ય કહે છે.

**निहचैमैं रूप एक विवहारमैं अनेक,**
**याही नै-विरोधमैं जगत भरमायौ है।**
**जगके विवाद नासिबेकौं जिन आगम है,**
**जामैं स्याद्‌वादनाम लच्छन सुहायौ है।**
**दरसनमोह जाकौ गयौ है सहजरूप,**
**आगम प्रमान ताके हिरदैमैं आयौ है।**
**अनैसौं अखंडित अनूतन अनंत तेज,**
**ऐसौ पद पूरन तुरंत तिनि पायौ है।।५।।**

નિશ્ચયનયમાં પદાર્થ એકરૂપ છે અને વ્યવહારમાં અનેકરૂપ છે. અનંતગુણથી અભેદ આત્માને દેખો તો એ એકરૂપ છે, અનેક ગુણો તથા પર્યાયોથી જુઓ તો આત્મા અનેકરૂપ છે. એક છે તે જ અનેક છે કેમ કે, વસ્તુદૃષ્ટિએ આત્મા એક છે અને તેની શક્તિ અને અવસ્થા જુઓ તો અનેક છે.

**याही नै-विरोधमैं जगत भरमायौ है।** નિશ્ચય અને વ્યવહારના ભાન વિના જગત ભ્રમમાં પડ્યું છે. વસ્તુને એકરૂપ જ માને, ગુણ અને અવસ્થાથી અનેક છે એમ ન માને તે ભ્રમમાં છે; તેમ જ જ્ઞાન, દર્શન આદિ અનંત શક્તિઓ હોવા છતાં વસ્તુ તરીકે આત્મા એક છે એમ ન માને તોપણ ભ્રમમાં છે.

આત્મા શું ચીજ છે તેનું ભાન થવું તે જ ધર્મ છે, તે જ સમ્યગ્દર્શન છે અને એ જ જન્મ-મરણ ટાળવાનો ઉપાય છે.

વ્યવહાર એટલે ભેદથી જોઈએ તો જ્ઞાન, દર્શન, આનંદ આદિ ગુણો અને અવસ્થાઓ

www.vitragvani.com



અનેક છે અને અભેદથી જોઈએ તો વસ્તુ એક છે. જેમ સોનાને વસ્તુ તરીકે જુઓ તો સોનું એક વસ્તુ છે પણ પીળાશ, ચીકાશ, વજન આદિથી જુઓ તો તેમાં અનેક ગુણો અને અવસ્થાઓ દેખાય છે. આત્મા સત્ ચિદાનંદ જ્ઞાન અને આનંદના રૂપવાળો એક પદાર્થ છે.

જગતના લોકોમાં કોઈ તો આત્માને અખંડ એકરૂપ જ દેખે છે અને કોઈ આત્માને અનેક અવસ્થાવાળો જ દેખે છે. તે બંનેની ભૂલ છે. વસ્તુને એકાંતે એકપક્ષી દૃષ્ટિથી જુએ છે તે ભ્રમમાં પડ્યા છે. વસ્તુને અખંડપણે ન માને તે પણ ભૂલ છે અને અનેક ગુણ-પર્યાયરૂપે પણ વસ્તુ પોતે જ છે એમ ન માને તે પણ ભૂલ છે, ભ્રમ છે. પરસ્પર વિરુદ્ધ બે નયમાં જગત ભરમાયું છે. કોઈ એકને માનતું નથી અને કોઈ અનેક માનતું નથી, બંને ભૂલમાં છે.

**जगके विवाद नासिबेकौं जिन आगम है।** આત્મા સર્વજ્ઞ સ્વભાવી છે તે પરનું કાર્ય કરવાવાળો કે પરથી પોતાનું કાર્ય કરાવવાવાળો નથી, સર્વને જાણવાવાળો છે, એવા જાણનાર તત્ત્વની અંતર્મુખ એકાગ્રતા વડે જેણે પોતાની શક્તિના સત્ત્વમાં સર્વને જાણવાપણું હતું તે વર્તમાન દશામાં પ્રગટ કર્યું તેનું નામ 'સર્વજ્ઞ' છે. આવા સર્વજ્ઞ ભગવાનની જે વાણી નીકળી તે નિશ્ચય અને વ્યવહારના વિરોધને મટાડનારી છે.

સર્વજ્ઞ વીતરાગદેવની વાણી નય-વિરોધને કેવી રીતે મટાડે છે? -કે વસ્તુ દૃષ્ટિએ-સામાન્યદૃષ્ટિએ-તત્ત્વદૃષ્ટિએ આત્મા એક છે અને વ્યવહારદૃષ્ટિએ-ભેદદૃષ્ટિએ આત્મા અનેકરૂપ છે તે બેમાં કાંઈ વિરોધ નથી પણ જગતના અજ્ઞાની જીવોએ કદી પોતાની જાતને જાણવાનો પ્રયત્ન કર્યો નથી. જોનારો પોતે છે પણ જુએ છે બીજાને એવી દશા થઈ છે. પોતે કોણ છે તેને જાણતો નથી. 'વર વિનાની જાન' જેવી દશા થઈ છે, જાણનારો પોતે અને જાણે છે બીજાને!

તું કોણ છો અને કેવી રીતે છો? -હું વસ્તુદૃષ્ટિએ એક છું અને જ્ઞાન, આનંદ આદિ ગુણના ભેદ તરીકે અનેક છું. બે દૃષ્ટિમાં વિરોધ લાગે છે તેને વીતરાગ શાસન વિરોધ મટાડી દે છે કે દ્રવ્યદૃષ્ટિએ આત્મા એક જ હોય અને ભેદદૃષ્ટિએ અનેક જ હોય.

જે એક હોય તે અનેક કેમ હોય? અને જે અનેક હોય તે એક કેમ હોય? તેને તો પરસ્પર વિરોધ છે એમ લાગે. જૈનદર્શન તેનો વિરોધ મટાડી દે છે. વીતરાગના આગમ તેનો વિરોધ મટાડી દે છે કે ભાઈ! સોનું સોનાપણે એક છે પણ પીળાશ, ચીકાશ આદિ ગુણ અને હાર, કંકણ, કુંડલ આદિ અવસ્થાપણે અનેક છે તેમાં જેમ વિરોધ નથી તેમ આત્માના સ્વરૂપમાં પણ વિરોધ નથી. એક હોવા છતાં અનેક સાથે વિરોધ નથી અને અનેક હોવા છતાં



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

એક સાથે વિરોધ નથી. વસ્તુદૃષ્ટિએ એક છે અને અવસ્થાદૃષ્ટિએ અનેક છે આમ, વીતરાગનું શાસન 'અપેક્ષા'થી સમજાવીને વસ્તુને સિદ્ધ કરે છે અને વિરોધ મટાડી દે છે.

દ્રવ્યદૃષ્ટિએ એક છે અને પર્યાયદૃષ્ટિએ અનેક છે એમ પરસ્પર વિરુદ્ધતા હોવા છતાં વસ્તુમાં વિરોધતા ટાળવાની આ દૃષ્ટિ શાસ્ત્ર આપે છે.

જો વસ્તુ સર્વથા એકરૂપ જ હોય તો તેમાં જાણવું, દેખવું, શ્રદ્ધા કરવી, આનંદ પ્રગટ કરવો એવી અનેકરૂપતા ન હોઈ શકે અને જો વસ્તુ સર્વથા અનેકરૂપ જ હોય તો, એકરૂપ આનંદકંદનો અનુભવ ન થાય. એક વિના અનેકતા ન હોઈ શકે. એક વિના અનેક દશા પ્રગટ ન થાય અને અનેક ન માને તો પ્રગટ અનેક દશાની નાસ્તિ થાય છે.

આ મારગ બહુ ઝીણો છે પણ જ્ઞાનમાં સમાય તેવો છે, બુદ્ધિગમ્ય થાય તેવો છે, સર્વજ્ઞથી સિદ્ધ થયેલો મારગ છે પણ કદી એ જાતનો પ્રયત્ન જ કર્યો નથી.

**जामैं स्याद्‌वादनाम लच्छन सुहायौ है।** વીતરાગનું આગમ સ્યાદ્‌વાદ નામના લક્ષણથી શોભિત છે. સ્યાદ્‌વાદથી જ વીતરાગનું આગમ ઓળખી શકાય છે. કેમ કે સ્યાદ્‌વાદ એ આગમનું લક્ષણ છે. સ્યાત્ એટલે કથંચિત્, વાદ એટલે કહેવું. વસ્તુ કથંચિત્ નિત્ય છે, કથંચિત્ અનિત્ય છે અથવા તો દ્રવ્ય અપેક્ષાએ નિત્ય છે, પર્યાય અપેક્ષાએ અનિત્ય છે. વસ્તુ અપેક્ષાએ એક છે, અવસ્થા દૃષ્ટિએ અનેક છે. આમ કથંચિત્.અપેક્ષા વડે જિનાગમ વસ્તુનું સ્વરૂપ જેમ છે તેમ બતાવે છે.

આ સમજવું ઝીણું છે માટે તેમાં બરાબર ઉપયોગ લગાડવો. બહારમાં તો કોઈનું ડહાપણ કાંઈ કામ લાગતું નથી.

શ્રોતાઃ-વિવેક તો કામ લાગે ને! કઈ વસ્તુ કોને દેવી કોને ન દેવી એ બધું વિવેકથી થાય ને!

પૂજ્ય ગુરુદેવઃ-જડના રજકણનું જવું-આવવું એના પોતાથી થાય છે તે આત્માના કારણે નથી. પરમાણુને પલટાવવાનો ભાવ એ તો અજ્ઞાન છે. જડ તો સ્વતંત્ર વસ્તુ છે તે કાંઈ જીવને આધીન નથી. જીવના સ્વરૂપમાં વિકલ્પ જ નથી ત્યાં દેવા-લેવાની વૃત્તિ ક્યાંથી ઉઠાવે! મનના વિચાર કરે કે, આ માલ આને મોકલવો છે, આ રસ્તે, આ વાહનથી મોકલવો છે પણ એ કોઈ કાર્ય તેનાથી થતાં નથી.

શ્રોતાઃ-તો આ બધું ખોટું છે? -સ્વપ્નું છે?

પૂજ્ય ગુરુદેવઃ-સ્વપ્નું નથી. વસ્તુનું જવું-આવવું થાય છે પણ તે જીવના વિકલ્પથી થતું

www.vitragvani.com



નથી. વસ્તુની સ્વયંની યોગ્યતાથી થાય છે. ભાષાની ક્રિયા પણ જડથી થાય છે, જીવ બોલી શકતો નથી. મરતી સમયે માણસને ઘણી ઇચ્છા હોય કે લાખ બે લાખ દાન વાપરવાનું કહેતો જાઉં પણ જીભ જ કામ કરતી ન હોય તો જીવ શું કરી શકે? ખ્યાલમાં આવે કે, બોલવા માગું છું પણ બોલી શકાતું નથી. જડનું કાર્ય ચેતન કેમ કરી શકે? જડને ચાલવું હોય તો ચાલે.

આ નાટક સમયસારના કર્તા બનારસીદાસજીને પણ એવું બન્યું હતું કે, મરતાં સમયે વાચા બંધ થઈ ગઈ હતી પણ જીવ જતાં વાર લાગી તો લોકો વાત કરવા લાગ્યાં કે પંડિતજીનો જીવ ક્યાંય વળગી રહ્યો લાગે છે, જ્યાં સુધી ઘરના બધાં કુટુંબીજનો હાજર નહિ થાય, દૌલતની પોટલી સામે નહિ રાખીએ ત્યાં સુધી મોહ નહિ તૂટે. વાસ્તવમાં કવિવર તો પોતાના ધ્યાનમાં હતાં તેને ક્યાંય મોહ ન હતો પણ આયુષ્યની દોરી થોડી તોડી શકાય છે! લોકની મૂર્ખતાને કવિવર સહન ન કરી શક્યા. તેમને લોકોની મૂઢતાનું નિવારણ કરવાની ઇચ્છા થઈ, ઇશારાથી પાટી-પેન માંગ્યા અને બે છંદ લખી આપ્યાં, જે વાંચીને લોકોને પોતાની ભૂલ સમજાઈ ગઈ અને કવિવરને મહાન ધર્માત્મા સમજી વૈયાવૃત્ત કરવા લાગ્યાં. (આ વાત શાસ્ત્રમાં આગળ જીવન પરિચયમાં ૨૪ પાને આપેલી છે જે ગુરુદેવે વાંચી સંભળાવી.)

જ્ઞાન કુતક્કા હાથ, મારિ અરિ મોહના,
પ્રગટ્યો રૂપ સ્વરૂપ, અનંત સુ સોહના.
જા પરજૈકો અંત, સત્ય કર માનના,
ચલે બનારસીદાસ, ફેર નહિ આવના.

હું રાગરૂપી વેરીને જ્ઞાનરૂપી તલવારથી મારીને બેઠો છું. હું તો સત્‌ચિદાનંદ આત્મા છું અને મને અંતરમાં આનંદ પ્રગટ્યો છે તે મારી શોભા છે. આ દેહની પર્યાયનો હવે અંત આવ્યો છે. બનારસીદાસ (પોતે) જાય છે હવે ફરી અહીં આવવાના નથી.

અહીં પણ એક મુમુક્ષુભાઈનું શરીર એકદમ જીર્ણ થઈ ગયેલું. પથારીમાં પડ્યાં હતાં પણ જીવ જતાં વાર લાગી તો લોકો કલ્પના કરવા લાગ્યા કે દીકરાનાં મોહમાં જીવ અટક્યો લાગે છે. ત્યારે તેણે કહી દીધું : મને ક્યાંય મોહ નથી, હું મારાં વિચારમાં છું, મને કોઈ સંભળાવશો નહિ....પણ લોકોએ તો તેની રીતે સહજાનંદી સંભળાવ્યું. જીવનમાં તેમણે ખૂબ વાંચન વિચાર કરેલાં અને એ વખતે પણ પોતાના વિચારમાં હતાં અને દેહ છોડી દીધો.

ભાઈ! વાણી તો જડ છે. વાચા બંધ થવાના કાળે બંધ થાય અને બોલવાના કાળે વાચા બોલે છે, કાંઈ આત્મા બોલતો નથી. જડના પરમાણુ સ્વતંત્રપણે તેના કાળે પરિણમે છે તેમાં



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



જીવ નિમિત્ત છે પણ જીવ બોલતો નથી. વીતરાગનું શાસન જડ-ચેતન પદાર્થની સિદ્ધિ કરીને જડની અવસ્થા જડથી થાય અને જીવની અવસ્થા જીવથી થાય છે તેમ સમજાવે છે. જીવની અવસ્થામાં જડ નથી અને જડની અવસ્થામાં જીવ નથી. આવા ખુલાસા વીતરાગશાસનમાં જ છે.

સ્યાદ્વાદનામ લક્ષણ સુહાયો હૈ-અપેક્ષાથી કથન સમજવું જોઈએ. આત્મા બોલે છે. ચાલે છે એ તો નિમિત્તના કથન છે. ખરેખર આત્મા બોલતો કે ચાલતો નથી. આત્મા તો માત્ર જાણે છે અથવા તો વિકલ્પ કરીને ચારગતિમાં ભટકે છે. અરે, મારે આ કહેવું હતું અને રહી ગયું, વાચા બંધ થઈ ગઈ એમ અજ્ઞાનીને થાય છે. જ્ઞાની તો જાણે છે કે, મારે કાંઈ રહી ગયું નથી. મારે કાંઈ કહેવું પણ નથી અને સાંભળવું પણ નથી. હું તો જાણનાર આનંદકંદ આત્મા છું.

**दरसनमोह जाकौ गयौ है सहजरूप।** જેને અંતરમાં આનંદસ્વરૂપ આત્માનું ભાન થયું છે તેને ભ્રાંતિનો નાશ થયો છે. પહેલાં જે એકાંતદૃષ્ટિ હતી કે હું એક છું અથવા અનેક જ છું, રાગનો કર્તા છું, શરીરની ક્રિયા કરું છું એવી ભ્રાંતિનો નાશ થયો છે, જેને દર્શનમોહનો નાશ થયો છે તેનાં હૃદયમાં સહજભાવથી આ પ્રામાણિક જિનાગમ પ્રવેશ કરે છે. સર્વજ્ઞની વાણીમાં કઈ અપેક્ષાથી કથન છે તે જ્ઞાનીના હૃદયમાં આવી જાય છે. તેને ભ્રાંતિ થતી નથી કે સર્વજ્ઞની વાણીમાં આમ કેમ કહ્યું હશે!

સર્વજ્ઞ પરમાત્માએ જે શાસ્ત્ર કહ્યાં છે તે શાસ્ત્ર જ્ઞાનીના હૃદયમાં પ્રમાણતાને પામે છે, તેમાં ભ્રાંતિ થતી નથી, જેમ છે તેમ ભાવ બેસી જાય છે. વસ્તુદૃષ્ટિ એ આત્મા એક છે, અવસ્થાદૃષ્ટિએ અનેક છે. વસ્તુદૃષ્ટિએ શુદ્ધ છે, અવસ્થાદૃષ્ટિએ અશુદ્ધ છે એમ ભ્રાંતિરહિત શ્રદ્ધા થઈ જાય છે.

**अनैसौं अखंडित** એટલે કુનયથી વસ્તુનું ખંડન થઈ શકતું નથી. કોઈ આત્માને એકાંત એક માને કે અનેક માને તેનાથી વસ્તુનું ખંડન થતું નથી કે વસ્તુમાં વિરોધ આવતો નથી.

**अनूतन** ભગવાન આત્મા નવો નથી અનાદિનો છે....છે....છે....આત્મા નવો ઉત્પન્ન થતો નથી. આ ભવ પહેલાં બીજો ભવ હતો એ પહેલાં બીજો એમ અનાદિથી ભવ થતાં આવે છે પણ અનાદિનો આત્મા તો એનો એ જ છે. **अनंत तेज**-આત્માનું તેજ અનંત છે. જ્ઞાન અને આનંદનું અનંત તેજ તેમાં રહેલું છે. નિત્ય, અનાદિ અનંત તેજસ્વરૂપ છે. જ્ઞાનનું તેજ એટલે જાણનાર....જાણનાર બધાંને જાણનાર છે. રાગ થાય તેને પણ જાણે અને શરીરની ક્રિયાને પણ જાણે બધાંને જાણે એવું તેજ છે. આત્મા નિત્ય, અનાદિ-અનંત પ્રકાશસ્વરૂપ છે.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



જેને શાસ્ત્ર કહે છે તે અનુસાર આત્માનો સ્વભાવ બેસી ગયો છે કે હું તો ત્રિકાળ આનંદમૂર્તિ છું, રાગાદિ છે પણ તે મારાં સ્વરૂપમાં નથી અને કર્મ આદિ પણ છે તે તેના સ્વરૂપમાં છે, મારામાં નથી. આમ જેને અંતરમાં શ્રદ્ધા બેસી ગઈ છે તેનું કુનયથી ખંડન થતું નથી. કેમકે, કુતર્ક વડે ખંડન થાય એવું તત્ત્વ નથી.

**ऐसौ पद पूरन तुरंत तिनि पायौ है** એટલે જેને અંતરમાં સચ્ચિદાનંદ-આનંદકંદપ્રભુની દૃષ્ટિ પ્રગટ થઈ છે તેને અલ્પકાળમાં પૂરણ-મોક્ષપદ પ્રાપ્ત થાય છે. અક્ષીણ નામ નાશ ન પામે તેવો મોક્ષ તેને અલ્પકાળમાં થાય છે. આટલું જ એણે કરવાનું છે-અનંત આનંદ અને અનંત જ્ઞાનથી ભરેલી ચીજનો અંતરમાં અનુભવ કરવો અને રાગના અનુભવને દૃષ્ટિમાંથી છોડી દેવો. આવા આત્માના અનુભવ વડે ધર્મ પ્રાપ્ત કરીને પૂર્ણ એવા મોક્ષપદને પ્રાપ્ત થાય છે તેને પણ સંસાર પરિભ્રમણ રહેતું નથી.

આ ચોથા કળશનો પાંચમો શ્લોક થયો. હવે પાંચમાં કળશનો છઠ્ઠો શ્લોક આ પ્રમાણે છે.

**ज्यौं नर कोउ गिरै गिरिसौं तिहि,**
**सोइ हितू जो गहै दिढ़बाहीं।**
**त्यौं बुधकौं विवहार भलौ,**
**तबलौं जबलौं शिव प्रापति नाहीं।।**
**यद्यपि यौं परवान तथापि,**
**सधै परमारथ चेतनमांही।**
**जीव अव्यापक है परसौं,**
**विवहारसौं तौ परकी परछाहीं।।६।।**

કવિ ઘણાં હોશિયાર છે, અધ્યાત્મકવિ છે ને!

જેમ કોઈ મનુષ્ય પહાડ ઉપરથી લપસી જાય અને કોઈ હિતકારી બનીને તેનો હાથ મજબૂતાઈથી પકડી લે તેવી જ રીતે જ્ઞાનીઓને જ્યાં સુધી મોક્ષ પ્રાપ્ત થયો નથી ત્યાં સુધી વ્યવહારનું અવલંબન છે. મોક્ષ થતાં સુધી વ્યવહારની દશા-ઉદયની, યોગના કંપનની-હોય છે એટલી જ વાત છે. વ્યવહાર ભલો છે કે આશ્રય કરવા જેવો છે એમ નથી.

જ્ઞાની ધર્માત્માને પોતાના શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિમાં ધ્યેય અને આલંબન તો શુદ્ધ વસ્તુનું છે પણ જ્યાં સુધી પૂર્ણ મોક્ષ ન થાય ત્યાં સુધી તેની દશામાં ભેદરૂપ અવસ્થા છે. તે 'છે' એમ



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



જાણવાલાયક છે નથી એમ નથી. **शिवप्राप्ति** નામ મોક્ષ આત્માની પૂર્ણદશાની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી અધૂરીદશા છે તેને જાણવી જોઈએ.

અહો! ચૈતન્યના માલ અનંતકાળથી એને જડ્યાં નથી. બહારની કડાકૂટમાં પડ્યાં છે; તેનો આરો વારો ન આવ્યો એટલે સંસારથી મુક્ત થવાનો વારો ન આવ્યો, રખડનારા વારા રહ્યાં છે.

આત્મા સત્ ચિદાનંદ આનંદસ્વરૂપ છે. તેની દૃષ્ટિ કરવી તેનું નામ ધર્મ છે. જ્યાં સુધી આ ધર્મની પૂર્ણતારૂપ મોક્ષ ન થાય ત્યાં સુધી અધૂરી દશા છે એમ જાણવું તેનું નામ વ્યવહાર છે.

આ જન્મ,જરા,મરણથી મુક્ત થવાના રસ્તાની વાત છે. જેમ પહાડ ઉપરથી પડતો માણસ હોય તેને કોઈ મજબૂતાઈથી હાથ પકડી લે તો તેને એ નિમિત્તરૂપ આલંબન કહેવાય છે અથવા તો સીડી ઉપર ચડતો માણસ પોતાના પુરુષાર્થથી ચડે છે પણ તેમાં કઠોડો (હાથના ટેકારૂપ લાકડું) નિમિત્તરૂપ હોય છે તેમ ધર્મીને પૂર્ણતા ન થાય ત્યાં સુધી તેની દશામાં ભેદરૂપ પર્યાય છે તેને જાણવી તેનું નામ વ્યવહાર કહેવામાં આવે છે.

**यद्यपि यौं परवान**-ભેદરૂપ પર્યાયને જાણવાનો આવો વ્યવહાર છે તોપણ પરમાર્થનું સાધન તો અભેદ આત્માની દૃષ્ટિ અને તેમાં એકાગ્રતા જ છે. વ્યવહાર એ કોઈ સાધન નથી. પણ....આ રખડવાના રસ્તા આડે તેને આ નક્કી કરવાનો સમય જ ક્યાં છે! પાંચ,પચીસ લાખની પેદાશ થતી હોય તો તો એમાં જ મશગૂલ હોય. સવારથી સાંજ સુધી દુકાનનો થડો સાચવીને બેઠો રહે અને તેનાથી જ મને પેદાશ થાય છે એમ માને છે તે મૂરખ છે. ખાતાં -ખાતાં પણ તેના હાથમાં ટેલીફોન હોય!

એકવાર અમે પાલેજથી મુબંઈ માલ લેવા ગયા હતાં, ત્યાં આડતીયાના ઘરે બધાં સાથે જમવા બેઠા અને ફોન આવ્યો, તો ખાતાં,ખાતાં ઉઠીને ફોન લીધો. તેને કીધું, ભાઈ! જે ખાવા માટે રળો છો તેમાં પણ શાંતિ નથી? સુખેથી જમી પણ શકતાં નથી, સુખેથી ખાવ તો ખરાં! મરણના ટેલીફોન આવશે ત્યારે તમારું શું થશે?

તારે સુખ અને આનંદ જોઈએ છે ને! અખંડ આનંદ તો તારા આત્મામાં છે. એ આનંદની પ્રતીત અને અનુભવ થતાં જન્મ-મરણના અભાવના ભણકારા આવે છે. ભલે તે વખતે ગૃહસ્થાશ્રમમાં હો પણ એ ભણકાર વધતાં વધતાં પૂર્ણ નિર્મળદશા મોક્ષ ન થાય ત્યાં સુધી અપૂર્ણદશા છે તેને જાણવી તેનું નામ વ્યવહાર છે. પણ એ વ્યવહારમાં પરમાર્થ સધાતો



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



नथी. सधै परमारथ चेतनमांही। જ્ઞાનનો પૂંજ જે ચેતનસ્વભાવ તેનો આશ્રય લઈને આત્માની શાંતિનું સાધનપણું થાય છે. બાકી કોઈ શાંતિનું સાધન નથી.

વ્યવહાર હોય છે તે અમને પ્રમાણ છે પણ તેનાથી પરમાર્થ સાધી શકાતો નથી. અધૂરી અવસ્થા અને રાગરૂપ પર્યાય વ્યવહાર છે તેનાથી પરમાર્થ સધાતો નથી. આત્મા અતીન્દ્રિય આનંદનો સ્વામી છે તેમાં દૃષ્ટિ આપતાં પરમાર્થ માર્ગ સાધી શકાય છે.

ભાવાર્થમાં કહ્યું છે કે જોકે ચોથા ગુણસ્થાનથી ચૌદમા ગુણસ્થાન સુધી વ્યવહાર હોય છે પરંતુ ઉપાદેય તો નિશ્ચયનય જ છે. કારણ કે તેનાથી પદાર્થનું અસલી સ્વરૂપ જાણવામાં આવે છે અને વ્યવહારનય અભૂતાર્થ હોવાથી પરમાર્થમાં પ્રયોજનભૂત નથી.

આત્માની ખાણમાં અનંત દર્શન, અનંત જ્ઞાન, અનંત આનંદ,શાંતિ આદિ ભર્યું છે એવા સ્વભાવના અંતર સાધન વડે આત્માનો પરમાર્થધર્મ સાધી શકાય છે. વ્યવહાર ભલે હો-તેની ના નથી. પણ એ વ્યવહારના આશ્રયે પરમાર્થધર્મ સાધી શકાતો નથી, सधै परमारथ चेतनमांही। ચૈતન્યના આશ્રયે ચૈતન્યની સાધના થાય છે. વ્યવહાર વ્યવહારના સ્થાનમાં છે તે જાણવાલાયક છે પણ નિશ્ચય સાધન તો અંતર આત્મામાં જવું તે જ છે. અંતર આત્મામાં એકાગ્ર થવું તે સાધન છે.

जीव अव्यापक है परसौं। ખરેખર તો વ્યવહારથી આત્મા વ્યાપક જ નથી (રાગમાં આત્મા વ્યાપતો નથી). વ્યવહારનય પરાશ્રિત છે અને નિશ્ચયનય સ્વાશ્રિત છે. નિશ્ચયનય ચૈતન્યને સિદ્ધ કરે છે તથા જીવને પરથી ભિન્ન દર્શાવે છે અને વ્યવહારનય તો જીવને પરાશ્રિત કરે છે. માટે વ્યવહારનું સાધન એ કોઈ મુક્તિનું કારણ નથી. સચ્ચિદાનંદપ્રભુનો આશ્રય કરવો એ મુક્તિનું કારણ છે.

અહીં તો આત્મા વ્યવહારથી અવ્યાપક છે એમ સિદ્ધ કરે છે. ખરેખર ધર્મીનો આત્મા પરથી વ્યાપક છે જ નહિ. આ વાત અજ્ઞાનીને ઝીણી પડે છે પણ જેમ સંસારમાં તો ઝીણું એવું ચક્રવર્તી વ્યાજ પણ કાઢે છે ને! તો આત્મામાં રાગ કેવી રીતે છે, કેમ ટળે તેના પ્રયત્નમાં કેમ ચડતો નથી? રાગમાં આત્મા વ્યાપતો નથી એટલે શું? -કે રાગ આત્માના સ્વભાવથી ભિન્ન છે. દયા, દાન, ભક્તિનો રાગાદિ વ્યવહાર ભલે હો પણ આત્મા તેનાથી ભિન્ન છે-અવ્યાપક છે. માટે શુદ્ધ ચૈતન્યવસ્તુની દૃષ્ટિ થતાં ધર્મીજીવના આત્મામાં રાગ આવતો નથી-રાગ પ્રસરતો નથી અને રાગમાં આત્મા પ્રસરતો નથી.

विवहारसौं तौ परकी परछाहीं।-ભેદ અને વિકલ્પ એ તો પરની પરછાંહી છે. સ્વની



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પર્યાય કે સ્વની છાયા નથી. પદ્યમાં પણ કવિએ કેટલું ગોઠવ્યું છે! પોતે ગૃહસ્થાશ્રમમાં, સ્ત્રી પુત્રાદિ પરિવારમાં હતાં છતાં કહે છે તેમાં અમે નથી. ભગવાનની ભક્તિ આદિનો વિકલ્પ ઊઠે છે પણ તેમાં અમે નથી. અમે તેમાં વ્યાપક નથી એટલે અમે એ વ્યવહારમાં ફેલાયેલાં નથી.

આ શરીર તો જડ,માટી,ધૂળ છે. માટીમાંથી થયું છે અને માટીમાં ભળી જશે. આઠ પ્રકારના કર્મ એ પણ જડ માટી છે. અને પુણ્ય-પાપના વિકલ્પ થાય છે એ વિકાર છે. એ છે એમ જાણવું બરાબર છે પણ ધર્મી તેમાં વ્યાપતા નથી. રાગના ભાવથી પણ ધર્મી વિરક્ત રહે છે. ધર્મી તો માત્ર પોતાની વીતરાગી પર્યાયમાં વ્યાપે છે, તેમાં અભેદ થાય છે, રાગમાં અભેદ થતાં નથી.

'પરાશ્રિત તે વ્યવહાર, સ્વાશ્રિત તે નિશ્ચય'. સ્વાશ્રિત નિશ્ચયને પ્રાપ્ત એવા મુનિને પણ પરાશ્રિત એવો રાગ હોય છે, તે રાગ છે એટલું જાણવાયોગ્ય છે પણ તેનાથી આગળ વધીને એ રાગભાવ લાભદાયક છે કે તેના આશ્રયથી ધર્મ વધે છે એમ નથી.

જેવી રુચિ પરમાં છે તેવી રુચિ જો સ્વમાં કરે તો તેને સ્વરૂપમાં જતાં વાર ન લાગે. તુલસીદાસજીએ લખ્યું છે ને!

"જૈસી પ્રીતિ હરામસે, તૈસી હરિસે હોય,
ચલા જાય વૈકુંઠમેં, પલા ન પકડે કોઈ."

પરમાં તો એને રુચિનો પાર નથી. એક લાખ રૂપિયા મળે ત્યાં તો લાપસીના આંધણ મુકાવે! ભાઈ! એ લાખ તો રાખ છે. એને તો એમ થાય કે ઓહો આજ તો કાંઈ ફાવ્યાં છીએ! ફોન આવ્યો છે!....ભાઈ! તને તારો ટોન ન આવડ્યો અને આ ઊંધો ટોન આવડ્યો! તારો સ્વભાવ શું છે તેનો ટોન તો તને સૂઝતો નથી. આ પરના ટોન તને સૂઝે છે એ બધાં રખડવાના રસ્તા છે. એક દિવસમાં બે લાખની કમાણી થાય તોપણ શું? તેમાંથી એક પાઈ પણ સાથે આવવાની છે? સાથે તો કાંઈ નહિ આવે પણ તેના પ્રેમથી તું દુર્ગતિમાં ચાલ્યો જઈશ એ વાત નક્કી છે.

જેણે પોતાની જાતને જાણી નહિ....હું કોણ છું તેની કિંમત કરી નહિ અને રાગની તથા પરની કિંમત ટળી નહિ તે ચોરાશીના અવતારમાં રખડવા ચાલ્યો જાય છે. જેને સ્વની કિંમત થાય તેને રાગની કિંમત રહેતી નથી તે સ્વદેશમાં ચાલ્યો જાય છે.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

# નવ તત્ત્વથી અતીત આત્મ-સ્વરૂપ

(સળંગ પ્રવચન નં. ૧૮)

આ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર છે. તેનાં છટ્ઠા શ્લોકનો અર્થ થઈ ગયો છે. ભાવાર્થ લઈએ.

ભાવાર્થઃ-જો કે ચોથા ગુણસ્થાનથી ચૌદમા ગુણસ્થાન સુધી વ્યવહારનું અવલંબન છે પરંતુ વ્યવહારનયથી અપેક્ષાએ નિશ્ચયનય ઉપાદેય છે કેમકે તેનાથી પદાર્થનું અસલી સ્વરૂપ જણાય છે અને વ્યવહારનય અભૂતાર્થ હોવાથી પરમાર્થમાં પ્રયોજનભૂત નથી.

ભગવાન આત્મા શુદ્ધ આનંદકંદ છે તેનું અવલંબન લેતાં એટલે આત્મા જેવો છે તેવી દૃષ્ટિ થતાં પર્યાયમાં શાંતિ અને આનંદ આવે છે. તેવી દશાને ચોથું ગુણસ્થાન કહેવામાં આવે છે, ત્યારથી નિશ્ચય અને વ્યવહાર શરૂ થાય છે. જ્યાં સુધી ભગવાન આત્મા શુદ્ધ છે એવી દૃષ્ટિ જ નથી અને રાગથી લાભ માને છે-પુણ્યથી ધર્મ માને છે એ તો મૂઢ-મિથ્યાદૃષ્ટિ છે તેને તો ધર્મની શરૂઆત પણ નથી. એ તો પહેલાં ગુણસ્થાનમાં છે. ચોથા ગુણસ્થાનથી જ ધર્મની શરૂઆત થાય છે. જેમ ઉપર જવા માટે પગથિયાં હોય તેમ સિદ્ધ થવા માટેના આ ચોથાથી ચૌદ ગુણસ્થાન સુધીના પગથિયાં છે. ચોથાથી ચૌદમાં ગુણસ્થાન સુધી નિશ્ચય-વ્યવહાર હોય છે.

જુઓ શેઠ! સમ્યગ્દર્શનમાં શાંતિ થાય છે એમ કહ્યું, પૈસાથી શાંતિ થાય એમ ન કહ્યું, પૈસા તો ધૂળ છે, એ ધૂળથી તો શરીરનો રોગ પણ ન મટે. પૈસા હોય તો ડોકટરને બોલાવીને દવા થાય....પૈસા વગર ક્યાંથી થાય? પણ ડોકટર આવીને દવા કરી જાય છતાં માણસને મરી જતાં નથી જોયા? ડોકટર પોતે મરી જાય છે માટે પૈસાથી રોગ કે મરણ રોકાતાં નથી. પૈસાથી શાંતિ થતી નથી. શરીર, સ્ત્રી, પુત્રાદિ પરિવારથી પણ બિલકુલ શાંતિ થતી નથી.

અહીં કહે છે કે ચોથા ગુણસ્થાનથી ચૌદમા સુધી પર્યાયમાં વ્યવહાર હોય છે એટલે ભલે વિકલ્પ ન હો પણ ભેદ છે, યોગનું કંપન છે, અરે, કંપન મટી જાય તોપણ અંશે અશુદ્ધતા છે તે વ્યવહાર છે. આવો વ્યવહાર હોય જ છે પણ

www.vitragvani.com



તે આદરણીય નથી-ઉપાદેય નથી, શરણ નથી. જ્ઞાનીને નિશ્ચય અને વ્યવહાર બંને હોય છે જ્યારે અજ્ઞાનીને નિશ્ચય પ્રગટ થયો નથી તો તેને વ્યવહાર પણ નથી. ભેદ તો તેને પણ હોય છે પણ અભેદ અખંડ આત્માના ભાન વિના તે ભેદને ભેદરૂપે જાણતો નથી. માટે તેને વ્યવહાર પણ નથી.

જ્ઞાનીને વ્યવહાર છે-ભેદ છે પણ આશ્રય કરવાની અપેક્ષાએ તે ઉપાદેય નથી. ઉપાદેય તો એક પૂર્ણાનંદ રસકંદ આત્મા જ આદરણીય છે. વ્યવહાર છે ખરો પણ ઉપાદેય નથી અને નિશ્ચય છે અને તે ઉપાદેય પણ છે.

ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન, એકરૂપ, ધ્રુવ-ધ્રુવ આનંદઘન છે તે જ આત્માનું અસલી સ્વરૂપ છે અંદરનું મીંજ છે, નિશ્ચય વડે આવું અસલી સ્વરૂપ જાણવામાં આવે છે. વ્યવહાર વડે આત્માનું આવું સ્વરૂપ જણાતું નથી. વ્યવહાર વડે તો આત્માની રાગવાળી, કંપનવાળી કે ઉદયવાળી પર્યાય જણાય છે પણ આત્માનું અસલી સ્વરૂપ જણાતું નથી માટે વ્યવહાર જૂઠો છે. આ અંદરનો-પર્યાયનો વ્યવહાર પણ જૂઠો છે ત્યાં બહારના વ્યવહારની તો વાત જ ક્યાં રહી? ધંધા આદિના વ્યવહારની તો અહીં વાત જ નથી.

આત્માના અસલી-નિશ્ચય સ્વરૂપના આશ્રયે સમ્યક્ દર્શન થાય છે તેને પર્યાયમાં રાગાદિનો વ્યવહાર હોય છે તે જાણવાલાયક છે પણ આદરવાલાયક નથી.

શ્રોતાઃ-બહુ ઊંચી વાત છે.

પૂજ્ય ગુરુદેવશ્રીઃ-પ્રથમમાં પ્રથમ વાત જ આ છે, બાકી તો બધાં એકડાં વિનાના મીંડા છે. વસ્તુનું ખરું સ્વરૂપ કેવું છે એની જ જેને ખબર ન હોય તેને ધર્મ ક્યાંથી થાય? જેને ધર્મ કરવો હોય તેને રાગ અને એક સમયની પર્યાયથી રહિત સિદ્ધ સમાન નિજ આત્મા જ ઉપાદેય છે.

નિજ શુદ્ધાત્માના અસલી સ્વરૂપના ભાવનાવાળાને પણ ભેદરૂપે વ્યવહાર વર્તે છે પણ તે આશ્રય કરવાલાયક કે ઉપાદેય નથી. કેમ કે વ્યવહારને ઉપાદેય કરવાથી વસ્તુનું કાયમી-અસલી શુદ્ધસ્વરૂપ શ્રદ્ધા-જ્ઞાનમાં આવતું નથી. વ્યવહારનો વિષય એક સમયની પર્યાય અને રાગ છે તે કાયમ રહેવાવાળી ચીજ નથી માટે તે પરમાર્થે પ્રયોજનભૂત નથી.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



લોકોને બહુ આકરી લાગે તેવી વાત છે. લોકો તો પૈસા પાછળ મજૂરી કરી કરીને મરી જાય છે. આ પૈસાવાળા તો બધાં મોટા મજૂર છે કેમ કે, એ મજૂર તો દિવસના આઠ કલાક જ કામ કરે અને આ તો ચોવીશ કલાક કામ કરે છે. સવારના આઠથી રાતના દશ તો દુકાનમાં ચાલ્યા જાય અને બાકી ઘરમાં ફોનથી મજૂરી તો ચાલુ જ હોય માટે આ પૈસાવાળા મોટા મજૂર છે.

અરિહંત પરમાત્મા એમ ફરમાવે છે કે, તારું કાયમી જ્ઞાનાનંદસ્વરૂપ જે ધ્રુવ છે તે એક જ તારે આદરણીય છે. પર્યાયમાં રાગ અને ભેદ છે તે નથી એમ નથી પણ તે છે એમ જાણવાલાયક છે, આદરવાલાયક નથી.

લોકોને એમ થાય કે અરે! અમે ખાઈ-પીને લ્હેર કરીએ છીએ એમાં તમે આત્મા પરના કામ કરે નહિ અને પરને ભોગવે નહિ એ વાત ક્યાંથી લાવ્યા?

ભાઈ! વસ્તુસ્થિતિ જ એમ છે કે, આત્મા આંખની એક પાંપણને પણ હલાવી શકતો નથી. આત્મા તો અરૂપી છે. અરૂપી પદાર્થ રૂપીને કેવી રીતે કરે? પરને આત્મા અડતો પણ નથી તો પરના કામ તે કેવી રીતે કરે? માત્ર કલ્પના કરે છે કે હું પરના કામ કરું છું. પરના કામ તો પરથી થાય છે જીવ તેનો કર્તા નથી.

તારે સુખી થવું હોય, દુઃખને ટાળવું હોય તો અનંત આનંદનું ધામ તારું શુદ્ધ સ્વરૂપ છે તેના ઉપર દૃષ્ટિ લગાવ. એ સિવાય સુખી થવાનો બીજો કોઈ ઉપાય નથી. તો શિષ્યને પ્રશ્ન થાય છે કે, દૃષ્ટિમાં તો એક આત્મા જ આદરણીય હોય એ બરાબર છે પણ સાથે વર્તમાનમાં કાંઈ વ્યવહાર છે કે નહિ? તેને આચાર્યદેવ કહે છે કે હા. વ્યવહાર હોય છે. સમકિતીને ભક્તિ આદિનો શુભરાગરૂપ વ્યવહાર હોય છે. અને એક સમયની પર્યાય પણ ખરેખર વ્યવહાર છે. આ વ્યવહાર છે એમ માત્ર જાણવા લાયક છે, વ્યવહાર આદરવા લાયક નથી. પરમાર્થે પ્રયોજનભૂત નથી.

હવે સમયસારના છટ્ઠા શ્લોકનું પદ કહે છે. સમયસારના શ્લોકનું બનારસીદાસજીએ હિન્દીમાં પદ લખ્યું છે આ સાતમા પદમાં સમ્યગ્દર્શનનું સ્વરૂપ બતાવ્યું છે.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



शुद्धनय निहचै अकेलौ आपु चिदानंद,
अपनैही गुन परजायकौं गहतु है।
पूरन विग्यानघन सो है विवहारमाहिं,
नव तत्त्वरूपी पंच दर्वमैं रहतु है।।
पंच दर्व नव तत्त्व न्यारे जीव न्यारौ लखै,
सम्यकदरस यहै और न गहतु है।।।
सम्यकदरस जोई आतम सरूप सोई,
मेरे घट प्रगटो बनारसी कहतु है।।७।।

અર્થઃ-શુદ્ધ નિશ્ચયનયથી ચિદાનંદ એકલો જ છે. શુદ્ધ નિશ્ચય એટલે સત્ય દૃષ્ટિથી જોઈએ તો જ્ઞાનાનંદ ભગવાન આત્મા એકલો જ છે. શરીર, વાણી, મન અને પુણ્ય-પાપથી ભિન્ન આત્મા એકલો જ છે. સમય-સમયની પર્યાયોથી પણ આત્મા ભિન્ન છે. શુદ્ધજ્ઞાનથી જોઈએ તો ચિદાનંદ ભગવાન અનાદિ-અનંત ધ્રુવરૂપે બિરાજે છે. અત્યારે પણ એમ જ છે. માન્યતામાં માની લીધું છે કે, હું મનુષ્ય છું, રાગી-દ્વેષી છું એ ભ્રમ છે-અજ્ઞાન છે-મૂર્ખની મૂર્ખાઈ છે.

જેને પૈસાની રુચિ હોય તે પૈસાવાળાને મોટો માને છે બાકી અહીં તો ગરીબ હો કે પૈસાવાળા હો જેની માન્યતા જ ઊંધી છે તે બધાં કોડા છે-મૂર્ખાઈમાં મોટા છે. અહીં તો જે ગુણમાં મોટા છે એવા અરિહંત અને સિદ્ધભગવંતો તે 'મોટા' છે.

નિશ્ચય એટલે સાચી દૃષ્ટિથી જોઈએ તો ચિદાનંદ ભગવાન અનાદિ-અનંત જ્ઞાનાનંદથી ભરેલો છે તે એક જ સંતોને આદરણીય છે. જ્ઞાની કે અજ્ઞાની દરેકનો આત્મા નિશ્ચયથી સદાય શુદ્ધ જ છે પણ અજ્ઞાની પોતે પોતાની ભૂલથી જ તેને ચૂકી ગયો છે માટે તેને દેખાતો નથી. પરને દેખવા ગયો ત્યાં પોતાને દેખવાનું ભૂલી ગયો. આ પૈસા...આ મકાન...આ બધાં મારા એમ પરને જોવા ગયો ત્યાં ચૈતન્ય એની દૃષ્ટિમાંથી ખોવાઈ ગયો. જેની દૃષ્ટિમાં પુણ્ય-પાપ અને તેના ફળની અધિકતા દેખાય છે તેની દૃષ્ટિમાંથી ચિદાનંદ ભગવાન આત્મા ખોવાઈ જાય છે.

ત્રિકાળ ચિદાનંદ સ્વભાવની દૃષ્ટિ કરવી તેનું જ નામ સમ્યગ્દર્શન છે.

अपनैंहि गुन परजायकौं गहतु है। ભગવાન આત્મા સમજણનો પિંડ છે તે



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

પોતાના ગુણ-પર્યાયને ગ્રહે છે, તે રાગને, વિકલ્પને કે પરને ગ્રહતો નથી. રાગ, વિકલ્પ ને વિકારરૂપે પરિણમે છે તે આત્મા નથી. જે નિર્મળ ગુણરૂપે પરિણમે છે તે જ આત્મા છે. તે જ સત્‌ચિદાનંદ છે. આત્માને 'સત્‌ચિદાનંદ' તો ઘણાં કહે છે પણ તેના અર્થને યથાર્થ જાણતાં નથી.

પરના કાર્ય હું કરી દઉં....ધંધામાં ઊંડો રસ લઈને કમાણી વધારી દઉં...ખૂબ પૈસા પેદા કરી દઉં એમ માનનારો મૂઢ પરનો સ્વામી થઈને અનાત્મા થાય છે, એમ પુણ્ય- પાપરૂપે હું પરિણમું છું એમ માનનારો પણ અનાત્મા છે, આત્મા નથી.

ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનનું ધામ છે તે પોતે આનંદ અને જ્ઞાનરૂપે પરિણમે તેને આત્મા કહેવાય. આત્મા પરપણે પરિણમતો તો નથી પણ પરને કરતો પણ નથી અને દયા, દાન, વ્રત, ભક્તિના શુભરાગ અને હિંસા, જૂઠ, ચોરી. કુશીલ આદિ અશુભરાગરૂપ વિકારરૂપે પણ આત્મા પરિણમતો નથી. સાક્ષાત્ એ ભાવરૂપે પરિણમે છે તેને આત્મા કહેતાં નથી, તે અનાત્મા છે.

આ તો પરમાત્મા તીર્થંકરદેવનો કહેલો માર્ગ છે. લોકોને આ માર્ગ મળ્યો નથી એટલે આ વાત બહુ ઊંચી છે એમ લાગે છે પણ ઊંચી નથી. પહેલાંમાં પહેલી આ વાત છે. સુખી થવાની રીત અને પંથ એક આ જ છે. બાકી બધાં રખડવાના પંથે છે તેમાં અજ્ઞાનીઓ મુઠ્ઠીવાળીને દોડી રહ્યાં છે.

ચિદાનંદ ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાન ને આનંદનો કંદ છે અને જ્ઞાન-આનંદનું પરિણમન થાય છે તે તેની પર્યાય છે. અશુદ્ધ પરિણમન થાય છે તે આત્માનું પરિણમન નથી. 'આત્મા' તે વસ્તુ-દ્રવ્ય છે, 'ચિદાનંદ' તે તેનો ગુણ છે અને જ્ઞાન, આનંદરૂપે પરિણમે તે તેની પર્યાય છે. આમ દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણેય શુદ્ધ છે. સમ્યગ્દર્શનમાં આત્માની પ્રતીત થતાં દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણેય શુદ્ધ છે. અશુદ્ધ પરિણમન એ પણ આત્માનું નથી ત્યાં સ્ત્રી-પુત્રાદિ તો ક્યાંય દૂર રહ્યાં. તેને મારા માને છે એ તો જડનો ધણી છે.

જ્ઞાનાનંદસ્વરૂપ આત્માને જાણીને તે-રૂપે પરિણમવું એ આત્માનું રૂપ છે. શુદ્ધ ચિદાનંદઘન એ ચિદાનંદસ્વભાવવાળો સ્વભાવવાન છે એવી દૃષ્ટિ થાય ત્યાં પર્યાયમાં શ્રદ્ધાપણે થવું, જ્ઞાનપણે થવું, ચારિત્રપણે થવું, આનંદપણે થવું, શુદ્ધતાપણે થવું તે તેના ગુણોનું પરિણમન છે. રાગાદિ થાય-વિકલ્પ થાય તે તેનું પરિણમન નથી.

ત્રિલોકનાથ તીર્થંકરદેવ ગણધરો અને ઈન્દ્રોની હાજરીમાં, અબજો દેવોના સમુદાયમાં આમ વસ્તુસ્વરૂપ બતાવતા હતા તે જ અહીં કુંદકુંદ આચાર્ય અને અમૃતચંદ્ર આચાર્ય ફરમાવે છે અને તેનો જ અર્થ બનારસીદાસજી પદ્યમાં કહે છે અને તે જ એક એક શબ્દોનો અર્થ અહીં થાય છે.

**शुद्धनय निहचै अकेलौ आपु चिदानंद अपनैंही गुन परजायकौ गहतु है।**

વ્યવહારરત્નત્રયનો વિકલ્પ એ પોતાના ગુણની પર્યાય નથી એમ કહે છે. દેવ-શાસ્ત્ર-ગુરુને માનવાનો વિકલ્પ તે મારી પર્યાય નથી. કેમ?-શુદ્ધવસ્તુની પર્યાય શુદ્ધ હોય કે અશુદ્ધ હોય? ચૈતન્યની ખાણમાં અશુદ્ધતા ભરી નથી. તો અશુદ્ધતા આવે ક્યાંથી! આત્મા તો પવિત્રતાનો પિંડ છે માટે પવિત્ર નિર્દોષ દશા થાય એ જ તેની પર્યાય છે.

આનો અર્થ એ થયો કે, પોતાના દ્રવ્યને જે આદરે તેને સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર થાય જ એવો તેનો સ્વભાવ છે. દ્રવ્યની દૃષ્ટિ કરે અને નિર્મળતા ન પ્રગટે એમ કેમ બને? સમ્યગ્દર્શન, જ્ઞાન, આનંદ અને શાંતિપણે પરિણમવું એ જ આત્માનો સ્વભાવછે.

નવા માણસને એમ થાય કે, આ શું કહે છે! ભગવાનના દર્શન કરવા, નવકાર ગણવા, ભક્તિ કરવી તેને ધર્મ કહેવાય. 'શિવપદ અમને દેજો રે મહારાજ, શિવપદ અમને દેજો' એમ ભક્તિ કરીએ તો શિવપદ મળે. પણ ભાઈ! તારું શિવપદ ભગવાન પાસે છે? તારું શિવપદ તો તારી પાસે છે તેની દૃષ્ટિ કર તો તે-રૂપે પરિણમવું એ સ્વભાવ જ છે માટે જરૂર પરિણમન થશે. મિથ્યાત્વ અને ક્રોધ-માનાદિ રૂપે પરિણમવાનો તો જીવનો સ્વભાવ ન હતો છતાં ઉઠાવગીર થઈને એવું અજ્ઞાન ઊભું કર્યું છે. પણ પોતાના શ્રદ્ધા-જ્ઞાન-આનંદરૂપે પરિણમવાનો તો જીવનો સ્વભાવ જ છે.

મનુષ્યભવમાં આ કરી લેવા જેવું છે ભાઈ! જુઓને! નાની નાની ઉંમરમાં માણસો ચાલ્યા જાય છે. અરે, જે કરવાનું છે તે કરે નહિ અને નહિ કરવાનું કરીને જિંદગી ખોઈ બેઠા. હવે એનું કામ ક્યારે થાય?

વ્યવહારને ગ્રહણ કરવો કે નિમિત્તને ગ્રહણ કરવું એવો જીવનો સ્વભાવ જ

www.vitragvani.com



નથી. નિર્મળ પર્યાયને ગ્રહણ કરવી એ તેનો સ્વભાવ છે. અહા! આ વીતરાગનો ધર્મ કોઈ અલૌકિક છે.

**पूरन विग्यानघन सो है विवहारमाहिं,** ભગવાન આત્મા વિજ્ઞાનઘન છે. જેમ પાંચ મણની બરફની શીલા હોય તેમ આ આત્મા પૂર્ણ જ્ઞાન અને શાંતિની મોટી શિલા છે. દેહની અંદર પણ દેહના રજકણથી ભિન્ન જ્ઞાનાનંદની શિલા છે. વ્યવહારથી તે પાંચ દ્રવ્ય અને નવ તત્ત્વમાં રહેલો છે પણ તે નવરૂપે થતો નથી. વર્તમાન પર્યાયમાં કામ, ક્રોધાદિ હતાં તે ટળીને સંવર નિર્જરા થાય છે માટે આત્મા નવતત્ત્વરૂપે પર્યાયમાં થાય છે પણ ખરેખર વસ્તુ-દ્રવ્ય છે તે નવપણે થતું નથી.

આ બનારસીદાસ વ્યભિચારી-શૃંગારી હતાં પણ સત્સમાગમ થયો ત્યાં ગુંલાટ ખાઈ ગયાં-આખી દ્રષ્ટિ ફરી ગઈ. અરે! અમે તો આત્મા છીએ અતીન્દ્રિય આનંદના ઘન છીએ, અમારું પરિણમન તો શુદ્ધ જ હોય. અમે વિજ્ઞાનઘન છીએ છતાં પર્યાયમાં નવતત્ત્વરૂપે પરિણમન થાય છે. વ્યવહારથી જીવ પાંચ દ્રવ્યમાં રહેલો છે એમ પણ કહેવાય છે, જિનાગમમાં એટલે પ્રવચનસારમાં છ દ્રવ્ય કહ્યાં છે પણ અહીં કાળને ગૌણ કરીને પંચાસ્તિકાયને જ દ્રવ્ય કહ્યાં છે.

**पंच दर्व नव तत्त्व न्यारे जीव न्यारौ लखै,** આકાશ, ધર્મ, અધર્મ, પુદ્ગલ અને પોતા સિવાય સર્વ જીવથી આ જીવ ભિન્ન છે. અનંત સિદ્ધો અને દેવ-શાસ્ત્ર-ગુરુથી આ આત્મા ભિન્ન છે. અરે, સંવર, નિર્જરા અને મોક્ષની પર્યાય પણ દ્રવ્યથી ભિન્ન છે. વસ્તુ એકરૂપ ધ્રુવ અનાદિ અનંત સત્ ચિદ્ છે તે કાંઈ નવરૂપે થયો નથી. વ્યવહારથી નવતત્ત્વરૂપે થાય છે પણ નિશ્ચયથી આત્મા નવપર્યાયરૂપે થતો નથી. આત્મા નવથી ભિન્ન છે. **लखै** નો અર્થ અહીં 'શ્રદ્ધે' છે એમ લેવો. જે આત્માને પાંચ દ્રવ્ય અને નવતત્ત્વથી ભિન્ન શ્રદ્ધે છે-માને છે-અનુભવે છે તે સમ્યગ્દર્શન છે.

કળશટીકામાં આ કળશના અર્થમાં રાજમલ્લજીએ નવતત્ત્વરૂપ આત્માના અનુભવને મિથ્યાત્વ કહ્યું છે. તેમાં સંવર-નિર્જરા અનાદિના જે અશુદ્ધ છે તેની વાત લીધી છે, શુદ્ધ સંવર-નિર્જરાની વાત નથી.

અહીં કહે છે આત્મા આકાશાદિ પાંચ દ્રવ્યોની ભિન્ન છે, બીજાના અસ્તિત્વથી-બીજાના હોવાપણાથી જીવનું અસ્તિત્વ નથી. પાંચ દ્રવ્ય અને નવતત્ત્વથી આત્માનું



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



હોવાપણું તદ્દન નિરાળુ છે. માટે આત્માને એ બધાંથી નિરાળો જોવો એટલે શ્રદ્ધવો તે સમ્યગ્દર્શન છે. सम्यकदरस यहै और न गहतु है। છઢાળામાં દૌલતરામજીએ પણ લખ્યું છે 'પરદ્રવ્યનતેં ભિન્ન આપમેં રુચિ સમ્યક્ત્વ ભલા હે'.

सम्यकदरस जोइ आतम सरूप सोई। સમ્યગ્દર્શનમાં આત્મા અખંડ પૂર્ણાનંદ છે એમ જોયું તે આત્માનો સ્વભાવ જ છે. રાગ અને દયા, દાનના વિકલ્પો તે આત્માનું સ્વરૂપ નથી અને તેના વડે આત્માનું સ્વરૂપ દેખાતું નથી. સમ્યગ્દર્શનમાં જ આત્મા જેવો છે તેવો શ્રદ્ધામાં આવે છે.

मेरे घट प्रगटो बनारसी कहतु है। પં. બનારસીદાસજી કહે છે એવું આત્માનું સ્વરૂપ મને પ્રગટ થાઓ અર્થાત્ મારા જ્ઞાનની પૂર્ણદશા પ્રગટ થાઓ. એમ કરીને સિદ્ધપદને આમંત્રણ આપે છે.

આ સમયસારના છઠ્ઠા શ્લોકનું સાતમું પદ થયું. હવે સાતમા શ્લોકનું આઠમું પદ કહે છે તેમાં જીવની દશા ઉપર અગ્નિનું દૃષ્ટાંત આપે છે.

जैसैं तृण काठ बांस आरने इत्यादि और,
ईंधन अनेक विधि पावकमैं दहिये।
आकृति विलोकित कहावै आग नानारूप,
दीसै एक दाहक सुभाव जब गहिये।।
तैसैं नवतत्त्वमैं भयौ है बहु भेषी जीव,
सुद्धरूप मिश्रित असुद्ध रूप कहिये।
जाही छिन चेतना सकतिकौ विचार कीजै,
ताही छिन अलख अभेदरूप लहिये।।८।।

પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ શું કહે છે તેની જેને ખબર નથી-સમજણમાં જ ફેર છે-વાદ-વિવાદમાં પડ્યા છે તેને સમ્યગ્દર્શન થતું નથી. પોતાની કલ્પના અનુસાર વસ્તુનું સ્વરૂપ માને અને ધનવાન હોય તો દાન દઈને મંદિર આદિ બંધાવે અને માની લે કે, અમને ધર્મ થઈ ગયો તો એમ માની લેવાથી ધર્મ થઈ જતો નથી. મંદિર બને છે એ તો પુદ્ગલથી બને છે અને બનાવવાનો ભાવ છે તે શુભરાગ છે તેનાથી પુણ્ય બંધાય છે પણ ધર્મ થતો નથી. ધર્મ તો અંદરમાં



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આનંદ મંદિર ખોલવાથી થાય છે.

**जैसैं तृण काठ....आदि** અનેક ઈંધન અગ્નિમાં જલે છે તેની આકૃતિ ઉપર ધ્યાન દેવાથી અગ્નિ અનેકરૂપ દેખાય છે પણ અગ્નિના દાહકસ્વભાવ ઉપર દૃષ્ટિ કરો તો અગ્નિ એકરૂપ જ છે. જંગલમાં સૂકાઈ ગયેલું છાણ જેને અડાયાં કહેવાય છે તેનો આકાર જુદો હોય, કુંવળ બાળે તેનો આકાર જુદો હોય, પાંદડાનો જુદો હોય, શેરડીના છોતાં બાળે તેનો આકાર પણ જુદો હોય, માણસને બાળે ત્યારે અગ્નિમાં ઉપરથી માણસનો આકાર દેખાય પણ ખરેખર અગ્નિનો સ્વભાવ જુઓ તો દાહક....દાહક....દાહક છે. એકરૂપ દાહકભાવ છે.

બનારસીદાસજી દાખલા આપીને સહેલું કરીને સમજાવે છે.

**दीसै एक दाहक सुभाव जब गहिये।** જુદાં જુદાં ઈંધન અગ્નિમાં બળી રહ્યા છે એ જ વખતે અગ્નિને તેના એક દાહકસ્વભાવથી જુઓ તો બધી અગ્નિ એકરૂપ છે. તેમાં અનેક આકાર ગૌણ છે, એક દાહકસ્વભાવ મુખ્ય છે.

**तैसे नवतत्त्वमैं भयौ है बहु भेषी जीव,** અગ્નિની જેમ વ્યવહારનયથી જીવ નવતત્ત્વમાં શુદ્ધ, અશુદ્ધ, મિશ્ર આદિ અનેકરૂપે થઈ રહ્યો છે. રાગરૂપ થાય છે, બંધરૂપ થાય છે, સંવરરૂપ થાય છે, નિર્જરા અને મોક્ષરૂપ થાય છે તે બધાં આત્માના વેષ છે. મોક્ષ પણ એ વેષ છે હો. કેમ કે, તે અવસ્થા છે, ગુણ નથી.

આમ, આત્મા વ્યવહારથી નવતત્ત્વરૂપે થતો હોવા છતાં તેના ચેતના સ્વભાવથી જુઓ તો તે ત્રિકાળ એક ચેતનાસ્વભાવરૂપ જ છે. ચેતના....ચેતના....ચેતના....ત્રિકાળ એકરૂપ વિજ્ઞાનઘન છે તેમાં ભેદો બધાં ગૌણ થઈ જાય છે.

**जाही छिन चेतना सकतिकौ विचार कीजै, ताही छिन अखल अभेदरूप लहिये।**

જે ક્ષણે આત્માની ચેતનાશક્તિનો વિચાર કરવામાં આવે છે ત્યારે તે અરૂપી અને અભેદરૂપ ગ્રહણ થાય છે. જે ક્ષણે ચૈતન્યશક્તિનું સત્ત્વ જુઓ તે ક્ષણે અલખ નામ વિકલ્પથી અને ભેદથી ન જણાય તેવો આત્મા સ્વસંવેદનથી જાણ્યો જાય છે- અનુભવમાં આવે છે. જેવો અલખ અને અભેદ છે તેવો સ્વસંવેદનમાં આવે છે.

મારગ જરાં કઠણ તો છે પણ સરળ ભાષામાં આવે છે માટે અભ્યાસ હોય તો સમજાય તેવી વાત છે, ન સમજાય એવું કાંઈ નથી. અગ્નિને લાકડાની અગ્નિ,



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

તરણાની અગ્નિ, છાણાંની અગ્નિ એમ દાહકના આકારથી જુઓ તો અગ્નિ અનેકરૂપ દેખાય છે પણ અગ્નિને દાહકરૂપે જુઓ તો દાહક....દાહક....દાહકરૂપે અગ્નિ એકરૂપ છે તેમ આત્માને જીવનો વિકલ્પ, અજીવનો વિકલ્પ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષરૂપે જુઓ તો આત્મા અનેકરૂપે દેખાય પણ આત્માને ચૈતન્ય....ચૈતન્ય....ચૈતન્યરૂપે જુઓ તો આત્મા એકરૂપ ચૈતન્ય છે.

આત્મા એકરૂપ નિત્ય ધ્રુવ અરૂપી અભેદરૂપે દૃષ્ટિમાં આવે છે તેને જ આત્મા કહેવામાં આવે છે.

★ જેમ દર્પણની સ્વચ્છતા દર્પણને બતાવે છે અને અગ્નિની જ્વાળા આદિને પણ દર્શાવે છે. તોપણ દર્પણમાં દેખાતો સ્વ-પરના આકારનો પ્રતિભાસ-પ્રતિબિંબ તે દર્પણની સ્વચ્છતાની જ અવસ્થા છે. તે કાંઈ અગ્નિની અવસ્થા નથી, પ્રતિબિંબિત વસ્તુની અવસ્થા નથી. વળી જેવા પદાર્થો દર્પણની સામે હોય તેવું પ્રતિબિંબ દેખાડવું તે દર્પણની સ્વચ્છતાનો સ્વભાવ હોવાથી પ્રતિબિંબિત પદાર્થના લીધે પ્રતિબિંબ પડતું નથી પણ દર્પણની સ્વચ્છતાને લીધે જ પ્રતિબિંબ પડે છે. તેવી રીતે જ્ઞાતૃતા તે આત્માની જ છે અર્થાત્ સ્વ-પરને જાણનાર જ્ઞાનસ્વરૂપ આત્મા છે અને ભાવકર્મ, દ્રવ્યકર્મ ને નોકર્મ પુદ્‌ગલના પરિણામ છે. જ્ઞાનસ્વરૂપી જ્ઞાયકને જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય બનાવીને તેનું જ્ઞાન કરવું તથા પરજ્ઞેયોને જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય બનાવીને તે સંબંધીનું જ્ઞાન થવું તે જ્ઞાનનો સ્વતઃસિદ્ધ સ્વભાવ જ છે. પરદ્રવ્યો છે માટે તેનું જ્ઞાન થયું એવો પરતંત્ર સ્વભાવ જ નથી.

*-સ્વાનુભવમાર્ગપ્રકાશક પૂજ્ય ગુરુદેવ*

# નવ તત્ત્વમાં રહેલો જીવ નવ તત્ત્વથી પાર છે

(સળંગ પ્રવચન નં. ૧૯)

શ્રી નાટક સમયસાર શાસ્ત્રના જીવદ્વારનો આ ૯મો શ્લોક લેવાનો છે.

जैसैं बनवारीमैं कुधातके मिलाप हेम,
नानाभांति भयौ पै तथापि एक नाम है।
कसिकै कसौटी लीकु निरखै सराफ ताहि,
बानके प्रवान करि लेतु देतु दाम है।।
तैसैं ही अनादि पुद्गलसौं संजोगी जीव,
नव तत्त्वरूपमैं अरूपी महा धाम है।
दीसै उनमानसौं उदोतवान ठौर ठौर,
दूसरौ न और एक आतमाही राम है।।९।।

જેમ સોનું કથીર, ચાંદી, પિત્તળ આદિ સહિત અશુદ્ધ હોય તેને શુદ્ધ કરવા માટે કુલડીમાં નાંખીને તાપ દેવામાં આવે છે તો તેરવલું, ચૌદવલું, સોળવલું આદિ સોનાની અનેક અવસ્થા થાય ને છતાં તે દરેક વખતે તેનું નામ સોનું જ છે. વસ્તુ તરીકે સોનું તો દરેક અવસ્થામાં સોનું જ છે. તે સોનાને સરાફ કસોટી ઉપર કસીને તેની રેખા જુએ છે અને તેની ચમક અનુસાર સોનાનો ભાવ નક્કી કરે છે. આ તો દૃષ્ટાંત થયું. તેનો સિદ્ધાંત એ કે, આ અરૂપી મહા દીપ્તિવાળો જીવ અનાદિકાળથી પુદ્ગલના સમાગમમાં નવતત્ત્વરૂપ દેખાય છે પણ વસ્તુ તરીકે જીવ તો સદા એકરૂપ જ છે તે અનુમાન પ્રમાણથી બધી હાલતોમાં જ્ઞાનસ્વરૂપ એક આત્મારામ જ છે, બીજું કાંઈ નથી એમ નક્કી થાય છે.

સર્વજ્ઞ પરમાત્મા જિનેશ્વરદેવે શુદ્ધ ચૈતન્ય આનંદસ્વરૂપ આત્માને જ આત્મા કહ્યો છે. ભગવાન આત્મા અતીન્દ્રિય જ્ઞાન આનંદનું ધામ છે પણ અનાદિકાળથી કર્મ અને અન્ય પુદ્ગલના સંયોગમાં રહેલો છે તેથી નવતત્ત્વરૂપ દેખાય છે. પર્યાયમાં નવતત્ત્વરૂપ દેખાય છે તે જ આત્મા દ્રવ્યે અરૂપી મહા આનંદમૂર્તિ સદાય એકરૂપે રહ્યો છે.

નવ તત્ત્વ ક્યા?-જીવસંબંધી વિકલ્પ તે જીવ, અજીવ સંબંધી વિકલ્પ તે અજીવ, દયા-

www.vitragvani.com



દાન, વ્રત, ભક્તિના પરિણામ તે આસ્રવ અને તેમાં રોકાવું તે બંધ તત્ત્વ છે. આ આસ્રવનો અભાવ કરીને સ્વભાવના આશ્રયે ધર્મ પ્રગટ થાય તે તત્ત્વ છે, શુદ્ધિમાં વૃદ્ધિ થાય તે નિર્જરાતત્ત્વ છે અને શુદ્ધિની પૂર્ણતા થાય છે તે મોક્ષ છે. આ બધી પર્યાય છે. પુદ્‌ગલકર્મના નિમિત્તે પર્યાયમાં આસ્રવ, બંધ, પુણ્ય-પાપ આદિ મલિન પર્યાય અને તેનો અભાવ થઈને સંવર, નિર્જરા, મોક્ષરૂપ નિર્મળ પર્યાય દેખાય છે. પર્યાયમાં નવતત્ત્વ દેખાય છે પણ વસ્તુમાં એવા નવ ભેદ નથી. સોના તરીકે સોનું....સોનું....સોનું જ છે તેમ વસ્તુ તરીકે આત્મા અરૂપી આનંદઘન છે તેની દૃષ્ટિ કરતાં પર્યાયમાં ધર્મ પ્રગટ થાય છે તે સિવાય બહારથી ક્યાંયથી ધર્મ પ્રગટ થતો નથી.

વસ્તુ તરીકે આત્મા એકરૂપ ત્રિકાળી જ્ઞાન-આનંદઘન છે, એવું જ તેનું ત્રિકાળી સ્વરૂપ છે, તેમાં કર્મના સંબંધે નવ ભેદરૂપ અવસ્થા દેખાય છે છતાં તેને એકરૂપ જુઓ તો તેમાં ભેદ છે જ નહિ. અરૂપી શુદ્ધ જ્ઞાન....જ્ઞાન....જ્ઞાન....આનંદ અનાદિ અનંત જ્ઞાન આનંદસ્વરૂપ આત્મા એકરૂપ છે તે નિશ્ચય છે. પર્યાયમાં નવ પ્રકાર દેખાય છે તે વ્યવહાર છે.

જેને ધર્મ કરવો છે, ચોરાશીના અવતાર-જન્મ-મરણનો નાશ કરવો છે તેણે શું કરવું એ કહેવાય છે. આત્મા પોતે અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે. બહારમાં પૈસાથી, કુટુંબથી અને આબરૂ આદિથી આનંદ માને છે એ તો કલ્પિત આનંદ છે. એ આનંદ નહિ પણ દુઃખ છે. એવી દુઃખરૂપ અવસ્થા જીવની પર્યાયમાં થાય છે પણ તે કાંઈ જીવનું સ્વરૂપ નથી. એ વિકારરૂપ જીવની અવસ્થા છે અને ધીરજથી વસ્તુનો આશ્રય લેતાં જે ધર્મદશા પ્રગટ થાય છે તેના ત્રણ પ્રકાર છે : સંવર, નિર્જરા અને મોક્ષ. સંવર એટલે શુદ્ધિની ઉત્પત્તિ, નિર્જરા એટલે શુદ્ધિની વૃદ્ધિ અને મોક્ષ એટલે શુદ્ધિની પૂર્ણતા. આમ શુદ્ધ અને અશુદ્ધ અવસ્થા જીવની દશામાં છે પણ તે વ્યવહાર છે.

શેઠ! આ તમારો વેપાર એ તો વ્યવહાર પણ નથી એમ કહે છે. એ તો જડ-પરદ્રવ્યના ખાતામાં ગયો. ધંધાની ક્રિયા એ આત્માનો વ્યવહાર નથી.

આત્મા તો એ છે કે જે ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્માએ જગતને બતાવ્યો છે- પ્રસિદ્ધ કર્યો છે. જેમ સોનાને તાપ દેતાં કથીર ઘટતું જાય છે અને સોનું નિર્મળ થતું જાય છે એ અપેક્ષાએ તેની દશામાં ભેદ પડતાં દેખાય છે પણ સોના તરીકે તો સોનું સોનારૂપે જ છે તેમ, અનંત અનંત જ્ઞાન-દર્શનાદિસ્વરૂપે બિરાજમાન મહાપ્રભુને સંસાર અવસ્થામાં નિમિત્તના સંબંધે હિંસા, જૂઠ આદિ પાપ પરિણામ, અહિંસા, સત્ય આદિ પુણ્યપરિણામ, શુભ-અશુભ



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



બંનેરૂપ આસ્રવભાવ, બંધભાવ અને ધર્મ પ્રગટ થાય પછી પૂર્ણ ન થાય ત્યાં સુધી શુદ્ધિ અને શુદ્ધિની વૃદ્ધિરૂપ સંવર, નિર્જરાભાવ આત્માની દશામાં દેખાય છે પણ તે જ વખતે વસ્તુ તરીકે જુઓ તો આત્મા એકરૂપ જ છે.

જુઓ! એક આત્મામાં બે પ્રકાર કહ્યાં છે. પરદ્રવ્ય તો પરમાં જ છે એટલે શરીર શરીરમાં છે અને કર્મ કર્મમાં છે. તે જીવમાં નથી પણ જીવના પોતાના બે ભાગ છે તેમાં એક પર્યાયભાગ છે જેમાં નવપ્રકારની દશા દેખાય છે તે બધો વ્યવહાર છે. હું જીવ છું એવો વિકલ્પ, અજીવ, મારામાં નથી એવો વિકલ્પ, શુભ-અશુભભાવ, આસ્રવ અને બંધ એ વિકારી દશાઓ છે અને વસ્તુસ્વભાવની દૃષ્ટિ કરતાં જે ધર્મની દશા પ્રગટ થાય તે નિર્વિકારી દશા છે એ બધી દશા વ્યવહાર છે કેમ કે તે વસ્તુનું ત્રિકાળીરૂપ નથી. નવી પ્રગટ થાય છે માટે અવસ્થા તે વ્યવહાર જીવ છે.

ભગવાન આત્મા ત્રિકાળ શુદ્ધ ચૈતન્યધાતુ છે તેની દશામાં પુણ્ય-પાપ અને આસ્રવ, બંધ આદિ થાય છે તે વ્યવહાર છે તેમ જ વસ્તુ જે ત્રિકાળી ધ્રુવ ધાતુ ચૈતન્ય તેના આશ્રયે જે શુદ્ધિ પ્રગટ થાય છે, શાંતિ અને આનંદ આદિ ધર્મનો અંશ પ્રગટ થાય છે તે પણ વ્યવહાર છે.

આત્માના સંબંધવાળી દશાને વ્યવહાર કહી છે. બાહ્યવ્યવહારની વાત નથી. એ વ્યવહારનું તો કોઈ સ્થાન જ નથી. એ વ્યવહાર તો આત્માનો વિષય જ નથી. આત્મા એક વસ્તુ છે માટે તે ત્રિકાળી છે કેમ કે, જે 'છે' તેની ઉત્પત્તિ કે નાશ ન હોય. જે 'વસ્તુ' હોય તે સ્વભાવ વિનાની ન હોય. વસ્તુનો સ્વભાવ તે 'નિશ્ચય' છે. ત્રિકાળી સ્વભાવવાળું તત્ત્વ તે દ્રવ્ય અથવા વસ્તુ અથવા નિશ્ચય છે અને તેની વિકારી દશા તે અસદ્‌ભૂત વ્યવહાર છે અને વસ્તુસ્વભાવના આશ્રયે જે ધર્મની-શાંતિ, આનંદની નિર્મળદશા પ્રગટ થાય છે તે સદ્‌ભૂત વ્યવહાર છે. એક સમયનો પર્યાય પણ ભેદવાળો વ્યવહાર છે માટે તે હેય છે.

એકરૂપ ત્રિકાળી જ્ઞાયક ભગવાન આત્મા એક જ ઉપાદેય અને આદરણીય છે પણ અરે! એને પોતાના હિતના માર્ગની ખબર નથી. કદી હિતના માર્ગે ગયો નથી. રખડવાના રસ્તામાં બધાં હોશિયાર થઈ ગયા છે.

ત્રિલોકનાથ પરમાત્મા એમ ફરમાવે છે કે, ભાઈ! તારામાં બે પ્રકાર છે અને તે પરને કારણે નહિ અને પરથી નહિ પણ તારા કારણે જ થયેલી પુણ્ય-પાપ, આસ્રવ, બંધની પર્યાય અને તારા આશ્રયે થયેલી સંવર-નિર્જરાની પર્યાય એ વ્યવહાર છે માટે તે આદરણીય નથી. નવેય પર્યાય વ્યવહાર છે, આદરણીય નથી પણ હેય છે. નવપર્યાયરૂપ અવસ્થા છે, નથી એમ



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

નથી, પણ વસ્તુની દૃષ્ટિએ જુઓ તો આત્મા એકરૂપ....એકરૂપ....એકરૂપ પૂર્ણ શુદ્ધ છે.

અરે, એને હું કોણ છું એની ખબર નથી. આ વાત કોઈ'દિ સાંભળી નથી. ક્યાં પહોંચવું છે, કેમ જવાય, કેમ રહેવાય તેની ખબર નથી....જિંદગી વ્યર્થ ચાલી જાય છે. આ ધનાદિની અનુકૂળતા દેખાય છે, એ પણ પૂર્વના પુણ્ય બળી ગયા ત્યારે આવી છે, કાંઈ વર્તમાન પુરુષાર્થથી આવી નથી. એ પૈસા પોતાની નજીકમાં આવ્યાં છે એટલું જ, પોતાની અંદર તો માત્ર તેની મમતા આવી છે, પૈસા તો પૈસામાં રહ્યાં છે.

અહીં કહે છે કે, જ્ઞાનીને જ્યાં સુધી પૂર્ણતા ન થાય ત્યાં સુધી તેની દશામાં પુણ્ય, પાપ, આસ્રવ અને બંધ હોય છે અને સ્વભાવના આશ્રયે પ્રગટેલી શુદ્ધિ અને નિર્વિકલ્પતામાં આનંદના અંશો પ્રગટ થાય છે તે બધી દશાઓ હોય છે અને પૂર્ણ થાય ત્યારે પૂર્ણદશા હોય છે પણ તે વ્યવહાર છે. ભેદ પડે છે માટે તે વ્યવહાર છે. અભેદ શાશ્વત નિજ વસ્તુ તે નિશ્ચય છે.

આત્મા ધ્રુવ તરીકે અનાદિ-અનંત એકરૂપ વસ્તુ છે, તેની દૃષ્ટિ કરતાં-તેની સન્મુખતા અને રાગાદિથી વિમુખતા કરીને અંતરદૃષ્ટિ કરતાં તેની દશામાં સમ્યગ્દર્શન-જ્ઞાન, સ્થિરતા, આનંદ, શાંતિ આદિ ધર્મની શરૂઆત થાય છે તે આત્માની દશા છે પણ, આત્માનું ત્રિકાળીરૂપ નથી માટે તે વ્યવહાર છે. સિદ્ધદશા પ્રગટ થાય એ પણ નવી થાય છે, ત્રિકાળી નથી, ત્રિકાળીનો એક અંશ છે માટે તે વ્યવહાર છે.

જેમ સોનાને અગ્નિનો તાપ દેતાં સોનાની અવસ્થામાં લાલ-પીળો આદિ અનેક રંગો દેખાય છે તેમ ભગવાન આત્મામાં કર્મના નિમિત્તના સંબંધમાં પુણ્ય-પાપ આદિ વિકારી અવસ્થા અને કર્મના છૂટવાના નિમિત્તમાં સંવર-નિર્જરા આદિ નિર્મળ અવસ્થા દેખાય છે, પૂર્ણ શુદ્ધ થાય ત્યારે મુક્તિ દેખાય છે પણ તે બધી નવી નવી થતી અવસ્થા છે, વસ્તુનું ત્રિકાળીરૂપ નથી.

અહા! એને પોતાના સ્વરૂપની ખબર નથી. બહારમાં ડાહ્યો માણસ ગણાતો હોય, વાત કરવા બેઠો હોય તો આખી દુનિયાની વાતો કરે પણ પોતાના ખરાં સ્વરૂપની ખબર જ નથી. તેને અહીં ગુરુ કહે છે કે ભાઈ! એકવાર તારા સ્વરૂપની વાત સાંભળ તો ખરો! તારી અસ્તિ બે પ્રકારે છે : એક વસ્તુ તરીકે તારી અસ્તિ છે અને એક દશારૂપે તારી અસ્તિ છે.

ભગવાન આત્મા અવિનાશી આનંદ અને જ્ઞાનનું ધામ છે, મહાવસ્તુ છે, એકરૂપ છે, તે નિશ્ચયનો વિષય છે. અરૂપી મહાદીપ્તિવાન-ચૈતન્યના પ્રકાશનું નૂરનું પૂર છે. તે તું છો હો!

આ મહાદીપ્તિવાન જીવ અનાદિકાળથી કર્મપુદ્‌ગલના સમાગમથી નવતત્ત્વરૂપ દેખાય છે, ભેદરૂપ દેખાય છે, પરંતુ અનુમાન પ્રમાણથી બધી હાલતોમાં તે જ્ઞાનસ્વરૂપ એક આત્મારામ સિવાય બીજું કાંઈ નથી.

અનુમાન પ્રમાણથી જુઓ તો જીવની બધી દશામાં જ્ઞાન....જ્ઞાન....જ્ઞાનની ચમક ત્રિકાળ છે. તેને જો!

પાત્રતા હોય તેને આ વાત રુચિ જાય છે. મારગ તો આ જ છે એમ પહેલાં સમજમાં તો લ્યે! લોકો દયા, દાન, વ્રત, વર્ષીતપ આદિમાં ધર્મ માનીને બેઠા છે. અરે! એને ક્યાં જવું છે અને ક્યાં મારગમાં અટકી પડ્યો છે!

ભાઈ! તું એકરૂપ ત્રિકાળી દ્રવ્ય છો તેનું એકવાર અનુમાન તો કર. નવતત્ત્વના ભેદ છે એ તો દશામાં છે, વ્યવહારનો વિષય છે-વર્તમાનનયનો વિષય છે પણ ત્રિકાળીનયથી અંતરમાં જો તો એકલો ચિત્શક્તિનો ચમત્કાર....ચિત્શક્તિનો ચમત્કાર ત્રિકાળ છે.

दीसै उनमानसौं उदोतवान ठौर ठौर જ્યાં જ્યાં જોઉં ત્યાં આત્મા ચૈતન્ય ચમત્કારથી જાણનાર....જાણનાર....જાણનાર છે. રાગને જાણનાર, આસ્રવને જાણનાર, બંધને જાણનાર, સંવર, નિર્જરા અને મોક્ષનો પણ જાણનાર છે. જાણનાર સદાય સર્વને જાણનાર છે. એક આત્મારામ સિવાય બીજું કાંઈ નથી. એટલે જ્ઞાન....જ્ઞાન....જ્ઞાન સ્વરૂપ છે તેમાં કોઈ ભેદ નથી.

લોકોને આ અભ્યાસ નહિ એટલે કઠણ પડે. પોતાની જાતને કદી જોઈ તો નથી પણ કેમ જોવી એ પણ ખબર નથી.

એક ચિદ્રૂપ આત્મારામમાં શરીર, વાણી, મન, આબરૂ, પૈસા આદિ તો નથી પણ આ આસ્રવ સંવર આદિ નવભેદ પણ તેમાં નથી. અહો! આ વીતરાગદર્શનનું માખણ છે.

આત્મારામ....આત્મારામ....આનંદ....આનંદ ત્રિકાળ અતીન્દ્રિય આનંદનું ઢીમ છે તે આત્મા છે. અતીન્દ્રિય જ્ઞાનનો ખજાનો છે. પર્યાય તારો વ્યવહાર છે અને દ્રવ્ય તારો નિશ્ચય છે. જુઓ! સંવર, નિર્જરા અને મોક્ષ પણ વ્યવહાર છે.

ભાવાર્થઃ-જ્યારે આત્મા શુભાશુભભાવમાં વર્તે છે ત્યારે પાપતત્ત્વરૂપ થાય છે. હિંસા, જૂઠ, ચોરી આદિ પાપભાવ છે. દયા, દાન, સત્ય, અચૌર્ય આદિ પુણ્યભાવ છે. આ બંને પ્રકારના રાગથી હટીને સ્વભાવમાં એકાગ્ર થાય ત્યારે આત્મા સંવરરૂપ થાય છે. શમ એટલે સમતા. જેવો આત્માનો વીતરાગ સ્વભાવ છે તેવી જ વીતરાગતા પર્યાયમાં પ્રગટ થાય તેનું

નામ સમતા છે. સમતા પ્રગટ થાય ત્યારે આત્મા આવરણથી મુક્ત થાય છે એટલે કે સંવર થાય છે.

પુણ્ય-પાપના વિકલ્પમાં વર્તતો જીવ આસ્રવરૂપ થાય છે અને પુણ્ય-પાપના રાગમાં અટકતો જીવ ભાવબંધરૂપ થાય છે અને જ્યારે આ શરીર મારું, પૈસા મારાં, મકાન મારું એમ જડ પદાર્થોમાં અહંબુદ્ધિ કરે છે ત્યારે જડસ્વરૂપ થાય છે એટલે કે પોતાને જડ માને છે. અજ્ઞાની એમ માને છે કે, આ પૈસા છે તો ખર્ચી શકાય છે, પૈસા વગર જમણવાર થઈ શકે? ગરીબ માણસ કરી શકે છે! એમ માનતો તે જડનો સ્વામી થાય છે. ભાઈ! પૈસા પૈસાના કારણે આવે છે અને જાય છે. આત્મા તેમાં કાંઈ કરી શકતો નથી. એક આંખની પાંપણ ફેરવવી તે પણ આત્માનું કાર્ય નથી છતાં અજ્ઞાની પરના કાર્યનો કર્તા થાય છે તે પર્યાયમાં જડબુદ્ધિ થયો છે.

ખરેખર, શુદ્ધ અને અશુદ્ધ બધી દશામાં વસ્તુ તરીકે આત્મા નિર્વિકાર છે. સોનામાં ભેદ ન જોતાં સોનાને સોનારૂપે જુઓ તો સોનું એકરૂપ છે તેમ, પર્યાયના ભેદને ન જોતાં ત્રિકાળી વસ્તુને જુઓ તો આત્મા આનંદધામ છે. જે દશામાં ભેદરૂપે વર્તે છે તે જ આત્મા વસ્તુએ અભેદ અને નિર્વિકાર છે પર્યાયમાં ભેદ છે. પણ વસ્તુ અભેદ છે.

હવે ૧૦માં શ્લોકમાં સૂર્યના દૃષ્ટાંતે અનુભવની દશા વર્ણવે છે.

जैसैं रवि-मंडलके उदै महि-मंडलमैं,
आतप अटल तम पटल विलातु है।
तैसैं परमातमकौ अनुभौ रहत जौलौं,
तौलौं कहूँ दुविधा न कहूँ पच्छपातु है।।
नयकौ न लेस परवानकौ न परवेस,
निच्छेपके वंसकौ विधुंस होत जातु है।
जे जे वस्तु साधक हैं तेऊ तहां बाधक हैं,
बाकी राग दोषकी दसानी कौन बातु है।।१०।।

જેમ સૂર્યના ઉદયમાં ભૂમંડલ ઉપર તાપ ફેલાય જાય છે અને અંધકારનો લોપ થઈ જાય છે તેમ परमातमकौ अनुभौ रहत जौलौ, तौलौं कहूं दुविधा न कहूं पच्छपातु है। નિર્વિકલ્પ અનુભવમાં નયનો પક્ષ કે વિકલ્પ રહેતાં નથી, સમ્યગ્દર્શન અને જ્ઞાન પ્રગટ થાય છે, અતીન્દ્રિય આનંદ આવે છે. શુદ્ધ આત્માના અખંડ આનંદના અનુભવમાં હું દ્રવ્ય છું કે

પર્યાય છું એવા બે ભેદ પણ રહેતાં નથી. પરમાત્માનો અનુભવ એટલે નવ ભેદસ્વરૂપ આત્માનો અનુભવ નહિ પણ ત્રિકાળી આત્માનું જેવું સ્વરૂપ છે તેવા અનુભવરૂપ પર્યાય-જેમાં સર્વ વિકલ્પ તૂટી જાય છે.

ચૈતન્ય સાહેબ જ્યારે પોતાના ઘરમાં પ્રવેશ કરે છે-નિર્વિકલ્પ અનુભવ કરે છે ત્યારે ત્યાં કોઈ વિકલ્પ કે ભેદ આદિનો પ્રવેશ નથી.

અનુભવ ચિંતામણિ રતન, અનુભવ હૈ રસકૂપ,
અનુભવ મારગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ.

પોતાના ધ્રુવસ્વરૂપ આત્માના અનુભવમાં હું એક છું અને પર્યાયમાં અનેક ભેદ છે એવાં વિકલ્પો હોતા નથી. પણ આત્મામાં એકાગ્રતા થાય તેનું નામ અનુભવ છે તેનું નામ ધર્મ છે. જેને હજુ ધર્મના સ્વરૂપની સમજણ ન હોય તેને આવો અનુભવ ક્યાંથી થાય! એ તો ચોરાશીના અવતારમાં ફેરા કરી કરીને મરી રહ્યો છે. લગ્નના મંડપમાં તો ચાર કે સાત ફેરા ફરે છે પણ કાગડા, કૂતરા, કીડી, કંથવા, નરક, નિગોદ આદિમાં અનંત ફેરા ફરી આવ્યો છે પણ અત્યારે બધું ભૂલી ગયો છે. એ અનંત અવતારના નાશનો ઉપાય આ એક જ 'ધર્મ' છે.

ત્રિકાળ જાગૃતસ્વરૂપ-જ્ઞાનાનંદ સ્વભાવી આત્માની સન્મુખ જતાં અમૃત આનંદનો સ્વાદ આવે છે તેમાં આ અનુભવ છે અને હું તેનો અનુભવ કરું છું એવો ભેદ નથી કે કોઈ નય કે પ્રમાણ આદિનો પક્ષપાત પણ ત્યાં નથી. એટલે કે હું જ્ઞાનગુણવાળો છું કે દ્રવ્ય-પર્યાય સ્વરૂપ વસ્તુ છું એવો પક્ષ અનુભવમાં હોતો નથી.

અનુભવમાં નયવિચારનો લેશ નથી અને પ્રમાણની પહોંચ નથી એટલે દ્રવ્ય ત્રિકાળી છે અને પર્યાય ક્ષણિક તથા ભેદરૂપ છે એવો વિકલ્પ અનુભવમાં હોતો નથી. અનુભવમાં નિક્ષેપોનો સમુદાય નષ્ટ થઈ જાય છે. નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ આ ચાર નિક્ષેપ વડે વસ્તુ ઓળખાય છે એવી વસ્તુને ઓળખવાની રીત પણ અનુભવમાં હોતી નથી.

વસ્તુનું સ્વરૂપ સિદ્ધ કરવા માટે નય, પ્રમાણ આદિ સાધન હોય છે પણ અનુભવ કરવામાં તેના વિકલ્પો બાધક છે. નયનું અને પ્રમાણનું વિકલ્પાત્મકજ્ઞાન આત્માના અનુભવમાં વિઘ્ન કરનારું છે. નય એટલે જ્ઞાનનો એક અંશ. વસ્તુ અનંત ગુણાત્મક છે તેના એક એક ગુણ નય વડે સાબિત થાય છે, વસ્તુનું આખું સ્વરૂપ પ્રમાણ વડે સાબિત થાય છે. વસ્તુનું નામ, દ્રવ્ય, ભાવ આદિ નિક્ષેપ વડે વસ્તુ સિદ્ધ થાય છે પણ વસ્તુના અનુભવકાળે નય, નિક્ષેપ કે

www.vitragvani.com



પ્રમાણાદિ હોતાં નથી. વસ્તુને સિદ્ધ કરવા માટે જે સાધક છે તે જ વસ્તુના અનુભવકાળે બાધક છે.

જેમ બજારમાંથી વસ્તુ લેવા જાય ત્યારે તેનો ભાવ પૂછે છે, તોલા સાચાં છે કે નહિ, બરાબર વજન કરે છે કે નહિ તે જુએ છે પણ ઘરે લાવીને એ માલ ખાવા બેસે ત્યારે એ કાંઈ યાદ કરતો નથી. તેમ પોતાની વસ્તુસ્થિતિની મર્યાદા જાણવા માટે તેનો ત્રિકાળી સ્વભાવ અને ક્ષણિક પર્યાયનો જ્ઞાનમાં નિર્ણય કરે છે પણ અનુભવકાળે દ્રવ્ય કે પર્યાયનો વિચાર હોતો નથી. આવો મારગ છે બાપુ! પહેલાં એને શ્રદ્ધા, જ્ઞાનમાં તો સમજવું પડશે કે માર્ગ આ રીતે છે.

बाकी राग दोषकी दसानी कौन बातु है। જ્યાં રાગના પડદા તોડીને નિર્વિકલ્પ અનુભવમાં જીવ જાય છે ત્યાં રાગ-દ્વેષ ક્યાંથી હોય? જ્યાં ભેદ નથી, વિકલ્પ નથી ત્યાં બીજા રાગ-દ્વેષની તો વાત જ ન હોય ને! કંદમૂળ ખાવા નહિ, રાત્રિભોજન કરવું નહિ, સામાયિક કરવી, પ્રતિક્રમણ કરવું, આઠમ-ચૌદસ લીલોતરી ન ખાવી એ બધું તેની ભૂમિકામાં હોય, એ શુભરાગ છે પણ તે ધર્મ નથી. વસ્તુનો નિર્વિકલ્પ અનુભવ તે ધર્મ છે તેમાં નય, નિક્ષેપ, પ્રમાણના વિકલ્પ પણ બાધક છે કે જે વસ્તુની સિદ્ધિ કરવા માટે પ્રથમ ભૂમિકામાં સાધક છે. પણ તેને જ લાભરૂપ અને મારો માની લે તો મિથ્યાત્વ છે. કષાયની મંદતાથી ઉપજતાં વિકલ્પો પણ અનુભવમાં બાધક છે.

અરે! મનુષ્યભવ મળ્યો....ભવમાંથી નીકળવાના ટાણાં આવ્યાં ત્યારે સત્ય જેમ છે તેમ સમજી લે ભાઈ! ભગવાન આત્મા-ચિંતામણી રત્નપ્રભુ, સહજાનંદનો દરિયો ઉછળ્યો, કલ્પવૃક્ષના ફાલ ફાલ્યાં ત્યાં કહે છે કે નય, નિક્ષેપના વિકલ્પોની પણ કોઈ જરૂર નથી.

★ જ્ઞાનીને જે રાગદ્વેષ થતાં દેખાય છે તેને જ્ઞાની કરતો નથી પણ પુદ્ગલદ્રવ્ય સ્વતંત્રપણે વ્યાપક થઈને પુણ્ય-પાપના પરિણામને કરે છે. જેમ માટી ઘડામાં અંતર્વ્યાપક થઈને ઘડાને કરે છે તેમ જ્ઞાની ધર્માત્માને દેખાતા-થતા ભક્તિ, પૂજા, વ્રત, તપ આદિ રાગના પરિણામમાં પુદ્ગલદ્રવ્ય અંતર્વ્યાપક થઈને રાગાદિ પરિણામને કરે છે. રાગાદિ પરિણામને અને આત્માને, ઘડો અને કુંભારની જેમ, વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ હોવાથી રાગાદિમાં ધર્મી જીવ વ્યાપક થઈને કર્તા થતો નથી. આહાહા! જ્ઞાનીની અંતરદશા અદ્ભુત છે.

*-પૂજ્ય ગુરુદેવશ્રી*



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

# નય-નિક્ષેપ-પ્રમાણના સાધક-બાધકપણાનું સ્વરૂપ

(સળંગ પ્રવચન નં. ૨૦)

શ્રી જીવદ્વારનો આ નવમો કળશ છે.

તીર્થંકર સર્વજ્ઞ પરમદેવ એમ કહે છે કે, આત્માનું સ્વરૂપ પહેલાં નય, નિક્ષેપ, પ્રમાણથી જાણી લે પણ અનુભવકાળમાં તો એ નયાદિ કોઈ વિકલ્પો નથી. આત્મા પોતાની સાધનાએ ચડે ત્યારે શું શું હોય તેની અહીં વાત ચાલે છે.

અનાદિનો જે પુણ્ય-પાપ અને રાગ-દ્વેષનો અનુભવ છે તે મિથ્યાત્વ છે. ત્રિકાળ અભેદ શુદ્ધ ચૈતન્યવસ્તુનું જ્ઞાન કરે તે જ્ઞાનને નિશ્ચયનય કહેવાય છે અને જે વર્તમાન અવસ્થાને લક્ષમાં લે તે જ્ઞાનને વ્યવહારનય કહે છે. તે બંને વિકલ્પની વાત છે. અનુભવમાં તો એ બંને નયનો લેશ પણ પ્રવેશ નથી. ભગવાન આત્મા તો નિર્વિકલ્પ વીતરાગમૂર્તિ છે. ચોથા ગુણસ્થાનમાં હો, પાંચમામાં હો કે સાતમામાં હો પણ તે અનુભવકાળે વિકલ્પનો અભાવ હોય છે.

પ્રથમ, સમ્યગ્દર્શન શુદ્ધોપયોગના કાળમાં જ થાય છે. પુણ્ય-પાપના વિકલ્પના કાળમાં અનુભવ થતો નથી. અખંડ અભેદ વસ્તુ તે નિશ્ચય અને એક સમયની પર્યાય તે વ્યવહાર એ બંનેને વિષય કરનાર પ્રમાણજ્ઞાનની પણ અનુભવમાં પહોંચ નથી.

નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ આ ચારેય નિક્ષેપનો અનુભવમાં નાશ થઈ જાય છે. जे जे वस्तु साधक हैं तेऊ तहां बाधक हैं, અનુભવ પહેલાં જે પ્રમાણ, નય અને નિક્ષેપ વસ્તુને સિદ્ધ કરવાના સાધન હતાં તે જ અનુભવમાં બાધક થાય છે તો પછી અન્ય રાગ-દ્વેષની કથાનું તો શું કહેવું! દયા પાળું ને સત્ય બોલું આદિ વિકલ્પ તો અનુભવમાં હોય જ નહિ.

આ વાત બહુ ઊંચી લાગે છે પણ ઊંચી નથી. વસ્તુના અનુભવકાળની સ્થિતિની વાત છે. અનુભવકાળમાં ધર્મીને આનંદનો સ્વાદ હોય છે. ભલે ચોથા ગુણસ્થાને હોય કે પાંચમાં ગુણસ્થાને હોય કે સપ્તમ્ ગુણસ્થાનવર્તી મુનિ હોય પણ તે અંતર અતીન્દ્રિય આનંદના સ્વાદ વડે સ્વરૂપમાં મહાલતાં હોય છે.

પરમાત્માના પેટમાં અનંતી શક્તિઓ પડી છે. તે પરમાત્મા ક્યા?-અરિહંત અને સિદ્ધ?-ના....ના....પુણ્ય-પાપને મારા માને છે તે તો બહિરાત્મા છે, શુદ્ધસ્વરૂપને અનુભવે છે તે અંતરાત્મા છે. એ અંતરાત્મા પોતાના પૂર્ણસ્વરૂપને અનુભવે ત્યારે તેને પરમાત્મા કહેવાય છે.

ભગવાને મારું આત્માનું સ્વરૂપ આવું કહ્યું છે એવો ભાવ પહેલાં હોય છે તેને વ્યવહારે સાધક કહ્યો છે પણ તે જ ભાવ અનુભવમાં બાધક છે અને રાગ-દ્વેષ તો બાધક છે જ.

ભાવાર્થઃ-નય તો વસ્તુના ગુણને સિદ્ધ કરે છે અર્થાત્ ત્રિકાળી દ્રવ્ય તે નિશ્ચય છે અને વર્તમાન અવસ્થા તે વ્યવહાર છે એમ બંને અંશોને નય સિદ્ધ કરે છે. વસ્તુના એક એક અંશ અર્થાત્ ધર્મને નય સાબિત કરે છે અને અનુભવ એ સિદ્ધ થયેલી વસ્તુનો હોય છે. તેમાં સિદ્ધ કરવાનું કાંઈ રહેતું નથી.

આત્માને રાગ અથવા વિકલ્પ સહિત માનવો એ તો મિથ્યાત્વ છે, એ જ ચારગતિમાં રખડવાનું બીજ છે. પુરુષાર્થ સિદ્ધિઉપાયમાં ગાથા ૧૪માં કહ્યું ને! આત્મા રાગ, કર્મ અને શરીરથી સહિત નથી છતાં સહિત માનવો એ જ સંસારમાં રખડવાનું બીજડું છે.

ભગવાન આત્મા તો જિનસ્વરૂપ છે, વીતરાગમૂર્તિ છે. આત્મામાં અને જિનસ્વરૂપમાં પરમાર્થે ભેદ નથી. એવા અનુભવ સુધી પહોંચનારમાં કેટલી યોગ્યતા અને પાત્રતા હોય! આ અનુભવ વિના સમ્યગ્દર્શન હોય નહિ અને સમ્યગ્દર્શન વિના ધર્મ ન હોય.

વસ્તુએ આત્મા ત્રિકાળી આનંદકંદ છે, તેને જાણનાર જ્ઞાનનો અંશ તે નિશ્ચય છે એ નિશ્ચયનય ધ્રુવને સાબિત કરે છે અને વર્તમાન પર્યાયને વ્યવહારનય સાબિત કરે છે. આ નયો વડે સાબિત થયેલી વસ્તુનો જ અનુભવ થાય છે તેથી અનુભવકાળે કાંઈ સાબિત કરવાનું રહેતું નથી. જેમ માલ લેવા જાય ત્યારે તેનો ભાવ પૂછે બરાબર તોળે છે કે નહિ તે જુએ, વેપારીના ત્રાજવા તપાસે વગરે બધું કરે પણ એ માલ ખાતી વખતે ભાવ આદિનો કાંઈ વિચાર કરતો નથી. એ બધું ભૂલી જાય ત્યારે જ વસ્તુનો અનુભવ થાય. તેમ તોલા, ત્રાજવા ને ભાવની જેમ અહીં નય, નિક્ષેપ અને પ્રમાણ વડે પહેલાં વસ્તુનું સ્વરૂપ નક્કી કરે છે કે ત્રિકાળી

www.vitragvani.com



દ્રવ્ય કેવું છે, તેની અવસ્થા કેવી છે, આખી વસ્તુ કેવી છે તેના કેટલા અંશો છે વગેરે....વગેરે....પણ અનુભવકાળે એવો કોઈ વિચાર હોતો નથી. એવો વિચાર કરે તો અનુભવ થતો નથી માટે તેને અનુભવકાળે બાધક કહ્યાં છે.

પ્રત્યક્ષ અને પરોક્ષ પ્રમાણ તો નહિ સિદ્ધ થયેલી વસ્તુને સિદ્ધ કરે છે, સાબિત કરે છે પણ અનુભવ કરે ત્યારે પ્રત્યક્ષ કે પરોક્ષ પ્રમાણ હોતા નથી. અનુભવમાં વસ્તુ સિદ્ધ જ છે માટે ત્યાં પ્રમાણ પણ અનાવશ્યક છે.

નિક્ષેપથી વસ્તુની સ્થિતિ સમજવામાં આવે છે કે, આ વસ્તુ છે, આ વસ્તુના ભાવો છે, આ શક્તિ છે અને આ પ્રગટ અવસ્થા છે પણ અનુભવમાં તો પ્રગટ વસ્તુનો અનુભવ છે તેથી તેમાં આ દ્રવ્ય અને આ ભાવ એવા વિકલ્પની જરૂર રહેતી નથી. માટે નિક્ષેપ પણ અનુભવમાં નિષ્પ્રયોજન છે એટલું જ નહિ આ નય, પ્રમાણ અને નિક્ષેપ અનુભવની દશામાં બાધા કરે છે, વિઘ્ન કરે છે, પરંતુ તેને હાનિકારક સમજીને પ્રથમ અવસ્થામાં છોડવાનો ઉપદેશ નથી કેમ કે તેના વિના પદાર્થનું જ્ઞાન થઈ શકતું નથી.

વસ્તુ કેવી છે, તેમાં કેટલી શક્તિ છે, કેટલી પર્યાય છે, વગેરે ભાવને સિદ્ધ કરવા માટે નય, પ્રમાણાદિની જરૂર છે. કેમ કે એ વસ્તુને સિદ્ધ કરે છે તેના વડે સર્વજ્ઞે કહેલો આત્મા અને અજ્ઞાનીએ કહેલાં આત્માના સ્વરૂપની ભિન્નતા જાણી શકાય છે.

જેમ દંડ, ચક્ર આદિ સાધનો વિના ઘડાની ઉત્પત્તિ થતી નથી. જેમ ઘટ પદાર્થ સિદ્ધ થયા પછી દંડ ચક્ર આદિ વિડંબનારૂપ જ થાય છે, તેવી રીતે જ અનુભવ થયા પછી નય, નિક્ષેપ આદિના વિકલ્પ હાનિકારક છે. દંડ, ચક્ર, વિના ઘડો થતો નથી એનો અર્થ એટલો કે ઘડો થાય ત્યારે દંડ, ચક્ર આદિ હોય છે પણ તેનાથી ઘડો થાય છે એમ નથી. કાર્યકાળે નિમિત્ત હાજર હોય છે પણ એ નિમિત્તથી કાર્ય કે કાર્યકાળ થતો નથી. જે વસ્તુની જે અવસ્થા જે કાળે થાય તે તેનો કાર્યકાળ છે, તે કાળે નિમિત્ત હોય છે પણ નિમિત્ત આવ્યું માટે કાર્ય થયું એમ માનો તો તો નિમિત્ત જ ઉપાદાન બની ગયું.

આ મનુષ્યદેહનો એક એક સમય ચક્રવર્તીની સંપદા કરતાં પણ અધિક મૂલ્યવાન છે, તેનો એક સમય પણ ગુમાવવો ન જોઈએ. આત્માના કામ માટે સમયનો



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



સદુપયોગ કરવો જોઈએ. પોતાની જાતનો નિર્ણય અને અનુભવ કરવા માટે આ કાળ છે. આંખ વીંચાય જાય તે પહેલાં આ કરી લેવા જેવું છે.

અહીં કહે છે, ચક્રાદિ સાધનો વિના ઘટની ઉત્પત્તિ થતી નથી. એ નાસ્તિથી કથન છે. અસ્તિનું કથન અને સ્વરૂપ એ છે કે ઘટ થવા કાળે કુંભાર અને ચક્રાદિ સાધનોનું નિમિત્ત હોય છે. ઘટ થઈ ગયા પછી તે વિડંબનારૂપ છે અર્થાત્ એ સાધનોમાં નિમિત્તપણું પણ રહેતું નથી. તેમ અનુભવ થઈ ગયા પછી નય, નિક્ષેપ, પ્રમાણના વિકલ્પોની જરૂર રહેતી નથી.

વાણિયા ચોપડા મેળવે છે ને! તેમ અહીં ભગવાનનો ચોપડો મેળવવાની વાત છે.

હવે શુદ્ધનયની અપેક્ષાએ જીવનું સ્વરૂપ કહે છે

आत्मस्वभावं परभावभिन्नमापूर्णमाद्यन्तविमुक्तमेकं।
विलीनसङ्कल्पविकल्पजालं प्रकाशयन् शुद्धनयोऽभ्युदेति।।१०।।

પરમાનંદમૂર્તિ ભગવાન તીર્થંકરદેવે જોયો એવો જે પવિત્ર આત્મા શુદ્ધનયથી કેવો છે તે કહે છે. પર્યાયના ભેદ અને રાગ એ તો અશુદ્ધનયનો વિષય છે. અહીં શુદ્ધનયથી આત્માનું સ્વરૂપ કહે છે.

आदि अंत पूरन-सुभाव-संयुक्त है।
पर-सरूप-पर-जोग-कल्पनामुक्त है।।
सदा एकरस प्रगट कही है जैनमैं।
सुद्धनयातम वस्तु बिराजै वेनमैं।।११।।

આ એક એક શ્લોક વીતરાગમાર્ગના માખણ છે.

અર્થઃ-જીવ આદિ અવસ્થા નિગોદથી માંડીને અંત અવસ્થા-સિદ્ધ પર્યાય સુધી પોતાના પરિપૂર્ણ સ્વભાવથી સંયુક્ત છે. જીવની આદ્ય અવસ્થા નિગોદ છે. બટાટા, શકરકંદ, લીલફૂગ એ બધી નિગોદદશા છે. અનાદિથી જીવ એ દશામાં હતો એ નાનામાં નાની નિગોદદશાથી માંડી સિદ્ધ થશે ત્યાં સુધીની બધી દશામાં વસ્તુ તો પરિપૂર્ણ છે. અવસ્થાનું લક્ષ ન કરો તો દ્રવ્યસ્વભાવ પૂર્ણ....પૂર્ણ....પૂર્ણ છે. દ્રવ્ય સદા પૂર્ણસ્વભાવ સહિત છે.

લીલફૂગ, બટાટા, શકરકંદ આદિ નિગોદની એક કટકીમાં અસંખ્ય તો શરીર



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



છે અને એક એક શરીરમાં અત્યાર સુધી સિદ્ધ થયા તેનાથી અનંતગુણા જીવ છે. આ ભગવાનની કહેલી બહુ મોટી વાતુ છે. જીવની નિગોદદશા છે એ બહુ નાની છે અને સિદ્ધદશા પૂર્ણ છે પણ એ બધી દશામાં વસ્તુ તો સદાય એકરૂપ પરિપૂર્ણ છે-ધ્રુવ છે.

આહાહા! આ તે કાંઈ વાત છે! એક રાઈ જેવડી કટકી, એમાં અસંખ્ય શરીર અને એક એક શરીરમાં અનંત જીવ, તે દરેકનું દ્રવ્ય તો સ્વભાવે પરિપૂર્ણ ભર્યું છે. જીવનો આ સદૃશ્ય સ્વભાવ છે. શક્તિના વર્ણનમાં આવે છે કે સદૃશ અને વિસદૃશ જેનું રૂપ છે એવી અસ્તિત્વમાત્રમયી પરિણામશક્તિ આત્મામાં છે.

આ તો મોક્ષના મંડપની વાતો છે બાપા! દુનિયાના બહારના મહોત્સવો તો અજ્ઞાનમાં ઘણાં માણ્યાં પણ બાપુ! આ ચીજ કોઈ જુદી છે.

ભગવાને કેવળજ્ઞાનમાં છ દ્રવ્યો જોયા છે તેમાં અનંત જીવો, અનંતાનંત પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ એક એક અને અસંખ્ય કાલાણું છે. તેમાંથી જીવ કોઈ પણ અવસ્થામાં હો-નાનામાં નાની નિગોદ અવસ્થામાં હો પણ ત્યારે તેનું દ્રવ્ય વસ્તુ તો પૂર્ણસ્વભાવથી ભરેલું જ રહે છે. માટે કહે છે કે અંશને લક્ષમાં ન લે અને દ્રવ્યને લક્ષમાં લે તો દ્રવ્ય તો પૂર્ણ પૂર્ણ ધ્રુવ સદાય રહેલું છે.

અહો! આચાર્યોએ ગજબ કામ કર્યા છે. હથેળીમાં આત્મા બતાવ્યો છે તેમાં એક નજર તો કર!

એક સમયની પર્યાયનું લક્ષ તે પર્યાયદૃષ્ટિ છે તે છોડી દ્યો તો દ્રવ્ય સદાય ધ્રુવ સ્વભાવથી સહિત છે. ધર્મ કરવો હોય તેણે આ સમજવું પડશે. કેમ કે પૂર્ણસ્વભાવમાંથી જ ધર્મ નીકળે છે. વર્તમાન અવસ્થા તે અંશ છે તેમાંથી ધર્મ નીકળતો નથી. ધર્મ પોતે પણ અંશ છે તે અંશ વખતે પણ વસ્તુ ધ્રુવસ્વભાવ સહિત છે.

**पर-सरूप-पर-जोग-कल्पनामुक्त** है। મારે આ પરદ્રવ્યનું નિમિત્ત છે એવી કલ્પનાથી પણ વસ્તુ રહિત છે અને પરદ્રવ્યના લક્ષે થતાં વિકૃતભાવથી પણ વસ્તુ રહિત છે, એક સમયની પર્યાયથી રહિત છે અને પૂર્ણ ધ્રુવ સ્વભાવથી સહિત છે. વસ્તુની આવી ઓળખાણ અને સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાન થયા વિના વ્રત, તપ કરે છે તે બધાં એકડાં વિનાના મીંડા છે.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**आत्मस्वभावं परभावभिन्नम्** એ વડે અસ્તિ-નાસ્તિથી વસ્તુનું સ્વરૂપ બતાવ્યું છે. ત્રિકાળ ધ્રુવ શક્તિવાન પ્રભુ પોતાના ધ્રુવસ્વભાવથી સહિત છે અને પરરૂપ, નિમિત્ત કર્મ અને સંયોગથી રહિત છે. પરસ્વરૂપ અને પરજોગ એટલે પરનો સંબંધ તેનાથી આત્મા રહિત છે. શુદ્ધનયસ્વરૂપે આત્મા આવો છે.

લોકો એમ કહે છે કે, આનાથી કાંઈ સહેલું છે કે નહિ?

ભાઈ! વસ્તુમાં જે હોય તે સહેલું હોય કે ન હોય. સહેલામાં સહેલો પ્રથમ ધર્મ સમ્યગ્દર્શન ધર્મ છે. પછી ચારિત્ર અને કેવળજ્ઞાન તો મહા ઉત્તમધર્મ છે.

મિથ્યાત્વ સમાન મહાપાપ નથી અને સમ્યક્ત્વ સમાન પ્રથમ ધર્મ નથી. પણ અજ્ઞાનીને તે બંનેની ખબર નથી. મિથ્યાત્વમાં શું પાપ છે એની જ એને ખબર નથી. આત્માને પરદ્રવ્યથી સહિત સ્વીકારવો એ મિથ્યાત્વ છે અને પરના સંબંધમાં હું છું એમ માનવું તે પણ મિથ્યાત્વ છે. આત્મા અબદ્ધસ્પષ્ટ છે-પરના સંબંધરહિત છે.

આ વાત સમજવા માટે કેટલી ધીરજ જોઈએ!

આત્માને પરનો સંબંધ તો નથી પણ પરના સંબંધની કલ્પનાથી પણ એ મુક્ત છે.

**सदा एकरस प्रगट कही है जैनमैं। सुद्धनयातम वस्तु विराजे वेनमैं।** વીતરાગની વાણીમાં દ્રવ્યનો-શુદ્ધનયનો વિષય આ પ્રમાણે સદા એકરૂપ કહ્યો છે. ત્રણકાળ ત્રણલોકને જાણનારા અરિહંતદેવની વાણીમાં ધ્રુવ શુદ્ધનયનો વિષય સદા એકરસ પ્રગટ કહ્યો છે. વસ્તુ સદા પ્રગટ છે.

દયા પાળવામાં ધર્મ માને છો ને! તો આત્માની દયા તો પાળ! આત્માને એક અંશ જેવડો માનવો તે તો તેની હિંસા છે. રાગવાળો માનવો તે જીવની હિંસા છે. આત્મા તો સદૈવ ચૈતન્યરસથી સંપન્ન છે, જ્ઞાયકરસથી સંપન્ન છે. શુદ્ધનયથી વસ્તુ હંમેશા આવા સ્વરૂપે બિરાજમાન છે એમ જિનવાણીમાં કહ્યું છે.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

# ધરમનો પહેલો એકડો

(સળંગ પ્રવચન નં. ૨૧)

આ શ્રી નાટક સમયસારના જીવદ્વારના ૧૧મા શ્લોક ઉપરનું બારમું પદ્ય છે.

सद्‌गुरु कहै भव्यजीवनिसौं,
तोरहु तुरित मोहकी जेल।
समकितरूप गहौ अपनौं गुन,
करहु सुद्ध अनुभवकौ खेल।।
पुद्‌गलपिंड भाव रागादिक,
इनसौं नहीं तुम्हारौ मेल।
ए जड प्रगट गुपत तुम चेतन,
जैसैं भिन्न तोय अरु तेल।।१२।।

અર્થ:-ભવ્ય જીવોને એટલે પાત્ર જીવોને સદ્‌ગુરુદેવ ઉપદેશ આપે છે કે શીઘ્ર મોહનું બંધન તોડી નાંખો, સમ્યક્ત્વ ગુણ ગ્રહણ કરો અને શુદ્ધ અનુભવમાં મસ્ત થઈ જાઓ કારણ કે પુદ્‌ગલદ્રવ્ય અને રાગાદિભાવો સાથે તમારે કાંઈ સંબંધ નથી. તે સ્પષ્ટ અચેતન છે અને તમે અરૂપી ચૈતન્ય છો તથા પાણીથી ભિન્ન તેલની જેમ પુદ્‌ગલથી તમે જુદા છો.

સદ્‌ગુરુ કહે છે કે મોહના બંધનને તોડ પ્રભુ! રાગ-દ્વેષ અને વિકલ્પ એ મારાં છે એવો જે મોહભાવ તેને તોડ! ઉપદેશનું કથન છે એટલે 'મોહને તોડ!' એમ આવે પણ મૂળ તો સ્વભાવની સન્મુખ થતાં મોહ તૂટી જાય છે.

પુણ્ય-પાપ ભાવોની એકતાબુદ્ધિ એ મોહની જેલ છે. તેને શીઘ્ર તોડ-એમ કહ્યું છે. પહેલાં વ્યવહાર સુધારો પછી તેમાં આગળ વધીને મોહને તોડતાં જાઓ એમ ન કહ્યું. કેમ કે ધર્મની શરૂઆત થયાં પહેલાં જે શુભરાગ છે તે કાંઈ વ્યવહાર નથી. આત્માને શુભ ઉપયોગથી સહિત માનવો એ જ મોહની જેલ છે. સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિકલ્પની એકતાબુદ્ધિ તે પણ મોહની જેલ છે. પરમાં સાવધાની તે જ મિથ્યાત્વભાવ છે.

અનાદિથી શરીરમાં, રાગમાં, વિકલ્પમાં મારાપણું કર્યું છે. પરમાં સાવધાની કરી છે એ

www.vitragvani.com



જ મોહ છે. એ જ મિથ્યાત્વ છે અને તે જ અનંત સંસારનું બીજડું છે.

**तोरहु तुरित मोहकी जेल।** પોતાના જ્ઞાનાનંદ સચ્ચિદાનંદ સ્વરૂપની સન્મુખ થા અને રાગની એકતાની મિથ્યાત્વભાવનાને છોડી દે!

કોઈ એમ કહે છે કે જીવોને પહેલાં પ્રથમાનુયોગનો ઉપદેશ આપવો જોઈએ. પછી દ્રવ્યાનુયોગનો ઉપદેશ હોય. અરે ભાઈ! આ આયુષ્ય તો ચાલ્યું જાય તેની કોઈ મુદ્દતની તો ખબર નથી. અકસ્માત દેહ છૂટી જાય તો જે કામ કરવાનું છે એ તો રહી જાય. અહીં તો આચાર્યદેવે કહ્યું કે મોહની જેલને શીઘ્ર તોડી નાંખો. પહેલાં આ વાંચો-ભણો પછી મોહ તોડો એમ નહિ, રાગની એકતા અનાદિથી કરી રાખી છે તેને શીઘ્ર તોડો.

આ તો જેને જન્મ-મરણના ફેરાથી છૂટવું હોય તેને માટે વાત છે, બચાવ કરવો હોય તેની વાત નથી.

'કરવું એ તો મરવું છે' રાગનું કરવું એ મારું કાર્ય એવી માન્યતા તો સમ્યગ્દર્શનનો નાશ કરે છે.

મોહનું બંધન એટલે મોહકર્મનું બંધન નહિ. અહીં તો મોહભાવનું બંધન તુરત તોડી નાંખ એમ કહે છે. 'સમય વર્તે સાવધાન!' કહે છે ને! એટલે સ્વરૂપની સ્વકાળની સાવધાનીમાં વર્ત-રાગની સાવધાનીરૂપ અશુદ્ધતાને છોડી દે. કન્યા પધરાવો સાવધાન! નહિ. મોક્ષકન્યાને પધરાવો. હાડકાં અને માંસના મંથનના મૈથુનમાં તું સુખ માને છે પ્રભુ! તને શું થયું છે! એમાં સુખ માને છે એ જ મિથ્યાત્વ છે.

જડની દરેક ક્રિયા સ્વતંત્ર થાય છે, એ કાંઈ તારાથી થતી નથી. તારાથી તો અજ્ઞાનભાવમાં તે ક્રિયાના રાગની એકતાબુદ્ધિ થાય છે તે મોહ છે. રાગની સાવધાની એ જ મિથ્યાત્વભાવ છે. એને એમ થાય છે કે હું દયા પાળું છું પણ કોની દયા ભાઈ! પરની દયાના ભાવ એ તો વિકલ્પ છે-રાગ છે, વિભાવભાવ છે. તેની સાથેની એકતાબુદ્ધિ એ તો મિથ્યાત્વ છે. રાગ અને આત્માના સ્વભાવ વચ્ચે ભેદ છે, એકતા નથી. તેને એક માને છે એ જ મિથ્યાત્વ છે.

આનંદ, શાંતિ, સુખ, જ્ઞાનાદિ બધું આત્મામાં છે અને એ જ્યાં નથી ત્યાં તું નજર રાખીને બેઠો છો કે આમાંથી મને સુખ-શાંતિ મળી જશે. પોતાના ભગવાનની સામે પણ જોતો નથી. સ્વભાવમાં નજરબંધી કરતો નથી અને રાગમાં નજરબંધી કરીને બેઠો છે. રાગની સાથે એકતા કરી છે એ જ મહામોહ અને મહાબંધન છે.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

ભગવાન તો રાગ રહિત શુદ્ધ ચૈતન્યઘનસ્વભાવી છે. તેમાં ઝૂકવાનું છે તેને બદલે જ્યાં ઝૂકવાનું નથી એવા રાગમાં એ ઝૂકી ગયો છે. માટે કહેવું પડે છે કે મોહને તોડ! રાગની એકતામાં ઝૂક્યો ન હોય તો એમ કહેવું ન પડે. ગમે તેટલા આંબેલ ને ઉપવાસ કરે પણ ઉપ નામ સ્વભાવની સમીપ વાસ ન કરે તે રાગની વાસનામાં જ વસેલો છે. સ્વભાવથી તો તે દૂર છે.

શરીરના ક્ષણના પણ ભરોસા નથી પ્રભુ! પહેલાં તારું હિત કરી લે.

ભગવાન તીર્થંકરદેવ કહે છે પ્રભુ! તું પરમાત્માની જાતનો છો, પરમાત્માના કુળનો છો. સિદ્ધની નાતનો થઈને તું રાગમાં રોકાય છે એ તને કલંક છે ભાઈ! આચાર્યદેવ અને જ્ઞાની સંતો પણ એ જ ઉપદેશ આપે છે. અનાદિથી જે કરતો આવ્યો છે તેને છોડી ને હવે આત્માનું કલ્યાણ કર!

અનાદિથી જડના કાર્ય તો તેં કદી કર્યા જ નથી. પણ જડના કાર્ય હું કરું છું એવી મિથ્યા માન્યતા કરી છે. એને એમ થાય કે જેવું નિમિત્ત હોવું તેવું રજકણનું પરિણમન થાય છે. રજકણ પોતાની મેળે પરિણમતા હોય તો તો એકરૂપ પરિણમન કેમ ન થાય! માટે જે જાતનું નિમિત્ત હોય એ પ્રમાણે રજકણ પરિણમે છે પણ ભાઈ! રજકણનું પરિણમન એકરૂપ જ હોય એવું નથી. રજકણની અવસ્થા એકરૂપ હોય જ નહિ.

**समकितरूप गहौ अपनौं गुन।** એટલે શ્રદ્ધા ગુણ તો ત્રિકાળ છે પણ વર્તમાન પર્યાયમાં તેને પકડો! વિભાવ અને રાગ તે કાંઈ પોતાનો ગુણ નથી-એટલે કે પોતાની પર્યાય નથી. રાગ તો જડની દશા છે. તીર્થંકરગોત્ર બંધાય એ રાગ પણ અચેતન જડ છે. ભગવાન તો ચૈતન્યરસનો કંદ છે અને સમકિત એ તેનો ગુણ નામ પર્યાય છે તે પ્રગટ કરવી એ પહેલાં એકડાની વાત છે. એલ. એલ. બી.ની વાત નથી.

**करहु शुद्ध अनुभवकौ खेल।** સમકિત ગ્રહણ કરીને શુદ્ધ અનુભવમાં મસ્ત થઈ જાઓ. રાગની મીઠાશનો અનુભવ કરે છો એ તો મિથ્યાત્વનો અનુભવ છે. હવે **करहू**-કહીને જ્ઞાયકનો ખેલ કરવાનું-મસ્તી કરવાનું કહે છે. બીજા સાથેની મસ્તી છોડીને સ્વભાવમાં મસ્તી કર ને! વ્હાલામાં વ્હાલી ચીજ તો તારી પોતાની છે. તેમાં ખેલ કર! રાગનો ખેલ તો અનાદિથી કરતો આવ્યો છો એ તો અધર્મનો ખેલ છે.

અમારે શું કરવું?-કે અનાદિનું રાગનું કરવું છોડીને સ્વભાવનો ખેલ કર! અનુભવનો ખેલ થતાં રાગની એકતાનો ખેલ સમાપ્ત થઈ જાય છે.

www.vitragvani.com



**पुद्‌गल पिंड भाव रागादिक इनसौं नहीं तुम्हारौ मेल।** પુદ્‌ગલપિંડ જે શરીર, વાણી, મન આદિ તથા રાગાદિક ભાવ એ પણ ખરેખર પુદ્‌ગલ છે તેની સાથે જીવને કાંઈ સંબંધ નથી. કેમકે તું તો ચૈતન્ય જાગૃત સ્વભાવનો રસકંદ છો અને એ રાગાદિકભાવો તથા રજકણો તો અજાગૃત અને જડસ્વભાવી છે તે બેનો ક્યાંય મેળ ખાય તેવું નથી. દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ ઊઠે છે તેને પણ પોતાનો સ્વભાવ માને તે મિથ્યાદૃષ્ટિ છે. જૈન પરમેશ્વર ત્રિલોકીનાથની વાણીની તેને ખબર જ નથી. ભગવાન કહે છે ચેતન અને અચેતનને કોઈ જાતનો સંબંધ નથી.

**ए जड प्रगट गुपत तुम चेतन।** શરીરથી માંડીને રાગાદિ પ્રગટ જડ છે. તે બધાંથી તું ભિન્ન, ચેતનસ્વરૂપ છો, વિકલ્પમાત્ર અચેતન છે, તેનાથી તને લાભ કેમ થાય? અરે! આ વાત સાંભળવા મળે નહિ, આમ ને આમ જિંદગી ચાલી જાય....અરે! એની દયા કોણ કરશે! એક આસને બેસીને ત્રીશ સામાયિક કરે તોપણ જડ અને ચેતનની ભિન્નતા જાણ્યા વિના તેનું હિત શી રીતે થાય? જેમ તેલ અને પાણી ભિન્ન છે તેમ જડ અને ચેતન ભિન્ન છે. પુણ્યનો વિકલ્પ એ પણ પ્રગટ જડ છે કેમકે, ચૈતન્યપ્રકાશના જ્ઞાનનો એક અંશ પણ તેનામાં નથી. પ્રકાશ અને અંધારાને ક્યાંય મેળ ન ખાય. પ્રકાશ અને અંધારું જુદું છે તેમ જ્ઞાન અને રાગ જુદાં છે. જ્ઞાન અને રાગ બંને છે પણ બંને એક નથી.

ભગવાન આત્મા ચૈતન્યસૂર્ય છે અને દયા, દાન, રાગાદિ તો અચેતન છે તો એ ચેતન તથા અચેતનનો મેળ શી રીતે ખાય? બેનો એક ખેલ ન હોઈ શકે.

મોટા મોટા મહંત નામ ધરાવનારા પણ મિથ્યાત્વમાં ગોથાં ખાય છે ને પોતે માનેલી મિથ્યા માન્યતા દુનિયાને પીરસે છે. જડની ક્રિયા અને ક્રિયાના વિકલ્પને જે ચૈતન્યભગવાન સાથે મેળવે છે તે મહા મિથ્યાત્વના અંધારામાં પડેલાં છે.

તારો ચૈતન્યસ્વભાવ રાગમાં આવ્યો નથી. ભાઈ! એ તો રાગથી ભિન્ન ગુપ્ત છે. તું તો અરૂપી ચૈતન્ય છો અને રાગ તો અચેતન છે, તારે અને તેને મેળ નથી. જેમ તેલ અને પાણી કદી મળતાં નથી, ભિન્ન જ રહે છે કેમ કે, તેલ ચીકાશવાળું છે અને પાણી સ્વચ્છ નિર્મળ છે. તેમ, ભગવાન ચૈતન્યપ્રકાશી આત્મા રાગથી તદ્દન ભિન્ન છે, ગુપ્ત છે. રાગ તો પ્રગટ છે, રૂપી છે અને અચેતન છે. ભગવાન આત્મા ગુપ્ત, અરૂપી અને ચેતન છે તે બંનેને તું જુદાં જાણ!

હવે બારમા કળશ ઉપરનું ૧૩મું પદ્ય કહે છે. તેમાં બનારસીદાસજી જ્ઞાનીના વિલાસનું વર્ણન કરે છે.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



कोऊ बुद्धिवंत नर निरखै सरीर-घर,
भेदग्यानदृष्टिसौं विचारै वस्तु वासतौ।
अतीत अनागत वरतमान मोहरस,
भीग्यौ चिदानंद लखै बंधमैं विलासतौ।।
बंधकौ विदारि महा मोहकौ सुभाउ डारि,
आतमाकौ ध्यान करै देखै परगासतौ।
करम-कलंक-पंकरहित प्रगटरूप,
अचल अबाधित विलोकै देव सासतौ।।१३।।

દિવ્ય શક્તિનો ધરનાર દેવ અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિએ બિરાજે છે ભાઈ! એની તને ખબર નથી.

જગતના જીવો કોઈની પાસે કાંઈક ચમત્કાર જોઈને ત્યાં તો દેવ આવે છે એમ માનવા લાગે છે પણ ભાઈ! તું તો અનાદિ અનંત શાશ્વત દેવ છો તેની સામે તો જો!

કોઈ વિદ્વાન પુરુષ ભેદજ્ઞાનની દૃષ્ટિથી શરીરરૂપી ઘર અને તેમાં રહેવાવાળા ચેતનને જુએ તો તેને શરીર અને આત્મા ભિન્ન જણાય. શાશ્વત ભગવાન આત્માનો વિચાર કરે તો પર્યાયમાં તે મોહથી રંગાઈ ગયેલો દેખાય છે. પરની એકતાબુદ્ધિથી રંગાઈ ગયો છે, કર્મોના બંધનમાં પડ્યો છે પણ કર્મ કે કોઈ પરદ્રવ્ય તેને રાગ કરાવતાં નથી-એમ પહેલાં નક્કી કરે છે. વર્તમાનમાં રાગમાં રમત કરે છે તે જીવની અશુદ્ધપર્યાય છે. તે પરદ્રવ્ય કે કર્મને લઈને અશુદ્ધ છે એમ નથી. મોહમાં પોતે જ રંગાયેલો છે. ભૂત, વર્તમાન અને ભાવિ ત્રણેકાળમાં પોતે મોહથી રંગાયેલો અને કર્મથી બંધાયેલો છે.

ભગવાન ચિદાનંદ પ્રભુ રાગના રસમાં ભીંજાયેલો દેખાય છે. રાગમાં રમત કરે છે તે આત્મા નિશ્ચયથી અશુદ્ધ પર્યાયમાં છે. તેને કહે છે કે 'રાણા રમતું મેલ, કટક આવ્યું કિનારે.' હવે તારે ધર્મ કરવાનો કાળ આવી ગયો છે આતમરાજા! તને હવે આ રાગની રમત શોભતી નથી, તેને છોડી દે. અનાદિથી મોહના કૂવામાં પડ્યો છો હવે બહાર નીકળી જા! રાગ અને આત્મા વચ્ચે પ્રજ્ઞારૂપી છીણી માર! રાગ ને આત્માના બે કટકા થઈ જશે. આવી ભેદજ્ઞાનની ક્રિયા કરવી તે ક્રિયા છે.

અજ્ઞાનીને આ ભેદજ્ઞાનની ક્રિયાની સૂઝ પડતી નથી એટલે વ્રત, તપાદિ બાહ્ય ક્રિયા



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



કરીને રાગને સેવે છે અને ધર્મ થયો માને છે. ક્રિયામાં ધર્મ મનાવનારાં લૂટાંરાં એને મળ્યા છે અને પોતે લૂંટાય છે-હોંશથી. એમાં ફરિયાદ કોની પાસે કરવી?

હવે જો પોતે જ સદ્‌ગુરુ ઉપદેશથી સમજીને મોહને છોડે અને અંતર ચૈતન્યસ્વભાવ તરફ ઝૂકી, ધ્યાનમાં આત્માને વિષય બનાવી અનુભવ કરે તો કર્મકલંક કીચડથી રહિત અચલ અબાધિત, શાશ્વત એવા પોતાના આત્મદેવનો પ્રકાશ પામે. મોહજાળમાં રાગની અને વિકલ્પની એકતા કરતો હતો તે હવે આત્મા તરફ ઝુકાવ કરે તો અનુભવમાં રાગથી ભિન્ન આત્માનો પ્રકાશ આવે આનું નામ સમકિત છે. તે જ ધર્મ છે.

અમને તો નાનપણમાં સંપ્રદાયમાં ચોપડી આપતાં. તેમાં લખેલું હોય કે અમને માનો તે સમકિત અને વ્રત પાળો તે ચારિત્ર. અરે! એ લૂંટવાનો પંથ હતો, એ વીતરાગનો મારગ નહિ ભાઈ! વીતરાગનો મારગ એને કાને પડ્યો નથી. વીતરાગનો મારગ મળવો બહુ દુર્લભ છે. 'કમલ' ભક્તિમાં ગાય છે ને,

ચેતો જીવડા! માનવભવ દોહ્યલાં રે લાલ....
દોહ્યલી જો ને આતમ કેરી વાત....ચેતો જીવડા....
દુર્લભ દુર્લભ જૈન અવતાર, એની સાથે સદ્‌ગુરુ છાયાં દોહ્યલી રે લોલ.
સરોવર કાંઠે રે મૃગલાં તરસ્યા રે લોલ
દોડે હાંફી ઝાંઝવા જળની કાંજ
અરે, સાચાં વારિ (પાણી) એને ના મળે રે લોલ.
એ! મનનાં મૃગલાને પાછાં વાળજો રે લોલ,
જોડી દ્યો આતમ સરોવરે આજ
એને મળશે આતમસુખ અમૂલાં રે લોલ....

આવું ગીત જોડીને છોકરાએ લલકાર્યું હતું. મુંબઈમાં ઘાટકોપરમાં પાંચ છ જુવાનિયા વિચારક તૈયાર થયા છે અને છ ગાવાવાળા તૈયાર થયાં છે તેમાં આ છોકરો તો ગાયક સાથે વિચારક પણ છે.

અહીં કહે છે રાગની એકતાની જેલ તોડ! એનો વિલાસ મૂક અને નિજ ભગવાનના આનંદનો વિલાસ કર તો તને સમકિત થાય અને મોક્ષના બીજડાં ઊગે.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

# ભવના પરિચય વગરનું મૂળ તત્ત્વ

(સળંગ પ્રવચન નં. ૨૨)

શ્રી નાટક સમયસારનો આ જીવદ્વાર છે. તેનો ૧૩મો કળશ અને ૧૪મુ પદ્ય આવ્યું છે.

सुद्धनयातम आतमकी,
अनुभूति विज्ञान-विभूति है सोई।
वस्तु विचारत एक पदारथ,
नामके भेद कहावत दोई।।
यौं सरवंग सदा लखि आपुहि,
आतम-ध्यान करै जब कोई।
मेटि असुद्ध विभावदसा तब,
सुद्ध सरूपकी प्रापति होई।।१४।।

અર્થઃ-શુદ્ધનયના વિષયભૂત આત્માનો અનુભવ જ જ્ઞાનસંપદા છે. આત્મા અને જ્ઞાનમાં નામભેદ છે, વસ્તુભેદ નથી. આત્મા ગુણી છે, જ્ઞાન ગુણ છે-આમ ગુણીને ઓળખીને જ્યારે કોઈ આત્મધ્યાન કરે છે ત્યારે તેની રાગાદિ અશુદ્ધ દશા નષ્ટ થઈને શુદ્ધ અવસ્થા પ્રાપ્ત થાય છે.

અહીં ગુણ-ગુણી અભેદ છે એ વિચારવાનો ઉપદેશ કર્યો છે. જીવદ્રવ્યનું આ સ્વરૂપ છે.

''सुद्धनयातम आतमकी'' આત્મદ્રવ્ય શુદ્ધનય સ્વરૂપી છે. આત્મા શરીર, વાણી, મનથી રહિત છે. પુણ્ય-પાપની સ્થિતિથી રહિત છે અને એક સમયની પર્યાયનો પણ જેમાં પ્રવેશ નથી-એવો ભગવાન આત્મા નિત્યાનંદ સ્વરૂપ ધ્રુવ વસ્તુ છે. તે જ સમકિતનો વિષય છે, ધ્યાનનું ધ્યેય છે, એક સમયની પર્યાય નહિ પણ પર્યાયવાન વસ્તુ છે. એ જ શુદ્ધનયસ્વરૂપ આત્મા છે.

નવા માણસને એમ લાગે કે, આ શુદ્ધનયસ્વરૂપ આત્મા વળી કોણ હશે? ભાઈ! આ એક આત્મપદાર્થ છે, અસ્તિસ્વરૂપ વસ્તુ છે, અનાદિ-અનંત એક સદૃશ સ્વભાવી જે ધ્રુવ વસ્તુ છે તેને શુદ્ધનયસ્વરૂપ આત્મા કહ્યો છે. તેની અનુભૂતિ થવી તે જ વિજ્ઞાનવિભૂતિ છે, તે પર્યાય છે, કેમ કે, અનુભવ પર્યાયમાં જ થાય અને તેનો વિષય ધ્રુવ છે.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



જેને ધર્મ કરવો હોય તેણે ચૈતન્યના ધ્રુવસ્વરૂપને અનુસરીને અનુભવ કરવો. તે અનુભવ એ જ આત્મપ્રાપ્તિ અર્થાત્ સમકિતરૂપ ધર્મ છે.

અહીં વસ્તુનો અનુભવ કહીને પછી તેને જ જ્ઞાનનો અનુભવ કહેશે. કેમ કે, ગુણ અને ગુણી કાંઈ જુદા નથી.

''અનુભૂતિ વિજ્ઞાન-વિભૂતિ'' એટલે પૂર્ણસ્વરૂપ શુદ્ધ આનંદઘન આત્માની અનુભૂતિ અર્થાત્ એવા આત્માને અનુસરીને આનંદનું પ્રગટ થવું-સ્વસંવેદનમાં આત્માનું પ્રત્યક્ષ વેદન થવું તે અનુભૂતિ છે. તેને જ સમકિત કહેવાય છે. તેની સાથે વિશેષે જ્ઞાન-આનંદની પ્રાપ્તિ થાય છે તે જ આત્માની વિભૂતિ નામ સંપદા છે. જુઓ! આ ધનાદિ તે આત્માની સંપદા નથી. રાગના વિકલ્પો પણ આત્માની સંપદા નથી.

ધર્મી એવો ભગવાન આત્મા કે જેમાં પૂર્ણ જ્ઞાન, આનંદનો ધ્રુવ સ્વભાવ છે, જે એકરૂપ છે, સદૃશ છે, નિત્ય છે, અચલ છે એવા ભગવાન આત્માની સન્મુખ થઈને તેનો અનુભવ કરવો તે ધર્મ છે અને તેનાથી વિપરીત પુણ્ય-પાપ રાગનો અનુભવ કરવો તે વિભાવનો અનુભવ છે-એ જ સંસાર છે, એ જ દુઃખ છે, એ જ મિથ્યાત્વ છે અને એ જ નિગોદમાં જવાની રીત છે.

અહીં તો એ સંસારથી છૂટીને મોક્ષમાં જવા માટેના અનુભવની વિધિ કહેવાય છે. ભગવાન આત્મા જ્ઞાનનો પુંજ છે તેની અનુભૂતિ તે આત્માની લક્ષ્મી નામ વિભૂતિ છે. રાગ અને નિમિત્તના અવલંબન વિના, ત્રિકાળી દ્રવ્યના અવલંબનથી આત્માનું પ્રત્યક્ષ વેદન થાય તેને સ્વસંવેદન અર્થાત્ આત્માની પ્રાપ્તિ થઈ કહેવાય છે એ પ્રાપ્તિને જ અહીં આત્માની વિભૂતિ કહી છે.

જ્ઞાનનો અંશ તે શુદ્ધનય અને તેનો વિષય ત્રિકાળી દ્રવ્ય એ બે ભેદ પાડતાં તો વિકલ્પ ઊભો થાય છે એટલે પાઠમાં सुद्धनयातम आतमा કહ્યો છે. પણ તેના અર્થમાં ભેદ પાડીને સમજાવ્યું છે-કે, 'શુદ્ધનયના વિષયભૂત આત્માનો અનુભવ જ જ્ઞાનસંપદા છે.' સમયસારની ૧૧મી ગાથામાં ભૂતાર્થ ત્રિકાળી વસ્તુને જ શુદ્ધનય કહ્યો છે. એકરૂપ ત્રિકાળ સદૃશ સ્વભાવ એ જ શુદ્ધનય છે. શુદ્ધનય અને તેનો વિષય એવા બે ભેદ એમાં નથી. સહજ ત્રિકાળ પરમ પારિણામિક દ્રવ્યસ્વભાવ પોતે જ શુદ્ધનયસ્વરૂપ છે.

અહા! શુદ્ધનય સ્વરૂપ ભગવાન આત્મા એટલે કે પવિત્ર સ્વભાવનું ધામ એવા



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ચૈતન્યપ્રભુનું ધ્યાન તે અનુભૂતિ છે; તે પર્યાય છે. આત્માના આનંદની સ્વસંવેદનદશા તે અનુભૂતિ છે. આ દશા ગુરુની સેવા કે ભક્તિથી પ્રાપ્ત થાય તેવી નથી. પોતાનો ગુરુ પોતે થાય ત્યારે આવી અનુભૂતિ પ્રગટે છે. પોતે જ દેવ અને પોતે જ ગુરુ છે. પોતાનું પૂર્ણસ્વરૂપ તે દેવ છે અને તેનું સાધન એ ગુરુ છે.

અહીં પદની બે લીટીમાં બે વાત કરી દીધી છે. એક તો વસ્તુ શુદ્ધનયસ્વરૂપ છે અને બીજું, તેની અનુભૂતિ તે જ્ઞાનની વિભૂતિ નામ સંપદા છે. અનાદિથી પુણ્ય-પાપના રાગનું વેદન હતું તે દુઃખરૂપ આકુળતાવાળુ હતું એ પલટીને સ્વભાવના આશ્રયે જે સ્વસંવેદન પ્રગટ થાય છે તે સુખરૂપ આનંદનું વેદન છે. એ આત્માની વિજ્ઞાન-વિભૂતિ છે.

આ ધર્મની પ્રથમ સીઢીની-શરૂઆતની વાત છે. વસ્તુ એવી નિરાલંબ છે કે તેની વાત સાંભળે પણ અંતરમાં બેસવી એને કઠણ પડે છે, કારણ કે આ અભ્યાસ નથી. સર્વજ્ઞ વીતરાગ પરમદેવની વાણીમાં તો આ આવ્યું છે કે, તારો આત્મા જ ભગવાન છે અને તેનો અનુભવ એ તારી વિભૂતિ અને વિજ્ઞાનઘન સંપદા છે. જડસંપત્તિ એ તો તારી સંપદા નહિ પણ વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ એ પણ તારી સંપદા નહિ. વ્યવહારથી નિશ્ચય થાય એ વાત જ ખોટી છે. વિરુદ્ધભાવથી અવિરુદ્ધભાવ શી રીતે થાય? વ્યવહારથી નિશ્ચય વિરુદ્ધ છે અને નિશ્ચયથી વ્યવહાર વિરુદ્ધ છે. માટે વ્યવહારરત્નત્રયના વિકલ્પરૂપ સાધનથી આત્માની નિશ્ચયસંપદા પ્રગટતી નથી.

લોકો એમ માને છે કે વ્યવહાર પહેલાં હોય પછી નિશ્ચય થાય. ભાઈ! નિશ્ચય વગર વ્યવહાર કહેવો કોને? પહેલાં મીંડા અને પછી એકડો એમ કદી હોય! સર્વજ્ઞ વીતરાગદેવે એવો ધર્મ પ્રરૂપ્યો નથી. કેવળીનો પ્રરૂપેલો નિશ્ચયધર્મ જ શરણરૂપ છે. પાંચ-દશ હજાર રૂપિયા ખર્ચી નાખવાથી ધર્મ થાય તેમ નથી.

પ્રશ્નઃ-તો પછી દાનમાં પૈસા લખાવ્યા હોય તે દેવા નહિ ને!

પૂજ્ય ગુરુદેવશ્રીઃ-ભાઈ! પૈસા દેવા તે આત્માનો ધર્મ નથી તેમ પૈસા રાખવા તે પણ આત્માનો ધર્મ નથી. જડ વસ્તુ દેવી કે રાખવી તે આત્માનું કાર્ય નથી. આ પૈસા મારા છે અને હું દઈ શકું છું એવી એકતા માની છે તે તો મિથ્યાત્વ છે, એણે અજીવને જીવ માન્યો છે. પણ પૈસા દાનમાં દેવાનો શુભ રાગ ધર્મીને આવ્યા વગર રહેતો નથી.

''वस्तु विचारत एक पदारथ, नामके भेद कहावत दोई।'' આત્માનો અનુભવ કહો કે



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

જ્ઞાનનો અનુભવ કહો બંને એક જ છે. જ્ઞાનની અનુભૂતિ અને આત્માની અનુભૂતિ એવા બે શબ્દ ભલે હો પણ વસ્તુ એક જ છે, તેમાં ભેદ નથી. આત્મા ગુણી છે અને જ્ઞાન તેનો ગુણ છે માટે ગુણીનો અનુભવ અને ગુણનો અનુભવ એવા નામભેદ છે પણ વસ્તુભેદ નથી.

શ્રોતાઃ-સાહેબ! અમારે કરવું શું! એ કહોને!

પૂજ્ય ગુરુદેવશ્રીઃ-આ અનુભૂતિ કરવી એ જ કરવાનું છે. કાંઈક ક્રિયા કરે, વ્રત કરે, યાત્રા કરે, મંદિર બંધાવે એ કોઈ તારી ધાર્મિક ક્રિયા નથી. એ તો શુભરાગ છે અને જડમાં ફેરફાર થાય તે જડની ક્રિયા છે. તો પ્રશ્ન થાય કે આવા શુભરાગ ન કરવા ને! ભાઈ! કરવા, ન કરવાનો પ્રશ્ન જ નથી. એવા ભાવ હોય છે, આવી જાય છે, એને કરવા પડતાં નથી. જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી એવા ભાવ આવી જાય છે પણ આવી જાય છે માટે તે કરવા જેવાં છે કે વસ્તુનું સ્વરૂપ છે, એમ નથી.

''यौं सरवंग सदा लखि आपुहि,'' પોતે પોતાથી પોતાના જ્ઞાયકભાવ સ્વરૂપ નિજઆત્માની ઓળખાણ કરી તેનો અનુભવ કરવો, ગુણ અને ગુણી અભેદ છે એવો અનુભવ પોતે પોતાથી કરવો. વ્યવહારની તેમાં અપેક્ષા નથી. આત્મા અને જ્ઞાન સર્વાંગ એકસ્વરૂપ છે, સદાય એકરૂપ છે એમ જાણવું.

''आतम ध्यान करै जब कोई''-નિમિત્ત, રાગ અને મનના સંગની અપેક્ષા છોડી દઈને, પોતે પોતાથી જ્યારે પોતાનો અનુભવ કરે ત્યારે શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ થાય છે. આત્માનું ધ્યાન કરી, આત્માનો અનુભવ કરે ત્યારે એને જે અશુદ્ધ-રાગ-દ્વેષાદિનો અનુભવ હતો તેનો નાશ થઈને શુદ્ધસ્વરૂપની પ્રાપ્તિ થાય છે. એટલે કે અનાદિથી પુણ્ય-પાપના રાગના અનુભવની પ્રાપ્તિ હતી તે મટીને આત્મા તો આવો જ્ઞાનાનંદ છે એમ પોતાના શુદ્ધસ્વરૂપની પ્રાપ્તિ અર્થાત્ વેદન થાય છે. તેનું નામ સમકિત છે, તે જ ધર્મ છે.

''मेटि असुद्ध विभावदसा तब''-એટલે રાગના બધાં વિકલ્પથી છૂટી જઈને, ગુણ-ગુણી ભેદનો વિકલ્પ પણ રાગ છે, તે અશુદ્ધતા છે તેને છોડી દઈને એટલે તેનું લક્ષ છોડી દઈને જ્યારે સ્વભાવની દૃષ્ટિમાં આવ્યો ત્યારે તેને સ્વરૂપની પ્રાપ્તિ થાય છે.

જુઓ! આમાં ઉત્પાદ્-વ્યય-ધ્રુવ ત્રણ સિદ્ધ કર્યાં છે. ભગવાન આત્મા ત્રિકાળ શુદ્ધનયસ્વરૂપ તે ધ્રુવ અને તેનું ધ્યાન કરતાં નિર્મળ પર્યાય ઉત્પન્ન થાય છે અને રાગાદિની મલિન પર્યાયનો વ્યય થાય છે. આમ, 'ઉત્પાદ-વ્યય-ધ્રુવ-યુક્તમ્ સત્' તે દ્રવ્યનું લક્ષણ છે.

લોકો તો જીવદયામાં જૈનધર્મ માને છે પણ જીવદયા તારી કે પરની? એનો વિચાર કર્યો? ભગવાન! તારી પોતાની દયા તે ધર્મ છે. પરની દયામાં તો પરસન્મુખતા થાય છે, વિકલ્પ ઊઠે છે તે તો બંધનું કારણ છે, ધર્મ નથી. ચૈતન્ય ભગવાન પોતાના સ્વભાવ અનુસારે પરિણમે ત્યારે અશુદ્ધદશા ટળે અને શુદ્ધદશા પ્રગટ થાય તે ધર્મ છે. આ ધર્મ પામવાની કળા અને રીત છે.

ભાવાર્થ:-આત્મા ગુણી છે અને જ્ઞાન તેનો ગુણ છે, તેમાં પ્રદેશભેદ નથી, જેમ સાકર છે ત્યાં જ ગળપણ છે. સાકરના અને ગળપણના અંશો જુદાં નથી તેમ, ભગવાન આત્મા અને જ્ઞાનના પ્રદેશો જુદાં નથી. જે ભાગમાં આત્મા છે તે જ ભાગમાં જ્ઞાન છે. જ્ઞાન અને આત્મામાં ક્યાંય ભિન્નતા નથી.

જેમ, અગ્નિનો ગુણ ઉષ્ણતા છે. તો કોઈ અગ્નિને અને ઉષ્ણતાને જુદાં કરવા માગે તો થઈ શકતાં નથી. અગ્નિ જાય તો ઉષ્ણતા ન રહે અને ઉષ્ણતા જાય તો અગ્નિ ન રહે. તેમ, જ્ઞાન અને આત્માનો સહભાવી સંબંધ છે તે કદી જુદાં પડી શકતાં નથી. અહીં આ જ્ઞાનગુણની વાત છે હો, પર્યાયની વાત નથી. આત્માનો 'સ્વ' ભાવ જ્ઞાન અને આત્મા પોતે, સ્વભાવ અને સ્વભાવવાન બંનેને સહભાવી સંબંધ છે. આત્મા છે ત્યાં જ્ઞાન છે અને જ્ઞાન છે ત્યાં આત્મા છે. ગુણ-ગુણી અભેદ છે. ધ્રુવસ્વરૂપ દ્રવ્ય અને તેનો જ્ઞાનસ્વભાવ બંનેનો એક સંબંધ છે.

આત્મા અને જ્ઞાન એક જ છે માટે આત્માનો અનુભવ કરવો તે ધર્મ કહો કે જ્ઞાનનો અનુભવ કરવો તે બંને એક જ છે. દેહના રજકણ ને રાગથી ભિન્ન વસ્તુ કહો કે તેનો જ્ઞાનગુણ કહો બંને એક જ છે, નામભેદ છે પણ વસ્તુભેદ નથી.

આ ૧૩મા કળશનો અર્થ થયો. હવે ૧૪ કળશ લઈએ. ૧૪માં કળશ ઉપર ૧૫મું પદ્ય આ પ્રમાણે છે.

अपनैंही गुन परजायसौं प्रवाहरूप,
परिनयौ तिहूं काल अपनै अधारसौं।
अन्तर-वाहर-परकासवान एकरस,
खिन्नता न गहै भिन्न रहै भौ-विकारसौं।।
चेतनाके रस सरवंग भरि रह्यौ जीव,
जैसे लौंन-कांकर भर्‌यौ है रस खारसौं।

www.vitragvani.com



पूरन-सरूप अति उज्जल विग्यानघन,
मोकौं होहु प्रगट विसेस निरवारसौं।।१५।।

અર્થ:-જીવ પદાર્થ સદૈવ પોતાના આધારે જ રહે છે અને પોતાના જ ધારાપ્રવાહ ગુણ-પર્યાયોમાં પરિણમન કરે છે. બાહ્ય અને અભ્યંતર એકસરખો પ્રકાશવાન રહે છે. ક્યારેય ઓછો થતો નથી. તે સંસારના વિકારોથી પૃથક્ છે. જેમ મીઠાની ગાંગડી ખારાપણાથી પૂરી ભરેલી છે તેમ, આત્મામાં ચૈતન્યરસ ઠસોઠસ ભરેલો છે. એવું પરિપૂર્ણ સ્વરૂપ, અત્યંત નિર્વિકાર, વિજ્ઞાનઘન આત્મા મોહના અત્યંત ક્ષયથી મને પ્રગટ થાઓ.

બનારસીદાસજી કહે છે કે મને પૂર્ણ આત્માની પ્રાપ્તિ થાઓ.

ભગવાન આત્મા કેવો છે? કે પોતાના ગુણના ભેદથી પ્રવાહરૂપ છે. સદાય પોતાના પરિણમન સ્વભાવથી પરિણમી રહ્યો છે. પંચાસ્તિકાયમાં આવે છે ને! **द्रव्यात्म लाभ हेतु परिणामः** તેમ અહીં કહે છે આત્મા સદાય પોતાના પરિણમન સ્વભાવથી ભરેલો છે.

મારગ બહુ ઝીણો છે ભાઈ! સુખી થવું હોય તેને માટે આ વાત છે. ધરમના બહાને જગત ઘણું લૂંટાય છે. મનુષ્યદેહ પામ્યા પછી પણ આવી સત્ય વાત મળવી દોહ્યલી છે. 'દોહ્યલો માનવભવ, એમાં દોહ્યલો આતમલાભ....'

ભગવાન આત્મામાં અભેદ અને ગુણના ભેદનો પ્રવાહ સદાય વહી રહ્યો છે. એટલે કે અભેદ અને ભેદ એ બંને સદાય છે. પોતાના પારિણામિકભાવના ત્રિકાળ આધારથી સદાય એકરૂપ છે. દ્રવ્ય આધાર છે અને ગુણો આધેય છે પણ બંનેમાં ભેદ નથી, અભેદ છે. વસ્તુ ત્રિકાળ એકરૂપ છે.

**अन्तर-बाहिर प्रकासवान एकरस**-આત્મા અંતરમાં અને બહારમાં એકરૂપે પ્રકાશમાન છે. બાહ્યમાં એટલે જયચંદજી પંડિતે તો વચન અને કાયામાં એવો અર્થ લીધો છે પણ ખરેખર તો ત્રિકાળ ધ્રુવ શુદ્ધ વસ્તુનું પ્રગટપણું પણ શુદ્ધ જ છે. વસ્તુ પોતે ધ્રુવસ્વરૂપ તે અભ્યંતર અને તેનો આશ્રય લઈને થતી પર્યાય તે બાહ્ય એ બંને શુદ્ધ જ છે.

નિયમસારમાં આવે છે ને! પર્યાય એ બાહ્યતત્ત્વ છે. સંવર, નિર્જરા અને મોક્ષ બાહ્યતત્ત્વ છે. એકરૂપ તત્ત્વ તે અંતઃતત્ત્વ છે તેની અપેક્ષાએ અંશરૂપ દશા તે બાહ્યતત્ત્વ છે. સદૃશ ધ્રુવ વસ્તુ અને તેની નિર્મળદશા એક સરખી પ્રકાશમાન રહે છે.

આટલો ભેદ પણ ખટકે છે. આત્મા આધાર અને તેના આધારે રહેલાં ગુણો તે સદાય



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



એકરૂપે પ્રકાશમાન છે. જેમ, મીઠાની ગાંગડીમાં એકલો ખારો રસ જ ભર્યો છે તેમ ભગવાન આત્મામાં ચૈતન્યરસ લબાલબ ભરેલો છે. તે કદી ઓછો થતો નથી અને ભવના વિકારથી ભિન્ન રહે છે. ધર્મીજીવ પોતાના આત્માનો આવો વિચાર કરે છે પણ હું કર્મના સંબંધવાળો છું, રાગવાળો છું બંધવાળો છું રાગને હું તોડું એવા વિચાર કરતાં નથી.

જેમાં સંસારનો વિકાર નથી તે આત્મતત્ત્વ છે. खिन्नता न गहै-જેમાં કાંઈ કમીપણું રહે નહિ કે કમીપણું થાય નહિ એવું જ આત્માનું સ્વરૂપ છે. ભગવાન આત્મા ઉદયભાવના વિકારથી ત્રિકાળ ભિન્ન રહે છે. ભલે એ માને કે, હું આ ઉદયભાવરૂપ થઈ ગયો પણ તે કદી ઉદયભાવરૂપ થતો નથી. જ્ઞાયક ભાવ તો સદાય જ્ઞાયકભાવપણે જ રહ્યો છે. પ્રવચનસારની ૨૦૦મી ગાથામાં કહ્યું છે કે એણે પોતાને અન્યથા અધ્યવસિત કર્યો છે કે, હું શરીર અને રાગવાળો છું. એવો ખોટો નિર્ણય અજ્ઞાનીએ ઊભો કર્યો છે પણ જ્ઞાયકભાવ કદી શરીર કે રાગરૂપ થતો નથી.

જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવથી પણ આત્મા ભિન્ન છે. ભવનો ભાવ એ કાંઈ આત્મા નથી, એ તો અનાત્મા છે.

આ તો સમયસાર નાટક છે. આ વાત સાંભળવા પણ ન મળે તે વિચારે ક્યારે! અરે! જિંદગી ચાલી જાય છે, મૃત્યુ સમીપ થતું જાય છે....આવા અવસર મળવા દોહ્યલા છે. ચક્રવર્તીની સંપદા મળવી સહેલી છે પણ આવા ચૈતન્યરસના ઘોલનના કાળ મળવા અનંતકાળે મહા દુર્લભ છે.

આ જીવદ્વારમાં જીવની વ્યાખ્યા કરી છે. જીવ તો તેને કહીએ કે જેમાં ચેતનાનો પ્રવાહ સર્વાંગમાં વહે છે. જેમ શેરડીમાં સર્વાંગે મીઠાશ છે, સાકરમાં સર્વાંગ મીઠાશ છે, મીઠાની ગાંગડી સર્વાંગ ખારી છે તેમ ચેતનમાં સર્વાંગ ચેતનરસ અનાદિથી ભરેલો છે. એવો ઠસોઠસ ચેતનરસ ભર્યો છે કે, અનંતકાળ સુધી કેવળજ્ઞાનની અનંત પર્યાયો થાય પણ તે રસમાં ખામી ન આવે, કમી ન થાય, અપૂર્ણતા ન થાય. અરે! તેનો અંદરથી વિશ્વાસ તો લાવ! સંદેહમાં ડામાડોળ રહીશ તો ચેતનનો અનુભવ નહિ થાય.

ભગવાન આત્મા ચૈતન્યરસથી ભરેલું તત્ત્વ છે. વિકલ્પનો રસ છે તે ચૈતન્યરસ નથી. ૨૧ પ્રકારના ઉદયભાવ છે તેનાથી આત્મા ખાલી છે. ઉદયભાવથી શૂન્ય અને ચેતનરસથી પૂર્ણ એવો આત્મા તે આત્મા છે અને એવા આત્માનો અનુભવ તે ધર્મ છે. પણ, આવું ન સમજાય તો અમારે કરવું શું! એમ કરીને ક્રિયાકાંડ કરીને અજ્ઞાની ધર્મ થયાનો સંતોષ મનાવે



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



છે પણ ભાઈ! ન સમજાય એમ કેમ બને!

મને ન સમજાય એવું તેં શલ્ય ધારી રાખ્યું છે. પોતાની જાત પોતાને ન સમજાય? પોતે પોતાને શા માટે ગોપવી રાખે! પોતાનું સ્વરૂપ જરૂર સમજાય તેવું છે પણ એણે કદી દરકાર જ કરી નથી.

જેમ મીઠાની ગાંગડી અને તેનો ખારો રસ જુદાં નથી માત્ર ગાંગડી અને રસ એમ નામભેદ છે તેમ ચૈતન્ય અને તેનો ચેતનરસ જુદા નથી માત્ર નામભેદ છે. આત્મા ચૈતન્યરસથી ભરેલો છે. આ તારા ઘરની વાત ચાલે છે ભાઈ! નિજઘરની ઓળખાણ વિના કદી ધર્મ થાય તેમ નથી.

ધર્મનો ધરનારો ધર્મી કેવો અને કેવડો છે એની ખબર વિના દશામાં ધર્મ ક્યાંથી થાય! બાહ્ય ક્રિયાકાંડમાં ધર્મ માનીને મનુષ્યપણા એણે ખોયાં છે. વીતરાગ સર્વજ્ઞપ્રભુનો પંથ એટલે કે સર્વજ્ઞસ્વભાવી તારા પ્રભુનો પંથ છે તેમાં-અંતરમાં જવું. તું સર્વજ્ઞ એટલે સર્વને જાણનાર સ્વભાવી છો. જ્ઞાનના રસથી ભરેલો છો.

**पूरन सुरूप अति उज्जल विग्यानघन।** ભગવાન આત્મા કેવો છે?-કે પરિપૂર્ણ સ્વરૂપ છે, અતિ ઉજ્જ્વળ-નિર્વિકાર છે, વિકારની વાસનાનો જેમાં અભાવ છે, વિજ્ઞાનઘન છે. જેમ શિયાળામાં જામેલાં ઘીમાં આંગળી તો પ્રવેશે નહિ પણ તાવિથો પેસવો પણ મુશ્કેલ પડે તેમ આત્મા એવો વિજ્ઞાનઘન છે કે, તેમાં દયા-દાનાદિ કોઈ પણ વિકલ્પનો પ્રવેશ થઈ શકતો નથી. આવો આત્મા મને પ્રગટ થાઓ! મલિનતા સર્વ ટળીને સર્વજ્ઞપદને લેતો મારો આત્મા પ્રગટ થાઓ એવી ધર્મીને ભાવના હોય છે, ધર્મીને વ્યવહાર આવે છે એ જુદી વાત છે પણ વ્યવહાર કરવાની ભાવના હોતી નથી. વ્યવહાર કરવા જેવો છે એમ ધર્મી માનતા નથી. **मोकौं होहु प्रगट विसेस निरवारसौं**-મોહના અત્યંત ક્ષયપૂર્વક મારો નિર્વિકાર આત્મા મને પ્રગટ થાઓ. એવી જ ભાવના ધર્મીને હોય છે. આથી વિરુદ્ધ ભાવના હોય તે ધર્મીની ભાવના નથી.

**विसेस निरवारसौं** એટલે રાગાદિ મોહનો વિશેષ પ્રકારે નાશ થઈને-સર્વથા નાશ થઈને, વિજ્ઞાનઘન આત્મા જેવો છે તેવો ક્ષાયિકભાવે પ્રગટ થાઓ એવી ધર્મીની ભાવના હોય છે.

જુઓ! એક એક કળશમાં કેટલું ભરેલું છે! પરિપૂર્ણ ભર્યું છે.

અમે સંપ્રદાયમાં બે-બે હજાર શ્લોક બે ત્રણ કલાકમાં કંઠસ્થ બોલી જતાં....રાત્રે કોઈની સાથે વાતો ન કરીએ, બેસીને બધાં સાથે મળી મોઢે કરેલાં હોય એવા બે-બે હજાર શ્લોક એક



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



સાથે બોલી જઈએ પણ આત્માની ઓળખાણ વિના તે શું કામનું? અમારાં ગુરુ તો એવા હતાં કે, ચોથા આરાના સાધુ કહેવાતાં પણ અરે! આ વાત એમના કાને ન પડી. મૂળ વસ્તુના જ્ઞાન વિના ક્રિયા ઘણી કરી. વર વગરની જાન જોડી દીધી.

અહીં કહે છે કે જ્ઞાની એવી ભાવના કરે છે કે મારી દશામાં સર્વ અશુદ્ધતા ટળીને ભગવાન આત્મા જેવો પૂર્ણ નિર્વિકાર છે તેવો મને પ્રાપ્ત થાઓ!

★ પરભાવ હોવા છતાં એટલે કે દયા, દાન, પૂજા, ભક્તિ, તથા કામ, ક્રોધાદિ પરભાવો હોવા છતાં જે પોતાની તીક્ષ્ણ બુદ્ધિથી સહજ ગુણમણિની ખાણરૂપ શુદ્ધ આત્માને એકને જ ભજે છે તે મુક્તિસુંદરીનો વલ્લભ થાય છે. હવે મુક્તિસુંદરી તેનાથી દૂર નહિ રહી શકે. પર્યાયમાં વિકારભાવો તો છે, એ પરભાવો હોવા છતાં તેની દૃષ્ટિ છોડીને, સ્વામિત્વ છોડીને સહજ ગુણમણિની ખાણરૂપ શુદ્ધ આત્માને ભજે છે તે શુદ્ધ દૃષ્ટિવાળો છે.

★ અહો! આ આત્મતત્ત્વ તો ગહન છે. એને આંખો મીંચીને, બહારના પાંચે ઇન્દ્રિયનો વેપાર બંધ કરીને, મનના સંબંધથી વિચાર કરે કે અહો! આ આત્મવસ્તુ અચિંત્ય છે, જ્ઞાયક...જ્ઞાયક....જ્ઞાયક જ છે-એવો વિકલ્પથી નિર્ણય કરે છે તે હજુ પરોક્ષ નિર્ણય છે. પરોક્ષ એટલે પ્રત્યક્ષ સ્વાનુભવ નથી થયો માટે તેને પરોક્ષ કહ્યો. મનની બહારનો બોજો ઘણો ઘટાડી નાખે ત્યારે મનથી અંદરના વિચારમાં રોકાય અને ત્યાંથી પણ પછી ખસીને અંદર સ્વભાવના મહિમામાં રોકાય એને આનંદનો અનુભવ થાય તેને સમ્યગ્દર્શન કહે છે. આવું વસ્તુનું સ્વરૂપ છે ને તેને પામવાનો આ ઉપાય છે. આમાં કાંઈ મૂંઝાવા જેવું નથી. સ્વભાવનો આશ્રય તો મૂંઝવણને ટાળી નાખે છે. અત્યારે લોકો બાહ્ય ક્રિયાકાંડમાં ચડી ગયા છે તેને તો મનથી પણ સાચો નિર્ણય કરવાનો વખત નથી.

*-પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ*



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

# સાધ્ય-સાધક દશાનું સ્વરૂપ

(સળંગ પ્રવચન નં. ૨૩)

શ્રી નાટકસમયસાર શાસ્ત્ર છે. તેનાં જીવદ્વારનું આ ૧૬મું પદ્ય શરૂ કરીએ છીએ.

પદ્યમાં બનારસીદાસજીએ સાધ્ય-સાધકનું આ સ્વરૂપ અથવા તો દ્રવ્ય અને ગુણ-પર્યાયોની અભેદવિવક્ષા બતાવી છે.

जंह ध्रुवधर्म कर्मछय लच्छन,
सिद्धि समाधि साधिपद सोई।
सुद्धपयोग जोग महमंडित,
साधक ताहि कहै सब कोई।।
यौं परतच्छ परोच्छ रूपसौं,
साधक साधि अवस्था दोई।
दुहुकौ एक ग्यान संचय करि,
सेवै सिववंछक थिर होई।।१६।।

સિદ્ધપદ તે સાધ્ય છે અને સમ્યગ્દર્શન, જ્ઞાન આદિ સાધક છે. ધર્મીને પોતાની મોક્ષદશા સાધ્ય છે અને સમ્યક્ત્વાદિની નિર્મળ નિર્વિકારદશા સાધક છે. એટલે કે પૂર્ણ શુદ્ધતા તે સાધ્ય છે અને અપૂર્ણ શુદ્ધતા તે સાધક છે. વ્યવહારરત્નત્રય તે સાધક નથી.

जंह ध्रुवधर्म कर्मछय लच्छन, ધ્રુવધર્મ એટલે અહીં ત્રિકાળી દ્રવ્યની વાત નથી પણ સિદ્ધદશા તે ધ્રુવધર્મ છે, તે સાધ્ય છે કે જે કર્મોના ક્ષયથી ઉત્પન્ન થઈ છે. કર્મો અને નોકર્મ જ્યાં છૂટી ગયા છે એવું સિદ્ધપદ તે સિદ્ધિપદ અથવા સમાધિપદ છે તે ધર્મીનું સાધ્ય છે. અજ્ઞાની જીવને તો વિકાર સાધ્ય છે અને મિથ્યાત્વભાવ તેનું સાધન છે. અહીં તો ધર્મી જીવના સાધ્ય-સાધનનું કથન ચાલે છે.

સર્વજ્ઞ વીતરાગ પરમદેવે સિદ્ધપદ જે નિશ્ચલ છે તેને ધ્રુવધર્મ કહ્યું છે. પહેલી ગાથામાં કુંદકુંદઆચાર્યદેવે પણ સિદ્ધગતિને ધ્રુવ, અચલ અને અનુપમ કહી છે. તેની આ વ્યાખ્યા છે.

www.vitragvani.com



મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ,
સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ.

પોતાની પૂર્ણ શુદ્ધતા-પરિપૂર્ણતા પ્રાપ્ત થવી તે સાધ્યની સિદ્ધિ છે-સમાધિ છે. જેમાં પૂર્ણ સમાધિ થઈ ગઈ એવી સિદ્ધદશા તે સાધ્ય છે.

**सुद्धपयोग जोग महिमंडित.** સિદ્ધદશા કેવી રીતે સધાય છે કે, શુદ્ધોપયોગના સાધન વડે સિદ્ધદશા સાધ્ય થાય છે. તે શુદ્ધોપયોગ ભલે મન, વચન, કાયાના યોગ સહિત છે અને આત્માના પ્રદેશોમાં પણ કંપન છે છતાં શુદ્ધ ઉપયોગ છે તે સાધક છે. શુદ્ધોપયોગ તે શું છે?-શુભાશુભ વિકલ્પ રહિત શુદ્ધાત્મ વેપાર કે જે તદ્દન નિર્વિકલ્પ વીતરાગી પરિણામ છે તે શુદ્ધોપયોગ છે.

આત્મા શુદ્ધ આનંદસ્વરૂપ શુદ્ધ સ્વભાવની મૂર્તિ છે. તેના દર્શન, જ્ઞાન અને ચારિત્રના અંશે શુદ્ધ પરિણામ ચોથા ગુણસ્થાનથી ચાલુ થઈ જાય છે. અજ્ઞાની જીવને વસ્તુ શુદ્ધ આનંદકંદ છે તેનું ભાન નથી તેથી દયા, દાન, વ્રત, ભક્તિના શુભરાગને ધર્મનું સાધન માને છે, તેથી ચોથા ગુણસ્થાને શુભરાગ જ હોય એમ માને છે પણ તે ધર્મ નથી-સાધ્યનું એ સાધન નથી. સંતો-ધર્મીજીવો તો શુદ્ધોપયોગને જ સાધન કહે છે.

ભગવાન આત્મા વીતરાગપિંડ છે. ભગવાનને જેવો સ્વભાવ પર્યાયમાં પ્રગટ્યો છે એવો જ આ આત્માનો ત્રિકાળી સ્વભાવ છે. આવા સ્વભાવની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતારૂપ શુદ્ધોપયોગ તે સાધન છે. શરીરની ક્રિયા કે શુભરાગ સાધન નથી પણ શુદ્ધ ઉપયોગ સાધન છે.

**यौं परतच्छ परोच्छ रूपसौं, साधक साधि अवस्था दोई।** આત્માની પૂર્ણ અવસ્થા-સિદ્ધદશા કે જે પ્રત્યક્ષ છે તે સાધ્ય છે અને અપૂર્ણ શુદ્ધ અવસ્થા પણ વેદનમાં તો પ્રત્યક્ષ આવે છે પણ પ્રત્યક્ષ જણાતી નથી માટે તેને પરોક્ષદશા કહી છે તે સાધન છે. સાધકને વસ્તુનું પૂર્ણ સ્વરૂપ અને તેની જ્ઞાન-આનંદ આદિ પર્યાય પ્રગટ જણાતી નથી માટે સાધકના શુદ્ધોપયોગને પરોક્ષ કહ્યો છે.

ભાઈ! તારી શું વાત કરવી! તું તો અખંડાનંદ પ્રભુ છો, તેના આનંદના સ્વાદ આગળ તો ઈન્દ્રના ઈન્દ્રાસન પણ સડેલાં તરણા જેવા લાગે છે એવો તું અતીન્દ્રિય સુખસાગર છો. તે પણ કોણે કહ્યું છે?-કે, સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વરે તને આનંદનો સાગર કહ્યો છે. કોઈ અજ્ઞાની કે અલ્પજ્ઞે કહેલી વાત નથી. આવા નિજ આત્માની સન્મુખ દૃષ્ટિ છે, સ્વસન્મુખ જ્ઞાન છે,



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અંશથી માંડીને વિશેષ વિશેષ સ્થિરતા છે. જે સિદ્ધદશાની સાધક છે તે દશાને અહીં પરોક્ષ કહી છે અને સિદ્ધદશા તે પ્રત્યક્ષ છે. કેમ કે, તેમાં પોતાના અસંખ્ય પ્રદેશ, અનંત ગુણ અને આખું લોકાલોક પ્રત્યક્ષ જણાય છે.

આત્મા છ દ્રવ્યનું જ્ઞાન કરે એવો છે પણ છ દ્રવ્યમાં આવે તેવો નથી. જેમ છ છોકરાનું તમને જ્ઞાન થાય છે પણ તમે તેમાં આવી જતા નથી.

સાધકદશા અને સાધ્યદશા એ બંને અવસ્થા છે, દ્રવ્ય, ગુણ નથી. દ્રવ્ય અને ગુણ તો નિત્ય-ધ્રુવ છે. દ્રવ્ય એટલે ત્રિકાળી શક્તિનો પિંડ અને ગુણ એટલે શક્તિ. જ્ઞાન, દર્શન, આનંદ આદિ શક્તિ છે, સ્વભાવ છે અને દ્રવ્ય તે સ્વભાવવાન છે. સાધક અને સાધ્ય એ વસ્તુની અવસ્થા નામ દશા છે. આવું વસ્તુનું સ્વરૂપ છે. તેના ભાન વગર ધર્મ થાય તેમ નથી. પોતાના આત્માના ભાન વગર પ્રતિક્રમણ ને સામાયિક આદિ કેવી રીતે થાય! આત્માના ભાનથી જ ધર્મની શરૂઆત થાય છે.

આગળ વધતાં મુનિદશા આવે છે તેની તો શું વાત કરવી! તેની તો તને ખબર જ નથી. મુનિને તો અંદરમાં ત્રણ કષાયનો નાશ થયો છે, વસ્ત્ર, પાત્ર લેવાના વિકલ્પનો નાશ થયો છે અને બાહ્યમાં પણ નગ્ન-દિગંબરદશા છે તેને ભગવાને મુનિદશા કહી છે.

**दुहुकौ एक ग्यान संचय करि, सेवै सिववंछक थिर होई।** જે જીવ મોક્ષનો વાંછક છે તે સાધક અને સાધ્ય બંને અવસ્થા એક જીવની જ છે એમ જાણીને તેને સેવે છે એટલે કે મોક્ષાર્થી જીવ એકપણાને લક્ષમાં રાખે છે, બેપણાને સેવતા નથી.

અત્યારે બહારમાં અરાજકતા લાગે છે પણ આ શુભરાગથી ધર્મ થાય, પુણ્યથી ધર્મ થાય, વ્યવહારથી ધર્મ થાય એવી માન્યતા તે આત્મામાં અરાજકતા છે અર્થાત્ તેમાં આત્માનું ખૂન થાય છે. 'વીતરાગનો ધર્મ તો વીતરાગભાવથી શરૂ થાય છે.' વીતરાગનો ધર્મ એ વસ્તુનો સ્વભાવ છે.

ધર્મીજીવ અપૂર્ણદશા અને પૂર્ણદશાને જાણે છે પણ સેવા તો એક શુદ્ધાત્માની કરે છે. સ્વરૂપમાં સ્થિર થઈને આત્માની સેવા કરે છે, બે ઉપર લક્ષ રાખતાં નથી. બંને દશાનું જ્ઞાન થાય છે પણ સેવા તો એક આત્માની જ કરે છે. સેવા કરે છે એટલે કે આત્માના શુદ્ધ સ્વરૂપમાં એકાગ્ર થાય છે. તેને ઉપાસના પણ કહેવાય.

છઠ્ઠી ગાથામાં ઉપાસનાની વાત આવે છે ને! પરદ્રવ્યથી લક્ષ છોડી, સ્વદ્રવ્યનું લક્ષ કરી



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

તેની ઉપાસના કરે છે તેને ધ્રુવ (દ્રવ્ય) શુદ્ધ કહેવામાં આવે છે. શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય તરફ ઢળવાથી શુદ્ધતા પ્રગટ થાય તેને ધ્રુવ (દ્રવ્ય) શુદ્ધ છે તેમ કહેવાય છે. છઠ્ઠી ગાથામાં આ ધ્રુવશુદ્ધની વાત છે અને અહીં પૂર્ણ અને અપૂર્ણ શુદ્ધ પર્યાયના જ્ઞાનની વાત છે. બંનેનું જ્ઞાન છે પણ સેવા એક શુદ્ધાત્માની કરે છે. **सेवै सिववंछक थिर होई।** સાધ્ય અને સાધક બંને અવસ્થાઓ એક જીવની છે એમ જે ગ્રહણ કરે છે તે જ મોક્ષનો અભિલાષી સ્થિરચિત્ત થાય છે-સ્વરૂપમાં સ્થિર થાય છે. આવી આ સાધકદશા છે.

જેના વ્હેણ સ્વભાવ તરફ છે તેને આ સહેલું પડે છે, જેના વ્હેણ સ્વભાવ તરફ વળ્યાં તે તો નજીક આવી ગયો, જેના વ્હેણ અજ્ઞાન તરફ ઢળેલા છે તે દૂર છે. ચૈતન્ય ભગવાન અનંત આનંદ અને જ્ઞાનનો પાતાળકૂવો છે. જેમ વીરડામાં પાણી થોડું હોય પણ પાતાળમાંથી પ્રવાહ આવ્યા જ કરે છે તેમ ચૈતન્યમાં દૃષ્ટિ આપીને અનુભવ કરે તો અનુભવતાં-અનુભવતાં અનંતકાળ જાય તોપણ ચૈતન્યપાતાળમાંથી ગુણોનો માલ ખૂટે તેમ નથી.

ભાવાર્થઃ-સિદ્ધ અવસ્થા સાધ્ય છે અને અરિહંત, સાધુ, શ્રાવક અને સમ્યક્ત્વી આદિ અવસ્થાઓ સાધક છે. જુઓ! સમ્યક્ત્વીને પણ સાધક કહ્યાં છે અને અરિહંતને પણ સાધક કહ્યાં છે. જેમાં પૂર્ણતા નથી તે બધી અવસ્થાને સાધકદશા કહી છે. શુદ્ધોપયોગ છે તે સાધક છે એમ કહ્યું છે પણ શુદ્ધોપયોગ તો નિરંતર રહેતો નથી પણ શુદ્ધપરિણતિ છે તે શુદ્ધોપયોગ જ છે. શુદ્ધસ્વરૂપ આત્માના વેપારરૂપ શુદ્ધપરિણતિ પણ શુદ્ધ ઉપયોગ જ છે. ભલે જ્ઞાતા, જ્ઞાન ને જ્ઞેયનો ભેદ છોડીને જ્ઞાન એકાકાર થાય તે શુદ્ધોપયોગ છે એ બરાબર છે પણ જેવા દ્રવ્ય, ગુણ છે તેવી જ તેની પરિણતિ છે તેને પણ શુદ્ધ ઉપયોગ કહેવામાં આવે છે.

જેમ ચંદ્રની બીજ ઉગે કે પૂનમ થાય તે બંને અવસ્થા ચંદ્રની છે તેમ શુદ્ધ જ્ઞાયકભાવની પ્રાપ્તિથી માંડીને સિદ્ધ દશા સુધીની બધી અવસ્થા એક જીવની છે, કોઈ પણ દશા કર્મની કે કર્મથી થયેલી નથી. બધી દશા મારા ભગવાન આત્માની એકની જ છે એમ જાણે છે તે સમ્યગ્દૃષ્ટિ છે.

હવે ૧૬માં શ્લોક ઉપરના ૧૭માં પદ્યમાં દ્રવ્ય અને ગુણ-પર્યાયની ભેદ વિવક્ષા સમજાવે છે.

**दरसन-ग्यान-चरन त्रिगुनातम,**
**समलरूप कहिये विवहार।**
**निहचै-दृष्टि एकरस चेतन,**

भेदरहित अविचल अविकार।।
सम्यकदसा प्रमान उभै नय,
निर्मल समल एक ही बार।
यौं समकाल जीवकी परिनति,
कहैं जिनेन्द्र गहै गनधार।।१७।।

સર્વજ્ઞ તીર્થંકર પરમદેવ દિવ્યધ્વનિમાં આમ કહેતાં હતાં અને ગણધરદેવ ઝીલતાં હતાં. વર્તમાનમાં પણ મહાવિદેહમાં ભગવાનની વાણી ખરી રહી છે અને ગણધરદેવાદિ સાંભળી રહ્યા છે તેમાં શું આવે છે તે કહે છે.

આત્માની-શુદ્ધ ધ્રુવની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા આ ત્રણ ભેદ કહેવાય છે તે વ્યવહાર છે, સમલ છે-મેચક છે અર્થાત્ ભેદ છે. તે ત્રણ ભેદ છે તે નિશ્ચયથી અભૂતાર્થ છે. સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર તો નિશ્ચય છે પણ તેના ભેદ પાડ્યા માટે તે અભૂતાર્થ થઈ ગયાં-ભેદ થઈ ગયા. આશ્રય તો અભેદનો કરવાનો છે. ભેદનો આશ્રય કરવા જેવો નથી માટે ભેદને વ્યવહાર અને મળયુક્ત કહ્યો છે. આત્માના સ્વરૂપમાં શ્રદ્ધા, જ્ઞાન અભેદ થઈ જાય એ તો નિશ્ચય છે ભેદનો આશ્રય કરવા જતાં વિકલ્પ ઉઠે છે માટે ભેદને સમલ કહ્યો છે. શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રની પર્યાય પોતે વ્યવહાર છે.

વ્યવહારનયથી આત્મા દર્શન, જ્ઞાન, ચારિત્ર એ ત્રણ ગુણરૂપ છે. આ વ્યવહારનય નિશ્ચયની અપેક્ષાએ અભૂતાર્થ છે નિશ્ચયથી આત્મા એક ચૈતન્યસંપન્ન, અભેદ, નિત્ય અને નિર્વિકાર છે. તેમાં આ દર્શન, જ્ઞાન, ચારિત્રના ત્રણ ભેદ પાડવા તે યથાર્થ નથી, અભૂતાર્થ અને અસત્યાર્થ છે. દર્શન, જ્ઞાન, ચારિત્ર જીવની પર્યાયમાં તો છે પણ તેના ભેદ પાડવા તે વ્યવહાર છે. વ્યવહારરત્નત્રય તો ખરેખર પોતાની પર્યાયમાં નથી માટે એ તો અસદ્ભૂત છે.

આ મારગ કઠણ તો છે પણ તેને પામવો અશક્ય નથી. મારગની દિશા ખબર નથી એટલે કઠણ તો લાગે પણ ઉલ્ટી દિશામાં દોડવા લાગે કે ઝાંઝવામાં જળ શોધવા લાગે તો મળે તેમ નથી. ઝાંઝવામાં પાણી ન હોય ભાઈ! ત્યાં ક્યાં દોડવા લાગ્યો? ભજનમાં ગાય છે ને! મનના તે મૃગલાંને પાછા વાળજો રે લોલ....દોડે હાંફે ઝાંઝવા જળની કાજ....ઝાંઝવામાં પીવાના પાણી ન હોય ભાઈ! ન હોય! ખારી જમીનમાં સૂર્યના કિરણો પડે એટલે પાણી જેવું દૂરથી દેખાય ત્યાં દોડી દોડીને દોડે પણ પાણી તો શું ઠંડી હવા પણ ન મળે. તેમ દોડી દોડીને પુણ્ય-પાપની ક્રિયા કરે પણ તેમાંથી શાંતિ મળતી નથી કેમ કે, એમાં શાંતિ છે જ નહિ. શાંતિ

www.vitragvani.com



તો પુણ્ય-પાપના વિકલ્પથી રહિત ભગવાન આત્મામાં છે. ત્યાં જતો નથી ને આમ બહાર દોડે છે.

દોડત દોડત દોડિયો, જેતી મનની દોડ,
પ્રેમ પ્રતીત વિચારો ઢૂંકડી, ગુરુગમ લેજો જોડ.

ભગવાન ઉપર પ્રેમ જોઈએ, વિકારના પ્રેમથી આત્માની શાંતિ ન મળે. અનાદિથી પરના ને રાગના પ્રેમમાં ઘણું દોડ્યો પણ શાંતિ હાથ ન આવી. અરે! ત્રિકાળની અપેક્ષાએ દર્શન, જ્ઞાન, ચારિત્ર એ પણ ભેદ છે. માટે તેના આશ્રયે ધર્મ થતો નથી.

**निहचै-दृष्टि एकरस चेतन, भेदरहित अविचल अविकार।** ભગવાન આત્મામાં ભેદ નથી, આત્મા અવિચલ અને અવિકાર છે. દર્શન, જ્ઞાન, ચારિત્રના ભેદો તો પર્યાયમાં છે દ્રવ્યમાં, તો તે બધું અભેદ છે માટે ભેદ તે વ્યવહાર છે. આત્મા નિશ્ચય અને નિમિત્ત વ્યવહાર એમ નહિ, આત્મા નિશ્ચય અને રાગ તે વ્યવહાર એમ નહિ પણ અભેદ આત્મા તે નિશ્ચય અને નિર્મળપર્યાયના ભેદ તે વ્યવહાર એમ કહ્યું છે. થોડું પણ સત્ય જેમ છે તેમ જાણવું પડશે ને! લાંબો વિસ્તાર ઘણો હોય પણ વસ્તુસ્થિતિ આ છે. તેમ સમજવું પડશે. ગોર પરણાવે પણ ઘર ચલાવી ન દે, તેમ ગુરુ સમજાવે પણ પોતે સમજે તો થાય.

**सम्यकदसा प्रमान उभै नय निर्मल समल एक ही बार** અભેદ તે નિશ્ચય અને પર્યાયનો ભેદ પડે તે વ્યવહાર. આ બંનેને એક સાથે જાણે તે પ્રમાણ છે. અખંડ વસ્તુની દૃષ્ટિ કરીને તેમાં ઠરવું તે ધર્મ છે પણ એવા ભેદ પણ વસ્તુમાં નથી. એ તો એકાકાર અભેદ છે. નિશ્ચયનો આશ્રય હોય અને વ્યવહારનું જ્ઞાન હોય અને દ્રવ્ય-પર્યાય બંનેનું એક સાથે જ્ઞાન થવું તે પ્રમાણજ્ઞાન છે.

૪૭ શક્તિમાં પણ દશિશક્તિ, જ્ઞાનશક્તિ આદિ શક્તિ લીધી છે તેનું પર્યાયમાં પરિણમન થવું તે વ્યવહાર છે. રાગ તે વ્યવહાર નથી. રાગ તો અસદ્ભૂત વ્યવહારમાં જાય છે.

**निर्मल** એટલે અભેદ વસ્તુ અને **समल** એટલે ભેદ. આ બંનેનું એકસાથે જ્ઞાન થવું તે પ્રમાણજ્ઞાન છે. **यौं समकाल जीवकी परिणति** ત્રિકાળ પારિણામિક ભાવ તે નિર્મળ અને વર્તમાન નિર્મળ પર્યાય તે સમલ પરિણતિ; તે બંનેને પરિણતિ કહીને સમજાવ્યું છે. શબ્દ પકડે તો કામ ન લાગે.

**कहै जिनेंद्र गहै गनधार।** નિર્મળ અને સમલ એવી જીવની બંને પરિણતિને એક



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

સમયમાં જાણે છે તે પ્રમાણજ્ઞાન છે. એક જ સમયમાં જીવની આવી બે પરિણતિ ભગવાન તીર્થંકરદેવે કહી છે અને તેને ગણધરદેવે ધારણ કરી છે.

હવે ૧૭માં કળશના ૧૮માં પદ્યમાં વ્યવહારનયથી જીવનું સ્વરૂપ બતાવે છે.

एकरूप आतम दरब, ग्यान चरन दृग तीन।
भेदभाव परिनामसौं, विवहारै सु मलीन।।१८।।

આત્મદ્રવ્ય એકરૂપ છે. આત્મા વસ્તુ અનંતગુણનો એકરસ પિંડ છે. તેને દર્શન, જ્ઞાન, ચારિત્રના ત્રણ ભેદરૂપ કહેવો તે વ્યવહાર છે, અસત્યાર્થ છે.

જેતે ભેદ વિકલ્પ હૈં, તે તે સબ વિવહાર,
નિરાબાધ નિરકલ્પ સો, નિશ્ચયનય નિરધાર.

પર્યાય પોતે અંશ હોવાથી વ્યવહાર છે તેમાં વળી પર્યાયના ભેદ પાડવા તે તો બધાં વ્યવહાર છે. દર્શન, જ્ઞાન ને ચારિત્ર એવા ત્રણ પ્રકારને વ્યવહાર કહ્યાં છે. નિર્વિકલ્પ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ તો નિરાબાધ નિરભેદ છે તે નિશ્ચય છે એમ નક્કી કરીએ છીએ. ભેદ પાડીને સમજવું તે વ્યવહાર છે. અહીં રાગ કે નિમિત્તના વ્યવહારની વાત નથી, ફક્ત અભેદ તે નિશ્ચય અને તેમાં ભેદ પાડવો તે વ્યવહાર, એમ બન્નેનું યથાર્થ જ્ઞાન કરવું તે પ્રમાણજ્ઞાન છે.

★ રાગાદિથી ભિન્ન સહજ જ્ઞાન, સહજ આનંદ આદિ અનંત ગુણમય નિજ આત્માના ત્રિકાળી અખંડ ધ્રુવ સ્વરૂપનો ગુરુગમે અંતરમાં બરાબર નિર્ણય કરી, સૂક્ષ્મ ઉપયોગવાળો થઈ, જ્ઞાયકસ્વભાવમાં ઊંડું અવગાહન કર, દ્રવ્યસ્વભાવના પાતાળમાં પહોંચી જા. ત્યાં તને કોઈ અદ્‌ભુત અતીન્દ્રિય આત્માનુભૂતિ થશે. જ્યાં સુધી આત્મા યથાર્થપણે ખ્યાલમાં ન આવે ત્યાં સુધી ઉપયોગ સ્થૂલ છે; આત્મા ખ્યાલમાં આવે તે ઉપયોગ સૂક્ષ્મ છે. અગિયાર અંગનો પાઠી હોય પણ અંદર આત્માનું યથાર્થ સ્વરૂપ સાનુભવપૂર્વક ખ્યાલમાં ન આવે તો તેનો પણ સ્થૂલ ઉપયોગ છે. સ્થૂલ એવા વ્રતાદિના મંદ કષાયમાં તે અટકી ગયો છે, સૂક્ષ્મ એવા જ્ઞાનસ્વભાવની તેને પ્રતીતિ થઈ નથી.

*-પૂજ્ય ગુરુદેવશ્રી*

# સમલ-વિમલનો વિચાર પણ સમલપણું છે

(સળંગ પ્રવચન નં. ૨૪)

શ્રી નાટક સમયસાર શાસ્ત્રના જીવદ્વારનો આ ૧૮મો શ્લોક છે તેના ઉપર બનારસીદાસજીનું ૧૯મું પદ્ય આ પ્રમાણે છે.

जदपि समल विवहारसौं, पर्यय-सकति अनेक।
तदापि नियत-नय देखिये, सुद्ध निरंजन एक।।१९।।

આ પદ્યમાં નિશ્ચયનયથી જીવનું સ્વરૂપ બતાવ્યું છે.

જો કે વ્યવહારનયની અપેક્ષાએ આત્મા અનેક ગુણ અને પર્યાયવાળો છે તોપણ નિશ્ચયનયથી જોવામાં આવે તો આત્મા એક, શુદ્ધ, નિરંજન જ છે.

અહીં 'જો કે' કહીને વ્યવહારનું ગૌણપણું અને મંદપણું બતાવવું છે. જો કે દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિ અનેક ગુણો અને પર્યાયોથી આત્માને જોઈએ તો ભેદરૂપ વ્યવહાર છે એમ દેખાય છે. તોપણ, નિશ્ચયનયથી જોઈએ તો આત્માનો સ્વભાવ તો એકરૂપ અભેદ છે તે તો સર્વ ભાવાંતરનો નાશ કરવાના સ્વભાવવાળો છે.

અહીં આત્માને સંયોગથી જોવાની કે વિકલ્પથી જોવાની તો વાત જ નથી માત્ર ભેદથી જોઈએ તો ભેદ દેખાય છે. અનેકપણું છે એમ દેખાય છે તોપણ એકરૂપ અંતર-સ્વભાવની દૃષ્ટિએ જોઈએ તો આત્મા મેલ વિનાની એકરૂપ શુદ્ધ વસ્તુ છે. ભેદ અને વ્યવહાર તો અંજન છે તેનાથી રહિત આત્મા તો નિરંજન છે.

આવો મારગ છે ભાઈ! સંપ્રદાયની સાથે ક્યાંય મેળ ખાય તેવો આ મારગ નથી. વસ્તુસ્થિતિની જ જ્યાં ખબર નથી એવા સંપ્રદાયની સાથે મેળ ક્યાંથી ખાય! કોઈને વસ્તુનો પરિચય જ નથી.

વસ્તુમાં ભેદ પાડવો તે અંજન છે-મેલ છે-મેચક છે. અહીં રાગ-દ્વેષના મેલની વાત નથી. વસ્તુમાં ભેદ પાડવો તે મેલ છે એ વાત છે. આત્મા વસ્તુ મેલ વિનાની છે એમ નાસ્તિથી કહેવાય અને અસ્તિથી કહો તો આત્મા 'એક' છે. એ જ સમ્યગ્દર્શનનો વિષય છે. અભેદનું લક્ષ જ્યાં થાય છે ત્યાં ભેદનું લક્ષ છૂટી જાય છે તેથી અભેદને વ્યવહારના નાશ કરવાના



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

સ્વભાવવાળો કહેવાય છે.

सर्व भावांतरच्छिदे એટલે પોતાના એકરૂપ સ્વભાવથી જે અનેરાં-ભિન્ન છે એવાં વ્યવહાર, પર્યાય, ભેદ આદિનો આત્મા ધ્વંશ કરનારો છે. આત્મા તો અમેચક છે.

જ્ઞાનનો એક અંશ વ્યવહારને જુએ છે અને એક અંશ નિશ્ચયને જુએ છે. વ્યવહારથી જોનાર અંશમાં જો કે દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણરૂપે આત્મા દેખાય છે. तदपि नियत-नय देखिये તો આત્મા એકરૂપ નિત્ય અભેદ અવિનાશી છે. નિયતનય દેખિયે એટલે નિશ્ચયનયને પોતાને જોઈએ એમ નહિ પણ નિશ્ચયનયથી વસ્તુને જોઈએ તો વસ્તુ ધ્રુવ છે. ધ્રુવને જ અહીં નિશ્ચયનય કહી દીધો છે. અધ્યાત્મમાં નય અને નયના વિષયનો ભેદ રહેતો નથી.

જેને જન્મ-મરણનો નાશ કરવો હોય....પોતાની દૃષ્ટિમાં સ્વભાવની સિદ્ધિ કરવી હોય તેણે આ બધું જાણવું પડશે. આ જાણ્યા વિના બીજો કોઈ ઉપાય નથી.

નિશ્ચયનયથી જોઈએ તો આત્મા એક, શુદ્ધ, નિરંજન જ છે. एक एक एकतः વસ્તુદૃષ્ટિએ વસ્તુ એક જ છે, તેમાં ભેદ દેખાતો નથી. અભેદદૃષ્ટિમાં ભેદ દેખાતો નથી. અભેદમાં ભેદ દેખાય તો અભેદ રહેતું નથી.

બહુ ઝીણી વાત છે ભાઈ! ભગવાન....ભગવાન....રામ....રામ....રામ....નામની માળા જપવાથી આ કામ થાય તેવું નથી. અંતરમાં રમતો રામ એકરૂપ છે તેની દૃષ્ટિ કર તો આત્મસાક્ષાત્કાર થાય. આત્મા....આત્માના નામના રટણથી કાંઈ ન થાય. એ તો વિકલ્પ છે.

હવે ૧૯મા શ્લોકનું ૨૦મું પદ્ય કહે છે તેમાં શુદ્ધ નિશ્ચયનયથી જીવનું સ્વરૂપ બતાવ્યું છે.

एक देखिये जानिये, रमि रहिये इक ठौर।
समल विमल न विचारिये, यहै सिद्धि नहि और।।२०।।

અર્થ:-આત્માને એકરૂપ શ્રદ્ધવો અથવા એકરૂપ જ જાણવો જોઈએ તથા એકમાં જ વિશ્રામ લેવો જોઈએ, નિર્મળ-સમળનો વિકલ્પ ન કરવો જોઈએ. એમાં જ સર્વસિદ્ધિ છે, બીજો ઉપાય નથી.

વિકલ્પ વડે એકરૂપ આત્માને જાણી શકતો નથી, માટે આ આત્મા એક છે એમ નહિ પણ અનેક ભેદ ઉપરથી લક્ષ છૂટીને અંતરમુખ થાય એટલે વસ્તુ એકરૂપે જ દૃષ્ટિમાં આવે છે. 'આ એક છે' અને તેને હું પકડું છું એમ નથી. એમ હોય તો તો વસ્તુ એક અને તેને પકડનારી પર્યાય એ બેનો ભેદ પડી જાય છે.

www.vitragvani.com



વીતરાગનો માર્ગ એ જ માર્ગ છે બાકી બધાં થોથા છે.

'એક દેખિયે' એમ કહ્યું એટલે બધાં આત્માને એક માનવા એમ નથી કહ્યું. આત્મા પોતે એકરૂપ છે એમ જુઓ. જેમાં અનંત શક્તિ અને અનંત સામર્થ્ય છે એવો ભેદરૂપભાવ હોવા છતાં તેને અભેદ દેખો, એકરૂપ શ્રદ્ધાન કરો, ભેદ ઉપર લક્ષ ન રાખો.

एक देखिये जानिये रमि रहिये इक ठौर। આમાં દર્શન, જ્ઞાન અને ચારિત્ર ત્રણેય આવી ગયાં. ધ્રુવની શ્રદ્ધા, ધ્રુવનું જ્ઞાન અને ધ્રુવમાં રમવું તે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રછે.

અહા! પર તરફના લક્ષવાળો અણુવ્રત, મહાવ્રતાદિનો રાગ તો સ્થૂળ રાગ છે પણ નિજ એકરૂપ ધ્રુવ વસ્તુને જ્ઞાન, દર્શનાદિના ત્રણ પ્રકારે જોવી તે પણ વિકલ્પનું કારણ છે-રાગ છે. તેની ઉપર લક્ષ છે ત્યાં સુધી દૃષ્ટિમાં સમ્યક્તા આવતી નથી. માટે આ વસ્તુ એક છે અને અનેક છે, મેચક છે અને અમેચક છે એવા વિકલ્પ ન રાખવા.

વીતરાગ કહે છે તું મારી સામે જોવાનું છોડીને તું તારી સામે જો. તું પોતે ભગવાન છો. તું એમ ન માન કે આવી મોટી વાત મને કેમ બેસે! અનંતા જીવો આ વાત બેસાડીને મુક્તિ પામ્યા છે.

આત્મા એકરૂપ છે તેને ગુણ, પર્યાયના ભેદથી અનેકરૂપે જુઓ તો અનેકરૂપ છે એમ જોવું તે ભેદ છે, વ્યવહાર છે. મેચકપણું છે, કેમ કે તેને જોતાં વિકલ્પ ઉઠે છે અને જો તેમાં લાભ માને તો તો મિથ્યાત્વ થાય છે. માટે હું મેચક છું કે અમેચક છું તે કોઈ વિકલ્પ કરવા જેવા નથી. अलम्-બસ થાઓ! વિકલ્પોથી બસ થાઓ!!

સમયસારની ૧૪૨ ગાથામાં આવે છે કે આત્મા અમેચક છે અર્થાત્ શુદ્ધ છે અને પર્યાયથી મેચક છે અર્થાત્ ભેદરૂપ છે પણ તેથી શું! એવા વિકલ્પો કરવાથી શું હિત છે! કર્તા થઈને એવા વિકલ્પો કરે તે તો અજ્ઞાન છે. વિકલ્પ કરવા એ અજ્ઞાનીનું કાર્ય છે. કેમ કે, તેની દૃષ્ટિ રાગ અને ભેદ ઉપર છે તેથી વિકલ્પ કર્તા છે અને વિકલ્પ જ તેનું કાર્ય છે. જ્ઞાની તે વિકલ્પનું લક્ષ છોડીને એકરૂપ સ્વભાવની શ્રદ્ધા જ્ઞાનમાં રમે છે તે તેમની મુક્તિનું કારણ છે-એ જ મુક્તિનો ઉપાય છે-તેમાં જ સર્વ સિદ્ધિ છે કેમ કે તેનાથી જ શ્રદ્ધાથી માંડીને કેવળજ્ઞાન આદિ બધું થાય છે.

એક ભાઈ કહે કે, આવી શ્રદ્ધા, જ્ઞાન આદિ ન થાય ત્યાં સુધી અમારે કરવું શું?-ત્યાં સુધી તેનો પ્રયત્ન કરવો-સમજણ કરવી....પણ મૂળ તો તેને 'કરવું' દૃષ્ટિમાંથી છોડવું ગમતું



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

નથી. કાંઈક કરીએ તો કલ્યાણ થાય એમ માની રાખ્યું છે. પણ ભાઈ! 'કરવું' એ તો 'મરવું' છે. વિકલ્પ કરવો તે ભાવમરણ છે. અકર્તા થઈને આત્મામાં રહેવું તે જીવનું જીવન છે.

આત્માને દેખવો અને શ્રદ્ધવો તે તેનું જીવન છે. ચશ્માથી જોવું તો છોડ....આંખથી જોવું છોડ પણ એક સમયની પર્યાયથી પણ પરને જોવાનું છોડ....અંદરમાં ભગવાન આત્મા બિરાજે છે તેને જો! તેમાં દૃષ્ટિ સ્થાપ! તે શ્રદ્ધા જ સાચી છે.

**यहै सिद्धि नहि और।**-અંતરમુખ ચૈતન્યના ધ્રુવપણાની દૃષ્ટિ અને તેનો અનુભવ કરવામાં જ સર્વસિદ્ધિ છે કારણ કે તેનાથી જ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને કેવળજ્ઞાનની સિદ્ધિ થાય છે.

કૈલાશચંદજી પંડિત લખે છે કે કાનજીસ્વામીએ કામ કર્યું છે એવું કોઈએ કર્યું નથી. ભાઈ! અમે તો કાંઈ કર્યું નથી. કામ કરનાર તો અમે નહિ પણ એવા વિકલ્પના કરનારા પણ અમે નહિ, માત્ર આ પ્રભાવનાનું કાર્ય થયું તેમાં નિમિત્ત કોણ હતું તેનું જ્ઞાન કરાવવા એમ કહેવાય.

અભેદનો આશ્રય કરવાથી જ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને મુક્તિ થાય, બીજો કોઈ ઉપાય છે જ નહિ. ભેદ અને વિકલ્પથી આત્માને કાંઈ લાભ નથી.

ભાવાર્થ:-આત્માને નિર્મળ, સમળના વિકલ્પ રહિત એકરૂપ શ્રદ્ધવો તે સમ્યગ્દર્શન છે. નવતત્ત્વને જાણવાથી સમ્યગ્દર્શન છે એમ કહે છે પણ નવ તત્ત્વ જેમ છે તેમ જાણે તેની દૃષ્ટિ તો આત્મા ઉપર જ જાય. નવ તત્ત્વની ભેદથી શ્રદ્ધા કરે તેમાં કાંઈ નવીન નથી. એ તો અનાદિથી કરતો આવ્યો છે. કળશટીકામાં કહ્યું છે કે, નવતત્ત્વનો અનુભવ તે મિથ્યાત્વ છે.

તો પ્રશ્ન થાય કે મોક્ષમાર્ગપ્રકાશકમાં તો એમ કહ્યું છે કે 'નવતત્ત્વની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે.' ત્યાં એમ કહેવું છે કે એકરૂપ આત્માને જાણતાં, બીજા તત્ત્વો આત્મામાં નથી. એવું જ્ઞાન થાય છે તેમાં નવેય તત્ત્વનું જ્ઞાન આવી જાય છે. તેથી જ્ઞાનપ્રધાન કથનમાં તેને નવતત્ત્વની શ્રદ્ધા કહેવામાં આવે છે. એકરૂપ આત્માની અસ્તિનું જ્ઞાન થતાં તેમાં અજીવ અને આસ્રવ આદિની પર્યાયો નથી એવી નાસ્તિનું જ્ઞાન પણ સાથે જણાય છે.

જે પક્ષ પોતાને બંધાઈ ગયો હોય તેને છોડીને આ સમજવું બહુ આકરૂં પડે છે. પક્ષની ગંધ છોડવી આકરી છે. જેમ કેરોસીનના શીશાને ગમે તેટલો સાફ કરો પણ ગંધ જવી મુશ્કેલ છે અંતે તેજાબ નાંખીને ધોવો ત્યારે ગંધ જાય તેમ સંપ્રદાયની દૃષ્ટિ હોય તેને છોડીને આ દૃષ્ટિ

કરવી તે મોટું કામ છે. પહેલાં તો આ દૃષ્ટિ ખોટી છે અને આ સાચી છે એમ ભેદ પડે ત્યારે દૃષ્ટિ ફરે.

અહા! શાસ્ત્રનું જ્ઞાન એ પણ જ્ઞાન નથી. એકરૂપ અભેદ આત્માનું જ્ઞાન તે જ્ઞાન છે. અને એકરૂપ આત્મામાં સ્થિર થવું તે ચારિત્ર છે. પંચમહાવ્રતના વિકલ્પ ઊઠે છે તે ચારિત્ર નથી, એ તો વિકાર છે, દુઃખ છે, રાગ છે, દોષ છે, ઝેર છે. અભેદ નિજ આત્માની શ્રદ્ધા, જ્ઞાન અને તેમાં સ્થિરતા તે જ એક મોક્ષનો ઉપાય છે.

હવે અમૃતચંદ્ર આચાર્ય ૨૦મો શ્લોક કહે છે.

कथमपि समुपात्तत्रित्वमप्येकतायाः
अपतितमिदमात्मज्योतिरूद्‌गच्छदच्छम्।
सततमनुभवामोऽनन्त चैतन्य चिह्नम्
न खलु न खलु यस्मादन्यथा साध्यसिद्धिः।।२०।।

શુદ્ધ આનંદસ્વરૂપ ભગવાન આત્માનો અનુભવ તે મોક્ષમાર્ગ છે તે અનુભવની અહીં પ્રશંસા કરે છે. જ્ઞાન કેવું છે? કે અનંત છે. અનંત એટલે જેને કોઈ મર્યાદા નથી એવું એકરૂપ જ્ઞાન.

जाके पद सोहत सुलच्छन अनंत ग्यान,
विमल विकासवन्त ज्योति लहलही है।
यद्यपि त्रिविधरूप विवहारमैं तथापि,
एकता न तजै यौं नियत अंग कही है।।
सो है जीव कैसी हूँ जुगतिकै सदीव ताके,
ध्यान करिवेकौं मेरी मनसा उनही है।
जाते अविचल रिद्धि होत और भांति सिद्धि,
नाहीं नाहीं नाहीं यामैं धोखो नाहीं सही है।।२१।।

जाके पद....જેનું પદ જ્ઞાનરૂપ સુલક્ષણથી શોભે છે. સ્વભાવ અને સ્વભાવવાન એવા ભેદ પણ જેમાં નથી. એવી વસ્તુ શોભે છે. ચૈતન્યસૂર્ય જગમગ જગમગ થઈ રહ્યો છે. એકલો ચૈતન્યપ્રકાશ લહલહી રહ્યો છે. 'ચૈતન્યપ્રકાશ' એ પણ ભેદથી કથન છે. અરે! દર્શન, જ્ઞાન, ચારિત્રના ભેદ પણ જ્યાં પાલવતાં નથી તેને રાગ અને નિમિત્ત હોય તો જ્ઞાન થાય એ ક્યાંથી પાલવે! (ક્યાંથી પોસાય!)

વસ્તુમાં ગુણ અને પર્યાય તો છે છતાં તેના ભેદ પણ જેને ખટકે છે એવી વસ્તુ અભેદ અને એકાકાર છો, તેથી નિશ્ચયનય કહે છે આત્મા ક્યારેય ત્રણરૂપે થયો નથી. જે એકરૂપ છે તે જીવ છે. ભેદરૂપને જીવ ન કહેવો એમ કહે છે.

આ તો જીવદ્વાર છે ને! જીવદ્વાર એટલે જીવના સ્વરૂપનું કથન. જીવ કોને કહેવો?- કે જે એકરૂપતાને તજતો નથી તે જીવ છે. જ્યાં નજર એક ઉપર પડી ત્યાં એક વસ્તુ અને નજરનો પણ ભેદ નથી. એ એકતા કદી ભેદરૂપમાં આવતી નથી. એકરૂપ આત્મા કદી વ્યવહારરૂપે કે ભેદરૂપે કે અનેકરૂપે થયો જ નથી અને થતો નથી.

લોકો બહારની વિદ્વતાથી આત્માને અનેક રીતે માને છે પણ આમાં બહારની વિદ્વતાથી સમજાય તેવું નથી ભાઈ! આત્માએ કદી એકરૂપતા છોડી નથી ત્યાં એ પુદ્‌ગલની સહાય લે, વિકલ્પની સહાય લઈને કામ કરે કે વિકલ્પની સહાયથી જાણે એમ કેમ બને! એમ બનવું અશક્ય છે.

અહા! આત્મા વસ્તુ એકપણું છોડીને બેરૂપ થઈ નથી. ગુણી અને ગુણ એવા બે ભેદરૂપે પણ આત્મા થયો નથી. તેનું કોઈ પણ યુક્તિથી સદા ધ્યાન કરવા માટે મારું ચિત્ત ઉત્સાહી બન્યું છે. યુક્તિ એટલે અંતરમુખ પુરુષાર્થ કરવા હું જાગૃત થયો છું, નિરંતર મારું વલણ આત્મા તરફ જવા તૈયાર થઈ ગયું છે.

ધર્મીની દૃષ્ટિ નિરંતર એકરૂપ દ્રવ્ય ઉપર જ હોય છે. એવા ધર્મી કહે છે કે મારું મન આત્માનું ધ્યાન કરવા ઉત્સાહી થયું છે. વસ્તુ તરફની એકાગ્રતા અર્થાત્ ધ્યાન એ જ વસ્તુનો પ્રયત્ન અને પ્રતીત છે, તે નિરંતર ચાલે છે. ક્યારેય તેને ભેદની મુખ્યતા થઈ જતી નથી. નિશ્ચય જ સદૈવ મુખ્ય છે. કોઈ સમયે વ્યવહાર મુખ્ય નથી. આત્માના નિશ્ચય એકરૂપ સ્વરૂપનું ધ્યાન કરવા હું ઉત્સાહિત થયો છું-ध्यान करिबैंको मेरी मनसा उनही है।

ભેદ અને વ્યવહારને જીતે અને અભેદની દૃષ્ટિ કરે તે જૈન છે. કેમ કે જીવ સદાય અભેદ છે, જીવે ક્યારેય અભેદપણું છોડ્યું નથી.

जाते अविचल रिद्धि होत-અવિચલ રિદ્ધિ નામ મોક્ષ. અભેદના અનુભવથી મોક્ષ પ્રાપ્ત થાય છે. और भांति सिद्धि नाहीं नाहीं-બીજાં કોઈ ઉપાયથી મોક્ષ-પૂર્ણદશાની સિદ્ધિ થતી નથી. સ્વની એકતાના ઉત્સાહથી અવિચલ ઋદ્ધિ પ્રાપ્ત થાય છે. વ્યવહાર કે ભેદના લક્ષે સિદ્ધિ થતી નથી....નથી....નથી. એમ વારંવાર નથી કહીને કથનનું સમર્થન કર્યું છે.

www.vitragvani.com



આત્માની શ્રદ્ધા, આત્માનું જ્ઞાન અને આત્મામાં સ્થિરતા તેનાથી જ પૂર્ણતાની પ્રાપ્તિ છે. એકના આશ્રય સિવાય બીજો ઉપાય નથી....નથી....નથી. આમાં ધોખો અર્થાત્ કોઈ શંકા નથી. આ વાત બિલકુલ સત્ય છે. એક આત્માના આશ્રયે જ શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર છે.

★ હું લાયક નથી...લાયક નથી એમ એના નકારે વાત અટકી છે. પણ એને અંદરથી એમ આવવું જોઈએ કે હું આ ક્ષણે જ પરમાત્મા થવાને લાયક છું એવો અંદરથી વિશ્વાસ આવવો જોઈએ. આ વાતની જે હા પાડે છે, અંદરથી હકાર આવે છે, તે જીવને રાગથી છૂટો પડવાની શરૂઆત થઈ ગઈ છે, છૂટો પડતો જાય છે એટલે નૈગમનયે છૂટો પડી ગયો તેમ શાસ્ત્રમાં કહ્યું છે.

★ પ્રાપ્ય, વિકાર્ય ને નિર્વર્ત્ય એવું વ્યાપ્યલક્ષણવાળું પુદ્ગલદ્રવ્યના પરિણામસ્વરૂપ કર્મ એટલે કે ભક્તિ, પૂજા, દયા, દાન આદિના શુભ પરિણામો તેની આદિ-મધ્ય-અંતમાં પુદ્ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને પરિણમે છે, ગ્રહણ કરે છે ને ઊપજે છે. આહાહા! રાગાદિ પરિણામમાં પુદ્ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને રાગરૂપે પરિણમે છે, રાગને ગ્રહણ કરે છે, રાગરૂપે ઊપજે છે. જીવ એ રાગની આદિ-મધ્ય-અંતમાં વ્યાપક થઈને પરિણમતો નથી, ગ્રહણ કરતો નથી કે રાગરૂપે ઊપજતો નથી. કેમ કે જીવ તો એકલો જ્ઞાયકભાવ સ્વરૂપ છે, એ જ્ઞાયકભાવ દયા-દાન-ભક્તિ આદિ રાગરૂપ એવા પુદ્ગલકર્મને કેમ કરે? ભક્તિ-વિનય-વૈયાવ્રત આદિના ભાવની આદિ-મધ્ય-અંતમાં પુદ્ગલદ્રવ્ય વ્યાપક થઈને રાગને કરે છે. આહાહા! ત્રણલોકનો નાથ ચૈતન્યસ્વભાવ એ રાગાદિ પરિણામને કરતો નથી. જ્ઞાયક પ્રભુ એ રાગાદિ પરિણામમાં વ્યાપતો નથી. ચારિત્રમોહની નબળાઈથી પણ જીવ રાગાદિભાવને કરતો નથી-એમ અહીં એકલા દ્રવ્યસ્વભાવને સિદ્ધ કરવો છે. અરે પ્રભુ! ક્યાં તારી મહાનતા ને ક્યાં વિભાવની તુચ્છતા? તુચ્છ એવા વિભાવભાવ તારાથી કેમ થાય? તું તો જાણનસ્વભાવી છો. તારાથી વિકાર કેમ થાય? આહાહા! દ્રવ્યદૃષ્ટિના સમયસારના કથનો અલૌકિક છે.

*-પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ*



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

## જન્મ-મરણના અંતનો એક જ ઉપાય ''ભેદવિજ્ઞાન''

(સળંગ પ્રવચન નં. ૨૫)

શ્રી નાટક સમયસાર શાસ્ત્ર છે. તેમાં આ જીવદ્વારનો ૨૧મો શ્લોક છે. તેના ઉપર બનારસીદાસજીનું ૨૨મું પદ્ય છે. તેમાં જ્ઞાતાની અવસ્થા કેવી હોય છે તે બતાવી છે.

कै अपनौं पद आप संभारत,
    कै गुरुके मुखकी सुनि वानी।
भेदविज्ञान जग्यौ जिन्हिकै,
    प्रगटी सुविवेक-कला रसधानी।।
भाव अनंत भये प्रतिबिंबित,
    जीवन मोख दसा ठहरानी।
ते नर दर्पन ज्यौं अविकार,
    रहै थिररूप सदा सुखदानी।।२२।।

અર્થઃ-પોતાની જાતે પોતાનું સ્વરૂપ સંભાળવાથી અથવા શ્રીગુરુના મુખારવિંદ દ્વારા ઉપદેશ સાંભળવાથી જેમને ભેદજ્ઞાન જાગૃત થયું છે અર્થાત્ સ્વ-પર વિવેકની જ્ઞાનશક્તિ પ્રગટ થઈ છે તે મહાત્માઓને જીવનમુક્ત અવસ્થા પ્રાપ્ત થઈ જાય છે. તેમના નિર્મળ દર્પણ જેવા સ્વચ્છ આત્મામાં અનંતભાવ ઝળકે છે પરંતુ તેનાથી કાંઈ વિકાર થતો નથી. તેઓ સદા આનંદમાં મસ્ત રહે છે.

આત્માનો સ્વભાવ અતીન્દ્રિય જ્ઞાન અને આનંદસ્વરૂપ છે પણ આવા સ્વરૂપનું એને અનાદિથી વિસ્મરણ થઈ ગયું છે અને પુણ્ય-પાપના ભાવ 'હું' અને તેના ફળથી મળતી ચારગતિ તે મારી છે એવું મનાઈ ગયું છે. તે અજ્ઞાનીનો મોટો ભ્રમ-અજ્ઞાન અને પાખંડ છે, પોતાનું પદ તો શુદ્ધ ચૈતન્ય જ્ઞાનાનંદ છે. એ નિજપદને ભૂલીને શરીર, લક્ષ્મી, આબરૂ-કીર્તિ તે મારી છે, શુભ-અશુભભાવ મારા છે એમ માનીને જીવો અનાદિથી અજ્ઞાનથી દુઃખી છે. પોતાના સ્વરૂપની હિંસા કરીને પરમાં સુખની કલ્પના કરે છે આમ, સર્વજ્ઞ તીર્થંકર ત્રિલોકનાથ પરમાત્મા કહે છે.

"મૈં જ્ઞાનાનંદ સ્વભાવી હૂં..." એ ભક્તિ વાંચીને વિચાર આવ્યો હતો કે હું જ્ઞાનાનંદસ્વભાવી છું એવું ભાન થાય ત્યારે તે જ્ઞાનાનંદ સ્વભાવી છે. માત્ર ઓઘે ઓઘે જ્ઞાનાનંદસ્વભાવી માને તેનાથી લાભ નથી. હું જ્ઞાનાનંદ સ્વભાવી છું એવું ભાન ક્યારે થાય? કે જ્યારે પુણ્ય-પાપભાવોની રુચિ છોડી, જ્ઞાનાનંદ સ્વભાવની દૃષ્ટિ કરી વ્યક્ત અંશમાં જ્ઞાનાનંદ પ્રગટ કરે ત્યારે એ દ્વારા હું જ્ઞાનાનંદ સ્વભાવી છું એવું ભાન થાય તેને જ સમ્યગ્દૃષ્ટિ અને જૈનનું પ્રથમ સોપાન ચડ્યો કહેવાય છે. ધર્મનો પ્રથમ એકડો જ એ છે. વસ્તુએ તો આત્મા ત્રણેકાળ સિદ્ધ સમાન જ છે તેને દૃષ્ટિમાં લેવો.

જે ચીજ તારી હોય તે તારાથી જુદી કેમ હોય! ચાલીશ લાખનું મકાન મારું છે એમ માને છે પણ એ તો પરમાણુનું છે. તારું ક્યાં હતું! આ કરોડોપતિ દીકરા પણ તારા ક્યાં હતા? અંદરમાં જ્ઞાન ને આનંદ ભર્યો છે એ તારા છે. તેને ક્યાંય બહારથી લાવવા પડતાં નથી પણ અનાદિથી મિથ્યાત્વની ઉલટી ભ્રમણાથી બહારમાં સુખની કલ્પના કરીને સ્વરૂપનો ઘાત કરે છે.

અહીં કહે છે, અનાદિથી નિજપદને ભૂલ્યો હતો તે હવે દૃષ્ટિને અંતરમાં વાળીને નિજસ્વરૂપની સંભાળ કરે છે-સ્મરણ કરે છે. અહો! મારું તો આ જ્ઞાનાનંદ સ્વરૂપ છે-એવા સ્વરૂપને અનુભવે છે તેને સમ્યગ્દૃષ્ટિ-ધર્મી અથવા સુખના પંથે ચડેલો કહેવાય છે, બાકી બધાં-પરમાં સુખની કલ્પના કરનારા દુઃખના પંથે પડેલા છે. કેમ કે જેમ બાળક લાકડીને ઘોડો માને તેથી શું એ ઘોડો ચાલવામાં કામ આવે! તેમ પરમાં સુખ માનવાથી સુખ મળી જાય? અરે, એ તો અજ્ઞાનની મૂર્ખાઈ છે.

ભગવાન કહે છે ભાઈ! આ શરીર તો તારું નથી પણ આ શુભાશુભભાવ પણ તારા નથી. તું તો શરીર અને વિભાવથી રહિત છો પણ તેની સંભાળ આડે તે કદી તારા નિજપદની સંભાળ લીધી નથી. જે તારું નથી એવા શરીર, લક્ષ્મી આદિને સંભાળવા રોકાઈ ગયો પણ તારા નિધાનને તેં કદી સંભાળ્યું નથી.

**कै अपनौं पद आप संभारत, कै गुरुके मुखकी सुनी वानी।** ભેદજ્ઞાન કોઈને પોતાની જાતે પોતાનું સ્વરૂપ સંભાળવાથી થાય છે અને કોઈને શ્રીગુરુનો ઉપદેશ સાંભળવાથી થાય છે. પૂર્વના સંસ્કાર જાગૃત થઈ જવાથી સ્વયં ભેદજ્ઞાન થાય છે તે નૈસર્ગિક સમ્યગ્દર્શન છે અને ગુરુ-ઉપદેશના નિમિત્તે ભેદજ્ઞાન થાય છે તે અધિગમજ સમ્યક્ત્વ છે. એ ગુરુની વાણી કેવી હોય? કે રાગ અને વિકલ્પથી આત્માને ભિન્ન બતાવે એવી ગુરુને વાણી હોય છે. આત્મજ્ઞાની સાચા સંત-ગુરુ એમ કહે છે, ભાઈ! આ તને જે હિંસા, જૂઠ, ચોરી આદિના અશુભ વિકલ્પ

છે, દયા, દાન, વ્રત, ભક્તિ આદિના શુભ વિકલ્પ ઊઠે છે તેનાથી તારી જ્ઞાનાનંદ જ્યોતિ જુદી છે. માટે તેનાથી ભેદજ્ઞાન કર! શુભાશુભ બંને ભાવથી તું તને જુદો જાણ!

અરે, આ સત્ય વાત જેના કાને ન પડે અને જીવતર આમ ને આમ બહારની રુચિમાં ચાલ્યા જાય તેના અવતાર તો ગલૂડિયાં અને કાગડા જેવા છે. જિનેશ્વરનો માર્ગ જેણે સાંભળ્યો નથી, તેની વિધિ શું તેની જેને ખબર નથી તેને સમજણમાં ક્યાંથી આવે! એના મનુષ્યભવ તો વ્યર્થ ચાલ્યા જશે. પૂર્વે અનંતવાર આ જીવે આ રીતે મનુષ્યભવ ખોયાં છે.

શરીર, વાણી અને મન તો રૂપી છે અને આત્મા તો અરૂપી છે. આત્મા શરીરનો હોય તો આત્મા રૂપી હોવો જોઈએ અથવા શરીર, વાણી, મન આત્માના હોય તો તે અરૂપી હોવા જોઈએ. શરીર જડનું થઈને રહ્યું છે અને જીવ તો જીવ છે, લક્ષ્મી જડ છે તેને જીવની કેમ મનાય! દેહ, વાણી, મન, લક્ષ્મી આદિથી ભેદજ્ઞાન કરીને જુદા પાડે છે તે સમકિતી છે. ભેદજ્ઞાન એટલે બે જુદા પદાર્થને જુદા જાણવા તે ભેદજ્ઞાન છે. એક આત્મા છે બીજા પદાર્થ જડ છે. આત્મા જ્ઞાનાનંદમય છે, રાગ-વિકાર દુઃખરૂપ છે, આત્મા જ્ઞાનમય છે, રાગાદિ અજ્ઞાનમય ભાવ છે આમ જુદાં સ્વરૂપવાળા તત્ત્વને જુદાં જાણવા તે ભેદજ્ઞાન છે. આ જિનેશ્વરદેવે સમવસરણમાં અસંખ્ય દેવો અને સો ઈન્દ્રોની ઉપસ્થિતિમાં કહેલી વાત છે. ૩૨ લાખ વિમાન કે જેમાં એક એકમાં અસંખ્ય તો દેવ છે એવા દેવલોકના સ્વામી શક્રેન્દ્ર અને ઈશાન ઈન્દ્રની હાજરીમાં ભગવાને ફરમાવેલી આ વાત છે. ગુરુની વાણી હો કે તીર્થંકરની વાણી હો તેમાં 'ભેદજ્ઞાન' આવ્યું છે. ભગવાનનો આ ધર્મ છે ભાઈ! તને ખબર નથી.

પરથી ભિન્ન પડીને પોતાનું જ્ઞાન થતાં પરનું પણ જ્ઞાન યથાર્થ થાય છે કે આ રાગાદિ મારી ચીજ નથી. આ જ્ઞાન તે ભેદજ્ઞાન છે.

**भेदविज्ञान जग्यौ जिन्हिकै, प्रगटी सुविवेक-कला-रसधानी।** અનાદિથી રાગ, પુણ્ય ને વિકલ્પ આદિ મારા છે એવું અભેદજ્ઞાન-અજ્ઞાન હતું. હવે જેને ગુરુ ઉપદેશથી અથવા સ્વયં બોધ પ્રાપ્ત થવાથી રાગાદિથી ભેદજ્ઞાન થયું, ચૈતન્ય ઝળહળ જ્યોતિના નૂરના પૂરનો અનુભવ થયો તેને સુવિવેક જાગૃત થઈ ગયો, ભેદજ્ઞાન વિના માત્ર ઓઘે માને તેને આવો વિવેક ન પ્રગટે. ઓઘે એટલે વસ્તુ જોયા વિના તેનો વિશ્વાસ આવી ગયો માને છે તે બધાં ઓઘે ઓઘે માને છે. જ્ઞાનાનંદ સ્વરૂપની સત્તાનો સ્વીકાર ક્યારે થાય કે જ્યારે જ્ઞાનાનંદ સ્વરૂપની સત્તાને સ્પર્શે-તેના અંશનો અનુભવ થાય-તેમાં એકાકાર થાય ત્યારે સ્વરૂપની યથાર્થ શ્રદ્ધા, જ્ઞાન અને અનુભવ થયો કહેવાય. એ પહેલાં માર્ગની સમજણ કરે કે વીતરાગ તીર્થંકર પરમાત્માનો

www.vitragvani.com



કહેલો માર્ગ આ પ્રમાણે જ છે, બીજી રીતે નથી.

અનાદિથી મૂઢ પોતાને પુણ્ય-પાપના ફળનો સ્વામી માનતો હતો તેણે જાણ્યું કે હું તો અરિહંત અને સિદ્ધ જેવો આત્મા છું. મારામાં તો તેમના જેવા જ્ઞાન ને આનંદ છે. એમ જાણી એવા પોતાના સ્વરૂપની સન્મુખ થઈ પોતાના જ્ઞાનાનંદનો વ્યક્તપણે અંશે અનુભવ કરે ત્યારે તેને આત્મા જ્ઞાનાનંદ સ્વભાવી છે તેની સાચી પ્રતીતિ થઈ કહેવાય. બાકી જ્ઞાનાનંદની વાતો કરવાથી જ્ઞાનાનંદ થતાં નથી. રાગની એકતા તૂટીને જ્ઞાનાનંદ સ્વરૂપની એકતા થતાં એ તો ચૈતન્યરાજા થઈ ગયો. એને ચૈતન્યની રાજધાની મળી ગઈ. અનાદિથી પોતાને રાગનો રાજા માનતો હતો એ તો ભિખારીપણું હતું.

૧૯૮૧-૮૨ની સાલમાં લીંબડીમાં ત્યાંના રાજા વ્યાખ્યાન સાંભળવા આવેલાં. એ રાજા કહે, મહારાજ! પૈસાવાળાનો ધર્મમાં કેટલો અધિકાર છે? તેને કીધું, જુઓ! ધર્મમાં પૈસાવાળાનો કાંઈ અધિકાર નથી. પૈસા તો જડ છે અને પૈસા મારા છે એવું લક્ષ જાય છે તે તો પાપ છે અને કદાચિત્ પૈસાના દાનાદિનો ભાવ આવે છે તે પુણ્ય છે. તેમાં ક્યાંય ધર્મ નથી.

વીતરાગનો માર્ગ અલૌકિક છે ભાઈ!

પૈસા હોય તેથી આત્માને શું? પૈસા મારા છે એવી માન્યતા તો અનંત દુ:ખને દેનારી છે. વળી કેટલાક તો એવું માને છે કે અમે કાંઈ પૈસા માટે કારખાના ચલાવતાં નથી, લોકોને રોજી મળે એ માટે ચલાવીએ છીએ. એ તો એકલું મિથ્યા અભિમાન સેવે છે. ધર્મીને એવા મમત્વ અને અભિમાન હોતા નથી. એ ભલે મોટાં ચક્રવર્તીના રાજમાં હોય કે દેવલોકના ઇન્દ્ર હોય પણ રાજને, પૈસાને કે ઇન્દ્રપદને પોતાના માનતાં નથી. અરે! શુભવિકલ્પને પણ મારો માનતા નથી.

જેમ ચંદ્રમામાં પહેલાં બીજ ઊગે અને પછી વધતાં પૂનમ થાય છે તેમ ભેદજ્ઞાન એ કેવળજ્ઞાનરૂપી પૂનમની પ્રથમકળા છે. જ્ઞાનીને આવી સુવિવેકકળાનો રસ પ્રગટ થઈ ગયો છે. **भाव अनंत भये प्रतिबिंबित**-આત્મા નિજધર્મને પામે છે. રાગની વૃત્તિથી ભિન્ન સમ્યગ્જ્ઞાન થતાં તેનું જ્ઞાન નિર્મળ થાય છે. તેમાં જગતના પદાર્થો જણાય છતાં તે જ્ઞાન મેલું થતું નથી.

ભરત ચક્રવર્તીને ૯૬ હજાર રાણી હતી, ૯૬ કરોડ પાયદળ હતું, ૪૮ હજાર પાટણ હતાં. ૭૨ હજાર નગર હતાં; એક કરોડ હળ હતા છતાં એ જાણતા હતાં કે એ મારાં નહિ અને હું એનો નહિ. જ્યાં હું છું ત્યાં આ બધું નથી અને આ છે ત્યાં હું નથી, આવું ભેદજ્ઞાન



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

જેને થાય છે તેને સમકિતી અને ધર્મી કહેવાય છે. એવા જીવોને જીવનમુક્ત દશા પ્રાપ્ત થઈ જાય છે એટલે કે જીવતો હોવા છતાં તે અંતરમાં મુક્ત છે. સંયોગ આયુષ્ય પુણ્ય-પાપના રાગ આદિ હોવા છતાં સમકિતી તેનાથી મુક્ત છે. સંયોગ આદિ જ્ઞાનમાં જણાય છે પણ તેમાં ધર્મીને મારાપણું થતું નથી. जीवन मोख दसा ठहरानी-સંયોગ અને રાગ તથા આયુષ્ય હોવા છતાં ધર્મી તેનાથી મુક્ત છે.

આ વાત લોકોને એલ.એલ.બી. ભણવા જેવી મોટી આકરી લાગે છે પણ આ તો ધર્મનાં પ્રથમ એકડાની વાત છે. એલ.એલ.બી. જેવી વાત તો હજુ દૂર છે.

શરીર, રાગ અને વિકલ્પથી ભિન્ન છું એનું ભાન થતાં ધર્મીને અનંત પદાર્થો જ્ઞાનમાં જણાય તો છે પણ 'મારાં છે' એમ મનાતું નથી કેમ કે જ્ઞાનમાં જાણવાનો તો એનો સ્વભાવ છે પણ મમતા કરવાનો સ્વભાવ નથી. જેમ અરીસામાં તેની નિર્મળતાના કારણે અગ્નિ, બરફ, નાળિયેર, કોલસા આદિ સર્વ પદાર્થ ઝળકે છે તેથી અરીસો કાંઈ ઉષ્ણ કે મેલો થઈ જતો નથી. તેમ જ્ઞાનરૂપી અરીસાની નિર્મળતાના કારણે અનંત પદાર્થો જ્ઞાનમાં જણાય છે પણ તેથી જ્ઞાન કાંઈ મેલું થઈ જતું નથી. रहै थिररूप सदा सुखदानी। ધર્મીને શરીરમાં હલન-ચલનની, વાણીની, મનની રાગની ક્રિયામાં ફેરફારો થવા છતાં ધર્મી સદા સ્થિરરૂપ-સુખરૂપ રહે છે. શરીરને હું ચલાવું છું, હું બોલું છું એ આદિ માન્યતા ધર્મીને થતી નથી. એવી બુદ્ધિ રહે છે કે, હું શરીરને ચલાવું છું. એ તો મિથ્યાદૃષ્ટિ છે. હું જ્ઞાનાનંદસ્વરૂપ છું એવું ભાન થયું તે જીવ સદા સુખી જ રહે છે-આનંદમાં જ છે. વિકલ્પથી તે મુક્ત છે.

સમ્યગ્દર્શન એ કોઈ સાધારણ ચીજ નથી. સમ્યગ્દર્શન થયું એટલે તે સુખમાં જ છે. આબાલ-ગોપાલ માને છે એવી સાધારણ ચીજ આ નથી. પુણ્ય-પાપના રાગથી ભિન્ન પડ્યો તે સુખમાં જ છે, દુઃખમાં નથી. દુઃખ તો વિકારમાં છે, વિકાર એ જીવનું સ્વરૂપ નથી. તેનાથી ભિન્ન જ્ઞાની સદા આનંદમાં મસ્ત રહે છે.

આ ૨૨મું પદ્ય થયું. હવે ૨૨મા શ્લોક ઉપર ૨૩મુ પદ્ય કહે છે. તેમાં બનારસીદાસજી 'ભેદવિજ્ઞાનની મહિમા' ગાય છે. જેને વિકલ્પમાત્ર દુઃખરૂપ ભાસ્યા છે તેનાથી પોતાના આત્માને ભિન્ન જાણ્યો છે એવા ભેદજ્ઞાનની આ મહિમા છે.

याही वर्तमानसमै भव्यनिकौ मिटौ मोह,
लग्यौ है अनादिकौ पग्यौ है कर्ममलसौं।

www.vitragvani.com



उदै करै भेदज्ञान महा रुचिकौ निधान,
उरकौ उजारौ भारौ न्यारौ दुंद-दलसौं।।
जातैं थिर रहै अनुभौ विलास गहै फिरि,
कबहूं अपनपौ न कहै पुदगलसौं।
यहै करतूति यौं जुदाई करैं जगतसौं,
पावक ज्यौं भिन्न करै कंचन उपलसौं।।२३।।

આ તો વીતરાગ પરમેશ્વરનું આપેલું માખણ છે.

અર્થઃ-આ સમયે જ ભવ્ય જીવોનો અનાદિકાળથી લાગેલો અને કર્મમળથી મળેલો મોહ નષ્ટ થઈ જાવ. એ નષ્ટ થઈ જવાથી હૃદયમાં મહાપ્રકાશ કરનાર, સંશયસમૂહને મટાડનાર દૃઢ શ્રદ્ધાનની રુચિસ્વરૂપ ભેદવિજ્ઞાન પ્રગટ થાય છે. એનાથી સ્વરૂપમાં વિશ્રામ અને અનુભવનો આનંદ મળે છે તથા શરીરાદિ પુદ્‌ગલ પદાર્થોમાં કદી અહંબુદ્ધિ રહેતી નથી. આ ક્રિયા તેમને સંસારથી એવી રીતે ભિન્ન કરી નાંખે છે જેમ અગ્નિ સુવર્ણને કિટ્ટિકા (પથ્થર)થી ભિન્ન કરી દે છે.

ભવ્યજીવોનો અનાદિકાળથી લાગેલો મોહ આ આ સમયે જ નષ્ટ થાઓ. પ્રથમ તો, વસ્તુનું સ્વરૂપ આમ છે એમ સમજમાં તો લો. મારગ આ જ છે, બીજો કોઈ મુક્તિનો માર્ગ નથી એમ સમજમાં લો તો પછી માર્ગ ઉપર ચાલે. પરલક્ષી સમજમાં પણ જે આ વાત લેતો નથી તે આગળ ન જઈ શકે.

पग्यौ है कर्ममलसौं। અનાદિથી કર્મના નિમિત્તમાં પોતાપણું માનીને મિથ્યાત્વને સેવતો હતો તે હવે કર્મ અને મિથ્યાત્વને આત્માથી જુદાં જાણતાં મોહ નષ્ટ થઈ જાય છે.

એક મુમુક્ષુનો દીકરો પરદેશ રહે છે તેને પૈસો ને વૈભવ અને બાગબગીચા આદિ એટલા છે કે રજવાડું જોઈ લો પણ એ અહીં અમારી પાસે આવે ત્યારે રડે છે કે! અરે અમે ક્યાં પડ્યા છીએ. ત્યાં આપનું નામ સાંભળતાં પણ અમારાથી રોવાય જાય છે. (એટલો વિરહ લાગે છે)....બીજાંને એમ લાગે કે ઓહો! કેટલો વૈભવ છે! પણ એ વૈભવ નથી-ધૂળ છે. તેમાં ક્યાંય સુખ નથી. પૂર્વના પુણ્યને કારણે એ ધનાદિ-વૈભવ-ધૂળ દેખાય છે પણ એ જીવની ક્યાં હતી? એના મોહથી તો ઉલટો જીવ દુઃખી થાય છે, તેનાથી ભેદજ્ઞાન કરે, રાગની એકતા તોડે તો સુખી થાય.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

અનાદિથી અજ્ઞાનીને જે જ્ઞાન રાગની એકતામાં રોકાયેલું હતું તે હવે રાગના વિકલ્પથી ભિન્ન પડે છે એવા પ્રથમમાં પ્રથમ સમકિત પ્રાપ્ત કરનારની વાત ચાલે છે. મુનિ અને કેવળીની વાત તો કોઈ અદ્‌ભુત અલૌકિક છે. અહીં તો ચોથા ગુણસ્થાનની વાત છે.

**उदै करै भेदज्ञान महा रुचिकौ निधान**, મોહ નષ્ટ થઈ જવાથી હૃદયમાં મહાપ્રકાશ કરનાર, સંશયસમૂહને મટાડનાર, દૃઢ શ્રદ્ધાનની રુચિસ્વરૂપ ભેદવિજ્ઞાન પ્રગટ થાય છે જ્ઞાનાનંદનો દરિયો-મહાપ્રભુની રુચિ થઈ, રાંક એવા રાગની રુચિ હતી તે ગઈ અને મોટા મહાનિધાનસ્વરૂપ નિજઆત્માની રુચિ થઈ, ભેદવિજ્ઞાન પ્રગટ થયું-ચૈતન્યનો પ્રકાશ અનુભવમાં આવ્યો ત્યારે તેને સમકિતી કહેવાય છે તેને ત્યારથી જ સંશયાદિ દોષ મટી જાય છે, પુણ્ય-પાપના વિકલ્પના દ્વંદથી જુદો પડી જાય છે.

આ ભગવાનની કહેલી વાત છે, ન્યાયથી બધું કહેવાય છે. તેની તું તુલના કર, સમજણ કર તો તને ખબર પડે કે આ જ માર્ગ છે. જેને જન્મ-મરણના દુઃખથી મુક્ત થવું હોય તેણે આવું સમ્યક્ત્વ પ્રગટ કર્યે છૂટકો છે. બાકી ચોરાશીના અવતારમાં ધોકા ખાઈને અનાદિથી રખડ્યો છે. અનંતવાર અબજોપતિ શેઠિયો પણ થયો અને સો વાર માંગે ત્યારે કોળિયો ખાવાનું મળે એવો ભિખારી પણ અનંતવાર થયો. આ બધી કર્મની રમત છે, એ કાંઈ આત્માનું સ્વરૂપ નથી. આત્માનું સ્વરૂપ સમજીને અનુભવ કરતાં તો સ્વરૂપમાં વિશ્રામ મળે છે, અનુભવનો આનંદ મળે છે, પુણ્ય-પાપનું દ્વંદ અને શરીરાદિ પુદ્‌ગલમાંથી અહંબુદ્ધિ છૂટી જાય છે.

**जातैं थिर रहै अनुभौ विलास गहै....** વિકલ્પથી જુદો પડી, સ્વરૂપનો અનુભવ કરી તેમાં સ્થિર થઈ ધર્મી અનુભવનો વિલાસ કરે છે. હવે ફરીને તે કદી શરીરાદિમાં મમત્વ કરતો નથી, રાગને મારો માનતો નથી.

આ તો 'કાજળની કોટડીમાં રહેવું અને પગને ડાઘ લાગવા દેવો નહિ' એના જેવી વાત કોઈને લાગે પણ એમ નથી. આ તો 'આનંદની કોટડીમાં રહેવું અને રાગનો લેપ લાગવા દેવો નહિ' એની વાત છે. આ ધર્મી થયો તેની વાત છે. અજ્ઞાનીની વાત નથી. અજ્ઞાનીને તો શરીરની અને રાગની ક્રિયાથી હું ભિન્ન છું એ ભાન નથી એટલે સાધુ થઈને ઘણી ક્રિયા કરે તોપણ દુઃખી જ છે. અજ્ઞાની તો બધાં મરી ગયેલાં સમાન છે. અનંતકાળમાં ક્યારેય જીવતો થયો નથી. અષ્ટપાહુડમાં કહ્યું છે કે, રાગથી ભિન્ન ભગવાન આત્માનો જેને અનુભવ નથી તે ચાલતાં મડદાં છે. ઓલાં મડદાને બીજાં ઉપાડીને લઈ જાય અને આ ચાલે છે પણ જીવતાં

જીવના ભાન વગરના બધાં મડદાં જ છે. આ જીવદ્વારમાં પણ આગળ ૨૭મા પદ્યમાં આવશે કે જિનપદ શરીરમાં નથી, જિનપદ ચેતનાર એવા ચેતનમાં છે.

પુણ્ય-પાપના વિકલ્પ પણ જડ છે, અચેતન છે તેને ધર્મી પોતાના માનતા નથી. અજ્ઞાનીને અનંતકાળમાં બધું કર્યું છે, એક આ 'સમ્યગ્દર્શન' કર્યું નથી તેથી બહુ મોઘું લાગે છે પણ જેણે આ કરી લીધું એવા ધર્મી તો અનુભવનો વિલાસ કરે છે. લોકો કામકાજ પતાવી ખુલ્લામાં ખુરશી નાંખીને ભેગા થઈને બેસે, ગપ્પા મારે અને નાસ્તા ઉડાવે તેમાં વિલાસ માને છે પણ તેમાં સુખ નથી. કોઈ અભિનંદન આપે તેમાં સુખ માને પણ આબરૂમાં સુખ ક્યાં છે! પૂર્વના પુણ્યના રજકણ હતાં તે આવીને બળી ગયા તેમાં તારાં ભાગમાં શું આવ્યું! પૂર્વે એકેન્દ્રિયાદિમાં કાંઈક શુભભાવ થયા હશે તેથી શાતાકર્મ બંધાઈને પડ્યા હતા તેનો પાકકાળ આવતાં એવી સોગઠી ગોઠવાઈ ગઈ કે પાંચ-પચ્ચીશ કરોડ રૂપિયા ભેગા થયેલાં દેખાય છે પણ એ તો જડમાં ભેગા થયા છે. તું તો ચૈતન્ય છો તને તો એ સ્પર્શ્યા પણ નથી. છોકરાની વચ્ચે બંગલામાં બેઠા હો ત્યારે આ યાદ આવે ખરુ!

જે ધર્મી થયા તે હવે આદિ અનંતકાળ પુદ્‌ગલને પોતાના નહિ માને. પરમાં સુખ નહિ માને. સુખ માને છે એ તો અજ્ઞાનીની કલ્પના છે. વાસ્તવમાં શરીરમાં, પૈસામાં કે વૈભવમાં જીવનું સુખ ક્યાંથી હોય! અજ્ઞાની અજ્ઞાનથી પરમાં સુખ માનીને મિથ્યાત્વને સેવે છે અને પછી દયા, દાનાદિના શુભભાવ અને ક્રિયા કરીને તેનાથી ધર્મ માને છે પણ એ ક્રિયા જીવની નથી. તો જીવની સાચી ક્રિયા કઈ છે?

**यहै करतूति यौं जुदाई करै जगतसौं....।** આખા જગતથી જે ક્રિયા જીવને જુદો પાડે છે એ જીવની સાચી ધાર્મિક ક્રિયા છે. આ ક્રિયા ધર્મીને પુણ્યના વિકલ્પથી માંડીને આખા સંસારથી એવી રીતે ભિન્ન કરી નાંખે છે જેમ અગ્નિ સુવર્ણને પથ્થરથી ભિન્ન કરી નાંખે છે. ખાણમાંથી પથ્થર સહિત સોનું નીકળે છે તેને અગ્નિમાં તપાવતાં સોનું પથ્થરથી જુદું પડી જાય છે તેમ અનાદિથી આત્મા પુણ્ય-પાપ સહિત દેખાતો હતો તે ભેદવિજ્ઞાનની ક્રિયા વડે પથ્થર સમાન પુણ્ય-પાપના વિકલ્પ અને કર્મ શરીરથી સોના જેવો ભગવાન આત્મા જુદો પડી જાય છે. આ ભેદવિજ્ઞાનથી જ ધર્મની શરૂઆત થાય છે બાકી પૈસાથી કે શરીરની ક્રિયાથી ધર્મ થાય તેમ નથી. પૈસાથી ધર્મ હોય તો તો ગરીબને ધર્મ ક્યાંથી થાય! રાંકાને રોવું પડે. પણ એમ નથી.

જેમ અગ્નિ કંચન ને પથ્થરને ભિન્ન કરે છે તેમ ધ્યાનાગ્નિ અથવા ભેદજ્ઞાન અગ્નિ

www.vitragvani.com



પર તરફના વલણવાળા વિકલ્પથી સ્વ તરફની અંતરની શાંતિને જુદી પાડી લે છે અને સ્વભાવમાં એકત્વને પામે છે. આનું જ નામ સમ્યગ્દર્શન છે, આ જ ભેદવિજ્ઞાન છે, આ જ સમ્યગ્જ્ઞાન છે અને આ વીતરાગમાર્ગની શોભા છે.

રાગ ને પુણ્ય-પાપના વિકલ્પ સહિત આત્માને માનવો તે મિથ્યાદૃષ્ટિનું લક્ષણ છે અને તેનાથી રહિત આત્માને જાણે છે તે સમ્યગ્દૃષ્ટિનું લક્ષણ છે. આવા સમ્યક્ત્વ વિના જે કાંઈ વ્રત, દાનાદિ ક્રિયા કરે તેનાથી પુણ્ય બંધાય પણ ધર્મ ન થાય. જન્મ-મરણનો અંત ન આવે જન્મ-મરણના અંતનો ઉપાય તો આ એક 'ભેદજ્ઞાન' છે.

★ રોગના કાળે રોગ થયા વિના રહેશે જ નહિ. ઈન્દ્ર ઉપરથી ઉતરે તોપણ રોગ થયા વિના રહેશે નહિ લે! અને રાગને કાળે રાગ પણ થયા વિના રહેશે નહિ લે! હવે તારે નજર ક્યાં કરવી છે? સ્વભાવ ઉપર નજર નાખવી એ જ સંતોષ અને શાંતિનો ઉપાય છે.

★ પરમાત્માના ઘરમાં પેસવું છે અને હું તો પામર...પામર...પામર...એ બે વાતમાં મેળ નથી. પહેલી ચોટમાં હું સિદ્ધ છું, એવું લક્ષમાં લેતો નથી તેને જિજ્ઞાસુ જ કહેતાં નથી.

*-પૂજ્ય ગુરુદેવશ્રી*



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

# હે ભાઈ! મરીને પણ તત્ત્વનો કૌતૂહલી થા

(સળંગ પ્રવચન નં. ૨૬)

શ્રી નાટક સમયસાર શાસ્ત્રના જીવદ્વારનો આ ૨૪મો કળશ છે. શ્રી અમૃતચંદ્ર આચાર્યના ૨૩માં શ્લોક ઉપર બનારસીદાસજીએ આ પ્રમાણે પદ્યની રચના કરી છે.

बानारसी कहै भैया भव्य सुनौ मेरी सीख,
कैहूं भांति कैसेहूंकै ऐसौ काजु कीजिए।
एकहू मुहूरत मिथ्यातकौ विधुंस होइ,
ग्यानकौं जगाइ अंस हंस खोजि लीजिए।
वाहीकौ विचार वाकौ ध्यान यहै कौतूहल,
यौंही भरि जनम परम रस पीजिए।
तजि भववासकौ विलास सविकाररूप,
अंतकरि मोहकौ अनंतकाल जीजिए।।२४।।

આચાર્યદેવ કહે છે અને બનારસીદાસજી પણ કહે છે-હે ભવ્ય! મારો ઉપદેશ -શિખામણ એકવાર સાંભળો કે કોઈ પણ ઉપાયથી અને કોઈ પણ પ્રકારે એવું કામ કર જેથી માત્ર અંતર્મુહૂર્તને માટે મિથ્યાત્વનો ઉદય ન રહે, જ્ઞાનનો અંશ જાગૃત થાય અને આત્મસ્વરૂપની ઓળખાણ થાય. જિંદગીભર તેનો જ વિચાર, તેનું જ ધ્યાન, તેની જ લીલામાં પરમરસનું પાન કરો અને રાગ-દ્વેષમય સંસારનું પરિભ્રમણ છોડીને તથા મોહનો નાશ કરીને સિદ્ધપદ પ્રાપ્ત કરો.

આ માખણની વાત છે હો! મનુષ્યદેહમાં એક આ જ કાર્ય કરવાનું છે. માટે બધો કોલાહલ છોડીને એક આ કર! એક અંતર્મુહૂર્ત મિથ્યાત્વનો નાશ કર અને ભગવાન-જ્ઞાનસ્વભાવને ખોજીને તેને પ્રગટ કર! આત્માના અંતરસ્વરૂપનો અનુભવ કરતાં મિથ્યાત્વનો નાશ થઈ જાય છે. માટે જ્ઞાનપુંજ ભગવાન આત્માને જગાડી દે. અહો જ્ઞાનસ્વરૂપ! જ્ઞાનસ્વરૂપ!

ભજનમંડળીવાળા ગાયા છે ને! સરોવર કાંઠે રે મૃગલા તરસ્યાં રે,....સાચાં વારી એને ના મળે રે.....મનના મૃગલાને પાછાં વાળજો રે લોલ....



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



મનરૂપી મૃગલો પુણ્ય-પાપના વિકલ્પમાં જાય છે ત્યાં હેરાન થાય છે-દુઃખી થાય છે. તેમાંથી છોડાવીને તેને અંતરમુખ કરજો. 'જોડી દ્યો આતમસરોવરે આજ, એને મળશે આતમસુખ અમૂલાં રે લોલ....'

અહીં કહે છે, **ग्यानकौं जगाय अंस हंस खोजि लीजिए।** શબ્દો ટૂંકા છે પણ ભાવ મોટો પુરુષાર્થ માંગે એવા છે. ભગવાન આત્મા જ્ઞાનસરોવર તો શું પણ મોટો જ્ઞાનનો દરિયો છે. અનંત અનંત જ્ઞાનસ્વભાવનો સાગર છે. તેમાં પુણ્ય-પાપના વિકલ્પોની ગંધ પણ નથી તો શરીર, વાણી, મન આદિ જડ પદાર્થ તો એમાં ક્યાંથી હોય! શરીરાદિનો સંયોગ તો એને કારણે આવ્યો છે, એને કારણે ટકે છે અને એના કારણે છૂટો પડી જશે. તેમાં ચૈતન્યહંસ નથી અને ચૈતન્યહંસલામાં એ શરીરાદિ નથી. રાગ પણ તેમાં નથી. માટે શરીર અને રાગથી રહિત જ્ઞાનહંસને ખોજીને તેને જગાડ! રાગ અને ક્રિયાના વિકલ્પથી ભિન્ન જ્ઞાનસ્વભાવને વર્તમાનપર્યાયમાં પકડી સમ્યગ્જ્ઞાનનો અંશ પ્રગટ કર!

શ્રોતાઃ-સાહેબ!....પણ અમારે ધંધા કરવા કે આ કરવું?

પૂજ્ય ગુરુદેવશ્રીઃ-ભાઈ! ધંધા કરવા એ તારું કાર્ય જ નથી. જીવ ધંધો કરી જ ન શકે. માત્ર સંકલ્પ-વિકલ્પ કરીને દુઃખી થવાનું છે અને તેના ફળમાં ચારગતિમાં ભ્રમણ કરવું પડશે એ જુદું. તેના કરતાં એકવાર તો જો કે અંતરમાં મારી ચીજ શું છે! કેવી છે! કેમ પ્રાપ્ત થાય! આત્માને ખોજી તેનો અંશ પ્રગટ કર! અંદર તો મોટો જ્ઞાનનો સમુદ્ર છે તેમાંથી અંશ તો પહેલાં પ્રગટ કર!

આ ભાષાની વાત નથી હો! ભાવની વાત છે. ભાઈ! આત્માને જગાડ! આત્માને ગોત! એમાં શાંતિ અને આનંદ છે. તારો મનનો મૃગલો પુણ્ય ને પાપમાં ભટક્યા કરે છે તેમાંથી પાછો વાળીને એકવાર જ્ઞાનસ્વભાવમાં લઈ જા ને! તારે આ એક જ કરવા જેવું છે બાકી તો બધું થોથે થોથાં છે. દુઃખી થવાના રસ્તા છે.

ભગવાન! તારામાં તો આનંદ છે એ આનંદ જ્ઞાનથી અવિનાભાવી છે. જ્યાં જ્ઞાનસ્વભાવ છે ત્યાં જ આનંદ છે તેને અંતરમાં શોધીને ચૈતન્યહંસને જગાડ તો તને સમ્યગ્દર્શનરૂપ ધર્મ પ્રગટ થાય.

**वाहीकौ विचार वाकौ ध्यान यहै कौतूहल !** જ્ઞાનસ્વરૂપ ભગવાન ચૈતન્યના તેજનો ભંડાર છે તેનો જ વિચાર કર. તેને જ જ્ઞાનમાં ધ્યેય બનાવીને તેનું ધ્યાન કર! બહારની



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ચીજોનું ધ્યાન છોડી દે. સ્ત્રી, પુત્ર, પરિવારમાં તું ક્યાં છો? તારો તેમાં વિરહ છે. તેમાં તારું જીવત્વ ક્યાંય નથી. માટે તેનું ધ્યાન છોડી દે. ઘણાં પ્રશ્ન કરે કે, પ્રથમ શું કરવું? તેનો આ જવાબ છે કે પ્રથમ જ આત્માને ધ્યેય બનાવીને તેનું ધ્યાન કરવું. શ્રદ્ધા, જ્ઞાનમાં અંતરમુખ લક્ષ થતાં જ ધર્મની પ્રાપ્તિ થાય છે. એ સિવાય ધર્મ કોઈ રીતે થતો નથી.

અહો! કેટલી ધીરજ! કેટલી ખોજ! કેટલો પરથી પાછો વળવાનો પુરુષાર્થ! કેટલો અંતરમુખ થવાનો પ્રયત્ન! એ વિના જન્મ-મરણના દુઃખ મટે તેમ નથી-આત્મા પ્રાપ્ત થાય તેમ નથી. આ રૂપાળા શરીર, જુવાની અને પાંચ-પચીસ લાખ રૂપિયા દેખાય છે તેમાં ક્યાંય સુખ નથી. એ તો બધી સ્મશાનની રાખ છે. જે પોતાનું નથી તેને પોતાનું માન્યું અને સ્વરૂપને ભૂલી ગયો તેથી જ દુઃખી થયો છે. તારું હોવાપણું તો પ્રભુ! તારા સ્વભાવમાં છે, તેમાંથી તારો અતીન્દ્રિય આનંદ ખોજી લે.

વિકલ્પ છે તે વિકાર છે અને જ્ઞાનસ્વભાવ અવિકાર છે તે બે ને જુદાં પાડી દે. જેમ હંસની ચાંચ દૂધ ને પાણીને જુદાં પાડી દે છે તેમ તારા જ્ઞાન વડે રાગ અને ચૈતન્યહંસને જુદાં પાડી દે. એ જ તારે કરવા જેવું એક કાર્ય છે, એ જ હિતરૂપ કાર્ય છે. બાકી બધાં એકડાં વિનાના મીંડા છે.

મોટા પાંચ હાથના ચાર-ચાર દીકરા પાક્યાં હોય, મોટી કમાણી કરીને લાવતાં હોય, ફેક્ટરીઓ નાંખી હોય....ઉદ્યોગપતિ કહેવાતો હોય એટલે એને એમ થાય કે, અમે કાંઈક સુખી છીએ ભાઈ! એ તો પાપના ઉદ્યોગપતિ છે એણે પોતાના આત્માને ખોયો છે.

હવે આત્માનું કુતૂહલ તો કર કે જ્ઞાન ને આનંદમય આત્મા કોણ છે! ઓઝલ (પડદા) પાછળ રહેલી રાણીને જોવાનું કુતૂહલ કરે છો તો આ પુણ્ય-પાપના પડદા પાછળ રહેલા આત્માને જોવાનું કુતૂહલ તો કર! તેને જો! તેનો વિચાર કર! તેમાં જ્ઞાન અને આનંદ છે. તેનાં જ્ઞાનાનંદમય રસને પી! પાગલપણું છોડી દે!....પણ એને અંદરમાં સૂઝ પડતી નથી....બહારની ધમાધમમાં હેરાન થઈને, મરીને ક્યાંય ચાલ્યા જાય છે અને મરણ ક્યારે આવવાનું છે તે તો ખબર નથી. જ્યોતિષીએ ૮૪ વર્ષનું આયુષ્ય કીધું હોય અને ૪૮ વર્ષે ચાલ્યો જાય. માટે ક્યાંય રોકાયા વિના આત્માનું હિત પ્રથમ કરી લેવાની જરૂર છે. રુચિની દિશા પલટે તો આત્માની દશા પલટી જાય.

એકવાર જ્ઞાનાનંદના પરમરસને પીઈ લે! જેનો કદી સ્વાદ ચાખ્યો નથી એવા અતીન્દ્રિયરસનું પાન કર! तजि भववासकौ विलास सविकाररूप ભવના વાસનો વિલાસ તો



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

વિકારરૂપ છે. તે રાગ-દ્વેષમય વિકારથી સંસારનું પરિભ્રમણ થાય છે માટે હવે તેને છોડ અને **अंतकरि मोहकौ अनन्तकाल जीजिए।**-મોહનો નાશ કરીને સિદ્ધપદ પ્રાપ્ત કરો. અનંતકાળ સુખને પ્રાપ્ત કરો. અમર થઈ જાઓ.

આ ૨૩મો કળશ એને તેનું ૨૪મું પદ્ય કહ્યું હવે ૨૪મા કળશનું ૨૫મું પદ્ય કહે છે. શિષ્ય કહે છે, શાસ્ત્રમાં તો શરીરની સ્તુતિ વડે ભગવાનની સ્તુતિ કરી છે તો શરીર અને આત્મા એક છે?

**जाके देह-द्युतिसौं दसौं पवित्र भई,**
**जाके तेज आगैं सब तेजवन्त रुके हैं।**
**जाकौ रूप निरखि थकित महा रूपवन्त,**
**जाकी वपु-वाससौं सुवास और लुके हैं।।**
**जाकी दिव्यधुनि सुनि श्रवणकौं सुख होत,**
**जाके तन लच्छन अनेक आइ ढुके हैं।**
**तेई जिनराज जाके कहे विवहार गुन,**
**निहचै निरखि सुद्ध चैतनसौं चुके हैं।।२५।।**

**जाके देह-द्युतिसौं**...જેમ કેસર જેવી મૂલ્યવાન ચીજ તેને યોગ્ય ડબીમાં રહે છે, કોથળામાં ભરાતી નથી તેમ અનંત ગુણની પૂર્ણ પરિણતિને પામેલા, એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણનારા ભગવાન જેમાં રહે તે શરીર પણ કેવું હોય કે, જેના તેજથી દશેદિશાઓ પવિત્ર અને પ્રકાશિત થઈ જાય છે. જેના તેજ પાસે સૂર્ય, ચન્દ્ર આદિના તેજ પણ લજ્જિત થાય છે. અહો! પરમાત્માના આત્માની મહિમા તો શું કહેવી પણ પણ શરીર પણ આવું સુંદર અને તેજમય હોય છે.

**जाकौ रूप निरखि थकित महा रूपवन्त**....ભગવાનનાં અંગ અંગમાં એટલી નમણાઈ, એવી કાંતિ, તેજ અને સુડોલતા હોય છે કે જગતના મહારૂપવાન લોકો પણ ચકિત થઈ જાય છે. ઈન્દ્ર, કામદેવ આદિ રૂપવાન પુરુષો પણ હાર માને છે. આટલું તો ભગવાનના શરીરનું પુણ્ય હોય છે. તેમાં ક્ષુધા-તૃષા લાગે કે રોગ આવે એવા અઢારેય દોષ ન હોય. જે એમ માને છે કે, ભગવાનને રોગ થાય ને ભગવાન દવા લે, ખોરાક ખાય એમ માને છે તે ભગવાનના પુણ્યને પણ ઓળખતો નથી.

ભગવાનના ચૈતન્યમાં કેવળજ્ઞાનનું રૂપ પ્રગટ્યું ત્યાં શરીરરૂપી ડબલાનું રૂપ પણ પરમ ઔદારિક, પરમ પવિત્ર અને સુંદરતાને ધારણ કરે છે. जाकी वपु-वाससौं सुवास और लुके हैं। જેમના શરીરની સુગંધ પાસે મંદાર, સુપારિજાત આદિ ફૂલોની સુગંધ છુપાઈ જાય છે એવી તો સુગંધ હોય છે.

जाकी दिव्यध्वनि सुनि श्रवणकौं सुख होत, સર્વજ્ઞભગવાનને આપણે બોલીએ એવી વાણી ન હોય. ભગવાનને તો ૐધ્વનિ છૂટે; એ એવી મીઠી, મધુરી હોય કે એવી વાણી જગતમાં બીજા કોઈની ન હોય. સર્વજ્ઞ પરમેશ્વર થાય તેને જ આવી ધ્વનિ હોય. ભગવાનના શરીરમાં કમલ, છત્ર, ધ્વજા આદિ ૧૦૦૮ તો લક્ષણ હોય છે....આ બધાં ભગવાનના શરીરના ગુણો વ્યવહારનયથી કહ્યાં છે. નિશ્ચયનયથી જુએ તો શુદ્ધ આત્માના ગુણોથી આ દેહાશ્રિત ગુણો તદ્દન ભિન્ન છે.

તીર્થંકર સર્વજ્ઞ વીતરાગ પરમાત્માનું સ્વરૂપ એવું છે કે સાધારણ માણસ પણ જાણી શકે. જે ખાતા હોય, પીતા હોય, રોગ થતાં હોય એવા ભગવાન હોઈ ન શકે. ભગવાનનાં વ્યવહારગુણોને પણ જે ઓળખતો નથી તે સર્વજ્ઞના નિશ્ચયગુણને તો ઓળખતો જ નથી.

આ ૨૫મું પદ્ય થયું. હવે ૨૬મા પદ્યમાં બનારસીદાસજી શું કહે છે તે જોઈએ.

जामैं बालपनौ तरुनापौ वद्धपनौं नाहिं,
आयु-परजंत महारूप महाबल है।
विना ही जतन जाके तनमैं अनेक गुन,
अतिसै विराजमान काया निर्मल है।।
जैसैं विनु पवन समुद्र अविचलरूप,
तैसैं जाकौ मन अरु आसन अचल है।
ऐसौ जिनराज जयवन्त होउ जगतमैं,
जाकौ सुभगति महा सुकृतकौ फल है।।२६।।

સર્વજ્ઞ પરમેશ્વર કેવા છે?-જેને ત્રિકાળનું જ્ઞાન અને અતીન્દ્રિય આનંદ પ્રગટ થયો છે એવા સર્વજ્ઞભગવાનનું શરીર કેવું હોય છે તે કહે છે. સર્વજ્ઞભગવાનને બાળકની જેમ અજ્ઞાનપણું, યુવાનની જેમ મદાન્ધપણું અને વૃદ્ધની જેમ દેહનું ઝીર્ણપણું હોતું નથી. શરીરનું એક સરખું રૂપ અને અતુલ બળ જીવન પર્યંત રહે છે. આદિનાથ ભગવાનનું ચોરાશી

લાખપૂર્વનું આયુષ્ય હતું. ઘણો ઘણો લાંબો કાળ હતો છતાં શરીરની સ્થિતિમાં બાળપણ કે વૃદ્ધાવસ્થા ન દેખાય, શરીરની સ્થિતિ એકસરખી રહે.

આવું સાંભળીને શિષ્ય એમ કહે છે કે જુઓ! તમે શરીરની મહિમા બતાવીને જ ભગવાનની મહિમા કરો છો ને! ના, ભાઈ! આ શરીરની જ મહિમા છે. ભગવાનના આત્માની પવિત્રતાની વાત તો કોઈ ન્યારી છે. આ તો ભગવાનના સંયોગમાં રહેલું શરીર પણ કેવું હોય તેની મહિમા બતાવી છે કે આયુ પર્યંત મહારૂપ અને મહા બલવંત શરીર હોય છે.

**विना ही जतन जाके तनमैं अनेक गुन।** જેમનાં શરીરમાં સ્વતઃસ્વભાવથી જ અનેક ગુણો અને અતિશયો બિરાજે છે જાણે કોઈ કારીગરે શરીરની શોભા બનાવી હોય એવી કુદરતી રચના છે. લાવણ્યમય અને સર્વાંગસુંદર શરીર જ એવું હોય છે કે કપડાં અને દાગીના વગર પણ શોભી ઊઠે છે. ચોત્રીશ પ્રકારના તો શરીરમાં અતિશય હોય છે. આ બધું શિષ્ય જાણે છે એટલે જ પૂછે કે શરીરની મહિમાથી આત્માની મહિમા છે! ના ભાઈ! ડબી ઊંચી હોય એટલે અંદરનું કેસર ઊંચું હોય એવું નથી તેમ શરીરની સુંદરતાથી ભગવાનના આત્માની મહિમા નથી. આ તો માત્ર શરીરની સ્થિતિ કેવી હોય છે તે બતાવાય છે.

જેમ પવનની લહેર વિના સમુદ્રનું પાણી સ્થિર હોય છે તેમ મન અને આસનની ચંચળતા વિનાનું ભગવાનનું શરીર સ્થિર, શાંત અને ગંભીર....ગંભીર હોય છે. સામાન્ય બાળક પણ ગંભીર હોય તો કેવું શોભે છે તો આ તો ભગવાન છે તેની ગંભીરતાની શોભા કેવી હોય! જે માણસને બહુ કષાય હોય તેનું શરીર પણ કમ્પ્યા કરતું હોય છે, એ સ્થિર ન બેસી શકે, એ કષાયનું લક્ષણ છે. તેનાથી વિરુદ્ધ વીતરાગતામાં શરીર પણ શાંત અને અચલ દેખાય છે. જાણે જગતને પીને બેઠા છે, કાંઈ જોવાનું કુતૂહલ રહ્યું નથી એવી શરીરની સ્થિતિ દેખાય છે.

**ऐसौ जिनराज जयवन्त होउ जगतमैं....**આવા વીતરાગ જિનભગવંત જગતમાં જયવંત હો. આવા પ્રભુની ભક્તિ પણ કોઈ મહાપુણ્યનો ઉદય હોય ત્યારે પ્રાપ્ત થાય છે.

હવે ૨૭મા પદ્યમાં શિષ્યને ઉત્તર આપતાં કહે છે-

जिनपद नाहिं शरीरकौ, जिनपद चेतनमाँही।
जिनवर्नन कछु और है, यह जिनवर्नन नांहि।।२७।।

ભગવાનના શરીરનું રૂપ, અતિશય આદિ ઉપર કહ્યાં તેવા જ હોય પણ તે કાંઈ

ભગવાનના આત્માનું સ્વરૂપ નથી. **जिनपद चेतनमांहि**-ચૈતન્યમાં અખંડ આનંદ અને જ્ઞાનનો દરિયો ઊછળે છે. તે કાંઈ શરીરની લાવણ્યતામાં કે એક હજારને આઠ લક્ષણમાં કે શરીરના તેજમાં નથી. માટે જિનના શરીરના વર્ણનમાં જિનભગવાનના આત્માનું વર્ણન આવતું નથી. પુણ્ય-પાપરહિત વીતરાગભાવ પ્રગટ થયો છે તે આત્મા છે. છતાં એટલું સમજી લેવું કે કેવળીને ગમે તેવું શરીર ન હોય. શરીર તો આગળ કહ્યું તેવું સુંદર અને પરમ ઔદારિક જ હોય, ભગવાનને રોગ ન હોય. જેને અતીન્દ્રિય આનંદનો પૂર્ણ અનુભવ થઈ ગયો તેને ક્ષુધા, તૃષા કે રોગાદિ હોઈ ન શકે.

**जिनवर्नन कछु और है, यह जिनवर्नन नांही।** શરીરના વર્ણનથી જિનનું વર્ણન કોઈ જુદું છે. પુણ્ય-પાપના વિકલ્પ વિનાનાં વીતરાગી આત્માનું આવું વર્ણન ન હોય. શરીરમાં સુગંધી આદિ તો મુનિને પણ હોય છે. આગળ કહ્યું છે-મુનિરાજ જીવનભર સ્નાન કરતાં નથી, દાંતણ કરતાં નથી તોપણ વચન અને શ્વાસમાં સુગંધ જ નીકળે છે. જુઓ! હજુ પૂર્ણ વીતરાગતા થઈ નથી છતાં શરીરમાં આટલી સુગંધી છે. તો પૂર્ણ વીતરાગના શરીરમાં શું ન હોય! મુનિને અંદરમાં એટલી વીતરાગતા અને આનંદ પ્રગટ્યો હોય છે અને બહારમાં શરીરમાં પણ પવિત્રતા અને સુગંધ આદિ હોય છે.

આમ ૨૭મા પદ્યમાં કહ્યું કે, જિનપદ શરીરમાં નથી. ચેતયિતા તો ચેતનમાં છે, કામ ક્રોધાદિને જીતે તે જિન છે. કેવળજ્ઞાનમાં જે જાગૃત જ્યોત પ્રગટ થઈ ગઈ છે, જેમાં એક સમયમાં લોકાલોક જણાય જાય છે એવો પ્રકાશવાન છે, તે આત્મા છે. શરીરના તેજમાં આત્મા નથી.

હવે ૨૮મા પદ્યમાં દૃષ્ટાંત આપીને આ જ વાત સિદ્ધ કરશે કે, શરીરના વર્ણનથી ભગવાનના આત્માનું વર્ણન થતું નથી. શરીરની સ્થિતિને અને આત્માની સ્થિતિને સંબંધ નથી પણ આત્માની સ્થિતિ ઊંચી હોય ત્યારે શરીરની સ્થિતિ ગમે તેવી ન હોય (અનુરૂપ જ હોય).

નિયમસારમાં કહ્યું છે કે, ''જ્ઞાનનિધિ પામીને એકલો ભોગવજે, કોઈની સાથે વાદ-વિવાદ કરીશ નહિ.'' જેમાં મન અને વિકલ્પનો સંગ નથી એવા અસંગ તત્ત્વના જ્ઞાન અને ચારિત્રની વાત સાધારણ માણસને નહિ બેસે. અથડામણ થઈ જશે એ કરતાં તું એકલો બેસીને તારી જ્ઞાનનિધિને ભોગવ!

# નિશ્ચય-સ્તુતિનું સ્વરૂપ

(સળંગ પ્રવચન નં. ૨૭)

અહીં ૨૮મા પદ્યમાં દૃષ્ટાંત આપીને સિદ્ધ કરે છે કે શરીરની સ્તુતિથી ભગવાનની ખરી સ્તુતિ થતી નથી. ચેતન અને પુદ્‌ગલનો સ્વભાવ જ ભિન્ન છે માટે શરીરનું વર્ણન તે કાંઈ આત્માનું વર્ણન નથી.

ऊंचे ऊंचे गढके कंगूरे यौं विराजत हैं,
मानौं नभलोक गीलिवेकौं दांत दीयौ है।
सोहै चहूँओर उपवनकी सघनताई,
घेरा करि मानौ भूमिलोक घेरि लीयौ है।।
गहिरौ गंभीर खाई ताकी उपमा बनाई,
नीचौ करि आनन पताल जल पीयौ है।
एसौ है नगर यामैं नृपको न अंग कोऊ,
यौंही चिदानंदसौं सरीर भिन्न कियौ है।।२८।।

જેમ નગરમાં મોટાં મોટાં ઊંચા કિલ્લા છે, તેને કાંગરા એવા શોભે કે જાણે સ્વર્ગને ગળી જવા માટે દાંત ફેલાવ્યા છે. એ વડે નગરની શોભા બતાવવાથી અંદરમાં રહેલા રાજાની શોભા દેખાતી નથી. નગરની ચારે તરફ સઘન બગીચા એવા શોભી રહ્યા છે જાણે મધ્યલોકને જ ઘેરી લીધો છે અને નગરની એવી મોટી ઊંડી ખાઈઓ છે કે જાણે તેમણે નીચું મુખ કરીને પાતાળ લોકનું જળ પી લીધું છે, પરંતુ તે નગરથી રાજા ભિન્ન જ છે. તેવી જ રીતે શરીરથી આત્મા ભિન્ન છે. નગરની શોભાના વર્ણનથી રાજાની શોભા જુદી છે. તેમ ભગવાનના શરીરની સુંદરતાની, દિવ્યધ્વનિની, અતિશયોની જે મહિમા બતાવી તેનાથી ભગવાન આત્માની મહિમા થતી નથી. આત્મા તો શરીરથી ભિન્ન છે.

ભાવાર્થ:-આત્માને શરીરથી સર્વથા ભિન્ન જાણવો જોઈએ. શરીરના રજકણની એક એક પર્યાયથી આત્મા તદ્દન જુદો છે. માટે શરીરના કથનને આત્માનું કથન ન સમજવું. આત્માની નિશ્ચય સ્તુતિ હવે ૨૯મા પદ્યમાં કહે છે.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



जामैं लोकालोकके सुभाव प्रतिभासे सब,
जगी ग्यान सकति विमल जैसी आरसी।
दर्सन उद्योत लीयौ अंतराय अंत कीयौ,
गयौ महा मोह भयौ परम महारसी।।
संन्यासी सहज जोगी जोगसौं उदासी जामैं,
प्रकृति पचासी लगि रही जरि छारसी।
सोहै घट मंदिरमैं चेतन प्रगटरूप,
ऐसौ जिनराज ताहि बन्दत बनारसी।।२९।।

દેહમાં રહ્યો હોવા છતાં આત્મા ભિન્ન છે માટે અહીં તીર્થંકર ભગવાનના આત્માનું સ્વરૂપ બતાવીને સ્તુતિ કરી છે.

જેમને એવું જ્ઞાન જાગૃત થયું છે કે, જેમાં દર્પણથી પેઠે લોકાલોકના ભાવ પ્રતિબિંબિત થાય છે. એવું કેવળજ્ઞાન ભગવાનને પ્રગટ થયું છે. શરીર તો રોગાદિ રહિત નિર્મળ છે પણ આત્મામાં જ્ઞાનની એવી શક્તિ પ્રગટ થઈ ગઈ છે કે જેમાં કોઈ પણ પદાર્થ જાણવામાં બાકી રહેતો નથી. જેમ સ્વચ્છ અરીસામાં બધી વસ્તુ સ્પષ્ટ ઝલકે છે તેમ ભગવાનના જ્ઞાનરૂપી અરીસામાં બધું સ્પષ્ટ જણાય છે. આમ, જ્ઞાનથી આત્માનું સ્વરૂપ કહ્યું.

दर्शन उद्योत लीयौ-બીજો દર્શનગુણ એવો પ્રગટ થયો છે કે એક સમયમાં ત્રણકાળ ત્રણલોકની મહાસત્તાનું અવલોકન થાય છે. अन्तराय अन्त कीयौ,-ભગવાને અંતરાયકર્મનો સર્વથા નાશ કરીને અનંતવીર્ય પ્રગટ કરી લીધું છે. હવે ભગવાનને કોઈ જાતનું વિઘ્ન નથી.

गयौ महा मोह भयौ परम महारसी। સર્વજ્ઞ થતાં મોહનો અંશ પણ રહેતો નથી. મહામોહ ગયો અને પરમ આનંદનો મહારસ પ્રાપ્ત થયો છે. ભગવાનને ખોરાક કે પાણી આદિ લેવાની જરૂર નથી. ભગવાન તો સ્વયં અતીન્દ્રિય આનંદનો મહારસ પીવે છે. મહામોહકર્મનો નાશ થવાથી ભગવાનને પરમ સાધુ અથવા મહા સંન્યાસી અવસ્થા પ્રાપ્ત થઈ છે. એક વિકલ્પ પણ જ્યાં રહ્યો નથી એવી અવસ્થાને પરમાત્મા અથવા અરિહંત અને જિનરાજ કહેવામાં આવે છે.

सहज जोगी-જેમણે સ્વાભાવિક યોગો ધારણ કર્યા છે તોપણ જે યોગોથી વિરક્ત છે. હજુ અરિહંત ભગવાન સિદ્ધ થયા નથી ત્યાં સુધી યોગોનું કંપન છે પણ તેનાથી ભગવાન ઉદાસ છે. प्रकृति पचासी लगि रही जरि छारसी। અરિહંત ભગવાનને જ્ઞાનાવરણી, દર્શનાવરણી,



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

મોહનીય અને અંતરાય આ ચાર ઘાતિકર્મની પ્રકૃતિ તો નાશ થઈ ગઈ છે પણ આયુ, નામ, ગોત્ર અને વેદનીય આ ચાર અઘાતિ કર્મની પંચાશી કર્મપ્રકૃતિ નાશ થઈ નથી, તે બળી ગયેલી સીંદરીની રાખની પેઠે લાગેલી છે. જેમ બળી ગયેલી દોરી બાંધવામાં કામ ન આવે તેમ આ પ્રકૃતિ સત્તામાં પડી છે પણ તે ભગવાનને કાંઈ નુકશાન કરી શકતી નથી. (આ પંચાશી કર્મપ્રકૃતિના નામ શાસ્ત્રમાં ફૂટનોટમાં આપેલાં છે.) શ્રીમદ્‌જીએ પણ અપૂર્વ અવસરમાં આ કર્મની વાત લીધી છે કે તે બળી સીંદરીવત્ છે.

**सोहै घट मन्दिरमैं चेतन प्रगटरूप**-અરિહંત ભગવાનને શરીર હોવા છતાં શરીરથી તદ્દન જુદો આત્મા સર્વજ્ઞ, સર્વદર્શી, અનંત આનંદ અને અનંતવીર્યથી પ્રગટરૂપ શોભાયમાન છે. **ऐसौ जिनराज ताहि बन्दत बनारसी।** વીતરાગ એ કોઈ સંપ્રદાયની ચીજ નથી, વસ્તુનો સ્વભાવ છે. અજ્ઞાન અને રાગ-દ્વેષ ટાળીને જેણે સર્વજ્ઞ અને વીતરાગદશા પ્રગટ કરી છે એવા અરિહંતને હું નમસ્કાર કરું છું એમ બનારસીદાસજી કહે છે.

આઠ કર્મની કુલ ૧૪૮ પ્રકૃતિ છે તેમાંથી અરિહંત-કેવળી ભગવાનને હજુ ૮૫ કર્મપ્રકૃતિ સત્તામાં પડી હોય છે. તેમાં એક તો અશાતાવેદનીય છે પણ તે માત્ર સત્તામાં પડી છે, તેના ઉદયથી રોગ આદિ થાય એવું સર્વજ્ઞને ન હોય. બે દેવગતિની પ્રકૃતિ છે તે પણ બળેલી સીંદરી સમાન પડી હોય છે. ઔદારિક આદિ પાંચ શરીરની પ્રકૃતિ હોય છે. પાંચ બંધનની પ્રકૃતિ હોય, પાંચ સંઘાત અને છ સંસ્થાનની પ્રકૃતિ હોય છે. અરિહંતને આકાર તો એક સમચતુરસ્ર સંસ્થાનનો જ હોય પણ સત્તામાં બીજી પ્રકૃતિ પણ પડી હોય. ત્રણ અંગ ઉપાંગની પ્રકૃતિ હોય. છ પ્રકારના સંહનનમાંથી અરિહંતને ઉદય તો એક વજ્રવૃષભનારાચ સંહનનનો જ હોય, બીજી પાંચ પ્રકૃતિ સત્તામાં પડી હોય છે. આ બધી સર્વજ્ઞથી પ્રત્યક્ષ સિદ્ધ થયેલી વાત છે. સર્વજ્ઞ સિવાય આ વાત ક્યાંય હોતી નથી. 'બળી સીંદરીવત્' પ્રકૃતિ પડી છે એમ કહ્યું છે તે પણ દિગંબરની શૈલી છે.

સ્પર્શ, રસ, ગંધ, વર્ણની પણ બધી પ્રકૃતિ ભગવાનને સત્તામાં પડી હોય છે. દેવગતિની આનુપૂર્વી પ્રકૃતિ પણ સત્તામાં હોય છે. અગુરુલઘુ, ઉપઘાત, પરઘાત, ઉચ્છ્‌વાસ આદિની પ્રકૃતિ પણ હોય છે. પ્રશસ્ત અને અપ્રશસ્ત વિહાયોગતિ એટલે ચાલવાની ગતિની પ્રકૃતિ પણ સત્તામાં હોય છે. શરીર પર્યાપ્ત હોવા છતાં સત્તામાં અપર્યાપ્તક પ્રકૃતિ પણ પડી હોય છે. પ્રત્યેક શરીર, સ્થિર, અસ્થિર, શુભ, અશુભ, દુર્ભગ પ્રકૃતિ પણ સત્તામાં કેવળીને હોય છે. દુર્ભગ પ્રકૃતિનો ઉદય તો પંચમ ગુણસ્થાનથી જ ન હોય પણ સત્તામાં પ્રકૃતિ પડી હોય છે.

www.vitragvani.com



આવું બધું જાણપણું કરવું પડતું હશે?-હા. સર્વજ્ઞ કેવા હોય તેનું સ્વરૂપ તો યથાર્થ જાણવું જોઈએ ને! સ્વરૂપ જાણ્યા વિના તો જેને-તેને સર્વજ્ઞ માની લેશો. જે ત્રણકાળ ત્રણલોકને જાણે છે, બાહ્યથી સુંદર શરીર છે છતાં સત્તામાં આવી પ્રકૃતિઓ પડી છે એ જાણવું જોઈએ.

દુર્ભાગ્ય, અનાદેય અને અયશઃકીર્તિ આ ત્રણ પ્રકૃતિનો ઉદય પાંચમા ગુણસ્થાનથી હોય જ નહિ પણ સત્તામાં કેવળીને તેરમા ગુણસ્થાન સુધી પણ પડી હોય છે. પણ તે કાંઈ કાર્ય કરતી નથી. સુસ્વર, દુઃસ્વર, અનાદેય, અયશઃકીર્તિ અને નિર્માણ પ્રકૃતિ સત્તામાં પડી છે. ગોત્રની ઊંચ અને નીચ બંને પ્રકારની પ્રકૃતિ કેવળીને સત્તામાં પડી છે. વેદનીયની શાતા અને અશાતા બંને પ્રકૃતિ કેવળીને સત્તામાં હોય છે. મનુષ્યગતિ, મનુષ્યઆયુ, પંચેન્દ્રિયજાતિ, મનુષ્ય ગતિ-પ્રાયોગ્યાનુપૂર્વ, ત્રસ, બાદર, પર્યાપ્તક, સુભગ, આદેય, યશકીર્તિ અને તીર્થંકર પ્રકૃતિ આમ કુલ મળીને પંચાશી પ્રકૃતિ દરેક કેવળીને સત્તામાં પડી હોય છે. કોઈ કેવળીને હોય અને કોઈને ન હોય એમ નથી. દરેકને હોય જ. જો આ પ્રકૃતિ જાય તો તો શરીરરહિત સિદ્ધ થઈ જાય. જ્યાં સુધી અરિહંતદશા છે ત્યાં સુધી બળી સીંદરી સમાન કર્મપ્રકૃતિ સત્તામાં પડી છે. તેનાથી ભગવાનના આત્માને કાંઈ નુકશાન નથી.

બનારસીદાસજી કહે છે આવા જિનરાજને હું વંદન કરું છું. नमो अरिहंताणं એટલે જેને અનંત દર્શન, અનંત જ્ઞાનાદિ ચાર ગુણો પ્રગટ થયા છે, ચાર કર્મોનો નાશ થયો છે અને ચાર અઘાતિકર્મની પંચાશી પ્રકૃતિ સત્તામાં પડી છે એવા અરિહંતોને ઓળખીને વંદન કરું છું.

હવે ૨૭માં શ્લોકનું ૩૦મું પદ્ય છે તેમાં કવિ નિશ્ચય અને વ્યવહારનયની અપેક્ષાએ શરીર અને જિનવરનો ભેદ બતાવે છે.

तन चेतन विवहार एकसे,
    निहचै भिन्न भिन्न है दोइ।
तनकी थुति विवहार जीवथुति,
    नियतदृष्टि मिथ्या थुति सोइ।।
जिन सो जीव जीव सो जिनवर,
    तन जिन एक न मानै कोइ।
ता कारन तनकी संस्तुतिसौं,
    जिनवरकी संस्तुति नहिं होइ।।३०।।



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ચૈતન્ય ભગવાન આનંદનો દરિયો છે અને શરીરના રજકણો તો તેનાથી તદ્દન ભિન્ન છે. અધ્યાત્મ-તરંગિણીમાં આવ્યું છે કે, માત્ર લોકવ્યવહારથી શરીરને અને આત્માને એક કહેવાય છે. ખરેખર એક નથી. કોઈ મૂઢ જીવો એમ માને છે કે શરીરના સહારા વિના તો વિચાર પણ થઈ શકતો નથી. જેમ પોતાને રુચે તેમ માની લે છે પણ સત્ય શું છે તે સમજવાની દરકાર નથી. આત્મા જ્ઞાનાનંદની ભરેલો છે અને શરીર તો જડતાથી ભરેલું છે. બંને તદ્દન જુદેજુદાં છે. માટે શરીરના વખાણ કરવાથી આત્માની સ્તુતિ થતી નથી. માત્ર લૌકિક વ્યવહારથી તેને જીવની સ્તુતિ કહેવાય છે. ખરેખર તો વિકલ્પ સહિતની સ્તુતિ એ સ્તુતિ જ નથી. સર્વજ્ઞ પરમેશ્વર તરફનો વિકલ્પ છે તે વ્યવહારસ્તુતિ છે, સાચી સ્તુતિ નથી. નિશ્ચયથી જુઓ તો વ્યવહાર જૂઠો છે.

**जिन सो जीव जीव सो जिनवर।** એકલો વીતરાગી ગોળો તે જિન છે એ જ જીવ છે. તે શરીર અને રાગરૂપી કાયાથી ભિન્ન છે. રાગ એ પણ કાયા છે, જીવ નથી. શરીરની સ્તુતિથી આત્માની સ્તુતિ થતી નથી. જીવ તો જિનવર છે અને જિનવર જીવ છે માટે વ્યવહારથી કરેલી સ્તુતિ નિશ્ચયથી જૂઠી છે. વ્યવહારનય અન્યથા કહે છે.

અરે, જેને અરિહંતના સ્વરૂપની ખબર નથી તેને આત્માની ખબર જ નથી. કેમ કે જેવો અરિહંતે પ્રગટ કર્યો છે તેવો જ આ આત્મા છે. શરીર તો આત્મા નથી પણ રાગ પણ આત્મા નથી. શરીર અને રાગથી રહિત એકલો વીતરાગી ઢીમ તે આત્મા છે. માટે શરીરની સ્તુતિથી જિનવરની સ્તુતિ થતી નથી.

હવે ૨૮મા કળશનું ૩૧મું પદ્ય કહે છે. તેમાં વસ્તુસ્વરૂપની પ્રાપ્તિમાં ગુપ્ત લક્ષ્મીનું દૃષ્ટાંત આપી બનારસીદાસજી સમજાવે છે. કવિએ પદ્ય કેવા સરસ બનાવ્યા છે!

ज्यौं चिरकाल गडी वसुधामहिं,
भूरि महानिधि अंतर गूझी।
कोऊ उखारि धरै महि ऊपरि,
जे दृगवंत तिन्हैं सब सूझी।
त्यौं यह आतमकी अनुभूति,
पड़ी जडभाउ अनादि अरूझी।
नै जुगतागम साधि कही गुरु,
लच्छन-वेदि विचच्छन बूझी।।३१।।



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અર્થઃ-જેવી રીતે ઘણાં સમયથી પૃથ્વીની અંદર દટાયેલાં ઘણાં ધનને ખોદીને કોઈ બહાર મૂકી દે તો દૃષ્ટિવાળાને બધું દેખાવા લાગે છે તેમ, અનાદિકાળથી અજ્ઞાન ભાવમાં દટાયેલ આત્મજ્ઞાનની સંપત્તિને શ્રીગુરુએ નય, યુક્તિ અને આગમથી સિદ્ધ કરીને સમજાવી છે. તેને વિદ્વાનો લક્ષણ વડે ઓળખીને ગ્રહણ કરે છે.

આ તો દૃષ્ટાંત આપ્યું છે કે કરોડો, અબજોની લક્ષ્મી દાટેલી હતી તેને કોઈ બહાર કાઢીને મૂકી દે તો આંખવાળા હોય તે તેને જોઈ શકે, અંધ હોય તે ન જોઈ શકે. અત્યારે લોકોને પૈસાની મમતા બહુ વધી ગઈ છે. કરોડ તો ગણતરીમાં ઓછા પડે છે. દસ કરોડ, વીસ કરોડ ને અબજો રૂપિયા જોઈએ છે. એને તો માત્ર ગણત્રી કરવાની છે. આત્માને પૈસાનું ક્યાં કામ છે! અહીં તો બીજું કહેવું છે કે કોઈ ધન કાઢીને મૂકે તો નેત્રવાન છે તે જોઈ લે છે તેમ અનાદિકાળથી અજ્ઞાનમાં દટાયેલી આત્મજ્ઞાનની સંપત્તિને જ્ઞાનીગુરુ પોતે અનુભવીને બીજાઓને નય, યુક્તિ અને આગમથી સિદ્ધ કરીને બતાવે છે કે શરીર, કર્મ અને રાગની એકતામાં આત્માની સંપત્તિ દટાઈ ગઈ છે તેને શરીર, કર્મ અને રાગની એકતાબુદ્ધિ તોડીને આત્માનો અનુભવ કરતાં પોતાની અનંતી સંપત્તિ દેખાવા લાગે છે, અનુભવાય છે. એવો અનુભવ અમે કર્યો છે. તમે પણ કરો. ત્યારે જે આત્માની દૃષ્ટિ કરે છે તેને આત્માની સંપત્તિનો અનુભવ થાય છે.

આત્માના સ્વભાવને અનુસરીને આત્માનો નિર્વિકલ્પ અનુભવ કરે છે તેણે આત્માની સંપત્તિ નજરે જોઈ લીધી. મારો આત્મા સત્‌ચિદાનંદ પૂર્ણ પ્રભુ છે એવું એની દૃષ્ટિમાં આવી જાય છે. जे दृगवन्त तिन्है सब सूझी। દૃષ્ટિવંત જીવ આત્માને જોઈ લે છે.

શ્રીગુરુ કેવી રીતે લક્ષ્મી બતાવે છે? કે-પ્રભુ! તારો સ્વભાવ તો અનંત આનંદ અને કેવળજ્ઞાનનું ધામ છે. રાગ તો તારું સ્વરૂપ નથી પણ અલ્પજ્ઞપણું પણ તારું સ્વરૂપ નથી એમ નિશ્ચયનયની યુક્તિ વડે ગુરુ બતાવે છે કે જો! તારો આત્મા તો આવો છે. તેની અનુભૂતિ તે જ જ્ઞાન છે. ગુરુને પોતાને 'આ મારો આત્મા પૂર્ણાનંદનો નાથ છે' એમ સૂઝ પડી એટલે બીજાંને સૂઝ પાડે છે કે જુઓ! આ પ્રમાણે ચૈતન્યલક્ષ્મી પ્રાપ્ત થાય તેમ છે ત્યારે જે પોતે સૂઝ પાડે તેને વસ્તુ મળે છે.

સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષામાં આવે છે કે જે સ્વાશ્રય વડે વીતરાગી ભગવાન આત્માનો અનુભવ કરે તે દિગંબર છે, તે પંડિત છે. રજકણ અને રાગના અંશથી રહિત પોતાની ઈશ્વરની સત્તા પોતે જ છે. પોતે પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ, પૂર્ણ શાંતિ આદિ અનંત શક્તિઓનું



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



સંગ્રહાલય છે તેના બદલે અજ્ઞાની પૈસા, કપડાં ને મકાન આદિનો સંગ્રહ કરીને તેનાથી પોતાની મોટાઈ માનવા લાગ્યો છે પણ બધેથી નિવૃત્ત થઈને પોતાના નિવૃત્તિઘરમાં જુએ તો અનુભૂતિથી આત્મા જણાય તેવો છે. બાકી વ્યવહાર-વિકલ્પો દયા-દાન-ભક્તિથી આત્મા જણાય તેવો નથી.

આ એક જ માર્ગ છે. સર્વજ્ઞ વીતરાગ ત્રિલોકનાથ અનંત તીર્થંકરો એક જ અવાજે આ માર્ગ કહી ગયા છે. તારો ભગવાન અંદરમાં બિરાજે છે તેની સામે જો અને અનુભવ કર તો તને આત્માની લક્ષ્મી પ્રતીતિમાં આવશે. તું તારી સામે દૃષ્ટિ જ ન કરે તો લક્ષ્મી હોવા છતાં તેની પ્રતીતિ અને અનુભવ નહિ થાય.

સહેજે સમુદ્ર ઉલ્લસ્યો, મહી મોતી તણાતાં જાય,
ભાગ્યવાન કર વાવરે, એની મૂઠી મોતીએ ભરાય.

તેમ અહીં કહે છે કે ઘણાં સમયથી દટાયેલી લક્ષ્મીને કાંઢીને કોઈ બહાર મૂકે તો આંખોવાળા હોય તે લક્ષ્મીને જોઈ લે. તેમ શ્રીગુરુ આત્માની લક્ષ્મીને ખુલ્લી કરે છે કે ભાઈ! તું તો પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ, સ્વચ્છતા, વીતરાગતાનો નાથ છો. તું અપૂર્ણ, રાગવાળો અને શરીરવાળો નથી માટે એવો તને ન માન! તું તને અનંત અનંત આનંદનો નાથ જાણ! એમ ગુરુની વાણી સાંભળીને જે સાવધાન થાય છે-જેની આંખ ખૂલી જાય છે-જે સ્વભાવનું લક્ષ કરે છે તેને ચૈતન્યની સંપત્તિ દેખાય જાય છે.

શ્રીગુરુએ નય, યુક્તિ અને આગમથી સિદ્ધ કરીને સમજાવ્યું છે કે આત્મા એક વસ્તુ છે તેમાં પૂર્ણ જ્ઞાન ને આનંદ છે તે એકરૂપ છે માટે પૂર્ણ છે એવી નિજવસ્તુ ઉપર દૃષ્ટિ કરતાં તને આત્માની લક્ષ્મી પ્રાપ્ત થશે. આમ આગમમાં ભગવાને પણ કહ્યું છે, યુક્તિથી પણ એ વાત સિદ્ધ થાય છે અને નિશ્ચયનય પણ એમ જ જાણે છે.

સરોવર કાંઠે રે મૃગલાં તરસ્યા રે
દોડે, હાંફે, ઝાંઝવા જળની કાજ,
એને સાચાં વારી જગમાં ના મળે રે લોલ....

દુઃખી થાકેલાં, સુખને તરસતાં જીવો સુખ માટે પરપદાર્થ અને પુણ્ય-પાપના વિકલ્પમાં આત્માને ગોતવા જાય છે પણ શ્રીગુરુ કહે છે ત્યાં આત્મા નહિ મળે બાપુ! મૃગલાં ભલે દોડે પણ ઝાંઝવામાં એને પાણી નહિ મળે. તેમ, કુગુરુ તને જે માર્ગ બતાવે છે ત્યાં આત્મા નહિ



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



મળે, પ્રભુ! તું લૂટાંઈ જઈશ. ભાઈ! તારી લક્ષ્મી તેમાં ખોવાય છે. અહીં તો શ્રીગુરુ આગમ, યુક્તિ અને નયથી સમજાવે છે તેને વિચિક્ષણ જીવ લક્ષણ વડે ઓળખીને તત્ત્વ ગ્રહણ કરી લે છે.

વિચિક્ષણ કોને કહેવા?-કે જેને ચૈતન્યમાં દૃષ્ટિ થાય અને અનુભવ કરી લે તે વિચિક્ષણ અર્થાત્ ડાહ્યા છે. બાકી જગતમાં જે ડાહ્યા ગણાય છે તે તો સંસારમાં રખડવામાં ઊંડા ઉતરવાના છે. ઝાંઝવામાં સાચા પાણી ન મળે તેમ પુણ્ય-પાપના ક્રિયાકાંડ અને રાગમાં આત્મા નહિ મળે. પ્રભુ! એ તો ઝાંઝવાના પાણી છે. તું અનંતકાળ આમ જ છેતરાયો છો અને જ્યાં અવસર સત્ય સમજવાનો આવે ત્યાં લક્ષ્મી ચાંદલો કરવા આવે ને રાજા મોઢું ફેરવે છે તેમ તું મોઢું ન ફેરવ! આવી તત્ત્વની સત્ય વાત મળવી અનંતકાળે મુશ્કેલ છે. બાપુ! શ્રીગુરુ નયથી સમજાવે છે. ભાઈ! વ્યવહાર તો જૂઠો છે. રાગાદિ વિકલ્પ તે વ્યવહાર છે. તારું પરમેશ્વર સ્વરૂપ તે સત્ય છે. એમ નયથી સિદ્ધ કર્યું, યુક્તિથી કહે છે કે વસ્તુ હોય તે પૂર્ણ જ હોય અને આગમ પણ નિશ્ચયથી વસ્તુને શુદ્ધ જ બતાવે છે.

**लच्छन-वेदि विचच्छन बूझी।** લક્ષણ તેને કહેવાય કે જે લક્ષને પહોંચે. આવા લક્ષણને જાણનારા વિચક્ષણ ભવ્ય જીવો લક્ષ સુધી પહોંચી જાય છે.

વિશેષ:-'દૃગવંત' પદ આપીને એ કહેવું છે કે છતી ઋદ્ધિ પણ આંધળાને નજરે પડતી નથી, આંખવાળાને જ દેખાય છે. તેમ શ્રીગુરુ દ્વારા બતાવવામાં આવેલું તત્ત્વજ્ઞાન અંતર્દૃષ્ટિ ભવ્યોને જ પ્રાપ્ત થાય છે. બહિર્દૃષ્ટિ છોડીને જ્ઞાનાનંદધામમાં ઝુકાવ થતાં અંતર્દૃષ્ટિ વડે અંતરલક્ષ્મીનું ભાન થાય છે. બહિર્દૃષ્ટિ પૂર્વક બાળવ્રત અને બાળતપ કરનારને અંતરાત્માનું ભાન થતું નથી.

આ સોનગઢની વાત નથી, બાપુ! આ વીતરાગની વાત છે. આ સિવાય બીજું તને ઊંધે રસ્તે લઈ જાય છે. ભાઈ! ઉપવાસના નામે લાંઘણો તો તેં ઘણી કરી. હવે શુદ્ધ જ્ઞાનાનંદના દરિયા પાસે જઈને તેમાં વાસ કર તો ખરો ઉપવાસ થાય. બાકી રાગમાં રહેવું એ તો અપવાસ-માઠો વાસ છે.

સંપ્રદાયમાં એક દૃષ્ટાંત આવતું હતું કે, શિકારી મૃગલાંને શિકાર માટે એક તરફ દોરી જતો હતો ત્યાં કોઈ દયાળુ મૃગલાંને બચાવવા માટે બીજી દિશામાં બોલાવે છે પણ મૃગલાં શંકા કરીને ત્યાં જતાં નથી. જુઓ! શંકા કરવાયોગ્ય છે ત્યાં શંકા કરતાં નથી અને શંકા કરવાયોગ્ય નથી ત્યાં શંકા કરીને શિકારીના હાથમાં પકડાય છે. તેમ ઊંધા માર્ગે દોરાતાં જીવોને ગુરુ સાચા માર્ગે વાળે છે-ભાઈ! તારી વસ્તુ એવી છે કે તેની પ્રાપ્તિ માટે તારે કોઈની



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

જરૂર નથી, અમારી પણ જરૂર નથી. તું તારાથી પૂર્ણ છો.

શ્રોતાઃ-અહીં તો નય, પ્રમાણ, યુક્તિ આદિની અપેક્ષા બતાવી છે!

પૂજ્ય ગુરુદેવશ્રીઃ-એ નય, પ્રમાણ વડે એ બતાવ્યું કે તું તારો આશ્રય લે! બીજાનો આશ્રય છોડ! અમારી સામે જોવાથી પણ આત્મા નહિ જણાય એમ ગુરુ કહે છે.

જે દીર્ઘસંસારી છે-જેને અનંતકાળ સંસારમાં રખડવાનું બાકી છે તેને રખડવાથી રહિત એવો સ્વભાવ દૃષ્ટિમાં આવતો નથી. અભવ્યને પણ આ સત્ય સમજાતું નથી. અભવ્ય તો લાયક નથી પણ ભવ્યને પણ મિથ્યાત્વને કારણે દીર્ઘ સંસાર છે અહો! જિનવર સમાન જીવની દૃષ્ટિ અને સંભાળ નહિ કરનારા જીવો દીર્ઘ સંસારમાં ભમે છે. તેની બુદ્ધિમાં સત્ય ખ્યાલમાં આવતું નથી.

અરે! હથેળીમાં આંબળાની જેમ શ્રીગુરુ વસ્તુનું સ્વરૂપ બતાવે છે તો એવું જ્ઞાન કોને ન થાય? કેમ ન થાય? દીર્ઘ સંસારી હોય એની વાત જુદી છે. બાકી લાયક જીવોને તેનું જ્ઞાન થયા વિના ન રહે, થાય જ.

હવે ૨૯મા કળશનું ૩૨મુ પદ્ય કહે છે. માખણ પીરસે છે.

जैसैं कोऊ जन गयौ धोबीकै सदन तिन,
　　पहिरयौ परायौ वस्त्र मेरौ मानी रह्यौ है।
धनी देखि कह्यो भैया यह तो हमारौ वस्त्र,
　　चीन्हैं पहिचानत ही त्यागभाव लह्यौ है।
तैसैंही अनादि पुद्‌गलसौं संजोगी जीव,
　　संगके ममत्वसौं विभावतामैं बह्यौ है।
भेदज्ञान भयौ जब आपौ पर जान्पौ तब,
　　न्यारौ परभावसौं स्वभाव निज गह्यौ है।।३२।।

જુઓ! કર્મના લઈને જીવ વિભાવમાં આવ્યો નથી પણ પરસંગની મમતા અથવા કર્મની મમતાને લઈને જીવ વિભાવમાં આવ્યો છે-એમ કહ્યું છે. હવે તેને ભેદજ્ઞાન કરાવવા માટે અહીં ધોબીનું દૃષ્ટાંત આપીને સમજાવ્યું છે.

જીવ કોને કહેવો કે જે શરીર, કર્મ અને રાગના વિકલ્પથી રહિત અને અનંત જ્ઞાનાદિ ગુણોથી પૂર્ણ છે તે જીવ છે. વ્યવહારથી જીવને ૫૬૩ ભેદવાળો કહેવામાં આવે છે, તે જીવનું

www.vitragvani.com



ખરું સ્વરૂપ નથી. જીવ તો જ્ઞાનથી પૂરો, આનંદથી પૂરો, સ્વચ્છતાથી પૂરો એમ અનંતગુણથી પૂરો-શક્તિનો મહાસાગર છે. અનંત શક્તિનું એકરૂપ સત્ત્વ તે જીવ છે તેની દૃષ્ટિ થાય ત્યારે એવો જીવ એને જણાય. ત્યારે જ તેણે જીવને માન્યો કહેવાય.

જેમ કોઈ ધોબીના ઘરેથી વસ્ત્ર લાવીને પહેરીને સૂતો છે ત્યાં બીજો માણસ આવ્યો કે, ભાઈ! આ વસ્ત્ર ભૂલથી તારી પાસે આવ્યું છે પણ વસ્ત્ર તો મારું છે. ત્યારે આ માણસ વસ્ત્રને તેના લક્ષણ વડે ઓળખીને જાણે છે કે, આ વસ્ત્ર મારું નથી ત્યાં જ તેની દૃષ્ટિમાંથી વસ્ત્રનો ત્યાગ થઈ જાય છે. હજુ વસ્ત્ર પહેરેલું છે છતાં દૃષ્ટિમાંથી ત્યાગ થઈ ગયો. તેમ આત્મા સંયોગ અને રાગમાં ભૂલથી એકતા માનીને બેઠો હતો તે લક્ષણ વડે જાણીને કેવી રીતે જુદો પડી જાય છે તે વિશેષ કહેવાશે.

★ જ્ઞાનનું ને રાગાદિનું એક સાથે ઊપજવું થાય છે તે ચૈત્યચેતક ભાવની એટલે કે જ્ઞેયજ્ઞાયકભાવની અતિ નિકટતાને લીધે જ થાય છે, પરંતુ તેઓ એકદ્રવ્યપણે છે માટે થાય છે એમ નથી. દીપક દ્વારા પ્રકાશવામાં આવતાં ઘટ-પટાદિ દીપકને જ પ્રકાશે છે એટલે કે ઘટ-પટાદિ દીવાના પ્રકાશને જ જાહેર કરે છે. દીવો પોતાની પર્યાયને પ્રકાશે છે અને ઘટ-પટાદિને પ્રકાશે છે પણ ઘટ-પટાદિરૂપ થતો નથી એટલે કે દીવો પોતાની દ્વિરૂપતાના પ્રકાશને પ્રગટ કરે છે, તે પોતાની સ્વ અને પરને પ્રકાશવાની શક્તિને પ્રકાશે છે પણ ઘટ-પટાદિરૂપે થતો નથી કે ઘટ-પટાદિ તેમાં આવતા નથી. તેમ આત્મા વડે જાણવામાં આવતાં રાગાદિ ભાવો ચેતકપણાને જ પ્રકાશે છે, રાગાદિને પ્રકાશતા નથી. જ્ઞાનમાં જણાતા રાગાદિ ભાવો જ્ઞાનની સ્વ-પર પ્રકાશકરૂપ દ્વિરૂપતાને જાહેર કરે છે પણ રાગાદિ આત્મામાં આવતા નથી કે આત્મા રાગાદિરૂપે થતો નથી.

*-પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

# પોતાનો સહારો પોતામાં જ છે

(સળંગ પ્રવચન નં. ૨૮)

સમયસાર નાટકનો આ જીવદ્વાર અધિકાર છે. જીવ કેવો છે કે જેને માનવાથી અને અનુભવવાથી સમકિતરૂપી પ્રથમ ધર્મની શરૂઆત થાય તેની વ્યાખ્યા અહીં કરી છે. આ ૩૨મું પદ્ય છે. તેમાં ધોબીના દૃષ્ટાંતથી ભેદવિજ્ઞાનની પ્રાપ્તિ કેવી રીતે થાય છે તે બતાવ્યું છે.

जैसैं कोऊ जन गयौ धोबीकै सदन तिन,
पहिरयौ परायौ वस्त्र मेरौ मानी रह्यौ है।
धनी देखि कह्यो भैया यह तो हमारौ वस्त्र,
चीन्हें पहिचानत ही त्यागभाव लह्यौ है।।
तैसैंही अनादि पुद्‌गलसौं संजोगी जीव,
संगके ममत्वसौं विभावतामैं बह्यौ है।
भेदज्ञान भयौ जब आपौ पर जान्पौ तब,
न्यारौ परभावसौं स्वभाव निज गह्यौ है।।३२।।

જેમ કોઈ મનુષ્ય ધોબીના ઘરે જઈ અને બીજાનું કપડું પોતાનું સમજીને લાવીને ઓઢીને સૂઈ ગયો, પણ તે વસ્ત્રનો માલિક આવીને કહે છે કે આ કપડું તો મારું છે તો તે મનુષ્ય પોતાના વસ્ત્રનું ચિહ્ન જોઈને ત્યાગબુદ્ધિ કરે છે. હજુ વસ્ત્ર પોતે ઓઢેલું છે પણ દૃષ્ટિમાં ત્યાગબુદ્ધિ થઈ ગઈ કે આ વસ્ત્ર મારું નથી. તેમ આ જ્ઞાન અને આનંદસ્વભાવી આત્મા કર્મના સંયોગે જે પુણ્ય-પાપના વિકલ્પો થાય છે અને બહારમાં સ્ત્રી, પુત્ર, મિત્રાદિનો સંયોગ થાય છે તેને પોતાના માની બેઠો છે પરંતુ ભેદવિજ્ઞાન થતાં જ્યારે સ્વ-પરનો વિવેક થઈ જાય છે ત્યારે રાગાદિ ભાવોથી ભિન્ન પોતાના નિજસ્વભાવનું ગ્રહણ કરે છે.

ભગવાન પરમેશ્વર તીર્થંકર પરમદેવ કહે છે કે ભાઈ! તને તારા લક્ષણની ખબર નથી. તું તો જ્ઞાન ને આનંદના લક્ષણથી લક્ષિત તત્ત્વ છો. શરીર, વાણી, મન, સ્ત્રી, પુત્ર, પરિવાર આદિ તો બધાં પર તત્ત્વો છે. એ તો કર્મના સંયોગે અંતર અને બાહ્યમાં આવેલી ઉપાધિ છે. એક તો અઘાતિકર્મ છે તેના નિમિત્તે બહારમાં શરીર, સ્ત્રી, પુત્રાદિના સંયોગની ઉપાધિ મળી છે અને બીજા જે ઘાતિકર્મો છે તેના નિમિત્તે પુણ્ય-પાપ અને જ્ઞાન-દર્શનાદિની હીણી અવસ્થા

www.vitragvani.com



થઈ છે તે અંતરની ઉપાધિ છે. જીવનું વાસ્તવિક સ્વરૂપ નથી. એ તો વિભાવ છે તેને આ જીવે પોતાના માની લીધાં છે. જેમ પહેલાં માણસે બીજાનું કપડું પોતાનું માનીને ઓઢી લીધું હતું તેમ જીવે વિભાવને સ્વભાવ માની લીધો છે. તેને ગુરુ કહે છે કે ભાઈ! તને તારા સ્વરૂપની ખબર નથી. તું તો જ્ઞાનસ્વરૂપી આત્મા છો. આ જે કર્મના સંયોગે અંતરમાં પુણ્ય-પાપના પરિણામ થાય છે તે તું નથી. એ તો ઉપાધિ છે અને બાહ્યમાં શરીરાદિ સંયોગ છે તે પણ ઉપાધિ છે, એ તું નથી. શરીર શરીરરૂપે થઈને રહ્યું છે એ કાંઈ તારારૂપે થયું નથી. લક્ષ્મી તને બહુ વ્હાલી લાગે છે પણ જડરૂપ થઈને રહી છે એ કાંઈ તારારૂપે નથી અને તું તેનારૂપે થઈને રહ્યો નથી. છતાં આ સંયોગો અને વિભાવોને મારા માનીને તે અનંત અવતાર કર્યા છે.

ચોરાશી લાખ યોનિમાં અનંત અવતાર તેં ધારણ કર્યાં અને દુઃખી થયો છો. એ બધું ભગવાનના જ્ઞાનમાં જણાય છે. ભગવાનની વાણીમાં તારા હિતની વાત આવે છે. તું શરીરાદિ સંયોગી અને પુણ્ય-પાપરૂપ સંયોગીભાવને તારા પોતાના માને છે પણ એ તારા નથી. તેનાથી ભેદવિજ્ઞાન થતાં તને માલૂમ પડશે કે અહો! હું તો ચિદ્‌ઘન છું. મારું સ્વરૂપ મારાથી જુદું ન હોઈ શકે. શરીર, વાણી, મન ને પુણ્ય-પાપ તો જગતની ચીજ છે તેને મેં મારી માની હતી એ જ મિથ્યાત્વ અને અનંત સંસારનું મૂળ હતું એમ તને જણાશે.

ભગવાનની વાણીમાં એમ આવ્યું કે તારું સ્વરૂપ તો શુદ્ધ જ્ઞાનઘન છે. અંતરમાં જો તો તારું સ્વરૂપ પુણ્ય-પાપના રાગથી રહિત છે, જે તારું નથી તેને તે પોતાનું માન્યું અને તારા પોતાના અસલી સ્વરૂપને ભૂલી ગયો છો તેથી જ ભવભ્રમણ થયું છે. શરીર તો જડ છે અને જડ થઈને રહ્યું છે અને પ્રત્યક્ષ દેખાય છે કે શરીરની તો બળીને રાખ થઈ જાય છે, જીવ તો ચાલ્યો જાય છે પણ શરીર નીરોગી હોય અને પાંચ-પચાસ કરોડ રૂપિયા સંયોગમાં હોય તેને એમ લાગે કે 'હું કાંઈક છું' પણ ભાઈ! એ તો જડ છે. એ ક્યાં અરૂપી ચેતન થયા છે? શરીર અને ધનાદિ તારા જેવા અરૂપી અને ચેતન થઈ જાય તો તારા કહેવાય પણ એમ તો બનતું નથી.

શ્રોતાઃ-અમારી તિજોરી આવ્યા એટલે અમારા જ કહેવાય ને!

પૂજ્ય ગુરુદેવશ્રીઃ-અરે! એ તિજોરી પણ ક્યાં તારી હતી? તારી તિજોરી તો એ છે કે જેમાં અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત સ્વચ્છતા આદિ અનંત અનંત ગુણોનો વૈભવ ભર્યો છે. નિજસ્વરૂપ એ તારું નિજનિધાન છે.

શરીર, વાણી, મન આદિ તો જડ છે, જડ થઈને રહ્યા છે અને જડપણે જ રહેવાના છે.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



એ તો જીવના નથી પણ કર્મ-સંયોગના લક્ષે થઈ રહ્યા છે તે બંને ભાવ ઉપાધિ છે, મેલ છે, તારો નિજભાવ નથી. દયા પાળું, વ્રત પાળું, ભક્તિ કરું તો મને ધર્મ થઈ જશે એમ માને તેથી કાંઈ શુભભાવથી ધર્મ થઈ ન જાય પણ અરેરે! “સાચાં વારિ એને ના મળે રે લોલ....” વનમાં મૃગલાં ઝાંઝવાના પાણીમાં સાચાં પાણીની કલ્પના કરીને દોડ્યાં જાય છે પણ સાચાં વારિ એને મળતાં નથી. તેમ અજ્ઞાની પ્રાણી મારી પાસે પૈસા હોય તો દાન થાય અને દાન થાય તો લાભ થાય એમ માનીને ધર્મની આશામાં દોડ્યાં જાય છે પણ તેમાંથી ધર્મ એટલે સુખ એને મળતું નથી.

અહીં તો કહે છે કે અસંખ્ય પ્રદેશી તારું ક્ષેત્ર અને અનંત જ્ઞાન-દર્શનાદિ તારા ભાવને ઓળખીને તેની પ્રતીત અને અનુભવ નહિ કર ત્યાં સુધી ચોરાશીના અવતારમાં તારું રખડવું મટશે નહિ. જે જ્ઞાનાનંદ સ્વભાવની દૃષ્ટિ કરીને વિકારને દૃષ્ટિમાંથી છોડી દે છે તે ધર્મી છે, તે સુખી છે, તે લક્ષ્મીવાન છે, તેના ચોરાશીના અવતારનો અંત આવે છે. બાકી તો બધાં દુઃખી દુઃખી અને હેરાન છે, ભલે તે કરોડપતિ હોય પણ બિચારાં છે, દુઃખી છે, ભિખારી છે. અરે! કરોડ એવા જડના પતિ છે માટે જડ છે.

શુભ અને અશુભ રાગ એ પણ કષાય છે, અગ્નિ છે, તારું સ્વરૂપ નથી. ભલે દયા, દાન, વ્રત, ભક્તિનો મંદ કષાય હોય પણ છે તો કષાય ને! એ માટે કષાયની અગ્નિમાં પોતે બળી રહ્યો છે અને મારા માને છે! પાગલપણાનું પ્રમાણ નથી.

પુણ્ય-પાપના ભાવ તેના ફળરૂપ કર્મબંધન અને તેના ફળરૂપ મળેલો સંયોગ એ કોઈ મારી ચીજ નથી! મારે અને તેને કાંઈ સંબંધ નથી. મારો સ્વભાવ તો રાગ, કર્મ અને સંયોગથી નિરાળો છે એમ જે અંતરમાં સ્વભાવને ગ્રહણ કરે અને રાગાદિને દૃષ્ટિમાંથી છોડી દે છે તેને ધર્મી કહીએ. જ્ઞાની કહીએ અથવા શુદ્ધ ચૈતન્યલક્ષ્મીનો સ્વામી કહીએ. ભગવાન સર્વજ્ઞદેવ સો ઈન્દ્રોની સભામાં આમ ફરમાવતાં હતાં તે મુનિ અને સંતો અહીં ફરમાવે છે.

આ ૨૯માં કળશનું ૩૨મુ પદ્ય થયું. હવે ૩૦માં કળશનું ૩૩મુ પદ્ય બનારસીદાસજી કહે છે.

कहै विचच्छन पुरुष सदा मैं एक हौं,
अपने रससौं भर्यो आपनी टेक हौं।
मोहकर्म मम नांहि नांहि भ्रमकूप है,
शुद्ध चेतना सिंधु हमारौ रूप है।।३३।।



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



સુખી તો તેને કહીએ કે જેણે દુઃખના પંથને વિસાર્યા છે. પુણ્ય-પાપના વિકલ્પોનો પંથ તો દુઃખ પંથ છે. બહારમાં તો સંયોગો છે એ કોઈ પ્રતિકૂળ નથી. અંદરમાં શુભ-અશુભભાવ થાય છે એ જ પ્રતિકૂળ અને દુઃખરૂપ છે. તેને જેણે દૃષ્ટિમાંથી વિસાર્યા છે અને સ્વભાવને ગ્રહણ કર્યો છે એવા જ્ઞાની પુરુષો એવો વિચાર કરે છે કે હું સદૈવ એકલો છું. પોતાના જ્ઞાન-દર્શનરસથી ભરપૂર પોતાના જ આધારે છું, ભ્રમજાળનો કૂવો એવો મોહ મારું સ્વરૂપ નથી. મારું સ્વરૂપ તો શુદ્ધ ચૈતન્યસિંધુ છે.

હું તો રાગથી માંડીને આખી દુનિયાનો જાણનાર દેખનાર છું. તેમાંથી કોઈ ચીજ મારી છે એવું માનનારો હું નથી. મારામાં જ્ઞાન-દર્શન અને આનંદનો રસ ભર્યો છે તે મારો સહારો છે-આશ્રય છે, રાગ અને પુણ્ય એ મારો સહારો કે આશ્રય નથી.

ઋષભદેવના પુત્ર ભરત ચક્રવર્તીને ૯૬ કરોડ પાયદળ હતું અને ૯૬ હજાર રાણી હતી પણ પોતે જ્ઞાની હતાં તેથી જાણતાં હતાં કે આ કોઈ મારાં નથી અને હું તેનો નથી. હું છું ત્યાં એ નથી અને એનામાં હું નથી. આવા જ્ઞાનને ભેદજ્ઞાન કહેવાય અને એવા જ્ઞાનીને ધર્મી કહેવાય. બાકી રાગની ક્રિયા કરીને ધર્મ માને છે તે તો મૂઢ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે.

જેનો સ્વભાવ જ્ઞાન, દર્શન અને આનંદ છે તેમાં અપૂર્ણતા અને વિપરીતતા કેમ હોય? સ્વભાવથી પરિપૂર્ણ નિજસ્વરૂપને જે માને છે તેણે જીવને માન્યો, અનુભવ્યો અને પ્રાપ્ત કર્યો કહેવાય. સમ્યગ્દર્શનના વિષયભૂત તત્ત્વ અપૂર્ણ ન હોય.

અશુભરાગથી ધર્મ ન હોય પણ શુભરાગથી પણ ધર્મ ન થાય. શુભરાગથી ધર્મ માનવો એ તો ભ્રમણાનો કૂવો છે. બહુ પાપ કરતાં હોય તેનાથી બચીને કાંઈક દયા-દાનનો શુભરાગ કરે ત્યાં દુનિયા તેમાં ધર્મ મનાવવા લાગે છે પણ શુભરાગમાં ધર્મ માનવો એ મોટી ભ્રમણા છે. ભાઈ! તારો ભગવાન તો આનંદનો કૂવો છે. તને તો તારો આશ્રય છે. પરચીજનો આશ્રય તને ન હોય.

'ભ્રમજાળનો કૂવો મોહકર્મ મારું સ્વરૂપ નથી' એમાં શું કહેવું છે!-કે, જ્ઞાનાનંદસ્વરૂપની દૃષ્ટિ થતાં, ધર્મીને શુભરાગની એકતા તે ભ્રમણાના કૂવા જેવી લાગે છે. શુભભાવ મારો છે, તેનાથી મને લાભ છે એવી શુભભાવમાં એકતાબુદ્ધિ છે તે તો ભ્રમજાળનો કૂવો છે. તો અશુભભાવની તો વાત જ શું! ધનાદિ મેળવવાની આશાએ બીજાને પૂજે છે એ તો મહા ભ્રમણામાં પડ્યો છે, પણ પ્રશસ્તરાગમાં ધર્મ માને છે તે પણ ભ્રમણાના કૂવામાં પડ્યા છે એમ અહીં કહ્યું છે અમારું લક્ષ તો ભગવાનમાં છે, ભક્તિમાં ક્યાં કષાય છે! એમ કરીને જે



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

એકલા શુભરાગમાં જોડાય ગયો છે તે પોતાને ચૂકી ગયો છે, ભ્રમણાના કૂવામાં પડ્યો છે.

જિંદગી ચાલી જાય છે ભાઈ! આયુષ્ય પૂરું થશે ત્યારે આ શરીર તારું રાખ્યું રહેશે નહિ. દેહ ક્યાં સમયે છૂટશે તે બધું નક્કી થયેલું જ છે. દરેક સમયે તું મૃત્યુની સમીપ જઈ રહ્યો છે તે પહેલાં તારો સ્વભાવ સંભાળી લે ભાઈ! પોતાના સ્વભાવની સમીપ જાય છે તેને રાગનું સમીપપણું પણ રહેતું નથી-રાગ પણ તેને પોતાનો ભાસતો નથી તો શરીર તો પોતાનું કેમ ભાસે!

એક તરફ મોહથી ઉત્પન્ન થયેલા શુભાશુભ વિકારીભાવ છે અને એક તરફ જ્ઞાનાનંદનું નિધાન છે, હવે જ્યાં જવું હોય ત્યાં જાવ. રાગથી ધર્મ માનશો તો ભ્રમણાનો કૂવો છે તેમાં ડૂબીને મરી જશો અને આત્મા કે જે જ્ઞાન ને આનંદનો કંદ છે તેમાં એકત્વ કરશો તો અમર થઈ જશો કેમ કે એ જ તમારું નિજસ્વરૂપ છે.

**सुद्ध चेतना सिंधु हमारौ रूप है।** હું તો ચૈતન્ય સમુદ્ર છું. રાગાદિ વિકલ્પ મારા ચૈતન્યસમુદ્રમાં નથી. ભજનમાં ભાઈએ લખ્યું છે,

જ્યમ ખો પીપર તણો ઘાતક બને રે લોલ,<br>
ત્યમ આસ્રવો આ જીવને જણાય,<br>
જુદે-જુદાં અનાદિથી જાણજો રે લોલ.....

'ખો' એટલે લાખ. જેમ પીપરના ઝાડમાં લાખ થાય, તે લાખ પીપરનો ઘાત કરે છે તેમ શુભાશુભ આસ્રવો જીવનો ઘાત કરે છે-જીવને નવા આવરણનું કારણ છે. ધર્મના કારણ નથી. વાઈનો વેગ જેમ આવે છે અને જાય છે તેમ આસ્રવો આવે છે અને જાય છે પણ તે જીવથી જુદાં જ છે. આ વાત ૭૪મી ગાથામાં આવે છે તેનું પ્રવચન અહીં સાંભળીને આ ભક્તિ બનાવી છે.

માનવભાવ જગમાં દોહ્યલો રે લોલ....<br>
દુર્લભ દુર્લભ જૈન અવતાર,<br>
એની સાથે સદ્‌ગુરુ છાયાં દોહ્યલી રે લોલ.

સાચી વાત સાંભળવા મળવી બહુ દુર્લભ છે. કરોડો, અબજો રૂપિયા ને રાજ્ય આદિ મળવા સહેલાં છે પણ સાચી વાત કાને પડવી બહુ દુર્લભ છે.

સરોવર કાંઠે રે મૃગલાં તરસ્યાં રે લોલ,

દોડે હાંફી ઝાંઝવા-જળની કાજ,
એને સાચા વારિ જગમાં ના મળે રે લોલ.

મૃગલાં દોડી-દોડીને મરે પણ ઝાંઝવામાં તેને ક્યાંય જળ મળે નહિ તેમ પુણ્ય-પાપ ભાવ અને તેના ફળ ઝાંઝવાના જળ જેવા છે તેમાં ક્યાંય જ્ઞાનાનંદનું પાણી મળે તેમ નથી. મૂરખ અજ્ઞાની પ્રાણી મફતનો તેમાં ધર્મ માનીને દોડે છે.

એ મનના મૃગલાંને પાછાં વાળજો રે લોલ,
જોડી દ્યો આતમ સરોવરે આજ,
એને મળશે આતમસુખ અમૂલાં રે લોલ.......

પરમાં ને પુણ્યમાં સુખની કલ્પના કરનારા મનને ત્યાંથી પાછું વાળીને આતમસરોવરમાં જોડી દ્યો તો અમૂલ્ય એવું આત્મસુખ જરૂર મળશે.

ધર્મીને પ્રશસ્તરાગ ન આવે એમ નથી. રાગ તો આવે પણ તેનાથી મને ધર્મ કે સુખ થશે એવી ભ્રમણા ધર્મીને ન હોય. અશુભથી બચવા, શુભનો એવો કાળ હોય તો શુભરાગ આવે પણ તે કષાયની અગ્નિ છે, ધર્મ નથી.

જગતને આ સત્ય સાંભળવું દુર્લભ થઈ પડ્યું છે. જૂનાગઢની જાત્રા કે શિખરજીની જાત્રા કરો પણ એ શુભરાગ છે.

મુમુક્ષુઃ-આપે જ અમને જાત્રા તો કરાવી!

પૂજ્ય ગુરુદેવશ્રીઃ-એ જ કહ્યું કે શુભભાવ તો હોય છે પણ એ દુઃખરૂપ છે, હેય છે પણ આવ્યા વગર રહે પણ નહિ. જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી અશુભથી બચવા એવી શુભની સ્થિતિ ઊભી છે પણ તે હેય છે.

આવા માપ અંદરથી કાઢવા તે અનંતકાળે પણ દુર્લભ છે. આનંદનું સરોવર પોતે જ છે પણ તેની દૃષ્ટિ કરતો નથી અને વિકલ્પરૂપી ઝાંઝવામાં સુખના પાણી લેવા દોડ્યો છે ત્યાં શાંતિ ને સુખ નહિ મળે ભાઈ!

'આ શુભરાગ મારો છે, હું અશુભથી બચ્યો છું' એમ માને છે તેને મિથ્યાત્વ તો પડ્યું છે. એ જ મોટું પાપ છે. તે પાપથી બચ્યો નથી. શુભરાગથી લાભ થાય એમ માન્યું છે એ જ મોટું મિથ્યાત્વનું પાપ છે તેની તો એને ખબર પણ નથી. વીતરાગની વાતો કઠણ છે ભાઈ! વીતરાગ કહે છે મારી વાત સાંભળવા બેઠો છો પણ એ વિકલ્પ છે હો! એમ ધ્યાન રાખજે,

વિકલ્પમાં ફસાઈ ન જઈશ.

બાપુ! તું પ્રકાશનો પિંડ છો. તારામાં શુભરાગનો કણ પણ શોભતો નથી. ધર્મી-વિચિક્ષણ સમકિતી એમ જાણે છે કે અમે તો જાણકસ્વભાવના દરિયા છીએ, તેમાંથી જાણવું....જાણવું.....જાણવું....નીકળ્યા જ કરે, ખૂટે નહિ. મારા સ્વભાવમાંથી રાગ ને પુણ્ય ન નીકળે.

મોટા પંચકલ્યાણક કરે, કરોડો રૂપિયા ખર્ચે, ગજરથ કાઢે અને મેં આ બધું કર્યું એમ માને તે તો જડનો સ્વામી થયો. તેને મિથ્યાત્વનું મોટું પાપ લાગે છે. કેમ કે એ તો બધી જડની અને રાગની ક્રિયા છે, જીવનું સ્વરૂપ નથી. ધર્મીજીવની દૃષ્ટિ તો જ્ઞાનાનંદના દરિયા ઉપર જ હોય છે. ધર્મી જાણે છે કે શુદ્ધ ચેતનાસિંધુ જ્ઞાનનો દરિયો એ મારું રૂપ છે, રાગ મારું રૂપ નથી.

હવે ૩૧મો કળશ અને તેના ઉપરનું ૩૪મું પદ્ય લઈએ, તેમાં તત્ત્વજ્ઞાન થતાં જીવની અવસ્થા કેવી થાય છે તેનું વર્ણન બનારસીદાસજી કરે છે.

तत्त्वकी प्रतीतिसौं लख्यौ है निजपरगुन,
दृग ज्ञान चरन त्रिविधि परिनयौ है।
विसद विवेक आयौ आछौ विसराम पायौ,
आपुहीमैं आपनौ सहारौ सोधि लयौ है।।
कहत बनारसी गहत पुरुषारथकौं,
सहज सुभावसौं विभाव मिटि गयो है।
पन्नाके पकायें जैसै कंचन विमल होत,
तैसें सुद्ध चेतन प्रकाररूप भयो है।।३४।।

તત્ત્વશ્રદ્ધાન અર્થાત્ 'હું' તો ત્રિકાળ જ્ઞાન અને આનંદ-સ્વરૂપ છું, પુણ્ય-પાપના વિકલ્પ અને તેના ફળમાં હું ક્યાંય નથી.' જેવો આત્મા પૂર્ણ છે તેવો જ્ઞાનમાં લઈને પ્રતીતિ કરી તે સાચી પ્રતીતિ છે. તે પ્રતીતિ થતાં સ્વ અને પરની સાચી ઓળખાણ થાય છે. શુદ્ધ આનંદઘન તે હું અને પુણ્ય-પાપના વિકલ્પ તે પર છે, વિભાવ છે, મારા નથી એમ તેનાથી ભિન્નતાનું ભાન થાય છે. તેથી એવા ભેદજ્ઞાની જીવને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રમાં પરિણમન થાય છે અને નિર્મળ ભેદવિજ્ઞાન થવાથી તેને સ્વરૂપમાં જ વિશ્રામ મળી ગયો અને સ્વરૂપમાં જ પોતાનો સહાયક ગોતી લીધો.

સમ્યગ્દર્શન થતાં સ્વાનુભવમાં જ્ઞાન અને સ્થિરતાનો અંશ સાથે જ હોય છે. વસ્તુના પરિપૂર્ણ તત્ત્વની શ્રદ્ધામાં બધાં અંશો ભેગાં જ હોય છે. અનંતાનુબંધીના અભાવમાં સ્વરૂપાચરણચારિત્ર પણ સમકિતીને હોય છે.

ધર્મીને **दृग ज्ञान चरन त्रिविधि परिनयौ है ।** દૃગ એટલે શ્રદ્ધા, જ્ઞાન એટલે સ્વનું જ્ઞાન અને ચરણ એટલે સ્વરૂપમાં રમણતા આ ત્રણેય ગુણ એકસાથે પરિણમ્યા છે.

બહુ માણસોની વચ્ચે આવી વાત કરી હોય તો લૂખી લાગે, વ્યવહારને ઉથાપે છે એવું લાગે. પણ એને સાચાં નિશ્ચય અને વ્યવહારના સ્વરૂપની ખબર જ ક્યાં છે! એ લોકો તો જાત્રા કરવા જાય ત્યાં વહેલાં ઊઠી, પહાડ ચડી, દર્શન કરીને નીચે ઉતરી ખૂબ થાક લાગ્યો હોય એટલે ગરમ પાણીથી નહાવા આદિની વ્યવસ્થામાં પડી જાય. એ શું જાત્રા કરી કહેવાય! ધર્મીને પણ શુભરાગરૂપ વ્યવહાર આવે છે પણ તે જાણે છે કે સ્વરૂપમાંથી ચ્યુત થઈને આ ભાવ આવ્યો છે, મારો નિજભાવ નથી, ઉદયભાવ છે અને ઉદયભાવ છે તે જ સંસાર છે.

**विसद विवेक आयौ.....** શુભાશુભરાગમાં રહેતો હતો તેમાંથી ખસીને સ્વરૂપની દૃષ્ટિ થતાં ધર્મીને અંતરમાં-નિર્મળ આત્મામાં વિશ્રામ મળ્યો. અનાદિથી પુણ્ય-પાપના વિષમભાવોમાં વિશ્રામ ન હતો, હવે વિસદ વિવેક જાગૃત થતાં વિશ્રામધામ મળ્યું, તેમાં એવો વિશ્રામ મળ્યો કે અનાદિનો થાક ઉતરી જાય છે. અહો! સમકિતીને અનાદિનો થાક ઉતરી ગયો.

અજ્ઞાની લોકો પૈસા કમાઈને પછી શાંતિથી રહેશું અને જિંદગીનો થાક ઉતારશું એમ આશા રાખે છે તે ખોટી છે. પૈસા વાપરવાથી ધર્મ નહિ થાય અને સ્વભાવની દૃષ્ટિ વગર થાક ઉતરશે નહિ એ સમજી લેજો. મિથ્યા દૃષ્ટિ નહિ ટળે ત્યાં સુધી નિગોદ મળશે પણ મોક્ષ નહિ મળે.

હા! જાત્રા, પૂજા ભક્તિના ભાવ ન હોય એમ નથી, શુભભાવ તો હોય છે પણ તેનાથી ધર્મ માનશે તેને મોટું મિથ્યાત્વનું પાપ સાથે લાગે જ છે.

પૈસા રળવામાં જીવોને બહુ રસ છે, પાંચ મળતાં હોય તો પચાસ અને પચાસ મળતાં હોય તો સો મેળવવા પ્રયત્ન કરે છે પણ ભાઈ!-

હુન્નર કરે હજાર, ભાગ્ય બિન મિલે ન કોડી.

પૈસા મેળવવામાં પુરુષાર્થ બિલકુલ કામ લાગતો નથી. પૂર્વના પુણ્યના રજકણો બળે ત્યારે વર્તમાનમાં ધનાદિ મળે છે. માટે એ તો પૂર્વના પુણ્ય અનુસાર મળે છે. પુરુષાર્થ તો એક

www.vitragvani.com



પોતાના આત્માના કામમાં કામ લાગે છે. એમાં પુરુષાર્થ કર ને!

ભાઈ! આ તો વીતરાગનો માર્ગ છે. આમાં કોઈની લાગવગ ચાલે તેવું નથી. એક માણસે પ્રશ્ન કરેલો મહારાજ! આ ધર્મમાં પૈસાવાળાનો કાંઈ નંબર ખરો કે નહિ?-કીધું, બિલકુલ નહિ, 'હું પૈસાવાળો છું' એ માન્યતા જ અજ્ઞાનીની ભ્રમણા છે. આત્મા જડ પૈસાવાળો હોય!

કોઈ કહે કે ગુરુ તો હાથ પકડીને લઈ જશે ને! એ વાત પણ ખોટી છે. બ્રાહ્મણ પરણાવી દે પણ કાંઈ ઘર ચલાવી દે? તેમ ગુરુ તો માર્ગ સમજાવે પણ સમજવું તો પોતાનું કામ છે ને! જે સમજે તે માર્ગે ચાલીને તરી જાય.

ભાઈ! તેં અનંતકાળ આમ મિથ્યાત્વના દુઃખમાં ગાળી નાખ્યો. અરે! આ વંટોળિયામાં તણખલાં ક્યાં જઈને પડશે તે નક્કી નથી. તેમ તારા અવતાર ક્યાં થશે તે તું જાણતો નથી. પુણ્ય-પાપ ભાવને પોતાના માનીને પડ્યો છો તો નરક નિગોદમાં ચાલ્યો જઈશ. ભાઈ! તને ભવભ્રમણનું દુઃખ નથી લાગતું! તેં એવા દુઃખ વેઠ્યાં છે કે તેં વેદ્યા અને ભગવાને જાણ્યાં છે. બાકી વાણીથી ન કહી શકાય એટલાં દુઃખ તેં ભોગવ્યાં છે પણ એ ભૂલી ગયો અને અહીં જરાં અનુકૂળતા મળી તેમાં હું પહોળો ને શેરી સાંકડી થઈ ગઈ છે. પણ ભાઈ! ચૈતન્યસૂર્યની પરીક્ષામાં પાસ થયાં વિના તું નાપાસ જ છો એ સમજી લેજે.

જીવ પોતાના સ્વભાવને ભૂલીને પુણ્ય-પાપની શ્રદ્ધા, તેનું જ્ઞાન અને તેમાં સ્થિરતા કરે છે, તે સંસારમાં ભ્રમણનું કારણ છે. તેનાથી ભિન્ન પડીને પ્રથમ તો સત્યતત્ત્વનું શ્રવણ કરે, તેને લક્ષમાં લે અને પછી અંદરમાં ઊંડો ઉતરે તો તેને શ્રદ્ધા થાય કે, અહો! હું તો રાગથી ભિન્ન ચૈતન્યતત્ત્વ છું! એવા ચૈતન્યની શ્રદ્ધા, જ્ઞાન, સ્થિરતાનું પરિણમન થાય, સુખનું વેદન આવે ત્યારે તે જીવને ધર્મી અને સુખના પંથે ચડેલો જીવ કહેવાય. તેને એવો નિર્મળ વિવેક પ્રગટ થઈ ગયો કે પોતાનો વિશ્રામ પોતે જ મેળવી લીધો અને પોતાનો સહાયક પોતામાં જ શોધી લીધો. તેને હવે કોઈ વિકલ્પ કે નિમિત્તના સહારાની અપેક્ષા નથી.

બનારસીદાસજીએ શાસ્ત્રનો સાર કાઢીને મૂકી દીધો છે. બનારસીદાસજી ગૃહસ્થ તો હતાં પણ શૃંગારી અને વ્યભિચારી પણ હતાં પણ પછી ધર્મી થયાં ત્યાર પછી આ શ્લોકની રચના કરી છે. અહો! **आपुहीमैं आपनौ सहारौ सोधि लयौ है।** જેને હજુ સમજણના ઠેકાણાં ન હોય, ધારણા પણ યથાર્થ ન થઈ હોય તે પોતાનો સહારો પોતામાં ગોતી ન શકે. ધર્મીએ તો પોતાનો સહારો પોતામાં ગોતી લીધો છે તેણે વિભાવ તરફનો પુરુષાર્થ છોડી સ્વભાવ



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



તરફનો પુરુષાર્થ કર્યો ત્યાં વિભાવ તો બધાં સહજ છૂટાં પડી ગયાં. સહજ સ્વભાવનો અનુભવ થતાં પુણ્ય-પાપના વિકલ્પ મારા નથી એમ છૂટા પડી ગયા. દાણાંમાંથી કાંકરાં કાઢી નાંખે તેમ ધર્મી વિભાવરૂપી કાંકરાં પોતાના ચૈતન્યમાંથી કાઢી નાંખે છે. આવું ભેદજ્ઞાન તે ધર્મની પ્રથમ શરૂઆત-પહેલી સીડી છે. એના વગરના વ્રત, તપ આદિ બધાં એકડાં વિનાના મીંડા જેવા છે.

★ જે આત્મા છે તેમાં પરના કર્તા-કર્મ આદિ ષટ્કારકો નથી, રાગના ષટ્કારકો તેમાં નથી ને એની નિર્મળ પર્યાય છે તેના ષટ્કારકોથી પણ પાર એવો આત્મા તે હું છું. નિર્મળ પર્યાયના ષટ્કારકોથી મારી ચીજ ભિન્ન છે. પરના કર્તાપણાની કે રાગના કર્તાપણાની વાત તો ક્યાંય રહી પણ નિર્મળ પર્યાયના ષટ્કારકોની પ્રક્રિયાથી ભિન્ન મારી ચીજ છે. જ્ઞાયકસ્વરૂપ અબદ્ધસ્વરૂપ આત્મા પર્યાયના ષટ્કારકોથી ભિન્ન છે. મોક્ષમાર્ગના ષટ્કારકો છે તે દ્રવ્યસ્વભાવમાં નથી. મોક્ષમાર્ગની પર્યાયના એક સમયના ષટ્કારકોની પ્રક્રિયાથી પાર-ભિન્ન નિર્મળ અનુભૂતિ-ત્રિકાળી અનુભૂતિ, તે અનુભૂતિમાત્રપણાને લીધે હું શુદ્ધ છું.

★ વિકલ્પનો ભાગ પણ ક્રમસર થાય છે, પણ જ્યાં તેના કાળક્રમે નીકળે છે ત્યાં મેં કર્યો એમ એને ભ્રમ પડી જાય છે.

★ રાગમિશ્રિત નિર્ણયથી નિર્વિકલ્પ થતો નથી પરંતુ નિર્વિકલ્પ થતાં પહેલાં વિકલ્પથી કેવો નિર્ણય કરે છે તે કહે છે. પ્રથમ શું કરે?-કે પ્રથમ રાગમિશ્રિત વિચારથી નિર્ણય કરે કે જ્ઞાનસ્વરૂપ આત્મા છું. સર્વજ્ઞદેવે કહેલાં પરમાગમથી નિર્ણય કરે છે કે જ્ઞાન તે હું છું. ગુરુ પાસેથી સાંભળીને નિર્ણય કરે છે કે જ્ઞાન તે હું છું. હજી સમ્યગ્દર્શન થયું નથી પણ સમ્યગ્દર્શન પ્રગટ કરવું છે તેવી ધગશવાળો આંગણે ઊભેલો જીવ પ્રથમ એમ નિર્ણય કરે છે કે દયા-દાનના ભાવ વિકાર છે, તે મારું સ્વરૂપ નથી. હું તો જ્ઞાનસ્વભાવ આત્મા છું. જાણવાના સ્વભાવવાળો અનાદિ-અનંત છું,-આવો વિકલ્પ તે પણ હું નથી. હું જ્ઞાનસ્વભાવ આત્મા છું. પહેલાં વિકલ્પ દ્વારા આવો નિર્ણય કરે છે.

*-પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ*



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

# શુદ્ધ સ્વભાવની સંભાળ કર

(સળંગ પ્રવચન નં. ૨૯)

શ્રી નાટક સમયસાર શાસ્ત્રનો આ જીવદ્વાર છે. તેમાં ૩૪મું પદ્ય ચાલે છે.

જુઓ! આમાં શું કહે છે! અનાદિનો અણઅભ્યાસ છે તેથી આ સમજવામાં થોડું કઠણ લાગે પણ આ જ સમજવા જેવી વાત છે. સર્વજ્ઞ વીતરાગ તીર્થંકરદેવે જેવા આત્માને જોયો છે એવા આત્માની પ્રતીતિ કેવી હોય છે તેં અહીં કહે છે.

**तत्त्वकी प्रतीतिसौं लख्यौ है निजपरगुन।** તત્ત્વની પ્રતીતિ થતાં સ્વ અને પરના ગુણની ઓળખાણ થઈ જાય છે કે હું તો જ્ઞાનાનંદસ્વરૂપ વસ્તુ છું અને પુણ્ય-પાપના ભાવ રાગ છે તે વિકાર છે, મારું સ્વરૂપ નથી. જડ તો આત્માથી તદ્દન ભિન્ન પરવસ્તુ છે તેને મારી માનવી એ તો મહા મિથ્યાત્વની જૂઠી માન્યતા છે પણ લક્ષ્મીનો રાગ અને લક્ષ્મી દાનમાં દેવાનો રાગ તે પણ આત્માને દુઃખરૂપ છે.

શ્રોતાઃ-તો શું લક્ષ્મી દરિયામાં ફેંકી દેવી કે સાચવીને રાખવી?

પૂજ્ય ગુરુદેવશ્રીઃ-લક્ષ્મી ઉપર તારો અધિકાર જ નથી. લક્ષ્મી તો જડ છે. જડ ચીજને મારી માનવી અને તેની ક્રિયા હું કરી શકું છું એમ માનવું એ જ મોટો ભ્રમ છે. ભગવાન સર્વજ્ઞદેવે કહેલું વસ્તુસ્વરૂપ તેં સાંભળ્યું નથી. પ્રભુ! મનુષ્યદેહ તો મળ્યો પણ તેને વ્યર્થ ગુમાવી દીધો છે.

તત્ત્વની પ્રતીતિ થતાં જ્ઞાની નિજ અને પરના ગુણને ભિન્ન જાણે છે. શરીર, વાણી, મન, લક્ષ્મી આદિ તો ભિન્ન છે જ પણ શુભ-અશુભભાવ પણ પર છે એમ જ્ઞાની જાણે છે. આસ્રવતત્ત્વ અને જીવતત્ત્વ બંને ભિન્ન તત્ત્વ છે એમ ભેદજ્ઞાની જાણે છે.

**दृग ज्ञान चरन त्रिविधि परिनयौ है।** હું શુદ્ધ જ્ઞાનાનંદ છું એવી શ્રદ્ધા, જ્ઞાન અને એવા પરિણમન રૂપ ચારિત્ર આ ત્રણેય દશારૂપે આત્મા પરિણમે છે. આત્મા કદી શરીર, ધન, મકાન આદિરૂપે પરિણમતો નથી. વિકલ્પ ઉઠે છે તે પણ ખરેખર પરતત્ત્વ છે. આત્મા તો શુદ્ધ જ્ઞાન અને આનંદની મૂર્તિ છે. અશુભરાગ તો આત્માથી



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

ભિન્ન છે જ પણ શુભરાગ પણ વિકલ્પ છે, રાગ છે, વાસના છે, આત્માનું સ્વરૂપ નથી. માટે મારાથી રાગ ભિન્ન છે. રાગ મારો છે એવી માન્યતા દુઃખરૂપ છે. જેમ જે વાસણમાં કસ્તૂરી મૂકી હોય પછી તે કસ્તૂરી લઈ લીધી હોય તોપણ વાસણમાં ગંધ આવે છે તેમ રાગ મારો છે એ માન્યતા દુર્ગંધરૂપ છે. મારામાં રાગ છે જ નહિ.

પ્રભુ તારી ચીજમાં વિકલ્પ ઉઠે તે પણ દુઃખરૂપ છે. અશુભરાગ તો દુઃખરૂપ છે જ પણ આત્માનું ભાન થતાં સમકિતીને શુભરાગ પણ દુઃખરૂપ લાગે છે. પરતત્ત્વ લાગે છે મારું તત્ત્વ તો શુદ્ધ જ્ઞાન અને આનંદરૂપ છે એવા ભાન વિના બધું જ્ઞાન થોથાં છે.

**विसद विवेक आयौ आछौ विश्राम पायौ।** શુભાશુભરાગમાં મીઠાશ હતી ત્યાં સુધી દુઃખ હતું, ભ્રમ હતો, અવિવેક હતો હવે જ્યાં તે જીવે નિર્મળ ભેદવિજ્ઞાન પ્રગટ કર્યું ત્યાં તેને પોતાના આનંદધામમાં વિશ્રામ મળ્યો. અનાદિકાળથી દુઃખ હતું તેનાથી મુક્ત થયો, ભ્રમ દૂર થયો.

વીતરાગ સનાતન જૈનધર્મમાં ધર્મની પ્રભાવનાના હેતુથી દાનાદિ કરે તે પુણ્યનું કારણ છે. બાકી અન્યમતમાં દાનાદિ કરે તે તો ઉલટું મિથ્યાત્વનું પોષક છે.

**आपुहीमैं आपनौ सहारौ सोधि लियौ है।** અંદરમાં આત્મા ચૈતન્યના નૂરના પૂરથી ભરેલો છે તેને શોધીને જ્ઞાનીએ પોતામાં જ સહારો મેળવી લીધો છે. પોતામાં પોતાનો સહારો લઈ લેવો તે ધર્મ અને શાંતિ છે. તે સિવાય શુભરાગરૂપ પ્રતિક્રમણ, સામાયિક ને પોષધ કરી લેવાથી ધર્મ થઈ જતો નથી.

પરમાત્મા કહે છે તું અમૃતનો સાગર છો. પરમાત્મા કહે કે સંતો કહે કે જ્ઞાની કહે બધું એક જ છે. આત્મા પરમાત્મસ્વરૂપ જ છે એની જેને ખબર નથી તે જ બહારમાં સમૃદ્ધિ અને સહારો ગોતવા જાય છે. ખરેખર પોતાનો સહારો પોતે જ છે. બહારમાં કોઈ સહારો નથી.

**कहत बनारसी गहत पुरुषारथकौं, सहज सुभावसौ विभाव मिटि गयो है।** નિજ સ્વભાવની સન્મુખનો પુરુષાર્થ ગ્રહણ કરવાથી વિભાવ તો સહજ જ નષ્ટ થઈ ગયો.

આવો મારગ એને કેમ સમજાય! પાંચ-પચીસ હજાર દાનમાં ખરચ્યા હોય

www.vitragvani.com



એટલે એમ થાય કે એટલો તો મને ધર્મ થશે ને! ધૂળેય ધર્મ નહિ થાય ભાઈ! અને જો ઊંધી શ્રદ્ધાવાળાને પોષણ આપ્યું હશે તો તો ઉલટું મિથ્યાત્વ પુષ્ટ થશે. ઊંધી શ્રદ્ધાના લાકડા વધશે. અરે! જગતથી ધર્મના મારગડા જુદા છે ભાઈ! તને ખબર નથી. બેખબરો થઈને સંસારમાં રખડી રહ્યો છો અને દુઃખી થઈ રહ્યો છે. હવે એ દુઃખથી છૂટી સ્વભાવનો પુરુષાર્થ કર તો વિભાવ આપોઆપ મટી જશે.

**पन्नाके पकाये जैसै कंचन विमल होत, तैसैं सुद्ध चेतन प्रकासरूप भयौ है।** જેમ સોનાના પાતળા પન્નાને રસાયણથી અગ્નિમાં પકવવાથી સોનું એકદમ શુદ્ધ થઈ જાય છે તેમ રાગથી ભિન્ન પડવા માટે ધ્યાનાગ્નિથી આત્માને પકાવવાથી રાગ એકદમ ભિન્ન પડી જાય છે અને આત્મા અત્યંત શુદ્ધ થઈ જાય છે. આ વીતરાગનો માર્ગ છે. રાગથી ધર્મ મનાવે તે વીતરાગમાર્ગ નહિ બાપુ! એ તો અજૈન છે.

હવે ૩૨માં શ્લોક ઉપરનું ૩૫મું પદ્ય છે તેમાં બનારસીદાસજી નટીનું દૃષ્ટાંત આપીને વસ્તુસ્વભાવની પ્રાપ્તિનું કથન કરે છે.

जैसै कोऊ पातुर बनाय वस्त्र आभरन,
आवति अखारे निसि आड़ौ पर करिकैं।
दुहूंओर दीवटि संवारि पट दूरि कीजै,
सकल सभाके लोग देखैं दृष्टि धरिकैं।।
तैसौं ज्ञानसागर मिथ्याति ग्रंथि भेद करि,
उमग्यौ प्रगट रह्यौ तिहूं लोक भरिकैं।
ऐसौ उपदेस सुनि चाहिए जगत जीव,
सुद्धता संभारै जग जालसौं निसरिकैं।।३५।।

જુઓ આ શાસ્ત્રમાં કેટલીકવાર સિંધુ શબ્દ આવે છે! ભગવાન આત્મા જ્ઞાનનો સિંધુ છે તેને રાગવાળો અને પામર માને છે તે ભ્રમણાથી ભમે છે. (મૂળ શ્લોકમાં सिन्धुः શબ્દ આવે છે.)

જેમ નટી રાત્રે વસ્ત્રાભૂષણથી સજ્જ થઈને નાટ્યશાળામાં પદડાની પાછળ આવીને ઊભી રહે છે તો કોઈને દેખાતી નથી, પરંતુ જ્યારે બંને તરફના દીવા ઠીક કરીને



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

પડદો ખસેડી લેવામાં આવે છે તો સભાજનોને સ્પષ્ટ દેખાય છે. તેવી જ રીતે જ્ઞાનનો સમુદ્ર આત્મા જે મિથ્યાત્વના પડદામાં ઢંકાઈ રહ્યો હતો શુભરાગની એકતાના પડદામાં આત્મા દેખાતો ન હતો તે જ્યાં અંતરમુખ દૃષ્ટિ વડે જ્ઞાનમાં પ્રકાશિત થયો તો એ તો ત્રણલોકનો જ્ઞાયક છે એમ જણાય છે.

શુભ અને અશુભરાગમાં એકત્વબુદ્ધિ તે મિથ્યાત્વની ગ્રંથિ છે. હવે એ જ્ઞાનથી રાગને ભિન્ન પાડવો તે ધર્મની ક્રિયા છે. ચૈતન્યસાગરમાં અનંત અપરિણમિત જ્ઞાન ને આનંદ ભર્યાં છે એવા આત્માની સન્મુખ દૃષ્ટિ કરવાથી રાગની એકતાની ગાંઠ ગળી જાય છે, મિથ્યાત્વનો નાશ થઈ જાય છે. અનાદિથી રાગ અને સમયની અવસ્થામાં જ હુંપણું માની લીધું હતું તેથી આખી અનંત શક્તિસ્વરૂપ વસ્તુ ઢંકાઈ રહી હતી. હું તો રાગી છું, દ્વેષી છું, અલ્પજ્ઞ છું, પામર છું, એવી દૃષ્ટિ હોવાથી ચૈતન્યમહાસત્તા એના જ્ઞાનમાં ઢંકાઈ ગઈ હતી. ધર્મના નામે પણ શુભરાગમાં ધર્મબુદ્ધિ થતી હતી. તેથી વસ્તુની ખરી સમૃદ્ધિ તો ઢંકાઈ રહી હતી, ખબર જ ન હતી તેથી,

મુનિવ્રત ધાર અનંત બાર ગ્રૈવેઈક ઉપજાયો,<br>
પૈ નિજ આતમજ્ઞાન બિના, સુખ લેશ ન પાયો.

અનંતવાર નગ્ન થઈને પંચમહાવ્રતાદિ અઠ્યાવીશ મૂળગુણ પાળ્યા પણ ધર્મ ન થયો. રાગથી ભિન્ન ન પડ્યો અને સ્વભાવ સન્મુખ દૃષ્ટિ ન કરી તેથી ધર્મ ન થયો. સ્વભાવની એકતા કરવાથી રાગની એકતા તૂટી જાય છે પણ એ કામ એણે કદી કર્યું નથી.

મોંઘો લાગે કે સસ્તો લાગે પણ ધર્મની રીત તો આ છે ભાઈ! શીરો કરવો હોય તો લોટને ઘીમાં શેકીને પછી ગોળનું પાણી તેમાં નાંખે તો શીરો થશે પણ જો એ રીત મોંઘી લાગે ને સસ્તું કરવા માટે પહેલાં પાણીમાં લોટ નાંખીને પછી ઘી નાંખશે તો શીરો નહિ થાય. ઘી લોટ ને ગોળ ત્રણેય નકામાં જશે. તેમ રાગથી ભિન્ન આત્માની શ્રદ્ધા કરવામાં અનંત પુરુષાર્થ છે તેનાથી ધર્મ થાય છે. મોંઘો લાગે છે તો ક્રિયાઓ કરીને ધર્મ પ્રગટ કરવા માંગીશ તો ધર્મ તો નહિ થાય ઉલટું ચાર ગતિમાં રખડવું પડશે.

દુનિયામાં તો બધાં સ્વાર્થના પૂતળા છે. મરણ ટાઈમે પિતા પાંચ લાખ રૂપિયા દાનમાં દેવાનું કહેવા જાય તો દીકરા કહેશે પિતાજી! અત્યારે પૈસાને યાદ ન

www.vitragvani.com



કરાય; ધર્મ સંભારો. મહારાજ પણ કહેતાં હતાં કે પૈસાથી ધરમ નથી. પિતાને વાચા જતી રહી હોય એટલે બોલી ન શકે પણ મનમાં તો સમજે છે કે આ છોકરાં સ્વાર્થવશ મહારાજના ઉપદેશનો પણ ઊંધો અર્થ કરે છે. પૂર્વે કરેલા પુણ્ય બળીને આ કરોડોની સંપત્તિ મળી છે તો મારા ભાગની મૂડી તો દાનમાં દઉં! એવા તેના ભાવ હોય તો ભાવનું પુણ્ય એને બંધાય જ છે. પણ તેનાથી ધર્મ થતો નથી, જન્મ-મરણનો અભાવ થતો નથી. પૈસાવાળાને બધાંને લગભગ આવી જ દશા છેલ્લે થતી હોય છે માટે પહેલેથી મમતા ઘટાડવી.

**उमग्यौ प्रगट रह्यौ तिहूं लोक भरिकै।** અહા! જેને સમ્યગ્જ્ઞાન થયું તે ત્રણલોકનો જ્ઞાતા થઈ ગયો. કોઈનો કર્તા-ભોક્તા ન રહ્યો. ભગવાન! આવી તારી સત્તા છે. પુણ્ય-પાપના વિકલ્પ એ તારી સત્તા નથી, તારી સત્તામાં નથી, તારી ચીજ નથી. અર્ધલોકના સ્વામી એવા ઇન્દ્રોની સભામાં ભગવાને કહેલી આ વાત છે. કુંદકુંદ આચાર્ય પણ આ વાણી સાંભળવા ત્યાં ભગવાન પાસે ગયા હતાં અને આપણા માટે આ ભાતું લાવ્યા છે. કુંદકુંદ-આચાર્ય તો ગાથા લખી ગયાં પણ એ ઉપરાંત અમૃતચંદ્રાચાર્યે તો ટીકા લખી, રાજમલ્લજીએ તેના પણ વિશેષ અર્થ કર્યા અને બનારસીદાસજીએ પદ્યમાં તેનો વિસ્તાર કર્યો. સંતો કેટલું ભાતું મૂકીને ગયા છે!

આત્મા **उमग्यौ** એટલે અંતરમુખ દૃષ્ટિ વડે આત્મા ચૈતન્યસ્વભાવે ઊછળે છે. જ્ઞાતા-દૃષ્ટા થઈને સ્વ-પરનો જાણનાર થઈ જાય છે. રાગ હોય છે છતાં તેનો કર્તા નહિ થતાં જાણનાર રહે છે. આવા ધર્માત્મા રાજમાં હોય તોપણ સ્ત્રી, લશ્કર, સંપત્તિ અને તે પ્રત્યેના રાગના જાણનાર રહે છે, કોઈના કર્તા કે કોઈને પોતાના માનવાવાળા બનતાં નથી. અહો! અનાદિથી જે જ્ઞાન મિથ્યાત્વના પડદામાં ઢંકાઈ ગયું હતું તે હવે સમ્યક્ત્વ પ્રગટ થતાં જ્ઞાનનો સમુદ્ર ખુલ્લો થઈ ગયો. પછી તો એ આત્મા ત્રણકાળ અને ત્રણલોકનો જ્ઞાયક થઈ જશે. જ્ઞાનસમુદ્ર સંપૂર્ણપણે ઊછળી જશે.

અનાદિથી રાગમાં જ્ઞાનસમુદ્ર આત્મા ઢંકાઈ ગયો હતો તે સમ્યગ્દર્શન પ્રાપ્ત થતાં રાગથી ભિન્ન પડીને અપરિમિત જ્ઞાન અને અપરિમિત આનંદ ખુલ્લા થઈ ગયા. હવે તે કોઈ પરને પોતાના નહિ માને, કોઈનો કર્તા નહિ થાય. આવી દશાનું નામ સમ્યક્ત્વદશા છે. આ ચોથા ગુણસ્થાનની દશા છે. આગળ વધીને



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



તેરમા ગુણસ્થાને કેવળજ્ઞાન પ્રગટ થાય છે. ત્યારે આત્મા ત્રણકાળ ત્રણલોકને જાણવા લાગે છે. પહેલાં આવી દશા વિના ચારિત્ર અને કેવળજ્ઞાન પ્રગટ થતું નથી. સ્વ-પરનું ભેદજ્ઞાન કરીને સ્વમાં ઠરે ત્યારે કેવળજ્ઞાન થાય છે.

**ऐसौ उपदेश सुनि चाहिए जगत जीव, शुद्धता संभारै जग जालसौ निसरिकैं।**

હે જગતના જીવો! આવો ઉપદેશ સાંભળીને તમારે જગતની જાળમાંથી નીકળીને પોતાની શુદ્ધતાની સંભાળ કરવી. અનંતકાળથી પોતાને પોતાની શુદ્ધતાનું વિસ્મરણ હતું અને અશુદ્ધતાનું સ્મરણ હતું-હું દયા પાળું, વ્રત પાળું, ક્રિયા કરું તે મારું સ્વરૂપ છે એમ માનતો હતો-જે શરીર મળે તેમાં જ 'હુંપણું' માનતો હતો તેને શ્રીગુરુ કહે છે હવે આ ઊંધો અભ્યાસ છોડી દે અને તારી શુદ્ધતાને સંભાળી લે. હું તો શુદ્ધ ચૈતન્યઘન જ્ઞાયક છું એમ નિજનિધિને સંભાળી લે અને મિથ્યાવિકલ્પોની જગજાળથી છૂટો પડી જા.

જે અશુદ્ધતાથી છૂટીને શુદ્ધતાને સંભાળે છે તેને ધર્મી અને સમ્યગ્દષ્ટિ કહેવામાં આવે છે.

જીવોને આ માર્ગે આવવું ભારે કઠણ છે. મનના મૃગલાંને પાછાં વાળજો રે લોલ....ખારી જમીનમાં પાણીનો આભાસ થશે પણ પાણી નહિ મળે-તૃષા નહિ છીપે તેમ, પુણ્ય-પાપમાં આત્માનો આભાસ થાય છે પણ તેમાં આત્માની શાંતિ મળે માટે ત્યાંથી મનને પાછું વાળજો.

આત્મા પરથી રહિત, કર્મથી રહિત, રાગથી રહિત છે પણ જ્ઞાનસાગરથી ભરપૂર ભરેલો છે. રાગથી માંડીને આખું જગત સંસાર છે. તેની જાળમાંથી હવે તું છૂટો પડી જા.

બનારસીદાસજીએ પદ્ય બહુ સરસ બનાવ્યા છે. જગતને જાળની ઉપમા આપી છે. વિકલ્પની જાળથી છૂટીને નિજઘરમાં આવી જા પ્રભુ! એ તારે કરવા યોગ્ય કાર્ય આ એક જ છે. આ તારી સત્‌ક્રિયા છે.

સંપ્રદાયવાળાને તો એમ જ લાગે કે આવો ધરમ ક્યાંથી કાઢ્યો! પણ ક્યાંયથી કાઢ્યો નથી. જે હતો તે જ બહાર આવ્યો છે. શું થાય! મૃગલો માર્ગ ભૂલ્યો છે. તેને સાચો માર્ગ બતાવનારા મળે તોપણ શંકા પડે છે. આપણે માનીએ છીએ



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



તે જ બરાબર છે એમ શીખી લઈએ પછી આ ઊંચી વાત સમજશું પણ ભાઈ! આ જ એકડાંની વાત છે.

શ્રી ગુરુ કહે છે, જગજાળની નાસ્તિ કર અને શુદ્ધતાને સંભાળી લે બસ! એને જ શુદ્ધતા સંભાળી લીધી કહેવાય. આ અનેકાંત છે. અશુદ્ધતાથી પણ ધર્મ થાય ને શુદ્ધતાથી પણ ધર્મ થાય એ અનેકાંત નથી. એ તો ફૂદડીવાદ છે.

આ સત્ય વાત પુણ્ય હોય તો સાંભળવા મળી જાય પણ તેની 'હા' પાડવામાં અનંત પુરુષાર્થ જોઈએ છે.

આ રંગભૂમિકા-પૂર્ણ થઈ. હવે પ્રથમ અધિકારનો સાર કહે છે. આત્મપદાર્થ શુદ્ધ, બુદ્ધ, નિર્વિકલ્પ, દેહાતીત. ચિત્યમત્કાર, વિજ્ઞાનઘન, આનંદકંદ, પરમદેવ, સિદ્ધ સમાન છે. આત્મા પુણ્ય-પાપના વિકલ્પથી રહિત 'શુદ્ધ' છે. આત્મા જ્ઞાનનો સમુદ્ર છે માટે 'બુદ્ધ' છે. શ્રીમદ્‌જી કહે છે ને,

શુદ્ધ, બુદ્ધ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ,<br>
બીજું કહીએ કેટલું, કર વિચાર તો પામ.

ભગવાન આત્મા ચૈતન્યસૂર્ય છે, નિર્વિકલ્પ છે એટલે કે અભેદ છે-અખંડ આનંદમૂર્તિ છે, આત્મા દેહથી રહિત-દેહાતીત છે. એક ક્ષણમાં ત્રણકાળ ત્રણલોકને જાણે એવો ચિત્યમત્કાર છે. કેટલાક લોકો એમ કહે છે કે આ લાકડીમાં કાંઈક જાદું છે. મહારાજ પાસે જે જાય તે પૈસાવાળા થઈ જાય છે માટે કાંઈક ચમત્કાર છે...ભાઈ! એ ચમત્કાર નથી. અહીં તો આત્મા પોતે ચમત્કારીક વસ્તુ છે, એક સમયમાં સર્વને જાણે પણ ક્યાંય રાગ કે દ્વેષ થતાં નથી એ ચમત્કાર છે.

આત્મા 'વિજ્ઞાનઘન' છે કેમ કે આત્મા જ્ઞાનનો ઘન છે. તેથી તેમાં દેહ, વાણી, મન, કર્મ કે રાગાદિ કોઈનો પ્રવેશ થઈ શકતો નથી. રાગ આત્માને સ્પર્શતો પણ નથી તો રાગથી ધર્મ થાય એ વાત ક્યાં રહી!

આત્મા 'આનંદકંદ' છે. જેમ સક્કરકંદ મીઠાશનો પિંડ છે તેમ આત્મા આનંદનો પિંડ છે. આત્મા જ્ઞાનનો તો પિંડ છે પણ અતીન્દ્રિય આનંદનો પણ પિંડ છે. તેમાં પુણ્ય-પાપના વિકલ્પનો પ્રવેશ નથી. આવો આત્મા જેના સાંભળવામાં પણ આવ્યો નથી તે ક્યારે સાંભળે, ક્યારે સમજે અને ક્યારે ઠરે!



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આત્મા 'પરમદેવ' છે. દિવ્ય શક્તિઓ-અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિ આદિ દિવ્ય શક્તિનો ધરવાવાળો દેવ છે. દેવ નહિ પણ પરમદેવ છે એમ કહે છે. આત્મા સિદ્ધ સમાન છે. નવકારમંત્રમાં છેલ્લા પદમાં **नमो लोए सव्व** આવે છે તે પદ પાંચેયમાં લાગુ પડે છે. માટે **नमो लोए सव्व सिद्धाणं**માં બધા સિદ્ધોને આદર્શ તરીકે રાખ. સિદ્ધમાં જે છે તે બધું મારામાં છે અને સિદ્ધમાં જે નથી તે મારામાં નથી એમ સમજી લે. કેમ કે તું સિદ્ધ સમાન છો.

આવા સિદ્ધ સમાન આત્માને અંતરદૃષ્ટિ વડે સમજવો, ભેદજ્ઞાન કરવું અને અનુભવ કરવો તેનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે.

★ ભૂત-ભવિષ્યની પર્યાય વર્તમાનમાં નથી માટે એ પર્યાયની અપેક્ષાએ તો અવિદ્યમાન જ છે, પણ જ્ઞાને તેને વર્તમાનવત્ પ્રત્યક્ષ કરી માટે ભૂતાર્થ કહ્યું છે, તો આ ભગવાન આત્મા તો વર્તમાન ભૂતાર્થ છે, સકળ નિરાવરણ અખંડ એકરૂપ પ્રત્યક્ષ-પ્રતિભાસમય વર્તમાનમાં ભૂતાર્થ છે, તો એ ભગવાન આત્મા વર્તમાનમાં પ્રત્યક્ષ કેમ ન થાય? વર્તમાનમાં છે અને તેનો સ્વભાવ પ્રત્યક્ષ થવાનો છે તો એ વર્તમાનમાં જ્ઞાનમાં પ્રત્યક્ષ કેમ ન થાય? જરૂર થાય. પણ એની મહિમા લાવતો નથી, તેને દૃષ્ટિમાં લેતો નથી, તેની આવડી મોટી હયાતીને સ્વીકારતો નથી.

*-પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

# અમૃતના ઓડકાર

(સળંગ પ્રવચન નં. ૩૦)

આ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર છે. તેના જીવદ્વારનો સાર કહેવાય છે.

આ આત્મા જેવો છે તેવો અંતરમાં અનુભવ થાય તેનું નામ સમ્યગ્દર્શન છે. આત્મપદાર્થ ત્રિકાળ શુદ્ધ છે. પર્યાયમાં અશુદ્ધતા છે તે આત્મા નથી, એ તો અનાત્મા છે.

આત્મા શુદ્ધ છે અને આત્મા બુદ્ધ છે અર્થાત્ જ્ઞાનનો સૂર્ય છે-ચૈતન્યપુંજ છે. આવો આત્મા જ્યારે નજરમાં આવે ત્યારે આત્માને જાણ્યો કહેવાય. આત્મા જણાય તેવો જ છે કેમ કે 'પ્રત્યક્ષ જ્ઞાતા' એનું સ્વરૂપ છે. જેમાં શરીર નથી, વાણી નથી, મન નથી, કર્મ નથી, પુણ્ય-પાપના વિકલ્પ નથી એવો જ્ઞાનસાગર આત્મા બુદ્ધ છે. પુણ્ય-પાપના રાગની પાછળ જે ચૈતન્યસૂર્ય રહેલો છે તે આત્મા છે.

આ આત્મા વિકલ્પ વિનાનો નિર્વિકલ્પ છે, તેમાં અનંતગુણના ભેદ નથી એવો તે અભેદ છે. ગુણ-ગુણીના ભેદ છે તે વ્યવહારનયનો વિષય છે પણ તે અભૂતાર્થ છે-સત્યાર્થ નથી. ભેદ છે તે જીવસ્વરૂપ નથી તેમ જ એક સમયની પર્યાય પણ જીવસ્વરૂપ નથી. એક સમયનો વ્યવહાર છે તે ત્રિકાળની અપેક્ષાએ જૂઠો છે.

જેમ નિર્મળતા રે સ્ફટિકતણી, તેમ જ જીવસ્વભાવ...સ્ફટિકરત્ન એકદમ નિર્મળ હોય છે પણ તે જડ છે અને આત્મા તો નિર્મળ ચૈતન્ય છે પણ પોતે રાંકો થઈને રઝળે છે...પામર થઈને પરિભ્રમણ કરે છે...એને પોતાની નિર્મળતાનો વિશ્વાસ નથી.

શ્રી જિનવીરે રે ધર્મ પ્રકાશિયો, પ્રબળ કષાય અભાવ રે....સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા શ્રી જિનવરે કહ્યું છે કે પ્રભુ! તારું સ્વરૂપ તો અભેદ, દેહથી રહિત છે, તેની દૃષ્ટિ કર તો તને સમ્યગ્દર્શન થશે. પરની અપેક્ષા રાખીને સમ્યગ્દર્શન કરવા માગીશ તો નહીં થાય. ભગવાન તું પાંગળો નથી કે તારે લાકડીના આધારે ચાલવું પડે અને વિકલ્પ-વ્યવહારના આધારે તારું ભાન થાય એવો તું નથી.

જિનેન્દ્રદેવ કહે છે એવો આત્મા પોતે સ્વરૂપે જિનેન્દ્રદેવ છે. આત્મા દેહાતીત



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

છે, શરીરના રજકણોથી તદ્દન ભિન્ન છે, પુદ્ગલના રજકણોથી ગોઠવાયેલું શરીર એ કાંઈ તારી ચીજ નથી. તું તો ચિત્યમત્કાર છે. પોતામાં રહીને આખા જગતને ક્ષણમાં જાણી લેવાની ચમત્કારિક શક્તિ તારામાં છે.

ભગવાન આત્મા વિજ્ઞાનઘન છે. જેમ પહેલાંના ચોખ્ખા ઘી એવા હતાં કે, શિયાળામાં તેમાં આંગળી તો પ્રવેશ ન કરે પણ ચમચો નાંખો તો એ પણ વળી જાય એવા ઘન ઘી થતાં હતાં. તેમ આ આત્મા એવો જ્ઞાનનો ઘન છે કે તેમાં પુણ્ય-પાપના વિકલ્પો પણ પ્રવેશ કરી શકતાં નથી. શરીર અને કર્મનો તો આત્મામાં પ્રવેશ જ નથી પણ જેનાથી તીર્થંકરગોત્ર બંધાય એવા ભાવનો પણ આત્મામાં પ્રવેશ નથી એવો આત્મા વિજ્ઞાનઘન છે તેને જાણવો પડશે.

આત્મા અતીન્દ્રિય આનંદનો કંદ છે તે અતીન્દ્રિય આનંદનો પીતાં પાર આવે તેમ નથી. અજ્ઞાની બહારમાં સુખના વલખાં નાંખી રહ્યો છે, પૈસામાંથી, સ્ત્રી પાસેથી, આબરૂથી સુખ લેવા માગે છે-ત્યાં આનંદ લેવા નીકળ્યો છો પણ તું ભૂલો પડ્યો ભાઈ! જ્યાં આનંદ છે જ નહિ ત્યાંથી આનંદ કેવી રીતે મળે? તું તારામાં જો ને! તું તો આનંદનો કંદ છો!

આત્મા પરમદેવ છે. જેની એક એક શક્તિ દિવ્ય છે, એવી અનંતી શક્તિનો સ્વામી એવો આત્મા પરમદેવ છે તેની ઉપાસના કર! તું તો દેવનો દેવ છો. વીતરાગદેવને માનવા એ પણ વિકલ્પ છે ત્યાં લોકો પદ્માવતી આદિ દેવીને માને છે એ જૈનનું લક્ષણ જ નથી, એ તો ગૃહીત મિથ્યાત્વના લક્ષણ છે. ઘણાં લોકો અંબાજીને માને છે એ પણ જૈનનું લક્ષણ નથી. ભાઈ! તું તો દેવનો દેવ છો. તારે માટે તીર્થંકરદેવ પણ વ્યવહારે દેવ છે તો બીજાં કોઈ દેવ તો તારે માથે હોઈ જ ન શકે. તું તો અનંતી ચૈતન્યચમત્કારી શક્તિનો સ્વામી છો. સ્વભાવથી જ અનંતી શક્તિ જેમાં રહેલી છે તેનું શું કહેવું! જેની એક શક્તિની બેહદતા....અનંતતા....દિવ્યતાનો પાર નથી તેનો સ્વામી એવો આત્મા પરમદેવ છે. તેનો અનુભવ કરવો તે સમ્યગ્દર્શન છે.

આત્મા સિદ્ધ સમાન છે. "સિદ્ધ સમાન સદા પદ મેરો." અનાદિથી જીવનું સ્વરૂપ સિદ્ધ સમાન અનંત મહિમાવંત છે પણ એની નજરમાં આવ્યું નથી પણ નજરમાં ન આવે તેથી કાંઈ વસ્તુનું સ્વરૂપ હોય તે મટી જાય! ભગવાને જીવનું

www.vitragvani.com



સ્વરૂપ આવું જોયું છે અને જોયું છે તેવું કહ્યું છે. જેવું ભાળે તેવું ભાખે ને!

પ્રભુ! તું અવિનાશી ભગવાન છો. અનાદિથી છો અને અનંતકાળ એવો જ રહેવાનો છો. પણ તને તારાં ઘરનાં ઘરેણાની ખબર નથી. તારાં ઘરમાં અનંત ચૈતન્યરત્ન ભરેલાં છે. સર્વજ્ઞ પરમેશ્વરદેવ કહે છે ભાઈ! તું આવા સ્વરૂપે સ્વચ્છ છો, અનંત મહિમાવંત છો પણ તને તારી ખબર નથી. જ્યાં તારે જવાનું છે ત્યાં જતો નથી અને દયા, દાન, વ્રત, તપ આદિના વિકલ્પ મારા છે, મને હિતકારી છે એમ કરીને રોકાઈ રહ્યો છે. એક સમયની દશા જેટલો પોતે પોતાને માને છે તેમાં આખી વસ્તુનો અનુભવ રહી જાય છે.

વસ્તુસ્વભાવે આત્મા શુદ્ધ હોવા છતાં જ્યારથી તે છે ત્યારથી અર્થાત્ અનાદિકાળથી તે શરીરથી બંધાયેલો છે. કેમ કે તેની ભૂલ પણ અનાદિથી છે તેથી અનાદિથી આત્મા કર્મકાલિમાથી મલિન છે. અશુદ્ધ નિશ્ચયનયે પુણ્ય-પાપના ભાવથી મલિન છે અને અસદ્ભૂત વ્યવહારનયથી કર્મથી આત્મા મલિન છે એમ કહેવામાં આવે છે.

જેમ સોનું ખાણની અંદર માટીથી સહિત રહે છે પણ ખરેખર સોનું માટીથી તદ્દન ભિન્ન છે તેથી ભટ્ટીમાં તપાવવાથી શુદ્ધ સોનું માટીથી અલગ થઈ જાય છે તેમ, ભગવાન આત્મા ખરેખર શુદ્ધ છે, અનંત શક્તિમય છે એમ જ્યાં માહાત્મ્ય આવે છે અને ઉપયોગ અંતર્મુખ થાય છે ત્યાં મિથ્યાત્વના ભૂક્કા બોલી જાય છે અને રાગ-દ્વેષનો નાશ થઈ જાય છે. આવું સ્વરૂપ છે પણ એને ખબર નથી.

શ્રોતાઃ-એ ખબર પડ્યા પછી શું કરવું? વ્યવહાર કરવો?

પૂજ્ય ગુરુદેવશ્રીઃ-એ ખબર પડ્યા પછી તેમાં ઠરવાનું છે, બીજું કાંઈ કરવાનું નથી. વ્યવહારનો વિકલ્પ આવશે તે જાણેલો પ્રયોજનવાન છે, આદરવા માટે પ્રયોજનવાન નથી, કરવા માટે પ્રયોજનવાન નથી.

આ વાત તો જેને સ્વભાવની જાગૃતિમાં વીર્ય કામ કરે છે તેને અસર કરે તેમ છે. પોતાના વીર્ય વગર તો જેમ નબળાં ઢોરને સાંગડા નાંખીને ઊભા કરે તોપણ ઉલટાં પડે અને પછાડ લાગે તેના જેવું થાય.

અહીં તો છેલ્લાં તબક્કાની વાત લીધી છે એટલે સમ્યક્તપ કહેતાં શુક્લધ્યાનની અગ્નિ દ્વારા જીવાત્મા શુદ્ધ થઈ જાય છે અને કર્મકાલિમા દૂર થઈ જાય છે



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



એમ કહ્યું પણ શુક્લધ્યાનની પહેલાં ધર્મધ્યાનરૂપી અગ્નિમાં પુણ્ય-પાપ ભિન્ન પડી જાય છે. હજુ સત્તામાં રહે છે પણ જ્ઞાની તેને મારાપણે ભોગવતાં નથી. પછી સ્વરૂપમાં ધ્યાનાવલી લગાવતાં અસ્થિરતાનો પણ નાશ થઈને એકલો શુદ્ધ આત્મા રહી જાય છે અને કર્મકાલિમા જુદી થઈ જાય છે.

જેવી રીતે ઝવેરી કાદવવાળા સોનાને ઓળખીને સોનાની કિંમત દે-લે છે તેવી જ રીતે જ્ઞાનીઓ અનિત્ય અને મળથી ભરેલાં શરીરમાં પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ આનંદમય પરમાત્માનો અનુભવ કરે છે. પહેલાનાં જમાનામાં લાખવાળા દાગીના હોય તેનો તોલ કરવા માટે ત્રાજવા પાણીમાં રાખીને તોલતાં જેથી સોનાનું વજન આવે, લાખનું ન આવે તેમ, જ્ઞાનીઓ સમ્યગ્જ્ઞાન વડે આત્માને ઓળખે છે તેમાં પુણ્ય-પાપ હોવા છતાં તેને ગણતરીમાં લેતાં નથી-જ્ઞાનીને પુણ્ય-પાપની કિંમત આવતી નથી, તેને તો ચૈતન્યચમત્કારની એકલાની જ કિંમત આવે છે.

જ્ઞાની જાણે છે કે આ શરીર તો અનિત્ય છે અને મળથી ભરેલું છે, પુણ્ય-પાપભાવ પણ અનિત્ય અને મલિન છે. તેનો અનુભવ જ્ઞાની કરતા નથી. જ્ઞાની તો શુદ્ધ ચૈતન્યનો અનુભવ કરે છે, વ્યવહારનો અનુભવ કરતાં નથી. અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદથી પૂર્ણ ભરેલાં આત્માને અનુભવતાં જ્ઞાની શરીરને કે રાગને અનુભવતાં નથી. દયા, દાન, વ્રત, ભક્તિ, જાત્રા આદિ શુભક્રિયા પણ મારી નથી મારે તો મારા ધ્યાનમાં મારા જ્ઞાનાનંદને અનુભવવો એ મારી ક્રિયા છે એમ જ્ઞાની જાણે છે.

પરમેશ્વરના માર્ગે જવું હોય તેણે પહેલાં 'નિર્ણય'ના બારણાં ખખડાવવા પડશે. 'આત્મા પૂર્ણ જ્ઞાનાનંદ મહાપ્રભુ છે' એમ પહેલાં નિર્ણયમાં લેવું પડશે, પછી અનુભવ થશે.

શ્રોતાઃ-સ્વની ઉપલબ્ધિ તો પ્રસિદ્ધ છે! નિરંતર પોતે તો છે જ!

પૂજ્ય ગુરુદેવશ્રીઃ-સ્વની ઉપલબ્ધિ ક્યાં હતી! નિરંતર અજ્ઞાનની ઉપલબ્ધિ છે. ચોવીશ કલાક 'રાગ તે હું અને હું તે રાગ' એવા અજ્ઞાનની ઉપલબ્ધિ છે. આત્માની ઉપલબ્ધિ હોય તો તો અતીન્દ્રિય જ્ઞાન અને આનંદની પ્રાપ્તિ હોય. એ તો નથી, તો આત્માની ઉપલબ્ધિ કેમ હોય!

શ્રોતાઃ-જ્ઞાનસ્વરૂપ આત્મા તો નિરંતર છે ને?



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પૂજ્ય ગુરુદેવશ્રીઃ-હા, આત્મા તો છે પણ કોને કે જે તેને સેવે છે તેને માટે આત્મા છે. જ્ઞાનની સેવા કરે છે તેને માટે આત્મા છે. રાગને સેવે છે તેને આત્માનો અનુભવ નથી. જ્ઞાનસ્વરૂપ આત્મા નિરંતર હોવા છતાં જેને તેની દૃષ્ટિ નથી, દશા બદલાણી નથી તેને આત્માની ઉપલબ્ધિ એક સમયમાત્ર પણ નથી. જ્ઞાનની અનુભૂતિ થાય-પોતાની દશામાં આત્મા જેવો છે તેવો અનુભવમાં આવે તેને આત્માની ઉપલબ્ધિ છે. માત્ર વાતોથી કાંઈ આત્માની ઉપલબ્ધિ નથી.

આ 'પ્રશ્નનારદ' (એકભાઈ) પ્રશ્ન પૂછવા માટે પ્રખ્યાત છે અને પુરાણમાં જે નારદ આવે છે તે કુસંપ કરાવવા માટે પ્રખ્યાત છે. રામચંદ્રે સીતાજીને વનમાં તજી દીધા પછી બે પુત્રોનો જન્મ થયો તે મોટા થયા ત્યારે નારદ જ તેને ખબર આપે છે કે આ રામ-લક્ષ્મણ તમારાં પિતા અને કાકા છે. તેણે તમારી માતાને તજી દીધી હતી. આ સાંભળી લવ-કુશ પિતા સામે લડવા તૈયાર થાય છે. લડાઈ શરૂ થાય છે ને રામ-લક્ષ્મણના તીર નકામાં જાય છે ત્યારે તેને શંકા પડી જાય છે કે બલભદ્ર અને નારાયણ બીજા પાક્યાં કે શું! ત્યારે નારદ લડાઈ બંધ કરાવે છે અને પિતા-પુત્રોનું મિલન થાય છે. (નારદ ઉપરથી આ પ્રસંગ યાદ આવી ગયો) જ્યારે લક્ષ્મણનું મૃત્યુ થાય છે અને રામ તેના મડદાંને લઈને ફરે છે એ વખતે લવ-કુશને વૈરાગ્ય આવી જાય છે ને પિતા પાસે રજા માગે છે કે પિતાજી! અમને રજા આપો! આનંદકંદમાં રમવા માટે અમારો અવતાર છે. અહા! ધન્ય અવતાર! ધન્ય એ દશા! આત્માની જીત માટે આ મનુષ્યભવ છે. તેને બીજાં કોઈ વિષયમાં વેડફી નાંખવા જેવો નથી.

અહીં બનારસીદાસજી દૃષ્ટાંત આપે છે કે, જ્યારે કપડાં ઉપર મેલ જામી જાય છે ત્યારે કપડું મલિન કહેવાય છે, લોકો તેની ગ્લાનિ કરે છે અને નિરુપયોગી બતાવે છે પણ વિવેકદૃષ્ટિથી વિચારવામાં આવે તો કપડું પોતાના સ્વરૂપથી સ્વચ્છ છે, મેલ તો કપડાંથી જુદી ચીજ છે. તેથી સાબુ અને પાણીનું નિમિત્ત મળતાં મેલ કપડાંથી જુદો પડી જાય છે. જો કપડાં સાથે તન્મય હોય તો જુદો ન પડી શકે. જુદો હતો માટે જુદો પડી જાય છે.

કપડાંની જેમ કર્મ અને રાગથી સહિત આત્માને મલિન કહેવો તે વ્યવહારનયનો વિષય છે. આત્માને મેલવાળો માનવો અને તેની ગ્લાનિ કરવી અને તેને નિરુપયોગી



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



માનવો તે અજ્ઞાન છે. મલિનતા છે તે જાણવી ખરી પણ તેને આત્માથી તન્મય ન માનવી. આત્મા તેનાથી જુદો છે અને જુદો પડી શકે છે.

શ્રોતાઃ-વ્યવહારનું જ્ઞાન પણ સમ્યગ્જ્ઞાન છે ને!

પૂજ્ય ગુરુદેવશ્રીઃ-શુદ્ધસ્વભાવના જ્ઞાન વગરનું એકલા વ્યવહારનું જ્ઞાન તે અજ્ઞાન છે. આત્માનો અનુભવ થાય પછી તેના જ્ઞાનને સમ્યક્ કહેવાય. નિશ્ચય શુદ્ધ જ્ઞાનાનંદ સ્વભાવનું જ્ઞાન થયાં પછી પર્યાયમાં રહેલી મલિનતાને જ્ઞાની વ્યવહારથી જાણે છે. તેનાથી હું મલિન થઈ ગયો છું એમ માનતાં નથી.

અરે! આ ચૈતન્યબાદશાહ પામર થઈને પડ્યો છે-મારે બીડી વિના ન ચાલે, મારે ગરમ રોટલી વિના ન ચાલે....આ અમૃતના ઓડકાર લેનારો આત્મા દુર્ગંધના ઓડકારમાં પડ્યો છે એ તેની મૂઢતા છે. અહો! આત્મા આનંદ સ્વરૂપ છે તેનો સંગ છોડીને આ સ્ત્રીના સંબંધ ક્યાં ઊભા કર્યાં! ભાઈ! તારાં સ્વરૂપમાં એ સંગ નથી. સંગનો રાગ પણ તારાં સ્વરૂપમાં નથી.

રાગ અને કર્મની મલિનતા હોવા છતાં મારો પ્રભુ તેનાથી ભિન્ન છે એમ જોવું તે નિશ્ચયનયનો વિષય છે. હું રાગથી ભિન્ન છું એવું પરલક્ષી જ્ઞાન થાય તે પણ મૂળ વસ્તુ નથી પણ સ્વના લક્ષપૂર્વક, સ્વના આશ્રયપૂર્વક જે જ્ઞાન થાય અને જેમાં આનંદ આવે તે મૂળ વસ્તુ છે.

અભિપ્રાય એ છે કે જીવને ખરેખર કર્મકાલિમા લાગતી જ નથી. જેમ મેલ ખરેખર કપડાંની અંદર પેસી ગયો નથી ઉપર જ છે તેમ ઉપરથી-સંયોગમાં જીવ શરીર અને કર્મથી બંધાયો છે તે બંધન, ભેદજ્ઞાનરૂપી સાબુ અને સમરસરૂપી નીર-જળથી છૂટું પડી જાય છે. રાગ અને પુણ્ય-પાપથી આત્માને ભિન્ન જાણતાં જે સમતા પ્રગટે તેનાથી આત્માનો મેલ ધોવાઈ જાય છે. આ ખરી સામાયિક છે, તેના ભાન વિના ગમે તેટલી ક્રિયા, વ્રત, તપ, જપ કરે તોપણ તે બધા એકડાં વિનાના મીંડા છે.

ચૈતન્ય ચક્રવર્તી મહારાજાનું જેને જ્ઞાન નથી, રાગથી ભેદજ્ઞાન નથી અને ભેદજ્ઞાન વડે સમતારૂપી શાંતિ જેને પ્રગટ થઈ નથી તે રાગાદિ મેલથી જુદાં પડી શકતાં નથી.

તાત્પર્ય એ છે કે, જીવને દેહથી ભિન્ન શુદ્ધ-બુદ્ધ જાણવાવાળો નિશ્ચયનય છે



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અને શરીરથી અભિન્ન, રાગ-દ્વેષ-મોહથી મલિન, કર્મને આધીન કહેવાવાળો તે વ્યવહારનય છે. બીજાને આ વાત સમજાવવી તે જ્ઞાન નથી, તે માત્ર વિકલ્પ છે. અંદરમાં જ્ઞાનાનંદ સ્વભાવ તરફ ઝુકાવ થઈને જે જ્ઞાનાનંદ પ્રગટ થાય તે સાચું જ્ઞાન અને આનંદ છે. આનંદ સહિત જ્ઞાન હોય તેને જ નિશ્ચયનય કહેવાય છે.

પ્રથમદશામાં આ નયજ્ઞાન દ્વારા જીવની શુદ્ધ અને અશુદ્ધ પરિણતિને સમજીને પોતાના શુદ્ધ સ્વરૂપમાં લીન થવું તેનું નામ અનુભવ છે, તેનું જ નામ ધર્મ છે. છકાયની દયા પાળવી, કંદમૂળ ન ખાવા, ચોવિહાર કરવો એવા વિકલ્પ હોય પણ તે ધર્મ નથી. છ કાયના જીવો, જીવે કે મરે તે પોતાના કારણે જીવે અને મરે છે. આ જીવના કારણે બીજા જીવનું જીવન કે મરણ થતું નથી. છતાં હું તેને જીવાડું છું એ માન્યતા ભ્રમરૂપ છે. તત્ત્વોની ભિન્નતા અને અનેકતાની ખબર નથી તેથી એવો ભ્રમ થાય છે. અનેક તત્ત્વો અનેકપણે પોતાના કારણે રહ્યા છે તેને બીજું તત્ત્વ રાખે કે મારે એવું તત્ત્વનું સ્વરૂપ જ નથી. અજ્ઞાની જીવ માત્ર બીજાને હું મારું કે જીવાડું એવો અજ્ઞાનમય અભિપ્રાય કરે છે.

પર્યાયમાં રાગની અશુદ્ધતા છે તેનું જ્ઞાન કરીને પછી તેનાથી ખસીને શુદ્ધ ચૈતન્ય ભગવાનના સ્વભાવનો અનુભવ કરવો તે તાત્પર્ય છે, તે સાર છે. જીવ જાણ્યાનો આ સાર છે પણ જેણે આ સાંભળ્યું ન હોય તેને નવાઈ લાગે. લોકોએ તો સંપ્રદાયમાં પોષા કરો, આઠમ-ચૌદશ ઉપવાસ કરો, કંદમૂળ ન ખાઓ, છ પર્વમાં બ્રહ્મચર્ય પાળો તે ધર્મ છે એવું સાંભળ્યું હોય તેથી આ ધર્મની વ્યાખ્યા નવી લાગે.

અનુભવ થયા પછી તો નયોનો વિકલ્પ પણ રહેતો નથી. આ પર્યાય અશુદ્ધ છે ને હું ત્રિકાળ શુદ્ધ છું એવો ભેદરૂપ વિકલ્પ પણ અનુભવમાં રહેતો નથી. જ્યાં વિકલ્પનો પણ આશ્રય નથી ત્યાં બીજાં કોનો આશ્રય હોય! ત્રણલોકના નાથ તીર્થંકરદેવ ફરમાવે છે કે, તને તારું શરણ છે, તું પોતે જ વીતરાગમૂર્તિ છો, તારો પુરુષાર્થ તારા હાથમાં છે કોઈ બીજું તને પુરુષાર્થ કરાવી નહિ દે.

શ્રોતાઃ-શ્રીમદ્જીએ કહ્યું છે ને કે તને સમ્યક્ત્વ થયા પછી ૧૫ ભવમાં મોક્ષ ન થાય તો મારી પાસેથી લેજે.

પૂજ્ય ગુરુદેવશ્રીઃ-તેનો અર્થ એ છે કે આવી દશા થયા પછી ૧૫ ભવમાં



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



મોક્ષ થાય જ. ન થાય એમ બને જ નહિ એમ કહેવું છે.

આત્મામાં અનંતગુણો કેવી રીતે છે, તેની અવસ્થા શું છે, તે કેમ પ્રાપ્ત થાય એ બધું જાણવા માટે પ્રથમ અવસ્થામાં સાધક છે-જરૂરી છે. વસ્તુને સિદ્ધ કરવા માટે નયના વિકલ્પો હોય છે પણ જ્યાં અનુભવ થાય છે ત્યાં કોઈ નયના વિકલ્પો કામ કરતાં નથી. અનુભવમાં કોઈ નયનું કામ નથી.

તમને તમારાં ધંધામાં કેટલા પૈસાની આવક થઈ, કેટલો ખર્ચ થયો, કેટલો લાભ થયો તે બધી ખબર હોય પણ તમારા નિજઘરમાં શું શું ભર્યું છે તે ખબર ન હોય!! આત્મા અનંતગુણોનો સમૂહ છે તેમાં જ્ઞાન, દર્શન, વીતરાગતા આદિ અનંતગુણો છે તેનું વિસ્તારથી વર્ણન હવે પછી કરીશું.

★ એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી એ મૂળ સિદ્ધાંતમાંથી કેટલું સિદ્ધ થાય છે!! આમાં બાર અંગનું સ્પષ્ટીકરણ નીકળે છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી એનો અર્થ એ થયો કે એની પર્યાય પોતાથી જ થાય છે અને તે ક્રમબદ્ધ થાય છે. એક સિદ્ધાંત બરાબર પકડે તો બધું આવી જાય છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી એટલે પગ જમીન ઉપર પડે છે એ પગ જમીનને અડતો નથી. જો જમીનને અડે તો બે દ્રવ્ય એક થઈ જાય. આ તો મિથ્યાત્વને તોડવાની ચાવી છે. દરેક દ્રવ્ય પોતાના નિશ્ચયમાં જ પ્રાપ્ત છે. આત્મા શરીરને અડતો નથી. કર્મથી આત્મા દુઃખી થાય એ વાત ખોટી છે. કર્મને આત્મા અડતો નથી તો એનાથી દુઃખી કેમ થાય? પદાર્થ જુદે જુદા છે તે એક બીજાને કરે શું? પણ આટલી સમજવાની ગરજ કોને પડી છે? દવાના રજકણ રોગને અડ્યા નથી. પાણી ગરમ થાય તે અગ્નિથી તો નહિ જ પણ એના ધ્રુવ દ્રવ્યથી પણ નહિ. એ પાણીની ઉષ્ણ પર્યાય એના કાળે ષટ્કારકથી સ્વતંત્ર થઈ છે. નરકના સંયોગોનું જીવને દુઃખ નથી, સંયોગ જીવને અડતાં નથી પણ પોતાના દ્વેષથી દુઃખ થાય છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ-એમાં તો ત્રણલોકના નાથ તીર્થંકર અને તેમની વાણી પણ તારા ઉત્પાદનું કારણ નહીં એમ આવ્યું. જગતને પાગલ લાગે તેવું છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ એમાં તો બાર અંગના તાળા ખોલી નાખ્યા છે!!

*-પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

# નય-પ્રમાણ-નિક્ષેપનું સાધક-બાધકપણું

(સળંગ પ્રવચન નં. ૩૧)

શ્રી જીવદ્વારનો સાર ચાલે છે. તેમાં આ ત્રીજો ફકરો છે.

આ ભગવાન આત્માને ઓળખવો છે ને! તો તેના દ્રવ્ય, ગુણ, પર્યાયનું જ્ઞાન કરવું પડશે. દ્રવ્ય, ગુણ, પર્યાયનું સ્વરૂપ સમજ્યા વિના-ઓઘે ઓઘે આત્મા....આત્મા કરવાથી આત્માની ઓળખાણ ન થાય. સ્વભાવ શું છે, વિભાવ શું છે, રત્નત્રય શું છે. એ બધું સમજવું પડશે.

સંપ્રદાયમાં ૭૬ની સાલમાં એક પ્રશ્ન કર્યો હતો કે, 'સામાયિક' છે તે દ્રવ્ય છે, ગુણ છે કે પર્યાય છે!-તો કહે, અમારા ગુરુએ એવું શીખવાડ્યું નથી. ગુરુ ઉપર દોષ નાંખી દીધો!

અહીં કહે છે ગુણોના સમૂહને દ્રવ્ય કહે છે. જીવદ્રવ્યમાં જ્ઞાન, દર્શન, આનંદ વગેરે અનંતા ગુણો છે. જેમ સાકરમાં મીઠાશ, સફેદાઈ આદિ છે તેમ આત્મામાં જ્ઞાન, દર્શન, સ્વચ્છત્વ, વિભુત્વ આદિ અનંત ગુણો છે અને તેની અવસ્થા તે તેની પર્યાય છે. વસ્તુના દ્રવ્ય, ગુણ, પર્યાયને ઓળખ્યા વગર ગમે તેટલી ક્રિયા કરે પણ શું લાભ થાય? માટે વસ્તુના સ્વરૂપને બરાબર સમજવું. જેમ સોનામાં પીળાશ, ચીકાશ, વજન આદિ ગુણ છે તેમ આત્મામાં ચૈતન્ય, સુખ, વીર્ય આદિ ગુણો છે અને વસ્તુની હાલતને પર્યાય કહે છે.

જીવની પર્યાય કઈ?-કે જીવની નર, નારક, દેવ, તિર્યંચ આદિ તથા રાગ-દ્વેષ, જાણવું-દેખવું આદિ એ જીવની પર્યાય છે. પર્યાયને હાલત, દશા અને અવસ્થા પણ કહેવાય છે. ગુણ એ વસ્તુની ત્રિકાળી શક્તિ છે અને પર્યાય એ વસ્તુની વર્તમાન દશા છે. આવા ગુણ અને પર્યાય વિના વસ્તુ હોતી નથી અને વસ્તુ નામ દ્રવ્ય વિના ગુણ અને પર્યાય હોતા નથી. દ્રવ્ય અને ગુણો ત્રિકાળ રહે છે અને પર્યાય એક સમયની હોય છે. દ્રવ્ય, ગુણ અને પર્યાય એક-બીજા વિના હોતા નથી. માટે દ્રવ્ય અને ગુણ પર્યાયોમાં અવ્યતિરિક્તભાવ છે. જેમ સોનું એક વસ્તુ

છે તેના પીળાશ, ચીકાશ, વજન આદિ ગુણો અને કડી, કુંડલ, કડા આદિ પર્યાયો સોનાથી જુદી નથી તેમ જીવ એક વસ્તુ છે તેમાં ત્રિકાળી જ્ઞાન, દર્શન, સુખ, વીર્યાદિ ગુણ છે અને તેની અવસ્થામાં પોતાના સ્વરૂપનું ભાન ન હોય તો પુણ્ય-પાપ, શરીરાદિને મારા માને છે એ જીવની વિભાવ દશા-વિભાવ પર્યાય છે અને પોતાના સ્વરૂપનું ભાન થાય તો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રાદિ પર્યાય પ્રગટ થાય છે તે જીવની સ્વભાવપર્યાય છે. એ ગુણ નથી પણ પર્યાય છે.

જ્યારે પર્યાયને ગૌણ કરીને દ્રવ્યને મુખ્ય કરીને કથન કરવામાં આવે છે ત્યારે તેને દ્રવ્યાર્થિકનય કહેવાય છે. તેમાં મુખ્યપણે દ્રવ્યનું જ્ઞાન કરવામાં આવે છે, તે જ્ઞાનમાં દ્રવ્યનું પ્રયોજન મુખ્ય હોય છે. અરે! એણે કદી દ્રવ્યને સમજવાનો પ્રયત્ન કર્યો નથી, રખડવાના ભાવ કર્યા છે.

મુમુક્ષુઃ-આત્મા સમજાવવાવાળા ગુરુ ન મળ્યા હોય તો ક્યાંથી કરે?

પૂજ્ય ગુરુદેવશ્રીઃ-પોતે સમજવાનો પ્રયત્ન કર્યો નથી તેથી ગુરુ મળ્યા નથી એમ કહેવાય. આમ તો અનંતવાર તીર્થંકર પાસે જઈ આવ્યો છે પણ પોતે ન સમજે ત્યાં બીજા કેવી રીતે સમજાવી શકે. કેમ કે પોતાની અવસ્થાનો પલટો તો પોતે કરે તો થાય; ગુરુ કરી ન શકે. ગુરુ મળે પણ પોતાનો ઉપયોગ જ્યાં ત્યાં ભટકતો હોય તો તત્ત્વ હાથમાં ક્યાંથી આવે! સમજ્યા વિના સાંભળ્યે રાખવાથી પણ પોતાનું હિત થતું નથી.

નિયમસારમાં આવે છે કે જે સહજ પરમ પારિણામિકભાવે રહેલું છે તે દ્રવ્ય છે. અનાદિ અનંત નિત્ય ધ્રુવ વસ્તુને પરમ પારિણામિકભાવ કહ્યો છે અને તેની નિર્મળ અવસ્થા તે પર્યાય છે, તે જીવનો ધર્મ છે તેની તો ખબર ન હોય અને ગરમ પાણી પીવું, ઉપવાસ કરવો, ચોવ્યાર કરવો, કંદમૂળ ન ખાવું તેને ધર્મ માની લે છે. બાપુ! તને ધર્મના સ્વરૂપની જ ખબર નથી.

પારિણામિકભાવમાં સ્થિત અર્થાત્ દ્રવ્યમાં રહેલાં જ્ઞાનાદિ ગુણો તે વસ્તુનો સ્વભાવ છે. જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય આ ચાર અનંત ચતુષ્ટય તે દ્રવ્યમાં રહેલાં સ્વભાવ અનંત ચતુષ્ટરૂપ ગુણ છે તેને એકરૂપ ગણો તો શુદ્ધ જ્ઞાનચેતનાપરિણામ તે જીવના ગુણ છે. આ બધું સમજવા માટે 'આત્મધર્મ' મંગાવવા જોઈએ. એક ભાઈને પૂછ્યું હતું કે, આત્મધર્મ મંગાવો છો?-તો કહે ના, એ તો મને બધું આવડે છે. અરે

www.vitragvani.com



ભાઈ! વિકલ્પ શું છે, જડ શું છે, જીવ શું છે, જાણનાર કેવો છે તે બધું સમજવા માટે 'આત્મધર્મ' છે તેની તો તને ખબર નથી.

ત્રિકાળ વસ્તુ તે સહજ પારિણામિકભાવ છે અને તેમાં રહેલાં ગુણો તે તેની ત્રિકાળી શક્તિઓ છે. દ્રવ્ય, ગુણ, ધ્રુવ છે. દ્રવ્ય વિના ગુણ ન હોય અને ગુણ વિના દ્રવ્ય ન હોય. ત્રિકાળી જ્ઞાયકભાવને મુખ્ય કરવો અને પર્યાયને ગૌણ કરવી તે દ્રવ્યાર્થિકનય છે. ત્રિકાળી જ્ઞાયકભાવ તે દ્રવ્ય છે, તે કારણપરમાત્મા છે, તે કારણનિયમ છે અને તે કારણદ્રવ્યનો આશ્રય લઈને થતી નિર્મળ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની અવસ્થા તે કાર્યપર્યાય છે. તે નિયમસાર છે. આ પર્યાય દ્રવ્ય વિના ન હોય અને દ્રવ્ય આવા ગુણ અને પર્યાય વિના ન હોય.

આટલી સ્પષ્ટ વાત થાય છે છતાં કહે મને ઝીણી વાત સમજાતી નથી. અરે, સંસારમાં તો દોઢડાહ્યા થઈને ચક્રવર્તી વ્યાજ કાઢો છો એ તો સંસારમાં રખડવાના ભાવ છે. ભગવાન આત્માનો સ્વભાવ તો ચારગતિનો અભાવ કરવાનો છે. ધર્મમાં પ્રધાન એવા સર્વજ્ઞ ભગવાન ચારગતિનો અંત કરનારા ચક્રવર્તી છે. વસ્તુ તો ત્રિકાળ ચારગતિનાં વિકલ્પનો અભાવ કરવાના સ્વભાવવાળી છે પણ તેની અવસ્થામાં ધર્મ કે અધર્મરૂપ ભાવ હોય છે. અવસ્થા અને ગુણ વિના વસ્તુ ન હોય અને વસ્તુ વિના ગુણ-પર્યાય ન હોય.

ગુણી વિના ગુણ ન હોય અને ગુણ વિના ગુણી ન હોય. અને તે તેની વર્તમાન અવસ્થાથી સહિત જ હોય. પર્યાય વિના દ્રવ્ય ન હોય અને દ્રવ્ય વિના પર્યાય ન હોય. મુખ્યપણે દ્રવ્યનું જ્ઞાન કરવામાં આવે ત્યારે પર્યાય ગૌણ રાખવામાં આવે છે. દ્રવ્ય સામાન્ય છે અને પર્યાય વિશેષ છે. સામાન્યમાં ભેદ હોતા નથી. વિશેષમાં ભેદ હોય છે. સામાન્ય-વિશેષ સ્વરૂપ વસ્તુ છે. પુદ્ગલ પણ વસ્તુ છે પણ આ જીવદ્વાર છે તેથી અહીં પુદ્ગલની વાત નથી. જીવદ્રવ્યનું જ કથન છે.

પુદ્ગલનો નાનામાં નાનો અણુ તે પરમાણુ છે તે જ પુદ્ગલ દ્રવ્ય છે. તેમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણાદિ ગુણ છે અને ઠંડી-ગરમ આદિ તેની પર્યાય છે એ પર્યાય અને ગુણ વિના પરમાણુદ્રવ્ય ન હોય અને પરમાણુદ્રવ્ય વિના ગુણ-પર્યાય ન હોય. જે ત્રિકાળ એકરૂપ સદૃશ....સદૃશ રહે તે સામાન્ય છે અને તેની અવસ્થાઓ બદલાય છે વિસદૃશ થાય છે માટે તેને વિશેષ કહેવાય છે.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આવું વસ્તુસ્વરૂપ સમજાવીને કહેવાનું પ્રયોજન એ છે કે પરના કારણે તારી પર્યાય થાય છે એમ નથી અને તારા કારણે પરની પર્યાય થાય છે એમ નથી.

કોઈ માણસ એમ કહે કે, 'મારે ધર્મ કરવો છે' તો તેમાં આટલી વાત સિદ્ધ થાય છે કે, (૧) તેની દશામાં ધર્મ નથી (૨) તેની દશામાં અધર્મ છે (૩) અધર્મ ટાળીને ધર્મદશા પ્રગટ કરવી છે માટે તે પર્યાય છે કેમ કે ટળવું અને થવું એ પર્યાયનું સ્વરૂપ છે. ગુણમાં ટળવાપણું કે થવાપણું ન હોય. ગુણ તો કાયમ રહે છે. તેમાં ઉત્પાદ-વિનાશ ન હોય.

જીવ સામાન્ય તે દ્રવ્ય છે અને વિશેષ તે તેની દશા છે. જીવનું વિશેષ સ્ત્રી, પુત્ર, ધનાદિ નથી. માટે સંયોગમાં સ્ત્રી, પુત્ર, ધનાદિ હોય તે તારા કારણે નથી, તે તેના પોતાના કારણે છે. તું તો તેનાથી જુદી વસ્તુ છો અને તારું વિશેષ તારામાં હોય. પરમાં તારું વિશેષ ન હોય.

આ ભાષા તો બહુ સાદી છે. ભાવ ભલે આકરાં છે પણ ભાષા સાદી છે.

શ્રોતાઃ-ભાવ તો બહુ આકરાં છે.

પૂજ્ય ગુરુદેવશ્રીઃ-એણે કદી સમજણપૂર્વક સાંભળ્યું નથી ઓઘે ઓઘે સાંભળે છે તેથી ભાવ આકરાં લાગે છે. એને એમ થાય છે કે આપણે કાંઈક દયા, દાન, ત્યાગાદિ વિશેષ કાર્ય કરીએ તો ધર્મ થાય; પણ ભાઈ! એ તારું વિશેષ કાર્ય નથી. તારી દશામાં વિશેષતા લાવ એ તારું વિશેષ કાર્ય છે.

દ્રવ્ય અને પર્યાયમાં આંતરો એ છે કે, દ્રવ્ય ત્રિકાળ એકરૂપ રહે છે અને પર્યાય હંમેશા પલટતી રહે છે. માટે દ્રવ્ય તે સામાન્ય છે અને પર્યાય તે વિશેષ છે. દ્રવ્ય સદૃશ રહે છે તેથી કાંઈ પર્યાય સદૃશ રહે એમ નથી અને પર્યાય બદલે છે માટે દ્રવ્ય પણ બદલે છે એમ નથી. દ્રવ્યનું વિશેષ એ તેની દશા છે અને દશાનું સામાન્ય એ તેનું દ્રવ્ય છે. બીજું કોઈ દ્રવ્ય એ તેનું સામાન્ય નથી. પં. બુદ્ધિલાલે ખુલાસો સારો કર્યો છે. દ્રવ્ય અને પર્યાયમાં આંતરો છે. જીવદ્રવ્ય સામાન્ય અને તેની વિશેષ અવસ્થામાં ફેર છે. બંનેનું સ્વરૂપ એક નથી. બંનેમાં સામાન્ય અને વિશેષનો આંતરો પડે છે.

હવે કહે છે કે, સમજવા માટે નયથી પહેલાં બધું સમજવું પણ તે જ વિકલ્પોમાં



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



રહેવાથી આત્માની પ્રાપ્તિ નહિ થાય. જીવનું સ્વરૂપ નિશ્ચયનયથી ધ્રુવ દ્રવ્ય સામાન્ય છે અને વ્યવહારનયથી પર્યાયરૂપ અને ભેદરૂપ છે. નયોના શુદ્ધ નિશ્ચયનય, અશુદ્ધ નિશ્ચયનય, સદ્ભૂત વ્યવહારનય, અસદ્ભૂત વ્યવહારનય ઇત્યાદિ ઘણાં ભેદથી વસ્તુસ્વરૂપનો વિચાર થાય છે પણ તેના વિકલ્પ ચિત્તમાં તરંગ પેદા કરે છે. વિકલ્પોમાં રોકાવાથી આત્માની પ્રાપ્તિ નહિ થાય.

દ્રવ્યાર્થિકનયથી વસ્તુ નિત્ય છે, પર્યાયાર્થિકનયથી અનિત્ય છે, ભેદરૂપ છે. એ બધું જેમ છે તેમ બરાબર સમજવું. પણ તેના વિકલ્પોના રાગમાં રોકાવાથી તો આત્માની પ્રાપ્તિ થતી નથી. વ્યવહારરત્નત્રયથી તો આત્માની પ્રાપ્તિ ન થાય પણ નયના આવા વિકલ્પ દ્વારા પણ આત્મા પ્રાપ્ત ન થાય.

શુદ્ધ નિશ્ચયનયથી જુઓ તો આત્મા ત્રિકાળ જ્ઞાયક એક ભાવ છે અને અશુદ્ધનયથી જુઓ તો વિકાર આત્મામાં થાય છે. પોતામાં થાય છે માટે નિશ્ચય છે પણ વિકાર છે માટે તે નયને અશુદ્ધ નિશ્ચયનય કહી છે. ગુણ અને ગુણીનો ભેદ પાડવો તે સદ્ભૂત વ્યવહાર છે જેમ કે 'આત્મામાં જ્ઞાન-દર્શનાદિ ગુણો છે.' ગુણોના ભેદ પાડીને વસ્તુનું કથન કરવું તે સદ્ભૂત વ્યવહાર છે અને 'આત્મામાં પુણ્ય-પાપ રાગાદિ છે' તે અસદ્ભૂત વ્યવહારનું કથન છે. આ જાતના વિકલ્પો પ્રથમ ભૂમિકામાં આવે છે પણ વિકલ્પો મનમાં અનેક તરંગો પેદા કરે છે તેથી મનને વિશ્રામ મળતો નથી. તેથી કહ્યું છે કે નયના કલ્લોલ અનુભવમાં બાધક છે. વિકલ્પના આશ્રયે આત્માનો અનુભવ થતો નથી.

જ્યાં સુધી, વસ્તુ પૂર્ણ છે....પર્યાયમાં અશુદ્ધિ છે....વગેરે વિકલ્પો રહે છે ત્યાં સુધી વસ્તુની પ્રાપ્તિ થતી નથી. વિકલ્પોમાં ડામાડોળ ચાલે છે ત્યાં સુધી ચિત્તને વિશ્રામ ન મળે. પ્રથમ એમ જાણે કે ત્રિકાળ નિત્યાનંદ શુદ્ધ પ્રભુ તે શુદ્ધનિશ્ચયનો વિષય છે અને પર્યાય તે અશુદ્ધ નિશ્ચયનયનો વિષય છે એમ પ્રથમ જાણે પણ એવા ભેદ જાણવામાં જ રોકાય જાય તો સમ્યગ્દર્શન ન થાય. વસ્તુ પોતે પૂર્ણાનંદની મૂર્તિ છે તેના તરફ ઝુકાવ થતાં વિકલ્પોનો આશ્રય રહેતો નથી અને સ્વભાવના આશ્રયમાં સમ્યગ્દર્શન થઈ જાય છે.

જુઓ! જ્ઞાનના અંશોના ભેદમાં રોકાવાથી પણ સમ્યગ્દર્શન થતું નથી તો બહારના દયા, દાન, વ્રત, ભક્તિથી ધર્મ થાય એ કેમ બને! તદ્દન વિપરીત વાત છે. વીતરાગના



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



મારગડા જુદાં છે ભાઈ! એ મારગડા તેં સાંભળ્યા નથી અને ખોટા માર્ગને સાચા માર્ગ માનીને ચાલ્યો છો. ભ્રમણામાં ઊભો છો. ભાઈ! તને ખબર નથી.

"અનુભવ રત્નચિંતામણિ, અનુભવ હૈ રસકૂપ,
અનુભવ મારગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ."

શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાનનો અંતર્મુખ થઈને અનુભવ કરવો છે ત્યાં નયના વિકલ્પોમાં રોકાવું બાધક છે. નયના વિકલ્પો અનુભવમાં વિઘ્ન કરનારા છે.

સર્વજ્ઞ ભગવાને આત્માનું વાસ્તવિક સ્વરૂપ કેવું કહ્યું છે તે જાણવા માટે પ્રથમ ભૂમિકામાં નયના વિચાર હોય છે અને તે સ્વભાવ-વિભાવને જુદાં ઓળખવા માટે સહાયક પણ છે પણ તેના તે જ વિચારોમાં રોકાઈ રહે તો અભેદ વસ્તુનો અનુભવ થતો નથી માટે નયના કલ્લોલોને બાધક કહ્યાં છે. જેમ બજારમાં મીઠાઈ લેવા જાય ત્યાં પહેલાં તેનો ભાવ પૂછે, તોલા બરાબર છે કે નહિ તે જુએ, ધડો કરાવે વગેરે....બધું હોય પણ જ્યારે મીઠાઈ ખાવા બેસે ત્યારે એ કાંઈ વિચાર ન કરે. મીઠાઈનો સ્વાદ જ લે.

ભગવાન! તારી મહિમાનો પાર નથી પણ તેની તને સૂઝ પડતી નથી.

મીઠાઈ લેવા જાય ત્યાં સીધો ખાવા માંડે તો વેપારી ખાવા દે? પહેલાં ભાવ તો પૂછ અને કેટલું લેવું છે એ કહે તો જોખી દઉં પછી ખા એમ કહેશે. તેમ સર્વજ્ઞ ભગવાને કહેલું વસ્તુસ્વરૂપ પહેલાં જ્ઞાનમાં લે અને સમજે કે અજ્ઞાનીઓ જે કહે છે તે સ્વરૂપ ખોટું છે. વીતરાગ સર્વજ્ઞદેવ કહે છે તે જ સ્વરૂપ સત્ય છે એમ પહેલાં વિચાર સહિત નિર્ણય કરે પછી અનુભવ થાય તેમાં વસ્તુનો સ્વાદ આવે ત્યારે વિકલ્પો રહેતાં નથી.

સ્વાનુભૂતિમાં નય અને નિક્ષેપ હોતા નથી. **उदयति नयश्री** નય એટલે વસ્તુના એક એક ધર્મને જણાવનારો જ્ઞાનનો અંશ, પ્રમાણ એટલે આખી વસ્તુને બતાવનારું જ્ઞાન અને નિક્ષેપ એટલે જાણવા યોગ્ય ચીજ કે જે નામરૂપે, સ્થાપનારૂપે, દ્રવ્યરૂપે કે ભાવરૂપે છે તે ત્રણેયથી (નય, પ્રમાણ, નિક્ષેપ) વસ્તુનું સ્વરૂપ પહેલાં જ્ઞાનમાં જાણવું જોઈએ.

જેમ અંધારામાં પણ ગોળ ખાય તો ગળ્યો જ લાગે પણ ગોળની જગ્યાએ



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

અંધારામાં ગોબર આવી જાય તો ગળ્યું ક્યાંથી લાગે! તેમ વીતરાગે કહેલું તત્ત્વ જેમ છે તેમ પહેલાં બરાબર સમજ્યો હશે તો અનુભવમાં પણ એમ જ આવશે પણ પહેલાં સમજવામાં જ ભૂલ હશે તો વસ્તુનો અનુભવ નહિ થાય માટે પ્રથમ ભગવાને કહેલાં દ્રવ્ય, ગુણ, પર્યાય અને અજ્ઞાનીએ કહેલાં દ્રવ્ય, ગુણ, પર્યાય અને ધર્મના સ્વરૂપમાં શું આંતરો છે તે સમજીને યથાર્થ સ્વરૂપને ગ્રહણ કરવું જોઈએ. કેમ કે એક નાસ્તિક સિવાય આત્માની વાતો તો બધાં ધર્મવાળા કરે છે પણ સર્વજ્ઞ વીતરાગે કહેલાં અનંત જીવો અને તેનું વાસ્તવિક સ્વરૂપ બીજે ક્યાંય નથી. તે સ્વરૂપને યથાર્થપણે સમજીને હંમેશા તેના વિચાર અને ચિંતવનમાં લાગ્યા રહેવું જોઈએ.

'મને તો આ 'નિશ્ચય-વ્યવહાર' આદિ બધું આવડે છે' એમ માને છે તેને તો આવડતનું અજીર્ણ થઈ ગયું છે. આવડ્યું તો ત્યારે કહેવાય કે જ્યારે અખંડ નિર્વિકલ્પ આત્માનું જ્ઞાન થાય ત્યારે આવડ્યું કહેવાય.

અરે! અનાદિકાળથી નિજ નિધાનના ભાન વિના જીવો દુઃખી થઈ રહ્યા છે. સર્વજ્ઞે કહેલી વસ્તુના ભાન વિના સંપ્રદાયના વાડામાં રહ્યા તે પણ તરસ્યાં ચાલ્યા જાય છે. સરોવર કાંઠે રે મૃગલાં તરસ્યા રે લોલ....જૈનના વાડામાં રહેલાં પણ તરસ્યા ચાલ્યા જાય છે. દોડે હાંફે ઝાંઝવા જાળની કાજ....વિકલ્પની જાળ એ ઝાંઝવાના પાણી છે. ભાઈ! તેમાં તરસ નહિ છીપે. માટે પ્રથમ નય, નિક્ષેપ અને પ્રમાણથી દ્રવ્ય, ગુણ, પર્યાયનું સ્વરૂપ સમજીને આત્મામાં અંતરમાં જવું.

આહા! આત્માની ધૂન લાગે ત્યારે વારંવાર આત્મા તરફ વલણ રહ્યાં જ કરે. એવી અંતરમાં આત્માની ધૂન લાગે ત્યારે આત્માનો અનુભવ અને સમ્યગ્દર્શન થાય. આવી વાત છે બાપુ! આ જીવ અધિકાર પૂરો થયો.

હવે અજીવ અધિકારનું વર્ણન કરવાની પ્રતિજ્ઞા કરે છે.

जीव तत्त्व अधिकार यह, कह्यौ प्रगट समुझाय।
अब अधिकार अजीवकौ, सुनहु चतुर चित्त लाय।।१।।

બનારસીદાસજી કહે છે, જીવનો અધિકાર પ્રગટ સમજાવીને કહ્યો, હવે અજીવ-તત્ત્વનો અધિકાર કહે છે તેને હે વિદ્વાનો! અર્થાત્ ડાહ્યા પુરુષો! મન લગાવીને સાંભળો.

મંગલાચરણમાં ભેદવિજ્ઞાન દ્વારા પ્રાપ્ત પૂર્ણજ્ઞાનને વંદન કરે છે.

www.vitragvani.com



परम प्रतीति उपजाय गनधरकीसी,
अंतर अनादिकी विभावता विदारी है।
भेदग्यान दृष्टिसौं विवेककी सकति साधि,
चेतन अचेतनकी दसा निरवारी है।
करमकौ नास करि अनुभौ अभ्यास धरि,
हिएमैं हरखि निज उद्धता संभारी है।
अंतराय नास भयौ सुद्ध परकास थयौ,
ग्यानकौ विलास ताकौं वंदना हमारी है।।२।।

**परम प्रतीति उपजाय गनधरकीसी**-અનંતગુણધામ, અનંતગુણ વિશ્રામ આત્માની સન્મુખ થઈને અને વિકલ્પથી વિમુખ થઈને જેણે સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યો છે તે પણ કેવો? કે ગણધર જેવો અગાઢ સમ્યક્ત્વ કે જેમાં અજીવથી ભિન્ન જીવસ્વભાવની સન્મુખ થઈને પરમપ્રતીતિ-દૃઢ શ્રદ્ધાન કર્યું છે. ભગવાન કહે છે માટે આત્મા આવો છે એવી પ્રતીતિ નહિ પણ સ્વસંવેદનથી આત્માના અનુભવપૂર્વક જાગેલી પ્રતીતિ તે ગણધર જેવી છે. ગણધર જેવી દૃઢ પ્રતીતિ ઉપજી છે અને અનાદિકાળથી લાગેલ અંતરંગનું મિથ્યાત્વ નષ્ટ કર્યુ છે. **अंतर अनादिकी विभावता विदारी है** માં મિથ્યાત્વને વિભાવતા કહી છે. શ્રીમદ્‌માં પણ આવે છે ને,

કોટી વર્ષનું સ્વપ્ન પણ જાગૃત થતાં સમાય,
તેમ વિભાવ અનાદિનો, જ્ઞાન થતાં દૂર થાય.

આ પદમાં પણ મિથ્યાત્વના અર્થમાં વિભાવ શબ્દ વાપર્યો છે. અનાદિથી પર અને પુણ્ય-પાપભાવ મારા છે અને મને લાભદાયક છે એવો જે મિથ્યાત્વભાવ હતો તેને અંતર આત્મદૃષ્ટિ વડે વિદારી નાંખ્યો છે-વ્યય કર્યો છે અને સમ્યક્ શ્રદ્ધા ઉપજાવી છે. ધ્રુવ તો ત્રિકાળી જ્ઞાયકભાવ છે તેનો આશ્રય નિરંતર વર્તે છે તેને સમકિતી, જ્ઞાની અથવા ધર્મી કહેવાય છે.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

# વીતરાગી સંતોનો પોકાર

(સળંગ પ્રવચન નં. ૩૨)

શ્રી નાટક સમયસારનો અજીવદ્વાર છે. તેમાં પ્રથમ શ્લોકમાં બનારસીદાસજી અજીવ અધિકાર વર્ણન કરવાની પ્રતિજ્ઞા કરે છે.

जीव तत्त्व अधिकार यह, कह्यौ प्रगट समुझाय।
अब अधिकार अजीवकौ, सुनहु चतुर चित्त लाय।।१।।

પ્રથમ અધિકાર જીવતત્ત્વનો સમજાવ્યો, હવે અજીવ અધિકાર કહે છે તેને હે વિદ્વાનો! મન દઈને સાંભળો.

હવે મંગલાચરણમાં ભેદવિજ્ઞાનદ્વારા પ્રાપ્ત પૂર્ણજ્ઞાનને વંદન કરે છે.

परम प्रतीति उपजाय गनधरकीसी,
अंतर अनादिकी विभावता विदारी है।
भेदग्यान दृष्टिसौं विवेककी सकति साधि,
चेतन अचेतनकी दसा निरवारी है।
करमकौ नास करि अनुभौ अभ्यास धरि,
हिएमैं हरखि निज उद्धता संभारी है।
अंतराय नास भयौ सुद्ध परकास थयौ,
ग्यानकौ विलास ताकौं वंदना हमारी है।।२।।

તીર્થંકરના વજીર એવા ગણધર જેવી દૃઢ શ્રદ્ધા ઉત્પન્ન કરીને, અનાદિકાળથી લાગેલ મોહ-અંતરંગનું મિથ્યાત્વ નષ્ટ કર્યું અને ભેદજ્ઞાનની દૃષ્ટિથી જ્ઞાનની શક્તિ સિદ્ધ કરીને જીવ-અજીવનો નિર્ણય કર્યો. અતીન્દ્રિય આનંદ સ્વભાવ તે જીવ અને પુણ્ય-પાપભાવ તે અજીવતત્ત્વ છે. આ બંનેને ભિન્ન પાડીને, ગણધર જેવી પરમ પ્રતીતિ ઉપજાવીને अंतर अनादिकी विभावता विदारी है અનાદિનો જે મોહ તેનાથી પોતે જુદો પડીને સ્વરૂપનો અનુભવ કરે છે. અનાદિથી વિભાવમાં એકતાબુદ્ધિ હતી તે તોડી નાખી-નાશ કરી નાખી છે.

જુઓ! આ જ કરવાનું છે. અજીવથી પોતાના જીવને જુદો પ્રતીતિમાં લઈને અનાદિનો

www.vitragvani.com



મોહ નાશ કરવાનો છે. કેમ કે પોતાનો સ્વભાવ સુખરૂપ છે અને અજીવ એવા જે પુણ્ય-પાપના ભાવ તે દુઃખરૂપ છે, આકુળતા છે, માટે તેનાથી ભેદજ્ઞાન કરવાનું છે. હું તો આનંદ અને જ્ઞાનસ્વરૂપ છું. એ વાત કોઈ અલૌકિક અને અપૂર્વ છે. નિજસ્વભાવની દૃષ્ટિપૂર્વક અજીવ એવા પર અને રાગને તેનાથી જુદા પાડી भेदज्ञान दृष्टिसौं विवेककी सकति साधि ચૈતન્યનો અનુભવ કરવો. આ અનુભવનો વારંવાર અભ્યાસ કરવાથી કર્મોનો નાશ થાય છે. અજ્ઞાન પૂર્વકના ઉપવાસ આદિના કષ્ટ કરવાથી કર્મ નાશ થતાં નથી.

ભગવાન આત્મા અંદરમાં ચૈતન્યના દળરૂપે પડ્યો છે પણ એને પોતાનું પૂર્ણસ્વરૂપ વિશ્વાસમાં આવતું નથી. અનાદિથી રાગ-દ્વેષ-મોહ અને અલ્પજ્ઞપણાના જોરમાં એની દૃષ્ટિ પૂર્ણસ્વરૂપ ભગવાન આત્મા ઉપર જતી નથી.

हिएमैं हरखि निज उद्धता सँभारी है। उद्धता એટલે ઉત્કૃષ્ટ-ઊંચામાં ઊંચો જે જ્ઞાનાનંદ સ્વભાવ તેનો અનુભવ કરીને, હૃદયમાં હર્ષિત થઈને પોતાની ઉત્કૃષ્ટતા સંભાળી જેથી અંતરાયરૂપ કર્મ નાશ પામ્યું અને શુદ્ધાત્માનો પ્રકાશ અર્થાત્ પૂર્ણજ્ઞાન અને આનંદ પ્રગટ થયો. સ્વરૂપની પ્રાપ્તિમાં જે વિઘ્નરૂપ હતો એવો રાગ નાશ થતાં શુદ્ધજ્ઞાનનો પ્રકાશ થયો. જગમગજ્યોતિએ ચૈતન્ય ભગવાન જાગ્યો, આનંદ સહિત જ્ઞાનની શુદ્ધતા જ્યાં પ્રગટ થઈ ગઈ એવા જ્ઞાનને મારા નમસ્કાર હો. પોતાની જ્ઞાનની ઋદ્ધિ અને સમૃદ્ધિથી જે ઊછળ્યો અને દશામાં પૂર્ણ જ્ઞાનાનંદ પ્રગટ થયો એ જ્ઞાનના વિલાસને મારા વંદન હો.

અજ્ઞાનીને પોષા અને પ્રતિક્રમણ આદિ કરવા સહેલાં લાગે છે પણ આ વાત સમજવી કઠણ થઈ પડી છે. પ્રતિક્રમણ એટલે વિભાવથી પાછા વળીને સ્વભાવમાં ઠરવું તે. પણ હજુ પોતે જાગ્યા વિના વિભાવથી પાછો ક્યાંથી વળે! ખરેખર પ્રગટરૂપ પરમાત્મા અને શક્તિરૂપ નિજાત્મામાં કાંઈ ફેર નથી એ વાત પહેલા સમજવાની છે.

આ તો અજીવ અધિકાર છે ને! પુણ્ય-પાપના અજીવભાવથી ભિન્ન પડીને સ્વભાવનું શરણ લે છે ત્યાં અંદરથી જ્ઞાનનો વિલાસ પ્રગટ થાય છે. અજીવ એવા પુણ્ય-પાપના વિલાસમાં હતો ત્યાં સુધી તેને દુઃખનું વેદન થતું હતું તેનાથી ભિન્ન પડીને જેવો પોતે છે તેવો અનુભવે છે ત્યાં આનંદિત થઈને આનંદનો અનુભવ કરે છે. કોઈ એમ કહે કે બહુ ઉપવાસ આદિ કષ્ટ સહન કરે, પાણીનો શોષ પડે પણ પીએ નહિ, તડકો વેઠે તેને ધર્મ વધારે થાય-પણ એમ ન બને. કષ્ટ સહે છે તેમાં આકુળતા છે તેનાથી ધર્મ અને આનંદ કેમ થાય! ધર્મ તો આનંદપૂર્વક થાય છે, તેમાં દુઃખ ન હોય. અજીવ રાગાદિથી ભિન્ન પડીને આત્માનો



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

અનુભવ કરતાં કરતાં રાગનો તદ્દન નાશ થઈને એકલી ચૈતન્યજ્યોતિ જાગૃત થઈ જાય છે તેને પૂર્ણ જ્ઞાનાનંદરૂપ ધર્મ પ્રગટ થયો;-એવા પૂર્ણજ્ઞાની પરમાત્માને હું વંદન કરું છું. આદર કરું છું.

હવે બીજા કળશમાં શ્રીગુરુ પારમાર્થિક શિક્ષા આપે છે.

भैया जगवासी तू उदासी व्हैकैं जगतसौं,
एक छ महीना उपदेस मेरौ मानु रे।
और संकलप विकलपके विकार तजि,
बैठिकै एकंत मन एक ठौरु आनु रे।
तेरौ घट सर तामैं तूही है कमल ताकौ,
तूही मधुकर व्है सुवास पहिचानु रे।
प्रापति न व्हैहै कछु ऐसौ तू विचारतु है,
सही व्हैहै प्रापति सरूप योंही जानु रे।।३।।

ભૈયા! એમ સંબોધન કરીને બનારસીદાસજી લખે છે કે જગવાસી એટલે રાગ અને સંસારમાં રહેલો છે તેનાથી ઉદાસ થઈને એક છ મહિના મારો ઉપદેશ માન! છ મહિના અંતરમાં લઢણ કર! જેમ બદામનું તેલ કાઢવું હોય તો તેને એકધારું લસોટવું જોઈએ. બે-ચારવાર લસોટીને (ઘસીને) બીજું કામ કરવા લાગી જાય તો એમ તેલ ન નીકળે. તેમ આત્માની અનુભૂતિ કરવી હોય તો એકવાર છ મહિના સુધી આત્માના લક્ષને ઘસ! આમ તો સમ્યગ્દર્શન અંતમુર્હૂતમાં પણ થઈ જાય અને ન થાય તો અનંતકાળ પણ નીકળી જાય પણ અહીં તો મધ્યમ વાત કરીને એને વિસામો આપ્યો છે-એને આકરું ન લાગે એ રીતે વાત કરી છે. આ જુદાં જુદાં આઠ પ્રકારથી કોઈ અધ્યવસાનમાં આત્મા માને છે, કોઈ રાગમાં આત્મા માને છે વગેરે પ્રકારે આત્માના સ્વરૂપને મિથ્યા કલ્પે છે એ વાતની ગાથા પછીનો આ શ્લોક છે.

એક આત્માનો અનુભવ કર! એ સિવાય બધાં સંકલ્પ-વિકલ્પને છોડી દે. હું બીજાને સમજાવી દઉં, દુનિયાના કામ કરી દઉં એવા બધાં સંકલ્પ-વિકલ્પ છોડી દે. વિકલ્પ છે તે જ સંસાર છે તેને તો છોડે નહિ અને સ્ત્રી-પુત્રાદિને છોડે તેથી કાંઈ સંસાર છૂટતો નથી. જેને પંચમહાવ્રતના વિકલ્પ સાથે એકતાબુદ્ધિ છે તે પાકો સંસારી છે. પ્રવચનસારમાં કહ્યું છે કે આસ્રવ અને અજીવ બેમાં જેને એકત્વ છે તે પાકો સંસારી છે. આસ્રવ એટલે પુણ્ય-પાપના વિકલ્પ અને અજીવ એટલે આ શરીરમાં જેને એકતા છે તે સ્ત્રી-પુત્રાદિને છોડીને આવ્યો હોય

તોપણ સંસારી છે.

જુઓ તો ખરા! કેટલી સગવડતા છોડીને આવ્યો, ગરમ ગરમ રસોઈ જમાડતાં, અનેક જાતની અનુકૂળતા મળતી તે બધી ત્યાગીને આવ્યો છતાં સંસારી? હા! એ સંસારી જ છે. કેમ કે એ જેને છોડીને પોતે આવ્યો એમ માને છે એ તો બધાં પોતાથી છૂટાં જ હતાં, માત્ર તે અભિમાન કરે છે કે મેં છોડ્યાં. તેને તેમાં જે એકત્વબુદ્ધિ છે તે સંસાર છે. રાગના ઉદયભાવની એકતા તે સંસાર છે. તેનાથી હું છૂટો છું એમ ભાષામાં કહેવું સહેલું છે પણ અંતરથી વિરક્ત થવામાં ઘણો પુરુષાર્થ જોઈએ છે.

સંકલ્પ-વિકલ્પ વિકારને તજીને, એકાંતમાં બેસીને મનને એક આત્મા તરફ લાવ. આનંદસ્વરૂપ એક આત્મા જ છે તેમાં મનને જોડ. રમેશભાઈએ લખ્યું છે ને!

મનનાં મૃગલાંને પાછા વાળજો રે લોલ,
એ જોડી દ્યો આતમ સરોવરે આજ;
તને મળશે આતમસુખ અમૂલાં રે લોલ.....

વ્યાખ્યાનમાં આવી હોય તે વાત ભજનમાં ગોઠવી દીધી છે. દેશી રાસના રાગમાં જોડી દીધું છે એટલે ગાવું પણ સહેલું પડે.

સંકલ્પ-વિકલ્પથી માંડીને આખી દુનિયા તારાથી જુદી છે અને તું એનાથી જુદો છો. તું તો આનંદનો સરોવર છો. तेरौ घट सर तामैं तूही है कमल ताकौ, तूही मधुकर व्है सुवास पहिचानु रे તું પોતે ચૈતન્યસરોવર છો. તેમાં તું જ કમળ છો અને તું જ ભમરો થઈને તેની સુગંધ લે. અનાદિથી તેં સંકલ્પ-વિકલ્પરૂપ ઝેરી ભાવોની સુગંધ લીધી છે તેને છોડીને હવે ચૈતન્યકમળની સુગંધ લે અને તેમાં જ લીન થઈ જા! તું તો આનંદનું નંદનવન છો એવા સ્વભાવની સુગંધ લે. શુદ્ધ જ્ઞાનઘન સરોવર છે તેમાં એકાકાર થવું તે કમળ છે, તેની સુગંધ લેવી તેનું નામ ધર્મ છે. ચૈતન્ય સરોવરને મૂકીને પુણ્ય-પાપના મૃગજળમાં પાણી પીવા દોડશે તેને સાચા જ્ઞાનનાં પાણી નહિ મળે.

અરે! પુણ્ય-પાપના સંકલ્પ-વિકલ્પની આડમાં એ પોતાના ભગવાનને જોવા નવરો જ થતો નથી. તેને કહે છે....

મનના મૃગલાને પાછાં વાળજો રે લોલ....જોડી દ્યો આતમ સરોવર આજ, એને મળશે આતમસુખ અમૂલાં રે લોલ....

www.vitragvani.com



ભગવાન! તું તો અતીન્દ્રિય આનંદથી ભરેલું સરોવર છો તેમાંથી પાણી પી પુણ્ય-પાપના વિકલ્પરૂપ ઝાંઝવાના જળ માટે દોડવું રહેવા દે કેમ કે આત્માની શાંતિનું પાણી ત્યાં તને મળવાનું નથી. જુઓ! આ બોર્ડિંગ આદિના પૈસા ઉઘરાવવાના વિકલ્પ એ ઝાંઝવાના પાણી છે એમ કહ્યું છે. આ મનુષ્યભવમાં પોતાની ચીજ શું છે તે સમજવાનો પ્રયત્ન ન કર્યો તો બધું ધૂળ ને ધાણી છે.

तेरौ घट सर....અહા! બાળ-ગોપાળ બધાંના શરીરની અંદર અમૃતસરોવર છે. આ શરીર દેખાય છે તે તો મૃતક કલેવર છે, તેમાં ભગવાન આત્મા મૂર્છાણો છે તેથી દુઃખી થાય છે. અમૃત હોવા છતાં મૃતકમાં મૂર્છાણો તેથી દુઃખના વેદન છે. ભાઈ! તું જ સરોવર અને તું જ કમળ છો. આ કમળની ખીલવટમાં કારણ પણ તારું છે. આ કમળની સુવાસ તું જ લે તે તને સુખનું કારણ છે. પુણ્ય-પાપના વિકલ્પની વાસના તો અનંતવાર કરી છે તે કાંઈ નવી નથી. હવે કહે છે કે-मैया जगवासी तू उदासी व्हैकै जगतसौं, एक छ महिना उपदेश मेरौ मान રે અનંતકાળમાં ઘણી હોળી તેં કરી, હવે એક છ મહિના મારો ઉપદેશ માનીને સાચી દિવાળી કર.

प्रापति न व्हैहै कछु ऐसौ तू विचारतु है, તું એમ વિચારવું રહેવા દે કે આ આત્મવસ્તુ મને નહિ મળે. તારી વસ્તુ તારાથી છૂપી નહિ રહે. તું સાવધાન થઈને અંતરમાં જઈશ તો જરૂર તારી વસ્તુ તને મળી રહેશે. શુભ-અશુભભાવમાં તારી પ્રાપ્તિ નથી, તેનાથી રહિત સ્વભાવમાં તારી પ્રાપ્તિ છે માટે શુભાશુભભાવ વિના મારી પ્રાપ્તિ કેમ થાય એમ માનવું રહેવા દે. તું તેનાથી રહિત જ છો.

આ ધર્મ કઈ જાતનો, એવું લોકોને લાગે. પૈસા ખર્ચો....દાન કરો....વ્રત પાળો....કોલેજ બનાવો....દવાખાના બનાવો....ચંદો કરો તો ધર્મનો લાભ થાય એમ માને છે પણ ભાઈ! ધર્મનું સ્વરૂપ એવું નથી. આત્માનો ધર્મ આત્મામાં થાય છે. રાગથી આત્માને ધર્મ કે સુખ થતું નથી.

બહુ ટૂંકા શબ્દોમાં ભાવ ભરેલા છે. ભગવાન અંતરમાં સત્ ચિદાનંદસ્વરૂપ શાશ્વત વસ્તુ છે તેમાં આનંદ અને શાંતિ આદિની શક્તિ પડી છે તે કેમ પ્રાપ્ત ન થાય! જરૂર પ્રાપ્ત થાય જ. માટે નહિ મળે એવો વિચાર ન કર. નિયમથી સ્વરૂપની પ્રાપ્તિ થશે જ.

'હું મને પ્રાપ્ત થઈશ કે નહિ' એવું તને શું થયું છે ભાઈ! એવી શંકા ન કર! 'હું નથી' એમ કહે છે તે કોની અસ્તિમાં ઊભો રહીને કહે છે? હું નથી એમ નિર્ણય કરનારો તો તું છો. ચૈતન્યની ભૂમિ તે જ તું છો અને તને તારી પ્રાપ્તિ પણ તારાથી જ થાય છે. તેની કળા તો સહેલી છે પણ એ કળાને તે સાંભળી નથી અને સાંભળી હોય તોપણ લક્ષમાં લીધી નથી.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

સાધુ થયો, બાવો થયો, ફકીર થયો, મરી જાય તેવા કષ્ટ સહન કર્યા, સુકાઈ ગયો, ખૂલ્લાં પગે ચાલે, લોચ કરે, તરસ્યો રહે પણ ભાઈ! આ ચીજ જ જુદી છે તેનું ભાન ન કર્યું. આ તારી ચીજ તો સહજ આનંદની મૂર્તિ છે.

પોતાનો સહજ સ્વભાવ આનંદમય છે તે દુઃખરૂપ નથી, અજીવરૂપ નથી, વિકલ્પરૂપ નથી. માટે તેને અજીવથી જુદો પાડી આનંદસરોવરમાં ખીલેલા કમળની સુગંધ તું ભમરો થઈને લે. સ્વભાવમાં ધ્રુવ આનંદ પડ્યો છે તેની સુવાસ લે. બહારમાં બહુ આબરૂ હોય તેની સુવાસ સારી છે એમ કહેવાય છે પણ એ સુવાસ નથી. પાગલ જેવા-સંસારની રુચિવાળા માણસો તારી મહિમા કરે અને અભિનંદન આપે તેમાં તારી સુવાસ નથી ભાઈ! તારી સુવાસ અને સારાપણું કોઈ જુદું જ છે.

અહીં તો એમ કહેવા માગે છે કે પુણ્ય-પાપભાવમાં સુખ નથી. કેમ કે એ અજીવભાવ છે, જાગતી ચૈતન્યજ્યોતનો એ ભાવ નથી. જેમ શરીર ભિન્ન છે તેમ આ ભાવ પણ તેમાં ચૈતન્યની જાગૃતિ નહિ હોવાથી તારા સ્વરૂપથી ભિન્ન છે. શરીર અને વિકલ્પથી ભિન્ન ચૈતન્યસ્વરૂપની દૃષ્ટિ થાય અને સ્વરૂપ પ્રાપ્ત ન થાય એમ ન બને. સ્વરૂપ પ્રાપ્ત થાય જ. માટે પ્રાપ્ત થશે કે નહિ એવી શંકા છોડી દેજે.

**सही व्हैहै प्रापति सरूप यौंही जानु रे।** નિયમથી સ્વરૂપની પ્રાપ્તિ થશે જ એ વિશ્વાસ રાખજે. આત્મસિદ્ધિનો એ જ ઉપાય છે. તે અનાદિથી દયા, દાન, વ્રત, ભક્તિને આત્મસિદ્ધિનો ઉપાય માન્યો છે તે ઉપાય નથી. આ પિંડસ્થ ધ્યાનની વાત છે. પિંડ એટલે શરીર, તેમાં રહેલાં આત્માનું ધ્યાન કરવું તે મુક્તિનો ઉપાય છે.

જેને થોડા વખાણ થાય ત્યાં રાજી થઈ....સારો કહે ત્યાં ફુલાય જાય તેને આ વાત કેમ બેસે!....પાંચ-પચીસ હજાર રૂપિયા થાય અને વાપરે અને મરવા ટાઈમે કોઈની પાસે કરાવ્યા વિના મરી જાય તો લોકો વખાણ કરે કે એણે તો જીવી જાણ્યું અને મરી પણ જાણ્યું. ભાઈ! એ જીવન નથી. જીવન એણે જીવી જાણ્યું કહેવાય કે જેણે આત્માના ચૈતન્ય આનંદના અનુભવથી જીવન જીવ્યું હોય; તેનું જીવન સફળ છે. છોકરા થાય, પૈસા થાય, મકાન થાય, આબરૂ થાય એમાં જીવનની સફળતા નથી, એમાં તો આકુળતા છે.

અહો! ચૈતન્યભગવાન એક વસ્તુ છે માટે તેમાં અનંત અનંત ગુણ અથવા શક્તિ છે. સમયસારમાં ૪૭ શક્તિ કહી છે એવી અનંત શક્તિનો આત્મા સરોવર છે. તેની દૃષ્ટિરૂપ કમળ ખીલતાં જે શુદ્ધતાની સુવાસ પ્રગટે તેનો સ્વાદ તું લે.

પહેલાં ભગવાન આત્માને જગાડ! ભગવાનને જગાડ્યા વિના ગમે તેટલી ક્રિયા કર તે ખોટી છે. અહીં ભગવાનને જગાડવા માટે પાઠમાં છ મહિના કહ્યું છે તે સામાન્ય કથન છે. સમ્યગ્દર્શનની પ્રાપ્તિનો જઘન્યકાળ અંતર્મુહૂર્ત છે. ૪૮ મીનિટમાં સમ્યક્ત્વ થઈ જાય અને વાર લાગે તો અનંતકાળે પણ થાય. પણ શિષ્યને માર્ગમાં લગાડવાની દૃષ્ટિથી જઘન્ય અને ઉત્કૃષ્ટકાળ ન બતાવવાં છ મહિના માટે પ્રેરણા કરી છે. છ મહિના એકાંત સ્થાનમાં બેસીને રાગ-દ્વેષના તરંગો છોડીને ચિત્તને એકાગ્ર કર! યથાર્થ પુરુષાર્થ કરીશ તો જરૂર આત્મા મળશે. જેવી સંસારમાં લગની લગાડી છે તેવી આત્મામાં લગની લગાડ! આત્માની જ ધૂન....ધૂન....આનંદસ્વરૂપને શોધવા ધૂન લગાવ! એવી એકધારી ધૂન છ મહિના રહેશે તો તને આત્માનું ભાન થયા વિના નહિ રહે.

સામાન્ય રીતે છ મહિનાનો કાળ કહ્યો છે. આમ તો અંતર્મુહૂર્તમાં પલટો થઈ જાય છે. રાગ અને પુણ્ય ઉપર દૃષ્ટિ છે તે છોડીને અંતરદૃષ્ટિ કરતાં સમયાંતરમાં-એક સમયમાં આત્મભાન થઈ જાય છે પણ તેની ગતિવિધિની રીતિ આવડવી જોઈએ.

પિંડસ્થધ્યાન સંસ્થાવિચય ધ્યાનનો ભેદ છે. પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપાતીત આ રીતે ચાર પ્રકારનું સંસ્થાનવિચયધ્યાન હોય છે. શરીરમાં રહેલાં આત્માનું ધ્યાન તે પિંડસ્થ ધ્યાન, પાંચ પદમાં રહેલાં પંચપરમેષ્ઠીનું ધ્યાન તે પદસ્થધ્યાન, રૂપી શરીરમાં રહેલાં અરૂપી આત્માનું ધ્યાન તે રૂપસ્થધ્યાન અને શરીર રહિત આત્માનું ધ્યાન કરવું તે રૂપાતીતધ્યાન કહેવાય છે.

હવે ત્રીજા કળશનાં ચોથા પદ્યમાં જીવ અને પુદ્ગલનું લક્ષણ કહે છે.

चेतनवन्त अनन्त गुण, सहित सु आतमराम।
यातै अनमिल और सब, पुद्गलके परिनाम।।४।।

જીવદ્રવ્ય ચૈતન્યમૂર્તિ છે, અનંતગુણ સંપન્ન છે, એનાથી ભિન્ન-અણમળતી બીજી બધી પુદ્ગલની પરિણતિ છે. શરીર, વાણી અને મન તો જીવથી અણમળતા પુદ્ગલના જ ભાવ છે પણ જ્ઞાતાસ્વભાવ પાસે તો દયા-દાનાદિના પરિણામ પણ અણમળતાં ભાવ છે. તેથી અહીં તો શુભાશુભ બધાં ભાવને પુદ્ગલના પરિણામ કહી દીધા છે. જ્ઞાનની જ્યોતરૂપ વસ્તુ તે જ આત્મા છે તે સિવાય વ્રત, અવ્રતના વિકલ્પ ઊઠે કે શુભાશુભરાગ થાય તે પુદ્ગલના પરિણામ છે. તારા પરિણામ નથી.

www.vitragvani.com



જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પુદ્‌ગલના પરિણામ છે એમ કહે છે. ષોડશકારણ ભાવનાનો વિકલ્પ તે રાગ છે અને રાગ છે તે પુદ્‌ગલ છે, કેમ કે રાગથી પુદ્‌ગલ બંધાય છે અને પુદ્‌ગલથી મળતો સંયોગ પણ પુદ્‌ગલ છે. તેમાં ક્યાંય ચૈતન્યની ગંધ નથી. આત્માની સમીપ જઈને આનંદ અને શાંતિને વેદે તો ઉપવાસ કહેવાય. બાકી તો બધાં અપવાસ છે. કદાચિત્ રાગની મંદતા સાથે હોય તોપણ શુભભાવ તે આત્માનું સ્વવશપણું નથી, પરવશપણું છે માટે તે માઠો વાસ છે, ઉપવાસ નથી.

સંપ્રદાયમાં દીક્ષા લેતાં પહેલાં વરઘોડા કાઢે પણ ભાઈ! દીક્ષા શું છે તેની જ તને હજુ ખબર નથી માટે એ વરઘોડા નથી પણ વરજોળાં છે. દરેક પ્રકારના પુણ્ય-પાપના વિકલ્પથી આત્માને જુદો પાડીને સ્વરૂપમાં ઠરવું તે પ્રથમ સમ્યગ્દર્શન ધર્મ છે. પછી સ્વરૂપના આનંદમાં રમવું તે દીક્ષારૂપ ધર્મ છે.

**यातैं अनमिल और सब, पुद्‌गलके परिनाम।** જેટલાં વિકલ્પ અને લાગણીના ભાવ છે તે આત્માના સ્વભાવથી અણમળતાં ભાવ છે માટે તેને જીવ નહિ કહેતાં અજીવ-પુદ્‌ગલ કહેવામાં આવે છે. ચૈતન્યના જ્ઞાન, દર્શન, આનંદ સિવાયના બધાં વિકલ્પરૂપ ભાવો ચૈતન્યથી અણમળતાં હોવાથી પુદ્‌ગલ છે.

અહા! સર્વજ્ઞ વીતરાગદેવ અને વીતરાગી સંતો સિવાય કોઈની તાકાત નથી કે રાગને પુદ્‌ગલ કહી શકે. મહાવ્રતના પરિણામને પણ જડ-પુદ્‌ગલ કોણ કહી શકે? અનંત ગુણસંપન્ન આત્માથી જુદી જે કોઈ પરિણતિ છે તે પુદ્‌ગલની પરિણતિ છે. અનંત ગુણસ્વરૂપ આત્મામાં એકાકાર થઈને શ્રદ્ધા-જ્ઞાન અને સ્થિરતા પ્રગટ થાય તે આત્માના પરિણામ છે, તે જ આત્માનો ધર્મ છે, બાકી બીજો કોઈ ધર્મ નથી. આ વીતરાગી સંતોનો પોકાર છે.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

# અહો! આત્મા તો સિદ્ધગિરિ છે

(સળંગ પ્રવચન નં. ૩૩)

શ્રી નાટક સમયસારના અજીવદ્વારના ચોથા પદ્યનો ભાવાર્થ ચાલે છે.

ભાવાર્થઃ-ચૈતન્ય, જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય આદિ આત્માના અનંતગુણ છે અને આત્માના ગુણો સિવાય સ્પર્શ, રસ, ગંધ, વર્ણ કે શબ્દ, પ્રકાશ, તડકો, ચાંદની, છાયો, અંધકાર, શરીર, ભાષા, મન, શ્વાસોચ્છ્વાસ તથા કામ, ક્રોધ, લોભ, માયા આદિ જે કાંઈ ઈન્દ્રિય અને મનગોચર છે તે બધું પૌદ્‌ગલિક છે.

ભગવાનઆત્મા અનંતગુણસ્વરૂપ છે. ચૈતન્ય, જ્ઞાન, દર્શનાદિ આત્માના ગુણો છે પણ જે આ સ્પર્શ, રસાદિ તથા ભાષા, મન, શ્વાસોચ્છ્વાસ આદિ થાય છે તે આત્માના ગુણો નથી એ તો જડની અવસ્થા છે. માટે તે જડ જ છે તેમાં જીવનું કાંઈ નથી. શ્વાસની ક્રિયા કરવી તે પણ આત્માના અધિકારની વાત નથી. અજીવમાં જીવની સત્તા બિલકુલ નથી.

જીવ અધિકારમાં જીવમાં શું શું છે તે બતાવ્યું અને અહીં અજીવ અધિકારમાં જીવમાં શું શું નથી એ બતાવે છે. જીવતત્ત્વ બધાંથી જુદું છે. તેનું સ્વતંત્ર અસ્તિત્વ છે. શરીરનું અસ્તિત્વ જીવથી ભિન્ન છે. શરીર, ભાષા, મન આદિ બધું અજીવ છે. અજીવની હયાતિમાં જીવની હયાતિ નથી અને જીવની હયાતિમાં અજીવની હયાતિ નથી. જીવની હયાતિમાં તો જ્ઞાન, દર્શનાદિ અનંતગુણો રહેલાં છે.

દરેક દ્રવ્યના અસ્તિત્વ જ જુદાં છે ત્યાં કોણ કોનું કરે? શરીર, વાણી, મન, આદિને તો આત્મા ન કરે પણ ક્રોધ, માન, માયા, લોભાદિ પરિણામ પણ ઈન્દ્રિય અને મનગોચર હોવાથી પૌદ્‌ગલિક છે. તેને આત્મા કરતો નથી. આત્મામાં તો જ્ઞાન, દર્શન અને આનંદ ભરેલાં છે, આત્મામાં ક્રોધ, માનાદિ પરિણામ ભરેલાં નથી. આત્મામાં ભાષા, મન આદિનું પરિણમન થવા યોગ્ય નથી.

પ્રશ્નઃ-ક્રોધ, માનાદિ પરિણામ તો જીવમાં થાય છે ને?

પૂજ્ય ગુરુદેવશ્રીઃ-પ્રશ્ન બરાબર છે. જીવની પર્યાયમાં ક્રોધ, માનાદિ ભાવ થાય

છે પણ જીવદ્રવ્યમાં કે જીવના ગુણોમાં થતાં નથી. જીવની પર્યાયમાં અજ્ઞાનના કારણે એવી અશુદ્ધદશા થાય છે પણ એ જીવનો સ્વભાવ નથી. જીવનું પરિણમન તો જાણવા-દેખવારૂપે થાય એવો જીવનો સ્વભાવ છે, રાગ-દ્વેષરૂપે થવાનો જીવનો સ્વભાવ નથી. પર્યાયબુદ્ધિમાં અજ્ઞાનભાવે વિકાર કરે છે તે ચૈતન્યની અશુદ્ધદશા છે, સ્વભાવ નથી. સ્વભાવનો અનાદર કરીને થયેલા ભાવ છે. માટે જીવસ્વભાવની દૃષ્ટિએ જોઈએ તો એ જીવનું કાર્ય નથી.

શરીર, વાણી, મન અને વિકલ્પો આ ચૈતન્યસાગરને અડતાં નથી. ક્રોધ, માન, કામ, લોભ આદિ પરિણામ અચેતન છે. પૌદ્‌ગલિક છે, મન અને ઇન્દ્રિયગમ્ય છે તે ચૈતન્યસમુદ્રને અડ્યાં નથી.

ચૈતન્યના ચૈતન્યભાવને દૃષ્ટિમાં લ્યે અને અન્ય સર્વ અચેતનભાવોને દૃષ્ટિમાંથી છોડી દે તેણે જ ચૈતન્યને માન્યો કહેવાય તેને આત્મજ્ઞાન થયું કહેવાય છે.

હવે ચોથો કળશ અને ૫મું પદ્ય આવે છે તેમાં કવિ આત્મજ્ઞાનનું પરિણામ બતાવે છે.

जब चेतन संभारि निज पौरुष,
निरखै निज दृगसौं निज मर्म।
तब सुखरूप विमल अविनासिक,
जानै जगत शिरोमनि धर्म।।
अनुभौ करै सुद्ध चेतनकौ,
रमै स्वभाव वमै सब कर्म।
इहि विधि सधै मुकतिको मारग,
अरु समीप आवै सिव सर्म।।५।।

અહા! બહુ માખણ ભરેલી સૂક્ષ્મ વાત છે.

जब चेतन सँभारि निज पौरुष। અનાદિથી અજ્ઞાની શરીર, ઇન્દ્રિય, મન, વાણી આદિને જ સંભાળતો હતો કે, 'આ હું છું' એ તો અજ્ઞાન હતું. જ્યારે આત્મા પોતાના જ્ઞાનસ્વભાવ, આનંદસ્વભાવ, દર્શનસ્વભાવને પોતાના પુરુષાર્થથી સંભાળી લે છે ત્યારે તે જ્ઞાની થાય છે. ધર્મની કળા જ કોઈ ન્યારી છે પણ લોકો પાસે

તે વિપરીત રીતે મુકાયેલી છે.

પોતાના વીર્યને પોતા તરફ વાળતાં સ્વભાવનું સંભાળવું થાય છે-સ્વભાવની યાદગિરી થાય છે. વર્તમાન જ્ઞાનની દશાને સ્વભાવ તરફ વાળવી એ જ પુરુષાર્થ છે.

**निरखै निज दृगसौं निज मर्म।**-પોતાના જ્ઞાનનેત્રથી પોતાના અસલી સ્વભાવને ઓળખે છે. ક્યારે? કે જ્યારે તે અસલી જ્ઞાનાનંદ સ્વભાવની સન્મુખ જઈને સ્વભાવને યાદ કરે છે ત્યારે તે અસલી સ્વભાવને પરખી લે છે. બહારથી વ્રત, તપાદિ જડની ક્રિયા કરવાથી આત્મા ઓળખાતો નથી. અજ્ઞાનદશામાં એવી શરીરની ક્રિયા કરીને હું ધર્મ સંભાળું છું એમ માનતો હતો તે હવે નિજ નેત્ર દ્વારા નિજને નિહાળતાં ધર્મનું અસલી સ્વરૂપ તેની દૃષ્ટિમાં આવે છે.

શુભ ઉપયોગને તો અચેતન કહ્યો છે અને વ્યવહારથી તેને જ નિશ્ચયનું સાધન કહ્યો છે. ખરેખર વાત તો એમ છે કે, પોતાનો સ્વભાવ જ પોતાનું સાધન થાય છે ત્યારે તેની ભૂમિકામાં શુભોપયોગ કેવો અને કેટલી જાતનો હોય તે બતાવવા તેને સાધનની ઉપમા આપીને કહેવાય છે.

**तब सुखरूप विमल अविनासिक, जानै जगत सिरोमनि धर्म।** પોતાના સ્વભાવ તરફના પુરુષાર્થથી અંતરમાં નીરખતાં ધર્મી સુખરૂપ, વિમલ અને અવિનાશી સ્વરૂપને જુએ છે. હું તો અતીન્દ્રિય આનંદ અને સુખરૂપ છું. મારું સુખ નિર્મળ અને અવિનાશી છે એમ ધર્મી અનુભવે છે. અજ્ઞાનદશામાં વિકલ્પમાં ચેતનપણાનો ભાસ થતો હતો કે આ વિકલ્પ છે તે જ આત્મા છે, એ ભાસ હવે રહેતો નથી. જડ અને ચૈતન્યની ભિન્નતા ભાસતાં ધર્મીને આત્માનો સ્વભાવ ધ્રુવ, નિર્મળ અને આનંદરૂપ જણાય છે. ત્યારે જ તેને ધર્મી કહેવાય છે.

ધર્મીને આત્માનો અનુભવ થતાં એમ જણાય છે કે આત્માનો સ્વભાવ તો જગતનો શિરોમણિ છે. દયા, દાનાદિના વિકલ્પથી આત્માનો ધર્મ તો ભિન્ન છે. વિકલ્પરૂપ વ્યવહારને તો અહીં અચેતન કહી દીધો છે. જે અચેતન છે તે ચૈતન્યને શું મદદ કરે! અચેતનમાં ચેતનપણાની બુદ્ધિથી જ એને ચોરાશીના અવતારમાં રખડવું પડ્યું છે. અહો! સંસારમાં રખડતો જીવ કેવા કેવા દુઃખ પામે છે! જન્મના દુઃખ, જરાના દુઃખ, મરણના દુઃખ, રોગના દુઃખ....દુઃખના જ્યાં પાર નથી એવા કલેશમાં પડેલો જીવ કલેશને પામે છે. તે કલેશમાં આત્મા નથી. આત્માનો સ્વભાવ કલેશથી

www.vitragvani.com



ભિન્ન છે. એવા સ્વભાવને સંભાળતા એને જ્ઞાન અને સુખનો અનુભવ થાય છે. તે પોતાને લોકનો શિરોમણિ જાણે છે.

**अनुभौ करै सुद्ध चेतनकौ**....એકવાર આત્માનો અનુભવ થયા પછી તેને કાયમ ટકાવી રાખવો એ જ કરવાનું છે અને એ જ ધરવાનું છે. આગ્રામાં એક પંડિતે કહ્યું હતું કે, તમારે તો કરવા....ધરવાનું કાંઈ નથી. અરે ભાઈ! રાગના વિકલ્પથી આત્માને જુદો પાડવો અને જુદો ધારી રાખવો એ કરવું....ધરવું નથી? એને તો વિકલ્પ કરવા એ જ કરવાનું કાર્ય લાગે છે. અનંતકાળથી એણે આત્માની વાત જ્ઞાનમાં બેસાડી નથી એટલે અઘરી થઈ પડી છે.

**रमै स्वभाव वमै सब कर्म।** પોતાના નિજાનંદમાં રમે તો કર્મ અને રાગ-દ્વેષને વમે. માર્ગ તો આમ છે પણ જીવો ખોટા માર્ગમાં છેતરાઈ ગયા છે કેમ કે ત્યાં સોનાના વરખ લગાડીને પથ્થર પીરસ્યાં છે. ચાંદીના વરખ લગાડીને ઊંટની વિષ્ટા પીરસી છે, તે ઉપરથી તો ગોળ ગોળ રૂપેરી દેખાય એટલે સારી લાગે પણ ખાય તો ખબર પડે કે આ તો વિષ્ટા છે. તેમ અન્યમતોએ વિકાર ઉપર ક્રિયાના રંગ ચડાવી ધર્મ પીરસ્યો છે તેને ઊંડાણથી સમજે તો ખ્યાલ આવે કે આ તો જડ-વિકાર છે. ધર્મ તો તેને કહેવાય કે તેમાં જેટલો રમે તેટલાં કર્મોનો નાશ થતો જાય. ક્રિયાકાંડ કરવાથી કર્મનો નાશ થતો નથી.

**इहि विधि सधै मुकतिकौ मारग।** સ્વભાવ સન્મુખ થઈને સ્વભાવનો અનુભવ કરવાથી અને તેમાં રમવાથી મુક્તિનો માર્ગ સધાય છે અને કર્મનો નાશ થાય છે.

અહો! આત્મા તો સિદ્ધગિરી છે. અનંતી સિદ્ધદશાનું આત્મા સંગ્રહાલય છે. આત્માની સિદ્ધગિરી ઉપર જે જાય તે સુખી થાય, બાકી સિદ્ધગિરીની યાત્રા કરવાથી સિદ્ધિ થાય તેમ નથી. તનમંદિરમાં દેવ જિન છે. શરીરરૂપી મંદિરની અંદર આત્મારૂપી દેવ બિરાજે છે માટે એ જ તીર્થ છે. નિજતીર્થને જાણે નહિ અને બહારના તીર્થમાં ભટક્યા કરે તેનાથી આત્માનું કલ્યાણ થાય તેમ નથી. આત્માનું ભાન થયા પછી તીર્થયાત્રાનો વિકલ્પ આવે તે જુદી વાત છે પણ ખરાં સિદ્ધગિરિ એવા આત્માના ભાન વગર સાચી યાત્રા થતી નથી. ભગવાન આત્માના નિર્વિકલ્પ સ્વભાવ ઉપર આરૂઢ થવું તે ખરી યાત્રા છે.

**समीप आवै सिव सर्म।** શિવ એટલે મોક્ષ અને સર્મ એટલે સુખ. અંતર



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

સ્વભાવ સન્મુખ રમણતાથી જીવ નજીકના કાળમાં મુક્તિને પ્રાપ્ત થાય છે. જુઓ! નજીકમાં મુક્તિ થાય છે એમ કહ્યું તો ક્રમબદ્ધ ક્યાં રહ્યું એમ પ્રશ્ન ઉઠે. તેનો જવાબ એ છે કે આત્માની સન્મુખ થાય તેને મોક્ષમાં જવાનો કાળ થોડો જ હોય છે. અલ્પકાળમાં તેને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે, આનંદના ઉભરાં આવે છે.

જો જો દેખી વીતરાગને, સો સો હોસી વીરા રે.....
અનહોની કબહૂં નહિ હોસી, કાહેં હોત અધીરા રે.....

વીતરાગ અને સર્વજ્ઞદશા જેની પ્રતીતિમાં આવે તે જ આ વાત માની શકે. માત્ર શબ્દોમાં કે ધારણામાં લેવાથી વાત માની ન કહેવાય. જેની દશામાં વીતરાગતા અને સર્વજ્ઞતા પ્રગટી છે તે તો આ બધું જાણે છે પણ એ વાતનો આ જીવને વિશ્વાસ ક્યારે આવે કે જ્યારે તે જ્ઞાયક સ્વભાવ સન્મુખ થાય ત્યારે જ એ વાત એની શ્રદ્ધામાં બેસે છે.

હવે ૫મા શ્લોકનું છઠ્ઠું પદ્ય કહે છે.

वरनादिक रागादि यह, रूप हमारौ नांहि।
एक ब्रह्म नहि दूसरौ, दीसै अनुभव मांहि।।६।।

અરે! આવા સ્વરૂપની વાત પણ અત્યારે ઘસાઈ ગઈ છે-રહી નથી. અરે, અનુભવ વિના ભવના અંત નહિ આવે પ્રભુ! અનુભવ વિનાની ક્રિયા કરે અને લોકો વખાણ કરીને ચડાવી દે તેમાં તારું હિત નથી, ભાઈ! એ તને શરણ નહિ થાય.

વરણાદિક એટલે શરીર સંબંધી વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આદિ બધું જડ છે અને રાગાદિ સર્વ વિભાવ પણ અચેતન છે. ભલે તે આત્માની પર્યાયમાં થાય છે પણ તે વિભાવ છે માટે આત્માના ભાવ નથી. નિશ્ચયથી તે આત્માની પર્યાય નથી. પુદ્ગલની પર્યાય છે. કોને માટે આ વાત છે? કે જેને રાગ અને આત્મા ભિન્ન ભાસ્યા છે તેને રાગ એ પુદ્ગલની પર્યાય છે. જેને હજુ રાગથી આત્માની ભિન્નતા ભાસી નથી તેને 'રાગ તો પુદ્ગલ છે અને મોહ નાચો તો ભલે નાચો.' એ વાત ન હોય. હજુ દૃષ્ટિ જ રાગ અને નિમિત્તો ઉપર પડી છે, રાગથી જુદો પડ્યો નથી તો નાચનારો જુદો પડ્યા વિના નાચને જુદો ક્યાંથી જાણે?

જેના ઘરમાં કરોડ રૂપિયા હોય, એકનો એક દીકરો હોય તેના લગ્ન કર્યાને

છ મહિના થાય ત્યાં ખબર પડે કે તેને તો કેન્સર છે, મરવાની અણીએ આવી ગયો છે તો એ ઘરમાં કેવી ઉદાસી છવાઈ જાય! લગ્નમાં દશ લાખ ખર્ચીને વરોઠી કરી હોય, વહુ પાંચ લાખનું આણુ લાવી હોય, લગ્ન પહેલા કેટલા લાડકા લાડુ ખવરાવ્યાં હોય પણ તેની એક અંશ માત્ર હોંશ હવે દેખાય! એકલી ઉદાસી....ઉદાસી સિવાય કાંઈ દેખાતું નથી તેમ, આત્મામાં રાગ-દ્વેષાદિ તો મરી ગયેલાં છે તેમાં કાંઈ સાર નથી એમ જણાતાં ઉદાસી છવાઈ જાય છે. પહેલામાં અજ્ઞાનની ઉદાસી હતી અને આમાં વૈરાગ્યથી ઉદાસી આવી જાય છે. ભગવાન આત્મા પોતાના પંથે ચડતાં તેને આખી દુનિયાથી વૈરાગ્ય....વૈરાગ્ય....ઉદાસી છવાઈ જાય છે.

વર્ણાદિ અને રાગ-દ્વેષાદિ બધું અચેતન છે. ભગવાન આત્માની પ્રતીતિ આવી ત્યાં આ બધું જડ છે એમ ભાસે છે. વ્યવહાર રત્નત્રય પણ અચેતન છે, ભગવાનની ભક્તિનો રાગ પણ અચેતન છે. બાપા! તારાં રસ્તા નિરાળા છે ભાઈ! અરે! શાસ્ત્રના ભણતર પણ પરલક્ષી અને વિકલ્પરૂપ હોવાથી જડ છે. તેનાથી આત્માની પ્રાપ્તિ થશે એમ માનનાર મૂર્ખ છે. યોગીન્દ્રદેવે કહ્યું છે, 'શાસ્ત્રપાઠી પણ મૂર્ખ છે, જે નિજતત્ત્વ અજાણ....' પરલક્ષી જ્ઞાન એ જો ખરેખર જ્ઞાન હોય તો તેની સાથે આનંદ હોવો જોઈએ. આત્માનો આનંદ તેમાં નથી માટે તે ખરેખર જડ છે.

એક બ્રહ્મ નહિ દૂસરો દીસે અનુભવમાંહી....આત્માના અનુભવમાં એકલો બ્રહ્માનંદ-સ્વરૂપ આત્મા અનુભવાય છે તેમાં બીજા કોઈનો અનુભવ નથી. વ્યવહારનો અનુભવ પણ ત્યાં નથી.

લોકોને એમ થાય કે, પ્રથમથી જ આવી ઊંચી વાત કરો છો પણ પહેલાં જેમ બાળકને ચાલતાં શીખવાડવા ચાલનગાડી આપે છે એવી વ્યવહારની ચાલનગાડી તો અમને આપો! ભાઈ! આત્માને અનુભવવો એ જ ચાલનગાડી છે, એ જ પ્રથમ ધર્મ છે. ભગવાન આત્માની સન્મુખ થઈને અનુભવ કરે છે તેણે પ્રથમ પગલું મૂક્યું એ જ ચાલતાં ચાલતાં આગળ વધીને કેવળજ્ઞાન પામશે.

પરમાર્થવચનિકામાં કહ્યું છે ને! આગમપદ્ધતિનો વ્યવહાર તો જીવોને દેખાય છે, સુગમ લાગે છે પણ અધ્યાત્મનો તો વ્યવહાર પણ ઝીણો પડે છે-સૂક્ષ્મ લાગે છે. શરીરની અને રાગની ક્રિયા સહેલી લાગે છે પણ તે ઉપાય નથી.

www.vitragvani.com



એક બ્રહ્મ નહિ દૂસરો....એટલે પોતે એક બ્રહ્મ છે. બધાં થઈને એક બ્રહ્મ છે એમ નથી. જ્ઞાનના સૂર્ય-આનંદના સાગર ઉપર દૃષ્ટિ પડતાં જે અનુભવ થાય છે તેમાં એકલો આત્મા જ હોય છે, બીજી ચીજ હોતી નથી એમ કહેવું છે. આ અનુભવ એ જ ધર્મ છે.

કેટલાંક એમ કહે છે કે સોનગઢવાળાએ ધર્મને બહુ મોંઘો કરી નાંખ્યો છે પણ ભાઈ! ધર્મનું સ્વરૂપ આ એક જ છે. સમકિતનો એક જ પ્રકાર છે તેને મોંઘો કહે કે સસ્તો કહે એ તો જેમ છે તેમ છે. વ્યવહાર સમકિત એ કાંઈ સમકિત નથી.

જેણે ધર્મના સ્વરૂપની વાત પણ સાંભળી ન હોય, વિચાર કર્યો ન હોય એને આવા મોટા મહિમાવંત પદાર્થની વાત કેમ બેસે! જેમ આ પાલીતાણામાં મોટા મંદિર બન્યા છે તેનાં દશ દશ મણના પથ્થર નીચેથી ઉપર ચડાવ્યાં હોય ત્યારે બને ને! હવે આ વાત કીડીને કેમ બેસે! તેમ જેના હૃદય ટૂંકા છે તેને આત્માના અનંત અનંત ગુણોની શક્તિની વાત બેસતી નથી. અહો! આત્મામાં અનંત આનંદ અને અનંત જ્ઞાનાદિ ગુણોના ચોસલાં રહેલાં છે.

જેના જ્ઞાનની હદ નથી એવા સ્વભાવવાળું તત્ત્વ છે એ એક જ દૃષ્ટિમાં આવતાં તેને આત્માના ધર્મનું ભાન થાય છે.

હવે ૭મા પદ્યમાં દેહ અને જીવની ભિન્નતા ઉપર બીજું દ્રષ્ટાંત આપે છે.

खांडो कहिये कनककौ, कनक-म्यान-संयोग।
न्यारौ निरखत म्यानसौं, लोह कहैं सब लोग।।७।।

અર્થ :-સોનાના મ્યાનમાં રાખેલી લોઢાની તલવારને સોનાની કહેવામાં આવે છે પરંતુ જ્યારે તે લોઢાની તલવાર સોનાના મ્યાનમાંથી જુદી કરવામાં આવે છે ત્યારે લોકો તેને લોઢાની જ કહે છે.

મ્યાન અને તલવાર તદ્દન ભિન્ન છે માટે મ્યાન સોનાની હોવાથી તલવાર કાંઈ સોનાની થઈ જતી નથી. તેમ દેહ અને આત્મા તદ્દન ભિન્ન છે તેથી દેહ જડ હોવાથી આત્મા કાંઈ જડ થઈ જતો નથી. શ્રીમદ્ રાજચંદ્રજી આત્મસિદ્ધિમાં કહે છે.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન.
પણ તે બંને ભિન્ન છે, જેમ અસિ ને મ્યાન.

જેમ તલવાર ને મ્યાન જુદાં છે તેમ દેહ અને આત્મા જુદાં છે એમ કહ્યું છે તેમાં દેહની સાથે રાગ-દ્વેષના વિકલ્પો પણ લઈ લેવાં. દરેક વિકલ્પો કાર્માણશરીરમાં ગણી લેવાં. તેનાથી પણ આત્મા ભિન્ન છે.

સિદ્ધાંત સમજવા માટે દૃષ્ટાંત હોય છે. દૃષ્ટાંત સમજવા માટે દૃષ્ટાંત નથી. જેમ તલવાર મ્યાનમાં હોવાથી તલવારની મ્યાન કહેવાય છે પણ તે બંને એક નથી, જુદી ચીજ છે તેમ આત્મા દેહની અંદર હોવાથી દેહવાળો અને વિકલ્પવાળો કહેવાય છે પણ આત્મા દેહ અને વિકલ્પથી ભિન્ન વસ્તુ છે.

દેહને ગમે તેટલો પાળે-પોષે પણ પોતે દેહથી ભિન્ન છે તેથી તો એ દેહને મૂકીને પોતે ચાલ્યો જાય છે. દેહ સાથે જતો નથી તેમ પુણ્ય-પાપના વિકલ્પો પણ સાથે જતાં નથી, વિકલ્પો પલટી જાય છે કેમ કે તે આત્મા નથી.

ભાવાર્થ :-શરીર અને આત્મા એક ક્ષેત્રાવગાહે રહેલા છે તેથી સંસારી જીવ ભેદવિજ્ઞાનના અભાવથી શરીરને જ આત્મા સમજી જાય છે. શરીર હું અને રાગ, પુણ્ય, પાપ, કર્મ, વ્યવહાર આદિ બધું મારું જ છે એમ સમજે છે પરંતુ જ્યારે ભેદવિજ્ઞાનમાં આત્માની ઓળખાણ કરવામાં આવે છે ત્યારે ચિત્યમત્કાર આત્મા જુદો ભાસવા લાગે છે એનું જ નામ ધર્મ છે. રાગ અને શરીરમાંથી આત્મબુદ્ધિ દૂર થાય અને આત્મામાં આત્મબુદ્ધિ થાય-ચૈતન્યભગવાન બધાંથી ભિન્ન ભાસવા લાગે ત્યારે સાચું આત્મદર્શન અને આત્મજ્ઞાન કહેવામાં આવે છે.

★ વસ્તુને પકડે તેનું નામ આત્મા ઉપાદેય છે. ધારણામાં આ હેય છે, આ ઉપાદેય છે-એમ કર્યા કરે તેનું નામ હેય-ઉપાદેય નથી. લક્ષ છોડી દેવું તેનું નામ હેય છે અને વસ્તુને પકડવી તેનું નામ ઉપાદેય છે. આત્મામાં એકાકાર થાય ત્યારે આત્મા ઉપાદેય થયો કહેવાય. રાગાદિનું લક્ષ છૂટી જવું તેનું નામ તેને હેય કર્યો કહેવાય. *-પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

# જીવનું અસલી સ્વરૂપ

(સળંગ પ્રવચન નં. ૩૪)

શ્રી નાટક સમયસારમાં અજીવદ્વારનો આ ૭મો કળશ છે તેનું ૮મું પદ્ય આ પ્રમાણે છે :

वरनादिक पुद्गलदसा, धरै जीव बहु रूप।
वस्तु विचारत करमसौं-भिन्न एक चिद्रूप।।८।।

અર્થઃ-રૂપ, રસ, ગંધ, વર્ણ આદિ પુદ્ગલના ગુણ છે. એના નિમિત્તથી જીવ અનેકરૂપ ધારણ કરે છે. પરંતુ જો વસ્તુસ્વરૂપનો વિચાર કરવામાં આવે તો તે કર્મથી તદ્દન ભિન્ન એક ચૈતન્યમૂર્તિ છે.

જેમ આગળના પદ્યમાં કહ્યું કે મ્યાન સોનાની હોવાથી તલવારને પણ સોનાની કહેવાય છે પણ તલવાર તો લોઢાની છે તેમ, રૂપ, રંગ, ગંધ આદિ પુદ્ગલની દશાને વ્યવહારથી જીવની કહેવાય છે પણ ખરેખર તો એ પુદ્ગલની દશા છે. આત્માને શરીર આદિ જડવાળો કહેવો કે પુણ્ય-પાપ આદિના વિકલ્પવાળો કહેવો કે ગુણસ્થાન, માર્ગણાસ્થાન આદિ વાળો કહેવો તે માત્ર વ્યવહાર છે. વ્યવહારથી પુદ્ગલની દશાને જીવની કહેવામાં આવે છે.

धरै जीव बहु रूप। ખરેખર અજીવમાં જીવ નથી અને જીવમાં અજીવ નથી, પુણ્ય-પાપના શુભ-અશુભભાવ એ પણ ખરેખર તો પુદ્ગલના લક્ષે ઉત્પન્ન થયેલાં પુદ્ગલ છે, જીવ નથી. રાગ-દ્વેષ આદિના કારણે જીવની દશામાં ભેદ દેખાય છે તે પણ જીવનો સ્વભાવ નથી માટે તેને આત્મા કહેતાં નથી. છતાં, વ્યવહારથી આત્માને ભેદવાળો, રાગવાળો અને શરીરવાળો કહેવાય છે. તેથી જીવ અનેકરૂપ ધરે છે એમ પણ કહેવાય છે.

वस्तु विचारत करमसौं....। ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ વસ્તુનું જેવું સ્વરૂપ છે તેવું ફરમાવે છે એવા સ્વરૂપે જોતાં આત્મા પુદ્ગલના ભાવોથી તદ્દન ભિન્ન એક ચૈતન્યમૂર્તિ છે. વિજ્ઞાનઘન આત્મા કર્મથી અને કર્મના નિમિત્તે થયેલાં વિકારોથી, કર્મના નિમિત્તે દશામાં પડતાં ભેદથી તથા કર્મના નિમિત્તે મળતાં સંયોગોથી તદ્દન ભિન્ન છે.

કળશમાં એટલું બધું જોર છે કે निर्माणमेकस्य हि पुद्गलस्य। એક વિજ્ઞાનઘન ચૈતન્ય સિવાય સર્વ ભેદો એક પુદ્ગલના જાણો. ભેદમાં, રાગમાં અને નિમિત્તમાં આત્માની બિલકુલ

www.vitragvani.com



અપેક્ષા નથી.

ભાઈ! વાસ્તવિક આત્મા કોને કહેવો અને કોને જાણવાથી સમ્યગ્દર્શન, જ્ઞાન થાય તેની ખબર વગર ધર્મ કદી થાય તેમ નથી. અનંતકાળથી ધર્મના નામે ભૂલ કરીને રખડ્યો છે. પોતાની ભૂલના કારણે જ ભ્રમણ મટતું નથી. **વિજ્ઞાનઘન** એક ચિદ્રૂપથી બધું અન્ય છે તેની એને ખબર જ નથી. બધાંથી ભિન્ન એક વિજ્ઞાનઘન આત્મા તે ચૈતન્ય છે તેની દૃષ્ટિ કરતાં ધર્મ થાય છે. દયા, દાન, વ્રત, ભક્તિ આદિ રાગની ક્રિયા તો પુદ્ગલ છે તેનાથી ધર્મ થતો નથી.

શ્રોતાઃ-રાગને પુદ્ગલ કેમ કહો છો એ જ પકડાતું નથી?

પૂજ્ય ગુરુદેવશ્રીઃ-રાગ એ વર્ણ, ગંધવાળો પુદ્ગલ નથી પણ એકરૂપ ચૈતન્ય- સ્વરૂપથી રાગ ભિન્ન છે માટે તેને અચેતન અર્થાત્ પુદ્ગલ કહેવાય છે. અહીં તો એકરૂપ ચૈતન્ય તે જીવ અને બાકી બધું અજીવ છે એમ બે જ ભેદ પાડ્યા છે.

અજીવ પણ એક વસ્તુ છે. અજીવ એટલે કાંઈ છે જ નહિ એમ નથી. 'બ્રહ્મ સત્ જગત મિથ્યા' જેવી વાત નથી. બ્રહ્મ પણ છે અને જગત પણ છે. પણ બ્રહ્મમાં જગત નથી અને જગતમાં બ્રહ્મ નથી એમ કહેવું છે.

ત્રિલોકનાથ તીર્થંકરદેવ સમવસરણમાં બિરાજતાં હોય અને તેની ભક્તિનો ભાવ આવે તેને ભગવાન કહે છે કે પુદ્ગલનો ભાવ છે તારો સ્વભાવભાવ નથી. તારો ભાવ હોય તે તારાથી જુદો પડે નહિ અને જુદો પડે તે તારો ભાવ નથી. જેમ, આત્મા રાગ અને પરની અપેક્ષા વિના એકલો સ્વતઃ તત્ત્વ છે તેમ રાગ, દ્વેષ આદિ ભાવો આત્માની અપેક્ષા વિનાના એકલા પુદ્ગલના ભાવો છે, તેને કોઈ પરની અપેક્ષા નથી.

**निर्माणमेकस्य हि पुद्गलस्य।** શરીર, કર્મ અને પુણ્ય-પાપ, દાન, દયા આદિના ભાવ તથા ગુણસ્થાનાદિ ભેદોને ચૈતન્યસ્વભાવની બિલકુલ અપેક્ષા નથી, એ આત્માની અપેક્ષા વિના એકલા પુદ્ગલથી થયેલા ભાવ છે. અરે! જૈનમાં જનમ્યા છતાં વાડામાં રહેલાં જીવોને આ તત્ત્વ સાંભળવા મળતું નથી અને છકાયની દયા પાળવામાં, વ્રતાદિ કરવામાં ધર્મ માનીને તેની જિંદગી ચાલી જાય છે. વાસ્તવિક તત્ત્વના ભાન વિના અનંતકાળમાં અનંતી ક્રિયા કરી પણ વસ્તુ હાથ ન આવી તેમ આ જિંદગી પણ તત્ત્વની દૃષ્ટિ વિના ચાલી જાય છે.

પ્રભુ! તારી ચીજ વિજ્ઞાનઘન છે માટે તેમાં શરીર, કર્મ, રાગ અને ભેદનો પ્રવેશ નથી. અરે! પણ એને આ કેમ બેસે! એક શુભ ભાવ થઈ જાય, કંઈક વ્રતાદિ થઈ જાય ત્યાં તો



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



મેં ઘણું કર્યું એમ લાગે ત્યાં આ વિજ્ઞાનઘનની વાત કેમ બેસે! જે રાંકો થઈને ફરે તેને રાજાની વાત કેમ બેસે! બે-ચાર ઉપવાસ કરે ત્યાં મેં ધર્મ કર્યો એમ માને છે પણ અજ્ઞાનરૂપી પાડો એની ક્રિયાને નકામી કરી નાંખે છે તેનું એને ભાન નથી.

વર્ણ, ગંધ, રસાદિ ગુણો, શરીર, કર્મ, દયા-દાનાદિ રાગ અને ગુણસ્થાનાદિ ભેદો વિજ્ઞાનઘન ચૈતન્યથી અન્ય છે અને તેને ચૈતન્યની અપેક્ષા પણ નથી. વિજ્ઞાનઘન ચૈતન્યની અપેક્ષા વિના એકલા પુદ્‌ગલથી થયેલાં છે. સંસારનો ઉદયભાવ એ પુદ્‌ગલ છે, તીર્થંકરગોત્રને યોગ્ય શુભરાગ એ પણ પુદ્‌ગલ છે ભાઈ! એ તારી ચીજ નથી. જે ભાવે બંધન થાય એ ભાવ જીવસ્વભાવ કેમ હોય! જીવભાવથી બંધન ન થાય. જીવના ત્રિકાળસ્વભાવની અપેક્ષા વિના નિરપેક્ષપણે થયેલા સર્વ ભાવો પોતે જ પુદ્‌ગલ છે.

અહો! આવો પોતાનો વિજ્ઞાનઘનસ્વભાવ છે તેનાથી દૂર દૂર ભાગીને આત્માને મેળવવા માગે છે પણ એમ આત્મા નહિ મળે. જ્યાં આત્મા નથી ત્યાંથી કેમ મળે! આત્મા કેવો છે તેની પણ ખબર નથી તે આત્માને કેમ ગોતશે!

આ અજીવ અધિકાર છે તેથી અજીવ અને અજીવના લક્ષે થયેલાં ભાવો એ બધું અજીવ છે એમ સિદ્ધ કર્યું છે. સંપ્રદાયવાળાને વીતરાગ માર્ગ શું છે તેની ખબર નથી અને વીતરાગની પેઢી માંડીને બેસે છે કેમ કે મોટાના નામ વિના હૂંડી ચાલે નહિ.

જે વિજ્ઞાનનો ઘન છે તેમાં બધું જીવસ્વરૂપ છે અને જે ભેદરૂપ છે તે બધું પુદ્‌ગલસ્વરૂપ છે. ભગવાન આત્મા જ્ઞાનનો રસકંદ છે. ગુણસ્થાનભેદ, રાગ, દયા, દાન, વ્યવહારરત્નત્રય એ બધાં ભાવ વિજ્ઞાનઘનથી ભિન્ન છે માટે તે સમ્યગ્દર્શનનો વિષય નથી. જેમ ઘીનો ઘડો કહેવાય પણ ઘડો તો માટીનો છે તેમ એ વ્યવહારરત્નત્રયાદિ ભાવોને જીવના કહેવાય પણ તે જીવના નથી.

શ્રી સમયસારની એક પણ લીટી કે એક પણ ગાથા સમજવી બહુ સૂક્ષ્મ છે. આમાં તો તને ચીતર્યો છે. કોઈ એમ કહે કે અમે પંદર દિવસમાં વાંચી ગયા તે માત્ર શબ્દો વાંચી ગયા છે, ભાવ સમજ્યા નથી. એક એક લીટીમાં કેટલાં ભાવ ભર્યાં છે! તેને મેં સંક્ષેપથી સમજી લીધું છે એ વાત ખોટી છે. સંક્ષેપથી સમજ્યો તેને કહેવાય કે હું વસ્તુ અભેદ છું અને શરીર, કર્મ, રાગ ભેદાદિ મારાથી ભિન્ન છે એટલું અંતરથી સમજી જાય. આટલું પણ સમજ્યા વિના મને સંક્ષેપથી સમજાય છે એમ માને તે બરાબર નથી. ૮૦ની સાલમાં આ 'સંક્ષેપરુચિ'ની ચર્ચા થઈ હતી. પાંચ-છ મહિના સુધી વ્યાખ્યાન સાંભળીને લોકોને લાગ્યું કે આ તો કાંઈ



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

બીજી વાત કરે છે. ત્યારે આ નહિ માનનારા-સામેવાળા એક ભાઈ એમ કહેતાં કે 'જુઓ! ભાઈ! આ સંપ્રદાય મળ્યો છે તેની શ્રદ્ધા છે તે સમ્યગ્દર્શન છે. હવે વ્રત, તપાદિ લેવારૂપ ચારિત્ર છે તે આપણને હજુ નથી, આપણને તો સંક્ષેપરુચિ છે....' અરે, શું થાય! સંક્ષેપરુચિ કોને કહેવાય તેની ખબર નથી એટલે એમ બોલે. અજ્ઞાનની જાત જ એવી છે એમાં વ્યક્તિનો કાંઈ વાંક નથી. મૃગની પેઠે સંકલ્પ-વિકલ્પમાં દોડા દોડ કરે છે.

દોડત દોડત દોડિયો, જેતી મનની દોડ,
પ્રેમ પ્રતીત વિચારો ઢૂંકડી પણ ગુરુગમ લેજો રે જોડ.

ગુરુ તને અંદરમાં ચૈતન્ય બતાવે છે તે તું છો. ક્રિયાની દોડમાં દોડીને સૂકાય જા તોપણ ક્રિયાથી આત્મા મળે તેમ નથી. વિકલ્પો પણ બધાં પુદ્‌ગલ છે તેનાથી ચૈતન્યની પ્રાપ્તિ નહિ થાય.

**वस्तु विचारत करमसौं भिन्न एक चिद्रूप।** શબ્દ તો એક 'કર્મ' મૂક્યો છે પણ કર્મમાં રાગ, શરીર અને ભેદાદિ બધું આવી જાય છે. ભગવાન આત્મા તો એકરૂપ ચૈતન્યરસ વિજ્ઞાનઘન છે તેને ત્રિલોકનાથ, આત્મા કહે છે. એવા વિજ્ઞાનઘન ઉપર દૃષ્ટિ પડતાં સમ્યગ્દર્શન થાય છે. એ સિવાય બીજી કોઈ રીતે ત્રણકાળમાં સમ્યગ્દર્શન થતું નથી અને સમ્યગ્દર્શન વિનાના વ્રત અને તપ તો મૂર્ખાઈ ભરેલાં બાળવ્રત અને બાળતપ છે.

**निर्माणमेकस्य हि पुद्‌गलस्य** એમ કહીને એક પુદ્‌ગલથી જ જડ થયેલું આ કાર્ય છે એમ કહેવું છે. તેમાં જીવ, ધર્મ, અધર્મ, આકાશ, કાળ આ પાંચમાંથી કોઈ દ્રવ્યની અપેક્ષા નથી. **एकस्य हि** કહીને જોર બતાવ્યું છે. સંસારની દશા એ પુદ્‌ગલની દશા છે, જીવની નહિ. એકરૂપ વિજ્ઞાનઘન એ જ સત્ય જીવ છે બાકી બધાં વિકલ્પો અને ભેદો એક પુદ્‌ગલ જ છે. ભગવાનની ભક્તિ અને દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધાનો રાગ પણ તેમાં આવી જાય છે. **विज्ञानघनस्ततोऽन्यः** કહીને વિજ્ઞાનઘન આત્માથી અન્ય જે કાંઈ છે તે બધું પુદ્‌ગલ છે.

અર્થઃ-પુદ્‌ગલના નિમિત્તથી જીવ અનેકરૂપ ધારણ કરે છે-પર્યાયમાં અનેકરૂપ ધારે છે પરંતુ વસ્તુસ્વરૂપનો વિચાર કરો તો તે કર્મથી તદ્દન ભિન્ન એક ચૈતન્યમૂર્તિ છે. પણ વસ્તુનો વિચાર કરતો નથી અને પુદ્‌ગલને પોતાનું માનીને બેઠો છે તેથી દુઃખી થાય છે. જેમ વડ ઉપર બેઠેલો વાંદરો વડને મારું માને છે તેથી વડમાંથી સૂકાયેલા પાંદડા એક એક નીચે પડે છે ત્યાં આ વાંદરાને દુઃખ થાય છે કે જાણે મારું ઓછું થાય છે તેમ અજ્ઞાનીને થોડું ધન જાય ત્યાં દુઃખ થાય, રોગ આવે ત્યાં દુઃખ થાય એમ અનેક પ્રકારે પુદ્‌ગલમાં એકત્વ માનવાથી તેને દુઃખ થાય છે.

www.vitragvani.com



એક દૃષ્ટાંત એ પણ આવે છે કે વાંદરાનો પડછાયો નીચે પડતો હતો તેની ઉપર સિંહે આવીને થાપો માર્યો ત્યાં વાંદરાને એમ થઈ ગયું કે સિંહે મને પકડ્યો તેથી પોતે ગભરાઈને નીચે પડી ગયો. તેમ શરીર, વાણી, મન, રાગાદિ તો પડછાયાં છે તેને મારા માનનારો મૂરખ સંસારરૂપી સિંહના મોઢામાં પડે છે.

ભગવાન! તારામાં ભેદ પણ નથી હવે તારે કોને રોવું છે! કઈ ચીજ જતાં ક્લેશ કરવો છે!

ભાવાર્થઃ-અનંત સંસારમાં સંસરણ કરતો જીવ નર, નારકાદિ જે અનેક પર્યાયો પ્રાપ્ત કરે છે તે બધી પુદ્‌ગલમય છે. ચારેય ગતિમાં જે કોઈ શરીર ધારણ કરે છે તે બધાં પુદ્‌ગલ છે. આ સ્ત્રી છે અને આ પુરુષ છે એ બધાં તો જડના ભેદ છે, આત્માના ભેદ નથી. છતાં શરીર જીર્ણ થાય ત્યાં હું જીર્ણ થઈ ગયો એમ માનીને દુઃખી થાય છે આ બધી અવસ્થા તો પુદ્‌ગલ છે અને કર્મજનિત છે-કર્મના નિમિત્તે થયેલા ઉપાધિભાવ છે. જો વસ્તુસ્વભાવનો વિચાર કરવામાં આવે તો તે જીવની દશા નથી, જીવ તો શુદ્ધ, બુદ્ધ, નિર્વિકાર દેહાતીત અને ચૈતન્યમૂર્તિ છે. ક્યારે?-અત્યારે જ જીવ તો શુદ્ધ, બુદ્ધ, દેહાતીત નિર્વિકાર ચૈતન્યમૂર્તિ છે પણ એણે કદી વિચાર કરવાનો અવસર જ લીધો નથી. સંસારની ભ્રમજાળમાં પડ્યો છે ત્યાંથી છૂટે તો વ્રત, તપાદિ કરતો સાધુ થઈ જાય પણ એ તો ઉલમાંથી ચૂલમાં પડ્યો. પોતાના વિજ્ઞાનસ્વરૂપને તો લક્ષમાં લીધું નહિ માટે કહે છે કે તેને માટે હવે અવસર લે! વસ્તુસ્વરૂપના ભાવ વિના સમ્યગ્દર્શન થશે નહિ અને સમ્યગ્દર્શન વિના ધર્મની શરૂઆત જ નહિ થાય.

હવે આઠમાં કળશના ૯મા પદ્યમાં દેહ જીવની ભિન્નતા ઉપર બીજું દૃષ્ટાંત આપે છે.

ज्यौं घट कहिये घीवकौ, घटकौ रूप न घीव।
त्यौं वरनादिक नामसौं, जड़ता लहै न जीव।।९।।

અર્થઃ-જેમ, માટીના ઘડામાં ઘી ભર્યું હોય તો તેને ઘીનો ઘડો કહેવાય છે પણ તે ઘીનો બનેલો ઘડો નથી, ઘડો તો માટીનો છે, ઘડો ઘીરૂપ થઈ જતો નથી, માટીરૂપ જ રહે છે. તેમ શરીરના સંબંધે જીવ નાનો, મોટો, કાળો, ધોળો વગેરે અનેક નામ પામે છે પણ તે શરીરની પેઠે અચેતન થઈ જતો નથી. જીવને રાગી, દ્વેષી, મોહી કહેવામાં આવે છે, પુણ્યવંત અથવા પાપી કહેવામાં આવે છે, પૂર્વે વાવ્યાં છે તે લણે છે એમ પણ કહેવાય છે પણ ભગવાન આત્મા રાગી, દ્વેષી, મોહી, પુણ્યવંત કે પાપી થઈ જતો નથી. પુણ્ય-પાપના ભાવ વિકાર થઈને રહ્યા છે એ જીવના થઈ જતાં નથી. જેમ જડ જડ થઈને રહ્યા છે તેમ વિકાર વિકારનો થઈને રહ્યો છે, જીવ વિકારી થઈ જતો નથી.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



જેમ પહેલો વાંદરો બોરની મુઠ્ઠી ભરીને પછી કહે છે મારો હાથ ઘડામાંથી નીકળતો નથી પણ ક્યાંથી નીકળે! મુઠ્ઠી છોડી દે તો તું છૂટો જ છો. તેમ શરીર, વાણી, મન, પુણ્ય અને પાપને આ મારા છે એમ માનીને પોતે બેઠો છે તેને માન્યતામાંથી છોડી દે તો પોતે છૂટો જ છે. દીકરો પિતાનો નથી અને પિતા દીકરાનો નથી. ઘીના ઘડાની જેમ આનો આ દીકરો છે એમ કહેવાય પણ આત્મા રાગનો પિતા પણ નથી તો દીકરાનો પિતા કેમ હોય! પુદ્‌ગલનો સ્વામી જીવ થાય તો તો જીવ જડ થઈ જાય.

કેટલાંક એમ માને કે આપણો જૈનધર્મ તો એમ કહે છે કે કંદમૂળ ન ખાઓ, રાત્રિભોજન ન કરો, દયા પાળો તો તમારો ધર્મ થઈ ગયો એટલે આપણે તો એટલું કરીએ છીએ....ભાઈ! કંદમૂળ ન ખાઓ, રાત્રિભોજન ન કરો વગેરે ભાવ બરાબર છે પણ તેમાં ધર્મ નથી. આત્માનો ધર્મ આત્મામાં થાય. આત્માની બહાર આત્માનો ધર્મ ન હોય.

કેટલાંક એમ માને કે ભગવાનની ભક્તિમાં તન્મય થઈ જાઓ તો ધર્મ થાય. ભાઈ! ભગવાનની ભક્તિ આવે તેની ના નથી પણ ભક્તિ એ તો રાગ છે. રાગથી ધર્મ કેવી રીતે થાય! રાગ તો પુદ્‌ગલ છે-અચેતન છે, આત્માનો સ્વભાવ નથી. કોઈ ભગવાનની પ્રતિમામાંથી પાણી ઝરે છે એમ માનીને બહુ મહિમા કરે પણ પથ્થરમાંથી પાણી ક્યાંથી ઝરે! કદાચિત્ કોઈ દેવ એવું કરતો હોય તોપણ પાણી તો જડ છે તેની શું મહિમા! એ કાંઈ ચૈતન્યની જાત નથી. ભક્તિનો ભાવ પણ રાગ છે તે આત્માનો સ્વભાવ નથી.

વ્યવહારથી ઘડાને ઘીનો કહેવાય, શીશીને દવાની શીશી કહેવાય, તલવારને સોનાની કહેવાય પણ તલવાર સોનાની થઈ જતી નથી તેમ જીવને દયાવાળો કહેવાય, શરીરવાળો કહેવાય, પુણ્યવાળો કહેવાય. એ બધાં નિમિત્તના કથનો છે. આત્મા શરીરરૂપ દયારૂપ કે પુણ્યરૂપ થઈ જતો નથી. તો શું વ્યવહાર છે જ નહિ? છે ને! વસ્તુ તરીકે છે પણ એક વસ્તુ બીજી વસ્તુની નથી. ઘી પણ છે અને ઘડો પણ છે પણ ઘડો ઘીનો નથી. તેમ જીવ પણ છે અને રાગ પણ છે પણ જીવ રાગી નથી. ખરેખર આત્મા વ્યવહારથી મુક્ત છે.

**त्यौं वरनादिक नामसौं, जड़ता लहै न जीव।** ભલે વ્યવહારથી રાગવાળો જીવ, શરીરવાળો જીવ, પુણ્યવાળો જીવ એવા અનેક નામો પડે પણ જીવ એ રૂપ થતો નથી. જીવ તો વ્યવહારથી મુક્ત જ છે. શાસ્ત્રમાં એટલે જ કહ્યું છે કે સમકિતી વ્યવહારથી મુક્ત છે, ચોથા ગુણસ્થાનથી એ મુક્ત જ છે, વ્યવહાર એનામાં નથી. કષાયની મંદતા છે તે જડ છે, ચૈતન્ય નથી. મિથ્યાદૃષ્ટિને તો ખરેખર કષાયની મંદતા પણ નથી, જ્ઞાનીને જ કષાયની મંદતા હોય છે પણ



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



તે જ્ઞાનમય ભાવ નહિ હોવાથી અચેતન છે, જીવનો ભાવ નથી.

ભાવાર્થ:-શરીર અચેતન છે અને જીવનો તેની સાથે અનંતકાળથી સંબંધ છે તોપણ જીવ શરીરના સંબંધથી કદી અચેતન થઈ જતો નથી, સદા ચેતન જ રહે છે. જીવમાં જડની ગંધ પણ પેસતી નથી. પુણ્ય-પાપની ગંધ આવે છે તે પુદ્‌ગલની છે, જીવની નથી. આત્મા શરીરરૂપ થતો નથી એટલું જ નહિ, આત્મા પુણ્ય-પાપરૂપ પણ થતો નથી એમ સમજવું.

હવે ૯મા કળશના દસમા પદ્યમાં આત્માનું પ્રત્યક્ષ સ્વરૂપ બતાવે છે. શરીર અને કર્મ જીવ નથી, રાગ જીવ નથી અને ભેદ જીવ નથી તો જીવ કોણ છે! તેનો જવાબ આપે છે.

निराबाध चेतन अलख, जानै सहज स्वकीव।
अचल अनादि अनंत नित, प्रगट जगतमैं जीव।।१०।।

અર્થ:-આત્મા જ્ઞાનથી પ્રત્યક્ષ જણાય તેવો છે. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામથી આત્મા ન જણાય પણ સ્વસંવેદનમાં પ્રત્યક્ષ જણાય તેવો છે. જીવ કેવો છે?-જીવ પદાર્થ નિરાબાધ ચૈતન્ય, અરૂપી, સ્વાભાવિક, જ્ઞાતા, અચળ, અનાદિ, અનંત અને નિત્ય છે તે સંસારમાં પ્રત્યક્ષ પ્રમાણ છે.

ભાવાર્થ:-જીવ શાતા-અશાતાની બાધાથી રહિત છે એથી નિરાબાધ છે. શાતા કે અશાતામાં કારણ બને તેવા શરીરના પરમાણુઓ જીવમાં નથી તેમ જ શાતા-અશાતાના વિકલ્પ પણ જીવમાં નથી માટે આત્મા નિરાબાધ છે. આત્મા તો આનંદની મૂર્તિ છે તેને કોઈ પીડા કરી શકતું નથી. પરમાં ઠીક-અઠીકની કલ્પના છે તે રાગ છે તે દુઃખ છે, જીવ નથી. પાંચ, પચીસ લાખ રૂપિયા મળ્યા હોય, બાગ-બગીચા બનાવ્યા હોય તેમાં સાંજના ટાઈમમાં શીખંડ-પુરી બનાવીને બધાં જમવા બેઠા હોય, માથા ઉપર દ્રાક્ષના લૂમખા રૂમઝૂમ લટકતા હોય, સોનાની ખુરશીમાં બેઠા હોય....એ બધાં શાતાવેદનીયના ફળ છે તેમાં જીવ નથી, તેમાં સુખની કલ્પના કરે છે તે પણ જીવ નથી. આમાં મને મજા પડે છે એવી કલ્પના તે દુઃખ છે, સુખ નથી અને પુણ્ય પણ નથી. તેમાં પોતાનું અસ્તિત્વ માનવું તે ભ્રમણાનું ભૂતાવળ છે.

શાતાના ઉદયથી મળેલી સામગ્રી પણ જડ અને તેમાં સુખની કલ્પના થાય છે તે પણ જડ છે. તે તું નથી. તું તો આનંદમૂર્તિ આત્મા છો. શાતાની જેમ અશાતાના ઉદયથી મળેલી સામગ્રી પણ જડ છે અને તેમાં દુઃખની કલ્પના થાય છે તે પણ જડ છે, તું નથી. સાતમી નરકનો સંયોગ થાય તે જડની સામગ્રી છે અને તેમાં અણગમો થાય, દુઃખ થાય તે તારી જાત



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



નથી. ભાઈ! તું તો નિરાબધ ચૈતન્ય છો. સામગ્રીથી તો તું ભિન્ન છો જ પણ આકુળતાથી પણ તારું સ્વરૂપ ભિન્ન છે.

શરીર રૂપાળું અને નમણું મળ્યું હોય, સ્ત્રી પણ એવી જ સુંદર હોય અને બાળકો પણ એવા થયા હોય તો એને એમ થાય કે-હું પહોળો ને શેરી સાંકડી પડે છે. એ બધી મોહની ભૂતાવળ છે. હું ૧૪મા વર્ષે પહેલીવાર પાલેજ ગયો ત્યારે ઘરની બાજુમાં ઘણી સ્ત્રીઓ ભેગી થઈને રાસ લેતી હતી તો કીધું આ શું છે! તો કોઈએ જવાબ આપ્યો કે એ તો ચૂડેલ છે. નાના બાળકોએ ત્યાં જવાય નહિ. ત્યાં જાય અને જો તેની વાતમાં હા પડાય જાય તો એ આપણને ચૂડેલ ચોંટી પડે અને લોહી ચૂસી જાય. તો એમ થયું કે એ વળી શું? પછી તો દુકાને કામ ઉપર ચડ્યા પછી ખબર પડી કે એ કોઈ ચૂડેલ ન હતી. સ્ત્રીઓ રાસ લેતી હતી પણ અહીં તો આ ભ્રમણાની ચૂડેલ અજ્ઞાનીને વળગી ગઈ છે. રાગ, દ્વેષ, શરીર, સંયોગાદિને જોઈને મારા માને છે તેને ભ્રમણાની ચૂડેલ ચોંટી છે તેની શાંતિ ખલાસ થઈ જાય છે.

ભગવાન! તું તો નિરાબાધ છો. તારામાં પુણ્ય-પાપની ગંધ નથી. એવા નિરાબાધ આત્માને ઓળખીને તેની શ્રદ્ધા કરવી તે ધર્મ છે. આત્મા ચૈતન્યસ્વરૂપ છે. માટે સદાય ચેતતો છે-સદાય જાગૃત છે. ઊંઘ વખતે પણ આત્મા જાગતો છે. મને મીઠી ઊંઘ આવી ગઈ એમ ચૈતન્ય વિના કોણ જાણે!

આત્મા ઈન્દ્રિયગોચર નથી. માટે અલખ છે. વિકલ્પથી પણ આત્મા ગમ્ય નથી. અતીન્દ્રિયપ્રભુ આત્મા, ખંડ ખંડ અને જડ એવી ઈન્દ્રિયો વડે કેમ જણાય! ન જ જણાય. પોતે જ પોતાના જ્ઞાનથી પોતાને જાણે તેવો છે. પોતાના સ્વભાવને જાણવા માટે તેને પરની અપેક્ષા નથી. આત્મા સહજ સ્વકીય છે. આવા સ્વરૂપવાન આત્માને અંતરથી ઓળખીને તેની શ્રદ્ધા, દૃષ્ટિ અને ધ્યાન કરવું તે આત્મજ્ઞાન છે તે ધર્મ છે.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

# આત્મા સ્વયંસિદ્ધ જ્ઞાનામૃત સ્વરૂપ છે.

(સળંગ પ્રવચન નં. ૩૫)

[નોંધ :-આ પ્રવચનનું રેકોર્ડિંગ ફેઈલ ગયું હોવાથી અત્રે પ્રવચન આપી શકાયું નથી, તેથી શાસ્ત્રમાંથી ગાથા અને અર્થ આપેલ છે.]

रूप रसवंत मूरतीक एक पुद्गल,
रूप बिनु औरु यौं अजीव दर्व दुधा है।
चारि हैं अमूरतीक जीव भी अमूरतीक,
याहीतैं अमूरतीक-वस्तु-ध्यान मुधा है।।
औरसौं न कबहूं प्रगट आप आपुहीसौं,
ऐसौ थिर चेतन-सुभाउ सुद्ध सुधा है।
चेतनकौ अनुभौ अराधैं जग तेई जीव,
जिन्हकौं अखंड रस चाखिवेकी छुधा है।।११।।

અર્થ:-પુદ્ગલદ્રવ્ય વર્ણ, રસ આદિ સહિત મૂર્તિક છે, બાકીના ધર્મ, અધર્મ આદિ ચાર અજીવદ્રવ્ય અમૂર્તિક છે, આ રીતે અજીવદ્રવ્ય મૂર્તિક અને અમૂર્તિક બે ભેદરૂપ છે; જીવ પણ અમૂર્તિક છે તેથી અમૂર્તિક વસ્તુનું ધ્યાન કરવું વ્યર્થ છે. આત્મા સ્વયંસિદ્ધ, સ્થિર, ચૈતન્યસ્વભાવી, જ્ઞાનામૃતસ્વરૂપ છે, આ સંસારમાં જેમને પરિપૂર્ણ અમૃતરસનો સ્વાદ લેવાની અભિલાષા છે તે આવા જ આત્માનો અનુભવ કરે છે.

चेतन जीव अजीव अचेतन,
लच्छन-भेद उभै पद न्यारे।
सम्यक्दृष्टि-उदोत विचच्छन,
भिन्न लखै लखिकैं निरधारे।।
जे जगमांहि अनादि अखंडित,
मोह महामदके मतवारे।
ते जड़ चेतन एक कहैं,
तिन्हकी फिरि टेक टरै नहि टारे।।१२।।



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

અર્થઃ-જીવ ચૈતન્ય છે, અજીવ જડ છે; આ રીતે લક્ષણ ભેદથી બન્ને પ્રકારના પદાર્થો ભિન્ન ભિન્ન છે. વિદ્વાનો સમ્યગ્દર્શનના પ્રકાશથી તેમને જુદા જુદા દેખે અને નક્કી કરે છે, પરંતુ સંસારમાં જે મનુષ્ય અનાદિકાળથી દુર્નિવાર મોહની તીક્ષ્ણ મદિરાથી ઉન્મત્ત થઈ રહ્યા છે તેઓ જીવ અને જડને એક જ કહે છે; તેમની આ ખોટી હઠ ટાળવાથી પણ ટળતી નથી.

या घटमैं भ्रमरूप अनादि,
    विसाल महा अविवेक अखारौ।
तामहि और स्वरूप न दीसत,
    पुग्गल नृत्य करै अति भारौ।।
फेरत भेख दिखावत कौतुक,
    सौंजि लियैं वरनादि पसारौ।
मोहसौं भिन्न जुदौ जड़सौं,
    चिनमूरति नाटक देखन हारौ।।१३।।

અર્થઃ-આ હૃદયમાં અનાદિકાળથી મિથ્યાત્વરૂપ મહા અજ્ઞાનની વિસ્તૃત નાટ્યશાળા છે, તેમાં બીજું કાંઈ શુદ્ધ સ્વરૂપ નથી દેખાતું, માત્ર એક પુદ્‌ગલ જ ઘણો મોટો નાચ કરી રહ્યું છે, તે અનેકરૂપ પલટે છે અને રૂપ આદિનો વિસ્તાર કરીને જુદા જુદા ખેલ બતાવે છે; પરંતુ મોહ અને જડથી ભિન્ન સમ્યગ્દૃષ્ટિ આત્મા તો નાટકનો માત્ર જોનાર છે (હર્ષ-વિષાદ નથી કરતો).

★ વ્યવહારરત્નત્રયનો રાગ આવ્યો તેને જ્ઞાને જાણ્યું, ત્યાં જ્ઞાન પોતાની પર્યાયને જાણે છે, રાગને નહીં. જાણનાર સ્વને જાણતાં પરને જાણવાપણે પરિણમે છે તોપણ તેને જ્ઞેયકૃત જ્ઞાન થયું છે તેમ નથી પણ તેને જ્ઞાનકૃત જ્ઞાન છે. સમ્યગ્દૃષ્ટિ ચક્રવર્તીને રાગનું જ્ઞાન થયું તે રાગના લઈને થયું નથી પણ સ્વપરપ્રકાશક શક્તિને લઈને જ્ઞાન જ્ઞાનને જાણે છે, જ્ઞેયને જાણે છે તેમ કહેવું એ તો વ્યવહાર છે. રાગને જાણતાં જે જ્ઞેયાકારે જણાયો તે આત્મા જણાયો છે, રાગ જણાયો નથી, કેમ કે તેને જ્ઞેયકૃત અશુદ્ધતા નથી.

*-પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

# ભેદ-વિજ્ઞાનની ભેદક-શક્તિનો મહિમા

(સળંગ પ્રવચન નં. ૩૬)

આ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર છે. તેના અજીવ અધિકારમાં જીવથી અજીવ ભિન્ન છે અને અજીવથી જીવ ભિન્ન છે તેનું જ્ઞાન કરાવ્યું છે.

અજીવ અધિકારનો છેલ્લો કળશ અને છેલ્લું પદ્ય છે તેમાં ભેદવિજ્ઞાનનું પરિણામ કહે છે.

जैसैं करवत एक काठ बीच खण्ड करै,
जैसैं राजहंस निरवारै दूध जलकौं।
तैसैं भेदग्यान निज भेदक-सकतिसेती,
भिन्न भिन्न करै चिदानन्द पुद्गलकौ।।
अवधिकौं धावै मनपर्यैकी अवस्था पावैं,
उमगिकैं आवै परमावधिके थलकौं।
याही भांति पूरन सरूपकौ उदोत धरै,
करै प्रतिबिंबित पदारथ सकलकौं।।१४।।

અર્થઃ-જેમ કરવત એક લાકડાના બે ટુકડા કરી નાંખે છે અથવા જેમ રાજહંસ દૂધ અને પાણીને જુદા કરી દે છે તેવી જ રીતે ભેદવિજ્ઞાન પોતાની ભેદશક્તિથી જીવ અને પુદ્ગલને જુદાં-જુદાં કરે છે. પછી એ ભેદવિજ્ઞાન ઉન્નત્તિ કરતાં કરતાં અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અને પરમાધિજ્ઞાનની અવસ્થાને પ્રાપ્ત થાય છે અને એ રીતે વૃદ્ધિ કરીને પૂર્ણ સ્વરૂપના પ્રકાશરૂપ અર્થાત્ કેવળજ્ઞાનસ્વરૂપ થઈ જાય છે જેમાં લોક-અલોકના સર્વ પદાર્થો પ્રતિબિંબિત થાય છે.

જેમ કરવત એક લાકડા ઉપર ચલાવતાં તેના બે ટુકડા થઈ જાય છે તેમ ભેદવિજ્ઞાન એ કરવત સમાન છે તે શરીર, કર્મ, રાગ આદિથી આત્માને જુદો પાડી દે છે. જેમ રાજહંસની ચાંચમાં દૂધ અને પાણી જુદા પડી જાય છે તેમ ભેદવિજ્ઞાનની ભેદશક્તિથી જીવ અને પુદ્ગલ જુદાં થઈ જાય છે. જ્યાં સુધી ભેદજ્ઞાન નથી ત્યાં સુધી અજ્ઞાની શરીર, વાણી, મન, કર્મ આદિ મારા છે એમ માનીને પાપદૃષ્ટિને સેવે છે. તેને ખબર જ નથી કે શરીર અને

આત્મા ભિન્ન ચીજ છે.

અનાદિથી આ શરીર, વાણી, પુણ્ય અને પાપ મારા છે તથા શુભ-અશુભભાવ થાય છે તે પણ મારા છે એમ માને છે તે મિથ્યાદૃષ્ટિ છે, તે પાપદૃષ્ટિવાળા પાપી પ્રાણી છે, તે ચોરાશીના અવતારમાં રખડતા રખડૂ છે. પોતાના જ્ઞાયકસ્વભાવને ભૂલીને શુભાશુભ ભાવને કરે છે તે અધર્મને સેવે છે. અધર્મ એ પાપ છે, તેને પોતાના માનીને મિથ્યાદૃષ્ટિ પ્રાણી ચોરાશી લાખ યોનિની ઘાણીમાં પિલાઈ રહ્યો છે.

મૂઢ લોકો તો એમ માને છે કે પૈસાવાળા સુખી છે, આબરૂવાળા સુખી છે, સુંદર સ્ત્રી, પુત્રાદિવાળા સુખી છે. શું એ વાત સાચી છે? ના-એ સાચું નથી, એ એની મૂઢતા છે. ભગવાન! તું તને ભૂલીને પરને મારા માનીને સુખ માની રહ્યો છો પણ એ તારી મોટી ભૂલ છે. તું વિચાર કર કે હું કોને મારા માનું છું અને ખરેખર કોણ મારું છે! ગુરુ તને તારું સ્વરૂપ બતાવે છે તે સમજ! જેમાં ચૈતન્યપ્રકાશ છે અને જેને અતીન્દ્રિય આનંદની મ્હોર છાપ છે તે તારું સ્વરૂપ છે.

આ અજીવ અધિકાર છે ને! અહીં શરીર, વાણી, મન તો અજીવ છે પણ જેમાં ચૈતન્યપ્રકાશ નથી એવા પરિણામ પણ અજીવ છે. પાપ તો અચેતન છે પણ દયા, દાન, વ્રત, ભક્તિના પુણ્યપરિણામ પણ ચૈતન્યપ્રકાશથી રહિત હોવાથી અચેતન છે. અજ્ઞાનીને માનવું કઠણ પડે એવી વાત છે. ભાઈ! તારા કરેલાં ભાવ જ તને નુકશાન કરે છે. તેનાથી તું જુદો પડી જા!

ધર્મી તો જાણે છે કે શરીર, કર્મ આદિ તો મારાથી ભિન્ન છે પણ પુણ્ય-પાપની લાગણી છે એ પણ મારાથી ભિન્ન અચેતન છે. મારો ધર્મ કોઈ જુદો છે. રાગનો એક કણ પણ મેલ છે, તેનાથી મારી ચીજ જુદી છે. જેમ હંસની ચાંચમાં એવી ખટાશ છે કે દૂધમાંથી પાણી જુદું પડી જાય છે, તેમ ધર્મીની ભેદજ્ઞાન દૃષ્ટિમાંથી રાગાદિ ભાવ જુદાં પડી જાય છે. તેથી જ ધર્મીને દુઃખના પંથથી પાછા વળીને સુખના પંથે ચડેલાં કહેવાય છે.

આ કરોડપતિ કહેવાય છે એ તો બધાં દુઃખી છે. કરોડ રૂપિયા તો જડ છે તો જડના પતિ તો જડ જ હોય ને! અમે આબરૂવાળા, અમે પૈસાવાળા, અમે કુટુંબવાળા....એ તારે કેટલાં વાળા છે! હામ દામ ને ઠામવાળા એ ત્રણેય જડ છે. દામ એટલે પૈસો તે જડ છે, ઠામ એટલે મકાન તે જડ છે અને હામ એટલે હિંમત એ પણ રાગમાં રહેલી હિંમત છે માટે જડ છે. તે બધાંને ભેદવિજ્ઞાન પોતાની ભેદકશક્તિથી જુદા પાડી દે છે.

www.vitragvani.com



આ તો અંતરની ધીરજની વાતો છે ભાઈ! આ કાંઈ ઉતાવળે આંબા પાકે તેમ નથી. પ્રભુ! આ તારા ઘરની વાત છે. તારા ઘરમાં શું છે અને શું નથી તેની વાત પરમાત્મા તને ફરમાવે છે. તેને તું બરાબર ઝીલજે, નકામી જવા દઈશ નહિ. રાગ, લક્ષ્મી અને શરીરાદિને મારા માનીને મિથ્યાત્વને તેં અનંતવાર સેવ્યાં છે. હવે એકવાર અનંતકાળમાં જે નથી કર્યું એવું 'ભેદજ્ઞાન'નું કાર્ય કર પ્રભુ!....ભેદવિજ્ઞાન શું કામ કરે છે?-કે ભેદવિજ્ઞાન પોતાની ભેદકશક્તિથી રાગ અને જ્ઞાનને ભિન્ન કરે છે.

પ્રભુ! તુમ જાણગ રીતી, સહુ જગ દેખતાં હો લાલ....
નિજસત્તાએ શુદ્ધ સહુને પેખતાં હો લાલ....

પ્રભુ! આપ દરેક આત્માને પુણ્ય-પાપ, રાગ, શરીર વિનાના શુદ્ધ જુઓ છો. ભગવાન જેમ જુએ છે તેમ જેને જોતાં આવડે તેને ભેદજ્ઞાની અને ધર્મી કહેવાય. પાંચ-પચીસ હજાર દાનમાં દેવાથી ધર્મી થવાતું નથી. તેમાં પણ દાનરાશિમાં પોતાનું નામ આવે ત્યારે તેને ચેન પડે. પણ એ નામમાં તું ક્યાં ઘુસી ગયો છો? પણ મૂર્ખાના કાંઈ ગામ જુદાં હોય છે! નામ જોઈને એને શાંતિ થાય છે.

ભાઈ! પૈસામાં તું નથી અને તારામાં પૈસા નથી. રાગમાં તું નથી અને તારામાં રાગ નથી માટે નામથી કે પૈસાથી કે રાગથી તારું અસ્તિત્વ ન માન. તું તારી ભેદજ્ઞાનની શક્તિથી જીવ અને પુદ્ગલને જુદાં પાડી દે. 'પુદ્ગલ' શબ્દમાં રાગ પણ સાથે સમજી લેવો. દયા, દાન, વ્રત, ભક્તિ, કરુણા, પરોપકાર આદિનો વિકલ્પ છે તે જડ છે, તે જ્ઞાન નથી, અચેતન છે, આત્માની જાતથી તેની જાત જુદી છે. શરીર, વાણી ને મન તો જડ-ધૂળ છે, આત્માની ચીજ નથી અને આત્માના થઈને રહેલાં નથી તેમ જ પુણ્ય-પાપના વિકલ્પ પણ આત્માના થઈને રહ્યાં નથી. આત્માથી ભિન્ન ચીજ છે.

અનાદિથી શરીર અને વિકારને આત્માના જ માનતો હતો એ તો એનું અજ્ઞાનનું નાટક હતું, ત્યાગી થયો તોપણ અંદરથી રાગની એકતા એણે ટાળી નથી તો એ ત્યાગી નથી પણ મિથ્યાદૃષ્ટિ-ભોગી છે.

જ્ઞાતા-દૃષ્ટા આનંદકંદ પ્રભુની દૃષ્ટિ એકવાર થઈ, પુદ્ગલથી જુદો પડી ગયો- ભેદવિજ્ઞાન થયું તે હવે તેની ઉન્નત્તિ કરતો કરતો અંતરમાં એકાગ્રતા વધારતો અશુદ્ધતા ઘટાડી અંતરમાં શુદ્ધતા વધારતો કેવળજ્ઞાન સુધી પહોંચી જાય છે. પ્રથમ મતિ-શ્રુતજ્ઞાન તો સમ્યક્ થયાં છે, શરીર, વાણી, મન, રાગ આદિથી જુદું પડેલું ભેદજ્ઞાન એ જ સમ્યક્ મતિશ્રુતજ્ઞાન છે. પછી



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આગળ વધતાં અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અને પરમાવધિજ્ઞાનની દશા પણ પ્રાપ્ત છે.

લોકોને એમ થાય કે આ ધર્મ કઈ જાતનો! જૈનધર્મમાં તો કંદમૂળ ન ખાવા, લીલોતરી ન ખાવી, છપરબી પાળવી, રાત્રે ચોવ્યાર કરવો, શીયળ પાળવું, જોઈને ચાલવું, દયા પાળવી, સાચું બોલવું એ ધર્મ છે એમ સાંભળ્યું છે પણ એ ધર્મ નથી ભાઈ! એ ભગવાનના ઘરની વાત નથી. ભગવાન તો એમ કહે છે કે આ વિકલ્પથી પણ જુદો પડીને અંદરમાં જા. વિકલ્પ છે તે રાગ છે, ઝેર છે, દુઃખ છે તે તારી ચીજ નથી. તેનાથી જુદો પડ તો પ્રથમ ભેદજ્ઞાન થાય. પછી ક્રમે ક્રમે અંદરમાં એકાગ્રતા વધતાં અવધિજ્ઞાન થાય કે જે જ્ઞાન દ્વારા અસંખ્ય ચોવીશીના જડ ચૈતન્યના ભાવોને પોતામાં જાણવાની શક્તિ પ્રગટ થાય છે.

ભેદજ્ઞાન થયા પછી મુનિ થાય. મુનિ એટલે જે આત્માના આનંદમાં રમતો, શરીર અને રાગની ક્રિયાથી ભિન્ન પડતો સ્વરૂપની ઉગ્ર આનંદ દશામાં વર્તવા લાગે તેને બાહ્યથી વસ્ત્રાદિ છૂટી જાય, નગ્નદશા થઈ જાય અને અંદરની આનંદની દશા વધતી જાય. એવી મુનિદશામાં કોઈને મનઃપર્યયજ્ઞાન પ્રગટ થઈ જાય છે તેમાં મુનિ બીજાના મનની વાત જાણી લે છે. મુનિને પરમાવધિજ્ઞાન પણ પ્રગટ થાય છે. પરમઅવધિજ્ઞાન એટલે જેમાં બીજાના અસંખ્યાત ભાવોને જ્ઞાન કરી શકે છે.

આત્મા જ જ્ઞાનસરોવર છે એ વાત આગળ આવી હતી. જ્ઞાનસરોવરમાં પોતે જ કમળ છે અને પોતે જ તેની સુગંધ લે છે. તે આનંદ કેવો છે? કે જે ચક્રવર્તીના રાજમાં નથી, ઈન્દ્રના ઈન્દ્ર પદમાં નથી, જગતમાં ક્યાંય નથી એવો અતીન્દ્રિય આનંદ મુનિ પોતાના આત્મામાં અનુભવે છે. તેની પાસે ઈન્દ્ર, ચક્રવર્તીના આનંદ તો ઝેર જેવાં છે. તેનાથી જુદો પડી તું પણ તારા અતીન્દ્રિય આનંદનો અનુભવ કર! એમ સંતો ફરમાવે છે. પદ્મા પાના ઉપર આ કહ્યું છે-

तेरौ घट सर तामैं तूही है कमल ताकौ,
तूही मधुकर व्है सुवास पहिचानु रे ।

તારા દેહરૂપી ઘટમાં પ્રભુ બિરાજે છે પણ અરે! જેને ઈચ્છા વિના ચાલે નહિ, રાગ વિના ચાલે નહિ, શરીર અને તેની અનુકૂળતા વિના ચાલે નહિ એવા ભિખારીને આ પરમાત્મપદની વાત કેમ બેસે?

ભાઈ! તારા આત્મસરોવરમાં અતીન્દ્રિય આનંદનું કમળ ખીલ્યું છે માટે ભમરો થઈને તું જ તારી સુવાસ લે. પ્રથમમાં પ્રથમ આ કરવાનું છે. બીજું કાંઈ પ્રથમ કરવાયોગ્ય લાગે છે તે તારું અજ્ઞાન છે. પોતાના ચૈતન્યસરોવરમાં પોતે જ કમળ છે અને પોતે જ તેની સુવાસ



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



લેવાની છે. એ સુવાસ લેતાં લેતાં જ આગળ વધી કેવળજ્ઞાન પ્રગટ થાય છે.

આકાશમાં ચંદ્રમાની પહેલાં બીજ ઊગે પછી ત્રીજ, ચોથ, પાંચમ થતાં થતાં પૂનમ થઈ જાય છે તેમ પ્રથમ રાગાદિથી ભિન્ન પડીને આત્મામાં મતિ-શ્રુતજ્ઞાનની કળા ખીલવે તે બીજ છે. એવી તો આત્મામાં અનંતી ચૈતન્યકળા રહેલી છે. અનંત અનંત કેવળજ્ઞાનની કળા આત્મામાં ભરેલી છે. અંદરમાં નજર નાખ તો ભગવાન આત્મા અનંત કળા સહિત બિરાજમાન છે. રાગથી ભેદજ્ઞાન કરીને આવા નિજ ભગવાનની સુવાસ લે તે પ્રથમ ધર્મ છે. બાકી બધાં એકડાં વિનાના મીંડા છે. સમજાણું કાંઈ!

કહે છે કે પછી એ ભેદવિજ્ઞાન ઉન્નત્તિ કરતાં કરતાં પૂર્ણસ્વરૂપના પ્રકાશરૂપ અર્થાત્ કેવળજ્ઞાનસ્વરૂપ થઈ જાય છે. બીજ ઊગી હતી તે વધીને પૂનમ થઈ જાય છે. તેમ ભેદવિજ્ઞાન વધતાં વધતાં અંતે કેવળજ્ઞાનરૂપ પૂર્ણતાને પામે છે, જેમાં લોક-અલોકના સર્વ પદાર્થો પ્રતિબિંબિત થાય છે. જ્ઞાનસાગર ભગવાન-આત્માની કળી જે અજ્ઞાનદશામાં સંકોચાયેલી હતી તેને ભેદજ્ઞાન વડે શરીર અને રાગાદિથી ભિન્ન પાડતાં સમ્યગ્જ્ઞાનની પ્રથમ કળા-ભેદજ્ઞાનકાળ પ્રગટ થાય છે. પછી તો અવધિ, મનઃપર્યય, પરમઅવધિ આદિ કળા પણ ખીલે છે અને પૂર્ણ એવી કેવળજ્ઞાનકળા પણ આ જ માર્ગે ખીલે છે.

એક ભાઈ કાલે આવેલાં તે કહેતાં હતાં કે જિંદગી આખી ચાલી ગઈ પણ આ વાત ક્યારેય સાંભળી ન હતી....એમ કરીને તેની આંખમાં આંસુ આવી ગયા....આખી જિંદગી રાગની ક્રિયા કરવામાં ધર્મ માનીને જિંદગી ગુમાવી દીધી.

એક મુમુક્ષુઃ-વાત સાચી છે, ધર્મીની સાચી ક્રિયાની કોઈને ખબર નથી.

પૂજ્ય ગુરુદેવશ્રીઃ-વાત સાચી છે પણ શું થાય?

હવે આ અજીવ અધિકારનો સાર કહે છે.

મોક્ષમાર્ગમાં એટલે ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરના માર્ગમાં મુખ્ય અભિપ્રાય કેવળજ્ઞાનાદિ ગુણસંપન્ન આત્માનું સ્વરૂપ સમજાવવાનો છે. આત્મા અનંત જ્ઞાન આદિ ગુણથી સંપન્ન છે, તે પુણ્ય-પાપના રાગથી સંપન્ન નથી. શુદ્ધ જ્ઞાન, શુદ્ધ દર્શન, શુદ્ધ આનંદ આદિ અનંતી પવિત્રતાના પિંડથી ભગવાન આત્મા ભરેલો છે. એવા આત્મસ્વભાવનો અનુભવ કરવાથી મોક્ષમાર્ગની શરૂઆત થાય છે. બાકી રાગની ક્રિયા કરવાથી ધર્મ-મોક્ષમાર્ગ થાય તેમ નથી એમ સમજાવવાનો હેતુ છે.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



જેમ સોનાની ઓળખાણ કરાવવા માટે સોના ઉપરાંત પિત્તળ, બંગડીના પીળા કટકા આદિનું સ્વરૂપ ઓળખાવવું જરૂરી છે કે જે કસદાર છે તે સોનું છે, પીત્તળ અને બીજી વસ્તુ હળવી હોય છે. સોનાની કટકી નાની હોય તો પણ કસદાર હોય છે તેના ઉપરથી સોનું અન્ય ધાતુથી જુદું પાડી શકાય છે. તેમ ચૈતન્યમૂર્તિ આત્મા કસદાર સોના જેવો છે અને પુણ્ય-પાપના વિકલ્પ એ પિત્તળ જેવા છે અને શરીર, વાણી, મન તો કાચના કટકા જેવા છે. એમ તેની ઓળખાણ થાય તો સોનાના કંદ જેવા આનંદના નાથને જુદો પાડી શકાય છે.

એ જ રીતે હીરાની પરખ કરવા માટે જેમ હીરાનું અને કાચના કટકાનું સ્વરૂપ ઓળખવું પડે છે તો જ કાચના કટકાથી હીરાને જુદો પરખી શકાય છે, તેમ જીવપદાર્થને ઓળખાવવા માટે શ્રીગુરુ જીવપદાર્થ ઉપરાંત અજીવપદાર્થનું પણ સ્વરૂપ ઓળખાવે છે કે જે વડે દૃઢપણે આત્માને અજીવથી જુદો પાડીને અનુભવ કરી શકાય. આ સોનું છે અને પિત્તળાદિ તેનાથી ભિન્ન છે, આ હીરો છે અને કાચના કટકા વગેરે હીરાથી ભિન્ન છે, તેમ આ ચૈતન્યહીરો છે અને શરીર તથા રાગાદિ ચૈતન્યથી ભિન્ન છે એમ દૃઢ ભેદજ્ઞાન કરાવવા માટે શ્રીગુરુએ અજીવનું સ્વરૂપ પણ અહીં સમજાવ્યું છે.

અજીવતત્ત્વ જીવતત્ત્વથી સર્વથા ભિન્ન છે. જીવનું લક્ષણ તો ચેતન છે અને અજીવનું લક્ષણ અચેતન છે. દેહ, વાણી, મન અને પુણ્ય-પાપમાં અચેતન લક્ષણ છે. તેમાં ચેતન લક્ષણ નથી માટે તે જીવ નથી. શુભરાગ છે તે પણ પોતે પોતાને જાણતો નથી અને ચૈતન્યને પણ જાણતો નથી માટે તેને પણ અચેતન કહેવામાં આવ્યો છે. શુભરાગ પર વડે જણાય છે, પોતે જાણતો નથી, ચૈતન્ય વડે તે જણાય છે. રાગમાં પોતાને જાણવાની પણ તાકાત નથી. દયા, દાન, વ્રત, ભક્તિ આદિ રાગ પોતે પોતાને જાણતો નથી તો એ વડે ચૈતન્ય તો ક્યાંથી જણાય! રાગનું જાણવું બીજા દ્વારા થાય છે એટલે કે રાગ વિનાના ચૈતન્ય દ્વારા રાગ જણાય એવી ચીજ છે માટે રાગને અચેતન અથવા અજીવ કહેવાય છે.

સંવત ૧૯૬૩માં સત્તર વર્ષની શરીરની ઉંમરે એકવાર વડોદરા જવાનું થયું હતું. ત્યાં એક 'ભૂલભૂલામણી' છે જેમાંથી બહાર નીકળવાનો રસ્તો બતાવવા માટે એક માણસને ઊભો રાખવો પડે છે. એવો ભૂલભૂલામણો રસ્તો છે કે બહાર નીકળવાની સૂઝ જ ન પડે તેમ ઉપવાસ કરવાથી ધર્મ થાય, દયાથી ધર્મ થાય, દાનથી ધર્મ થાય એવી અનેક ક્રિયાથી ધર્મ મનાવવારૂપ મિથ્યાત્વની ભૂલભૂલામણી એવી છે કે તેમાંથી બહાર કેમ નીકળવું તે અજ્ઞાનીને સૂઝતું નથી. તેને શ્રીગુરુ છૂટવાનો માર્ગ બતાવે છે કે શરીર, વિકલ્પ અને રાગ એ કોઈ મારું



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

સ્વરૂપ નથી એમ તેનાથી છૂટો પડ તો બહાર નીકળી શકીશ, બાકી કોઈ ઉપાય નથી.

સરોવર કાંઠે મૃગલા તરસ્યાં રે....અરેરે! સાચા વારિ એને ના મળે રે લોલ....પુણ્યની ક્રિયામાં જ્ઞાનના પાણી નહિ મળે ભાઈ....ઝાંઝવામાં જળ નહિ મળે. એની પાછળ દોડી દોડીને અનાદિથી મરી રહ્યો છો હવે મનના મૃગલાંને પાછાં વાળજો રે....પુણ્ય-પાપની ક્રિયામાં ચોંટેલા મનને પાછું વાળ બાપા! ત્યાં પાણી નથી ભાઈ! ત્યાં ધર્મ નથી. રાગની ક્રિયાને જાણનારું જ્ઞાન રાગથી જુદું છે. એ જ્ઞાન તે તારું સ્વરૂપ છે તેને ઓળખ તો ધર્મ થાય. રાગમાં તારા ચેતનનું લક્ષણ નથી માટે તેને તારાથી જુદો જાણ!

ભગવાને જગતમાં જીવથી જુદાં પાંચ દ્રવ્યો જોયા છે કે જે અચેતન છે. પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ આ પાંચ અચેતન દ્રવ્ય છે. તેમાંથી પુદ્‌ગલ રૂપી છે અર્થાત્ ઇન્દ્રિયગોચર છે અને બાકીના ચાર દ્રવ્યો અરૂપી છે. પુદ્‌ગલદ્રવ્ય સ્પર્શ, રસ, ગંધ, વર્ણવાળું છે માટે તેમાંથી તો એ સ્પર્શાદિ મળે પણ જીવ નહિ મળે. પુદ્‌ગલદ્રવ્ય જીવદ્રવ્યના ચિહ્નોથી સર્વથા પ્રતિકૂળ છે. જીવ સચેતન છે અને પુદ્‌ગલ અચેતન છે.

'ચેતતો નર સદા સુખી છે' એમ કહેવાય છે ને! રાગથી અને પુણ્યથી ભિન્ન પડતો આત્મા સદા સુખી છે. લોકોએ શબ્દો તો બરાબર ગોઠવ્યાં છે કે 'ચેતતો એટલે જાગતો નર સદા સુખી,' પણ ભાવને સમજતાં નથી. જીવ અને પુદ્‌ગલને ભિન્ન પાડે તે ચેતતો નર છે. પુદ્‌ગલ રૂપી છે અને જીવ અરૂપી છે. પુદ્‌ગલ ખંડ ખંડ સહિત છે અને જીવ તો અખંડ છે. ચૈતન્યમૂર્તિ અરૂપી અખંડ અભેદ કાતળી છે. એક એક આત્મા આવા અખંડ અને અરૂપી છે. બધાં થઈને એક આત્મા નથી.

પુદ્‌ગલની જેમ પુણ્ય-પાપ પણ સખંડ છે. ક્ષણમાં ગળે છે અને ક્ષણમાં મળે છે એવા આ ભાવ પણ ભાવપુદ્‌ગલ છે. મુખ્યપણે જીવને સંસારમાં ભટકવામાં પુદ્‌ગલ જ નિમિત્તકારણ છે. ઉપાદાન તો જીવનું પોતાનું છે પણ જીવ પુદ્‌ગલનું લક્ષ કરીને એ મારા છે એમ માને છે તે તેને સંસારમાં રખડવાનું કારણ થાય છે. પરની ચીજને પોતામાં ખતવી લે છે તેના ફળમાં સંસારમાં રખડવું પડે છે. લગ્નપ્રસંગે બીજાંને ત્યાંથી મોતીનો હાર પહેરવા લઈ આવ્યા હોય તેને પોતાની મિલકતમાં ખતવી લે તો?-એ ચોર જ છે, દંડને પાત્ર છે. તેમ પુદ્‌ગલને મારું માને છે તે ચોર છે. તેને સંસારની જેલ મળે છે.

લગ્નપ્રસંગે સોનાની ઘડિયાળ વગેરે પહેરવા લઈ આવે છે ને! અમારે ઘરમાં જ મારી દીક્ષા પછી નાના ભાઈના લગ્ન હતા તો સોનાની ઘડિયાળ પેરવા લઈ આવ્યા હશે અને એ

www.vitragvani.com



ચોરાઈ ગઈ. વળી લોકો તો સોનું ચોરાય તેમાં અપશુકન માને અને એવું બન્યું કે બે વરસ પછી ભાઈ મરી ગયો એટલે લોકોને વ્હેમ પડી જાય. પણ આયુષ્યની સ્થિતિ જે હોય તેમાં એક સમય પણ કોઈ ફેરફાર કરી ન શકે. પણ તારું ચૈતન્યનું સોનું લૂંટાય છે એ મોટું અપશુકન છે. આનંદનો નાથ ચૈતન્ય ભગવાન રાગ અને પુણ્યને મારા માનીને ચોર થઈ રહ્યો છે.

મોક્ષ અધિકારમાં આવે છે-પરની ચીજને મારી માને છે તે ચોર છે. દયા, દાન, વ્રતાદિના વિકલ્પને મારા માને છે તે ચોર છે. શાસ્ત્રમાં અનેક ઉપમાઓ, દૃષ્ટાંતો, સિદ્ધાંતો આપી આપીને જીવને જગાડવાનો પ્રયત્ન કર્યો છે પણ આ જાગે તો થાય ને! મોહની નિંદ્રામાં નસકોરા બોલાવે છે. એવી ગાઢ નિન્દ્રામાં સૂતો હોય તે કેમ જાગે!

ખાટલામાં સૂતેલો માણસ તે આઠ પાયાથી જુદો છે તેમ આઠ કર્મ અને પુણ્ય પાપથી આત્મા જુદો છે. જીવ તો અંદરમાં નિરાળો સત્ ચિદાનંદ પ્રભુ છે. પણ તેને નહિ જાણતો અજ્ઞાની જીવ સંયોગમાં પુદ્‌ગલમય શરીરથી સંબદ્ધ છે અને આઠ કર્મથી તે સર્વાત્મપ્રદેશોમાં જકડાયેલો છે. તેથી જાણે હું શરીર અને કર્મથી બંધાઈ ગયો છું એમ માને છે પણ વસ્તુ કદી બંધાતી નથી. તું તો માત્ર ભાવબંધથી બંધાયો છે. તારી વસ્તુ તો અબદ્ધસ્પષ્ટ છે.

અનંતશક્તિનો નાથ પુદ્‌ગલને બહુમાન દેવા ગયો ત્યાં પોતે જ લૂંટાઈ ગયો. તેને પુદ્‌ગલની મહિમા આવે છે તેમાં પોતાની શક્તિ ઢંકાઈ જાય છે-લૂંટાઈ જાય છે. પોતે જ હાથે કરીને લૂંટાઈ છે અને વળી ખુશી થાય છે. પુદ્‌ગલના નિમિત્તે જ તેને વિભાવ ઉત્પન્ન થાય છે. પુણ્ય-પાપ એ વિભાવ છે. એ કાંઈ સ્વભાવ નથી અને સ્વભાવથી ઉત્પન્ન થતાં નથી. કર્મના નિમિત્તનો સંગ કરે ત્યારે જ વિભાવ ઉત્પન્ન થાય છે. જેમ અગ્નિ લોઢામાં જાય ત્યારે જ તેના ઉપર ઘણના ઘા પડે છે, એકલી અગ્નિને કોઈ ઘણ મારતું નથી. તેમ એકલા જીવને કોઈ દુઃખી કરતું નથી પણ જીવ પુણ્ય-પાપની લાગણીમાં જોડાય છે ત્યારે તેને ચારગતિના દુઃખના ઘા વાગે છે.

અજ્ઞાનના ઉદયમાં અજ્ઞાની આ કર્મરૂપ પુદ્‌ગલના નિમિત્તે રાગ-દ્વેષ કરે છે અથવા આ પુદ્‌ગલોમાં ઈષ્ટ-અનિષ્ટ કલ્પના કરે છે. શરીર, સ્ત્રી, આબરૂ આદિ અનુકૂળ દેખીને તેમાં ઈષ્ટની કલ્પના કરે છે અને પ્રતિકૂળ દેખીને અનિષ્ટની કલ્પના કરે છે. તે તેની મૂઢતા છે. એ તો બધું જ્ઞેય છે. ઠીક કે અઠીક નથી, ઈષ્ટ અનિષ્ટ કાંઈ છે જ નહિ. જડની અવસ્થા એના થવા કાળે જેમ થવા યોગ્ય હોય તેમ થાય છે તેમાં તું ક્યાં ઘૂસી ગયો છે કે તે ક્યાં તારામાં આવી ગયા છે!



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

જો પુદ્ગલ ન હોત એટલે કે જીવની તેના ઉપર દૃષ્ટિ ન હોત, તેમાં જીવનું જોડાણ ન હોત તો આત્મામાં અન્ય વસ્તુનો સંબંધ ન થાત, તેમાં વિકાર અથવા રાગ-દ્વેષ ન થાત. સંસારમાં જેટલું નાટક છે તે બધું પુદ્ગલજનિત છે. પુદ્ગલ નાચો તો નાચો....મારો ભગવાન તો આનંદસ્વરૂપ છે તે પુદ્ગલના નાટકમાં આવતો નથી.

આમ કહીને મૂળ તો 'જ્ઞાતા-દૃષ્ટા' થવાનું કહ્યું છે. ૧૩મા પદ્યમાં છેલ્લી લાઈનમાં આવ્યું હતું કે 'સમ્યગ્દૃષ્ટિ આત્મા તે નાટકનો માત્ર જોનાર છે.' રાગ હોય તેનો પણ જાણનાર છે. તેને મારો માનતા નથી, દ્વેષ હોય તેનો પણ જાણનાર છે, મારો માનતાં નથી. શરીર સુંદર હોય તોપણ જાણનાર છે, મારું માનતા નથી અને શરીર બગડેલું હોય તોપણ સમ્યગ્દૃષ્ટિ તો માત્ર જાણનાર છે, તે કોઈને મારું માનતાં નથી. આમ જે 'જાણનાર-દેખનાર' રહે છે તે ધર્મી છે, તેનું પ્રયાણ મુક્તિ તરફ છે. બાકી પરને મારું માને છે તેના પ્રયાણ તો નરક અને નિગોદ તરફ છે.

★ જીવ વિભાવ-પરિણામથી શૂન્ય છે, ક્યારે?-કે ત્રણેકાળ ને ત્રણેલોકમાં. અરે! જે અનંત કાળમાં ત્રસપણું પણ પામ્યો નથી ને ભવિષ્યમાં પણ ત્રસપણું પામશે નહીં એવા નિગોદનો જીવ પણ વિભાવના પરિણામથી શૂન્ય સ્વભાવે છે. પર્યાયમાં ભલે ગમે તે પ્રકાર હો પણ જે શુદ્ધ જીવ છે એ તો આવો જ છે. ત્રણેકાળ ને ત્રણેલોકમાં જે જીવ છે તે આવો જ છે, એટલે કે વિભાવ-પરિણામથી શૂન્ય શુદ્ધ જીવ છે. વર્તમાનકાળે શુદ્ધ કે ભવિષ્યમાં થશે ત્યારે શુદ્ધ છે એમ નહીં પણ ત્રણે કાળે ભગવાનસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય આત્મા છે. ભલે પછી પાંચમો કે છટ્ઠો આરો હો ને ભલે પછી કસાઈ થઈને ગાયોને કાપતો હોય પણ અંદર જે આત્મા છે તે આવો ભગવત્ સ્વરૂપ શુદ્ધ છે. પર્યાયમાં ગમે તેવા પરિણામ થયા પણ ભગવાન છે તે તેમાં આવતો જ નથી. કઈ દૃષ્ટિએ?-પર્યાયદૃષ્ટિએ નહીં હો! શુદ્ધ નિશ્ચયનયની દૃષ્ટિએ ત્રિકાળ આનંદકંદ પ્રભુ શુદ્ધ છે અને તે જ ભૂતાર્થ છે.

*-પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

# કર્તા-કર્મ-ક્રિયાનું સ્વરૂપ

(સળંગ પ્રવચન નં. ૩૭)

આ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ચાલે છે. તેમાં બીજા અજીવ અધિકારના સારનો બીજો પેરેગ્રાફ છે. પાના નં. ૬૫ છે.

શરીર અને રાગાદિ આત્માથી જુદાં છે એમ અનુભવ કરવો તે ધર્મ છે........

તમે શરીરમાં ક્યાંય ચિમટીથી દબાવશો તો તમને જણાશે કે આપણને દબાવવામાં આવેલ છે-આપણને દુઃખનું જ્ઞાન થયું છે. બસ, આ જાણવાની શક્તિ રાખનાર જીવ છે તે જ તમે છો. તમે ચૈતન્ય છો, નિત્ય છો, આત્મા છો. જે જાણવાવાળો છે તે જ જીવ છે. આ જીવ નિત્ય અને ચૈતન્યમય છે. આમ, અહીં આત્માની સિદ્ધિ કરી. હવે પુદ્‌ગલદ્રવ્યની સિદ્ધિ કરે છે.

આત્મા સિવાય બીજો એક પદાર્થ જેને તમે ચિમટીથી દબાવ્યો છે તે નરમ જેવો, કાંઈક મેલો કાળા જેવો, ખારા જેવો, કાંઈક સુગંધ-દુર્ગંધવાળો જણાય છે તેને શરીર કહેવાય છે કે જે પુદ્‌ગલ છે-જડ છે, અચેતન છે, નાશવાન છે અને જીવથી જુદો પરપદાર્થ છે.

આમાં નરમ જેવો કહીને શરીરનો સ્પર્શ, કાંઈક મેલો કાળા જેવો કહીને રંગ, ખારો રસ અને સુગંધ-દુર્ગંધ દ્વારા ગંધ ગુણને બતાવ્યો છે. આ ખાલી ભાષા નથી, વસ્તુનું સ્વરૂપ છે તે સમજાવવાનો હેતુ છે. જે કાંઈ પણ થાય તેને જાણનારો છે તે જીવ છે અને તેના સિવાય સ્પર્શ, રસાદિવાળો પદાર્થ છે તે શરીર છે કે જે જડ છે, અચેતન છે, નાશવાન અને પર છે. જીવ અને શરીરનો સ્વભાવ પરસ્પર વિરુદ્ધ છે. આત્મા ચેતન છે તો શરીર જડ છે, આત્મા નિત્ય છે તો શરીર નાશવાન છે. આત્મા સ્વ છે તો શરીર પરપદાર્થ છે.

આમ, આત્મસ્વભાવથી શરીર ભિન્ન છે. બંનેનાં પદ અર્થાત્ ભાવ ન્યારા ન્યારા છે. છતાં અજ્ઞાની જીવ શરીરથી કેવો એકમેક થયો છે કે ચિમટીથી કોઈ દબાવે તો જાણે હું દબાઉં છું એમ એને લાગે છે. ખરેખર જીવ દબાતો નથી પણ

શરીર દબાતાં એને અણગમો થાય છે તેને જાણનાર છે તે આત્મા છે. શરીરમાં કાંઈ થાય તો અણગમો કે દુઃખ થાય છે તે આત્મા નથી પણ તેને જાણનારો છે તે આત્મા છે. કેમકે જ્ઞાનસ્વરૂપી છે તે આત્મા છે એમ સિદ્ધ કરવું છે. દુઃખ એ આત્માનું સ્વરૂપ નથી.

શરીરમાં તાવ આવે ત્યાં માને કે મને તાવ આવ્યો. પણ તને તાવ ક્યાં આવ્યો છે! તને તો તાવનું જ્ઞાન થયું છે. પુણ્ય-પાપ પણ જુદી ચીજ છે તેને જાણનારો છે તે ચૈતન્યઆત્મા છે. પુણ્ય-પાપના ભાવ પણ જીવના નથી કેમકે તેમાં જાણવાનો ભાવ નથી. જેમાં જાણવાનો ભાવ-ગુણ છે તે આત્મા છે.

આ શરીર જડ છે, તેમાં અહંબુદ્ધિ કરવી અર્થાત્ શરીર સંબંધી ધન, સ્ત્રી, પુત્રાદિને પોતાના માનવા એ મિથ્યાજ્ઞાન છે, મિથ્યાદર્શન છે. લક્ષણભેદ દ્વારા નિજ આત્માને સ્વ અને આત્મા સિવાય બધાં ચેતન, અચેતન પદાર્થોને પર જાણવા તે જ ભેદવિજ્ઞાન છે. રાગ, શરીર, લક્ષ્મી આદિ અચેતન અને સ્ત્રી, પુત્રાદિનો આત્મા તે ચેતન હોવા છતાં મારા આત્માથી ભિન્ન છે અને ભિન્ન થઈને રહ્યાં છે એમ જાણીને રાગથી ભિન્ન પડીને પોતાના આત્મામાં પોતાપણું અનુભવવું તેનું નામ આત્માનું જ્ઞાન અને ધર્મ કહેવામાં આવે છે.

લૌકિકમાં વાંજિયા અને વાંઢાની કાંઈ કિંમત હોતી નથી, છોકરાવાળાની કિંમત હોય છે કે છોકરા છે તેનું નામ દુનિયામાં રહેશે, છોકરા વારસો રાખશે....વગેરે- પણ ભાઈ! તારા આત્મામાં સ્ત્રી, પુત્રાદિ કોઈ છે જ નહિ માટે તેનાથી તારું નામ રહેશે એ માન્યતા જ જૂઠી છે. જે પોતાની ચીજ નથી તેને પોતાની માનવી એ મૂઢતા અને મહાપાપ છે.

આ જુદી જાતનું નાટક છે ભાઈ! અહીં કોઈ પણ પરદ્રવ્ય તારું નથી. પોતાની ચૈતન્યજ્યોતિ બધાં ચેતન અને અચેતન પદાર્થોથી ભિન્ન છે એમ અનુભવવું તે પ્રજ્ઞા છે, તેનું જ નામ ભેદવિજ્ઞાન છે, બાકી તો બધી કુબુદ્ધિ છે.

જેવી રીતે રાજહંસ દૂધ અને પાણીને જુદાં જુદાં કરી નાંખે છે તેવી જ રીતે વિવેક વડે જીવ અને પુદ્ગલને જુદાં કરવાં, પુદ્ગલોમાંથી અહંબુદ્ધિ અથવા રાગ-દ્વેષ હટાવીને નિજસ્વરૂપમાં લીન થવું જોઈએ. તેરો ઘટ સર તામૈં તૂંહી હૈ કમલ, તાકૌ તૂંહી મધુકર હૈ સુવાસ પહિચાન રે!....એક પદ્યમાં આવ્યું હતું તેમ

તું ચૈતન્ય હંસ છો. હંસલાને દાણાના ખોરાક ન હોય એ તો મોતીને જ ચરે તેમ પુણ્ય-પાપ અને હરખ-શોકના ખોરાક આ હંસલાને ન હોય તારે તો આનંદને જ્ઞાનના મોતીનો જ ખોરાક હોય-એમ કહે છે.

તારા ઘટમાં તું જ કમળ છો અને તું જ મધુકર છો માટે તું જ તારી સ્વ-વાસને ઓળખી લે. તારામાં અતીન્દ્રિય આનંદની સુગંધ છે. આ પુણ્ય-પાપ અને હરખ-શોકની વાસ તો બધી કુવાસ છે, તે આત્માની સુવાસ નથી. માટે ભેદજ્ઞાન કરીને આત્માની સુવાસ અનુભવી લે. આત્મા બધાંથી જુદો છે....જુદો છે એમ કહેવું એ જુદી વાત છે, જુદાં આત્માનો અનુભવ કરવો એ ખરું જુદાપણું છે. માટે આ શિખામણનો હંમેશા અભ્યાસ કરવો જાઈએ. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદરસનો દરિયો છે તેમાં પેસીને રાગ અને વિકલ્પથી જુદો આત્માનો અનુભવ કરવો તેનું નામ ભેદવિજ્ઞાન છે તેનો અભ્યાસ હંમેશા કરવો જોઈએ.

આ અજીવ અધિકાર પૂરો થયો હવે ‘કર્તા-કર્મ-ક્રિયા’ અધિકાર છે. આ અધિકાર સૂક્ષ્મ છે.

यह अजीव अधिकारकौ, प्रगट बखानौ मर्म।
अब सुनु जीव अजीवके, करता क्रिया कर्म।।१।।

આ અજીવ અધિકારના રહસ્યનું સ્પષ્ટ વર્ણન કર્યું, હવે જીવ-અજીવના કર્તા, ક્રિયા અને કર્મ સાંભળો. જીવ અને અજીવની લક્ષણ દ્વારા ભિન્નતા તો બતાવી. હવે જીવની ક્રિયા, તેનો કર્તા અને તેનું કાર્ય શું છે એ બતાવે છે. જડની અને રાગની ક્રિયા જીવની નથી અને જ્ઞાનની ક્રિયા અજીવની નથી એ બધું આમાં આવશે.

ભેદવિજ્ઞાનમાં જીવ કર્મનો કર્તા નથી, નિજસ્વભાવનો કર્તા છે.

प्रथम अग्यानी जीव कहै मैं सदीव एक,
दूसरौ न और मैं ही करता करमकौ।
अंतर-विवेक आयौ आपा-पर-भेद पायौ,
भयौ बोध गयौ मिटि भारत भरमकौ।।
भासे छहौं दरबके गुन परजाय सब,
नासे दुख लख्यौ मुख पूरन परमकौ।

www.vitragvani.com



करमकौ करतार मान्यौ पुद्‌गल पिंड,
आप करतार भयौ आतम धरमकौ।।२।।

અજ્ઞાની કહે છે-શરીર, રાગ ને આત્મા બધું એક જ છે. શરીર ને આત્મા જુદાં નથી, રાગ ને આત્મા જુદાં નથી. માટે જડકર્મનો કર્તા પણ હું છું અને પુણ્ય-પાપ ભાવનો કર્તા પણ હું જ છું. જેનો પોતાને કર્તા માને છે તેમાં એકતા તો પ્રથમથી માની જ હોય છે. કેમ કે, એકત્વ માન્યા વગર પોતાને કર્તા માની શકે નહિ.

સંસ્કૃત શ્લોકમાં પણ 'एकः कर्ता' શબ્દ છે તેનો અર્થ એ છે કે જ્ઞાનાનંદસ્વરૂપ હું છું, પુણ્ય-પાપ સ્વરૂપ પણ હું છું, કર્મ અને શરીરરૂપ પણ હું છું. બધું એક જ છે. એમ મિથ્યાદૃષ્ટિ ભ્રમથી માને છે તેથી દયા, દાન, વ્રતાદિના વિકલ્પનો કર્તા હું છું એમ માને છે. રાગની અને આત્માની ક્રિયા જુદી છે એમ એ જાણતો નથી, રાગની ક્રિયાનો કર્તા હું જ છું, બીજો કોઈ નથી એમ માને છે.

દયા, દાન, વ્રત, ભક્તિ આદિના વિકલ્પ ઊઠે છે તેનો કર્તા હું જ છું કેમકે રાગ અને હું એક જ છીએ. જે એક હોય તે જ તેનો કર્તા હોય. બીજાનો કર્તા હું ન હોઉં પણ રાગ અને આત્મા એક જ છે માટે રાગનો કર્તા હું એમ અજ્ઞાની અજ્ઞાનભાવે રાગનો કર્તા થાય છે. એને ખબર નથી કે વિકલ્પ મારી જાતનો નથી, એ તો કજાત છે, તેનું કાર્ય મારું નથી. અજ્ઞાની બે તત્ત્વને એક માને છે પણ બે તત્ત્વ એક થતાં નથી. દુકાન, ઓફિસ, ઘર કે કારખાના આદિના માલનો કર્તા તો તું નથી પણ રાગની ક્રિયાનો કર્તા પણ તું નથી એમ અહીં કહેવું છે.

જ્યાં સુધી દૃષ્ટિ રાગ અને વિકલ્પ ઉપર પડી છે ત્યાં સુધી અજ્ઞાની રાગ અને આત્મા તથા કર્મને એક જ માને છે તેથી રાગ અને કર્મનું કાર્ય મારું છે એમ માને છે જે મારા હોય તેનું કાર્ય મારું જ હોય ને! એમ અજ્ઞાની માને છે. જુઓ! મહાવ્રત વિકલ્પનું કાર્ય મારું છે એમ માને છે તે અજ્ઞાની છે એ વાત આમાં આવી ગઈ. જ્ઞાનસ્વરૂપ પ્રભુમાં વૃત્તિનું ઉત્થાન થાય એ એની જાત નથી પ્રભુ! જે પોતાનું કાર્ય હોય તે પોતાથી જુદું ન પડે.

મારી આબરૂ-મારો મોભો જાળવી રાખું એમ અજ્ઞાનીને થાય છે તે શું કામ?-



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



કે આબરૂને તે પોતાનું કાર્ય માને છે. તેથી મિથ્યાદૃષ્ટિને તેને જાળવી રાખવાની વૃત્તિ હોય છે. જેને બે ભાવમાં એકપણાની માન્યતા છે તે જ તેને હું કરું છું એમ માને છે.

**अंतर-विवेक आयो**-અરે! હું તો આત્મા જ્ઞાનસ્વરૂપ છું-એમ વિવેક આવ્યો. તે કોને આવે! કે જે ધીરો થઈને આત્મા અને પરનો ભેદ જાણે છે તેને બેનો વિવેક પ્રગટ થાય છે, સ્વ અને પર જુદાં જણાય છે, સમ્યક્ બોધ પ્રગટ થાય છે. માટે કહ્યું છે-ધર્મ વિવેક નીપજે, જો કરીએ તો થાય. રાગના વિકલ્પથી ભિન્ન ચૈતન્યમાં એકાગ્ર થતાં સ્વ-પરનું ભેદજ્ઞાન થઈ જાય છે કે હું તો રાગથી ભિન્ન ચૈતન્ય છું. રાગનું કાર્ય મારું નથી.

આત્મા વીતરાગસ્વરૂપ ચૈતન્ય છે અને રાગ છે તે તો મેલ છે-વિકાર છે. એવો બે વચ્ચેનો ભેદ જાણતાં બોધ પ્રગટ થાય છે-ભેદજ્ઞાન થાય છે ત્યાં મોટી ભૂલ ટળી જાય છે. ભ્રમણાની ભૂલ બહુ મોટી છે તેનો નાશ થાય છે. જ્ઞાનસૂર્ય પ્રભુ છે અને રાગ તો મેલો છે તેને ભિન્ન પાડવામાં ઘણો પુરુષાર્થ છે. તે કાંઈ કાયરનું કામ નથી....પોતાનું વીર્ય જે રાગમાં એકતા માનીને પડ્યું હતું ત્યાં હવે વિવેક આવ્યો કે હું તો આનંદસ્વરૂપ ઝળહળતી ચૈતન્યજ્યોત છું. આ રાગ તે હું નહિ. એવું ભેદજ્ઞાન થયું ત્યાં **मिटि भारत भरमकौ**-ભ્રમણાનો મોટો ભાર ઉતરી જાય છે-મટી જાય છે. માટે સૌ પ્રથમ આ ભાર ઉતારવાનું કામ કરવાનું છે.

બહારની ચીજને લેવા માગે છે, બહારથી મોટાઈ લેવા માગે છે તેનો અર્થ જ એ છે કે તે બહારની ચીજને અને પોતાને એક માને છે. એ પ્રત્યક્ષ તેના લક્ષણ વડે ખ્યાલમાં આવે છે. એ તો અજ્ઞાની છે. હવે જેને આત્મા અને રાગાદિની ભિન્નતાનો બોધ થયો તેને ભ્રમણાનો મોટો બોજો માથેથી ઉતરી જાય છે. રાગથી આત્માનું જ્ઞાન ભિન્ન છે એવું જ્ઞાન પ્રગટ થાય છે અને ધ્રુવ વસ્તુ તો ત્રિકાળ જેમ છે તેમ પડી જ છે.

આ મૂળ વાતને લોકો ગ્રહણ કરતાં નથી તેથી બીજે ભ્રમણામાં દોરાઈ જાય છે. પોતાની ચૈતન્યબાજી તો જ્ઞાન ને આનંદમાં છે, રાગમાં આત્મા નથી. જેમાં પોતાનું હોવાપણું નથી તેનાથી જુદો પડીને જેમાં હોવાપણું છે તેને પકડે ત્યાં ભ્રમ મટી જાય છે. અનાદિથી ભ્રમણા લાગેલી હતી તે ટળી જાય છે. સમ્યક્ બોધ



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

પ્રગટ થાય છે, છ એ દ્રવ્યો ભિન્ન છે અને તેના ગુણ, પર્યાય પણ ભિન્ન ભિન્ન છે-સૌના ગુણ, પર્યાય સૌમાં છે. પરમાણુ દ્રવ્ય છે, સ્પર્શ, રસ, ગંધાદિ તેના ગુણ છે અને ચાલવું, બોલવું આદિ તેની અવસ્થા છે, તેમ જીવ એક દ્રવ્ય છે, તેના જ્ઞાન, દર્શન, સુખાદિ ગુણો છે અને જ્ઞાન, દર્શનાદિની નિર્મળ અવસ્થા તે જીવની પર્યાય છે. આમ, જીવ અને પુદ્‌ગલ તદ્દન જુદાં બે દ્રવ્ય છે.

લોકોમાં ભેદજ્ઞાનરૂપ ધર્મની વાત સાંભળવી પણ કઠણ પડે એવી સ્થિતિ છે. દયા પાળો, વ્રત કરો, તપ કરો,....એ જ ધર્મ છે એમ માની બેઠા છે. આટલાં માણસોને માંસ છોડાવ્યું, આટલાં માણસો સામાયિક કરીને બેઠાં, આટલા દિવસો ધર્મના ઉજવ્યાં....એમ રાગના કાર્યોને જ ધર્મનાં માને છે તે અંધકારમાં પ્રકાશ માનનારા અજ્ઞાની છે.

પરથી અને રાગથી ભિન્ન ભગવાન આત્મા જ્ઞાનમાં આવ્યા વગર ભ્રમણા મટે એમ નથી. ભ્રમણા જાય તો છ એ દ્રવ્ય પોત પોતાનું કામ કરી રહ્યા છે તે દેખાય. શરીર શરીરનું કામ કરે છે, કર્મ કર્મના કારણે બંધાય છે અને છૂટે છે અને જીવ પોતાના જ્ઞાનભાવને કરે છે. આવું કર્તા-કર્મનું સ્વરૂપ છે. કર્તા-કર્મની આટલી સ્પષ્ટતા સમયસાર જેવી બીજે ક્યાંય આવતી નથી.

**नासे दुख लख्यौ मुख पूरन परमकौ।** ભેદજ્ઞાન થતાં પોતાના પૂરણ પરમાત્માનું મુખ જોવા મળ્યું અને દુઃખો તો બધાં નાસી ગયાં. આનંદઘન ચૈતન્યને પરખ્યો તેમાં પૂર્ણ પરમાત્માનું સ્વરૂપ દેખાવા લાગ્યું. ત્યાં અજ્ઞાનજનિત દુઃખ બધાં ટળી ગયાં.

**करमकौ करतार मान्यौ पुद्‌गल पिंड।** હું તો જ્ઞાન ને આનંદસ્વરૂપ છું એવો જ્યારે વિવેક જાગ્યો ત્યારે ખરેખર કર્મનો કર્તા પુદ્‌ગલ છે, રાગનું આચરણ પણ જડનું છે, મારું નથી, હું તો મારા સ્વભાવનો કર્તા છું-એમ જ્ઞાની જાણવા લાગે છે.

અજ્ઞાની તો વ્રત પાળે, તપ કરે, ચાર આહારને છોડે પણ વસ્તુના સ્વરૂપને અને તેની ક્રિયાને તો જાણતો નથી. ભગવાન આત્મા દેહની ક્રિયાને છોડવા-મૂકવાથી રહિત છે. એ તો અજ્ઞાની જાણતો નથી અને ક્રિયાનો બોજો માથે લઈને ફરે છે. ઉપરથી વાદ-વિવાદ કરે છે પણ વિવેક જાગૃત કરતાં નથી.

**आप करतार भयौ आतम धरमकौ।** આમ કહ્યું તેમાં રાગનો કર્તા જ્ઞાની થતો

નથી એ વાત પણ આવી ગઈ. જ્ઞાની પોતાના આત્માના ધર્મને એટલે કાર્યને કરે છે પણ રાગને કે દેહની ક્રિયાને કરતાં નથી. ધર્મી પોતાના જ્ઞાન-દર્શન-આનંદના કર્તા થાય છે તે ધર્મ છે અને તે જ વિવેકજ્ઞાન છે.

સંસારના ભણતરમાં કેટલો વખત ગાળે છે પણ આ અંતરનો-ભેદજ્ઞાનનો અભ્યાસ કરવા માટે વખત કાઢતાં નથી. બાયડી, છોકરા માટે અને આબરૂ માટે મજૂરી કરી કરીને મરી જાય છે પણ આત્માના અભ્યાસ માટે તો વખત મળતો નથી. એમ ને એમ ભવ હારી જાય છે. જે પોતાની ચીજ નથી તેને માટે તો જીવન ગાળી નાંખે છે અને પોતાના કાર્ય માટે એને સમય નથી.

જે ભેદજ્ઞાનનો અભ્યાસ કરીને પોતાના જ્ઞાનાનંદનો કર્તા થાય છે તે ધર્મનો કર્તા છે. આવો ધર્મી જીવ પોતાને સ્વભાવનો કર્તા અને કર્મનો અકર્તા જાણવા લાગે છે.

जाही समै जीव देहबुद्धिकौ विकार तजै,
वेदत सरूप निज भेदत भरमकौं।
महा परचंड मति मंडन अखंड रस,
अनुभौ अभ्यासि परगासत परमकौं।।
ताही समैं घटमैं न रहै विपरीत भाव,
जैसैं तम नासै भानु प्रगटि धरमकौं।
ऐसी दशा आवैं जब साधक कहावै तब,
करता व्है कैसे करै पुद्गल करमकौ।।३।।

जाही समै जीव देहबुद्धिकौ विकार तजै। જ્યારે જીવ દેહ અને વિકાર હું છું એવી બુદ્ધિને તજે છે એમ કહ્યું છે. કર્મ ઘટે કે કર્મ ટળે ત્યારે આવો વિવેક આવે એમ નથી પણ જીવ જ્યારે પુરુષાર્થથી દેહબુદ્ધિને તજે છે ત્યારે તેને સમ્યક્ વિવેક પ્રગટે છે, ભ્રમણાનો નાશ થાય છે અને પોતાનું આનંદસ્વરૂપ પ્રત્યક્ષ વેદનમાં આવે છે. આનું નામ ભેદજ્ઞાન અને એનું જ નામ સમ્યક્જ્ઞાન છે. અનાદિથી પુણ્ય-પાપનું વેદન છે તે ભ્રમણાનું અર્થાત્ મિથ્યાત્વનું વેદન છે. અજ્ઞાનમાં પણ જીવને સ્ત્રીના શરીરનું કે દાળ-ભાત-શાકનું કે મકાનનું વેદન નથી. વેદન તો એને હરખ-શોક અને રાગ-દ્વેષના પરિણામનું છે, પરદ્રવ્યનું વેદન નથી.

www.vitragvani.com



અનંતકાળમાં નરક-નિગોદથી માંડીને નવમી ગ્રૈવેઈક સુધીમાં જીવે વિકારને જ વેદ્યો છે-સંયોગને વેદ્યા નથી. શુભા-શુભ વિકારી ભાવને જ વેદ્યા છે. પુણ્ય-પાપભાવનો કર્તા થાય છે અને તેને જ ભોગવે છે. ભાવનું જ વેદન છે, વસ્તુનું વેદન નથી. રાગ-દ્વેષ, હરખ અને શોકનું વેદન છે તે અજ્ઞાનવેદન છે. પોતે નિર્વિકારસ્વરૂપ છે તેની તો અજ્ઞાનીને ખબર નથી.

જ્યારે આત્મા જ્ઞાની થાય છે ત્યારે **वेदत सरूप निज, भेदत भरमकौ।**-પોતાના આનંદસ્વરૂપને વેદે છે-અનુભવે છે અને રાગનું વેદન મારું છે એવી ભ્રમણાનો નાશ થાય છે. આ ધર્મની કળા અને આ જ ધર્મની રીત છે.

**महा परचंड मति....** અત્યંત તીવ્ર બુદ્ધિને સુશોભિત કરનાર પૂર્ણરસથી ભરેલા અનુભવના અભ્યાસથી પરમાત્માનો પ્રકાશ કરે છે ત્યારે સૂર્યના ઉદયથી નષ્ટ થયેલ અંધકારની જેમ કર્મના કર્તાપણાનો વિપરીત ભાવ હૃદયમાં રહેતો નથી. મતિ અને શ્રુતજ્ઞાન સ્વસન્મુખ થઈને અનુભવ થતાં મતિ-શ્રુતજ્ઞાનનું પ્રચંડ તેજ પ્રગટ થતાં રાગની એકતાનો અંધકાર ટળી જાય છે અને અતીન્દ્રિય આનંદનો રસ જે અખંડ છે, તેને વેદતું મતિજ્ઞાન અનુભવના અભ્યાસ વડે પરમસ્વભાવનો પ્રકાશ કરે છે. હું પરમાત્મા છું એવો પ્રકાશ થાય છે. **अनुभवौ अभ्यासि परगासत परमकौं।**-અનાદિથી સ્વરૂપના અસ્તિત્વના ભાન વિના રાગ અને વિકલ્પના અસ્તિત્વને જ પોતાનું કર્તવ્ય માનતો અંધકારમાં પડ્યો હતો તે હવે મતિ-શ્રુત જ્ઞાનના તેજના બળ વડે પોતાના અનુભવના અભ્યાસ દ્વારા પરમાત્માની શક્તિનો પ્રકાશ સુશોભિત કરે છે.

કેટલીક સરળ ભાષામાં મૂળ વાત કરી દીધી છે! શુદ્ધ વિજ્ઞાનઘન એવા પરમસ્વરૂપને રાગથી ભિન્ન પડીને પ્રકાશિત કરે છે. રાગથી ભિન્ન પડીને પોતાના પરમ સ્વરૂપનો અનુભવ કરવો તે જ સમ્યક્ જ્ઞાન અને વિવેક છે.

**ताही समैं घटमैं न रहै विपरीत भाव,** જ્યારે વિકલ્પથી ભિન્ન પોતાના પરમાત્મ-સ્વરૂપનું ભાન થાય છે, તે સમયે વિપરીતભાવ એટલે કે રાગની એકતાબુદ્ધિ પોતાના ભાવમાં રહેતી નથી. જેમ સૂર્યનો ઉદય થતાં અંધકાર નાશ પામે છે તેમ અનુભવના અભ્યાસ વડે જ્ઞાનસૂર્યનો ઉદય થતાં કર્મના કર્તાપણાનો વિપરીતભાવ હૃદયમાં રહેતો નથી-નાશ પામે છે.

જે સમયે રાગ અને કર્મની બુદ્ધિનો નાશ થઈ આત્મસ્વભાવની બુદ્ધિ થાય



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



છે ત્યાં રાગની એકતાની ભ્રમણા રહેતી નથી. ગાથા દીઠ ભિન્ન ભિન્ન ભાષામાં ભિન્ન ભિન્ન ભાવની સ્પષ્ટતા છે. સાધારણ માણસને બધું એક જેવું લાગે પણ એક નથી. અનેક પ્રકારની સ્પષ્ટતા છે.

**ऐसी दशा आवै जब साधक कहावै तब....** આત્માનો સાધક ક્યારે કહેવાય કે જ્યારે ઉપર કહી તેવી દશા પ્રગટ થાય ત્યારે તે આત્માનો સાધક કહેવાય છે. ચોથા ગુણસ્થાનથી જ સાધક કહેવાય છે. રાગની એકતા તોડીને સ્વભાવની એકતાને સાધતો-પરમાત્માને સાધતો સાધક પૌદ્ગલિક કર્મો કેવી રીતે કરે!

ધર્મીજીવ પુદ્ગલને અને રાગને કેમ કરે! સૂર્ય ઊગે ત્યાં અંધકાર કેમ રહે! તેમ ચૈતન્યપ્રકાશના તેજની ક્રિયાને કરતો ધર્મી રાગની એકતાના અંધકારને કેમ રાખે!

અનાદિથી વિકારનો સાધક હતો તે હવે આત્મસ્વભાવનો સાધક થયો તેનું જ નામ ધર્મ છે. આ માર્ગે જવાની રીત આ છે એમ પહેલા સમજે તો તેને અંતર્મુખ થવાનો પ્રયોગ કરાવાનો અવસર આવે પણ જો સમજણ જ ખોટી હોય તો અંતરમાં ઉતરવાનો પ્રયત્ન સાચો થાય જ નહિ.

જુઓ ને! વ્યવહાર પહેલો હોય પછી નિશ્ચય થાય એવો ઉલટો પ્રચાર ચાલે છે....સોનું ને પથ્થર સાથે છે તેમાંથી સોનું છૂટું પડે છે તે પોતાથી પડે છે, પથ્થર સાધક નથી તેમ રાગથી જ્ઞાન થતું નથી. રાગ તો અંધકાર છે, અંધકારમાં પેસવાથી અજવાળુ થતું નથી. રાગથી ધર્મનું સાધન ન થાય. શાસ્ત્રમાં રાગને વીતરાગતાનું સાધન વ્યવહારથી કહ્યું છે પણ વ્યવહાર તો અન્યથા કથન કરે છે. ખરેખર રાગ તે વીતરાગતાનું કારણ નથી. મોક્ષમાર્ગ પ્રકાશકમાં ટોડરમલજીએ એકદમ સ્પષ્ટ કર્યું છે કે વ્યવહાર છે ખરો પણ તેની શ્રદ્ધા કરવાની નથી.

ભગવાન આત્મા જ્ઞાતા-દ્દષ્ટા છે તેમાં વિકલ્પમાત્રનો અભાવ છે એવું જેને ભાન થાય છે તે જ્ઞાની પૌદ્ગલિક કર્મોને કર્તા થઈને કેવી રીતે કરે! તેમ જ રાગનો કર્તા થઈને રાગને કેવી રીતે કરે! એ તો પોતાની જ્ઞાનની ક્રિયાને કરે, આનંદની ક્રિયાને કરે પણ રાગની ક્રિયાને કેમ કરે!

અહીં કહે છે-વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થશે એમ માનવું રહેવા દેજે. વ્યવહારનું કર્તાપણું છોડીશ ત્યારે તને સાધકપણું પ્રગટ થશે. વ્યવહાર સાધન છે



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અને નિશ્ચય તેનું સાધ્ય છે એ કથનમાત્ર કહેવાય છે ખરેખર એમ નથી. રાગથી આત્માની શુદ્ધિ વધતી જ નથી, સ્વભાવનો આશ્રય કરતાં કરતાં શુદ્ધિ વધે છે. છઠ્ઠા ગુણસ્થાનની શુદ્ધિ છે તે સાતમા ગુણસ્થાનના શુદ્ધિનું કારણ છે પણ એમ લાંબુ કથન ન કરતાં છઠ્ઠામાં શુદ્ધિની સાથે રહેલો રાગ કેવી જાતનો હોય એ બતાવીને તેને જ સાતમાની શુદ્ધિનો સાધક કહી દીધો છે, પણ ખરેખર તો શુદ્ધિ જ શુદ્ધિનું કારણ થાય છે.

★ આહાહા! શું કથન છે! વ્યવહારથી નિશ્ચય થાય છે, નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થાય, પૂર્વપર્યાય કારણ ને ઉત્તરપર્યાય કાર્ય-એ બધાં વ્યવહારના વચન છે, એક એક સમયની પર્યાય-ચાહે તો કેવળજ્ઞાન હો, ચાહે તો નિગોદના જીવની અક્ષરના અનંતમાં ભાગની જ્ઞાનની પર્યાય હો, ચાહે તો મિથ્યાત્વ હો કે ચાહે તો રાગનો કણ હો-એ બધી પર્યાયનું અસ્તિત્વ જગતમાં, છ દ્રવ્યમાં છે પણ તે અસ્તિત્વ એવું છે કે જેમ છ દ્રવ્યસ્વરૂપ લોક છે તેમ પર્યાય પણ પોતામાં, પોતાથી, પોતાના કારણથી છે, જેમ દ્રવ્ય ને ગુણ પોતામાં, પોતાથી છે તેમ પર્યાય પણ પોતામાં, પોતાથી, પોતાના કારણથી છે.

★ મુખ્ય વાત તો એ છે કે ભગવાન આત્મા ત્રિકાળી વસ્તુ તરીકે તો પર્યાયથી રહિત છે છતાં પર્યાયાર્થિકનયથી તેનું જે પરિણમન છે તે ક્રમસર થાય છે, આઘી-પાછી થતી નથી; તો પછી પુરુષાર્થ ક્યાં રહ્યો!-કે ક્રમસર થશે એવો નિર્ણય ક્યારે થાય?-પર્યાયમાં રહીને પર્યાયનો નિર્ણય ન થાય, જ્ઞાયકસ્વભાવના લક્ષે ક્રમબદ્ધનો નિર્ણય થાય અને તે જ પુરુષાર્થ છે. જે પર્યાય થવાની હશે તે થશે તેનો નિર્ણય કોણે કર્યો?-કે ત્રિકાળી જ્ઞાયકસ્વભાવનો જેણે નિર્ણય કર્યો છે તેને 'જે થવાનું હશે તે થશે' એવો સાચો નિર્ણય આવે છે.

*-પૂજ્ય ગુરુદેવશ્રી*



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

# કર્તાકર્મની બુદ્ધિ અજ્ઞાન છે

(સળંગ પ્રવચન નં. ૩૮)

શ્રી નાટક સમયસારનો આ કર્તા-કર્મ-ક્રિયા અધિકાર છે, તેનો ત્રીજો કળશ અને ચોથું પદ્ય છે. તેમાં કહે છે કે આત્મા કર્મનો કર્તા નથી માત્ર જ્ઞાતા-દૃષ્ટા છે.

जगमैं अनादिकौ अग्यानी कहै मेरौ कर्म,
करता मैं याकौ किरियाकौ प्रतिपाखी है।
अंतर सुमति भासी जोगसौं भयौ उदासी,
ममता मिटाई परजाइ बुद्धि नाखी है।।
निरभै सुभाव लीनौ अनुभौके रस भीनौ,
कीनौ विवहारदृष्टि निहचैमैं राखी है।
भरमकी डोरी तोरी धरमकौ भयौ धोरी,
परमसौं प्रीति जोरी करमकौ साखी है।।४।।

અર્થઃ-સંસારમાં અનાદિકાળનો આ અજ્ઞાની જીવ કહે છે કે કર્મ મારું છે, હું એનો કર્તા છું અને આ મારું કરેલું છે. પરંતુ જ્યારે અંતરંગમાં સમ્યગ્જ્ઞાનનો ઉદય થયો ત્યારે મન-વચનના યોગોથી વિરક્ત થયો, પરપદાર્થોથી મમત્વ ખસી ગયું, પર્યાયમાંથી અહંબુદ્ધિ છૂટી ગઈ, નિઃશંક નિજસ્વભાવ ગ્રહણ કર્યો, અનુભવમાં મગ્ન થયો, વ્યવહારમાં છે તોપણ નિશ્ચય ઉપર શ્રદ્ધા થઈ, મિથ્યાત્વનું બંધન તૂટી ગયું, આત્મધર્મનો ધારક થયો, મુક્તિમાં પ્રેમ કર્યો અને કર્મનો માત્ર જ્ઞાતા-દૃષ્ટા થયો, કર્તા ન રહ્યો.

જેને વસ્તુના સ્વભાવનું ભાન નથી, જ્ઞાન અને આનંદનું ધામ ભગવાન આત્મા જેની દૃષ્ટિમાં આવ્યો નથી તેને હું જ્ઞાયક છું એમ તો ભાસતું નથી તેથી પુણ્ય-પાપના વિકલ્પો જ ભાસે છે અને તેનો હું કર્તા છું અને એ મારું કાર્ય છે એમ માને છે.

**जगमैं अनादिकौ अज्ञानी कहै मेरौ कर्म**-તેનો અર્થ આ છે કે જ્ઞાન, દર્શન, આનંદ સ્વભાવમાં દૃષ્ટિ નહિ હોવાથી અને વિભાવ-પુણ્ય, પાપના વિકલ્પો-તે જ હું અને એ જ મારું કાર્ય એમ અજ્ઞાની માને છે. મારા અસ્તિત્વમાં વિકાર થાય છે માટે વિકાર એ જ મારું કાર્ય

www.vitragvani.com



છે એમ માને છે.

**करता मैं याकौ किरियाकौ प्रतिपाखी है।** વર્તમાનમાં જે પુણ્ય-પાપના વિકલ્પો થાય છે તેનો જ અજ્ઞાનીને ભાસ છે, પોતાનું મૂળ સ્વરૂપ તો ભાસતું નથી તેથી આ પુણ્ય-પાપની ક્રિયાનો જ પોતાને કર્તા માને છે-ક્રિયાનો જ એને પક્ષપાત છે, હું ચૈતન્યમૂર્તિ છું એવો પક્ષ નથી. અનાદિથી જીવની આ દશા છે. નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક સુધી જનારા દ્રવ્યલિંગી સાધુને ક્રિયાનો પક્ષપાત છે પણ હું ચૈતન્યમૂર્તિ છું એવો પક્ષપાત નથી.

જ્ઞાનનો પિંડલો અને આનંદના ધામની દૃષ્ટિ તો અનાદિથી જીવને છે જ નહિ, પર્યાયબુદ્ધિ છે એટલે જે પ્રગટ અંશ છે એટલો જ હું છું એમ અજ્ઞાની માને છે. હું તો વિકલ્પ વિનાની ચીજ છું એવી અંતરમુખ દૃષ્ટિ તો થઈ નથી તેથી પર્યાયમાં જ અહંબુદ્ધિ ધારીને બેઠો છે. વિકારની પરિણતિ વર્તી રહી છે તેનો હું કર્તા છું અને એ મારું કાર્ય છે એમ જ એને ભાસે છે. વ્યવહારથી ધર્મ થાય, પુણ્યથી પવિત્રતા થાય એવો એને પક્ષ બંધાઈ ગયો છે.

ચૈતન્યમૂર્તિ મહાપ્રભુ તો આનંદનો અને જ્ઞાનનો રસિયો હોય પણ અનાદિથી તેને એ રસિકતા છૂટી ગઈ છે ને રાગની રસિકતા થઈ ગઈ છે. એનો સ્વભાવ તો વીતરાગસ્વભાવ અર્થાત્ જ્ઞાતાદૃષ્ટા સ્વભાવ છે પણ તેની સન્મુખ દૃષ્ટિ નહિ કરતાં રાગની દૃષ્ટિ કરી છે તેથી જ્યાં હોય ત્યાં આ કામ મેં કર્યું-એમ કર્તાબુદ્ધિ કરે છે. આ પુસ્તક મેં બનાવ્યું છે એમ કરીને તેનો કર્તા થાય છે, જે વિકલ્પ ઊઠે છે તેની સંભાળમાં તેનો પક્ષપાત થઈ જાય છે.

પ્રથમ બે પદમાં (કડીમાં) અનાદિના અજ્ઞાનીના પક્ષપાતની સિદ્ધિ કરી, હવે કહે છે- **अंतर सुमति भासी**....અંતરમાં જેને સમ્યગ્જ્ઞાનનો ઉદય થયો કે અરે! હું તો પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન જ્ઞાનાનંદસ્વરૂપ વસ્તુ છું, વિકલ્પ અને રાગ તો મેલ છે, તે મારી ચીજ નથી- એમ જાણતાં હવે તે જોગથી ઉદાસ થયો એટલે કે મન-વચન-કાયાના યોગથી વિરક્ત થયો, રાગથી ઉદાસ થયો અને સ્વભાવના આસનમાં દૃષ્ટિ લગાવી.

આ મારગડા કોઈ જુદા બાપુ! આ કોઈ કલ્પિત વાત નથી. ભાષા ટૂંકી પણ ભાવ બહુ મોટા છે-ઊંચા છે.

અંતરમાં ચૈતન્યસૂર્યનો ઉદય થતાં અંતરમાં સમતા થાય છે અને રાગની મમતા ટળી જાય છે. આ વિકલ્પ મારા છે એવી બુદ્ધિ છૂટી જાય છે. વિકલ્પોથી પોતે ઉદાસ થઈ જાય છે. દ્રવ્યબુદ્ધિ થતાં પર્યાયબુદ્ધિ નાખી દે છે અર્થાત્ છૂટી જાય છે.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**निरमै सुभाव लीनौं** એટલે કે નિઃશંક ગુણ પ્રગટ થયો. મૂળ શ્લોકમાં-પાઠમાં **अभय** શબ્દ છે તેનો અર્થ નિર્ભય કર્યો છે. સ્વભાવની નિઃશંકતાને લીધે હવે જ્ઞાનીને કોઈ ભય રહ્યો નથી.

ભગવાન આત્મા મન-વચન-કાયાની ક્રિયાથી પહેલે પાર છે, વિકલ્પથી પાર છે એવી દૃષ્ટિ નહિ કરે ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ પુણ્યની ક્રિયા કરી કરીને મરી જાય તોપણ નિગોદના પંથે છે.

શ્રોતાઃ-પુણ્યની ક્રિયા કરે અને નિગોદમાં ચાલ્યો જાય?

પૂજ્ય ગુરુદેવશ્રીઃ-પુણ્યની ક્રિયા તે રાગ છે અને સ્વભાવ તો પરમ પવિત્ર છે તેની સાથે રાગને મિલાવે છે તે મિથ્યાત્વ છે. આ મિથ્યાત્વ જ નિગોદનું બીજ છે. રાગની ક્રિયા મારી છે એમ પક્ષપાત કરે છે તે મિથ્યાદૃષ્ટિ છે અને મિથ્યાત્વનું ફળ નિગોદ છે.

શ્રોતાઃ-ઘણી ક્રિયા કરતાં છતાં ખાલી જ રહે છે!

પૂજ્ય ગુરુદેવશ્રીઃ-અજ્ઞાનમાં બધું ખાલી જ છે. સ્વપ્નમાં સુખડી ખાય પણ પેટ તો ખાલી જ રહે તેના જેવું છે. એક કઠિયારાને બહુ ભૂખ લાગી હતી ને સ્વપ્નામાં ગરમ ગરમ સુખડી ખાધી પણ જ્યાં જાગે તો પેટ ખાલી જ હતું. તેમ અજ્ઞાનમાં રાગની ક્રિયા ઘણી કરે તેને એમ લાગે કે મારું દુઃખ ટળે છે ને શાંતિ થાય છે એમ મિથ્યાભ્રમ થાય છે પણ જ્યાં જ્ઞાનમાં જાગીને જુએ ત્યાં ખ્યાલ આવે છે કે અરે! આ રાગની ક્રિયા મારી નથી. તેનાથી મારી અશાંતિ મટે નહિ. હું તો રાગની ક્રિયાથી પાર છું.

**अनुभौके रस भीनौ**-નિઃશંક નિજસ્વભાવને ગ્રહણ કરતાં અનુભવમાં મગ્ન થઈ જાય છે. રાગથી ભિન્ન સ્વભાવને જોતાં તેના જ્ઞાનનંદરસમાં મગ્ન થઈ જાય છે. **कीनौ विवहारदृष्टि निहचैमैं राखी है।**-એટલે કે જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી જ્ઞાનીને વિકલ્પો હોય છે તે વ્યવહાર છે-એ હોય છે પણ દૃષ્ટિ નિશ્ચયમાં સ્થાપેલી છે, શ્રદ્ધા તો નિશ્ચયની છે. વ્યવહારમાં છે તોપણ નિશ્ચયસ્વભાવ ઉપર દૃષ્ટિ ગઈ છે. શુભભાવ છે છતાં દૃષ્ટિ નિશ્ચયસ્વભાવ ઉપર ગઈ છે તે જ્ઞાની છે. અશુભ અને શુભ બંને ભાવ મારા સ્વભાવમાં નથી હું તો શુદ્ધ સ્વભાવી છું એવી નિશ્ચયદૃષ્ટિ સદાય વર્તી રહી છે. તેથી શુભાશુભભાવ થવા છતાં તે મારા છે એવી દૃષ્ટિ જ્ઞાનીને થતી નથી.

**भरमकी डोरी तोरी**-ભ્રમ એટલે મિથ્યાત્વની દોરી જ્ઞાનીએ તોડી નાખી છે. તેથી મિથ્યાત્વકર્મનું બંધન પણ જ્ઞાનીને થતું નથી. **धरमकौं भयौ धौरी**-જ્ઞાની આત્માના ધર્મનો ધારક થયો છે. ધોરી બળદ જેમ માલને ધરીને આગળ લઈ જાય છે તેમ ધર્મના ધોરી જ્ઞાની પોતાના



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

ધર્મને ધારીને આગળ વધે છે. રાગ રહિત નિર્મળ શ્રદ્ધા, જ્ઞાનને ધારે છે તે ધર્મના ધારક ધર્મી છે.

**પરમસૌં પ્રીતિ જોરી**-પરમ એટલે પરમાત્મા; પોતાના પરમાત્મસ્વભાવની પ્રીતિ થઈ છે. મુક્તિની લગની લાગી છે અને કર્મની પ્રીતિ તૂટી ગઈ છે તેથી રાગાદિ વિકલ્પ ઊઠે છે તેના સાક્ષી છે પણ કર્તા થતાં નથી. રાગાદિને ધર્મી પોતાના માનતા નથી. તેને તો મુક્તિ સાથે પ્રીતિ લાગી છે. પુણ્ય-પાપ થાય છે પણ તેનો સાક્ષી છે, કર્તા નથી તે જ્ઞાની છે.

એક એક શ્લોક જુઓ તો ખરા! દરિયો ભર્યો છે. આ સમજવું એ એક જ કરવા જેવું કાર્ય છે, બાકી બધાં પાપના પોટલાં છે.

છોકરીને સગપણ થાય ત્યારથી જ કેવો અભિપ્રાય પલટાય જાય છે કે આ પિતાનું ઘર તે મારું નહિ, જે નક્કી કર્યું છે તે ઘર અને તે વર મારા છે. સગપણ બે વર્ષ રહે ત્યાં સુધી પિતાના ઘરમાં જ છે-બહારમાં કાંઈ ફેરફાર થયો નથી પણ મનમાં તો પતિ અને તેનું ઘર જ પોતાનું છે એમ ઘૂંટાય છે. તેમ ધર્મીને સ્વભાવ સાથે સગપણ થયું છે તેથી રાગમાં ઊભો હોવા છતાં રાગમાં એકત્વ થતું નથી એને તો સ્વભાવ જ ઘૂંટાય છે. પુણ્ય-પાપનો સ્વામી તે થતો નથી એ તો પોતાના ચૈતન્યસ્વભાવનો જ સ્વામી થઈને રહે છે. રાગ ટળતાં વાર લાગે ત્યાં સુધી રાગ રહે છે પણ દૃષ્ટિ તો ચૈતન્ય ઉપર જ સ્થપાયેલી રહે છે.

આમ, દૃષ્ટિ ફરતાં સંયોગ તો જેમ છે તેમ જ હોવા છતાં કુટુંબ, ધનાદિ કોઈમાં મારાપણું થતું નથી. જે મારા હોય તે મારાથી જુદાં ન પડે. મારો તો જ્ઞાનસ્વભાવ છે તે જ મારો છે, બીજું કાંઈ મારું નથી.

હવે કહે છે કે ભેદવિજ્ઞાની જીવ લોકોને કર્મનો કર્તા દેખાય છે પણ તે વાસ્તવમાં અકર્તા છે. જ્ઞાની પણ બધાંની સાથે રહેતા હોય, ખાતાં હોય, પીતાં હોય, ધંધો કરતાં હોય પણ અંદરમાં બધાંથી નિરાળા રહે છે તે કોઈને દેખાય નહિ તેથી ધર્મી કર્મના કર્તા અજ્ઞાનીને દેખાય છે પણ ખરેખર કર્તા નથી.

जैसौ जो दरव ताकै तेसौ गुन परजाय,
ताहीसौं मिलत पै मिलै न काहु आनसौं।
जीव वस्तु चेतन करम जड़ जातिभेद,
अमिल मिलाप ज्यौं नितंब जुरैं कानसौं।।
ऐसौं सुविवेक जाकै हिरदै प्रगट भयौ,

ताकौ भ्रम गयौ ज्यौं तिमिर भागै भानसौं।
सोई जीव करमकौ करता सौ दीसै पै,
अकरता कह्यौ है सुद्धताके परमानसौं।।५।।

અર્થઃ-જે દ્રવ્ય જેવું છે તેવા જ તેના ગુણ-પર્યાય હોય છે અને તે તેની સાથે જ મળે છે. બીજા કોઈ સાથે મળતાં નથી. ચૈતન્યજીવ અને જડકર્મમાં જાતિભેદ છે, તેથી મોતી અને કાનની જેમ તેમનામાં ભિન્નતા છે, આવું સમ્યગ્જ્ઞાન જેના હૃદયમાં જાગૃત થાય છે તેનું મિથ્યાત્વ સૂર્યના ઉદયમાં અંધારાની જેમ દૂર થઈ જાય છે. તે કર્મનો કર્તા લોકોને દેખાય છે પરંતુ રાગ-દ્વેષ આદિ રહિત શુદ્ધ હોવાથી તેને આગમમાં અકર્તા કહ્યો છે.

અહીં મોતી અને કાનની એટલે કે કાન અને તેમાં પહેરેલાં બુટિયાની ભિન્નતા બતાવીને બે દ્રવ્યની ભિન્નતા બતાવી છે. બહેનો ઘરેણાં પહેરે છે ને! કાલે શેઠની ટપાલ આવી છે તેમાં લખે છે કે, 'ઘરમાં માસાહેબ એકલાં હતાં અને ચોર આવીને પચાસ-સાઈઠ હજારનો દાગીનો લઈ ગયા પણ માતાએ આપના વચનો અનુસાર શાંતિ અને સમાધાન રાખ્યું છે. જે વસ્તુ જ્યાં જવાની હોય, જેમ રહેવાની હોય તેમ રહે છે. એમ જાણીને આકુળતા કે આર્ત્તધ્યાન કર્યું નથી.' જડના પરમાણુ કોઈના રાખ્યા રહે તેમ નથી, એ જ્યાં જવાના હશે ત્યાં જશે તેમાં ફેરફાર કરવા કોઈ સમર્થ નથી એટલી તો દરેક મુમુક્ષુને ખાતરી હોવી જોઈએ. એવી ખાતરી ન હોય તો આર્ત્તધ્યાન કરીને પાપ બાંધે પણ વસ્તુમાં ફેરફાર ન થાય.

દૃષ્ટિમાં પરમાં મમત્વ છે એટલે એને દુઃખ થાય છે કે અરે રે! મારી વસ્તુ ચાલી ગઈ પણ ભાઈ! એ તારી હતી જ નહિ. તું દૃષ્ટિમાંથી પરનું મમત્વ છોડી દે તો તેને દુઃખ નહિ થાય. તું તો જ્ઞાન ને આનંદનું ઘર છો તેમાંથી કોઈ કાંઈ લૂંટી શકે તેમ નથી. બાકી પર વસ્તુ તો રહેવાની હોય તો રહે અને જવાની હોય તો જાય. તેને રાખવા ત્રણ કાળમાં કોઈ સમર્થ નથી.

जीव वस्तु चेतन करम जड़ जातिभेद,-જેમ કાનની સાથે લવિંગીયા પહેર્યાં હોય તે લટકતાં હોય પણ તેનું મોતી અને કાન એક થઈ જતાં નથી, જુદી વસ્તુ જુદી જ રહે છે તેમ જીવ અને કરમની જાતિ જ જુદી છે તે કદી એક થતાં નથી. ऐसी सुविवेक जाकै हिरदै प्रगट भयौ,-જે દ્રવ્ય જેવું છે તેવા જ તેના ગુણ-પર્યાય હોય છે, તે ગુણ-પર્યાય બીજાં દ્રવ્યમાં મળતાં નથી. ભગવાન આત્મા એક જીવદ્રવ્ય છે, જ્ઞાન અને આનંદ તેના ગુણ છે અને તેવી જ નિર્મળદશા તે તેની પર્યાય છે, મલિન પર્યાય તે તેની પર્યાય નથી. રાગાદિની મલિનપર્યાય અને પુણ્ય-પાપની ક્રિયા તે આત્માની ક્રિયા નથી આવો વિવેક જેને પ્રગટ થાય છે તેનો મિથ્યા

www.vitragvani.com



અંધકાર તુરત નાશ પામે છે.

જે દ્રવ્યના ગુણ અને પર્યાય હોય તેનો તે દ્રવ્યની સાથે જ મેળ ખાય. બીજાં દ્રવ્ય સાથે તેનો મેળ ન ખાય. ભગવાન આત્મા જાણવા-દેખવાના ગુણવાળું દ્રવ્ય છે તો તેની પર્યાય જાણનાર-દેખનાર થાય તે જ તેની પર્યાય છે. પુણ્ય-પાપના રાગવાળી પર્યાય સાથે તેનો મેળ ખાતો નથી. કાન અને મોતી જેમ મળતાં નથી તેમ આત્માની નિર્મળ પર્યાય અને મલિન એવી રાગાદિ પર્યાય બંને મળતી નથી. બંનેની જાતિમાં ફેર છે. શરીરની જાતિ તો જુદી જ છે પણ રાગની પર્યાય સાથે પણ આત્માની નિર્મળ પર્યાયને મેળ ખાતો નથી.

ભગવાન આત્મા તો જાણનાર-દેખનાર ચેતન છે અને પુણ્ય-પાપ કર્મ તો અચેતન છે તે આત્માની જાતના નથી.

ભગવાન આત્મા તો જાણનાર-દેખનાર ચેતન છે અને પુણ્ય-પાપ કર્મ તો અચેતન છે-તે આત્માની જાતના નથી.

બનારસીદાસે માખણ જેવા એક એક પદ બનાવ્યા છે.

આત્મા તો ચેતન છે તો ચેતનમાં રાગ-દ્વેષ આવે! વ્યવહારરત્નત્રયનો વિકલ્પ આવે છે તે ચેતન નથી. જીવને અને તેને જાતિભેદ છે તો બીજાં કાર્યનો કર્તા તો આત્મા કેમ હોય! ન્યાલચંદભાઈ સોગાનીના પુસ્તકમાં લખ્યું છે કે પંગુ સમજીને શરીર ટકાવવા માટે બે ટાઈમ આહાર દ્યો, હું તો પંગુ છું. પોતાને કલકત્તામાં કાપડનો ધંધો ચાલતો હતો છતાં આમ કહેતાં હતાં.

**अमिल मिलाप ज्यौं नितंब जुरै कानसौं।**-જેમ કાનનો અને મોતીનો મિલાપ થતો નથી. તેમ ચેતન અને અચેતનનો મિલાપ થતો નથી. જડ અને ચૈતન્યને જાતિભેદ હોવાથી તે કદી એક થતાં નથી. આવી વસ્તુસ્થિતિ છે. ભાઈ! તેની સમજણ કર! તેનું જ્ઞાન કર! તેનું ધ્યાન કર! બાકી બધા ક્રિયાકાંડો હો પણ તેનો કર્તા આત્મા નથી.

આવો સુવિવેક જેના હૃદયમાં પ્રગટ થયો કે ચૈતન્યસ્વભાવ અને રાગને મેળ નથી-અમેળ છે-બંનેને જાતિભેદ છે એમ જાણનાર જ્ઞાનીની દૃષ્ટિમાં રાગ આવતો નથી. જેમ સૂર્ય ઊગે ત્યાં અંધકાર રહેતો નથી તેમ સ્વભાવની દૃષ્ટિ થાય ત્યાં રાગની દૃષ્ટિ ટકી શકતી નથી-રાગ એની દૃષ્ટિમાં આવતો જ નથી, જુદો પડી જાય છે. વિકલ્પ મારા છે અને મારું કર્તવ્ય છે એવી ભ્રમણા છૂટી જાય છે. બહારમાં તો એવું દેખાય કે આ ખાય છે, પીએ છે, સૂએ છે.....પણ બાપુ! અંદરમાં એને આંતરાં પડી ગયા છે. સજ્ઝાયમાં આવે છે ને!



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**સમ્યગ્દષ્ટિ જીવડો, કરે કુટુંબ પ્રતિપાલ,**
**અંતરથી ન્યારો રહે, જેમ ધાવ ખીલાવે બાળ.**

સમ્યગ્દષ્ટિ કુટુંબની પ્રતિપાલ-પાલન બરાબર કરે છે પણ અંતરથી પ્રીતિ ઊડી ગઈ છે, કોઈ પોતાનું ભાસતું નથી. જેમ ધાવમાતા બાળકને દૂધ પીવડાવે છે પણ તેને પોતાનું માનતી નથી. તેમ જ્ઞાની પરિવારાદિને સંભાળે છે પણ પોતાના માનતાં નથી. બહારથી-જ્ઞાની, અજ્ઞાનીની ક્રિયા સરખી દેખાય પણ અંતરમાં મોટો ફેર પડી ગયો છે.

અરે! પૂર્વના પુણ્યના ઉદયથી ધર્મી રાજ-પાટ આદિની મોટી પ્રવૃત્તિમાં ઊભેલાં દેખાય પણ તેનાથી ન્યારાં છે અને અજ્ઞાની નિવૃત્તિ લઈને નગ્ન મુનિ થઈ ગયો હોય તોપણ એકતા તૂટી નથી. જેણે રાગને અને આત્માને એક માન્યો છે તેની ધર્મ માટે કરેલી પ્રવૃત્તિ પણ અંધકારમય જ છે અને અંતરથી રાગથી છૂટ્યો છે તે છ ખંડના રાજમાં દેખાય છતાં તેને તેમાં એકતા થતી નથી.

**अकरता कह्यौ है सुद्धताके परमानसौं ।**-જ્ઞાનીની દૃષ્ટિ રાગ-દ્વેષ આદિથી રહિત શુદ્ધ હોવાથી તેને આગમમાં અકર્તા કહ્યો છે. જ્ઞાતા-દૃષ્ટાની શુદ્ધતાની જ્યોત પ્રગટી ત્યાં એ રાગ-દ્વેષનો કર્તા દેખાતો નથી, રાગ-દ્વેષ કરતાં છતાં કરતો દેખાતો નથી એમ નથી પણ કરતો નથી માટે કર્તા નથી એમ પરમાગમોમાં કહ્યું છે. જ્ઞાની રાગ-દ્વેષના કર્તા નથી પણ અજ્ઞાનીને કર્તા દેખાય છે કેમ કે તેની પકડમાં ફેર છે. બિલાડી પોતાના બચ્ચાને પકડે તો ઢીલા મોઢે પકડીને લઈ જાય અને ઉંદરને તો ભીંસ દઈને પકડે. એમ તેની પકડમાં ફેર હોય છે તેમ અજ્ઞાની અને જ્ઞાનીની પકડમાં ફેર હોય છે.

ધર્મીની દૃષ્ટિમાં પોતાના શુદ્ધાત્માની પકડ હોવાથી તે રાગને પકડતો નથી. રાગ થાય છે તેને જાણે છે ત્યાં અજ્ઞાનીને એમ દેખાય છે કે જ્ઞાની રાગને કરે છે પણ ખરેખર જ્ઞાની રાગના કર્તા નહિ હોવાથી અકર્તા છે એમ આગમમાં કહ્યું છે. ભગવાને તેને અકર્તા જોયો છે અને કહ્યો છે.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

# રાગાદિને ભિન્ન જાણે તે તેનો અકર્તા બને

(સળંગ પ્રવચન નં. ૩૯)

શ્રી નાટક સમયસાર શાસ્ત્ર છે. તેમાં આ કર્તાકર્મક્રિયાદ્વારના પાંચમાં શ્લોકનું છઠ્ઠું પદ છે. તેમાં જીવ અને પુદ્ગલના જુદાં જુદાં સ્વભાવ બતાવ્યા છે.

जीव ग्यानगुन सहित, आपगुन-परगुन-ज्ञायक।
आपा परगुन लखै, नांहि पुग्गल इहि लायक।।
जीवदरव चिद्रूप सहज, पुदगल अचेत जड़।।
जीव अमूरति मूरतीक पुदगल अंतर बड़।।
जब लग न होइ अनुभौ प्रगट,
तब लग मिथ्यामति लसै।
करतार जीव जड़ करमकौ,
सुबुधि विकास यहु भ्रम नसै।।६।।

મૂળ શ્લોકમાં સ્વપરપરિણતિ શબ્દ વાપર્યો છે તેનો અર્થ દ્રવ્ય-ગુણ-પર્યાય અને પરના દ્રવ્ય-ગુણ-પર્યાયને આત્મા જાણનારો છે એમ કરવો. પરિણતિનો અર્થ માત્ર પર્યાય પૂરતો અહીં ન લેવો. જીવ જ્ઞાનગુણ સહિત છે એટલે પોતાના અને પરના દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણી શકે છે પણ પુદ્ગલમાં જ્ઞાનગુણ નથી તેથી તે પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાય કે પરના દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણતું નથી. પુદ્ગલમાં સ્વ-પરને જાણવાની લાયકાત નથી.

જીવદરવ ચિદ્રૂપ સહજ....જીવદ્રવ્ય સ્વભાવિક જ્ઞાનસ્વરૂપ ચેતન છે અને પુદ્ગલ અચેતન છે. જીવદ્રવ્ય અરૂપી છે અને પુદ્ગલદ્રવ્ય રૂપી છે. આ રીતે બંનેમાં મોટો તફાવત છે. એ જ રીતે જીવ અને રાગમાં પણ ઘણો તફાવત છે એમ લઈ લેવું.

જ્યાં સુધી જીવ આ વચ્ચે ભેદવિજ્ઞાન ન કરે ત્યાં સુધી અજ્ઞાન રહે છે. હું ચૈતન્ય છું અને આ શરીર, કર્મ, રાગાદિ મારાથી ભિન્ન છે એમ જાણીને અનુભવ ન કરે ત્યાં સુધી તે મિથ્યાદૃષ્ટિ-મિથ્યાબુદ્ધિને ધારણ કરે છે. તેથી રાગ મારો છે અને તેનો હું કર્તા છું એવો મિથ્યા અભિપ્રાય રહ્યા કરે છે. વસ્તુના સ્વભાવમાં રાગ નથી પણ જ્યાં સુધી રાગ, કર્મ અને શરીરથી

ભિન્ન આત્માનો અનુભવ ન કરે ત્યાં સુધી તે મિથ્યામતિ જીવ રાગનો કર્તા થયા વગર રહેતો નથી. કારણ કે જેને પોતાથી એકપણે માને તેનો કર્તા તે થાય જ છે. પોતાથી રાગાદિને ભિન્ન જાણે તો તેનો કર્તા ન થાય.

**करतार जीव जड़ करमकौ, सुबुधि विकास यहु भ्रम नसै।** જ્ઞાનનો વિકાસ થતાં, 'રાગ મારું કાર્ય અને તેનો હું કર્તા' એવો ભ્રમ નાશ પામી જાય છે. જ્યાં સુધી રાગ અને આત્માની એકતા માને છે ત્યાં સુધી જ કર્તા થાય છે. બંનેની ભિન્નતા જાણતાં કર્તાબુદ્ધિ છૂટી જાય છે. ભગવાન આત્મા તો જ્ઞાયક છે. અમૂર્તિક ચૈતન્યપ્રકાશમય છે અને શરીર, કર્માદિ તો અચેતન-જડ છે, પુણ્ય-પાપના વિકલ્પમાં ચેતના નથી માટે તે પણ અચેતન છે, તેમાં જ્યાં સુધી એની દૃષ્ટિ પડી છે-એ મારું અસ્તિત્વ છે, એનાથી જુદા પોતાના અસ્તિત્વનું ભાન નથી ત્યાં સુધી એ વિકારનો કર્તા પોતાને માને છે.

આ સિદ્ધાંત જ છે કે જીવ જેને પોતાના માને તેનો કર્તા થયા વિના રહેતો નથી. તેથી જ્યાં સુધી એ પર અને વિકારને પોતાના માને છે ત્યાં સુધી તેનો કર્તા થયા વિના રહેતો નથી. જ્યાં સુધી પ્રગટ આત્માનો અનુભવ કરીને પોતાને બધાંથી જુદો જાણતો નથી, ત્યાં સુધી મિથ્યાબુદ્ધિ રહે જ છે કે હું પર અને રાગનો કર્તા છું. છતાં પરના કાર્ય તો જીવ કરી શકતો જ નથી; રાગનો કર્તા થાય છે.

તું ક્યાં છો! તું જ્યાં હો તેનો તું કર્તા થાય. તું જો જ્ઞાનમાં હો તો જ્ઞાનનો કર્તા છો અને જો તું રાગમાં હો તો રાગનો કર્તા છો. તું કોણ છો? ક્યાં છો? કેમ છો? એમ પોતાને પૂછતાં હું રાગમાં છું, રાગી છું, શરીરવાળો છું, ધનવાળો છું એમ જવાબ આવતો હોય તો તેનો જ કર્તા થઈશ કેમ કે તારી બુદ્ધિ મિથ્યા છે. હવે જો સુબુદ્ધિનો વિકાસ થતાં વિકાર અને શરીરાદિ તો મારાથી ભિન્ન છે એમ ભાસે, હું તો જ્ઞાયક સ્વરૂપ છું, વિકાર મારું સ્વરૂપ નથી એમ જુદો પડે તો પોતાથી જુદાં સ્વરૂપનો કર્તા પોતે ન થાય. રાગ-દ્વેષ તો મેલ છે અને હું તો નિર્મળ સ્વભાવી છું એમ જાણે તે મેલનો કર્તા ન થાય.

આત્મા પોતાના જાણવા-દેખવાના પરિણામને કરે છે એ પણ ભેદ પાડીને ઉપચારથી કહેવાય છે. પણ જ્યાં સુધી પર્યાયબુદ્ધિ છે, પુણ્ય-પાપ અને રાગાદિ ભાવમાં મારાપણાની બુદ્ધિ છે ત્યાં સુધી તેને કર્તાબુદ્ધિ પણ પડી છે. જ્યાં તેની દૃષ્ટિ વિભાવથી ખસીને સ્વભાવમાં જાય છે ત્યાં વિભાવથી જુદો પડી ગયેલો તે જીવ વિભાવનો કર્તા થતો નથી. ફક્ત એ રાગને જાણે છે તે જાણવાના પરિણામનો કર્તા પોતે અને એ જ્ઞાન-પરિણામ તેનું કાર્ય છે એવો ઉપચાર

લાગુ પડે છે. અભેદમાં ભેદ પાડીને વિચારે તો આ જ્ઞાનપરિણામનું કર્તાપણું છે પણ પરનો કર્તા તો આત્મા ઉપચારથી પણ નથી.

સુબુદ્ધિનો વિકાસ થતાં-ચૈતન્યસ્વભાવનું ભાન થતાં, રાગથી ભિન્ન પડેલું જ્ઞાન, રાગ મારું કાર્ય છે. અને હું તેનો કર્તા છું એમ માનતું નથી. રાગ સંબંધીનું પોતાનું જ્ઞાન એ મારું કાર્ય અને હું તેનો કર્તા એવો ભેદ ઉપચારથી કરવામાં આવે છે. રાગનો હું કર્તા અને રાગ મારું કાર્ય એ તો ઉપચારથી પણ નથી. સમ્યગ્જ્ઞાનનો પ્રકાશ થતાં રાગરૂપી અંધકારનો તે કર્તા થતો નથી.

હું પરની દયા પાળી શકું એવી માન્યતા તો મિથ્યાદૃષ્ટિને હોય છે કેમ કે પરના કાર્યનો હું અધિકારી છું એમ માનીને તેને દયાનો ભાવ આવ્યો છે. તેથી એ પરજીવને અને પોતાને એક માને છે. જે દયાના વિકલ્પને પોતાનો માને છે તે જીવ વિકલ્પનો કર્તા થાય છે અને વિકલ્પ મારું કાર્ય છે એમ માને છે. પરજીવને બચાવવાનો ભાવ આવે કે ન મારવાનો ભાવ આવે તે બંને વિકલ્પ છે, તેને પોતાનું સ્વરૂપ માને છે તેનો તે કર્તા થાય છે. પણ જેને રાગથી ભિન્ન પોતાના સ્વરૂપનું ભાન થયું છે તે રાગનો કર્તા થતો નથી કેમ કે તે રાગને પોતાના તત્ત્વથી ભિન્ન તત્ત્વ જાણે છે તેથી તે ભિન્ન તત્ત્વનો કર્તા થતો નથી.

મુમુક્ષુઃ-આ વાત હજુ બરાબર બેસતી નથી.

પૂજ્ય ગુરુદેવશ્રીઃ-વાત બેસતી નથી તો ફરી લઈએ. આત્મા જ્ઞાનસ્વભાવી છે તેથી રાગ આવે છે. તે જ સમયે તે રાગની સાથે સંબંધ નહિ કરતાં પોતાના જ્ઞાનમાં રહીને રાગને માત્ર જાણે છે. શેઠીયાઓને પૈસાની વ્યવસ્થાનો રાગ આવે છે ને! પાંચ લાખ મકાનમાં નાખું, દશ લાખ વેપારમાં લગાવું વગેરે.....તો એ રાગ આવે છે એ વખતે જ્ઞાન તો એ રાગને જાણે છે. જ્ઞાન તેને કરતું નથી. જ્ઞાન રાગને જાણે છે એ પણ ઉપચારથી છે. જ્ઞાનનો તો સ્વ-પર પ્રકાશક સ્વભાવ છે તેથી સ્વ-પરનું જાણવું સહજ થાય છે. તેમાં આત્માએ પરને જાણ્યું અથવા રાગને જાણ્યો એવો ભેદ પડતો હોવાથી તે પણ વ્યવહાર છે. હું જ્ઞાયક છું અને આ મારા પરિણામ છે એમ ભેદ પડ્યો માટે તે વ્યવહાર અર્થાત્ ઉપચાર છે. 'આત્મા જાણે છે' બસ એ અભેદ છે.

આત્મા જાણનાર હોવાથી સ્વ-પરની પરિણતિને જાણે છે એમ પાઠમાં કહ્યું છે એટલે તેનો અર્થ એ છે કે આત્મા પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણે છે અને પરના દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણે છે. પુદ્ગલ પોતાને કે પરને જાણતું નથી કેમકે તેનામાં જાણવાનો ગુણ નથી. રાગ પણ પોતાને કે આત્માને જાણતો નથી માટે તે પણ અચેતન છે.

www.vitragvani.com



જગતના જીવોની માન્યતામાં અને આ સત્ય તત્ત્વસ્વરૂપમાં આભ-જમીન જેટલું અંતર છે. લોકો તો દયા પાળવી, દાન કરવું, વ્રત પાળવા, મંદિર બંધાવવા આદિમાં ધર્મ માને છે ત્યારે અહીં કહે છે કે એ બધાં વિકલ્પના કર્તા થનારા મિથ્યાદૃષ્ટિ છે. જે જાણનાર છે તે જ્ઞાની છે.

વિભાવપરિણતિથી સ્વભાવપરિણતિ ભિન્ન છે. વિભાવપરિણતિ તે આસ્રવતત્ત્વ છે અને આત્મા તો જ્ઞાયકતત્ત્વ છે તે બંનેને એક માને છે ત્યાં સુધી એ અજ્ઞાની છે અને અજ્ઞાનથી તે આસ્રવનો કર્તા થાય છે. પણ જ્યારે સુબુદ્ધિ પ્રગટે છે ત્યારે હું કર્તા અને રાગ મારું કાર્ય એવી ભ્રાંતિ ઉપજતી નથી.

લોકો તો પાલીતાણામાં શેત્રુંજયની છ ગાઉની પ્રદિક્ષણા કરી આવે તેને ધર્મ થયો માને છે અને તેનો લાભ લેવા માટે દહીં-થેપલા, શીખંડ, સાકરના પાણી વગેરે તૈયાર રાખે છે પણ ભાઈ! એમાં તને કે જાત્રા કરનારને કોઈને ધર્મ થવાનો નથી. તેમાં જે શુભ વિકલ્પ આવ્યો તેનો જે કર્તા થાય છે તે પણ, રાગ અને આત્માને એક માનતો હોવાથી, અજ્ઞાની છે. જડના કાર્યને હું કરું એમ માને છે તે તો મૂઢ મિથ્યાદૃષ્ટિ જ છે પણ એ ઉપરાંત રાગના કાર્યને પોતાનું કાર્ય માનનાર પણ મિથ્યાદૃષ્ટિ છે એમ અહીં કહેવું છે.

અહા! આવો મનુષ્યદેહ અનંતકાળે મળ્યો છે ભાઈ! આંખ બંધ થતાં વાર નહિ લાગે. આ ભવમાં; 'આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે, રાગથી ભિન્ન છે' એમ જો નક્કી ન કર્યું તો ક્યાં ચાલ્યો જઈશ ભાઈ! ચોરાશીના અવતારમાં ક્યાંય તારો પત્તો નહિ લાગે, ત્યાં તને કોઈ મદદ કરવા નહિ આવે. તું તારી ઊલટી દશાના પરિણામનો કર્તા થાય છો ત્યાં તને સુલટો કોણ કરાવે!

શરીરાદિની ક્રિયા તો મારી નથી પણ રાગની ક્રિયા પણ મારી નથી એમ સમજાય ત્યારે ભ્રમ મટે તેવું છે. પણ જીવોને મિથ્યાત્વનાં પાપની ખબર જ નથી. મિથ્યાત્વ જ મોટું પાપ છે. સૂક્ષ્મ મિથ્યાત્વમાં પણ કષાયખાના માંડવાના પાપ કરતાં અનંતગણું પાપ છે. આ એને ખબર નથી. લોકોને આ વાત બેસતી નથી અને બહારના હો....હા ને ભભકા ગમે છે.

આ પાંચ શ્લોક થયાં હવે છટ્ઠો શ્લોક અને તેનું પદ લઈએ.

> यः परिणमतिः स कर्त्ता यः परिणामो भवेत्तु तत्कर्म।
> या परिणतिः क्रिया सा त्रयमपि भिन्नं न वस्तुतया।।६।।



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

આ કળશમાં કર્તા, કર્મ અને ક્રિયાનું સ્વરૂપ કહ્યું છે. તેના ઉપરનું બનારસીદાસજીએ રચેલું પદ આ પ્રમાણે છે.

करता परिणामी दरव, करम रूप परिनाम।
किरिया परजयकी फिरनि, वस्तु एक त्रय नाम।।७।।

જે કાર્ય કરે તે કર્તા છે, જે કાર્ય થયું તે કર્મ છે અને પર્યાયનું રૂપાન્તર થવું તે ક્રિયા છે. જેમ કે કુંભાર તે કર્તા છે, ઘડો તેનું કાર્ય છે અને માટીના પિંડની પર્યાય પલટીને ઘડારૂપ થઈ તે ક્રિયા છે પણ આ ભેદ અપેક્ષાથી વ્યવહાર કથન છે. અભેદ અપેક્ષાથી માટી જ કર્તા છે, માટી જ ઘડારૂપ થતી હોવાથી કર્મ છે અને માટીની જ અવસ્થા પલટીને ઘડારૂપ થઈ તેથી માટી જ ક્રિયા છે, તેમ જ્યાં સુધી જીવમાં અજ્ઞાનભાવ છે ત્યાં સુધી શુભાશુભભાવનો તે કર્તા છે, એ ભાવ તેનું કાર્ય છે અને તેની જ ક્રિયા છે અને જે જ્ઞાની છે તે રાગનો કર્તા નથી પણ રાગ સંબંધીના પોતાના જ્ઞાનનો કર્તા છે, જ્ઞાન તેનું કાર્ય છે અને જ્ઞાનની ક્રિયા તે જ્ઞાનની છે. ધર્મી શરીરાદિ પરદ્રવ્યનો કે રાગનો કર્તા નથી. ધર્મી તો પોતાના ધર્મ પરિણામના-નિર્મળ પર્યાયના કર્તા છે અને એ પર્યાય તેનું કાર્ય અને ક્રિયા છે.

જ્ઞાનીની દૃષ્ટિ રાગ ઉપરથી ખસી ગઈ છે અને જ્ઞાયક ઉપર દૃષ્ટિ સ્થપાઈ ગઈ છે તેથી તે જ્ઞાયકભાવના પરિણામના કર્તા થાય છે. પુણ્ય-પાપના પરિણામના તે કર્તા નથી પણ જે થાય છે તેને જાણે છે તે જ્ઞાન જ્ઞાનીનું કાર્ય છે અને જ્ઞાનીની જ એ ક્રિયા છે. ટૂંકમાં જે દ્રવ્યની અવસ્થા થાય છે તે દ્રવ્ય તેનો કર્તા છે અને અવસ્થા તેનું કાર્ય છે. માટી કર્તા છે અને ઘડો કાર્ય છે. અજ્ઞાની જીવ કર્તા અને પુણ્ય-પાપ ભાવ તેનું કાર્ય છે. જ્ઞાની જીવ કર્તા છે અને જ્ઞાનભાવ તેનું કાર્ય છે.

અહીં કહે છે તારી દૃષ્ટિ જ્યાં સુધી પુણ્ય-પાપના રાગ ઉપર છે ત્યાં સુધી તને તારા સ્વભાવનો અનાદર છે. જ્યાં જ્ઞાયકભાવનો આદર થશે ત્યાં રાગ થશે પણ તેનો આદર નહિ રહે. લોકોને બિચારાને આ અંતરતત્ત્વનો મારગ સાંભળવા મળતો નથી અને આમ ને આમ જિંદગી ચાલી જાય છે. જેને પુણ્ય-પાપના ભાવની મીઠાશ છે તેને તો જ્ઞાયકભાવનો અનાદર છે પણ જેને જ્ઞાયકભાવનો આદર આવ્યો છે-ચૈતન્યની દૃષ્ટિ થઈ છે તેને પુણ્ય-પાપભાવનો આદર રહેતો નથી.

આ જાત્રાઓ કરે, તપસ્યા કરે, વ્રત પાળે, દાન દે તેને કાંઈક ધર્મ તો થાય ને એમ

માનનારા આંધળા છે અને એમ મનાવનારા પણ આંધળા છે. બાપુ! તારા ઘરમાં જ્ઞાનસ્વભાવ છે, તારા ઘરમાં રાગ નથી માટે રાગથી ધર્મ નહિ થાય.

જ્ઞાની જ્ઞાનના કર્તા છે અને અજ્ઞાની રાગના કર્તા છે. અશુભરાગ મટીને શુભરાગ થાય કે શુભરાગ મટીને અશુભરાગ થાય તે તેની ક્રિયા છે અને જ્ઞાનીને જ્ઞાન, આનંદની દશા હતી તે પલટીને વિશેષ જ્ઞાન-આનંદની દશા થાય છે તે જ્ઞાનીની ક્રિયા છે. એક અવસ્થાથી બીજી અવસ્થારૂપે થવું તેનું નામ જ ક્રિયા છે. આ રીતે કર્તા, કર્મ અને ક્રિયા ત્રણેય નામ એક જ વસ્તુના છે.

વિશેષ:-અહીં અભેદ વિવક્ષાથી કથન છે. દ્રવ્ય પોતાના પરિણામોને કરનાર પોતે છે તેથી તે તેમનો કર્તા છે. તે પરિણામ દ્રવ્યના છે અને તેનાથી અભિન્ન છે તેથી દ્રવ્ય જ કર્મ છે. જેમકે માટીના પરિણામ ઘટરૂપ થયા તે માટીથી અભિન્ન છે માટે માટી કર્તા છે અને માટી જ કર્મ છે, તેમ આત્મામાં અજ્ઞાનભાવે શુભાશુભરાગ થયા તેમાં આત્મા જ પરિણમ્યો છે માટે આત્મા જ વિકારીભાવરૂપ કર્મ છે. અજ્ઞાની તે પરિણામને પોતાથી અભિન્ન માને છે માટે વિકારીભાવ તે જ આત્મા છે અને જ્ઞાનીને જાણવા-દેખવાના પરિણામ થાય છે તેનાથી તે અભિન્ન છે માટે જ્ઞાની જ જ્ઞાનરૂપે પરિણમતાં હોવાથી જ્ઞાન જ કર્મ છે. કર્તા અને કર્મ એક જ દ્રવ્યમાં છે. અભિન્ન છે માટે તે દ્રવ્ય જ કર્તા છે અને દ્રવ્ય જ કર્મ છે.

આ બધી ધીરજથી સમજવા જેવી વાત છે.

દ્રવ્ય એક અવસ્થાથી બીજી અવસ્થારૂપે થાય છે અને પોતાની બધી અવસ્થાથી અભિન્ન રહે છે માટે દ્રવ્ય જ ક્રિયા છે. ભગવાન આત્મા શરીરની અવસ્થારૂપે થતો નથી. શરીરની દરેક અવસ્થામાં તેના પરમાણુ પરિણમી રહ્યાં છે માટે પરમાણુ જ ક્રિયા છે અને આત્માની દરેક અવસ્થામાં આત્મા પરિણમે છે માટે તે અવસ્થા આત્મા જ છે. આનંદની અવસ્થા-ક્રિયામાં આત્મા પરિણમે છે માટે આનંદ તે આત્મા છે અને વિશેષ આનંદરૂપે પરિણમે છે તે પણ આત્માની ક્રિયા હોવાથી આત્મા જ છે.

આવી વાત કદી સાંભળી છે........ભાઈ!

....ભાઈ:-ક્યાંથી સાંભળી હોય સાહેબ!

અરે! જીવોને સાચી વાત સાંભળવા મળી નથી, ઊંધે રસ્તે ચાલ્યા જાય છે અને ધર્મ થયો માને છે એને ભવના કિનારા કે'દી આવે! વીતરાગના મારગની વાતો મોંઘી છે બાપા!

www.vitragvani.com



દુનિયા સાથે તેનો ક્યાંય મેળ ખાય તેમ નથી.

ટૂંકામાં, ભાવ એ છે કે દ્રવ્ય જ કર્તા છે, દ્રવ્ય જ કર્મ છે અને દ્રવ્ય જ ક્રિયા છે. વસ્તુ એક જ છે, નામ ત્રણ છે. શરીરની અવસ્થા શરીરના પરમાણુથી થાય છે, આત્મા તેનો બિલકુલ કર્તા નથી. એ જ રીતે અજ્ઞાનભાવે રાગ થાય છે તેનો કર્તા તે અજ્ઞાની આત્મા જ છે, રાગરૂપ કર્મ પણ આત્મા છે અને એક રાગ પલટીને બીજા રાગરૂપ થવાની ક્રિયા પણ આત્માની હોવાથી આત્મા જ છે. એક પર્યાય પલટીને બીજી પર્યાય થઈ માટે કાંઈ દ્રવ્ય પલટી ગયું નથી. એનું એ જ દ્રવ્ય બીજી અવસ્થારૂપે પરિણમ્યું છે એમ કહેવું છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના પરિણામરૂપે આત્મા પરિણમે છે માટે તે આત્મા જ છે-બીજું દ્રવ્ય નથી.

પુણ્ય-પાપના શુભાશુભભાવ થવા તે કાંઈ તારું સ્વરૂપ નથી પણ હોંશથી તે ભાવનો કર્તા થઈને તારું કર્મ માને છે તેમાં તારા સ્વરૂપનો અનાદર થાય છે, ચૈતન્યમૂર્તિ ભગવાન પરમાનંદ પરમાત્માનો અનાદર થાય છે. સમજાણું કાંઈ!

वस्तु एक त्रय नाम-કરનારો તે કર્તા, કાર્ય તે કર્મ અને અવસ્થાનું પલટવું તે ક્રિયા એમ નામ તો ત્રણ પડ્યા છે વસ્તુ ત્રણ નથી. એક જ વસ્તુના ત્રણ નામ છે.

આ છઠ્ઠા કળશનો અર્થ થયો હવે સાતમો કળશઃ-

एकः परिणमति सदा, परिणामो जायते सदैकस्य।
एकस्य परिणतिः स्यादनेकमप्येकमेव यतः।।७।।

આ કળશમાં કર્તા, કર્મ અને ક્રિયાનું એકત્વ બતાવે છે.

करता करम क्रिया करै, क्रिया करम करतार।
नाम-भेद बहु विधि भयौ, वस्तु एक निराधार।।८।।

અર્થઃ-કર્મ અને ક્રિયાનો કરનારો કર્તા છે અને કર્મ પણ કર્તા અને ક્રિયારૂપ છે તેથી નામના ભેદથી એક જ વસ્તુ કેટલાયરૂપ થાય છે. એક દ્રવ્યના કાર્યનો કર્તા બીજો નથી. ઘડાનો કર્તા કુંભાર નથી. ઘડો થવાના કાળે માટી જ ઘડારૂપે સ્વયં પરિણમે છે ત્યારે કુંભાર તો માત્ર નિમિત્ત છે. દાળ, ભાત, શાક, રોટલી તે પરમાણુથી સ્વયં થાય છે. તેનો કર્તા બાઈ કે અગ્નિ આદિ નથી. એક એક રજકણ સ્વયં બફાઈને તૈયાર થાય છે તેમાં પાણી કે અગ્નિનું કારણ નથી.

પ્રવચનસારના જ્ઞાન અધિકારમાં 'સ્વયંભૂ'ની ગાથામાં બધું સ્પષ્ટ કર્યું છે કે જે જે



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પરિણામ થાય છે તે-તે રૂપે વસ્તુ સ્વયં પરિણમે છે. માટે આત્માના દરેક પરિણામનો કર્તા આત્મા હોવાથી આત્મા જ કર્મ અને ક્રિયા છે.

★ પર્યાયમાં સ્વકાળે જ મોક્ષ થાય છે, વહેલો કે મોડો થઈ શકે નહિ- એમ નક્કી કરવા જાય ત્યાં એની દૃષ્ટિ ધ્રુવ ઉપર જ જાય છે અને એમાં સ્વભાવ સન્મુખનો અનંત પુરુષાર્થ આવે છે અને ત્યારે જ પર્યાયના સ્વકાળનું સાચું જ્ઞાન થાય છે. આત્માના શ્રદ્ધા-જ્ઞાન સમ્યક્ થયા એને કાર્ય થઈ જ રહ્યું છે, પછી વહેલાં મોડાનો પ્રશ્ન જ ક્યાં છે?

★ અહો! આ આત્મા સર્વજ્ઞસ્વભાવી જ છે. જાણવું...જાણવું....જાણવું....જ જેના અંતરતળમાં ભર્યું છે, જેના અસ્તિત્વની સત્તામાં આ દેહ-વાણી-મન-વિકલ્પો આદિ બધું જણાય છે એ જાણનારો તું છો તેમ જાણ-વિશ્વાસ કર ને કર્તાબુદ્ધિ છોડી દે!

★ શરીરના નામથી પણ એવો રંગાઈ ગયો છે કે ઘોર નિંદ્રામાં પણ એનું નામ લ્યો ત્યાં બેઠો થઈ જાય! તેમ આત્મામાં એવો રંગાઈ જાય કે ચૈતન્ય જ્ઞાયકજ્યોત છું એમ સ્વપ્નમાં પણ એ જ વાત આવે. જેને જેની લગની લાગી હોય તેને સ્વપ્ના પણ એ જ આવે. અમે આનંદ ને શુદ્ધ ચૈતન્ય છીએ, પુણ્ય ને પાપ તે અમે નહીં, અમે વ્યવહારે તેને જાણનારા છીએ, ખરેખર તેના જાણનારા પણ નથી.

*-પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

# સ્વતંત્રતાનો ઢંઢેરો

(સળંગ પ્રવચન નં. ૪૦)

શ્રી નાટક સમયસાર શાસ્ત્ર છે. તેમાં આ કર્તા કર્મ ક્રિયાદ્વારનો શ્લોક છે તેના ઉપરનું પં. બનારસીદાસજીનું પદ્ય આ પ્રમાણે છે.

एक करम करतव्यता, करै न करता दोइ।
दुधा दरव सत्ता सधी, एक भाव क्यौं होइ।।९।।

અર્થ:-એક કર્મની એક જ ક્રિયા અને એક જ કર્તા હોય છે, બે નથી હોતા; તો જીવ અને પુદ્ગલ ભિન્ન ભિન્ન સત્તાવાળા બે દ્રવ્ય હોવાથી તેનો સ્વભાવ એક કેમ હોય શકે? (ન જ હોય.)

જડ અને ચેતન ભિન્ન ભિન્ન દ્રવ્ય છે તો તેના વર્તમાન કાર્યનો કર્તા તે તે દ્રવ્ય જ છે. જીવનું કાર્ય જડ કરતું નથી અને જડનું કાર્ય જીવ કરતો નથી. કોઈ પણ એક કર્તવ્યના કર્તા બે દ્રવ્ય ન હોઈ શકે. જેમકે આત્મામાં વર્તમાનમાં રાગ-દ્વેષનું કાર્ય થાય છે તેનો કર્તા અજ્ઞાની જીવ છે, કર્મ તેનો કર્તા નથી. જીવ પણ રાગને કરે અને કર્મ પણ રાગને કરે એમ બનતું નથી. બે દ્રવ્ય સાથે મળીને એક દ્રવ્યના કાર્યને કરે એમ બની શકતું જ નથી.

આત્મામાં જ્ઞાનની હીનતા થઈ રહી છે તે કાર્યને જીવ કરે છે, કર્મ કરતું નથી. જીવ પણ જ્ઞાનની હીનતાને કરે અને કર્મ પણ કરાવે એમ બનતું નથી. સમયસાર આદિમાં દૃષ્ટાંત આપ્યાં છે કે 'જેમ હળદર અને ફટકડી મળતાં લાલ રંગ થાય છે. માતા અને પિતા બંને વડે બાળક થાય છે. એક દ્રવ્યથી કાર્ય થતું નથી, એક કાર્યના કર્તા બે દ્રવ્ય છે' એ કથન નિમિત્ત બતાવવા માટે છે, બાકી કાર્ય તો એક દ્રવ્યથી જ થાય છે. વિકારને જીવ પણ કરે અને કર્મ પણ કરાવે એમ બનતું નથી. અજ્ઞાની જીવ પોતે એકલો જ વિકારને કરે છે, કર્મ તેને વિકાર કરાવતું નથી.

જીવ બીજાની દયા પાળે છે એમ કહેવાય છે તેમાં જીવ તો માત્ર દયાના ભાવ કરે છે. સામા જીવની દયા તો તેના પોતાથી પળાય છે. તેનું આયુષ્ય હોય તો એ બચે છે. આયુષ્ય ન હોય તો પહેલાને દયાના ભાવ હોવા છતાં તે બચતો નથી. આમ જીવ એક પોતાના જ

www.vitragvani.com



કાર્યનો કર્તા છે.

શ્રોતાઃ-આમાં ભાગીદારીમાં કામ ન થાય?

પૂજ્ય ગુરુદેવશ્રીઃ-ના, ભાગીદારીથી કામ થતું જ નથી. જીવ તો અજ્ઞાનદશામાં માત્ર રાગ કરે છે પણ બીજાનું કાર્ય તે કરી શકતો નથી. એક કાર્યના કર્તા બે દ્રવ્ય હોઈ જ ન શકે. રૂપિયા બીજાને આપો છો તેમાં રૂપિયા એક જગ્યાએથી બીજી જગ્યાએ જવાનું કાર્ય રૂપિયાના પરમાણુથી થાય છે તેના કર્તા તમે નથી. તમે તો રૂપિયા દેવાના ભાવનું કાર્ય કરો છો.

માટે અહીં કહ્યું છે જડ અને ચેતનની સત્તા જુદી છે, બંને દ્રવ્યો ભિન્ન છે તો તેનો સ્વભાવ એક કેમ હોઈ શકે! બંનેની સત્તા જુદી છે તે એક દ્રવ્ય બીજા દ્રવ્યની ક્રિયાને કેમ કરે!

કર્તાકર્મ અધિકારની ૮૬મી ગાથાના આ બધાં શ્લોકો છે.

દયાના ભાવ થયા તે સામો જીવ દુઃખી છે માટે થયા તેથી સામો જીવ અને આ જીવ બંને તે દયાના કર્તા છે એમ નથી. આ રૂપિયાની નોટ સામા પાસે જાય છે તે પરમાણુનું કાર્ય છે અને હાથનું પણ કાર્ય છે એમ નથી. હાથ તો માત્ર નિમિત્ત છે. પરમાણુ સ્વયં ત્યાં જાય છે.

પરમાણુમાં અને આત્મામાં જે સમયે જે દશા થાય છે તે તેનું કર્મ અથવા કાર્ય કહેવાય છે. બંને ભાગીદારીમાં એક કાર્યને કરી શકતા નથી. પરમાણુ અને આત્મામાં દરેક સમયે અવસ્થા પલટે છે તે તેની પોતપોતાની ક્રિયા છે. એક સમયમાં જે ક્રિયા હતી તે પલટીને બીજા સમયે બીજી ક્રિયા થાય છે તેનો કર્તા તેનું દ્રવ્ય છે. મૂળ પાઠમાં જુઓને **नोभौ परिणमतः खलु परिणामो नोभयोः प्रजायते।** આ સિદ્ધાંત છે કે એક જ ક્રિયા અને કર્મના કર્તા બે દ્રવ્ય ન હોઈ શકે. આ માટે દાખલો આપીએ તો સમજાય. દા. ત. ભગવાનની પ્રતિમા-સ્થાપનનું કાર્ય થાય તે પરમાણુએ પણ કર્યું અને ભક્તોએ પણ કર્યું એમ નથી. જે દ્રવ્ય પરિણમે છે તે જ ક્રિયાનો કર્તા છે. માટે પરમાણુ તેનો કર્તા છે. પરમાણુ અને આત્મા બે ભિન્ન દ્રવ્ય છે. આત્મા પરમાણુના કાર્યને કરતો નથી. આત્મામાં વિકલ્પ થાય છે માટે પરમાણુનું કાર્ય થાય છે એમ નથી.

જેનું હોવાપણું-સત્તા જ જુદી છે તેની ક્રિયાનો કર્તા બીજું દ્રવ્ય હોઈ જ ન શકે. આત્મા રાગ પણ કરે અને ધંધો પણ કરે એમ ન બને. ધંધો ન કરે પણ બે કલાક દુકાનમાં જઈને બેસે અને ધ્યાન રાખે તો ફેર તો પડે કે નહિ! ફેર તો પડતો દેખાય પણ છે પણ તેનો કર્તા જીવ નથી. શેઠનો ભાવ શેઠ પાસે રહે છે અને જડનો ભાવ જડ પાસે રહે છે. એક બીજાના ભાવને કરે એમ ત્રણકાળ ત્રણલોકમાં બની શકતું નથી.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

દયાથી મેઘકુમારનો પરિત સંસાર થયો એવી વાત બીજામાં આવે છે તે માત્ર કલ્પિત છે. રાગથી સંસારનો અભાવ કેમ થાય! રાગથી સંસાર પરિત થાય એ જૈનનો સિદ્ધાંત જ નથી. પરની દયાથી ભવ ઘટે પણ નહિ. સમ્મેદશિખરની એકવાર વંદના કરે તેને નરક-પશુ ગતિ ન થાય એ વાત પણ યથાર્થ નથી. શું સમ્મેદશિખર જીવના ભાવને કરી શકે છે! ભગવાનની પ્રતિમાથી જીવને શુભભાવ થાય છે એમ નથી. જીવ સ્વયં શુભભાવને કરે છે, પ્રતિમા જીવના પરિણામને કરતી નથી. બે દ્રવ્યની ક્રિયાને એક દ્રવ્ય કરી જ ન શકે. પ્રતિમા પોતાની અવસ્થાને કરે છે, બીજા જીવની અવસ્થાને કરતી નથી.

અચેતન કર્મ અથવા ક્રિયાનો કર્તા અચેતન જ હોય અને ચેતનની ક્રિયા અથવા કર્મનો કર્તા ચેતન જ હોય. આ વાત જેને માન્ય નથી તે મિથ્યાદૃષ્ટિ છે. દિગંબર સંપ્રદાયમાં રહીને પણ કોઈ એક કાર્યના કર્તા બે દ્રવ્યને માને તો તે મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. કોઈ તો એમ કહે છે કે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું ન કરે એમ જે માને છે તે દિગંબર જૈન નથી. તો અહીં તો કહે છે કે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાર્ય કરે એમ માને છે તે દિગંબર જૈન નથી.

હવે દસમા પદ્યમાં કર્તા-કર્મ-ક્રિયા ઉપર વિચાર કરે છે.

एक परिनामके न करता दरव दोइ,
दोइ परिनाम एक दर्व न धरतु है।
एक करतूति दोइ दर्व कबहूँ न करै,
दोइ करतूति एक दर्व न करतु है।।
जीव पुदगल एक खेत-अवगाही दोउ,
अपने अपने रूप कोउ न टरतु है।
जड़ परनामनिकौ करता है पुदगल,
चिदानन्द चेतन सुभाउ आचरतु है।।१०।।

જુઓ! શું કહે છે! એક પરિણામના કર્તા બે દ્રવ્ય હોતા નથી. જ્ઞાનાવરણાદિ કર્મ બંધાય છે તેની બંધાવાની ક્રિયાનો કર્તા કર્મ છે. છ પ્રકારના કારણોથી જ્ઞાનાવરણી કર્મ બંધાય છે એમ કહ્યું છે માટે તે છ પ્રકારના ભાવ કર્મને બાંધવાની ક્રિયા કરે છે એમ નથી. આત્મા જ્ઞાનાવરણીકર્મને બાંધે એ વાત તદ્દન જૂઠી છે. જ્યારે કર્મ બંધાય છે ત્યારે જીવના ભાવ નિમિત્તરૂપે હોય છે માટે જીવે કર્મ બાંધ્યા એમ વ્યવહારથી કહેવામાં આવે છે. તત્ત્વાર્થસૂત્રમાં આ બધું આવે છે કે છ કારણથી જ્ઞાનાવરણીય બંધાય છે, બીજા છ કારણથી દર્શનાવરણીય

www.vitragvani.com



કર્મ બંધાય છે. એમ દરેક કર્મ બંધાવામાં જીવના જે જે ભાવ નિમિત્ત છે તે તેમાં કહ્યાં છે. આત્મા જ્ઞાનની અશાતનાના પરિણામને કરે છે પણ કર્મ બાંધવાનું કાર્ય આત્માનું નથી. કર્મના પરિણામને કર્મ જ કરે, જીવ કર્મના પરિણામને કરતો નથી.

નિમિત્ત આવે તો ઉપાદાનનું કાર્ય થાય એ વાત તદ્દન જૂઠી છે. ઉપાદાન પોતે જ પોતાની તે તે સમયની ક્રિયાનો કર્તા છે. ઉપાદાન અને નિમિત્ત બંને મળીને એક કાર્યને કરે છે એમ નથી. બંને પોતપોતાના કાર્યને કરે છે. 'વોરા બ્રધર્સ', 'કોઠારી બ્રધર્સ' એવા એક નામથી બધાં ભાઈઓ ભેગા મળીને એક કાર્યને કરે છે એમ નથી. પવનથી દીવો બૂઝાય છે એમ નથી. દીવો અને પવન બે મળીને બૂઝાવાના કાર્યને કરે એમ બની શકતું નથી. દીવો સ્વયં બૂઝાય છે. પવન તો પવનનું કાર્ય કરે છે.

આ બધી 'એક પરિણામના કર્તા બે દ્રવ્ય ન હોય' એ સિદ્ધાંતની વાત થઈ. હવે કહે છે કે, 'બે દ્રવ્યના પરિણામને એક દ્રવ્ય કરતું નથી.' નિમિત્ત નિમિત્તનું કાર્ય કરે છે અને ઉપાદાન ઉપાદાનનું કાર્ય કરે છે. પાણીને અગ્નિ ગરમ કરી શકતી નથી. અગ્નિ તો અગ્નિરૂપે પરિણમવાનું કાર્ય કરે છે. પાણી પોતે પોતાની ઉષ્ણ પર્યાયને કરે છે. કારણ કે અગ્નિ અને પાણી બંને ભિન્ન ભિન્ન દ્રવ્ય છે. બંનેની સત્તા જુદી છે તેથી એક સત્તા બે કાર્યને કરી ન શકે. આ વાત સમજીને બેસાડ્યા વિના ભવનો અંત આવે તેમ નથી. કેમ કે વસ્તુની મર્યાદા જ એવી છે માટે પરાણે બેસાડવાની વાત નથી. સમજીને શ્રદ્ધામાં બેસવું જોઈએ.

પાણી પોતે પોતાની ઠંડી અવસ્થા પલટીને ગરમ અવસ્થા ધારણ કરે છે. બીજું દ્રવ્ય તે પર્યાયને ધારતું નથી. જે દ્રવ્ય પરિણમે છે તે જ તેનું કર્તા છે. બે દ્રવ્ય એક પરિણામને ધારી શકે જ નહિ અને બે પરિણામને એક દ્રવ્ય ધારી ન શકે. પણ આ વાત જ અત્યારે ક્યાંય રહી નથી. બીજાનું ભલુ કરો, શરીરની ક્રિયા કરો તો તમારું ભલું થાય એવી જ વાતો બધે ચાલે છે. પણ વિચાર તો કરો કે તત્ત્વો અનંત છે તો બે તત્ત્વો મળીને એક ક્રિયા કરશે તો અનંત તત્ત્વો જુદાં કેવી રીતે રહેશે! બે પર્યાયને એક દ્રવ્ય કરે એમ બની જ ન શકે. અગ્નિ પોતાની પર્યાયને કરે અને પાણીની ગરમ પર્યાયને પણ કરે એમ બની જ ન શકે. અગ્નિ પોતાની પર્યાયને કરે છે અને પાણી પાણીની ગરમ પર્યાયને કરે છે.

જેની સત્તા ભિન્ન છે તેના પરિણામને બીજી સત્તા કરે એમ ત્રણકાળમાં બની જ ન શકે. જગતનો કર્તા ઈશ્વર તો નથી જ પણ એક તત્ત્વ પણ બીજા તત્ત્વની પર્યાયને કરી શકતું નથી એવી વસ્તુની મર્યાદા છે. છતાં જે બીજા દ્રવ્યનો કર્તા પોતાને માને છે તે આખા જગતનો કર્તા



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



થવા જાય છે. જેમ અનીતિથી એક પાઈ પણ લેવા જે તૈયાર છે તે અનુકૂળ યોગ હશે તો એ રીતે આખા જગતની સંપત્તિ લેવા તૈયાર થઈ જશે. આખી દુનિયાનું રાજ લેવાની મમતા તેનામાં પડી છે. તેમ અહીં કહે છે એક દ્રવ્યનો કર્તા બીજા દ્રવ્યને માને છે તે અજ્ઞાની આખી દુનિયાની પર્યાયનો કર્તા પોતાને માને છે. દરેકની સત્તા જ જુદી છે તો એકના કાર્યને બીજાની સત્તા કેમ કરી શકે? બીજાની સત્તાનો અભાવ હોય તો આ સત્તામાં ભળીને તેનું કાર્ય કરે પણ સત્તાનો અભાવ કદી થતો જ નથી.

જૈનપ્રકાશમાં હજરતઅલીની વાત આવી હતી કે તે એવા ન્યાય-નીતિવાળા હતાં કે રાજ્યના કામમાં રાજની મીણબત્તી બાળે પણ જો કાંઈ ઘરનું કામ કરે તો રાજની મીણબત્તી ઠારીને ઘરની મીણબત્તી કરે. એટલા બધાં એ પ્રમાણિક હતાં એટલે લોકોમાં પંકાઈ ગયાં. જ્યાં લૌકિકમાં આવી ન્યાય-નીતિ હોય છે તો આ અલૌકિક માર્ગમાં આવનારાએ એવી ન્યાય-નીતિ તો પહેલાં જ હોય તો જ આ ધર્મ સમજાય. લૌકિક ન્યાય-નીતિના ઠેકાણાં ન હોય તેને આ ધર્મ ત્રણકાળમાં સમજાય નહિ કેમકે, આ તો લોકોત્તર નીતિ છે તેમાં આવનારાને લૌકિક નીતિ તો હોવી જ જોઈએ.

**एक करतूति दोइ दर्व कबहूँ न करै।** જડનું કે ચેતનનું એક કર્તવ્ય બે દ્રવ્ય મળીને કદી કરી ન શકે. તો પ્રશ્ન થાય કે એક મોટી વસ્તુ એક વ્યક્તિથી ઉપડતી ન હોય પણ દશ માણસ ભેગાં થઈને વસ્તુ ઉપાડે તો ઉપડે છે તો દશે મળીને એક કાર્ય કર્યું ન કહેવાય?-ના. કેમકે દશમાંથી દરેકને એકલાથી તો કાર્ય થઈ શક્યું જ નથી અને દશ વ્યક્તિ ભેગી થઈ એટલે કાંઈ એક તો થઈ ગયા નથી માટે કોઈથી એ કાર્ય થયું નથી. ત્રણકાળમાં એક કર્તવ્યના કર્તા બે દ્રવ્ય હોય એમ બની શકે જ નહિ.

બાળકને મોટું કરવાનું કામ તો મા-બાપે કર્યું કે નહિ? ના, મા-બાપે રાગનું કાર્ય કર્યું છે પણ બાળક મોટું થવાનું કાર્ય મા-બાપ કરી શકતાં નથી. દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. કોઈ કોઈનું કાર્ય કરી શકતું નથી. દરેક જીવ પોતે પોતાના પરિણામને કરે છે. કોઈ કોઈનો પિતા કે પુત્ર નથી. કોઈના પરિણામથી કોઈને લાભ કે નુકશાન થતું નથી. દરેક પદાર્થ પોતાનું અસ્તિત્વ ધરાવે છે અને પોતાનું કાર્ય કરે છે. કોઈ એકનું અસ્તિત્વ નાશ થાય તો તેના કાર્યને બીજો કરે પણ કોઈના અસ્તિત્વનો નાશ ત્રણકાળમાં કદી થતો નથી.

આ આંગળી હલે છે તે આંગળીના પરમાણુનું કાર્ય છે. જીવની ઈચ્છાનું એ કાર્ય નથી. જીવ ઈચ્છાનું કાર્ય કરે છે પણ આંગળી હલાવવાનું કાર્ય જીવ કરી શકતો નથી.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આ જગતથી ઊલટી જ વાત છે. જગત ઊંધું છે. આમાં કરવું શું?-કે કરવા યોગ્ય છે તે કરવું. આત્માનું જ્ઞાન, દર્શન અને આનંદ કરવાયોગ્ય છે તે કરવાં.

**दोइ करतूति एक दर्व न करतु है।** એક દ્રવ્ય બે દ્રવ્યનું કાર્ય કદી કરતું નથી. દ્રવ્ય પોતાનું કામ કરે અને પરનું કાર્ય પણ કરે એમ ત્રણકાળમાં બનતું નથી.

શ્રોતાઃ-આત્મા વિકાર કરે અને કર્મ પણ બાંધે છે ને?

પૂજ્ય ગુરુદેવશ્રીઃ-આત્મા વિકારના કાર્યને કરે છે પણ કર્મ બાંધવાનું કામ આત્માનું નથી. કર્મ સ્વયં કર્મના પરમાણુથી બંધાય છે. અને જ્યારે આત્મા પોતાના આશ્રયે સંવર, નિર્જરા અને ધર્મનું કાર્ય કરે ત્યારે કર્મ સ્વયં નાશ પામે છે.-કર્મ અકર્મરૂપ થઈ જાય છે, તેને જીવ કરતો નથી. કર્મ ખસ્યા માટે ધર્મ થયો એમ પણ નથી. કર્મનું કાર્ય કર્મમાં થાય છે અને આત્માનું કાર્ય આત્મામાં થાય છે. બે કાર્યને એક દ્રવ્ય કરતું નથી. અથવા એક કાર્યને બે દ્રવ્ય મળીને કરતા નથી.

અજ્ઞાની રાગનો કર્તા થઈને ખાવાની ઇચ્છા કરે પણ ખાવાની ક્રિયાને અજ્ઞાની કરી શકતો નથી. દરજી કપડાંને સીવી શકતો નથી. કડિયો મકાન બનાવી શકતો નથી. સૂતાર બારી-બારણાં બનાવી શકતો નથી એમ દરેકમાં સમજી લેવું.

શ્રોતાઃ-આપે તો આ નવો પંથ કાઢ્યો છે!

પૂજ્ય ગુરુદેવશ્રીઃ-આ નવો પંથ નથી. આ તો અનાદિનો માર્ગ છે. વીતરાગ સર્વજ્ઞદેવે બતાવેલો આ સનાતન માર્ગ છે. તેની ન્યાયથી તુલના કરી જુઓને! એક તત્ત્વ બીજા તત્ત્વને કરે તો બે તત્ત્વ ભિન્ન રહી શકતા નથી. પણ કોઈ તત્ત્વ પોતાની સત્તા છોડીને બીજી સત્તામાં જતું જ નથી. આ બોલવાની ક્રિયા થાય છે તેને આત્મા પણ કરે અને જડ પણ કરે એમ બનતું નથી. બોલવાની ક્રિયા ભાષાવર્ગણા કરે છે, જીવ કરતો નથી.

કોઈ વળી એમ કહે છે કે આપણે જીવોને બચાવવા કે મારવા નહિ-એવું કાંઈ ન કરવું પણ જીવોને ઉપદેશ આપવો કે 'કોઈ પ્રાણીને દુઃખ ન દેવું' એમ ઉપદેશ આપવાથી આપણને ધર્મનો લાભ થાય. એ એમ વિચારતો નથી કે બોલવાની ક્રિયા તો જડની છે અને ઉપદેશનો વિકલ્પ ઉઠ્યો એ તો રાગ છે, રાગથી ધર્મની ક્રિયા કેમ થાય! રાગથી ધર્મ માને એ તો મૂઢ છે. વીતરાગના માર્ગને જગત સાથે મેળવીશ નહિ ભાઈ!

જ્ઞાનાનંદસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદનો નાથ છે એ તરફ દૃષ્ટિને વાળ અને ત્યાં થંભી જા



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

તો તારું કાર્ય સફળ થઈ જશે. બીજાને ઉપદેશ દઈને ધર્મ પમાડવા જઈશ તેમાં કાંઈ ધૂળેય સફળતા નહિ મળે. આજ સુધીમાં કોઈએ કોઈને તાર્યા નથી. તો ભગવાનને તરણતારણ કહ્યા છે તેનું શું?-એ તો નિમિત્તથી કથન છે. જે કોઈ તર્યા છે તે પોતાની લાયકાતથી તર્યા છે તેમાં ભગવાનને નિમિત્ત કહેવામાં આવે છે. જો ભગવાન જ તારી દેતાં હોત તો તો બધાંને ભગવાન સિદ્ધ બનાવી દે.....તો સંસાર રહેત જ નહિ. પણ સંસાર તો અનાદિનો છે તેનો કદી નાશ થતો નથી.

જીવ અને પુદ્‌ગલ એક ક્ષેત્રમાં રહેલા છે પણ કોઈ પોતે પોતાના સ્વભાવને છોડતાં નથી. પોતાની સત્તાને કોઈ દ્રવ્ય છોડતું નથી. સારું સારું ખાય તો શરીર સારું રહે એમ બનતું નથી. આત્મા ખાવાની ક્રિયાને કરતો જ નથી. અજ્ઞાનદશામાં આત્મા બહુ તો રાગ કરે પણ ખાવાની ક્રિયાને તે કરી શકતો નથી.

આ તો સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગનો મારગ છે ભાઈ! જેણે ત્રણકાળ ત્રણલોકમાં રહેલાં પદાર્થોની ભિન્ન ભિન્ન સત્તાને જાણી છે. તે દરેક પદાર્થના દ્રવ્ય, ગુણ, પર્યાયનું હોવાપણું તેની પોતાની સત્તાથી છે. પરને કારણે તેના દ્રવ્ય, ગુણ, પર્યાયની હયાતિ નથી. માટે મારાથી આ બીજાના કામ થાય છે એવા અભિમાન કરવા રહેવા દેજે ભાઈ! સાધુ નામ ધરાવીને પણ ઘણાં એવા મિથ્યામાન સેવતા હોય છે કે અમારી પાસે પૈસા નથી પણ અમે લોકો પાસે ઉપદેશ આપીને દાનમાં પૈસા ખંખેરાવીએ છીએ, લોકો પાંચ-પાંચ દશ-દશ લાખ દાનમાં આપી દે છે. બહેનોને ઉપદેશ આપીએ કે શું તમારે પૈસા દેવાનો અધિકાર નથી! અરે! ઘરમાં કામવાળી રાખો તેને પણ કેટલા પગાર આપે છે તો તમે તો આ ઘરમાં ૫૦-૫૦ વર્ષથી કામ કરો છો તો તમારે કેટલાં પૈસા ભેગા થાય? બહેનો પાસે પૈસા ન હોય તો દાગીના દાનમાં આપી દ્યો....એમ જુદી જુદી રીતે ઉપદેશ દઈને અમે દાન કરાવીએ છીએ-એવા અભિમાન કરે છે તેને ખબર નથી કે વાણીનું કાર્ય મારું નથી અને પૈસા ભેગા કરવાનું કાર્ય પણ મારું નથી. મફતના મિથ્યાત્વને સેવે છે.

અહીં તો કહે છે કે આત્મા પરનું કાર્ય તો કરતો નથી પણ રાગનો કર્તા થાય છે તે પણ મૂઢ છે. આત્માને વિકારી માનનારો અજ્ઞાની અવિકારી સ્વભાવનો અનાદર કરનારો છે.

આ તો જેને આત્માનું હિત કરવું હોય તેને માટે વાત છે. વસ્તુનું સ્વરૂપ જ એવું છે. ભગવાને કહ્યું માટે છે એમ નથી. ભગવાને તો જેવું છે તેવું જોયું છે-જાણ્યું છે અને એવું કહ્યું છે.

ઘણાં શેઠિયા એમ કહે કે અમે કાંઈ ધંધા માટે આ બધું કરતાં નથી. અમે તો ૮-૧૦

હજાર માણસોને નભાવવા માટે આ કારખાના આદિ ચલાવીએ છીએ. તેને ખબર નથી કે કારખાના તો શું પણ એક વિકલ્પ તારામાં ઊઠે તેનો કર્તા થવા જઈશ તોપણ નિર્વિકલ્પ તત્ત્વ ભુલાય છે તો આત્મા તારું હિત શું થશે? તારા વિકલ્પથી બીજાને પૈસા મળવાના અને નભવાના કામ થાય એ વાત હરામ છે-તદ્દન જૂઠી છે. સત્‌ના સ્વરૂપની તને ખબર નથી ભાઈ!

તો પોષા ને પ્રતિક્રમણાદિ કરવાથી તો મને લાભ થાય ને! એમ માનવું પણ જૂઠું છે. રાગની મંદતા થશે એટલું પુણ્ય બંધાશે પણ ધર્મ નહિ થાય. સાધુ લોકો જાય ત્યારે લોકો પાસે અમુક પચખાણનું ભાતું નખાવે; પણ સામા જીવની રાગની મંદતાથી તને લાભ થવાનો છે! એક રાગની ક્રિયાના કર્તા બે દ્રવ્ય ન હોય.

આવો માર્ગ વીતરાગનો, ભાખ્યો શ્રી ભગવાન,<br>
સમવસરણની મધ્યમાં, શ્રી સીમંધર ભગવાન.

શ્રી સીમંધર ત્રિલોકનાથ પરમાત્માએ સમવસરણમાં આ ફરમાવ્યું છે કે એક દ્રવ્ય બે દ્રવ્યના કાર્યને કરે નહિ અને બે દ્રવ્ય મળીને એકના કાર્યને કરે નહિ આમ છે બાપા! તને આ બેસે કે ન બેસે તેને માટે તું સ્વતંત્ર છો.

કર્મ જીવને ચારગતિમાં રખડાવતું નથી. જીવ પોતે પોતાની ભૂલથી ચારગતિમાં ભ્રમણ કરે છે અને પોતે જ ભૂલ ટાળીને ભગવાન થઈ શકે છે. જ્ઞાનાનંદી ભગવાન આત્મા અજ્ઞાનપણે રાગને આચરે અને જ્ઞાનપણે આનંદને આચરે. એવો જ એનો સ્વભાવ છે. चिदानन्द चेतन सुभाउ आचरतु है। આવો એનો અનાદિ-અનંત સ્વભાવ છે.

વીતરાગનો કહેલો આ એક જ માર્ગ સત્ય છે, બીજો કોઈ માર્ગ સત્ય નથી.

# દૃષ્ટિ-મોક્ષનું સ્વરૂપ

(સળંગ પ્રવચન નં. ૪૧)

શ્રી નાટક સમયસારનો કર્તા-કર્મ-ક્રિયા નામનો અધિકાર છે. તેમાં આ ૧૦મા શ્લોકનું ૧૧મું પદ્ય છે.

આત્મા કર્તા અને 'કર્મ' તેનું કાર્ય એમ કદી બની શકતું નથી પણ અજ્ઞાનીને આત્મા 'જ્ઞાયક' છે એવું ભાન નહિ હોવાથી અજ્ઞાની પરના કાર્યનો કર્તા પોતાને માને છે. શરીરની ક્રિયા હું કરું છું, હું પરને મદદ કરું છું, પરથી મને લાભ-નુકશાન થાય છે. હું મનુષ્ય છું અથવા હું દેવ, નારકી કે તિર્યંચ છું એમ અનેક પ્રકારે પરમાં અહંકાર અને મમકાર કરીને અજ્ઞાની મિથ્યાત્વભાવને સેવે છે. સૂક્ષ્મ વાત છે ભાઈ!

આ શ્લોકમાં મિથ્યાત્વ અને સમ્યક્ત્વનું સ્વરૂપ બતાવે છે.

महा धीठ दुखकौ वसीठ परदर्वरूप,
अंधकूप काहूपै निवार्यौ नहि गयौ है।
ऐसौ मिथ्याभाव लग्यौ जीवकौं अनादिहीकौ,
याही अहंबुद्धि लिए नानाभांति भयौ है।।
काहू समै काहूकौ मिथ्यात अंधकार भेदि,
ममता उछेदि सुद्ध भाव परिनयौ है।
तिनही विवेक धारि बंधकौ विलास डारि,
आतम सकतिसौं जगत जीत लयौ है।।११।।

અર્થ:-મિથ્યાત્વભાવ મહા ધીઠો છે-અત્યંત કઠોર છે, દુઃખોનો દૂત છે, પરદ્રવ્ય- જનિત છે, અંધારિયા કૂવા સમાન છે. કોઈથી ખસેડી શકાતો નથી....

ભગવાન આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે. જાણનાર-દેખનાર સ્વભાવ છે તેને ભૂલીને શરીરાદિ સંયોગી ચીજને પોતાની માને છે. હું પરને મદદ કરું છું અને પરદ્રવ્ય મને મદદ કરે છે એવી માન્યતાવાળો મિથ્યાત્વભાવ મહાધીઠ છે. પાંચ મહાવ્રત આદિ ૨૮ મૂળગુણનું પાલન હું કરું છું....એમ રાગની અને શરીરની ક્રિયાને પોતાની ક્રિયા માનતો મિથ્યાત્વભાવ

www.vitragvani.com



મહા ધીઠ છે.

આત્માની એક સમયની પર્યાય ઉપર દૃષ્ટિ પડી છે એ પણ મિથ્યાત્વભાવ છે. ભગવાન આત્મા તો સિદ્ધસ્વરૂપી ચૈતન્યરૂપી ચૈતન્યઘન વિજ્ઞાનઘન અરૂપી છે. એવા પોતાના સ્વરૂપને ભૂલીને, પરદ્રવ્યના કાર્ય હું કરું છું, વિભાવના કાર્ય મારા છે અને વિભાવને જાણનારો વર્તમાન જ્ઞાનનો પર્યાય છે એવડો જ હું આખો આત્મા છું એવો મિથ્યાદૃષ્ટિનો મિથ્યા અહંકાર મહા દુઃખરૂપ છે.

મિથ્યાત્વભાવ અંધારિયા કૂવા જેવો છે. ચૈતન્ય જ્ઞાનજ્યોતિને ભૂલીને પરનો કર્તા પોતાને માનવો એ મહા મિથ્યાત્વ છે. પરની દયાનો ભાવ હોય એ તો એક વિકલ્પ છે પણ પરની દયા હું કરી શકું છું, દયા એ જ મારું કર્તવ્ય છે એવો જે મિથ્યાત્વભાવ તે દુઃખનો દૂત છે. મિથ્યાત્વભાવ જીવનો સ્વભાવ નથી માટે તે પરદ્રવ્યસ્વરૂપ છે. પરદ્રવ્ય તો પર છે જ પણ, રાગ-દ્વેષભાવ પણ જીવનો સ્વભાવ નહિ હોવાથી પરદ્રવ્યરૂપ છે. ખરેખર તો એક અંશ છે તે પણ લક્ષ કરવા માટે પરદ્રવ્યસ્વરૂપ છે. અબંધ સ્વરૂપ પ્રભુ તો આનંદઘન છે એવા આત્માની દૃષ્ટિ થાય તો રાગ-દ્વેષ-અજ્ઞાનની દૃષ્ટિ નાશ પામી જાય છે અને દુઃખ દૂર થઈને આનંદની પ્રાપ્તિ થાય છે.

અત્યારે તો આવી વાત સાંભળવા મળવી પણ મુશ્કેલ છે. સારા કાળમાં આત્માના અનુભવી અને મુનિ તો આત્માના આનંદના ઝૂલે ઝૂલે છે. ક્ષણમાં આત્મામાં લીન થઈ જાય છે. મુનિ સ્થવિરકલ્પી હો કે જિનકલ્પી (એકલ વિહારી) હો બંને પ્રકારના મુનિ નગ્ન હોય છે, જંગલમાં રહેનારા હોય છે અને પોતાના આત્માના આનંદના ઝૂલે ઝૂલનારા હોય છે. બંને નિર્ગ્રંથ હોય છે, માત્ર ફેર એટલો છે કે

'જે મુનિ સંગતિમેં રહે, સ્થવિરકલ્પી સો જાન,
એકાકી જાકી દશા, સો જિનકલ્પી બખાન.'

જિનકલ્પી મુનિ એકલા વિચરે છે અને સ્થવિરકલ્પી મુનિસંઘમાં રહે છે એટલો જ બેમાં ફેર છે. બાકી આમ તો બંને સરખા નિર્ગ્રંથ દિગંબર જંગલવાસી મુનિ છે. એક વસ્ત્રનો ધાગો પણ તેને ન હોય, વસ્ત્ર રાખીને મુનિપણું મનાવે છે તે મિથ્યાદૃષ્ટિ નિગોદમાં જાય છે.

ભગવાન આત્મા એકલી જ્ઞાનની ક્રિયા કરનારો છે. આત્માને રાગની ક્રિયા કરનારો માને છે તે મિથ્યાદૃષ્ટિ, અજ્ઞાની છે. એવું મિથ્યાત્વ છૂટ્યા વિના સમકિત થતું નથી અને



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

સમકિત થાય પછી વિશેષ આનંદની લહેર આવ્યા વિના અવ્રતીપણું છૂટતું નથી.

**ऐसौ मिथ्याभाव लग्यौ जीवकौं अनादि ही कौ।** નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક સુધીના જીવોને અનાદિથી મિથ્યાત્વભાવ લાગેલો છે. નવમી ગ્રૈવેયક તો જીવ ક્યારે જાય કે જ્યારે તેણે નગ્ન દિગંબર મુનિપણું પાળ્યું હોય પણ દેહની ક્રિયા હું કરું છું, મહાવ્રતના વિકલ્પ મારા છે અને તેનાથી મને ધર્મ થાય છે એવો મિથ્યાત્વભાવ તેણે છોડ્યો ન હોય. વસ્ત્ર ધારણ કરીને મુનિપણું મનાવે છે એ તો દ્રવ્યલિંગી મુનિ પણ નથી, કુલિંગી છે. એ તો નવમી ગ્રૈવેયક સુધી જઈ શકતો નથી પણ જે દ્રવ્યલિંગી છે, ૨૮ મૂળગુણ બરાબર પાળે છે, તે નવમી ગ્રૈવેયકમાં જાય છે પણ પંચ મહાવ્રતાદિના વિકલ્પમાં જ તેણે ધર્મ માનીને મિથ્યાત્વને જ પુષ્ટ કર્યું છે. વિકલ્પ તો આસ્રવ છે તેમાં ધર્મ માનીને મિથ્યાદર્શનશલ્યને પુષ્ટ કર્યું છે.

**याही अहंबुद्धि लिए नानाभांति भयौ है।** પોતાના ત્રિકાળ જ્ઞાયકસ્વભાવને ભૂલીને અજ્ઞાનીએ અંશમાં, વિભાવમાં, પરમાં એમ અનેક જગ્યાએ મારાપણું માનીને અનેક અવસ્થાઓ ધારણ કરી છે. હું મનુષ્ય છું, દેવ છું, હું પુણ્ય કરવાવાળો છું, હું દયા પાળનારો છું એવા અનેક પ્રકારના મિથ્યાત્વભાવને સેવતો અનેક અવસ્થાને ધારણ કરે છે.

**काहू समै काहूकौ मिथ्यात अंधकार भेदि, ममता उछेदि सुद्ध भाव परिनयौ है।** કોઈ સમયે કોઈ જીવ પરમાં, રાગમાં અને એક અંશમાં અહંબુદ્ધિ છોડી દે કે પરદ્રવ્ય તો પર છે હું તેના કાર્યનો કર્તા નથી, રાગ પણ મારું સ્વરૂપ નથી અને એક સમયની પર્યાય તો અંશ છે તેમાં હું આખો આવતો નથી એમ સમજીને, પરદ્રવ્ય આદિમાંથી મમત્વભાવ ખસેડીને શુદ્ધભાવરૂપ પરિણામ કરે તો તે ભેદવિજ્ઞાન ધારણ કરીને, બંધના કારણોને દૂર કરીને, પોતાની આત્મશક્તિથી સંસાર જીતી લે છે અર્થાત્ મુક્ત થઈ જાય છે.

લોકોને હજુ મિથ્યાત્વ અને સમ્યક્ત્વની જ ખબર નથી ત્યાં ચારિત્ર તો દૂર રહી જાય છે. ચારિત્રવંતને તો ગણધરદેવ પણ નમસ્કાર કરે છે. **णमो लोये सव्वसाहूणं** માં ચારિત્રવંત બધાં મુનિરાજને નમસ્કાર આવી જાય છે.

અહીં કહે છે જ્યારે કોઈ જીવ પરમાંથી અહંબુદ્ધિ છોડે.....અરે! હું પરમાં નથી, પરનું કાર્ય મારું નથી, દયા, દાન, વ્રતનો વિકલ્પ મારો નથી ને સત્ચિદાનંદ ધ્રુવ ભગવાન છું. સિદ્ધ ભગવાનની જે પર્યાય છે એવી અનંતી પર્યાયનો હું પિંડ છું. મારા આત્મામાં અપરિમિત-અમર્યાદિત અનંત-અનંત જ્ઞાન-દર્શન, આનંદાદિ શક્તિ પડી છે. શરીર, વાણી, મન, સ્ત્રી, પુત્ર, પરિવાર, દેવ, ગુરુ, શાસ્ત્ર એ બધાં પરદ્રવ્ય છે, મારી ચીજ નથી. મારા અંતરમાં પુણ્ય-

પાપના વિભાવ ઉત્પન્ન થાય છે એ પણ મારા નહિ, એ તો આસ્રવતત્ત્વ છે, બંધનું કારણ છે, તે હું નથી. મારામાં જ્ઞાનાદિના અલ્પ ઉઘાડવાળી અલ્પજ્ઞપર્યાય છે એટલો પણ હું નથી. હું તો અનંતગુણમયી વસ્તુ છું-એવો જ્યારે અનુભવ કરે છે ત્યારે તેના મિથ્યાત્વ અંધકારનો નાશ થઈને શુદ્ધભાવનો પ્રકાશ થાય છે.

એક જ્ઞાનગુણમાં અનંતી જ્ઞાનગુણની પર્યાય પડી છે, એક શ્રદ્ધાગુણમાં અનંતી શ્રદ્ધાપર્યાય પડી છે, એક ચારિત્રગુણમાં અનંતી ચારિત્રપર્યાય પડી છે, એક આનંદ ગુણમાં અનંતો આનંદ પડ્યો છે. એક સમયમાં આવા અનંતગુણનો સ્વામી હું 'આત્મા' એક સમયની પર્યાય જેવડો નથી કે એક ગુણ જેવડો પણ હું નથી.

**ममता उछेदि सुद्ध भाव परिनयौ है।** આમાં ઘણું સમાવી દીધું છે. અનંત ગુણરૂપ એક વસ્તુમાં દૃષ્ટિ જવાથી બીજું બધું મમત્વ છૂટી જાય છે. નિમિત્ત હું છું, રાગ હું છું, એક પર્યાય જેવડો હું છું કે એક ગુણરૂપ હું છું એવી બધી મિથ્યાબુદ્ધિનો નાશ થઈ જાય છે. પુણ્ય-પાપ વિકલ્પ તો અશુદ્ધભાવ છે. ભગવાન આત્માની દૃષ્ટિ થતાં એ અશુદ્ધભાવ છૂટીને આત્મામાં શુદ્ધભાવની દશા ઉત્પન્ન થાય છે. આ શુદ્ધભાવની દશા તે ધર્મ છે.

બાપુ! તારા ઘરની આ અલૌકિક વાત છે. અત્યાર સુધી કદી નિજઘરમાં આવ્યો નથી. હવે નિજઘરમાં આવી જા! પરઘરમાં અહંબુદ્ધિ કરીને તો અનેક અવસ્થા ધારણ કરી....પરઘર ફિરત અનેક નામ ધરાયો.....હમ તો કબહૂં ન નિજઘર આયે....હું દયાનો પાળનાર, હું ભક્તિનો કરનાર, હું કુટુંબને પાળનાર, હું દેશસેવા કરનાર-એમ અનેક પ્રકારના મિથ્યાત્વભાવને સેવીને જીવે અનેક પર્યાય ધારણ કરી છે-**नानाभांति भयौ है।**

**तिनही विवेक धारि बंधकौ विलास डारि,** રાગ અને વિકલ્પથી ભિન્ન પડી તથા અલ્પજ્ઞપણાનું લક્ષ છોડી પોતાના સ્વરૂપને દૃષ્ટિમાં લઈને જેણે વિવેક નામ ભેદજ્ઞાન કર્યું તેણે બંધનો વિલાસ એટલે બંધના કારણોને દૂર કર્યા. મિથ્યાત્વ પરિણામ, અવ્રતપરિણામ. વ્રતના વિકલ્પ, કષાયભાવ, પ્રમાદભાવ....એ બધાં બંધના કારણ છે, તે કોઈ મારા સ્વરૂપમાં નથી એમ તેનાથી જુદો પડી જાય છે. હું તો અબંધસ્વભાવી છું એવી દૃષ્ટિ અને અનુભવ થતાં કોઈ બંધભાવ મારી વસ્તુમાં નથી એવું ભાન સમ્યગ્દૃષ્ટિને થઈ જાય છે.

સમ્યગ્દર્શન થતાં, અબંધસ્વભાવી આત્માનું ભાન થતાં, જીવ મુક્ત થઈ ગયો. ચારિત્રમાં મુક્તિ બાકી રહી પણ શ્રદ્ધામાં તો અબંધસ્વભાવનો અનુભવ થયો તેણે બંધના વિલાસને દૂર કરી આત્મશક્તિથી જગતને જીતી લીધું છે. વિકલ્પથી માંડીને આખી દુનિયાથી હું જુદો,

www.vitragvani.com



આનંદકંદ આત્મા છું.

આનંદકંદ ભગવાન આત્માનો આશ્રય લઈને-શક્તિનો સહારો લઈને જ્ઞાનીએ જગતને જીતી લીધું છે. વિકલ્પથી માંડીને આખી દુનિયાને જીતી લીધી છે. હું તો જ્ઞાન ને આનંદનો કંદ આત્મા છું. જ્ઞાન, આનંદ આદિ અનંત શક્તિના પિંડરૂપ દ્રવ્યદૃષ્ટિનું જોર જતાં દ્રવ્યમાંથી આનંદની ધારા વહે છે, તે દુ:ખને જીતી લે છે. જુઓ! આ ચોથા ગુણસ્થાનની વાત છે હો! સાધુની વાત તો શું કહેવી!

માણસ હોના મુશ્કિલ હૈ, તો સાધુ કહાંસે હોય!
સાધુ હુઆ સો સિદ્ધ હુઆ, કહેણી રહી ન કોય.

સાધુએ તો મોક્ષતત્ત્વમાં પ્રવેશ કરી દીધો છે પણ જે સમ્યગ્દૃષ્ટિ થાય છે તેને પણ પોતાનો અખંડ અભેદ પૂર્ણસ્વભાવી ભગવાન આત્મા અનુભવમાં અને પ્રતીતિમાં આવવા લાગ્યો છે તેથી બંધનો વિલાસ દૂર થવા લાગે છે. હું બંધથી બંધાયેલો નથી, હું તો અબંધસ્વભાવી છું એવી દૃષ્ટિ થઈ ગઈ એટલી મુક્તિ સમ્યગ્દર્શનમાં જ થઈ જાય છે. **आतम शक्ति** કહીને એક શક્તિ નહિ પણ અનંત શક્તિવંત આખો આત્મા દૃષ્ટિમાં લીધો તેણે આખા જગતને જીતી લીધું. દુનિયાની કોઈ ચીજ તો મારી નથી પણ આ રાગાદિભાવ પણ મારા નહિ એવો વિવેક જાગૃત થઈ ગયો. મિથ્યાત્વનો નાશ થયો, બંધ દૂર થયો અને સમ્યગ્જ્ઞાનનો પ્રકાશ થયો, સમકિતની પ્રાપ્તિ થઈ. બંધના જે કોઈ અને જેટલાં વિકલ્પો આવે છે તે હું નથી અને તે મારા નથી, હું તો તેનો જાણવાવાળો છું.

હું તો અનાદિ અનંત અબંધસ્વભાવી છું, બંધ મારામાં છે જ નહિ. બંધને મારો માનવો તે મિથ્યાત્વ છે. અજ્ઞાનીને પોતાનો પ્રભુ કેવડો મોટો છે, કેવો છે તેની ખબર નથી અને ધર્મ કરવો છે પણ ધર્મનો કરનારો ધર્મી કેવડો મોટો છે, કેવો છે તેની ખબર વગર ધર્મ ક્યાંથી થાય! અમે અણુવ્રત પાળીએ છીએ, મહાવ્રત પાળીએ છીએ....એમાં ધર્મ મનાવે છે તે તો મિથ્યાત્વ પાળે છે, ધર્મને પાળતો નથી. કારણ કે આસ્રવ અને બંધતત્ત્વથી તો આત્મા ભિન્ન છે. આસ્રવ, બંધથી આત્માને સહિત માનવો એ તો મિથ્યાત્વ છે.

આત્મશક્તિ એટલે અનંત શક્તિના પિંડરૂપ આત્માનો સહારો લીધો તેને બંધનો વિલાસ છૂટી જાય છે. અસ્થિરતાનો રાગ છે એટલો બંધ છે તેને જ્ઞાનમાં જાણે છે પણ તેને જ્ઞાની મારો માનતો નથી. હું તો અબંધસ્વભાવી છું, મારામાં બંધ છે જ નહિ એવી દૃષ્ટિ થતાં અબંધમાં રહેલા આનંદનો અનુભવ થયા વગર રહેતો નથી. દુ:ખ ટળીને આનંદનું વેદન



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આવે છે.

આ ૧૦મો કળશ થયો; હવે ૧૧મા કળશનું ૧૨મુ પદ્ય કહે છે.

सुद्धभाव चेतन असुद्धभाव चेतन,
दुहूंकौ करतार जीव और नहि मानिये।
कर्मपिंडकौ विलास वर्न रस गंध फास,
करता दुहूंकौ पुद्गल परवानिये।।
तातैं वरनादि गुन ग्यानावरनादि कर्म,
नाना परकार पुदगलरूप जानिये।
समल विमल परिनाम जे जे चेतनके,
ते ते सब अलख पुरुष यौं बखानिये।।१२।।

અર્થઃ-શુદ્ધ ચૈતન્યભાવ અને અશુદ્ધ ચૈતન્યભાવ-બંને ભાવોનો કર્તા જીવ છે, બીજો નથી. દ્રવ્યકર્મના પરિણામ અને વર્ણ, ગંધ, રસ, સ્પર્શ-એ બંનેનો કર્તા પુદ્‌ગલ છે. એથી વર્ણ, રસાદિ ગુણસહિત શરીર અને જ્ઞાનાવરણાદિ કર્મસ્કંધ-એને અનેક પ્રકારની પુદ્‌ગલ પર્યાયો જાણવી જોઈએ. આત્માના શુદ્ધ અને અશુદ્ધ જે જે પરિણામ છે તે બધાં અમૂર્તિક આત્માના છે, એમ પરમેશ્વરે કહ્યું છે.

સમ્યગ્દર્શન સહિત જ્ઞાનભાવનો કર્તા જીવ છે અને અજ્ઞાનદશામાં પુણ્ય-પાપ રાગાદિ કરે છે તેનો કર્તા પણ જીવ છે. કર્મ કદી જીવના પરિણામને કરતાં નથી. શુદ્ધભાવ હો કે અશુદ્ધભાવ હો તે બંને ભાવોનો કર્તા જીવ છે. અજ્ઞાનદશામાં જીવ અશુદ્ધભાવને કરે છે પણ પરદ્રવ્યના ભાવને તો જીવ કરતો જ નથી. તેથી કર્મના પરિણામને કે ઉપદેશને કે બીજાના લાભ-નુકશાનના પરિણામને જીવ કરી શકતો નથી. હું ઉપદેશ દઈને બીજાનું ભલું કરું છું એ તો મિથ્યાત્વ છે. ઉપદેશ આપીને બીજાને સુધારી દઉં એમ માનનારો મૂઢ મિથ્યાદષ્ટિ છે.

કર્મનો કર્તા આત્મા નથી અને કર્મ આત્માના વિકારનો કર્તા નથી. જીવમાં અશુદ્ધભાવ થાય છે તે કર્મનો સંગ કરવાથી થાય છે પણ તેનો કર્તા કર્મ નથી, જીવ પોતે જ અશુદ્ધભાવ કરે છે. અશુદ્ધભાવ થવામાં કર્મનું નિમિત્ત છે પણ કર્તા જીવ પોતે છે. માટે જ પંચાસ્તિકાયમાં જીવને 'પ્રભુ' કહ્યો છે કેમકે તેને પોતાના વિકારી કે અવિકારી પરિણામ કરવામાં કોઈના સહારાની જરૂર નથી. માટે આત્મા પ્રભુ છે. પણ અશુદ્ધભાવમાં કર્મનું અને શુદ્ધભાવમાં



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



કર્મના અભાવનું નિમિત્ત હોવાથી બંને ભાવને એ અપેક્ષાએ કર્મજનિત પણ કહેવાય છે પણ વાસ્તવિક દૃષ્ટિએ વિકાર કરવામાં, અવિકારી થવામાં, જીવ પોતે જ સ્વતંત્રપણે કર્તા છે, તેને બીજા કોઈ સહારાની જરૂર નથી.

અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ જીવ પણ પોતાની મર્યાદા છોડીને પરમાં તો કાંઈ કરી શકતો જ નથી. પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાયથી બહાર જીવ જઈ શકતો જ નથી. તો બહારમાં જીવ શું કરી શકે! સામાયિક કરે, પોષા કરે, શ્રાવક-શ્રાવિકા બનાવે, સાધુ-સાધ્વીના ટોળાં બનાવે....આ બધું હું કરું છું એમ અજ્ઞાનપણે માને અને મનાવે પણ જીવ પોતાની મર્યાદાથી બહાર નીકળીને પરનું કાંઈ કરતો નથી.

અહા....! દુનિયાથી જુદી જાતની આ વાત છે. દુનિયાને જીતવાનો એ એક જ ઉપાય છે. અજ્ઞાનપણે દુનિયાને જીતી ન શકે. અજ્ઞાનપણે રાગનો અને વિકારનો કર્તા અજ્ઞાની થાય છે પણ પરનું કાર્ય તો અજ્ઞાનપણે પણ જીવ કરી શકતો નથી. દયા, દાન, વ્રત, તપાદિ શુભભાવ છે તે પણ અશુદ્ધભાવ છે, તેને અજ્ઞાની કરે છે પણ જ્ઞાની તો અશુદ્ધભાવને કરતાં નથી. જ્ઞાની તો પોતાના જ્ઞાનભાવના જ કર્તા થાય છે.

પોતાની પર્યાયની મર્યાદા છોડીને પરના કાર્યને કરે એવો કોઈ પણ દ્રવ્યની સત્તાનો સ્વભાવ નથી. કોઈ એવું અભિમાન કરે કે મારી પાસે પૈસા નથી પણ હું ઉપદેશ એવો આપું કે કરોડો રૂપિયાનું દાન ભેગું થઈ જાય. આવું અભિમાન કરનારા મૂઢ છે. જડની ક્રિયાને જીવ કરી શકતો જ નથી. છતાં અમે પગપાળા જાત્રા કરનારા-છ'રી પાળનારા છીએ એમ માને છે તે પોતાના આત્મા ઉપર છરી મૂકતા જાય છે. આત્મા તો 'જ્ઞાતા' છે તેના બદલે જ્ઞાતા નહિ રહેતાં વિકલ્પ કરે છે પણ જડની ક્રિયાને તો આત્મા કરતો જ નથી. આ વાત સોનગઢથી નવી નીકળી છે એમ લોકોને લાગે પણ આ વસ્તુના સ્વરૂપની શાસ્ત્રે કહેલી વાત છે.

સોનગઢનો પંથ નિરાળો છે પણ ઘરનો કાઢેલો પંથ નથી. આ તો સર્વજ્ઞ વીતરાગના ઘરનો નિરાળો પંથ છે.

જીવ જીવના પર્યાયને કરે છે તેમ પુદ્ગલ પુદ્ગલની પર્યાયને કરે છે. કર્મની અવસ્થાને પુદ્ગલ કરે છે અને વર્ણ, ગંધ, રસ, સ્પર્શની અવસ્થાને પણ પુદ્ગલ કરે છે. આ શરીરની બોલવા-ચાલવા આદિની ક્રિયા થાય છે તેને શરીર કરે છે, જીવ કરતો નથી. અજ્ઞાનભાવે પણ આત્મા તેને કરતો નથી. જ્ઞાનાવરણાદિ કર્મની અને શરીરની અનેક અવસ્થાઓને પુદ્ગલ કરે છે. આત્મા બિલકુલ પુદ્ગલની ક્રિયાને કરતો નથી.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

**समल विमल परिनाम जे जे चेतनके......**સમલ એટલે રાગ-દ્વેષાદિ મલિન પરિણામ અને વિમલ એટલે નિર્મળ પરિણામ તે બંનેનો કર્તા જીવ પોતે છે. સ્વભાવનો આશ્રય લે તો નિર્મળ પરિણામ કરે તે પણ આત્મા કરે છે અને અજ્ઞાની સ્વભાવનો આશ્રય નહિ લેતાં રાગ-દ્વેષ પરિણામને કરે છે તે પણ આત્મા જ કરે છે. તે સિવાય બીજા દ્રવ્યના પરિણામને આત્મા અજ્ઞાનમાં પણ કરતો નથી. આ વસ્તુ-મર્યાદા છે.

★ ગમે તે પ્રસંગ હો, આત્માનું જ્ઞાતાદ્રષ્ટાપણે રહેવું તે જ શાન્તિ છે. સંયોગો પ્રતિકૂળ હો કે અનુકૂળ, એ દરેક પ્રસંગમાં 'હું એક શુદ્ધ ચૈતન્ય આનંદઘન છું' એ દૃષ્ટિ ખસવી ન જોઈએ. મારું અસ્તિત્વ સહજ એક જ્ઞાયકભાવ છે, તેમાં શરીરાદિ પરનો કે રાગાદિ વિભાવનો પ્રવેશ નથી અને મારો જે સ્વભાવ છે તે પરમાં જતો નથી-આવી દૃષ્ટિ રહેવાથી પરના ગમે તે પ્રસંગમાં જીવને શાન્તિ જ રહે, ખેદનો ખદબદાટ ન થાય. અહા! આવી વાત છે!

*-પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

★ આચાર્ય મહારાજ કહે છે કે ભગવાન! તારી મૂડીમાં-પૂંજીમાં-સ્વરૂપમાં રાગ-દ્વેષ બિલકુલ નથી અને બીજી ચીજ તને રાગ-દ્વેષ કરાવે એવી એનામાં તાકાત નથી પણ તારા સ્વભાવના જ્ઞાતાપણાને છોડીને અજ્ઞાનના કારણે લાંબી દોરી ચલાવે છે. આ ઠીક છે, આ અઠીક છે એવું અનંતકાળથી રાગ-દ્વેષનું મંથન કર્યું છે. પોતાના જ્ઞાતાદૃષ્ટા સ્વભાવમાં ડૂબવું જોઈએ, જ્ઞાનાનંદમાં આવવું જોઈએ એને છોડીને અજ્ઞાની રાગ-દ્વેષમાં ડૂબી ગયો છે. એનાથી તરવું મુશ્કેલ થઈ ગયું છે. જ્ઞાનાનંદ સ્વભાવમાં વિકલ્પનું ઉત્થાન છે જ નહીં, તેમાં પર પદાર્થનો તો ત્રિકાળ અભાવ છે તથા એમાં શુભાશુભ પરિણામ ઊઠે છે એનો પણ અભાવ છે-એમ જ્ઞાનમાં એકાગ્ર થઈને વિકલ્પને પૃથક્ કરવો તે જ આત્માના હિતનો ઉપાય છે, બીજો કોઈ ઉપાય છે નહીં.

*-પૂજ્ય ગુરુદેવશ્રી*

# હે જીવ! ભર્યા ભાણા છોડી એંઠ ન ચાટ!

(સળંગ પ્રવચન નં. ૪૨)

આ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર છે. કર્તા, કર્મ ક્રિયાદ્વારના ૧૨મા કળશ ઉપરના પદ્યમાં કહે છે કે ભેદજ્ઞાનનું રહસ્ય મિથ્યાદૃષ્ટિ જાણતો નથી. તે વાત સમજવા માટે દૃષ્ટાંત આપે છે.

जैसैं गजराज नाज घासके गरास करि,
भच्छत सुभाय नहि भिन्न रस लीयौ है।
जैसैं मतवारौ नहि जानै सिखरनि स्वाद,
जुंगमें मगन कहै गऊ दूध पीयौ है।।
तैसैं मिथ्यादृष्टी जीव ज्ञानरूपी है सदीव,
पग्यौ पाप पुन्नसौ सहज सुन्न हीयौ है।
चेतन अचेतन दुहूंकौ मिश्र पिंड लखि,
एकमेक मानै न विवेक कछु कीयौ है।।१३।।

આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે, સત્‌ચિદાનંદપ્રભુ જ્ઞાન ને આનંદનો સમુદ્ર છે, શાશ્વત છે અને પુણ્ય-પાપના વિકલ્પ ઊઠે છે તે તો દુઃખરૂપ છે-રાગ છે-વિકાર છે. પણ અજ્ઞાની આત્મા અને રાગના ભેદને અનાદિથી જાણતો જ નથી. તે તો બંનેને એક સમજે છે.

જેમ હાથીને રાજાલોકો ચૂરમું ખાવા આપે છે તો એ તો ઘાસની અંદર નાંખીને ઘાસની સાથે તેનો કોળિયો કરી જાય છે, તેને કાંઈ ઘાસ અને ચૂરમાની ભિન્નતાની ખબર નથી. તેથી તેને ઘાસ અને ચૂરમાનો ભિન્ન સ્વાદ ખ્યાલમાં આવતો નથી. તેમ જ દારૂ પીને મત્ત બનેલાને શીખંડ ખવરાવવામાં આવે, તો તે નશામાં તેનો સ્વાદ જાણતો નથી. નશાના જોરમાં મગ્ન બનેલાને શીખંડનો ખાટો મીઠો સ્વાદ ખ્યાલમાં આવતો નથી તેને તો ગાયનું દૂધ પીઉં છું એમ લાગે છે.

આ તો બે દૃષ્ટાંત કહ્યાં, એ રીતે મિથ્યાદૃષ્ટિ જીવ ચૂરમા સમાન સદાય જ્ઞાનમૂર્તિ પોતાનો આત્મા અને ઘાસ સમાન પુણ્ય-પાપના વિકલ્પને ભિન્ન જાણતો નહિ હોવાથી પુણ્ય-પાપમાં જ લીન હોવાના કારણે તેનું હૃદય આત્મજ્ઞાનથી શૂન્ય રહે છે, તેથી ચેતન-અચેતન

બંનેના મળેલા પિંડને જોઈને એક જ માને છે.

આત્મા તો જ્ઞાનમૂર્તિ આનંદમય ચૈતન્યમૂર્તિ છે અને પુણ્ય-પાપ તો દુ:ખરૂપ છે, આકુળતામય છે, ઝેર છે. આત્મા તો ત્રિકાળ જ્ઞાનઘન છે પણ આત્માના સ્વરૂપને અજ્ઞાનીએ જાણ્યું નથી અને અનાદિથી પુણ્ય-પાપના ભાવને જ પોતાનું સ્વરૂપ માન્યું છે. તેથી તેમાં જ અજ્ઞાની લીન રહે છે. જેમ દારૂ પીધેલો માણસ નશામાં લીન છે તેમ આ પુણ્ય-પાપમાં લીન છે. હિંસા, જૂઠ, ચોરી, પરિગ્રહ, કુશીલ આદિ પાપ પરિણામ અને અહિંસા, સત્ય, અચૌર્ય, અપરિગ્રહ, બ્રહ્મચર્ય આદિ પુણ્ય-પરિણામને પોતાનું સ્વરૂપ માનીને સેવે છે. ભલે તે સાધુ થયો હોય, બાહ્યથી ત્યાગી હોય પણ આ શુભરાગ તે આત્માનો સ્વભાવ નથી, રાગ છે, ઝેર છે એમ તે માનતો નથી. તેની દૃષ્ટિ પોતાના જ્ઞાનાનંદસ્વરૂપ ઉપર તો ગઈ નથી અને પુણ્ય-પાપ-પરિણામમાં જ લીન છે તે ખરેખર અજીવમાં લીન છે, જીવમાં લીન નથી.

**पग्यौ पाप पुन्नसौं सहज सुन्न हीयौ है।** અવ્રતના ભાવ પાપવિકાર છે અને વ્રતના ભાવ પુણ્યવિકાર છે. અજ્ઞાની તે બંને વિકારમાં જ લીન છે. જ્ઞાન ને આનંદસ્વરૂપ જીવની તો તેને ખબર નથી. તેથી તેનું હૃદય આત્મજ્ઞાનથી શૂન્ય છે. જ્ઞાનના આનંદની તેને ખબર જ નથી. પુણ્ય-પાપથી જ મારું જીવન છે, પુણ્ય-પાપની ક્રિયા એ જ મારી ક્રિયા છે અને પુણ્ય-પાપનો સ્વાદ એ જ મારો સ્વાદ છે-એમ તે માને છે.

આત્મ અનાદિ અનંત સહજ જ્ઞાનાનંદની મૂર્તિ છે, તેનું જેને ભાન નથી અને વિપરીત દૃષ્ટિ છે તેને જેમ દારૂડિયાને દારૂના નશામાં શીખંડનો સ્વાદ આવતો નથી તેને તો હું દૂધ પીઉં છું એમ લાગે છે, તેમ આ અનાદિ અજ્ઞાની ભલે તે ત્યાગી હોય કે ભોગી હોય પણ તે હું અનાદિ અનંત સત્‌ચિદાનંદમૂર્તિ છું એવા આનંદનો સ્વાદ લેતો નથી પણ હું પુણ્ય-પાપરૂપ છું એવી મિથ્યાદૃષ્ટિના સ્વાદ લે છે. તેનું હૃદય પોતાના સ્વભાવથી શૂન્ય છે. માટે તે ખરેખર મડદું છે. શુભાશુભભાવ-ક્રિયાનો ભાવ તે તો વિકારી વૃત્તિ છે-રાગ છે તેનો સ્વાદ એ કાંઈ આત્માનો સ્વાદ નથી. આ રાગની ક્રિયાનો કર્તા અને ભોક્તા થાય છે તે પોતાના આનંદના સ્વાદથી શૂન્ય છે. તેની દૃષ્ટિ મિથ્યા છે અને તેનું જ્ઞાન પણ અજ્ઞાન છે. 'આ જ્ઞાન છે અને આ રાગ છે' એમ બંનેના સ્વાદને તે જુદાં પાડી શકતો નથી.'

લોકોને આવા સ્વરૂપની ખબર નથી અને માને છે કે અમે અમારા કલ્યાણ માટે વ્રત કરીએ છીએ, તપ કરીએ છીએ, મહિના-મહિનાના ઉપવાસ કરીએ છીએ.....પણ ભાઈ! તને તારા સ્વરૂપની તો ખબર નથી. પોતાના સ્વભાવનો અનાદર કરીને રાગની ક્રિયાનો આદર

www.vitragvani.com



કરે છે તે દારૂડિયો શીખંડના સ્વાદને દૂધનો સ્વાદ માનીને પીએ છે તેના જેવું છે. આત્મા તો વર્ણ, ગંધ, રસ, સ્પર્શથી રહિત છે તેને ખોરાકના સ્વાદનો કે શરીરના સ્પર્શાદિનો અનુભવ થતો નથી. કેમ કે એ તો બધાં જડ છે અને પોતાના જ્ઞાનાનંદ સ્વભાવની તો અજ્ઞાનીને ખબર નથી એટલે તેનો સ્વાદ પણ આવતો નથી. તેને તો શુભાશુભ રાગમાં પોતાપણું છે તેથી એ ક્રિયા મારી છે અને હું તેનો કરવાવાળો છું એવા મિથ્યાત્વને તે વેદે છે.

અજ્ઞાનીને પોતાના જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવનું ભાન નહિ હોવાથી તેની દૃષ્ટિ પુણ્ય-પાપમાં લાગી ગઈ છે. પુણ્ય-પાપના ફળમાં સંયોગ મળે છે તે તો દૂર રહી ગયો પણ પુણ્ય-પાપભાવમાં એકતા પડી છે તે અધર્મ છે. આત્મા જ્ઞાનાનંદમૂર્તિ ભગવાન છે એવા જ્ઞાન અને આનંદનું તો તેને ભાન નથી તેથી ધર્મ નથી.

જુઓ! આ જીવ અને અજીવની વહેંચણી ચાલે છે. જીવ તો જ્ઞાતા-દૃષ્ટાસ્વભાવી છે. તે કાંઈ શરીર કે રાગાદિની ક્રિયાનો કર્તા નથી. એ તો ચૈતન્ય-આંખ છે. જગત દૃશ્ય છે અને હું દૃષ્ટા છું, જગત જ્ઞેય છે અને હું જ્ઞાતા છું-એમ નહિ માનતાં અજ્ઞાની જગત અર્થાત્ પુણ્ય-પાપ વિકલ્પથી માંડીને બધી ચીજ મારી છે અને હું તેનો કર્તા છું, દયાની ક્રિયા હું કરું છું, દાનની ક્રિયા હું કરું છું, તપસ્યા હું કરું છું, એમ શુભ-અશુભ ક્રિયા અને વિકલ્પોનો કર્તા હું છું એમ માને છે. આ કર્તા-કર્મ-ક્રિયા-દ્વાર છે ને! એટલે અજ્ઞાની ક્યાં ભૂલ કરે છે તે બતાવ્યું છે. વિકલ્પ તો રાગની ક્રિયા છે, આત્માની ક્રિયા નથી. આત્માની ક્રિયા તેનાથી ભિન્ન છે પણ અજ્ઞાની ભેદજ્ઞાનના મર્મને જાણતો નથી.

ગજરાજ અને મતવાલાની જેમ અજ્ઞાની મિથ્યાદૃષ્ટિને વસ્તુના સ્વરૂપનું ભાન નથી. પર્યાય ઉપર તેની દૃષ્ટિ પડેલી છે. પુણ્ય-પાપની ક્રિયા મારી છે અને હું તેનો કર્તા છું એમ માનતો તે ચૈતન્યના સ્વાદથી શૂન્ય છે. વિભાવના સ્વાદમાં એવો લીન છે કે સ્વભાવના સ્વાદની તેને ખબર જ નથી. માટે એને જીવતત્ત્વની જ ખબર નથી.

**चेतन अचेतन दुहूंकौ मिश्र पिंड लखि,** ચેતન તો જ્ઞાન અને આનંદ સ્વરૂપ છે અને પુણ્ય-પાપના વિકલ્પ અચેતન છે. આત્માનો સ્વભાવ નથી. લોકોને આ એકાંત જેવું લાગે છે પણ એકાંત કોને કહેવાય તે જ ખબર નથી. આત્મા એક અતીન્દ્રિય આનંદના સ્વભાવવાળો જ છે. પુણ્ય-પાપ એ તેનો સ્વભાવ નથી છતાં પુણ્ય-પાપને મારા માનીને તેની ક્રિયામાં લીન રહે છે તે અનેકાંત માનવાવાળા નથી પણ મિથ્યાદૃષ્ટિ છે. પુણ્ય-પાપભાવમાં આનંદ તો નથી, એકલું દુ:ખ છે અને અચેતન છે, તેમાં જ્ઞાન નથી.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

દોઢ દોઢ મહિનાના ઉપધાન કરે કે માસખમણ કરે પણ તે કોઈ આત્માની ક્રિયા નથી. સોવાર ઉઠ-બેસ કરીને ભગવાનના ખમાસણાં લે તે પણ જડની ક્રિયા છે અને સાથે રાગની મંદતા છે તે પુણ્યબંધનું કારણ છે, તેને જ અજ્ઞાની ધર્મની ક્રિયા માને છે અને રાગ અને આત્માના ભેદજ્ઞાનના મર્મને તો અજ્ઞાની જાણતો નથી. જેમ હાથી ચૂરમાના સ્વાદને જાણતો નથી, જેમ દારૂ પીધેલ માણસ શીખંડના સ્વાદને જાણતો નથી તેમ અજ્ઞાની આત્માના અતીન્દ્રિય સ્વાદને જાણતો નથી.

અજ્ઞાનીએ કદી સ્વસન્મુખ થઈને સ્વભાવને જોયો નથી અને પર સન્મુખ જ તેની દૃષ્ટિ છે તેથી દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધાદિના વિકલ્પ ઉઠે છે તેને જ પોતાના માને છે. એ મારી ફરજ છે એમ માનીને સેવે છે. એને એમ થાય કે શ્રાવકને પણ છ આવશ્યક કહ્યાં છે ને! ભાઈ એ છ તો વિકલ્પ છે. મૂળ આવશ્યક તો રાગથી ભિન્ન પોતાનાં સ્વભાવની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા કરવી તે નિશ્ચય આવશ્યક છે.

નિયમસારમાં પણ કહ્યું છે કે પુણ્ય-પાપથી ભિન્ન પોતાના શુદ્ધ, બુદ્ધ ચૈતન્યઘનની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા કરવી તે નિયમથી કર્તવ્ય છે. આત્માનું જ્ઞાન થયા પછી છ આવશ્યકની ક્રિયાનો વિકલ્પ આવે છે તેનું તો માત્ર જ્ઞાન કરાવ્યું છે. એમ પણ કહ્યું છે કે શુભભાવને વશ થાય છે તે અનાવશ્યક છે.

અહો! આવું કોણ માની શકે? રાગ, પુણ્ય, પાપ, દયા, દાનના વિકલ્પને દુઃખરૂપ કોણ માની શકે?-કે જેને અંતરમાં પોતાના અતીન્દ્રિય આનંદનું વેદન થયું હોય, આનંદસ્વરૂપ ચૈતન્યનું ભાન થયું હોય તે પોતાના આનંદ સાથે આ રાગને મિલાવે છે તો ખ્યાલ આવે છે કે રાગ તો આત્માની જાત નથી, રાગ તો દુઃખરૂપ છે એમ ભાસે છે. પછી જેમ જેમ આનંદની ઉગ્રતા થતી જાય છે તેમ તેમ રાગ છૂટતો જાય છે. ચારિત્રદશામાં અંતરની ઉગ્રતા વધી જાય છે અને વસ્ત્ર, પાત્ર રાખવાનો વિકલ્પ પણ આવતો નથી. એવી વસ્તુની મર્યાદા છે. વસ્ત્ર, પાત્ર રાખે અને મુનિપણું મનાવે તો એ મિથ્યા છે.

ન્યાય સમજ્યા વિના અનેકાંત....અનેકાંત કરવાથી અનેકાંત સત્ય થઈ જતું નથી. માતાને માતા પણ કહેવાય અને સ્ત્રી (પત્ની) પણ કહેવાય એવું અનેકાંત ન હોય. પણ....આ મારગ એવો છે કે સાધારણ પ્રાણીને સમજવો કઠણ પડે છે.

चेतन अचेतन दुहूंकौ मिश्र पिंड लखि।
एकमेक मानै न विवेक कछु कीयौ है।।



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

ભગવાન આત્મા ચેતનસ્વરૂપ છે અને રાગ અચેતન અને દુઃખરૂપ છે પણ અજ્ઞાનીને તેની ભિન્નતાનું લેશમાત્ર ભાન નથી એટલે પુણ્ય-પાપના ભાવને જ પોતાનું સ્વરૂપ માનીને તેનો સ્વાદ લે છે અને ચૈતન્યને તો ભૂલી ગયો છે. માટે અહીં કહ્યું છે કે વ્રતાદિ પાળે છે પણ ચૈતન્યનું તો જેને વિસ્મરણ થઈ ગયું છે તે જડ છે, તેને ચેતન અને અચેતનની ભિન્નતાની ખબર નથી.

દિગંબર કે શ્વેતાંબર કે કોઈપણ મતના શાસ્ત્રને એક બાજુ મૂકીને ન્યાયથી વિચારે તોપણ સમજાય એવી વાત છે કે જે આત્માથી જુદો પડી જાય છે તે આત્માનો કેમ હોય? રાગ આત્માની સાથે કાયમ રહેતો નથી, જુદો પડી જાય છે માટે તે આત્મા નથી. વીતરાગતા આત્મામાંથી નીકળી જતી નથી, રાગ તો નીકળી જાય છે અને રાગ છે ત્યારે પણ રાગ જીવને દુઃખનું કારણ છે. પણ તે દુઃખનું ભાન કોને થાય? કે જેને આત્માના આનંદનો અનુભવ થયો તે રાગની સાથે મિલાન કરે તો રાગ દુઃખરૂપ લાગે છે. અજ્ઞાનીને તો આત્માનું ભાન નથી એટલે રાગ અને આત્માને એક જ માને છે.

ભાવાર્થઃ-મિથ્યાદૃષ્ટિ જીવ સ્વ-પર વિવેકના અભાવમાં પુદ્ગલના મેળાપથી જીવને કર્મનો કર્તા માને છે. મિથ્યા નામ જૂઠી પાખંડ દૃષ્ટિવાળા જીવો-સત્યદૃષ્ટિનું ખૂન કરવાવાળા જીવો સ્વ-પરના વિવેકના અભાવમાં એટલે કે હું જ્ઞાનાનંદસ્વરૂપ પ્રજ્ઞાબ્રહ્મ છું અને રાગાદિ દુઃખરૂપ વિકલ્પ છે એ બંનેની જુદાઈના-વિવેકના અભાવમાં રાગાદિના મિલાપથી જીવને કર્મનો કર્તા માને છે. રાગથી ક્રિયા મારી છે અને કર્મનો કર્તા પણ હું છું એમ અજ્ઞાની માને છે.

આ ૧૩મું પદ્ય થયું. હવે ૧૩ કળશનું પદ્ય લઈએ. તેમાં જીવને કર્મનો કર્તા માનવો તે મિથ્યાત્વ છે એના ઉપર દૃષ્ટાંત કહે છે. જ્ઞાનસ્વરૂપ આત્માનું તો ભાન નથી અને બળાત્કારે રાગાદિનો કર્તા થાય તે મૂઢ છે. જે પોતાનું નથી તેને પોતાના માનવામાં ઊલટું જોર કામ કરે છે.

जैसैं महा धूपकी तपतिमैं तिसायौ मृग,
भरमसौ मिथ्याजल पीवनकौं धायौ है।
जैसैं अंधकार मांहि जेवरी निरखि नर,
भरमसौं डरपि सरप मानि आयौ है।।
अपनैं सुभाव जैसैं सागर सुथिर सदा,
पवन संजोगसौं उछरि अकुलायौ है।

तैसैं जीव जडसौं अव्यापक सहज रूप,
भरमसौं करमकौ करता कहायौ है।।१४।।

જેવી રીતે અત્યંત આકરા તડકામાં તરસથી પીડાયેલું હરણ ભૂલથી મૃગજળ પીવાને દોડે છે અથવા જેમ કોઈ મનુષ્ય અંધારામાં દોરડું જોઈને તેને સર્પ જાણી ભયભીત થઈને ભાગે છે અને જેવી રીતે સમુદ્ર પોતાના સ્વભાવથી સદૈવ સ્થિર છે તોપણ પવનની લહેરોથી લહેરાય છે તેવી જ રીતે જીવ સ્વભાવથી જડ પદાર્થોથી ભિન્ન છે, પરંતુ મિથ્યાત્વી જીવ ભૂલથી પોતાને કર્મનો કર્તા માને છે.

જ્ઞાનસ્વરૂપ આત્માનું તો ભાન નથી અને પરાણે વિકલ્પનો કર્તા થવા જાય છે તે મૂઢ છે. તેને માટે દૃષ્ટાંત આપ્યું છે કે જેમ, તરસ્યું હરણ ખારી જમીનમાં સૂર્યના કિરણો પડે છે ત્યાં પાણી છે એમ માનીને પાણી પીવા દોડે છે પણ ત્યાં પાણી નથી. તેમ અજ્ઞાની પોતાના સ્વભાવથી અજાણ છે તેથી ભ્રમથી કર્મનો કર્તા થાય છે.

જેમ, અંધકારમાં દોરડી પડી હોય તે સર્પ જેવી લાગતાં ભયથી માણસ ભાગે છે અને જેવી રીતે સમુદ્ર પોતાના સ્વભાવથી તો સ્થિર છે તોપણ પવનના સંગે ઊછળે છે તેમ જીવ સ્વભાવથી તો કર્મનો કર્તા નથી છતાં અજ્ઞાની કર્તા થાય છે. આવી અજ્ઞાનીની દશા છે તેમાંથી તેને સ્વાભાવિક દશામાં જવામાં કેટલી ધીરજ જોઈએ!

પુણ્ય-પાપ તો આત્માથી ભિન્ન છે છતાં અજ્ઞાની તેને જ પોતાનું સ્વરૂપ માનીને પીવે છે અને પોતાના આનંદને પીવાનું છોડી દે છે. રાગને પોતાનો માનીને સેવે છે તેવા જીવો માટે કહે છે કે જેને હિંસા, જૂઠ, ચોરી, કુશીલ આદિ પાપભાવની મીઠાશ છે તે જીવો મૂઢ છે. તેને જીવની શ્રદ્ધા નથી, તેને દુઃખની રુચિ છે, તેને આત્માના આનંદની રુચિ નથી. અહિંસા, સત્ય, શીલ આદિ શુભરાગની રુચિ છે તેને પણ આત્માનો આનંદ આવતો નથી. ભગવાનની ભક્તિ આદિ શુભરાગ આવે છે એ જુદી વાત છે પણ તેની રુચિ છે તેને આત્માના આનંદની ખબર નથી. શુભરાગમાં જ લીન હોવાથી તે પોતાના સ્વરૂપને જાણતો નથી. શુભરાગ આવે તેની ના નથી પણ તેમાં લીન થઈ જાય છે તે અજ્ઞાની મૂઢ છે.

કોઈ એમ માનતો હોય કે રાગથી પણ ધર્મ થાય અને આત્માથી પણ ધર્મ થાય એવું અનેકાંત છે. તો એની માન્યતા જૂઠી છે. ધર્મ આત્માથી થાય અને રાગથી ન થાય એ અનેકાંત છે. આ શાંતિથી સમજવા જેવી વાત છે. વાદ-વિવાદ કરવાથી વાત સમજાય તેમ નથી. આત્માના અતીન્દ્રિય આનંદને છોડીને દયા, દાન, વ્રત, ભક્તિ કે અશુભરાગમાં આનંદ લેવા

www.vitragvani.com



જાય છે તે મૃગજળમાં તૃષા છીપાવવા જતાં હરણિયા જેવા છે. વર્ષીતપ કરવાથી ધર્મ થશે એમ માનીને વર્ષીતપ કરે છે તે અજ્ઞાની છે. તેમાં તેને મંદકષાય રહ્યો તો તો પુણ્ય બંધાય છે અને જો કોઈ સંયોગની કે કીર્તિની આશાથી કરતો હોય તો તો પુણ્ય પણ બંધાતું નથી. પાપ બંધાય છે. ધર્મ તો થતો જ નથી. પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન આનંદસ્વરૂપ આત્માની દૃષ્ટિ કરીને અનુભવ કરવો તે ધર્મ છે. પણ આ વાતની ખબર વિનાના અજ્ઞાની રાગની ક્રિયામાં ધર્મ માનીને છેતરાય જાય છે-આત્માને ખોઈ બેસે છે.

જેમ પીપરના ઝાડમાં લાખ થાય છે તે પીપરને ખલાસ કરી નાંખે છે તેમ, પુણ્ય- પાપનો પ્રેમ છે તે આત્માની શાંતિનો નાશ કરી નાંખે છે. અમે એક જગ્યાએ આવી રીતે લાખથી પીપરના ઝાડ નાશ પામેલાં જોયાં હતાં. એવો જ પીપરનો દાખલો કુંદકુંદ આચાર્યે ૭૨મી ગાથામાં સમયસારમાં આપ્યો છે.

પોતાની વસ્તુની મહિમા ન આવે અને બહારમાં મહિમા આવે છે તેને પોતાનો આત્મા હાથથી ગયો.....શૂન્ય થઈ ગયો. ભર્યા ભાણે એને ખાતા ન આવડ્યું અને એંઠ ચાટવા ગયો. ઘરે પદ્મણી જેવી સ્ત્રી હોવા છતાં જે વાઘરણ કે બાવણના ઘરે જાય તેને પિતા સમજાવે છે કે ભાઈ! તું ભર્યા ભાણે એંઠ ચાટવા જાય એ શોભતું નથી....તેમ, આ ભગવાન ધર્મપિતા સમજાવે છે કે ભાઈ! તું આનંદના નાથને છોડીને પુણ્ય-પાપના સ્વાદ લેવા જાય છે તે મૂઢ જેવી દશા છે. તારું સ્વરૂપ અતીન્દ્રિય આનંદથી ભરપૂર છે તેમાં આનંદ નહિ માનતાં, પુણ્ય-પાપમાં આનંદ લેવા જાય છે તે વ્યભિચાર છે, તે તને શોભતું નથી ભાઈ!

આત્માના ભાન વિના મહાવ્રતાદિ પાળીને ધર્મ માને છે તે વર્તમાનમાં પણ દુઃખી છે અને પછી પણ દુઃખ પામશે. ભાઈ! તને તારી દયા નથી આવતી? તને આ આકરૂં લાગે પણ, તારા અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાનને છોડીને રાગના પ્રેમમાં પડ્યો છો તેથી સંતોને તારી દયા આવે છે.

આનંદઘનજી લખે છે-દોડત દોડત દોડિયો, જેતી મનની દોડ, પ્રેમ પ્રતીત વિચારો ઢુંકડી, ગુરુગમ લેજો જોડ....

જેમ જેમ બહુશ્રુત, બહુજન સંમત, બહુ શિષ્યે પરિવરિયો,
તેમ તેમ જૈનશાસનનો વૈરી, જો નવિ નિશ્ચય દરિયો રે જિનજી.....

જેને ઘણું શાસ્ત્રજ્ઞાન છે, ઘણાં જીવો જેને માને છે, ઘણાં શિષ્યો છે પણ રાગથી ભિન્ન



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

આત્માનું જ્ઞાન નથી તે જૈનશાસનનો વૈરી છે. કારણ કે જૈનશાસન તો વીતરાગ ભાવ છે. તે વીતરાગભાવ તો આત્માના આશ્રયે પ્રગટ થાય છે તેની ખબર નથી અને રાગની ક્રિયાથી ધર્મ માને છે અને એવી જ પ્રરૂપણા લાખો જીવોની સામે કરે છે, લાખો શિષ્યો રાખે છે તે રાગી વીતરાગશાસનનો વૈરી છે.

રાગની ક્રિયાથી તો આત્મા ભિન્ન તત્ત્વ છે. રાગની અપેક્ષાએ આત્મા નિષ્ક્રિય છે, રાગનો કર્તા નથી, શુદ્ધપરિણતિનો કર્તા છે. રાગ તો આત્માથી ભિન્ન આસ્રવ તત્ત્વ છે, કર્મ અને શરીર અજીવતત્ત્વ છે, તેનો કર્તા થવા જાય છે તે મૂઢ છે. અંધકારમાં જેમ દોરી વળ ખાઈને પડી હોય તે સર્પ જેવી લાગે છે તેથી તેનો ડર લાગે છે તેમ, પુણ્ય-પાપમાં જ જેને પોતાપણું મનાઈ ગયું છે તેને ભગવાન આત્માનો ડર લાગે છે.

એ જ રીતે સમુદ્ર સ્વભાવથી તો સ્થિર છે પણ પવનની લહેરોથી લહેરાય છે તેમ, ભગવાન આત્મા એકરૂપ જ્ઞાનનો દરિયો છે પણ તેને છોડીને પુણ્ય-પાપના સંયોગમાં ડામાડોળ થઈ રહ્યો છે. जीव पडसौं अव्यापक सहज रूप, भरमसौं करमकौ करता कहायौ है। ભગવાન આત્મા કર્મ અને વિકલ્પથી અવ્યાપક છે, જુદો છે, પણ અજ્ઞાનથી ભ્રમણાના કારણે જડકર્મ મેં કર્યા, રાગ મેં કર્યો એમ અજ્ઞાની માને છે. જડકર્મના ઉદયના જોરથી પોતાને કર્મનો કર્તા માને છે એમ કહ્યું નથી પણ મિથ્યાત્વી અજ્ઞાની જીવ પોતાની ભૂલથી પોતાને કર્મ, શરીર, રાગાદિનો કર્તા માને છે. જીવ પોતે જ ભૂલ કરે છે, કર્મ તો જડ છે, તે કાંઈ જીવને ભૂલ કરાવતા નથી. કર્મના નિમિત્તના સંગમાં જઈને પુણ્ય-પાપને કરે છે તે પોતાનો અપરાધ છે. અજ્ઞાનભાવમાં ભ્રમણાથી પોતે જ ભૂલ કરે છે.

જ્યારે એને ભાન થાય કે હું શરીર, કર્મથી ભિન્ન છું, રાગ પણ મારું સ્વરૂપ નથી, તે મારું કર્તવ્ય નથી. મારા અસ્તિત્વમાં તો જ્ઞાન ને આનંદ છે, રાગ કે વિકલ્પ મારા અસ્તિત્વમાં નથી એમ જાણે છે ત્યારે તે તેનો કર્તા થતો નથી પણ જ્યાં સુધી શરીર, કર્મ અને રાગાદિથી ભિન્ન પોતાના સ્વરૂપને જાણતો નથી ત્યાં સુધી અજ્ઞાનથી પોતાને શરીર, કર્માદિનો કર્તા માને છે.

આ બે ગાથામાં સાદાં સાદાં દૃષ્ટાંતોથી મૂળ વાત સમજાવી દીધી છે. અજ્ઞાનીને આ સુકૃત, દુષ્કૃતને આત્મા કરી રહ્યો છે, એમ પ્રત્યક્ષ દેખાય છે. એમ લાગે છે પણ ભાઈ! તે તારી મૂઢતા છે.

શ્રોતાઃ-આ દુકાનના ધંધા છોડીને વ્રત, તપ કરે છે, અહિંસા પાળે છે તે સુકૃત નથી?

પૂજ્ય ગુરુદેવશ્રીઃ-ના, અહિંસા પાળવાનો ભાવ એ રાગ છે. રાગમાં આત્માની હિંસા થાય છે માટે તે સુકૃત નથી. હું બીજાની દયા પાળી શકું છું એવા રાગમાં સ્વરૂપની હિંસા થાય છે. અજ્ઞાની પોતાને રાગનો કર્તા માનીને ચૈતન્યને ભૂલી જાય છે.

હું તો ચૈતન્ય છું, મારા અસ્તિત્વમાં પુણ્ય-પાપભાવ નથી, એવા ભિન્નતાના ભાનના અભાવમાં અજ્ઞાની પોતાથી ભિન્ન ભાવનો કર્તા થાય છે અને જીવના ભાવને ખોઈ બેસે છે. આ ભૂલને ટાળીને પોતાના આત્માનું જ્ઞાન કરવું તે ધર્મ છે.

★ અરે પ્રભુ! નિમિત્તથી ઉપાદાનમાં કાંઈ કાર્ય થતું જ નથી. જ્ઞાન થવાની યોગ્યતા અનુસાર સમયસાર આદિ નિમિત્ત તો સહજ હોય છે. દરેક દ્રવ્યની પર્યાય તે તે સમયની યોગ્યતાથી જ સ્વતંત્ર કાર્યરૂપે પરિણમે છે તેમાં નિમિત્તભૂત અન્ય દ્રવ્ય અકિંચિત્કર છે. "યોગ્યતા જ સર્વત્ર શરણરૂપ છે." કોઈ દ્રવ્ય અન્ય દ્રવ્યને લાવી શકે કે અન્ય દ્રવ્યમાં ફેરફાર કરી શકે કે ક્ષેત્રાંતર કરી શકે છે તેમ માનનાર સર્વજ્ઞની આજ્ઞા બહાર છે, મિથ્યાદૃષ્ટિ છે. દર્શનમોહથી મિથ્યાત્વ થયું, જ્ઞાનાવરણીથી જ્ઞાન હીણું થયું આદિ કથનો શાસ્ત્રમાં આવે છે તે તો ઉપાદાનથી થતાં કાર્યકાળે નિમિત્ત કેવું હોય છે તેનું જ્ઞાન કરાવવા વ્યવહારથી કથન કરવામાં આવે છે.

*-પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

# સ્વરૂપગ્રાહી જ્ઞાનની મહિમા

(સળંગ પ્રવચન નં. ૪૩)

શ્રી નાટક સમયસાર શાસ્ત્ર છે. કર્તા, કર્મ, ક્રિયા દ્વારનો આ ૧૪મો શ્લોક છે. તેના ઉપરનું પદ્ય નીચે પ્રમાણે છે. તેમાં ભેદવિજ્ઞાની જીવ કર્મનો કર્તા નથી માત્ર દર્શક છે એ વાત દ્રષ્ટાંતથી સમજાવે છે.

जैसैं राजहंसके वदनके सपरसत,
देखिये प्रगट न्यारौ छीर न्यारौ नीर है।
तैसैं समकितीकी सुदृष्टिमैं सहज रूप,
न्यारौ जीव न्यारौ कर्म न्यारौ ही सरीर है।।
जब सुद्ध चेतनकौ अनुभौ अभ्यासै तब,
भासै आपु अचल न दूजौ और सीर है।
पूरव करम उदै आइके दिखाई देइ,
करता न होय तिन्हकौ तमासगीर है।।१५।।

સૂક્ષ્મ વાત છે ભાઈ! ધ્યાનથી સાંભળજો.

જેમ રાજહંસના મોઢામાં ચાંચ એવી છે કે મોઢામાં દૂધનો સ્પર્શ થતાં જ દૂધ અને પાણી જુદાં જુદાં થઈ જાય છે. તેવી જ રીતે, સમ્યગ્દષ્ટિ જીવોની સુદૃષ્ટિમાં સહજરૂપથી જ જીવ, કર્મ અને શરીર જુદાં જુદાં ભાસે છે. સમ્યગ્દષ્ટિ પોતાને જ્ઞાનરૂપ જીવ જાણે છે અને રાગ-દ્વેષના પરિણામ, કર્મ તથા શરીરને પોતાથી ભિન્ન જાણે છે. તેથી જ સમ્યગ્દષ્ટિને ભેદવિજ્ઞાની કહેવાય છે.

અજ્ઞાની જીવને પોતાનું સ્વરૂપ જ્ઞાન અને આનંદમય છે તેની ખબર નથી એટલે પોતાના સ્વરૂપથી વિરુદ્ધ એવા શુભ-અશુભ વિકલ્પ એ મારા છે અને શરીર પણ મારું છે એમ માનીને તેનો કર્તા થાય છે અને વિકારી પરિણામ તથા શરીરની-મન-વચન- કાયથી ચેષ્ટા મારી છે એમ માને છે. આ મારું કાર્ય છે એમ માને છે.

ધર્મી તો તેને કહીએ કે જે પોતાના ચૈતન્યસ્વરૂપને જાણે છે અને શરીર, કર્મ તથા

શુભાશુભ રાગને પોતાના સ્વરૂપથી ભિન્ન છે એમ જાણે છે. પરના શરીર અને કર્મ તો મારાથી ભિન્ન છે પણ આ શરીર કે જે મારી સાથે એકક્ષેત્રાવગાહે રહેલું છે તે પણ મારાથી ભિન્ન છે અને અંદરમાં ઊઠતાં શુભ-અશુભ વિકલ્પ એ પણ મારું સ્વરૂપ નહિ હોવાથી મારાથી ભિન્ન છે એમ ધર્મી જાણે છે.

**समकितीकी सुदृष्टिमें सहज रूप**-એમ શબ્દ વાપર્યો છે ને! એટલે સહજ ધ્રુવરૂપ જ્ઞાયક ઉપર સમકિતીની દૃષ્ટિ હોવાથી વર્તમાન ઉત્પાદ-વ્યયના પરિણામ ઉપર પણ તેની દૃષ્ટિ નથી. ધ્રુવ તો વર્તમાન પરિણામથી પણ ભિન્ન છે.

અહીં તો માત્ર શરીર અને કર્મથી ભિન્નતા લીધી છે પણ તેનો અર્થ એ થયો કે ભગવાન આત્મા નિત્યાનંદ ધ્રુવરૂપ છે એવી દૃષ્ટિ જ્યાં થઈ ત્યાં રાગાદિ પરિણામ પણ મારા નથી તો એ મારું કર્તવ્ય નથી એમ સાથે આવી જાય છે.

અજ્ઞાનીને તો મારું શું છે અને મારું કર્તવ્ય શું છે તેની જ ખબર નથી અને બીજાનાં કામ કરવા નીકળી પડ્યો છે. બીજાનું ભલું કરો....બીજાને મદદ કરો....પણ ભાઈ! બીજા એટલે તારાથી જે દ્રવ્ય ભિન્ન છે તેનું કામ તું કેવી રીતે કરી શકે? તું અને એ બંને એક થઈ જાઓ તો એ કાર્ય બની શકે પણ એમ તો બની શકતું નથી. શરીર પણ ભિન્ન દ્રવ્ય છે એવું જેને ભાન નથી તે શરીરની ક્રિયાનો કર્તા પોતાને માને છે. પુણ્ય-પાપના વિકલ્પ પણ મારા સ્વરૂપથી ભિન્ન છે એવું ભાન નથી તેથી અજ્ઞાની પુણ્ય-પાપના ભાવનો કર્તા થાય છે.

આ તો વીતરાગનો ધર્મ છે ભાઈ! જેમાંથી વીતરાગભાવ ઉત્પન્ન થાય તે ધર્મ છે, રાગભાવ ઉત્પન્ન થાય તે ધર્મ નથી.

**न्यारौ जीव न्यारौ कर्म न्यारौ ही सरीर है।** હું જાણવા-દેખવાના સ્વભાવમયી જીવ છું, હું જડકર્મ અને શરીરથી ભિન્ન છું. હું તો કર્મ બાંધતો પણ નથી અને છોડતો પણ નથી કેમકે જે મારાથી ભિન્ન છે તેને હું કેમ બાંધું કે છોડું! પુણ્ય-પાપના વિકલ્પ મારી પર્યાયમાં થાય છે પણ તે આસ્રવતત્ત્વ છે. જીવતત્ત્વથી તે ભિન્ન છે. માટે રાગની ક્રિયા, કર્મની ક્રિયા અને શરીર એ બધું મારાથી ભિન્ન છે, હું તેનાથી ન્યારો છું.

**जब सुद्ध चेतनकौ अनुभौ अभ्यासै तब, भासै आपु अचल न दूजौ और सीर है।** જ્યારે જીવ અંતરમુખ થઈને પોતાનો અનુભવ કરે કે 'હું તો જ્ઞાયક જ છું' 'આનંદમૂર્તિ છું' એવો અનુભવનો અભ્યાસ થાય ત્યારે પોતાનું અચળ આત્મદ્રવ્ય જ પ્રતિભાસિત થાય છે. હું

www.vitragvani.com



જ્ઞાનાનંદમૂર્તિ છું. મારી ઉપર બીજો કોઈ સીર એટલે સાથી અથવા ધણી નથી. મૂળમાં કર્મ અને શરીરથી જ ભિન્નતા કહી પણ અનુભવ કહ્યો છે તેથી ત્યાં તો રાગાદિથી પણ ભિન્નતા ભાસે છે. મારા ચૈતન્યસ્વભાવની સાથે દયા, દાન, ભક્તિ આદિ વિકલ્પનું પણ મિલાન થઈ શકતું નથી. રાગથી જુદા આત્માનો અનુભવ કરે ત્યારે ધર્મની શરૂઆત થાય છે.

'હું શુદ્ધ ચૈતન્યધાતુ છું' એવો વિકલ્પ નહિ, રાગ નહિ પણ એવો અનુભવ થાય છે. હું શુદ્ધ આનંદઘન છું એવો અંતર સન્મુખ થઈને અનુભવનો અભ્યાસ કરવો તે અભ્યાસ છે. શાસ્ત્રનો અભ્યાસ કે વ્રતનો અભ્યાસ કે કષાયની મંદતા કરવાનો અભ્યાસ કરવાનું ન કહ્યું કેમકે એ તો મિથ્યાત્વદશામાં અનંતવાર કરી ચૂક્યો છે, તેનાથી ધર્મની શરૂઆત થતી નથી.

અજ્ઞાનીને માની રાખ્યું છે કે પુણ્ય-પાપનો કર્તા હું છું, હું બીજાની દયા પાળું છું વગેરે....એમ અજ્ઞાની ભલે માને પણ રાગ અને આત્મા કદી એક થતાં નથી. બીજાને મદદ કરવી, દાન દેવું. બધાંને લાભ થાય એમ કરવું એમ કહે પણ કોણ કોનું કાર્ય કરી શકે ભાઈ! આ શરીરની આંગળી ચલાવવી એ પણ તારું કાર્ય નથી તો બીજા અન્ય દ્રવ્યનું કાર્ય તું કેવી રીતે કરી શકે!

**पूरव करम उदै आइके दिखाई देइ,** 'દેખાય' એમ કહ્યું છે એટલે પૂર્વકર્મનો ઉદય આવે ત્યારે તેને વશ થઈને જીવ રાગ-દ્વેષાદિ કરતો દેખાય છે પણ જ્ઞાની તેનાં કર્તા નથી. જ્ઞાનીને શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ થઈ છે તેથી શુદ્ધ ચૈતન્યની સાથે રાગને મેળવતા નથી. રાગની ક્રિયાના જ્ઞાની કર્તા થતાં નથી અને રાગના સ્વામી પણ થતાં નથી. માત્ર જાણનાર રહે છે.

જે ભાવથી એક જીવનું હિત થાય છે એ જ ભાવથી બધાં જીવોનું હિત થાય છે માટે ધર્મ તો એકને જેનાથી થાય છે તેના વડે જ આખા સમાજને થાય છે. ધર્મનો માર્ગ બધાં માટે એક જ છે. દરેકને પુણ્ય-પાપના ઉદયમાં ફેર હોય, રાગમાં ફેર હોય, વિકલ્પમાં ફેર હોય પણ તે પોતાની ચીજ નથી. દરેકને તેનું જ્ઞાન થાય છે પણ જાણે છે કે તે મારી સત્તાની ચીજ નથી. રાગની સત્તામાં હું નથી અને મારી સત્તામાં રાગ નથી. રાગ એ મારું કાર્ય નથી.

શ્રોતાઃ-જ્ઞાનીને ખાલી જાણવું જ થાય ને!

પૂજ્ય ગુરુદેવશ્રીઃ-ખાલી જાણવું એટલે! જ્ઞાન અને આનંદમાં રહીને રાગનું જાણવું થાય છે. આત્મા રાગથી ખાલી છે પણ જ્ઞાનથી ખાલી નથી. જ્ઞાન અને આનંદથી ભરપૂર ભરેલો છે. તેમાં રહીને રાગાદિને માત્ર જાણે છે. જ્ઞાનીને ભક્તિના ભાવ આવે, પૂજાના ભાવ



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આવે, દયા, દાનના વિકલ્પ આવે....ભલે આવે પણ તે મારું કર્તવ્ય નથી. કેમકે મારી ચીજથી તે ચીજ ભિન્ન છે.

करता न होय तिन्हकौ तमासगीर है। જ્ઞાની રાગમાં આવીને રાગના કર્તા થતાં નથી માત્ર તેના તમાસગીર છે, જાણનાર-દેખનાર છે. શ્રાવકને પણ છ આવશ્યકના-પૂજા, ગુરુઉપાસના, સ્વાધ્યાય, સંયમ, તપ અને દાન આદિ અનેક પ્રકારના શુભ વિકલ્પ આવે છે પણ તેના કર્તા થતાં નથી, જાણનાર રહે છે. હું તો જ્ઞાન અને આનંદસ્વરૂપ છું. વિભાવ-વિકલ્પની વૃત્તિઓ આવે છે તો ભલે 'હો' પણ તે મારું સ્વરૂપ નથી.

ધર્મીની દૃષ્ટિ શુદ્ધ ચૈતન્ય ઉપર પડી છે તેથી રાગથી તો તે ભિન્ન જ પડી ગયા છે. જ્ઞાની સર્વ ભાવોના માત્ર તમાસગીર છે-કે દેખવાવાળા છે, કર્તા નથી. કેમકે તેમાં જ્ઞાનીને અહંબુદ્ધિ નથી. ધર્મની શરૂઆતમાં પણ આવી દશા હોય છે. અજ્ઞાની જીવે અનંતકાળમાં વ્રત, તપ આદિ કરી કરીને શરીર અનેકવાર સૂકવી નાખ્યું પણ અજ્ઞાનને સૂકવ્યું નહિ. તેથી અહીં તેને જીવ અને પુદ્‌ગલની જુદી જુદી પરખ કેમ કરવી તે હવેના કળશમાં બતાવે છે.

जैसैं उसनोदकमैं उदक-सुभाव सीरौ,
आगकी उसनता फरस ग्यान लखियै।
जैसैं स्वाद व्यंजनमैं दीसत विविधरूप,
लौनकौ सुवाद खारौ जीभ-ग्यान चखियै।।
तैसैं घट पिंडमैं विभावता अग्यानरूप,
ग्यानरूप जीव भेद-ग्यानसौं परखियै।
भरमसौं करमकौ करता है चिदानन्द,
दरव विचार करतार भाव नखियै।।१६।।

શું કહે છે જુઓ! જેમ પાણી ગરમ છે તે વખતે પણ તેનો સ્વભાવ તો ઠંડો છે. પાણીમાં ઉષ્ણતા છે તે તો અગ્નિજનિત છે. સ્પર્શજ્ઞાનથી તે ઉષ્ણતા ઓળખી શકાય છે. કળશટીકામાં તો કહ્યું છે કે સ્વભાવગ્રાહીજ્ઞાનથી જાણી શકાય છે કે ઉષ્ણતા અગ્નિની છે અને પાણીનો સ્વભાવ તો ઠંડો છે. પોતાના સ્વભાવનું જ્ઞાન જેને થયું તેને પરના સ્વભાવનું પણ યથાર્થ જ્ઞાન થાય છે. જેને શરીર અને રાગથી ભિન્ન નિજ આત્માનું જ્ઞાન નથી, તેને પરનું જ્ઞાન પણ યથાર્થ થતું નથી. કળશટીકામાં ૬૦મા કળશના અર્થમાં જ્ઞાનાદેવનો આ પ્રમાણે અર્થ કર્યો છે. મારો આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ છે અને શરીર તથા રાગાદિ વિકલ્પથી ભિન્ન છે એવું



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ભેદવિજ્ઞાન જેણે કર્યું છે તે પાણીનો સ્વભાવ ઠંડો છે અને ઉષ્ણતા છે તે અગ્નિની છે એવું ભેદવિજ્ઞાન યથાર્થપણે કરી શકે છે.

આવું સ્વરૂપ છે ભાઈ! લોકો તો બહારમાં આમ કરવું ને તેમ કરવું એમાં આખી જિંદગી વીતાવી દે છે. તેને શરીર છૂટતાં કોઈ શરણ દેખાતું નથી. પોતાની સાથે તો એક કટકો પણ આવવાનો નથી ત્યાં બીજા કોનું શરણ! અંદરમાં પોતાનું શરણ છે તે તો લીધું નથી તેનું શું થાય?

દ્રવ્યદૃષ્ટિથી આત્મા કર્મનો કર્તા છે એ ભાવ જ ન હોવો જોઈએ. જ્યાં દ્રવ્યદૃષ્ટિ થાય છે ત્યાં તે રાગનો કર્તા નથી, રાગનો ભોક્તા નથી અને રાગને જ્ઞેય કરવું પડે છે એમ પણ નથી. હું ભગવાન જ્ઞાયકભાવ છું એવી દૃષ્ટિ થતાં તેને રાગ જ્ઞેયપણે જણાય છે. ત્રણલોકના નાથ વીતરાગ પરમાત્મા ઈન્દ્રોની અને ગણધર સંતોની હાજરીમાં આમ ફરમાવતા હતાં. સ્વર્ગના અર્ધલોકના સ્વામી શક્રેન્દ્ર, અર્ધલોકના સ્વામી ઈશાનઈન્દ્ર અને મનુષ્યોના છખંડના સ્વામી ચક્રવર્તી વગેરે ઈન્દ્રો વગેરે અને ગણધરો, મુનિઓ, શ્રાવકો વગેરેની ઉપસ્થિતિમાં ભગવાનની વાણી-દિવ્યધ્વનિમાં આમ આવતું હતું.

ભગવાન! તારું જ્ઞાન યથાર્થ હોય તો જળનો સ્વભાવ ઠંડો છે એ તું ગરમ-પાણી વખતે પણ બરાબર જાણી શકીશ. તારું જ્ઞાન રાગથી ભિન્ન પડ્યું છે તો એ પાણીને પણ ગરમપણાથી જુદું જાણી લેશે. ઉષ્ણપણું એ પાણીનો વિભાવ છે, રાગ એ જીવનો વિભાવ છે. ज्ञानात्+एव એ શબ્દ મૂળ કળશમાં ત્રણેય લાઈનમાં લીધો છે. જ્ઞાનથી જ સ્વભાવ અને વિભાવનું ભેદજ્ઞાન થાય છે. જ્ઞાન એ મારો સ્વભાવ છે, રાગ તે મારો સ્વભાવ નથી. એવું ભેદજ્ઞાન કરવું તે તાત્પર્ય છે.

જેમ ગરમ વખતે પણ પાણીનો સ્વભાવ ગરમ નથી, પાણીનો સ્વભાવ તો ઠંડો છે તેમ ક્રોધ વખતે પણ જીવનો સ્વભાવ ક્રોધી નથી, જીવનો સ્વભાવ તો જ્ઞાન છે એમ ભેદજ્ઞાનથી જ્ઞાનમૂર્તિ જીવ અને અજ્ઞાનરૂપ વિકારને જુદાં ઓળખી શકાય છે. જેને નિજસ્વરૂપનો બોધ થાય છે તેને જ ક્રોધાદિ ભાવો મારો સ્વભાવ નથી એવું જ્ઞાન થાય છે. કળશટીકામાં રાજમલ્લજીએ તેને 'સ્વરૂપગ્રાહીજ્ઞાન' કહ્યું છે. સ્વભાવનું સ્વરૂપગ્રાહી જ્ઞાન થયું છે તેને જ ક્રોધાદિ વિકાર મારા સ્વભાવથી ભિન્ન એવું જ્ઞાન થાય છે. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન તો જેને થાય તેને સરખું જ હોય છે. સિદ્ધનું સમ્યગ્દર્શન હો, કેવળીનું હો કે ચોથા ગુણસ્થાનવર્તી તિર્યંચનું હો-સમ્યગ્દર્શનમાં કાંઈ ફેર નથી. જ્ઞાન પણ દરેકનું સરખું છે. કોઈને ઓછું અને



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



કોઈને વિશેષ જ્ઞાન હોય પણ પ્રતીતિ અપેક્ષાએ તો બધાંને શ્રદ્ધા સરખી છે.

પાણીના દૃષ્ટાંતની જેમ, જીવનો સ્વભાવ પાણીના ઠંડા સ્વભાવની જેમ અતીન્દ્રિય આનંદમય શાંત સ્વભાવ છે અને રાગ, દ્વેષાદિભાવ પાણીમાં રહેલી અગ્નિની ઉષ્ણતા જેવા વિભાવ છે. મારો સ્વભાવ તો જ્ઞાનાનંદમય શાંત ઠંડો સ્વભાવ છે અને ક્રોધાદિભાવો તો અગ્નિની ઉષ્ણતાની જેમ ગરમ છે એવો જેને વિવેક પ્રગટ થયો છે, તે વ્યવહારમાં પણ વિવેક કરે છે. ગરમ પાણી હોવા છતાં તે તેના ઠંડા સ્વભાવને જાણી લે છે.

વ્રત કરે, તપ કરે કે ઉપવાસ કરે તેનાથી ધર્મ થતો નથી. આહાર હું લઈ શકું છું અને હું છોડું છું એમ માને છે તે તો જડનો સ્વામી થઈને મિથ્યાત્વભાવને પોષે છે. મારગ તો આવો છે ભાઈ! આ મારગની રુચિ થાય તેની લાઈન આખી ફરી જાય છે. દિશા ફરે તેની દશા ફરી જાય છે.

**जैसैं स्वाद व्यंजनमैं दीसत विविधरूप, लौनकौ सुवाद खारौ जीभ-ग्यान चखियै।** દૂધી, ટીંડોરા, પરવળ, કંટોલા, તૂરિયા વગેરે બધાં શાકનો સ્વાદ તો અલગ અલગ હોય છે પણ દરેકમાં નાખેલાં મીઠાનો સ્વાદ તો ખારો જ છે તે ખારાપણા વડે શાકમાં મીઠું જુદું ચાખી લેવામાં આવે છે. જિહ્વા ઇન્દ્રિયના નિમિત્તથી જ્ઞાન શાક અને મીઠાના જુદાં જુદાં સ્વભાવને જાણી લે છે. આવો બોધ કોને થાય?-કે જેણે રાગના ખારા સ્વભાવને અને ચૈતન્યના મીઠાં સ્વભાવને જુદો જાણી લીધો છે. સ્વભાવ અને વિભાવનું ભેદજ્ઞાન કર્યું છે તેને વાસ્તવિકપણે મીઠાનો ખારો સ્વભાવ શાકથી જુદો છે તેનું જ્ઞાન થાય છે. જેને ખાવામાં ગૃદ્ધિ હોય તેને યથાર્થ જ્ઞાન થતું નથી તેને તો શાક જ ખારું થઈ ગયું છે એમ લાગે છે.

શ્રીમદ્ રાજચંદ્ર એકવાર રાણપરડા આવ્યા હતાં ત્યાં તેમની થાળીમાં દૂધીનું શાક પીરસાયું કે તરત બોલ્યાં કે આ શાકમાં મીઠું વધી ગયું છે. દૂધીના રેસા છૂટા પડી ગયેલાં જોઈને મીઠાની વિશેષતા ચાખ્યા વગર પણ ખ્યાલમાં આવી ગઈ. જુઓ આ જ્ઞાનની ક્રિયા! જેને શાક આદિ પરદ્રવ્યમાં ગૃદ્ધિ છે તેને આવું જ્ઞાન થતું નથી. જેણે સ્વભાવ અને વિભાવ તથા શરીરાદિથી ભેદજ્ઞાન કર્યું છે તેને જ પરજ્ઞેયનું પણ યથાર્થ જ્ઞાન થાય છે.

**तैसैं घट पिंडमैं विभावता अग्यानरूप, ग्यानरूप जीव भेद-ग्यानसौं परखियै।** આત્માનો સ્વભાવ તો જ્ઞાનાનંદરૂપ છે અને પુણ્ય-પાપાદિનો વિકલ્પ તો અજ્ઞાનરૂપ છે, વિભાવરૂપ છે કેમકે તેમાં જ્ઞાન નથી. અને જ્ઞાનરૂપ ચૈતન્ય તો ચૈતન્ય....ચૈતન્ય જાનન....જાનન.... સ્વભાવી જીવ તો સ્વરસથી વિકસતી ચૈતન્યધાતુ છે. ચૈતન્યધાતુ તો નિત્ય છે પણ ભેદજ્ઞાનથી



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

તેને વિભાવથી જુદી પારખી લે તેને સ્વરસનો વિકાસ થતો જાય છે.

**स्वरसविकसित नित्य चैतन्यधातु**-ચૈતન્યધાતુનું લક્ષ થતાં વિભાવથી ભેદજ્ઞાન તો થાય છે અને ક્ષણે ક્ષણે પર્યાયમાં જ્ઞાન વિકાસ પામતું જાય છે એ જ જ્ઞાન રાગ અને પોતાના સ્વભાવને ભિન્ન જાણે છે.

જુઓ! વ્યવહારરત્નત્રયનો વિકલ્પ પણ અજ્ઞાન (જ્ઞાનના અભાવરૂપ અજ્ઞાન) છે. પરદ્રવ્ય અનુસારી વિભાવ અજ્ઞાન છે. લોકો જેને પંચમહાવ્રત કહે છે તેને અહીં ભગવાન વિભાવ-અજ્ઞાન કહે છે. દુનિયાને ભગવાન સાથે ઝઘડો છે. જ્ઞાનાનંદ ચૈતન્ય સ્વભાવી ભગવાન આત્માનું લોકોને ભાન નથી એટલે જ્ઞાનાનંદથી વિરુદ્ધ એવા પુણ્ય-પાપ રાગનો પોતાને કર્તા માને છે. રાગમાં તો અંધારું છે. ચૈતન્યની જાગૃતદશાનો પ્રકાશ રાગમાં ક્યાંથી હોય! રાગ તો અંધકૂપ છે. આ અધિકારના જ ૧૧મા પદ્યમાં જીવને અનાદિકાળથી લાગેલા મિથ્યાત્વને અંધકૂપ-અંધારિયો કૂવો કહ્યો છે.

આ નાટક-સમયસારના પાના સારા છે, અક્ષર પણ મોટાં છે અને ભાવ પણ મોટા છે તેથી મોટા ગ્રંથ જેવું લાગે છે. અલૌકિકભાવો અંદર સિદ્ધાંતમાં ભરેલાં છે. જેમ પાણીમાં ઉષ્ણતા છે તે અગ્નિની છે, પાણીનો સ્વભાવ તો ઠંડો છે તેમ આત્મામાં પુણ્ય-પાપ છે તે વિભાવ-અજ્ઞાન છે, જીવનો સ્વભાવ તો જ્ઞાન અને આનંદ છે.

આ વાત તને એકાંત જેવી લાગતી હોય તો ભગવાનને જઈને કહે! આ કોઈ લૌકિકકથાની અને એકલી ક્રિયાની વાત નથી. ત્રણકાળ ત્રણલોકમાં રહેલાં પદાર્થોનું જ્ઞાન ઉપજાવવાની વિધિ ભગવાન જે બતાવે છે એવી વિધિ બીજે ક્યાંય નથી. વીતરાગ પરમેશ્વરની વાત કોઈ અલૌકિક છે. આવું સ્વરૂપ સંપ્રદાયમાં પણ ક્યાંય નથી તો અન્યમતમાં તો ક્યાંથી હોય!

ભેદજ્ઞાનથી અજ્ઞાનરૂપ વિકાર અને જ્ઞાનમૂર્તિ જીવ જુદાં ઓળખી શકાય છે. જેમ શાકમાં મીઠાનો સ્વાદ જુદો છે અને શાકનો સ્વાદ જુદો છે તેમ, ભગવાન આત્મામાં નિજરસનો સ્વાદ આનંદમય છે અને વિભાવનો સ્વાદ દુઃખરૂપ છે તે ભેદવિજ્ઞાનથી બરાબર જુદાં પારખી શકાય છે. વિભાવનો સ્વાદ દુઃખરૂપ અને આકુળતામય કહ્યો. વ્રતાદિ શુભરાગમાં પણ આકુળતા છે. જો વ્રતાદિ શુભરાગમાં આકુળતા ન હોય અને શાંતિ હોય તો સિદ્ધને પણ વ્રત હોવા જોઈએ. પણ સિદ્ધને વ્રત નથી કારણ કે વ્રતાદિનો રાગ તો વિકલ્પ છે-વૃત્તિનું ઉત્થાન છે, તેમાં આકુળતા જ છે, સુખ નથી. માટે સિદ્ધનો આદર્શ બનાવીને લક્ષમાં લ્યો કે સિદ્ધમાં

જે છે તે મારા સ્વભાવમાં છે અને સિદ્ધમાં જે નથી તે મારા સ્વભાવમાં પણ નથી.

વિભાવ અજ્ઞાનરૂપ છે અને જીવ જ્ઞાનરૂપ છે તે ભેદવિજ્ઞાનથી પારખી શકાય છે. રાગના વિકલ્પથી ભિન્ન પડીને આત્માનું ભાન થાય ત્યાં બંનેની પરીક્ષા થઈ જાય છે.

**भरमसौं करमकौ करता है चिदानन्द,**-ભગવાન ચિદાનંદને પોતાના સ્વભાવનું ભાન નથી ત્યાં સુધી તે કર્મનો કર્તા ભ્રમના કારણે થાય છે. પુણ્ય-પાપના વિકલ્પનો કર્તા પણ ભ્રમથી થાય છે. માટે આત્માને રાગ અને કર્મનો કર્તા માનવો તે મિથ્યાત્વ છે.

લોકો આ સમજે નહિ એટલે એમ કહે કે આ લોકો મંદિર બંધાવે, પૂજા કરે, ભક્તિ કરે, દયા-દાનાદિ બધું કરે અને પ્રરૂપણા એમ કરે કે પુણ્ય હેય છે. તેમને ખબર નથી કે એવા બધાં રાગના પ્રકાર આવ્યા વિના રહેતા નથી. તેને અમે કરતાં નથી પણ આવે છે તે જાણવા લાયક છે પણ તે આદરવાલાયક નથી. જ્યાં સુધી પૂર્ણ વીતરાગતા ન થાય ત્યાં સુધી શુભરાગ આવે છે-હોય છે પણ તે જીવનું સ્વરૂપ નથી.

**दरव विचार करतार भाव नखियै।** દ્રવ્યદૃષ્ટિથી વિચારો તો, 'આત્મા રાગાદિ વિભાવનો કર્તા છે, કર્મનો કર્તા છે, શરીરની ક્રિયાનો કર્તા છે'-એવા ભાવ છોડી દેવા જોઈએ. દ્રવ્યસ્વભાવની દૃષ્ટિપૂર્વક વિભાવના કર્તાપણાની બુદ્ધિ છોડી દે તેના જ્ઞાનને સમ્યગ્જ્ઞાન કહેવાય છે.

★ તારી દશામાં, વર્તમાન જ્ઞાનમાં આ પરમાત્મા પૂર્ણ છે એમ નિઃસંદેહ જાણ. દેહદેવાલયમાં ભગવાન પરમાત્મા બિરાજમાન છે. પર્યાયમાં અપૂર્ણતા છે પણ વસ્તુ પરિપૂર્ણ છે તેમ જાણ! એમ જાણનારી પર્યાય પણ કેવડી?-કે આવા ત્રિકાળી પરિપૂર્ણ પરમાત્માને જાણી લ્યે. વસ્તુ પર્યાયમાં ન આવે પણ વસ્તુ જેવી ને જેવડી છે તેનું પૂર્ણ જ્ઞાન પર્યાયમાં થાય. તું પૂર્ણ સ્વરૂપ છો, કેવળજ્ઞાન-સ્વભાવી પ્રગટરૂપ આત્મા છો, તેને નિઃસંદેહપણે પરમાત્મા જાણ. અંદરમાં પરિપૂર્ણની દૃષ્ટિ થવી તેને સમ્યગ્દર્શન કહે છે. વસ્તુ જેવી છે તેવી યથાર્થ પ્રતીતિ થવી તેને સમ્યગ્દર્શન કહે છે. *-પૂજ્ય ગુરુદેવશ્રી*

# પરાધીન દૃષ્ટિ છોડી, સ્વાધીન દૃષ્ટિ કર

(સળંગ પ્રવચન નં. ૪૪)

શ્રી નાટક સમયસારનો આ કર્તા-કર્મ અધિકાર છે. તેમાં ૧૬મા કળશના પદ્યમાં કહે છે કે પદાર્થ પોતાના સ્વભાવનો કર્તા છે.

ग्यानभाव ग्यानी करै, अग्यानी अग्यान।
दर्वकर्म पुद्‌गल करै, यह निहचै परवान।।१७।।

અર્થઃ-જ્ઞાનભાવનો કર્તા જ્ઞાની છે, અજ્ઞાનનો કર્તા અજ્ઞાની છે અને દ્રવ્યકર્મનો કર્તા પુદ્‌ગલ છે-એમ નિશ્ચયનયથી જાણો.

જુઓ! કર્મનો કર્તા જીવ નથી એ વાત પહેલા સિદ્ધ કરી. કર્મ જડની પર્યાય છે માટે તેનો કર્તા જડ-પુદ્‌ગલદ્રવ્ય છે, જીવ તેનો કર્તા નથી. જીવ તો અજ્ઞાનભાવે અજ્ઞાનને કરે ત્યારે કર્મ સ્વયં આવીને બંધાય છે. જ્ઞાનની અશાતનાના છ બોલ મોક્ષશાસ્ત્રમાં કહ્યાં છે કે જ્ઞાનની અશાતના વિરાધનાના આવા પરિણામથી જ્ઞાનાવરણી કર્મ બંધાય છે તે પરિણામનો કર્તા જીવ છે એ બરાબર છે પણ જડકર્મનો કર્તા જીવ નથી.

જ્ઞાની જીવ તો અજ્ઞાનને પણ કરતાં નથી એ તો પોતાના નિર્મળ જ્ઞાનભાવને કરે છે કેમકે જ્ઞાની તો સ્વયં જ્ઞાનસ્વરૂપ છે અને તેની દૃષ્ટિ પણ સ્વભાવ ઉપર છે તેથી જ્ઞાની વિકારના કર્તા થતા નથી અને તેથી જ્ઞાની જડકર્મોનો બંધનમાં નિમિત્ત પણ થતા નથી. અજ્ઞાનીની દૃષ્ટિ પુણ્ય-પાપ ઉપર હોવાથી તે તેનો કર્તા થાય છે અને જડકર્મોના બંધનમાં નિમિત્ત થાય છે. કર્મોનો ખરેખર કર્તા તો પુદ્‌ગલ પોતે જ છે.

ત્રણ બોલ થયા-એક, ધર્મીજીવ જ્ઞાન-આનંદ આદિ નિર્મળ પરિણામને કરે છે કેમકે તેમની દૃષ્ટિમાં નિર્મળ ધ્રુવ ચૈતન્ય છે. ધર્મીજીવ વિકાર પરિણામને કરતાં નથી. વ્યવહારરત્નત્રયને પણ ધર્મી કરતાં નથી. બીજો બોલ, અજ્ઞાની પુણ્ય-પાપ, શુભાશુભ પરિણામને કરે છે, જડના કાર્યને તો અજ્ઞાની પણ કરતા નથી. તો પ્રશ્ન થાય કે આ બધાં કારખાના આદિ જડના કાર્યના કર્તા થતાં દેખાય છે ને! ના, ભાઈ! અજ્ઞાનીના કાર્યની પણ મર્યાદા પોતાના વિકારી પરિણામ સુધીની જ છે. પોતાના સ્વભાવને ભૂલીને અજ્ઞાનથી પુણ્ય-પાપ વિકારને કરે છે પણ જડના

કાર્યને તો અજ્ઞાની જીવ પણ કરી શકતો નથી. જેમાં ચૈતન્યસ્વભાવનો અંશ પણ નથી એવા દયા, દાન, વ્રત, ભક્તિ આદિ શુભપરિણામ અને હિંસા, જૂઠ આદિ અશુભપરિણામને અજ્ઞાની કરે છે કેમ કે તેની દૃષ્ટિ જ પુણ્ય-પાપ ઉપર છે. મારો સ્વભાવ શું છે તેની તો અજ્ઞાનીને ખબર નથી એટલે તે ધર્મ પણ કરી શકતો નથી અને જડના કાર્યને તો જીવ કરી શકતો જ નથી તેથી જડને પણ ન કરે. માત્ર, હું કાર્ય કરું છું અને આ બધાં મારા છે એવી અનેક પ્રકારની ભ્રમણાને અજ્ઞાની કરે છે.

આ જુઓને! દીકરા પરદેશમાં અને તમે અહીં એકલા છો ને! બે દ્રવ્ય જ ભિન્ન છે. અહીં એકલા રોટલા ખાઓ છો એમ પણ નથી. રોટલા ખાવાની ક્રિયાને અજ્ઞાની પણ કરી શકતો નથી. તે માત્ર રાગ-દ્વેષ કરે છે પણ રોટલા ખાવાની ક્રિયાને આત્મા ત્રણકાળમાં કરી શકતો નથી.

શ્રોતાઃ-કારખાના વગેરે ચાલતાં હોય તેનું શું કરવું?

પૂજ્ય ગુરુદેવશ્રીઃ-કારખાનું કોઈ પરદ્રવ્યના આધારે ચાલતું નથી. તે પણ સત્તાવાળા પદાર્થ છે માટે તેનું ધારાવાહી પરિણમન જે સમયે જેમ થવાયોગ્ય હોય તેમ થાય જ છે.

ત્રીજો બોલ, દ્રવ્યકર્મનો કર્તા પુદ્‌ગલ છે, એ જ પ્રમાણે જગતના દરેક પદાર્થના પરિણમનનો કર્તા તે દ્રવ્ય છે, પરદ્રવ્ય તેનો કર્તા નથી.

પહેલાં બોલમાં 'જ્ઞાનભાવના કર્તા જ્ઞાની છે' એમ કહ્યું એટલે શું?-ચૈતન્યવસ્તુ ધ્રુવ સ્થિરબિંબ જેવી છે તેવી જેણે જાણી તે જ્ઞાની થઈ ગયો. તે હવે જેવી પોતાની ચૈતન્યશક્તિ છે તેવી પર્યાયને કરે છે. માટે તે જ્ઞાનપરિણામનો કર્તા છે.

શ્રોતાઃ-સાહેબ! અમને તો વેપાર-ધંધા, ચોપડાનું ઓડિટ આદિ જીવ કરતો દેખાય છે છતાં આપ જેમ કહો એમ અમે તો માનીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીઃ-તમે પોતે નક્કી કરો ને! પરદ્રવ્ય એક સમય પણ પોતાના પરિણામને કર્યા વગર રહેતું નથી તો જે પરિણમે જ છે તેને બીજો શું પરિણમાવે! સૌ દ્રવ્ય પોતે પોતાની ક્રિયા કર્યા વગર રહેતાં જ નથી. તમે તમારા પરિણમનની ક્રિયાને કરો છો અને પરદ્રવ્ય તેની પોતાની ક્રિયાને કરે છે. એક બીજાની ક્રિયા કોઈ કરી શકતું નથી.

જેને શુદ્ધ ચૈતન્ય જ્ઞાયકભાવ પોતાપણે જણાયો છે એવો ધર્મી ભલે તે કદાચ ચક્રવર્તી હોય તો રાજમાં પડેલો દેખાય, ૯૬ હજાર રાણીના વૃંદમાં પડેલો દેખાય છતાં તે પરની

www.vitragvani.com



ક્રિયાને બિલકુલ કરતો નથી. તેને રાણી આદિ સંયોગમાં લક્ષ જતાં વિકલ્પ ઊઠે છે પણ તે વિકલ્પનો કર્તા કે ભોક્તા નથી.

શરીર, સ્ત્રી, મકાન, લક્ષ્મી, આબરૂ આદિને જીવ કરે નહિ અને ભોગવે પણ નહિ. અજ્ઞાની જીવ એમ માને કે તેને હું કરું છું અને ભોગવું છું પણ ખરેખર તે પરદ્રવ્યનો કર્તા-ભોક્તા થઈ શકતો નથી. મોક્ષમાર્ગપ્રકાશમાં પાગલનું દૃષ્ટાંત આપ્યું છે ને! નદી કિનારે પાગલ બેઠો હતો ત્યાં કુદરતી રાજાએ પડાવ નાંખ્યો એટલે માણસો હાથી, ઘોડા, પાલખી વગેરે આવવા લાગ્યું તો આ પાગલને એમ થયું કે આ બધું મારા માટે આવ્યું છે. ત્યાં થોડીવાર થઈ એટલે જમવાનું પતાવીને બધા ચાલવા લાગ્યા ત્યાં તો પાગલ કહે કે મને પૂછ્યા વિના બધા કેમ જવા લાગ્યા છો? -...અરે, અમે તો અમારા કારણે આવ્યા અને અમારા કારણે જઈએ છીએ. ત્યાં તું ક્યાં માલિક બનવા આવ્યો? પાગલ છો.

દૃષ્ટાંતના પાગલની જેમ, આ જીવ પણ, સ્ત્રી આવે, પુત્ર આવે, પૈસા આવે વગેરે બધું પોતાના કારણે આવે છે ત્યાં આ એમ માને છે કે આ બધું મારું છે. એનું બરાબર ધ્યાન રાખે છે પણ ભાઈ! એ તારા કારણે આવ્યા નથી, એ તો એની મુદત પૂરી થયે ચાલ્યા જવાના છે. તું મફતની મમતા કરીને ભ્રમણામાં ભૂલી રહ્યો છો.

શ્રોતાઃ-બહુ ભૂલ્યો આ તો!

પૂજ્ય ગુરુદેવશ્રીઃ-અરે! એવો ભૂલ્યો કે ભીંતમાંથી બહાર નીકળવા માંગે છે. બારણામાંથી નીકળવાને બદલે બહાર નીકળવા માટે ભીંતમાં માથા પછાડવા જેવી મૂર્ખાઈ કરી રહ્યો છે.

અહીં તો આચાર્યમહારાજ બહુ ટૂંકી ભાષામાં જ્ઞાની તથા અજ્ઞાનીના કાર્યને કહે છે કે જ્ઞાની જ્ઞાનને કરે છે અને અજ્ઞાની અજ્ઞાન કરે છે. જડના કાર્યને જ્ઞાની કે અજ્ઞાની કોઈ કરતું નથી. જડકર્મને પુદ્‌ગલ કરે છે. આ ત્રણ મહાસિદ્ધાંત એક ગાથામાં આવી ગયા છે.

જેણે પુણ્ય-પાપરહિત આત્માને જાણ્યો તે જ ખરેખર આત્મા થયો એ આત્મા પોતાના નિર્મળ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર આદિ નિર્મળ પરિણામને કરે છે. આમ તો આત્મા અને તેના નિર્મળ પરિણામ એવા ભેદ પડતા હોવાથી તેનો કર્તા આત્માને કહેવો તે ઉપચાર છે પણ અહીં તો આત્મા પરનો કર્તા નથી એમ સિદ્ધ કરવું છે એટલે જ્ઞાનીને જ્ઞાનનો કર્તા કહ્યો છે.

અજ્ઞાની અજ્ઞાનને કરે છે. અજ્ઞાન એટલે અંદરમાં પુણ્ય-પાપના વિકલ્પ ઊઠે છે તેમાં જ્ઞાનનો અંશ નથી માટે તે વિકારી પરિણામ છે તેને અજ્ઞાની કરે છે. અજ્ઞાની પોતાના



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

નિર્મળસ્વભાવને તો ભૂલી ગયો છે. તેથી પુણ્ય-પાપ પરિણામને જ મારા માનીને કરે છે.

દ્રવ્યકર્મનો કર્તા પુદ્ગલ છે. જ્ઞાનાવરણી, દર્શનાવરણી, મોહનીય આદિ દ્રવ્યકર્મનો કર્તા એ કર્મના પરમાણુ પોતે જ છે. કર્મના પરમાણુ દર્શનાવરણી આદિ જુદી જુદી પ્રકૃત્તિરૂપે પરિણમે છે. જ્ઞાની કે અજ્ઞાની કોઈ જીવ તે કર્મના પરિણામને કરતાં નથી.

હવે ૧૭મો કળશ કહે છે તે બધાં બાળકોને કલાસમાં ભણવામાં પણ શીખડાવવામાં આવે છે. તેમાં કહે છે કે જ્ઞાનનો કર્તા જીવ જ છે. અન્ય નથી.

आत्मा ज्ञानं स्वयं ज्ञानं ज्ञानादन्यत्करोति किम्।
परभावस्य कर्त्तात्मा मोहोऽयं व्यवहारिणाम्।।१७।।

અર્થ:-જ્ઞાનરૂપ આત્મા જ જ્ઞાનનો કર્તા છે, બીજો નથી. દ્રવ્યકર્મને જીવ કરે છે એ વ્યવહાર વચન છે.

અહીં કહે છે આત્માને પરભાવનો કર્તા છે માનવો તે મિથ્યાદષ્ટિનું અજ્ઞાન છે. હવે આમાં દીકરીને સારા ઠેકાણે પરણાવવી, દીકરાને સારી લાઈને ચડાવવો, નીરોગી પૈસાવાળો જમાઈ ગોતવો....આબરૂ વધારવી એવા બધા કામ ડાહ્યાં માણસ કરી શકે છે એ વાત ક્યાં રહી? -...પણ આ ચાર ચાર દીકરીઓ જુવાન થઈ છે તેને ઠેકાણે પાડું પછી ધર્મ કરવા માટે કાંઈક નવરાશ મળે....દીકરાને એવા ઠેકાણે પરણાવ્યો છે કે સામેથી મદદ મળે એવું છે અને એને એક જ દીકરી છે એટલે વારસો પણ મારા દીકરાને મળશે....જેને છોકરા ન હોય તે બીજાંને ખોળે બેસાડે....આવા બધા અનેક પ્રકારના મોહવાળા જીવો હોય છે તે બધા મોટા મૂરખ છે. પરદ્રવ્યની ક્રિયા મેં વ્યવસ્થિત કરી દીધી એવી તારી માન્યતા જ મોટી મૂર્ખાઈ ભરેલી છે.

मोहोऽयं व्यवहारिणाम्નો અર્થ કળશટીકામાં 'મિથ્યાદષ્ટિનું અજ્ઞાન છે' એવો કર્યો છે તે બરાબર છે. મિથ્યાદષ્ટિની એવી ખોટી માન્યતા છે. પરભાવને આત્મા કરી શકતો નથી એ વસ્તુસ્થિતિ છે પણ તેનું બહાનું બનાવીને બીજાંને રૂપિયા દેવાના હોય છતાં એમ કહે કે હું પૈસા દઈ શકતો નથી માટે દેતો નથી....એવી ખોટી વાત ન ચાલે. જીવ પોતાના પરિણામને તો કરી શકે છે. પરની ક્રિયાને કરી શકતો નથી પણ પૈસા દેવાના તારા ભાવ જ નથી એનું શું!

ग्यान सरूपी आतमा, करै ग्यान नहि और।
दरव करम चेतन करै, यह विवहारी दौर।।१८।।



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અર્થઃ-જ્ઞાનસ્વરૂપી આત્મા જ્ઞાન જ કરે, બીજું કાંઈ ન કરે. દ્રવ્યકર્મને જીવ કરે છે એમ કહેવાય છે તે તો માત્ર વ્યવહારવચન છે. તો પ્રશ્ન થાય કે શ્રાવક છ આવશ્યકના કાર્યને તો કરે કે નહિ? (૧) દેવપૂજા (૨) ગુરુ-ઉપાસના (૩) સ્વાધ્યાય (૪) સંયમ (૫) તપ અને (૬) દાન-આ છ તો શ્રાવકે હંમેશા કર્તવ્ય છે એમ શાસ્ત્રમાં પણ કહ્યું છે....ભાઈ! એ તો શ્રાવકની ભૂમિકામાં આવા પરિણામ આવે છે તેનું શાસ્ત્રમાં જ્ઞાન કરાવ્યું છે. 'શ્રાવકે છ આવશ્યક નિરંતર કરવા' એટલે શ્રાવકે પોતાને આવા પરિણામ આવે છે તેને જાણવા-એમ ભાવ છે. શાસ્ત્રના ભાવને સમજવા ભારે કઠણ છે. નિયમથી કરવાયોગ્ય તો 'હું શુદ્ધ ચૈતન્યદ્રવ્ય છું' એવી શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા કર્તવ્ય છે.

ન્યાલભાઈને કોઈએ પ્રશ્ન પૂછ્યો હશે કે સ્થિરતા કેમ થતી નથી?-તો કહે, સ્થિર એવી વસ્તુને પકડી નથી તેથી સ્થિરતા થતી નથી. અસ્થિર એવા રાગના પરિણામ અને એક સમયની પર્યાયને પકડી છે તે તો અસ્થિર છે માટે અસ્થિર જ રહેશે. પરિણામને પકડનારો સ્થિર ન થઈ શકે. નિત્યાનંદપ્રભુ આત્મા સ્થિર છે તેને પકડતાં પરિણામ ત્યાં સ્થિર થઈ જાય છે. એ પરિણામનો કર્તા આત્મા છે એમ ભેદથી કથન થાય. માટે કહ્યું ને! જ્ઞાનસ્વરૂપી આત્મા જ્ઞાનને જ કરે છે, બીજું કાંઈ કરતો નથી.

દ્રવ્યકર્મને જીવ કરે છે એ મૂઢ જીવોનું વ્યવહારવચન છે. સજ્ઝાયમાળામાં બધા એવા જ કથન છે કે આત્મા કર્મને કરે છે, કર્મને બાંધે છે અને કર્મને ભોગવે છે અનાથી મુનિનું તેમાં એક દૃષ્ટાંત આવે છે....હું રે અનાથી નિર્ગ્રંથ શ્રેણિકરાય!

મેં છોડ્યો સકલ આ સંગ રે, શ્રેણિકરાય! હું અનાથી નિર્ગ્રંથ....

શ્રેણિકરાજા હાથીના હોદ્દે બહાર નીકળ્યા હતા ત્યાં બાવળના ઝાડ નીચે એક મુનિને બેઠેલા જોઈને નીચે ઉતરી વંદન કરીને રાજા કહે છે મહારાજ! આપ તો રાજમાં રહેવાને યોગ્ય છો અને આવી અનાથદશામાં શા માટે! મારી સાથે રાજમાં ચાલો. ત્યારે મુનિ કહે છે, રાજન્! હું અનાથ હતો માટે તો અહીં આત્માનું શરણ લેવા આવ્યો છું. અનાથ તો અત્યારે તું છો....સાહેબ! મને આપે ઓળખ્યો નહિ. મારે તો મોટું રાજ છે, રાણીઓ છે, ધનવૈભવ છે. હું અનાથ નથી....તમે રાજા છો એમ ઓળખીને જ કહું છું કે તું અનાથ છો શ્રેણિક!....હું અનાથની વ્યાખ્યા સમજ્યો નહિ સાહેબ!.....ચૈતન્યભગવાન શરણ છે તેના શરણે તું ગયો નથી અને રાગાદિના શરણે પડ્યો છે માટે તું અનાથ છો, તારી રક્ષા કરનાર કોઈ નથી. તું ભિખારી છો. ધૂળના રાજને ધન-વૈભવ કોઈ શરણ થવાના નથી. માટે તને



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

ઓળખીને જ અનાથ કહું છું.

અહીં કહે છે કે અજ્ઞાની જીવ પણ જડકર્મને કરતો નથી, એ અજ્ઞાનને કરે પણ જડકર્મનું કાર્ય એનું નથી. અજ્ઞાનીને અજ્ઞાન તો એવું જોરદાર છે કે કામકાજ બધું છોકરાઓ કરે પણ દોર પોતાના હાથમાં રાખે. ઘેર બેઠાં પણ બધો હિસાબ મંગાવે....અહીં આચાર્યદેવ કહે છે કે ભ્રમણાથી ભૂલેલો અજ્ઞાની બહુ તો રાગ-દ્વેષ અને સંકલ્પ-વિકલ્પ કરે છે પણ પરદ્રવ્યમાં કાંઈ ફેરફાર કરી શકતો નથી. એક આંખની પાંપણ ચલાવવાની પણ તેનામાં તાકાત નથી.

જુઓ! કર્મનું બંધન તો એવું છે કે જીવ જેવા મેલા પરિણામ કરે એવા જ કર્મ બંધાય છતાં તેનો કર્તા પોતાને માને તે મૂઢ છે તો બહારમાં વેપાર-ધંધા, મકાન આદિ કાર્ય તો જીવના ભાવ પ્રમાણે થતાં પણ નથી છતાં તેનો કર્તા પોતાને માને છે એ એની કેટલી મૂઢતા છે! જીવ જડના કાર્ય કેવી રીતે કરે! માત્ર અજ્ઞાન કરે છે.

આ ૧૭મો શ્લોક સાંભળીને શિષ્યને શંકા થાય છે કે જીવ માત્ર ભાવને જ કરે, કર્મને કરતો નથી એમ આપ કહો છો તે અમને કાંઈ સમજાતું નથી તે વિષયમાં પ્રશ્ન કરે છે.

पुग्गलकर्म करै नहि जीव,
कही तुम मैं समुझी नहि तैसी।
कौन करै यह रूप कहौ अब,
को करता करनी कहु कैसी।।
आपुही आपु मिलै बिछुरे जड़,
क्यौं करि मो मन संसय ऐसी ?
सिष्य संदेह निवारन कारन,
बात कहैं गुरु है कछु जैसी।।१९।।

અર્થઃ-પુદ્ગલ-કર્મને જીવ કરતો નથી એવું આપે કહ્યું તે મારા સમજવામાં આવતું નથી. કર્મનો કર્તા કોણ છે અને તેની કેવી ક્રિયા છે? આ અચેતનકર્મ પોતાની મેળે જીવ સાથે કેવી રીતે બંધાય છે અને છૂટે છે? મને આ શંકા છે. શિષ્યની આ શંકાનું નિવારણ કરવા માટે શ્રીગુરુ પુદ્ગલકર્મનું સ્વરૂપ જેમ છે તેમ સમજાવે છે.

ઘણાંને વર્તમાનમાં પણ આવો જ પ્રશ્ન ઊઠે છે કે ઉમાસ્વામીએ મોક્ષશાસ્ત્રના સૂત્રમાં કહ્યું છે કે છ પ્રકારના જ્ઞાનની અશાતનાના પરિણામથી જ્ઞાનાવરણી કર્મ બંધાય છે. એ જ રીતે

આઠેય કર્મ કેવા કેવા પરિણામથી બંધાય છે તે બતાવ્યું છે અને આપ કહો છો કે જીવ કર્મને કરતો નથી તો અમારે કેવી રીતે સમજવું! શું જ્ઞાનાવરણીય, દર્શનાવરણી, મોહનીય આદિ જડકર્મ પોતે પોતાની મેળે બંધાય છે અને છૂટે છે? જીવ વિકાર કરે ત્યારે જ કર્મ બંધાય છે ને! એટલી તો એમાં અપેક્ષા આવી ને!

ભાઈ! સાંભળ! કર્મપણે બંધાય એવી યોગ્યતાવાળા રજકણો જીવની નજીકમાં પડેલો જ છે તે પોતાની લાયકાતથી બંધાય છે અને છૂટે છે, જીવના વિકારથી તે બંધાતા નથી. શિષ્યના સમાધાન માટે ૨૦મા પદ્યમાં ગુરુ સમજાવે છે.

पुदगल परिनामी दरब, सदा परिनवै सोइ।
यातैं पुदगल करमकौ, पुदगल करता होइ।।२०।।

અર્થઃ-પુદ્‌ગલ દ્રવ્ય પરિણામી છે, તે સદૈવ પરિણમન કર્યા કરે છે, તેથી પુદ્‌ગલ કર્મનો પુદ્‌ગલ જ કર્તા છે.

પુદ્‌ગલ પરમાણુનો સ્વભાવ કૂટસ્થ રહેવાનો નથી. તે સદા પરિણમ્યા કરે છે. જેની જે શક્તિ હોય તેને બીજાની અપેક્ષા હોતી નથી. પુદ્‌ગલ સ્વયં પરિણમન સ્વભાવી હોવાથી તેને જીવની અપેક્ષા નથી, તે સ્વયં પરિણમે છે. જેનામાં જે શક્તિ ન હોય તે બીજું દ્રવ્ય આપી શકતું નથી. પુદ્‌ગલમાં કર્મરૂપે પરિણમવાની શક્તિ ન હોય તો જીવની તાકાત નથી કે તેને પરિણમામી શકે. માટે, જીવ વિકાર કરે છે માટે પુદ્‌ગલ કર્મરૂપે પરિણમે છે એમ નથી. કાર્મણવર્ગણા પોતાની યોગ્યતાથી જ કર્મરૂપે પરિણમે છે.

અન્યમતી ઈશ્વરને કર્તા માને અને જૈનો કર્મને કર્તા માને તે બંને વાત જૂઠી છે. સૌ દ્રવ્ય પોતે જ પોતાના પરિણામના કર્તા છે એવો જ વસ્તુનો સ્વભાવ છે.

અજ્ઞાની કહે છે 'જીવ વિકાર કરે તો કર્મ બંધાય અને જીવ ધર્મ કરે તો કર્મ છૂટી જાય એમ કહો તો એ વાત અમને બેસે છે પણ કર્મ સ્વયં છૂટે છે એ વાત બેસતી નથી.' શાસ્ત્રમાં વ્યવહારના કથનો આવે તેને જીવ પકડી લે છે અને તેની પાછળ મૂળ નિશ્ચય કહેવો છે તેને ગ્રહણ કરતાં નથી તેથી ઝઘડા ઊભા થાય છે. વળી એમ કહે કે સમયસારમાંથી પણ આ વાત કાઢી દઉં કે વ્યવહારની ક્રિયાથી ધર્મ થાય છે, પરનું કાર્ય જીવ કરી શકે છે વગેરે.....ભાઈ! અમે કોઈની સાથે ચર્ચા કરતાં નથી. તમે આવું મોટું નામ ધરાવો છો અને ચર્ચા કરવાની ના કહો તો લોકો તમારા માટે શું ધારશે? -....લોકો ગમે તેમ ભલે ધારે.....અમને ભાવ વિનાના

www.vitragvani.com



ધારે તોપણ એ સ્વતંત્ર છે. એમાં અમને કાંઈ નુકશાન નથી. ચશ્મા હોય તો જ્ઞાન થાય અને ચશ્મા ન હોય તો જ્ઞાન ન થાય એવું જેને શલ્ય પડ્યું છે તેને શી રીતે સમજાવવું! જ્ઞાન જાણનારથી થાય છે, જ્ઞેયથી કે નિમિત્તથી થતું નથી. જાણનાર વિના કોણ જાણે? પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ચાર દર્શન આ ઉપયોગના બાર પ્રકાર છે તે બારેય પ્રકારના ઉપયોગનું પરિણમન જે સમયે જેવું થવાયોગ્ય હોય તેવું પોતાના દ્રવ્યને અનુસરીને થાય છે, નિમિત્તને અનુસરીને થતું નથી.

સામે દલીલ એમ કરે કે ચશ્મા ઉતારી નાંખો તો જ્ઞાન થશે? ભાઈ! જ્ઞાન ન થાય એ પણ જ્ઞાનની એવી યોગ્યતાના કારણે ન થાય. ચશ્મા નથી માટે જ્ઞાન થતું નથી એમ નથી. પરદ્રવ્યના કારણે આત્મામાં કાંઈ ફેરફાર થાય જ નહિ. જાણવું થાય છે તે પણ પોતાથી થાય છે અને અમુક જાણવું ન થાય એ પણ પોતાની યોગ્યતાથી એમ બને છે.

અજ્ઞાનીની ભ્રમણા પણ એવી હોય છે કે તેને કોઈ સમજાવી શકતું નથી. સાધુ નામ ધરાવતાં હોય પણ દૃષ્ટિ જ વિપરીત હોય છે.

અહીં કહે છે કે પુદ્‌ગલ દ્રવ્ય સદા પરિણામી છે. નિરંતર ધારાવાહી પરિણમન અનાદિથી ચાલુ જ છે. તેમાં કર્મ થવાયોગ્ય તેનું પરિણમન હોય ત્યારે તે કર્મરૂપે સ્વયં પરિણમે છે. જીવ તેને પરિણમાવતો નથી. પુદ્‌ગલ કર્મરૂપે કેમ પરિણમ્યા?-કે એનો પરિણમવાનો સ્વભાવ છે માટે કર્મરૂપે પરિણમ્યા છે. કર્મ છૂટી કેમ ગયા?-કે એનો બદલવાનો સ્વભાવ છે માટે કર્મ અવસ્થા બદલીને અકર્મરૂપ થયા છે. જીવે ધર્મ કર્યો માટે કર્મ છૂટી ગયા એમ નથી.

વસ્તુના આવા સ્વભાવના ભાન વિના સામાયિક અને પોષા આદિ કરે પણ એ બધું રણમાં પોક મૂકવા જેવું થાય છે.

જ્ઞાનાવરણી, દર્શનાવરણી, મોહનીય, અંતરાય, નામ, ગોત્ર, વેદનીય અને આયુ આદિરૂપે કર્મ પોતાના પરિણમનસ્વભાવથી પરિણમે છે. જીવે વિકાર કર્યો માટે પુદ્‌ગલને કર્મરૂપે પરિણમવું પડ્યું એમ નથી. જેમ ત્રાજવાના એક પલ્લામાં શેર મૂક્યું તો સામે એટલાં જ વજનવાળી વસ્તુ મૂકો તો ત્રાજવાનો કાંટો વચ્ચે આવે છે તો શું એ વસ્તુ કાંટાને વચ્ચે લઈ આવી કે ત્રાજવાનાં કાંટાનો એવો સ્વભાવ છે માટે આવ્યો? કાંટો પોતાના પરિણમનની યોગ્યતાથી એમ પરિણમે છે. બીજા કોઈની તાકાત નથી કે તેને પરિણમાવી શકે.

આ પુદ્‌ગલના પરિણમનની વાત છે એવી જ રીતે બાપુ! તારી પર્યાય પણ તારા



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



સ્વભાવથી પરિણમે છે તેને કોઈ અન્ય દ્રવ્ય પરિણમાવી શકતું નથી. વસ્તુના આવા સ્વભાવો છે તેનાથી વિપરીત માને તો એને મિથ્યાત્વ શલ્ય લાગે છે. વસ્તુનું સ્વરૂપ જેમ છે તેમ સમજવું જોઈએ. (પુદ્‌ગલની વાત કરી હવે જીવની વાત કહેશે.)

★ સમયસાર ગાથા પાંચમા આચાર્યદેવ કહે છે કે ગુરુના અનુગ્રહથી -કૃપાથી મને અંદરમાં આનંદનું જે પ્રચુર સ્વસંવેદન પ્રગટ થયું છે એ મારા નિજવૈભવથી એકત્વ-વિભક્ત આત્માને દેખાડું છું તેને તારા અનુભવથી પ્રમાણ કરજે. તારા ભગવાનમાં અનંતી કેવળજ્ઞાનની પર્યાયો પ્રગટ થાય એવી શક્તિ ભરી છે તેને યાદ કર ને અનુભવથી પ્રમાણ કર. પંચમકાળ છે ને આવો અનુભવ ન થાય એમ ના પાડીશ નહિ. પ્રભુ! તું રાગાદિ બધું ભૂલી જા! ને તારા ભગવાનને ભૂલી ગયો છો તેને યાદ કર. ભાઈ! તું અમારી પાસે સાંભળવા આવ્યો છો ને તને અમારું બહુમાન ને ભક્તિનો રાગ છે એનાથી પણ તારો ભગવાન ભિન્ન છે તેને યાદ કર ને અનુભવથી પ્રમાણ કર. ભગવાન કેવળીનો અત્યારે વિરહ છે, કેવળજ્ઞાનનો વિરહ છે એને તું ભૂલી જા ને અનંતી કેવળજ્ઞાન -પર્યાયની શક્તિ જેમાં ભરી છે એવા તારા ભગવાનને યાદ કર ને અનુભવથી પ્રમાણ કર.

*-પૂજ્ય ગુરુદેવશ્રી*



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com

# જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ કેમ?

(સળંગ પ્રવચન નં. ૪૫)

શ્રી નાટક સમયસારના આ કર્તાકર્મક્રિયા અધિકારના શ્લોક ચાલે છે.

जीव चेतना संजुगत, सदा पूरण सब ठौर।
तातैं चेतन भावकौ, करता जीव न और।।२१।।

અર્થ:-જીવ ચેતનાસહિત છે. સર્વ સ્થાનમાં સદા પૂર્ણ છે, એ કારણે ચેતનભાવોનો કર્તા જીવ જ છે, બીજું કોઈ નથી.

અહીં વિકાર પરિણામને સિદ્ધ કરવો છે. જીવ કર્મચેતનાપણે પરિણમે તે પણ પોતાથી જ પરિણમે છે, કર્મનો ઉદય આવ્યો માટે કર્મચેતનારૂપે થાય છે એમ નથી. જીવ રાગરૂપે, દ્વેષરૂપે, વાસનારૂપે એમ અનેક પ્રકારે કર્મચેતનારૂપે પરિણમે છે તે પોતાના પર્યાયસ્વભાવના કારણે પરિણમે છે. કર્મનો ઉદય જીવને વિકારરૂપે પરિણમાવી શકતો નથી. વિકારરૂપે પરિણમવાનો જીવનો પોતાનો (વિભાવ) સ્વભાવ છે તે બીજા દ્રવ્યની અપેક્ષા રાખતો નથી. દ્રવ્યને પરિણમવું ન હોય અને બીજું દ્રવ્ય પરિણમાવી દે એમ કદી બની શકતું જ નથી.

જ્ઞાનાવરણીનો જેટલો ઉઘાડ હોય એટલો જ ક્ષયોપશમ જીવને થાય અને જ્ઞાનાવરણીનો જેટલો ઉદય હોય એટલું જીવનું જ્ઞાન વિઘ્ન પામે એવી એકાંત માન્યતાનો અહીં નિષેધ કરે છે. જીવ પોતે ચેતના સંયુક્ત છે અને તે સદા બધી જગ્યાએ પૂર્ણ છે એટલે કે સ્વતંત્ર છે. જ્યારે જેવા ભાવરૂપે પરિણમવાની લાયકાત હોય તે તે ભાવરૂપે જીવ સ્વયં પરિણમે છે. કર્મના કારણે કે પોતાની પૂર્વપર્યાયના કારણે વર્તમાન પર્યાય થતી નથી.

૯૫ની સાલમાં રાજકોટ પ્રશ્ન થયો હતો કે કર્મનો તીવ્ર ઉદય હોય ત્યારે તો જીવને તીવ્ર વિકારરૂપે પરિણમવું જ પડે ને? એ વાત ખોટી છે. જીવને કર્મના ઉદય અનુસાર પરિણમવું જ પડે એમ નથી અને જીવના પરિણામ અનુસાર કર્મને પરિણમવું જ પડે એમ નથી. બંને દ્રવ્ય સ્વતંત્ર છે તે પોતપોતાની લાયકાતથી પરિણમે છે.....**चेतनभावको करता जीव न और।**

નદીના પાણીનું જોર હોય તો માણસ તણાય જાય એમ કહેવાય છે અને એમ બનતું દેખાય છે. ઉમરાળામાં એક બ્રાહ્મણનું એવું બનેલું. પણ અહીં કહે છે કે એ પરમાણુની અને



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

એ જીવની એ સમયે એમ જ પરિણમવાની લાયકાત હોય માટે એમ પરિણમે છે.

લોકો તો એમ જ કહે કે ધર્મ ઉદય બળવાન છે, નહિ પુરુષ બળવાન; પણ ભાઈ! એમ નથી. તારા પરિણામ ઢીલા હોય ત્યારે ઉદયને બળવાન કહેવાય છે પણ ઉદયના કારણે તારા પરિણામ ઢીલા છે એમ નથી.

અહા! નવતત્ત્વની અવસ્થાની સ્વતંત્રતાની હજુ જેને ખબર નથી તેને એકલા જ્ઞાયકમૂર્તિ આત્માના આશ્રયે જ ધર્મ થાય તેની ગંધ પણ આવતી નથી.

પોતાની વિકારી પર્યાય જેટલા પ્રમાણમાં કરે તેનો કર્તા જીવ છે, કર્મનો ઉદય તેને પરિણમાવતો નથી. પરિણમનની શક્તિ દ્રવ્યની છે માટે પરિણમે છે એવું વસ્તુનું સ્વતંત્રસ્વરૂપ છે એમ જાણતાં એની પરાધીનદૃષ્ટિ છૂટીને સ્વાધીન થાય છે કે સ્વભાવ ઉપર દૃષ્ટિ કરીને હું વિકાર ન કરું તો ન થાય એ મારા અધિકારની વાત છે.

હવે શિષ્ય ફરી પ્રશ્ન કરે છેઃ-

ग्यानवन्तकौ भोग निरजरा-हेतु है।
अज्ञानीकौ भोग बन्ध फल देतु है।।
यह अचरजकी बात हिये नहि आवही।
पूछै कोऊ सिष्य गुरू समझावही।।२२।।

અર્થઃ-'હે ગુરુજી! જ્ઞાનીના ભોગ નિર્જરાને માટે છે અને અજ્ઞાનીના ભોગોનું ફળ બંધ છે, એ આશ્ચર્યકારી વાત મારા મનમાં ઠસતી નથી.' તેને શ્રીગુરુ સમજાવે છે.

શિષ્ય ગુરુને કહે છે કે આપે કહ્યું કે જ્ઞાનીને પૂર્વ કર્મનો વિપાક ખરી જાય છે અને અજ્ઞાનીને તો પૂર્વકર્મનો ઉદય આવે છે અને તે વખતે નવો બંધ થાય છે આ વાતનું અમને તો અચરજ આવે છે. મગજમાં વાત બેસતી નથી. એમ શિષ્યને મનમાં આશંકા ઊઠી છે તેને ગુરુ સમજાવે છે તે કળશ આ પ્રમાણે છે.

दया-दान-पूजादिक विषय-विकषायादिक,
दोऊ कर्मबन्ध पै दुहूकौ एक खेतु है।
ग्यानी मूढ करम करत दीसैं एकसे पै,
परिनामभेद न्यारौ न्यारौ फल देतु है।।
ग्यानवन्त करनी करै पै उदासीन रूप,

ममता न धरै तातैं निर्जराकौ हेतु है।
वहै करतूति मूढ करै पै मगनरूप,
अंध भयौ ममतासौं बन्ध-फल लेतु है।।२३।।

અર્થ:-દયા, દાન, પૂજાદિ, પુણ્ય અથવા વિષય-કષાયાદિ પાપ બંને કર્મબંધ છે અને બંનેનું ઉત્પત્તિસ્થાન એક જ છે. આ બંને પ્રકારના કર્મો કરવામાં સમ્યગ્જ્ઞાની અને મિથ્યાજ્ઞાની એકસરખા દેખાય છે પરંતુ તેમના ભાવોમાં અંતર હોવાથી ફળ પણ ભિન્ન ભિન્ન થાય છે. જ્ઞાનીની ક્રિયા વિરક્તભાવ સહિત અને અહંબુદ્ધિ રહિત હોય છે તેથી નિર્જરાનું કારણ છે અને તે જ ક્રિયા મિથ્યાત્વી જીવ વિવેક રહિત તલ્લીન થઈને અહંબુદ્ધિ સહિત કરે છે તે તેથી તે બંધ અને તેના ફળને પામે છે.

જુઓ! આમાં સમજાણું કાંઈ! ધર્મી તેને કહીએ કે જેને શુભાશુભ આવે છે પણ તેનો સ્વામી થતાં નથી. પોતાના સ્વભાવભાવપણે તેને ખતવતાં નથી. કારણ કે જ્ઞાનીને પોતાના જ્ઞાનાનંદસ્વરૂપનો અનુભવ થયો છે તેથી પુણ્ય-પાપભાવ આવતાં હોવા છતાં જ્ઞાની તેનાથી વિરક્ત છે, તેમાં જ્ઞાનીની દૃષ્ટિ નથી, તેમાં જ્ઞાનીને અહમ્ બુદ્ધિ નથી. ન્યારો ન્યારો રહે છે. રાગ આવે છે પણ તે ઝેર જેવો લાગે છે. રાગમાં અહમ્પણું થતું નથી.

શરીર, કર્મ અને રાગથી ભિન્ન અને જ્ઞાનાનંદના ભંડારથી ભરેલ આત્માનું જેને ભાન થાય તેને પોતાના સ્વભાવમાં જ અહમ્પણું રહે છે પણ વિભાવપરિણામમાં અહંપણું કે એકત્વપણું રહેતું નથી. દયા, દાન, પૂજા હો કે વિષય-કષાદિ અશુભભાવ હો, બંને બંધના કારણ છે. હું તો એ બંને પ્રકારના ભાવોથી રહિત છું અને જ્ઞાનાનંદથી સહિત છું એમ જ્ઞાનીએ પોતાના સ્વભાવને અનુભવ્યો છે, જ્ઞાનમાં સ્વભાવને જ્ઞેય તરીકે જાણ્યો છે અને શ્રદ્ધામાં શ્રધ્યો છે કે હું તો પુણ્ય-પાપરહિત જ્ઞાનસ્વરૂપી વસ્તુ છું. આવા શ્રદ્ધા, જ્ઞાન અને અનુભવ હોવાના કારણે ધર્મી પુણ્ય-પાપમાં વર્તતા દેખાય છે છતાં તેનાથી વિરક્ત છે. તેમાં ધર્મીને અહમ્પણું નથી.

અજ્ઞાની એવા જ પુણ્ય-પાપભાવમાં વર્તે છે પણ તેને પરિણામમાં એકત્વપણું છે, વિરક્તપણું નથી તેથી તે પરિણામ અજ્ઞાનીને નવા બંધનનું કારણ થાય છે અને જ્ઞાનીને તે પરિણામમાં એકત્વપણું નથી માટે નવો બંધ થતો નથી. જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે એમ કહ્યું એટલે ભોગનો ભાવ કાંઈ નિર્જરાનો હેતુ નથી પણ તે ભાવ ફળ આપ્યા વિના ખરી જાય છે.

જ્યાં ચૈતન્યભગવાન અનંત આનંદ અને જ્ઞાનરસથી ભરપૂર છે તે ભર્યા ભંડાર ઉપર

www.vitragvani.com



ધર્મીની દૃષ્ટિ છે તેથી પુણ્ય-પાપના વિકલ્પમાં તેને એકતા થતી નથી તેથી અહમ્‌પણું પણ થતું નથી તેથી તે પરિણામો નિર્મળ હોવાથી તે ભાવ ખરી જાય છે. જે આત્માનો ભાવ નથી તે ખરી જાય છે એમ સિદ્ધ કરવું છે.

**ग्यानवन्त करनी करै पै उदासीन रूप** જ્ઞાનવંત જ્ઞાનીને પોતાની નબળાઈ વશ વિષય-કષાયાદિ અશુભભાવ અને દયા, દાન, પૂજા આદિ શુભભાવ હોય છે પણ તેમાં રસ નથી, ઉદાસીનરૂપ છે એટલે કે શુભ-અશુભભાવ તેને ઝેર જેવા લાગે છે તેથી તેને પોતાના સ્વભાવમાં એકપણે કરતો નથી. તેની દૃષ્ટિ અને જ્ઞાન તો ત્યાંથી ખસી ગયા છે પણ ભૂમિકા અનુસાર જોડાણ છે તેમાં ઉદાસીનતા વર્તે છે.

રાગની તીવ્રતા હોય, અનીતિના ભાવ તીવ્ર હોય અને કોઈ નિર્વિકલ્પ અનુભવ કરવા માંગે તો ન થઈ શકે. મોક્ષમાર્ગપ્રકાશકમાં કહ્યું છે કે હજુ તો પરની મમતાના ભાવ શ્રદ્ધામાં પડ્યાં છે અને નિર્વિકલ્પ થવા માંગે તે નિર્વિકલ્પ ક્યાંથી થાય! ન થાય. હજુ તો પાત્રતાના પણ ઠેકાણાં ન હોય અને એમ માને કે ભોગ તો નિર્જરાનો હેતુ છે તો એ સ્વચ્છંદી-મરી જશે. (તેના ભોગો તીવ્ર બંધનું કારણ થાશે, નિર્જરાનું નહિ.)

અહીં તો જેને રાગ અને નિમિત્તથી ખસીને સ્વભાવનો અનુભવ થયો છે તેને સ્વભાવના અનુભવના પરિણામમાં રાગની એકતા રહેતી નથી, વિરક્તિ રહે છે એટલો સ્વભાવ સન્મુખ પુરુષાર્થ થયો છે, તેની વાત છે. તેને રાગ આવીને છૂટી જાય છે, સ્વભાવમાં એકપણે થતો નથી. ધ્રુવસ્વભાવની દૃષ્ટિના જોરમાં રાગ ટકી શકતો નથી. સમયસારની ૧૧મી ગાથામાં લીધું છે-શુદ્ધનય અનુસાર જ્ઞાન થવા માત્રથી 'હું આ આત્મા છું અને રાગ હું નહિ' એવું ભેદજ્ઞાન થઈ જાય છે. શુદ્ધનયનો વિષય ધ્રુવ છે માટે હું શુદ્ધનયસ્વરૂપ છું એમ લેતાં રાગાદિથી ભેદજ્ઞાન થઈ જાય છે.

વીતરાગનો મારગ ઝીણો બહુ છે.

જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે કારણ કે જ્ઞાનીના પરિણામ જ્ઞાનમય છે. જ્ઞાન અને આનંદના પરિણામ ઊઠે છે તેની સાથે વિકલ્પ-રાગાદિ પરિણામ પણ ઊઠે છે પણ તેમાં જ્ઞાનીને એકતા નથી, અહમ્ નથી તેથી તે છૂટી જાય છે.

નોઆખલીમાં બન્યું હતું તેમ, મા અને દીકરાને ભેગા કરે તો એને એમ થાય કે જમીન જગ્યા આપે તો સમાઈ જઈએ પણ આ દશા અમને ન હો. તેમ, ધર્મીને રાગાદિ પરિણામ



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

સાથે એકત્વ કરવા માંગે તો કદી થાય નહિ. ભલે પૂજાના પરિણામ હો કે ભક્તિના હો પણ જેમાંથી એકતા તૂટી ગઈ તેમાં કદી અહમ્-મારાપણું થતું નથી. ધર્મીનું અહમ્પણું તો જ્ઞાનાનંદસ્વભાવમાં છે.

આ માત્ર વાતો નથી. આ તો ભાવની વાત છે. જ્ઞાનીને ભાવો જ આખા બદલી ગયા છે. 'અહો! હું તો આનંદનો સાગર છું. હું વિકારનો સાગર નથી, વિકારની પાછળ હું નથી.' રાગની સમીપતા છોડીને જ્ઞાની આનંદની સમીપતામાં આવી ગયા છે. એવી દશાને ધર્મ કહેવાય બાપુ! આ કાંઈ વાત કરવાની કે બોલવાની ચીજ નથી, આ તો અંદરમાં ઉતરવાની ચીજ છે.

સામે ઇન્દ્રાણી આવીને ઊભી હોય અને ઇન્દ્રને જરા વિકલ્પ ઊઠે કે 'આ ઠીક છે' તે વિકલ્પ તેને ઝેર જેવો લાગે છે અને એ જગ્યાએ અજ્ઞાની હોય તો તેને એ વિકલ્પમાં મીઠાશ આવે છે. આટલો જ્ઞાની અને અજ્ઞાનીમાં ફેર છે.

'જ્યાં હું છું ત્યાં રાગ નથી અને જ્યાં રાગ છે ત્યાં હું નથી' એવા ભેદજ્ઞાનના પરિણામને કારણે જ્ઞાનીને કર્મ ભિન્નપણે ઉદયમાં આવે છે અને ભિન્નપણે ખરી જાય છે. એ કર્મના પરમાણુ કે વિકલ્પ આદિ આવે છે તેમાં હુંપણું થતું નથી તેથી તે ખરી જાય છે. 'આ રાગ તે હું છું' એમ નહિ થવાથી, અને આ જ્ઞાન અને આનંદ તે હું છું એમ રહેવાથી જ્ઞાનીને પૂર્વકર્મનો ઉદય આવીને ખરી જાય છે.

**वहै करतूति मूढ करै पै मगनरूप** એ જ ભગવાનની પૂજા, વ્રત, તપ, દયા, દાન આદિ શુભપરિણામ અને હિંસા, જૂઠ, ચોરી આદિ અશુભ પરિણામ અજ્ઞાનીને આવે છે તેમાં તે તન્મય થઈ જાય છે-મગ્ન થઈ જાય છે તેથી રાગમાં આંધળો થઈને એટલે કે રાગમાં મીઠાશ વેદતો નવા બંધને કરે છે. રાગને મીઠાશથી વેદતો અજ્ઞાની મિથ્યાત્વ અને અજ્ઞાનાદિના બંધ અને તેના ફળને પામે છે. જ્ઞાનીને તો રાગમાં એકતા નથી, અહમ્પણું નથી, મીઠાશ નથી તેથી રાગ આવીને ચાલ્યો જાય છે-ટળી જાય છે અને નવા મિથ્યાત્વાદિ કર્મ બંધાતા નથી એમ કહેવું છે.

મોક્ષમાર્ગપ્રકાશકમાં તો સ્પષ્ટ ખુલાસો કર્યો છે કે જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે એટલે કાંઈ એ ભોગનો ભાવ નિર્જરાનું કારણ નથી એ તો બંધનું કારણ છે પણ અબંધસ્વભાવની દૃષ્ટિ અને જ્ઞાનને કારણે જ્ઞાનીને શુદ્ધતા વધે છે અને અશુદ્ધતા ઘટે છે તેથી નિર્જરા કહેવામાં આવે છે માટે, જ્ઞાનીની દૃષ્ટિ અને જ્ઞાનનું જોર છે તે નિર્જરાનું કારણ છે, રાગ નિર્જરાનું

કારણ નથી. રાગમાં એકતા કે મમત્વ નથી તેથી તે ટળી જાય છે.

મિથ્યાદૃષ્ટિ જીવ તો વિવેક રહિત, તલ્લીન થઈને અહંબુદ્ધિ સહિત શુભાશુભભાવ કરે છે તેથી તે બંને ભાવમાં બંધ અને તેના ફળને પામે છે. વિષય-કષાયથી પાપબંધ થાય છે અને પૂજા, દયા, દાનાદિ શુભભાવથી પુણ્યબંધ થાય છે. પણ બંને કર્મબંધના કારણ છે અને બંનેનું ઉત્પત્તિસ્થાન એક જ છે. શુભાશુભ આત્માના આશ્રયે થાય છે અને અશુભ પરના આશ્રયે થાય છે એમ નથી. બંને પ્રકારના ભાવ નિમિત્તના લક્ષે, પરને અનુસરીને જ થાય છે માટે બંને બંધના કારણ છે.

શુભ અશુભ બંને ક્રિયા બહારથી તો જ્ઞાની અને અજ્ઞાનીની સરખી દેખાય છે પરંતુ તેમના ભાવોમાં અંતર હોવાથી ફળ પણ ભિન્ન ભિન્ન થાય છે. જ્ઞાનીની ક્રિયા વિરક્તભાવ સહિત અને અહંબુદ્ધિ રહિત હોય છે. દયા, દાન, વ્રત, ભક્તિ આદિ શુભભાવરૂપ વ્યવહારથી પણ ધર્મી મુક્ત છે, તેમાં રક્ત નથી માટે ધર્મીને તે નિર્જરાનું કારણ છે. મિથ્યાદૃષ્ટિ તો બંને પ્રકારની રાગની ક્રિયામાં તલ્લીન છે, તેને પોતાનું સ્વરૂપ માને છે, તેનાથી પોતાને લાભ માને છે, હિતકર માને છે તેથી તેનામાં એ ભાવોથી ભિન્ન રહેવાની તાકાત નથી તેથી તે કર્મથી બંધાય છે અને તેના ફળને પામે છે.

એક ભાઈ કાલે આવ્યા હતાં કે, મુંજવણ થાય છે, કાંઈ સૂઝ પડતી નથી, કરવું શું?- ભાઈ! નિત્ય, સ્થિરબિંબ જ્ઞાનાનંદસ્વભાવમાં દૃષ્ટિ સ્થાપવી અને જ્ઞાનને તેમાં રોકવું એ કરવાનું છે, તેમાં મુંજવણ તો ક્યાંય છે જ નહિ. એ તો મુંજવણ મટાડવાનો ઉપાય છે.

કાલે છોકરાઓ પ્રશ્ન લાવ્યા હતાં કે, સિદ્ધો પણ શ્રદ્ધાના બળે સંસારમાં પાછા આવતાં નથી. માટે શ્રદ્ધાનું બળ જ મુખ્ય છે ને? હા, શ્રદ્ધાના બળની ના નથી પણ તે શ્રદ્ધાને જાણી કોણે? શ્રદ્ધાને તો તેના વિષયની ખબર નથી, તેને જાણનારું તો જ્ઞાન છે માટે જ્ઞાનનું પણ એટલું જ જોર છે. શ્રદ્ધા અને જ્ઞાન બંનેનું જોર સાથે જ છે. ૧૧મી ગાથા તો જૈનદર્શનના પ્રાણ છે. તેમાં કહ્યું કે શુદ્ધનય અનુસાર બોધ થવા માત્રથી શ્રદ્ધા થાય છે તેનું નામ સમ્યગ્દર્શન છે. શુદ્ધનય પોતે જ્ઞાન છે અને તેનો વિષય ત્રિકાળ ધ્રુવ આત્મા છે તેની પ્રતીતિ તે સમ્યગ્દર્શન છે. જુઓ, આ જૈનદર્શનના પ્રાણ એટલે વસ્તુદર્શનના પ્રાણ એવી ગાથામાં જ્ઞાનનું જોર બતાવ્યું છે. માટે શ્રદ્ધાનો કે જ્ઞાનનો કે એવો કોઈ પણ એક વિચારને વ્હાલો કરીને ખેંચાય નહિ. એમ ખેંચે તો તો સ્વચ્છંદ થઈ જાય અને સ્વચ્છંદ થતાં એકાંત થઈ જાય. થોડા ફેરમાં મોટો ફેર પડી જાય છે તેની એને ખબર નથી. સિદ્ધને શ્રદ્ધાના જોરથી જ સંસારની ઉત્પત્તિ

www.vitragvani.com



થતી નથી. પણ એ શ્રદ્ધા કોના બળે થઈ એ પણ સમજવું જોઈએ. જ્ઞાનનો બોધ થવા માત્રથી શ્રદ્ધા થાય છે એમ કહ્યું છે.

નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની....તેનો અર્થ કરો-નય એટલે જ્ઞાન અને તેનો વિષય અભેદ આત્મા છે. તેના આશ્રયે નિર્વાણની પ્રાપ્તિ થાય છે. માટે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેય તેના આશ્રયે થાય છે. અરે! અનંતગુણની પર્યાય તેના આશ્રયે થાય છે. એક પર્યાય સ્વ તરફ ઢળે છે ત્યારે અનંતી પર્યાય સ્વ તરફ ઢળે છે. બધાં ગુણો એકસાથે જ છે. વ્યાખ્યા કરવામાં કોઈ જગ્યાએ શ્રદ્ધાની કોઈ જગ્યાએ જ્ઞાનની મુખ્યતાથી કથન આવે પણ તેમાં ખેંચવાનું ન હોય. દૃષ્ટિનો વિષય જે છે તે જ શુદ્ધનયનો વિષય છે અને તે વિષયને જ શુદ્ધનય કહ્યો છે.

આમ એક એક વાતને ખેંચે તો તો ભાગલાં પડતાં જાય, સ્વચ્છંદ વધતો જાય, એમ ન હોય. જ્યાં જે યોગ્ય હોય તેમ સમજવું જોઈએ. શ્રદ્ધાનું બળ છે પણ શ્રદ્ધા પોતે કોણ છે અને તેનો વિષય શું છે એ તો શ્રદ્ધાને ખબર નથી. શ્રદ્ધા તો આંધળી છે, જાણનાર તો જ્ઞાન છે. જ્ઞાન સિવાય કોઈ ગુણ સ્વને કે પરને જાણતા નથી. તેથી તો બધાં ગુણોને નિર્વિકલ્પ કહ્યાં છે અને જ્ઞાનને સવિકલ્પ કહ્યું છે. જ્ઞાનની પર્યાય સર્વને જાણવાનું કાર્ય કરે છે પણ તેને આશ્રય તો ધ્રુવનો છે. આવી વાત છે. જેનાથી આ તત્ત્વ મળ્યું છે તે શું કહેવા માંગે છે એ સમજવું જોઈએ. સમજ્યા વગર વાત ન થાય. પણ અનાદિથી જીવોને અટકવાના કારણના પાર નથી.

અત્યાર સુધી જે કોઈ સિદ્ધ થયા તે અને જે કોઈ સિદ્ધ થશે તે ભેદવિજ્ઞાનથી જ સિદ્ધ થયા છે અને થશે. એમ કહ્યું છે. શ્રદ્ધાથી સિદ્ધ થાય છે એમ કહ્યું નથી.

શ્રોતાઃ-બીજી જગ્યાએ સમકિતને સિદ્ધ થવાનું કારણ પણ કહ્યું છે.

પૂજ્ય ગુરુદેવશ્રીઃ-એ બધા ગુણ સાથે જ છે. પણ બધાંને જાણનાર તો જ્ઞાન છે. જ્ઞાન સિવાય જાણે કોણ? શ્રદ્ધા ઊંધી હોય કે સવળી થાય તેને જાણનાર તે જ્ઞાન છે ને! માટે, પંચાધ્યાયમાં તો કહ્યું છે કે કોઈ પણ ગુણની વ્યાખ્યા તેના જ્ઞાન વગર થઈ શકતી નથી માટે જ્ઞાન પ્રધાન છે.

માણસને અભિમાન થઈ જાય છે કે અમે તો શ્રદ્ધાના જોરવાળા છીએ, જ્ઞાનના જોરવાળા તો શિથિલ છે. પુરુષાર્થસિદ્ધિઉપાયમાં જ્ઞાનને શિથિલ કહ્યું છે તે તો દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદવાળા જ્ઞાનની વાત છે. શુદ્ધનયનો વિષય તો અભેદ આત્મા છે. નિશ્ચયનયાશ્રિત



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



મુનિવરો જ નિર્વાણને પ્રાપ્ત થાય છે.

ગાથા ૧૭-૧૮મા પણ જાણેલાની જ શ્રદ્ધા થાય છે એમ કહ્યું છે. જ્ઞાન વિનાની શ્રદ્ધા તો સસલાના શીંગડા સમાન છે. શ્રીમદ્ પણ કહે છે-દર્શનમોહને હણનાર જ્ઞાન છે, ચારિત્રમોહને વીતરાગતા હણે છે. દર્શન, જ્ઞાન કરતાં ચારિત્રમાં અનંતગુણો પુરુષાર્થ જોઈએ છે. પણ એ ચારિત્ર કે જ્ઞાનાદિની પર્યાય ઉપર લક્ષ કરવાથી ચારિત્ર પ્રગટતું નથી, દ્રવ્યનું લક્ષ કરતા ચારિત્ર પ્રગટ થાય છે. પુરુષાર્થ તો બધો પર્યાયમાં થાય છે પણ પુરુષાર્થ થાય ક્યારે?-કે અખંડ દ્રવ્યસ્વભાવનું લક્ષ કરે ત્યારે પુરુષાર્થ પ્રગટ થાય છે.

અહીં કહે છે કે અજ્ઞાનીને રાગમાં એકતા છે. બીજી ગાથામાં કહ્યું ને!.....'જે દર્શન, જ્ઞાન, ચારિત્રમાં એટલે કે આત્મામાં સ્થિત છે તે 'સ્વસમય' છે અને જે રાગ અને પુદ્ગલ કર્મમાં સ્થિત છે તેને 'પરસમય' જાણો.' ચૈતન્યસ્વરૂપના ભાન વિનાનો અજ્ઞાની રાગની ક્રિયામાં આંધળો થઈ ગયો છે. દયા, દાન, વ્રત, તપાદિના વિકલ્પ મારા છે અને તેની ક્રિયાથી મારું કલ્યાણ છે-એમ અજ્ઞાની રાગમાં આંધળો થયો છે. તેથી તે બંધ અને તેના ફળને પામે છે.

હવે મિથ્યાત્વીના કર્તાપણાની સિદ્ધિ ઉપર કુંભારનું દૃષ્ટાંત આપે છે. ટીકાકારે પોતે જ દૃષ્ટાંત આપ્યું છે. જ્ઞાનીના બધાં પરિણામ જ્ઞાનમય છે તેનો અર્થ કળશટીકામાં કેવો કર્યો છે? જુઓ....૨૨મા કળશના અર્થમાં-'સમ્યગ્દૃષ્ટિનું દ્રવ્ય શુદ્ધત્વરૂપ પરિણમ્યું છે તેથી જે કોઈ પરિણામ બુદ્ધિપૂર્વક અનુભવરૂપ છે અથવા વિચારરૂપ છે અથવા વ્રત-ક્રિયારૂપ છે અથવા ભોગ-અભિલાષરૂપ છે અથવા ચારિત્રમોહના ઉદયે ક્રોધ, માન, માયા, લોભરૂપ છે તે સઘળાય પરિણામ જ્ઞાનજાતિના ઘટે છે.....' ભાષા જુઓ, પરિણામ જ્ઞાનજાતિના છે એટલે કે તેનું જ્ઞાન થાય છે, વિકાર થાય છે તેનું જ્ઞાન થાય છે તે જ્ઞાન પોતાનું છે. રાગાદિ વિકલ્પ આવે છે એ જ વખતે તે સંબંધી જ્ઞાન થાય છે તે રાગની જાતનું નથી પણ જ્ઞાનની પોતાની જાતનું છે અને તે જ્ઞાન રાગથી થયું નથી પણ પોતાથી થયું છે માટે કહ્યું કે જ્ઞાનીના જે કોઈ પરિણામ છે તે સંવર-નિર્જરાનું કારણ છે અને અજ્ઞાનીના બધાં ભાવમાં રાગમાં એકતાબુદ્ધિ હોવાના કારણે અજ્ઞાનજાતિના પરિણામ છે તેથી તે બંધના કારણ થાય છે.

રાગથી ખસીને, આત્માની ધ્રુવતાનું ભાન થયું તે જ્ઞાનના કાળમાં જ્ઞાનીને રાગાદિ જે કોઈ પરિણામ થાય છે તેનું જ્ઞાન છે તે પરિણામ જ્ઞાનની જાતિના છે, અજ્ઞાનની જાતિના નથી. માટે તે પરિણામ સંવર, નિર્જરાનું કારણ છે. રાગ થાય છે તે જ્ઞાન જાતિનો નથી પણ તેનું જ્ઞાન થાય છે તે પોતાથી થયું છે માટે તે જ્ઞાનજાતિનું છે. અને અજ્ઞાનીની તો દૃષ્ટિ જ રાગ-દ્વેષ,



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પુણ્ય-પાપ આદિ ઉપર પડી છે તેથી તેના પરિણામ અજ્ઞાન જાતિના છે, આત્માની જ્ઞાનજાતિના નથી. અજ્ઞાન છોડીને જ્ઞાનમય પરિણામ કરવામાં પુરુષાર્થ માગે છે, આમ ને આમ થઈ જાય તેમ નથી.

હવે ૨૩મા કળશનું ૨૪મુ પદ્ય છે તેમાં દૃષ્ટાંત કહે છે.

ज्यौं माटीमैं कलस होनकी, सकति रहे ध्रुव।
दंड चक्र चीवर कुलाल, बाहजि निमित्त हुव।।
त्यौं पुदगल परवांनु, पुंज वरगना भेस धरी।
ग्यानावरनादिक स्वरूप, विचरंत विविध परि।।
बाहजि निमित्त बहिरातमा,
गहि संसै अग्यानमति।
जगमांहि अहंकृत भावसौं,
करमरूप हैं परिनमति।।२४।।

જેવી રીતે માટીમાં ઘડારૂપ થવાની શક્તિ સદા મોજૂદ રહે છે. જે સમયે ઘડો થાય છે તે સમયે માટીમાં ઘડો થવાની યોગ્યતા નિશ્ચયથી હોય છે. માટીમાંથી ઘડો થવાનો નિશ્ચયકાળ હોય છે ત્યારે દંડ, ચક્ર, દોરી, કુંભાર વગેરે નિમિત્ત હાજર હોય છે. તેવી જ રીતે લોકમાં પુદ્‌ગલપરમાણુઓના દળ કર્મવર્ગણારૂપ થઈને જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય વગેરે જાતજાતની અવસ્થાઓમાં ભ્રમણ કરે છે તેને બાહ્યનિમિત્ત તરીકે અજ્ઞાની જીવ હોય છે. કર્મ તો સ્વયં બંધાય છે પણ તેમાં અજ્ઞાની જીવ-નિમિત્ત બને છે. જ્ઞાની પુરુષો કર્મબંધનમાં નિમિત્ત થતાં નથી.

'આ રાગ હું છું, પુણ્ય-પાપ હું છું....' એવો જેને સંશય, વિમોહ અને વિભ્રમરૂપ ભાવ છે, સ્વરૂપનું ભાન નથી એવા અજ્ઞાની જીવોને શરીરાદિમાં અહંબુદ્ધિ હોવાથી તેનું નિમિત્ત પામી કર્મ સ્વયં બંધાય જાય છે. પરમાણુમાં તો એવા કર્મપણે થવાની લાયકાત છે અને તેનો નિશ્ચયકાળ આવી ગયો છે તેથી કર્મપણે પરિણમે છે પણ તેમાં અજ્ઞાની જીવોના પરિણામ નિમિત્તરૂપે કારણ હોય છે. જ્ઞાનીને કર્મબંધ નથી અને તેના નિમિત્ત પણ જ્ઞાની નથી.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

# રાગ રહિત સાક્ષાત્ મોજૂદ તત્ત્વનો વિશ્વાસ લાવ

(સળંગ પ્રવચન નં. ૪૬)

આ શ્રી નાટક સમયસાર ગ્રંથ છે. તેના ૨૪મા શ્લોકના પદમાં બનારસીદાસજી જીવને અકર્તા માનીને આત્મધ્યાન કરવાની મહિમા સમજાવે છે.

जे न करैं नयपच्छ विवाद,
धरैं न विखाद अलीक न भाखैं।
जे उदवेग तजैं घट अंतर,
सीतल भाव निरंतर राखैं।।
जे न गुनी-गुन भेद विचारत,
आकुलता मनकी सब नाखैं।
ते जगमैं धरि आतम ध्यान,
अखंडित ग्यान सुधारस चाखैं।।२५।।

અર્થઃ-જે નયવાદના ઝઘડાથી રહિત છે, અસત્ય, ખેદ, ચિંતા, આકુળતા આદિને હૃદયથી દૂર કરે છે અને હંમેશા શાંતિભાવ રાખે છે, ગુણ-ગુણીના ભેદ-વિકલ્પને કરતો નથી, તે જીવ સંસારમાં આત્મધ્યાન ધારણ કરીને પૂર્ણ જ્ઞાનામૃતનો સ્વાદ લે છે.

जे न करैं नयपच्छ विवाद, નિશ્ચયથી આત્મા શુદ્ધ છે, આનંદનો સાગર છે અને અબંધસ્વરૂપ છે અને વ્યવહારથી આત્માને બંધ છે, કર્મના સંબંધની અપેક્ષાએ આત્માને બંધ કહેવાય છે આમ, બંને નયો દ્વારા વસ્તુના સ્વરૂપને જ્ઞાની બરાબર સમજે છે અને એ બંને નયો સંબંધી વિકલ્પ પણ તેને આવે છે કે હું અબંધ છું પણ બાહ્યમાં વ્યવહારથી કર્મનું બંધન છે વગેરે પરાશ્રિત લક્ષવાળો વિકલ્પરાગ આવે છે પણ વિવાદ થતો નથી. ઝઘડો ઉત્પન્ન થતો નથી. સર્વજ્ઞોએ કહ્યો છે એવો જ આત્માને જાણે છે.

धरैं न विखाद-જ્ઞાની એવો ખેદ કરતાં નથી કે અરે, હું તો દુઃખી થઈ ગયો, મારે ચારગતિમાં રખડવું પડ્યું, હવે મારું શું થશે! એવો ખેદ ન કરે. अकील न भाखैं-ભગવાને જેવું સત્યસ્વરૂપ કહ્યું છે તેવું પોતે જાણે અને એવું જ બીજાને કહે છે. જૂઠું બોલતાં નથી.

www.vitragvani.com



**जे उदवेग तजैं घट अंतर**-હિંસા, જૂઠું, પરિગ્રહ આદિ તો દુઃખરૂપ છે પણ વ્રત, ભક્તિ, પૂજા આદિનો શુભરાગ પણ દુઃખરૂપ લાગે છે. હું શુદ્ધ છું, અબંધ છું એવા વિકલ્પ પણ ધર્મીને પોસાતા નથી. હું નરક, નિગોદના સંયોગીક દુઃખથી દુઃખી થયો એમ નહિ પણ ધર્મીને વૃત્તિનું ઉત્થાન જ દુઃખરૂપ લાગે છે તેથી તેને તજે છે. સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો તેવો હું શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન છું એવી રાગની વૃત્તિ ઊઠે છે તે પણ ખેદરૂપ છે-ઉદ્વેગરૂપ છે. તેથી ધર્મી અસત્ય, ખેદ, ચિંતા અને આકુળતા આદિને હૃદયથી દૂર કરે છે.

ઘણું ધીરજનું કામ છે. જેને ધર્મ કરવો હોય, પોતાનું હિત કરવું હોય તેને ધીરજથી આ માર્ગે આવવું પડશે. ધર્મ કાંઈ બહારથી થતો નથી. અનંતકાળથી ચારગતિમાં આકુળતાના દુઃખ ભોગવ્યા છે તે આકુળતાને તો છોડે પણ વસ્તુસ્વરૂપના બે પક્ષ સંબંધી વિકલ્પને પણ છોડે ત્યારે નિર્વિકલ્પ અનુભવ થાય છે. વસ્તુ અબદ્ધ છે અને નિમિત્ત અપેક્ષાએ બદ્ધ પણ છે પરંતુ એવા વિકલ્પથી સિદ્ધિ નથી. વિકલ્પ છે તે આકુળતા છે. હું શુદ્ધ છું, અબદ્ધ છું, જ્ઞાયક છું એવો મનના સંગે વિકલ્પ ઊઠે છે તે રાગ છે માટે આકુળતા છે. એ રાગને જ જો પોતાનું કર્તવ્ય માને છે ત્યાં સુધી શાંતિ થતી નથી.

ચોરાશી અવતારમાં ભલે તે સ્વર્ગ હો કે નરક હો, મનુષ્ય હો કે પશુ હો પણ તે બધી દુઃખની દશા છે. બહારથી અનંત અનુકૂળતા હો કે અનંત પ્રતિકૂળતા હો પણ તે બધી ચીજો ઉપર લક્ષ જતાં આકુળતા જ છે.

અહીં તો અંતરમાં ઉતરવાની વાત કરે છે કે સર્વજ્ઞ વીતરાગે કહેલા નયપક્ષ અનુસારના વિકલ્પો પણ છોડવા લાયક છે. સર્વજ્ઞ વીતરાગે કહેલી વસ્તુનો અનુભવ કરવા લાયક છે.

**शीतल भाव निरंतर राखैं।** ચૈતન્યનો અનુભવ કરનારને નિરંતર શાંત-શીતલ ભાવ રહે છે. **जे न गुनी-गुन भेद विचारत** જ્ઞાન, આનંદ આદિ ગુણો અને તેનો ધરનાર ગુણી તે આત્મા છે એવો વિચાર પણ ભેદનો વિકલ્પ છે.

મારગ તો આવો છે ભાઈ! તેને પ્રથમ સમજણમાં લેવો જોઈએ. અનાદિથી જન્મ, મરણ, આદિ આકુળતાના દુઃખને ભોગવતો આવ્યો છે પણ એને ભાન નથી.

અહીં તો ત્યાં સુધી કહે છે કે વસ્તુસ્વરૂપના વિચાર, વસ્તુના ગુણો અને તેનો આધાર એવો ગુણી તેના વિચારમાં પણ રાગ છે, વિકલ્પ છે માટે તેમાં આકુળતા છે. તું શાસ્ત્ર અનંતવાર ભણ્યો, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા પણ અનંતવાર કરી પણ તારા શાંત



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



વસ્તુસ્વરૂપને કદી તે અનુભવ્યું નથી. રાગની વૃત્તિ ઊઠે તે તેની પાસે અગ્નિ સમાન છે, ભટ્ટી છે. શુભરાગ પણ ભટ્ટી? -...હા, જેની પાછળ દુઃખ છે તે ભાવ પણ ભયંકર દુઃખરૂપ છે. ભયનો કરનારો ભાવ છે માટે તે ભયંકર છે. અકષાય સ્વભાવ છે તેમાં વિકલ્પ ઊઠે તે પણ અશાંતિ છે, દુઃખ છે, ઝેર છે. મોક્ષ અધિકારમાં શુભરાગને પણ વિષકુંભ કહ્યો છે.

જેને આત્માની શાંતિ જોઈતી હોય તેણે પુણ્યની રુચિ છોડવી પડશે. અરે! ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ પણ છોડવો પડશે. જેણે આ વાત સાંભળી જ ન હોય અને પ્રથમવાર સાંભળે તો એને એમ જ થાય કે આવો તે મારગ કેવો! વીતરાગનો મારગ આવો હોય? હા, વીતરાગનો અને તારો મારગ આવો છે બાપુ! વીતરાગી વીતરાગતા થઈ છે તે ક્યાંય બહારથી આવી નથી. અંતરમાં હતી તે જ પ્રગટ થઈ છે, તેમ તારું સ્વરૂપ પણ શાંત....શાંત વીતરાગસ્વરૂપ છે, અનાકુળ આનંદનું ધામ છે. શીતળતાની શીલા છે. બરફની શીલા તો રૂપી અને જડ છે જ્યારે આત્મા તો અરૂપી અને ચૈતન્યમય શાંતરસની શીલા છે.

....પણ અરે! એને રાગરહિત સાક્ષાત્ આ મોજૂદ તત્ત્વ પડ્યું છે તેનો વિશ્વાસ નથી. જેનાથી સિદ્ધપદ પ્રાપ્ત થાય અને અનંતકાળ રહે અને અનંત દુઃખનો અભાવ થાય એવી વસ્તુ અને તેની પ્રાપ્તિનો માર્ગ તો કોઈ અલૌકિક જ હોય ને ભાઈ! જેને આ માર્ગની વાત સાંભળવા પણ ન મળે તે નિર્ણય અને રુચિ ક્યાંથી કરી શકે! બાપુ! ત્રિલોકનાથ પરમાત્મા તારી આત્મશાંતિને યાદ કરવાનું અને અશાંતિને ભૂલવાનું કહે છે.

બહારથી મોટા ગજરથ કાઢે, ઝંડા ઊંચા રહે હમારા-એ બધાં ગાય, દશ-વીશ હજાર માણસ ભેગું થયું હોય....એ કાંઈ ધર્મ નથી. અંદરમાં આત્માનો ઝંડો હંમેશા ઊંચો રહે એવું થાય તે ધર્મ છે. બહારની ક્રિયા તો તારી નહિ પણ વિકલ્પ ઊઠે છે તે પણ તું નથી. બાપુ! તારી હયાતી-સત્તાની તને ખબર નથી. દયા, દાનાદિના વિકલ્પ ઊઠે છે એ તો રાગના તણખાં છે, એ આત્મા નથી. સમવસરણની મધ્યમાં, લાખો કરોડો દેવોની હાજરીમાં, અર્ધલોકના સ્વામી એવા ઇન્દ્રની ઉપસ્થિતિમાં ભગવાન આમ કહેતા હતાં અને વર્તમાનમાં પણ સીમંધરાદિ તીર્થંકરો કહી રહ્યા છે કે રાગાદિભાવ તે તું નહિ, તું તેનો સ્વામી નહિ. તું છો ત્યાં રાગાદિ નથી અને રાગાદિ છે ત્યાં તું નથી.

ભગવાન, આત્માને 'ભગવાન' કહીને સંબોધે છે કે તું તારી મહિમાવંત વસ્તુનો વિશ્વાસ લાવ! જેણે પોતાના આત્માને અનુભવ્યો છે એવા ધર્મી હંમેશા શીતળભાવે રહે છે. હું ગુણી છું અને મારામાં અનંતગુણ છે એવા વિકલ્પને પણ ધર્મી કરતાં નથી. કારણ કે ગુણ અને



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ગુણીના ભેદને લક્ષમાં લેતા પણ રાગનો તણખો ઊઠે છે. તું તો શીતળસ્વભાવે રહેલો ભગવાન છો ભાઈ!

રોટલી થાય તેમાં બાઈ નિમિત્ત હોય છે, ઘડો થાય તેમાં કુંભાર, કપડાં સિવાઈ તેમાં દરજી, કપડું વણાય તેમાં વણકર નિમિત્ત હોય છે એવા એક જ સમયમાં થતાં નિમિત્ત-નૈમિત્તિકના વિકલ્પ તો દૂર રહ્યાં પણ અહીં તો બેહદ આનંદસ્વભાવી હું છું એવો ગુણ-ગુણી ભેદનો વિકલ્પ ઊઠે તે પણ કહે છે કે રાગનો તણખો છે. ગુણીમાં ગુણ રહેલા છે પણ રાગનો તણખો ગુણીમાં નથી. આવી વાત સાધારણ માણસને કઠણ છે. શ્રીમદ્ કહે છે-

'વચનામૃત વીતરાગનાં, પરમ શાંતરસ મૂળ,
ઔષધ જે ભવરોગના, કાયરને પ્રતિકૂળ.'

વિકલ્પને પણ છોડાવીને શાંતરસમાં નાખે એવી વીતરાગની વાણી છે. ભવરોગનું ઔષધ પણ એ છે. અનાદિની ભ્રમણાનો રોગ લાગુ પડ્યો છે તેને વીતરાગની વાણી સિવાય કોઈ મટાડી શકતું નથી. છ મહિના ૯૯ તાવ રહે તો તરત શંકા પડે કે આ તો ટીબી લાગુ પડ્યો લાગે છે તો એને જીંથરી હોસ્પીટલમાં દવા કરાવવા આવવું પડે ને! તો આ ભ્રમણાનો રોગ તો અનાદિથી તને લાગુ પડ્યો છે તેને મટાડવો હોય તો આ વીતરાગની વાણી સાંભળ!

"આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ,
ગુરુ આજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન."

આત્મા પોતે પોતાને ઓળખતો નથી અને પુણ્ય-પાપ ભાવ તે હું અને શરીર મારું, એવી ભ્રાંતિમાં પડ્યો છે તેના જેવો મોટો રોગ બીજો કોઈ નથી. આ રૂપાળા દેખાતાં શરીરમાં ભગવાન કહે છે કે ૫,૬૮,૯૯,૫૮૪ (પાંચ કરોડ અડસઠ લાખ નવ્વાણું હજાર પાંચસો ચોરાસી) રોગ ભરેલાં છે. તેના કરતાં પણ આત્મભ્રાંતિનો રોગ તો કોઈ જુદો અને મોટો છે.

શ્રોતાઃ-શરીરના રોગ તો શક્તિરૂપે પડ્યા હશે ને!

પૂજ્ય ગુરુદેવશ્રીઃ-કેટલાંક તો વ્યક્તરૂપે પણ હોય પણ દેખાતાં ન હોય. એક તસુ જેટલા ભાગમાં ૯૬-૯૬ રોગ રહેલાં છે. શરીર રોગની જ મૂર્તિ છે અને આત્મા અનંત ગુણોની નીરોગતાવાળો છે. લોગસ્સમાં આરોગ્યબોધિલાભની વાત આવે છે ને! એ આરોગ્યનો અર્થ આ છે-હે પરમાત્મા! શુભાશુભભાવ એ રોગ છે અને તેને મારા માનવા એ ભ્રાંતિનો મોટો રોગ છે, તેનાથી રહિત એવું મારું સ્વરૂપ નીરોગ છે એ નીરોગતા પ્રગટ કરવી તે મારું



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

આરોગ્ય છે અને તેની શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા કરવી તે બોધિ છે. આ આરોગ્ય તથા બોધિનો લાભ થવો તેમાં મારો લાભ છે.

ભગવાન આત્માના અમૃત સ્વરૂપમાં જતા તેને અનંત અનંત અમૃતનો સ્વાદ આવે છે તેમાં તેને બધી આકુળતા ટળી જાય છે. ગુણ-ગુણીભેદનો વિચાર પણ છૂટી જાય છે. અંતરમાં ઠરે ત્યાં કોઈ દુઃખ આકુળતા કે વિકલ્પ આદિ રહેતું નથી.

**ते जगमें धरि आतम ध्यान, अखंडित ज्ञान-सुधारस चाखे** જુઓ! આમાં કોઈ તીર્થનું ધ્યાન, દેવ-ગુરુ-શાસ્ત્રનું ધ્યાન કે પંચપરમેષ્ઠીનું ધ્યાન કરવાનું નહિ કહેતાં પોતાના આત્માનું ધ્યાન કરવાનું કહ્યું છે. પોતાના ગુણ અને ગુણીનો વિચાર પણ છોડી દેવાનો છે. હું શુદ્ધ છું અને અબદ્ધ છું એવો વિકલ્પ પણ રાગ છે. એ વિકલ્પ મારું કાર્ય છે અને હું તેનો કર્તા છું એવો રાગ છે ત્યાં સુધી આકુળતા છે તેને છોડીને જે આત્માનું ધ્યાન કરે છે તે અખંડિત જ્ઞાનસુધારસને ચાખે છે, તે અમૃતના પ્યાલા પીએ છે, તેને ઝેરના પ્યાલા અનાદિથી પીતો હતો તે પીવાનું બંધ થાય છે.

અહો! ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ પણ દુઃખરૂપ છે ત્યાં હવે બીજો કયો વિકલ્પ સુખરૂપ હોય! પ્રભુ! આ તારો મારગ એવો છે. આ તો વીરોનો માર્ગ છે, કાયરોનો માર્ગ નથી.

અખંડિત જ્ઞાનસુધારસ ચાખે. શીખંડનો કે રસપુરીનો સ્વાદ આત્મા ચાખતો નથી. શીખંડ અને રસપુરી આદિ તો શરીરમાં જાય છે આત્માને તેના સ્વાદનું જ્ઞાન થાય છે અને રાગ પણ છે એટલે એમ લાગે છે કે હું શીખંડ આદિ ખાઉં છું પણ જડને આત્મા ભોગવી શકતો નથી. એ તો માત્ર રાગને ભોગવે છે. શીખંડને આત્મા ભોગવી શકતો નથી. આત્મા તો પોતાના અખંડ જ્ઞાનના સ્વાદને ભોગવે ત્યારે તેણે આત્માને અનુભવ્યો કહેવાય. બાકી દાન કરવાથી, ખરડો કરી દેવાથી કે એવી કોઈ શુભ ક્રિયા કરવાથી આત્માનો ધર્મ થતો નથી.

અહીં તો કહે છે ખંડ જ્ઞાનનો વિચાર કરવામાં પણ વિકલ્પના તણખા ઊડે છે. આત્માનું નિર્વિકલ્પ ધ્યાન કરે તે જ અખંડિત જ્ઞાનના સુધારસને ચાખે છે. જ્ઞાનામૃત છે તે જ સુધારસ છે. જડમાં કાંઈ રસ નથી. કેરીને અમૃત કહે તેથી કાંઈ તે અમૃત થઈ જતી નથી. કેરી ગમે તેટલી મોંઘી હોય કે ઊંચી જાતની હોય પણ તે જડ માટી-ધૂળ છે. તેનો સ્વાદ જીવને આવતો નથી. તેને દેખીને રાગ થાય છે તેનો સ્વાદ તને આવે છે અને તું એમ માને છે કે મને કેરીનો સ્વાદ આવ્યો, મને અનુકૂળતાનો સ્વાદ આવ્યો, છોકરા સારા પાક્યા તેથી મારો આત્મા ઠર્યો એ બધો રાગનો સ્વાદ આત્મા ચાખતો જ નથી.

www.vitragvani.com



અહીં તો કહે છે કે અખંડજ્ઞાનમાં ખંડનો વિચાર કરવો એ પણ તારી ચીજ નથી. એમાં રાગની હોળી સળગે છે તેના એ તણખા છે માટે પરમેશ્વર એમ કહે છે કે હું અખંડ જ્ઞાનસ્વભાવી છું એમ પ્રથમ નિર્ણય તો કર! તેમાં શાંતિ છે, બાકી બીજે અશાંતિ છે.

હવે ૨૫મા શ્લોકનું પદ્ય કહે છે કે જીવ નિશ્ચયનયથી અકર્તા અને વ્યવહારથી કર્તા છે.

विवहार-दृष्टिसौं विलोकत बन्ध्यौसौ दीसै,
निहचै निहारत न बांध्यौ यह किनिहीं।
एक पच्छ बन्ध्यौ एक पच्छसौं अवन्ध सदा,
दोऊ पच्छ अपनैं अनादि धरे इनिहीं।।
कोऊ कहै समल विमलरूप कोऊ कहै,
चिदानन्द तैसौई बखान्यौ जैसौ जिनिहीं।
बन्ध्यौ मानै सुल्यौ मानै दोऊ नैको भेद जानै,
सोई ग्यानवन्त जीव तत्त्व पायौ तिनिहीं।।२६।।

જેમ કમળને જડના સંબંધથી જુઓ તો તે પાણીમાં ડૂબેલું દેખાય છે પણ કમળના નિર્લેપ સ્વભાવથી જુઓ તો કમળ પાણીને અડ્યું જ નથી તેમ, વર્તમાન જ્ઞાનના લક્ષે કર્મના સંબંધથી જુઓ તો આત્મા કર્મથી બંધાયેલો દેખાય છે પણ આત્માને તેના સ્વભાવથી જુઓ તો, એ અબંધસ્વભાવીને કોણ બાંધી શકે? એ તો મુક્ત જ છે. એક પેટીમાં તમે ડબીની અંદર ડબીમાં એક નાની ડબ્બીની અંદર પાંચ લાખનું રત્ન મૂક્યું હોય તે તમારે જોઈતું હોય તો બંધનમાં છે એમ લાગે પણ તમારા જ્ઞાનમાં લેવું હોય તો પેટી કે ડબ્બી કાંઈ આડું આવે! સીધું જ્ઞાનમાં જણાય અને રતનની પોતાની અપેક્ષાએ જુઓ તો તે પણ બંધનથી રહિત છે. રતન છે તેમાં કાંઈ બંધન આવી ગયું નથી.

રતનની જેમ, વ્યવહારનયથી આત્મા શરીર, કર્મ અને રાગથી બંધાયેલો જણાય છે એ જ વખતે નિશ્ચયનયથી જુઓ તો આત્મા તો તે બધાંથી મુક્ત જ છે. જ્ઞાનમૂર્તિ ભગવાન આત્મા સદાય અબદ્ધસ્પષ્ટ છે. પણ જ્યાં સુધી રાગથી એમ વિચારે છે-ઘોલન કરે છે કે હું અબદ્ધ છું એ પણ નિશ્ચયનયનો એક પક્ષ છે-અનુભવ નથી. માટે કહ્યું છે કે નિશ્ચયનયના વિકલ્પ સુધી આવ્યો તોપણ તેથી શું! હું શુદ્ધ છું, અબંધ છું, નિર્મળ છું એવી વિચારની ભૂમિકામાં રાગમાં આવ્યો તોપણ તેથી શું! કારણ કે એવા વિચારમાત્રથી વસ્તુની શ્રદ્ધા કે વસ્તુની પ્રાપ્તિ થઈ જતી નથી.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

વ્રત પાળવા, તપ કરવું, બ્રહ્મચર્ય પાળવું, કંદમૂળ ન ખાવું, છ પર્વમાં લીલોતરી ન ખાવી વગેરેમાં જ જેણે ધર્મ માન્યો છે તેને આ વીતરાગની વાત ક્યાંથી બેસે! એ....પરને ત્યાગ કરું અને ગ્રહણ કરું એવી તારી દૃષ્ટિ જ મિથ્યા છે. અબદ્ધ સ્વરૂપ આત્મામાં પરનું ગ્રહણ-ત્યાગ છે જ નહિ. સંપ્રદાયમાં હતા તે વખતે વ્યાખ્યાનમાં કીધું, તીર્થંકરગોત્ર જે ભાવે બંધાય તે ભાવ ધર્મ નથી, પંચમહાવ્રત પાળવાના ભાવ તે ધર્મ નથી, શુભરાગ છે. એ સાંભળીને બીજાં સાધુ વોસરે....વોસરે કરવા લાગ્યા. વોસરે એટલે છોડી દ્યો આવી વાત છોડી દ્યો એમ કહીને એ તો ઊભા થઈને ચાલ્યા ગયા પણ સભા તો સાંભળવામાં લીન હતી.

કોઈ મોટા શેઠને કોઈ માણસ નિર્ધન કહે તેથી શું એ નિર્ધન થઈ જાય? શું એ પોતાને નિર્ધન માનવા લાગે? શેઠ તો કહે છે, મને નિર્ધન કહો તોપણ હું કાંઈ નિર્ધન થઈ જવાનો નથી. મારે આંગણે લખી જાય તોપણ હું નિર્ધન થઈ જવાનો નથી. તેમ, આ અનાકુળ આનંદના નાથ એવા આત્માને ગરીબ સમજીને કોઈ રાગવાળો કહે તેથી એ રાગી થઈ જતો નથી. એ તો સાક્ષાત્ ભગવાન છે. ભગવાન જેવી અનંતી પર્યાય લઈને એ બેઠો છે.

હવે કોઈ બંધવાળો છું, રાગી છું એવો વિચાર તો ન કરે પણ હું અબદ્ધ છું એવો વિચાર કરે તોપણ તે વિકલ્પ છે તેના પક્ષમાં એ ઊભો છે, તેને હજુ અબદ્ધનો અનુભવ નથી. આ તો ભાઈ! ચોરાશીના અવતાર છૂટીને મુક્ત થવાની વાત છે એ કાંઈ રાંકાનો માર્ગ નથી.

**कोऊ कहै समल-विमलरूप**....કોઈ કહે કે આત્મામાં-પર્યાયમાં તો મેલ ભર્યો છે અને કોઈ કહે કે આત્મા નિર્મળ છે. ભાઈ! ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વરદેવે જેવો કહ્યો છે તેવો આત્મા છે. વસ્તુસ્વભાવે આત્મા આનંદકંદ ચિદાનંદ છે અને પર્યાયમાં રાગ છે તેથી આત્માને રાગવાળો પણ કહેવાય છે. માટે, ત્રિકાળ શુદ્ધ દ્રવ્યની અપેક્ષાએ હું અબદ્ધ છું અને નિમિત્તની અપેક્ષાએ પર્યાયમાં બંધ અને રાગાદિ છે એમ ભેદ છે તેને બરાબર જાણીને પછી તે સંબંધી વિકલ્પ છોડીને આત્માનો અનુભવ કરે છે તે આત્માને પામે છે.

આતમ ભાવના ભાવતાં જીવ કેવળજ્ઞાન પામે છે પણ એ ધૂનને ગોખતાં ગોખતાં કેવળજ્ઞાન થતું નથી. ભાવના એટલે કે જેમાં હું અબદ્ધ છું એવો વિકલ્પ પણ ખટકે છે. એ વિકલ્પને છોડીને નિજસ્વરૂપનો અનુભવ કરે છે તે આત્માને પામે છે અને તે જ્ઞાનવંત જીવ કેવળજ્ઞાન અને મુક્તિને પામે છે. માત્ર વિકલ્પ કર્યા કરે છે તે આત્માને પામ્યો નથી.

# જગત હોંશથી લૂંટાય છે

(સળંગ પ્રવચન નં. ૪૭)

શ્રી નાટક સમયસાર શાસ્ત્રના કર્તાકર્મ અધિકારનો આ ૪૫મો શ્લોક છે. (આગળના શ્લોક માટે પુસ્તકમાં આપેલી ફૂટનોટ વાંચી લેવી) તેના ઉપરનું ૨૭મુ પદ્ય છે.

प्रथम नियत नय दूजी विवहार नय,
　　दुहूकौं फलावत अनन्त भेद फले हैं।
ज्यौं ज्यौं नय फलैं त्यौं त्यौं मनके कल्लोल फलैं,
　　चंचल सुभाव लोकालोकलौं उछले हैं।।
ऐसी नयपक्ष ताकौ पक्ष तजि ग्यानी जीव,
　　समरसी भए एकतासौं नहि टले हैं।
महामोह नासि सुद्ध अनुभौ अभ्यासि निज,
　　बल परगासि सुखरासि मांहि रले हैं।।२७।।

બનારસીદાસજી શું કહે છે?-બનારસીદાસજી નયજ્ઞાન દ્વારા વસ્તુરૂપ જાણીને સમરસભાવમાં રહેનારાઓની આ શ્લોકમાં પ્રશંસા કરે છે. -જેને સમ્યગ્દર્શન એટલે ધર્મની પ્રથમ દશાની પ્રાપ્તિ થાય તેને શું થાય? તે કહેશે.

આ તો કર્તા-કર્મ અધિકાર છે ને! દરેક આત્મા સ્વતંત્ર પદાર્થ છે. દરેક પરમાણુ પણ સ્વતંત્ર પદાર્થ છે. માટે એક આત્મા બીજા આત્માનું કે રજકણનું કોઈ કાર્ય કરી શકતો નથી. જીવની સાથે જડ કર્મોનું બંધન થાય છે તે પણ ખરેખર જીવનું કાર્ય નથી. દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. કર્મબંધન એ પુદ્‌ગલની સ્વતંત્ર પર્યાય છે.

સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકર પરમદેવે કહેલા આત્મસ્વરૂપનું જેને ભાન નથી તે જીવ પોતાને પુણ્ય-પાપના ભાવ જેવડો માને છે એવો મિથ્યાદષ્ટિ-બહિરાત્મા જડકર્મોને બાંધે છે. તેને જૈન દર્શનની ખબર જ નથી. તે જૈન નથી. જીવ તો કર્મ બાંધી શકતો નથી પણ તેના પરિણામ કર્મ બાંધવામાં નિમિત્ત થાય છે.

અરે! એક વિકલ્પને પણ જે મારો માને છે અને વિકલ્પનો કર્તા થાય છે તે પણ

www.vitragvani.com



મિથ્યાદૃષ્ટિ છે. હું અનાદિ અનંત નિત્ય ધ્રુવ, શુદ્ધ પરિપૂર્ણ છું એવો જે નિશ્ચયનયનો મનના સંગે થયેલો વિકલ્પ છે તે મારો છે અને તેનો હું કર્તા છું એવી માન્યતા તે પણ મિથ્યાદૃષ્ટિ છે.

અર્થઃ-પહેલો નિશ્ચય અને બીજો વ્યવહારનય છે, એનો પ્રત્યેક દ્રવ્યના ગુણ-પર્યાયોની સાથે વિસ્તાર કરવામાં આવે તો અનંત ભેદ થઈ જાય છે. જેમ જેમ નયના ભેદ વધે છે તેમ તેમ ચંચળ સ્વભાવી ચિત્તમાં તરંગો ઊપજે છે, જે લોક અને અલોકના પ્રદેશોની બરાબર છે. જે જ્ઞાની જીવ આવી નયકક્ષાનો પક્ષ છોડીને, સમતારસ ગ્રહણ કરીને, આત્મસ્વરૂપની એકતા છોડતા નથી, તેઓ મહા મોહનો નાશ કરીને, અનુભવના અભ્યાસથી નિજાત્મબળ પ્રગટ કરીને, પૂર્ણ આનંદમાં લીન થાય છે.

જેટલા નય છે તેટલા વસ્તુમાં ભેદ પડે છે. જેમ જેમ એ ભેદોનો વિચાર કરે છે તેમ તેમ મનના સંગે વિકલ્પના કલ્લોલો ઊપજે છે. તેનો પક્ષ પણ છોડીને અંતરમાં જઈ શકાય છે કેમ કે આત્મા તો નિર્વિકલ્પ ચીજ છે. વિકલ્પની જાળ તો દુઃખરૂપ છે.

ભગવાન સર્વજ્ઞદેવે જે અનંત જ્ઞાન, અનંત આનંદ આદિ ગુણો પ્રગટ કર્યા છે તે અંદરમાં છે તેમાંથી આવ્યા છે. તેમ દરેકના આત્મામાં એવા ગુણો અંદરમાં રહેલા છે પણ તેનો માત્ર વિચાર કર્યા કરવો તે કાંઈ સ્વરૂપ નથી. એ તો વિષમભાવ છે. રાગની વૃત્તિ ઊઠે છે તે દુઃખરૂપ છે, વિષમભાવ છે. અંતરમાં જઈને અતીન્દ્રિય આનંદનો અનુભવ કરે ત્યાં સમરસીભાવ પ્રગટ થાય, ત્યાં રાગરૂપ વિષમભાવનો નાશ થાય છે ત્યારે તેને સમ્યગ્દર્શન થાય છે. પહેલાં વિકલ્પમાં સ્વભાવનો નિર્ણય કરીને, તે વિકલ્પને છોડીને સમભાવ વડે આત્માના અતીન્દ્રિય આનંદનો સ્વાદ લે ત્યાં વિકલ્પનો નાશ થઈ જાય છે અર્થાત્ વિકલ્પ છૂટી જાય છે.

ધર્મના મોઢાં મોટા છે ભાઈ! એ કાંઈ ક્રિયાકાંડ વડે પ્રગટ થતો નથી. વિકલ્પ દ્વારા પણ ધર્મનું ગ્રહણ થતું નથી. યોગ કે ઉપયોગ એ પણ વિષમભાવ છે. એક વીતરાગભાવ જ સમરસીભાવ છે તે વડે આત્માનો આનંદ પ્રગટે છે. કેમ કે આત્મા વીતરાગસ્વરૂપ છે તેની અંતર સન્મુખ જતાં અંદરથી વીતરાગ સમરસીભાવ ઝરે છે. તે અનુભવની એકતામાં વિકલ્પનું બેકલાપણું-બેપણું આવતું નથી. અંતરની એકાગ્રતામાં એ વિકલ્પને આવવા દેતો નથી. આ તો વીતરાગી ભગવાન પાસેથી આવેલી વાણીને સંતો આડતિયા થઈને જગતને પહોંચાડે છે.

રાગની ક્રિયાનો કર્તા પોતાને માનવો એ તો મહામિથ્યાત્વ છે. આ દેહ અને વિકલ્પની પાછળ ચૈતન્યસમુદ્ર રહેલો છે. જેમ, સ્વયંભૂરમણ સમુદ્ર અસંખ્ય યોજનમાં વ્યાપેલો છે અને



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



તેમાં અસંખ્યાતા રત્નો છે તેમ આ ચૈતન્યસમુદ્રમાં તો અનંતા ચૈતન્યરત્નો છે. અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત વીર્ય આદિ અનંત રત્નો રહેલા છે પણ અજ્ઞાની તેને બીજે ક્યાંક ગોતવા જાય છે.

હું શુદ્ધ છું, બુદ્ધ છું, એક છું એવા બધાં જે વિકલ્પ છે તે અશુદ્ધ છે. એની દૃષ્ટિ છોડી શુદ્ધસ્વરૂપને અનુભવે છે તે અનુભવના અભ્યાસથી નિજાત્મબળ પ્રગટ કરીને પૂર્ણ આનંદમાં લીન થાય છે. સ્વભાવ સન્મુખમાં વીર્ય ફોરવી આત્મધર્મનો પ્રકાશ કરે છે તે પોતાના સ્વભાવના બળથી થાય છે. રાગનું બળ એ તો નપુંસકતા છે, તે આત્મબળ નથી.

આત્મામાં એક નહિ પણ અનંત ગુણ છે અને એક એક ગુણમાં અનંતી પર્યાય પ્રગટ થવાની તાકાત છે. એવી અનંતશક્તિમય વસ્તુનો અનુભવ કરવામાં નિજનું બળ જોઈએ છે. પુણ્ય-પાપમાં જે બળ છે તે નિજબળ-વીર્ય ન હતું. એ તો નપુંસકતા છે. ધંધો કરવાનો વિકલ્પ, પૈસા રાખવાનો વિકલ્પ, ભોગવવાનો વિકલ્પ....એ બધી નપુંસકતા છે, દુ:ખરૂપ ભાવ છે. શુભરાગરૂપ વિકલ્પ એ પણ નપુંસકતા છે પણ એનાથી વિશેષ-એ ભાવને મારા માનવા તે મહા નપુંસકતા છે.

અરે! સત્ય વાત એના કાને ન પડે તો એ સમજે ક્યારે અને ક્યારે ધર્મ કરે! કંદમૂળ ન ખાય, રાત્રિભોજન ન કરે, દયા પાળે, દાન કરે, ભક્તિ વગેરે બધી દેહની અને રાગની ક્રિયા કરે પણ તેથી શું! તેનાથી ધર્મની દશા પ્રગટ થતી નથી. તો ધર્મની દશા કેવી રીતે પ્રગટે?-કે, **महामोह नासि, सुद्ध अनुभौ अभ्यासि निज बल परगासि....**પરદ્રવ્યમાં સુખ માનતો હતો, પુણ્ય-પાપ વિકલ્પને પોતાના માનતો હતો તે મહામોહ હતો તેનો નાશ કરી, અતીન્દ્રિય આનંદનો અનુભવ કરે છે ત્યારે તેને સમરસ નામ સમ્યગ્દર્શન પ્રગટ થાય છે, ત્યારે તેને ચોથું ગુણસ્થાન પ્રગટ થાય છે. આ ધર્મની પ્રથમ દશા છે.

....**सुखरासि मांहे रले हैं।** ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદકંદ છે તેમાં એકાગ્ર થતાં સુખસાગરનો અનુભવ થાય છે તેમાં તેને સમરસમાં સમ્યગ્દર્શન પ્રગટ થાય છે.

બરણીમાં કરિયાતું ભર્યું હોય અને ઉપર 'સાકર' લખે તેથી કાંઈ કરિયાતું સાકર થઈ જાય? ન થાય. તેમ અંતરમાં કાંઈ આનંદનો અનુભવ ન હોય અને અમને ક્ષાયિક થઈ ગયું છે એમ કહે તેથી કાંઈ ક્ષાયિક થઈ જાય?

હવે ૪૬મા શ્લોકના ૨૮મા પદ્યમાં કહે છે કે સમ્યગ્જ્ઞાનથી આત્મસ્વરૂપની ઓળખાણ



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



થાય છે.

जैसैं काहू बाजीगर चैहटै बजाइ ढोल,
नानारूप धरिकैं भगल-विद्या ठानी है।
तैसैं मैं अनादिकौ मिथ्यात्वकी तरंगनिसौं,
भरममैं धाइ बहु काय निज मानी है।।
अब ज्ञानकला जागी भरमकी दृष्टि भागी,
अपनी पराई सब सौंज पहिचानी है।
जाकै उदै होत परवांन ऐसी भांति भई,
निहचै हमारी जोति सोई हम जानी है।।२८।।

અર્થઃ-જેમ કોઈ તમાશગીર ચોકમાં ઢોલ વગાડે અને અનેક સ્વાંગ રચીને ઠગવિદ્યાથી લોકોને ભ્રમમાં નાખી દે, તેવી જ રીતે હું અનાદિકાળથી મિથ્યાત્વના ઝપાટાથી ભ્રમમાં ભૂલી રહ્યો અને અનેક શરીરોને અપનાવ્યાં. હવે જ્ઞાનજ્યોતિનો ઉદય થયો જેથી મિથ્યાદૃષ્ટિ ખસી ગઈ, બધી સ્વ-પર વસ્તુની ઓળખાણ થઈ અને તે જ્ઞાનકળા પ્રગટ થતાં જ એવી અવસ્થા પ્રાપ્ત થઈ કે અમે અમારી મૂળ જ્ઞાનજ્યોતિને ઓળખી લીધી.

જેમ તમાશગીર અનેક પ્રકારના વેષ ધારીને ઠગવિદ્યાથી લોકોને ઠગે છે તેમ અનાદિથી જીવ મિથ્યાત્વ એટલે વિપરીત માન્યતા વડે પોતે પોતાને ભ્રમમાં ભૂલી રહ્યો છે. શરીરની ક્રિયા હું કરી શકું છું, દયા, દાનાદિ ભાવ થાય તે મારો ધર્મ છે એવા મિથ્યાભ્રમમાં મેં ઠગવિદ્યા સાધીને મને જ મેં ઠગ્યો છે અને અનેક શરીરો મળ્યા તેને મેં મારાપણે અપનાવ્યા એ પણ મારો મિથ્યાભ્રમ જ હતો.

હું તો ત્રિકાળ વીતરાગસ્વભાવી છું અને મારામાંથી વીતરાગતા જ આવે એવા ભાન વિના હું રાગી છું અને અનેક પ્રકારના રાગ આવે તે મારું કાર્ય છે એવી ભ્રમણા સેવી છે. બાયડી-છોકરા મારા અને હું તેનો, વિકલ્પ મારા છે અને હું તેનો છું એમ પરદ્રવ્ય અને પરભાવમાં જ એકત્વ માન્યું છે. તેથી દોડત દોડત દોડિયો, જેતી મનની દોડ....ક્યારેક તીર્થમાં દોડ્યો કે જાણે સમ્મેદશિખરની યાત્રાથી મારું કલ્યાણ થશે. પણ કલ્યાણનો નાથ બિરાજે છે તેની સામું તો જોયું જ નહિ. છ-છ મહિનાના ઉપવાસ કર્યા, ભગવાનની સામે સો-સો વાર ખમાસમણાં લીધાં....એવી અનેક ક્રિયાઓ કરી તે બધી મજૂરી છે-જડની ક્રિયા છે, આત્માની ક્રિયા નથી. અને રાગની મંદતામાં ધર્મ માન્યો પણ એ તો પરભાવ છે તેનાથી ધર્મ



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ક્યાંથી થાય? પણ મિથ્યાત્વના શલ્યમાં જીવે પૂર્વે આવા અનેક પ્રકારના ભાવો કર્યા છે.

હવે જ્યાં જ્ઞાનજ્યોતિનો ઉદય થયો-ભગવાન આત્મા હું જ્ઞાનસ્વરૂપ છું એવી એવી એકાગ્રતાથી ભણકાર આવ્યો ત્યાં મિથ્યાબુદ્ધિ ભાગી જાય છે. અરે! હું તો એક વિકલ્પથી માંડીને આખા જગતથી પહેલે પાર છું. હું તો જ્ઞાનાનંદસ્વરૂપ છું તે સિવાય કોઈ પરભાવ મારા નથી.

જેમ, નારદ દ્વારા લલચાયેલો રાજા, દ્રૌપદીને ધાતકીખંડમાં ઉપાડી ગયો હતો તે ખબર પડતાં પાંડવો અને શ્રીકૃષ્ણ તેને લેવા ધાતકીખંડમાં જાય છે અને શંખ ફૂંકે છે ત્યાં પહેલાં રાજાની સેના ભાગવા લાગે છે તેમ, ભગવાન આત્માના દર્શન અને જ્ઞાન થતાં મોહની સેના ભાગવા લાગે છે. રાજા પોતે સ્ત્રીના કપડાં પહેરીને શ્રીકૃષ્ણના ચરણે જાય છે. તેમ વિકાર બધાં ઢીલા પડી જાય છે. (દ્રૌપદીને લોકોએ પાંચ પતિ ઠરાવ્યા છે પણ તેને તો એક અર્જુન જ પતિ હતો. એ તો સતી હતી. અર્જુન સિવાય બધાં પુરુષો તેને માટે પિતા અથવા પુત્ર સમાન હતા.)

સમ્યગ્દર્શન થતાં વિકલ્પના ભૂકે ભૂકા થઈ જાય છે અને સમ્યગ્દર્શન વિના તો બધું એકડાં વિનાના મીંડા જેવું છે તેનાથી કોઈ વિકલ્પોનો નાશ થતો નથી. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થતાં કોઈ વિકલ્પોની તાકાત રહેતી નથી.

નવતત્ત્વની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન નથી, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન નથી. અખંડાનંદ પ્રભુ આત્માનો અનુભવ કરીને પ્રતીતિ કરે તે સમ્યગ્દર્શન છે. આ સમ્યગ્દર્શન વિનાના વ્રત, તપ પણ એકડાં વિનાના મીંડા સમાન છે. જ્યાં જ્ઞાનકળા જાગે છે ત્યાં બધાં રાગાદિ વિકલ્પો જાળ સમાન લાગે છે. ભલે તે નયના વિકલ્પો હોય તોપણ તે આત્માના અમૃતની જાત નથી, ઝેરની જાત છે.

નવા માણસને એમ લાગે કે આવી વાત તો અમે ક્યાંય સાંભળી નથી. ભાઈ! આ તારા જ ઘરની વાત પરમેશ્વરે કહી છે પણ અરે! એને આ વાત સાંભળવા પણ મળી નથી તે ક્યારે સમજે અને ક્યારે અનુભવ કરે!....શું થાય! જગત લૂંટાય છે અને તે પણ ખુશી થઈને લૂંટાય છે-હોંશથી લૂંટાય છે. અને આ વાત બી.એ. અને એલ.એલ.બી.ની વાતો છે એમ કરીને છોડી દે છે પણ ભાઈ! આ તો પહેલાં એકડાંની વાત છે.

જ્ઞાનકળા જાગતાં ભ્રમદૃષ્ટિ ભાગી જાય છે અને સ્વ તથા પરનું સ્વરૂપ જેમ છે તેમ જણાય છે. હું આનંદસ્વરૂપ આત્મા છું અને વિકલ્પાદિ બધું પર છે એમ સ્વપર બંનેનું સાચું



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

જ્ઞાન થઈ જાય છે. હું તો આનંદનો સાગર છું અને રાગાદિ વિકાર તો દુઃખના સાગર છે અને શરીરાદિ પરદ્રવ્ય તો જડ છે.

આગળ આવી ગયું છે કે હું તો ચૈતન્યરૂપ, અનુપ અને અમૂર્ત છું, મારું સ્વરૂપ તો સદા સિદ્ધ સમાન છે.

ચેતનરૂપ, અનૂપ, અમૂરત, સિદ્ધ સમાન સદા પદ મેરો,
મોહ મહાતમ આતમ અંગ કિયો પરસંગ મહાતમ ઘેરો.
જ્ઞાનકલા ઉપજી અબ મોકું,....વેગે મિટે ઘટવાસ વસેરો....

જેમ, ચાર શેર ઘી પાયેલો મેસૂબ ચામડામાં વીંટીને ન રખાય તેમ આ અમૃતસાગર ભગવાન આત્માને શરીરમાં અને રાગમાં વીંટાવું તે કલંક છે. પણ તેને પોતાની મોટપની ખબર નથી એટલે પામર થઈને ફરે છે. પણ જો એ જ આત્મા જાગી જાય તો શત્રુની સેના ભાગી જાય. જેમ રણે ચડ્યા રજપૂત છૂપે નહિ તેમ, જ્ઞાનકળાએ જાગેલો આત્મા છૂપો રહેતો નથી. આત્મા જાગે તેનું જ નામ ધર્મ છે. અમારી ચૈતન્યજ્યોતિ જાગી હવે રાગ-ફાગ કોઈ અમારે નથી. આવા અનુભવનું નામ સમ્યગ્દર્શન છે.

★ જેને દ્રવ્યદૃષ્ટિ યથાર્થ પ્રગટ થઈ છે તેને દૃષ્ટિના જોરમાં એકલો જ્ઞાયક ભાસે છે, શરીરાદિ કાંઈ ભાસતું જ નથી. ભેદજ્ઞાનની પરિણતિ એવી દૃઢ થઈ જાય છે કે સ્વપ્નમાં પણ આત્મા શરીરથી ભિન્ન ભાસે છે. દિવસે તો ભિન્ન ભાસે છે પણ રાત્રિમાં ઊંઘમાં પણ આત્મા નિરાળો જ ભાસે છે. સમ્યગ્દૃષ્ટિને ભૂમિકા અનુસાર બાહ્ય વર્તન હોય છે. પરંતુ બાહ્ય વર્તનમાં પણ કોઈ પણ સંયોગોમાં એની જ્ઞાનવૈરાગ્ય- શક્તિ કોઈ જુદા જ પ્રકારની રહે છે. બાહ્યથી ગમે તે પ્રસંગમાં સંયોગમાં જોડાયેલો દેખાય તોપણ જ્ઞાયક તો જ્ઞાયકપણે જ ભાસે છે. વિભાવથી ભિન્ન જ્ઞાયકપણે નિઃશંક ભાસે છે. આખું બ્રહ્માંડ ફરી જાય તોપણ સ્વરૂપ-અનુભવમાં નિઃશંક વર્તે છે. જ્ઞાયક ઉપર ચડીને ઊર્ધ્વરૂપે બિરાજે છે, બીજા બધા નીચે રહે છે. ગમે તેવા શુભભાવો આવે, તીર્થંકરગોત્રનો શુભભાવ આવે તોપણ તે નીચે જ રહે છે. દ્રવ્યદૃષ્ટિવંતને આવું અદ્‌ભુત જોર વર્તે છે. ૩૦૦.

*-પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

# પ્રત્યક્ષ જ્ઞાન દ્વારા જ પ્રત્યક્ષ આત્માનો અનુભવ

(સળંગ પ્રવચન નં. ૪૮)

શ્રી નાટક સમયસાર શાસ્ત્રના આ કર્તા-કર્મ-ક્રિયા દ્વારનું ૨૯મુ પદ્ય છે. તેમાં બનારસીદાસજી જ્ઞાનીનો આત્માનુભવમાં કેવો વિચાર હોય છે તે કહે છે-

जैसैं महा रतनकी ज्योतिमैं लहरि उठै,
जलकी तरंग जैसैं लीन होय जलमैं।
तैसैं सुद्ध आतम दरब परजाय करि,
उपजै बिनसैं थिर रहै निज थलमैं।।
ऐसै अविकल्पी अजलपी अनन्द रूपी,
अनादि अनन्त गहि लीजै एक पलमैं।
ताकौ अनुभव कीजै परम पीयूष पीजै,
बन्धकौ विलास डारि दीजै पुद्‌गलमैं।।२९।।

અર્થ:-જેવી રીતે ઉત્તમ રત્નની જ્યોતિમાં ચમક ઉત્પન્ન થાય છે અથવા જળમાં તરંગ ઊઠે છે અને તેમાં જ સમાઈ જાય છે, તેવી જ રીતે શુદ્ધ આત્મા, પર્યાય અપેક્ષાએ ઊપજે અને નાશ પામે છે તથા દ્રવ્ય અપેક્ષાએ પોતાના સ્વરૂપમાં સ્થિર રહે છે એવા નિર્વિકલ્પ, નિત્ય, આનંદરૂપ, અનાદિ, અનંત, શુદ્ધ આત્માનું સ્વરૂપ તત્કાળ ગ્રહણ કરો. તેનો જ અનુભવ કરીને પરમ અમૃતરસ પીઓ અને કર્મબંધના વિસ્તારને પુદ્‌ગલમાં છોડી દો.

ભગવાન આત્મા, અખંડાનંદ ધ્રુવ ચૈતન્યસ્વરૂપે છે તેની સન્મુખ થઈને અને રાગાદિ વિકલ્પથી વિમુખ થઈને વસ્તુના સ્વભાવનો અનુભવ કરે ત્યારે તેને ધર્મ થાય અને ત્યારે જ તેની મુક્તિના ઉપાયની શરૂઆત થાય.

જેમ; કોઈ મહારત્નમાં ચમક ઊઠે છે તે તેમાં જ સમાય છે. ચમક ઊઠે....સમાય. એમ રત્નમાં જ ચમકનું ઉઠવું અને સમાવું થાય છે. જેમ સમુદ્રમાં તરંગ ઊઠે છે અને તેમાં જ સમાય જાય છે. પાણી તો કાયમ છે અને ક્ષણે ક્ષણે તેમાં તરંગ ઊઠે છે અને તેમાં જ સમાય છે તેમ, શુદ્ધાત્મદ્રવ્યમાં પર્યાયો ઊપજે છે અને વિણસે છે પણ જ્ઞાયકભાવ સદાય એવો

ને એવો એકરૂપ રહે છે.

ધર્મી ધર્મ કરવાના કાળમાં આવો વિચાર કરે છે અને પછી અનુભવે છે કે હું શુદ્ધ જ્ઞાન અને આનંદથી ભરેલો જ્ઞાયકભાવ છું. વસ્તુરૂપે તો હું ત્રિકાળ એકરૂપ ધ્રુવ છું અને મારી પર્યાયમાં ઉપજવું-વિણસવું થાય છે. પાણીનો તરંગ ઉત્પન્ન થાય અને તેમાં સમાય, પાણીપણું કાયમ રહે તેમ, જ્ઞાયકભાવ એવો ને એવો રહે છે. જેમ રત્નની ચમક જબક-જબક થાય અને તેમાં સમાય છે અને રત્ન એવું ને એવું રહે છે તેમ આ નિર્મળાનંદ ચૈતન્યરત્ન તદ્દન શુદ્ધ છે અને તેમાં વર્તમાન નિર્મળદશા ઉત્પન્ન થાય છે અને વિલય પામે છે, ઉત્પન્ન થાય છે અને વિલય પામે છે. આવું મારું સ્વરૂપ છે. રાગ ઉત્પન્ન થાય અને વિલય પામે એ મારી ચીજમાં નથી. જે સમ્યગ્દર્શન, જ્ઞાન, શાંતિની પર્યાય પ્રગટ થાય છે તે બીજાં સમયે અંદર સમાય જાય છે એ બધું પોતાના સ્વક્ષેત્રમાં જ ઉપજવું અને સમાવું થાય છે. પરની સાથે કાંઈ સંબંધ નથી. દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પો છે પણ તે આત્મા નથી અને આત્માની અનુભૂતિનું સાધન પણ નથી, એ તો વિભાવભાવ છે.

મૂળ ચીજ શું છે તે ખબર નથી તેથી ધર્મ થતો નથી. શાક લેવા જાય તો કયું શાક લેવું છે એ ખબર તો પડવી જોઈએ ને! જેઠ મહિનો છે, કેરીની મોસમ છે તો રસ સાથે કારેલા. ભળશે એમ ખબર હોય તો કારેલાંનું શાક લઈને આવે. કાપડ લેવા જાય ત્યાં કોના માટે, શું ભાવનું, કેવું કાપડ લેવું છે તે બધી ખબર પડતી હોય તે માણસ કાપડ લઈને આવે તેમ, ચૈતન્યરસથી ભરેલો આત્મા છે તે જ હું છું, આ શરીર, વાણી અને મનનું પરિણમન છે તે મારું નથી એમ જે સમજતો હોય તે તેની સન્મુખ થઈને રાગથી વિમુખ થઈને અનુભૂતિ પામી શકે બાકી જેને હજુ વસ્તુના સ્વરૂપની જ નથી તે તેની અનુભૂતિ કરી શકતો નથી. દુનિયાના કામમાં મૂર્ખાઈ ચાલતી નથી તો આત્માના કામમાં મૂર્ખાઈ કેમ ચાલે! વસ્તુના સ્વરૂપની ખબર ન હોય અને મારે ધર્મ કરવો છે....એમ ધર્મ ન થાય ભાઈ!

'ઉત્પાદ્-વ્યય-ધ્રૌવ્ય યુક્તમ્ સત્' છે એમ વસ્તુના સ્વરૂપની ખબર હોય તે એમ સમજી શકે છે કે હું મારા સ્વરૂપે ધ્રુવ છું અને તેની દૃષ્ટિ અને તેમાં સ્થિરતા કરતાં જ્ઞાન-આનંદની દશા અંદરથી પ્રગટ થાય છે અને તેમાં જ સમાય છે એવું મારું ઉત્પાદ્-વ્યય-ધ્રુવ સ્વરૂપ છે અને મારી વસ્તુમાં અનંત શક્તિ વસેલી છે. હું ખાલી નથી, ભરચક ભરેલો છું એમ પોતાના સ્વરૂપને સમજે છે તે તેની સન્મુખ થઈને એવા સ્વરૂપને અનુભવી શકે છે. આવા અનંત ગુણસંપન્ન આત્મામાં નિર્મળ દશા પ્રગટ થાય અને તેમાં સમાય એટલો જ આત્મા છે. રાગ

www.vitragvani.com



ઉત્પન્ન થાય અને સમાય એ વસ્તુનું સ્વરૂપ નથી.

આત્મા એકલો જ્ઞાનનો સૂર્ય છે. તેમાં એકાગ્ર થતાં જે નિર્મળ વીતરાગી અવસ્થા પ્રગટ થાય તે તેની અવસ્થા છે. એ અવસ્થા બીજાં ક્ષણે અંતરમાં સમાય જાય છે અને નવી અવસ્થા પ્રગટ થાય છે. એ જ આત્માનું કાર્ય છે. રાગરૂપે પરિણમવું કે પરના કામ કરવા એ આત્માનું કાર્ય નથી. અજ્ઞાનીને એમ થાય કે આત્મા વિના કાંઈ જડના કાર્ય થઈ ન શકે. આત્મા કરે તો જ થાય. ધંધામાં પાંચ પચાસ હજાર કમાય અને વાપરે તો એમ થાય કે દીકરો ભારે કર્મી જાગ્યો છે, કુટુંબને ઉજાળ્યું....ભાઈ! એ કર્મી, દીવો લઈને કૂવામાં પડે છે અને તમે પણ સાથે કૂવામાં પડો છો એવો એ કર્મનો કરનારો કર્મી છે.

'ધર્મ' એટલે આત્માની વીતરાગી નિર્મળ નિર્દોષ દશા છે. તો એ દશાનો ધરનારો આત્મા કેવો છે તેનું ત્રિકાળ સ્વરૂપ શું છે અને ઉત્પન્ન-વિલય થવાપણું કેવી રીતે છે એ પ્રથમ જ સમજવું જોઈએ. મૂળ સ્વરૂપ સમજ્યા વિના સામાયિક કરે, પ્રતિક્રમણ કરે કે પૌષધ કરે તેનાથી કાંઈ આત્માનો ધર્મ પ્રગટ ન થાય. આ જીવે બહારથી સાધુપણા તો અનંતવાર લીધા છે પણ ભવનો અભાવ કદી થયો નથી. માટે નક્કી થાય છે કે રાગ ભલે મંદ હોય તોપણ આત્માની પ્રાપ્તિનું સાધન થતો નથી. કારણ કે રાગ પોતે અચેતન છે તે ચેતનનું કાર્ય કરવામાં સાધન કેવી રીતે થાય?

એક જગ્યાએ આઠ રતિભારનો ૮૦,૦૦૦નો હીરો જોયો હતો. એની ચમક કોઈ જુદી જ હતી અને તેને રાખવાની ડબી પણ જુદી હતી. તેમ આ ચૈતન્યરત્નની ચમક કોઈ અલૌકિક છે તે રત્ન આ શરીરરૂપ ડાબલામાં રહેલું છે પણ શરીરથી એ ચીજ જુદી છે. ચૈતન્યમાં તો અનંત અનંત આનંદ આદિ શક્તિઓ ભરી છે. ચૈતન્ય એક અસંખ્યપ્રદેશી વસ્તુ છે. તેમાં, અનંત ગુણ ધ્રુવરૂપે છે. તેથી ગુણો તો કાયમ રહે છે અને તેમાં એકાગ્ર થતાં નવી નવી નિર્મળ પર્યાયો ઉત્પન્ન થાય છે અને તેમાં જ સમાય છે. આત્મામાં એકલો 'જ્ઞાન' ગુણ જ નથી પણ એવા તો અનંતગુણ છે. જ્ઞાનગુણની પ્રધાનતાથી આત્માને જ્ઞાનસ્વરૂપ કહેવાય છે પણ તે જ આત્મા શ્રદ્ધા, ચારિત્ર, વીર્ય આદિ અનંત ગુણસ્વરૂપ એક ધ્રુવ વસ્તુ છે. જેમ, મીઠાશ તે સાકર એમ કહેવાય પણ સાકરમાં મીઠાશ ઉપરાંત સફેદાઈ, સુંવાળપ વગેરે બધાં ગુણો સાકરમાં રહેલાં છે.

જે જાણે છે, નિર્ણય કરે છે, સ્વતંત્રપણે જાણવા-દેખવાનું કાર્ય કરે છે એવા આત્માના નિત્યાનંદ ધ્રુવસ્વરૂપ ઉપર નજર કરતાં નિર્મળદશા પ્રગટ થાય છે. તેવા ધર્મીને રાગ થાય છે



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



તેને પણ તે જાણે છે. રાગ મારો છે એમ માનતા નથી. નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા પ્રગટ થઈ તે જ મારો ધર્મ છે. તે દશા નવી ઉત્પન્ન થાય છે માટે તેને પર્યાય કહેવામાં આવે છે. પર્યાય એક સમય રહીને બીજા સમયે વ્યય થાય છે પણ વ્યય થઈને ક્યાંય બહાર જતી નથી, અંદરમાં જ જાય છે. દરિયાનું મોજું ઊઠીને દરિયામાં સમાય તેમ દ્રવ્યની પર્યાય ઉઠીને દ્રવ્યમાં જ સમાય છે. તેને શરીર, વાણી, મન કે પુણ્ય-પાપના વિકલ્પ સાથે કાંઈ સંબંધ નથી. તેથી ધર્મી તેને પોતાનું સ્વરૂપ માનતા નથી.

શુદ્ધાત્માના આશ્રયે શાંતિની, આનંદની, સ્વચ્છતાની, વીતરાગતાની, જ્ઞાનની, શ્રદ્ધાની વગેરે જે પર્યાય થાય છે તે બધી એક સમયે થાય છે અને બીજાં સમયે સમાય જાય છે ત્યાં બીજાં સમયે બીજી પર્યાયો ઉત્પન્ન થાય છે એમ ઉત્પાદ્-વ્યય અને ધ્રુવપણું રાખતી વસ્તુ પોતે સદા સ્થિર રહે છે. આવું વસ્તુનું સ્વરૂપ સમજ્યા વિના ધ્યાન કરવા બેસશે તે ધ્યાન કરી નહિ શકે કેમકે સ્વરૂપની સમજણરૂપ પાત્રતા કેળવ્યા વિના ધ્યાન કેવી રીતે થાય!

**ऐसै अविकल्पी अजलपी अनन्द रूपी अनादि अनन्त गहि लीजै एक पलमैं।** આત્મા કેવો છે?-અવિકલ્પી છે. પુણ્ય, પાપ, દયા, દાન, વ્રતાદિનો વિકલ્પ તે આત્માનો નથી માટે આત્મા અવિકલ્પી છે-રાગ વિનાનો નિર્વિકલ્પ ચીજ છે. અજલ્પી છે અર્થાત્ જલ્પ વિનાનો સ્થિરબિંબ પ્રભુ છે. મેરુપર્વત જેમ કોઈથી ચલાવ્યો ચલિત થતો નથી એવો સ્થિર છે તેમ શુભાશુભ ભાવોથી આત્માને નુકશાન ન પહોંચે અને કેવળજ્ઞાનથી વૃદ્ધિ ન થાય એવો આત્મા ધ્રુવ સ્થિરબિંબ છે. શુભભાવ હો કે અશુભભાવ હો તેનાથી ધ્રુવ આત્મતત્ત્વમાં કાંઈ બગાડ થઈ જતો નથી અને પર્યાયમાં કેવળજ્ઞાન પ્રગટ થઈ જાય તોપણ ધ્રુવમાં કાંઈ વૃદ્ધિ થઈ જતી નથી એવો આત્મા અનાદિ અનંત ધ્રુવ છે, અચળ અને અવિચળ છે.

વળી આત્મા કેવો છે?-'આનંદરૂપી' છે. આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે. પુણ્ય-પાપના વિકલ્પો તેમાં નથી માટે તેને કાંઈ દુઃખ નથી. એ તો આનંદરૂપ છે. અરે! પણ આવો આત્મા કેમ મળે! અમારી નજર તો આનંદરૂપ આત્મામાં પહોંચતી નથી. ભાઈ! એ નજર પહોંચાડવા માટે ઘણી પાત્રતા જોઈએ. સમજણ, વિચારણા, સ્વાધ્યાય, સત્સમાગમ આદિ વડે પાત્રતા કેળવીને અંદર જોવા જાય તો આ સ્વરૂપ સમજાય તેવું છે.

આત્મા તો અતીન્દ્રિય આનંદનું ઢીમ છે. જેમ પૂરણપોળીમાં જ્યાં જુઓ ત્યાં પૂરણનો માલ ભરેલો છે તેમ આખા આત્મામાં આનંદનો માલ ભરેલો છે. અરૂપી પણ વસ્તુ છે ને! તેમાં અતીન્દ્રિય આનંદનો કસ રહેલો છે. તે ક્યારથી છે?-કે અનાદિથી છે અને અનંતકાળ



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

રહેવાનો છે. વસ્તુ કોઈ નવી થતી નથી. અનાદિથી છે....છે....છે....વસ્તુ નવી થતી નથી અને નાશ પામતી નથી એટલે અનંત અનંતકાળ રહેવાની છે. આવા અનાદિ-અનંત આનંદરૂપ આત્માને એક પળમાં ગ્રહણ કરી લ્યો. આમ ધર્મીનો વિચાર હોય છે અને તે જ વિચાર બીજાને સમજાવે છે.

આત્માને ત્રિકાળી કહેતાં તેના ત્રણ ભેદ પડી જતાં નથી. ત્રિકાળી કહેતાં એને આદિ અને અંત નથી. સદાય છે....છે....છે....એવું ત્રિકાળી સ્વરૂપ છે. તેમાં ભૂત- વર્તમાન- ભાવિનો ભેદ નથી.

આવા આત્માને અંતરમુખ થઈને એક પળમાં ગ્રહણ કરી લે! એ જ કરવા જેવું છે. બાકી બધાં તો ચોરાશી લાખ યોનિમાં રખડવાના રસ્તા છે. અનાદિનો આત્મા આવો ને આવો હોવા છતાં પોતાના ભાન વિના ભૂત જેવો થઈ રહ્યો છે, ભૂતની જેમ ફરે છે. માટે હવે જ્યારથી આ વાત સાંભળી છે, ત્યારથી તત્કાળ આત્માને ગ્રહણ કરી લે.-અંદરમાં ઉતરી જા. હમણાં થોડું આ બીજું કામ કરી લઉં. પછી આ કરીશ એવા વાયદા રહેવા દે. તું બહારમાં કરી કરીને શું કરી શકે તેમ છો? એક રજકણના બે ટૂકડા પણ તું કરી શકે તેમ નથી. માત્ર વિકલ્પો કરી શકે છો.

શ્રોતાઃ-રજકણ તો બહુ સૂક્ષ્મ હોય તેનું કાર્ય જીવ ન કરી શકે પણ શરીરનું કામ તો કરી શકે ને!

પૂજ્ય ગુરુદેવશ્રીઃ-આત્મા કોઈ પરદ્રવ્યનું કાંઈ કરી ન શકે. શરીર અજીવ છે. અજીવ પણ એક પદાર્થ છે માટે તેનું બધું કાર્ય અજીવદ્રવ્ય પોતે કરે છે. તેને આત્મા કરી શકતો નથી. પણ....એને અજીવતત્ત્વની પણ આસ્થા નથી એટલે એને પ્રશ્ન ઉઠ્યા કરે કે જીવ હોય ત્યારે જ શરીર ચાલે છે. તેમાં લોહી થાય છે વગેરે બધું જીવ હોય તો જ થાય છે. પણ એમ વિચાર નથી કરતો કે આત્મા હોય છતાં શરીર કેમ ચાલતું અટકી જાય છે! લોહી કેમ બનતું નથી!....વિચાર કરે તો ખ્યાલ આવે. જડ અને ચેતન તત્ત્વ જ જુદાં છે તો કોણ કોનું કાર્ય કરે! એક દ્રવ્ય બીજાં દ્રવ્યનું કામ ન કરે એ વાત એને ઊંડાણથી બેસતી જ નથી તેથી બીજાનું કરવું જોઈએ તો મોટા કહેવાઈએ એમ એને લાગે છે.

અહીં કહે છે કે આત્મા જડનું તો કાંઈ કરતો જ નથી પણ દયા-દાનના વિકલ્પ થાય છે તેને પણ આત્મા કરતો નથી એ વાત સિદ્ધ કરવી છે. વસ્તુના સ્વરૂપમાં વિકલ્પ નથી માટે ધર્મી વિકલ્પને પકડતાં નથી પણ એક પળમાં ત્રિકાળ દ્રવ્યને પકડી લે છે. નિર્વિકલ્પ

www.vitragvani.com



સત્‌ચિદાનંદ પ્રભુ પોતે જ્ઞાનાનંદ સ્વરૂપે ધ્રુવપણે રહેલા છે તેને એક પળમાં બધાંએ ગ્રહણ કરી લેવા જેવો છે. શ્રીમદ્‌જી પણ લખે છે ને! સ્વદ્રવ્યના ગ્રાહક ત્વરાથી થાઓ! સ્વદ્રવ્યની રક્ષા ત્વરાથી કરો! (જુઓ! સામે અરીસામાં આ બધાં બોલ લખેલા છે) સ્વદ્રવ્યમાં વ્યાપક ત્વરાથી થાઓ!-સ્વદ્રવ્યમાં ક્ષણમાં પ્રસરી જાઓ. સ્વદ્રવ્યના ધારક ત્વરાથી થાઓ!-ભગવાન આત્માના પૂર્ણસ્વરૂપને શ્રદ્ધામાં ધારણ કરો, જ્ઞાનમાં ધારણ કરો, રાગાદિને ધારણ ન કરો. શ્રીમદે આ વાત ૧૭ વર્ષની ઉંમરે કરી છે પણ ૭૧ વર્ષની ઉંમરવાળાને પણ તેનું ભાન નથી. ભક્તિ કરતાં કરતાં કલ્યાણ થઈ જશે એમ માની લીધું છે.

સ્વદ્રવ્યના રમક ત્વરાથી થાઓ!-અખંડાનંદ ધ્રુવમાં રમો. પુણ્ય-પાપ અને સંકલ્પ-વિકલ્પમાં તો અનાદિથી રમતો આવ્યો છો. હવે તેમાં રમવું છોડીને અખંડાનંદમાં રમો, તેના જ ગ્રાહક ત્વરાથી થાઓ. પુણ્ય-પાપના વિકલ્પને પકડવા છોડીને વસ્તુને પકડો.

**ताकौ अनुभव कीजै परम पीयुष पीजै**।-ભગવાન આત્મા આનંદનું સરોવર છે તેમાંથી આનંદામૃત પીધા જ કરો. બાયું (બહેનો) વીરડામાં પાણી ભરવા જાય ને! વીરડામાં પાણી આવ્યા જ કરે....આવ્યા જ કરે, બેડા ભરાય જાય તેમ, આત્મા નિર્વિકલ્પ આનંદરસનો વીરડો છે તેમાંથી આનંદને પી. વિકલ્પના વેદનમાં તો દુઃખ છે. જેમ, અગ્નિને ન પીવાય કેમકે તેમાં તો દઝાય છે તેમ, પુણ્ય-પાપના વિકલ્પ તો અગ્નિ છે તેને પીવાથી તું દાઝે છો માટે જ્ઞાની તને અટકાવે છે કે તું તેને ન પી અને આત્માના આનંદને પી. અજ્ઞાની અંધને અગ્નિ પીતો અટકાવે છે તે આકરું લાગે છે ભાઈ! એ તો ઝેર છે, તેનું પાન કરીને તું મરી ગયો, હવે અતીન્દ્રિય આનંદામૃત પીઈને જીવંત થા, આનંદિત થા.

**बंधकौ विलास डारि दीजै पुदगलमैं**-પુણ્ય-પાપના ભાવ બંધરૂપ છે તેને પુદ્‌ગલમાં નાખી દે. મારા છે એમ ન માન!

ઘણાંને એમ લાગે છે કે દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ તો ધર્મ છે અને તેને તમે પુણ્ય કહીને તરછોડી નાંખો છો. આમાં લોકોનું કલ્યાણ અટકી જાય છે. ભાઈ! અહીં તો જેને ધર્મ કરવો છે તેને ધર્મનું સ્વરૂપ કહેવાય છે. કોઈના કહેવાથી કોઈ કાંઈ છોડી દેતું નથી. એની માન્યતામાં ઊંડે ઊંડે રાગની જ મીઠાશ પડી છે તેથી એ કર્યા જ કરે છે. ખરેખર પુણ્ય-પાપના વિકલ્પ તારા સ્વભાવમાં નથી માટે તેને પુદ્‌ગલના ખાતામાં નાંખી દે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય તે શુભભાવને પણ આત્માનું સ્વરૂપ ન માન! પુદ્‌ગલમાં નાખી દે.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આ ૨૯મુ પદ્ય થયું. હવે ૪૮મા કળશનું ૩૦મું પદ્ય કહે છે. તેમાં આત્માનુભવની પ્રશંસા કરી છે.

दरबकी नय परजायनय दोऊ
श्रुतग्यानरूप श्रुतग्यान तो परोख है।
सुद्ध परमातमाकौ अनुभौ प्रगट तातैं,
अनुभौ विराजमान अनुभौ अदोख है।।
अनुभौ प्रवांन भगवान पुरुष पुरान,
ग्यान और विग्यानघन महा सुखपोख है।
परम पवित्र यौं अनंत नाम अनुभौके,
अनुभौ विना न कहूं और ठौर मोख है।।३०।।

અર્થઃ-દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એ બંને નય શ્રુતજ્ઞાન છે અને શ્રુતજ્ઞાન પરોક્ષ પ્રમાણ છે. પણ શુદ્ધ પરમાત્માનો અનુભવ પ્રત્યક્ષ પ્રમાણ છે. તેથી અનુભવ શોભનીય, નિર્દોષ, પ્રમાણ, ભગવાન, પુરુષ, પુરાણ, જ્ઞાન, વિજ્ઞાનઘન, પરમસુખના પોષક, પરમ, પવિત્ર એવાં બીજાં પણ અનંત નામોનો ધારક છે, અનુભવ સિવાય બીજે ક્યાંય મોક્ષ નથી.

ત્રિકાળ ધ્રુવ આત્મદ્રવ્યને જાણવાવાળા વિકલ્પવાળા નયને દ્રવ્યાર્થિકનય કહે છે અને એક સમયની અવસ્થાને જે જાણે તેને પર્યાયાર્થિકનય કહે છે. આ બંને વિકલ્પાત્મક શ્રુતજ્ઞાનના અંશ છે. આવા ભેદવાળુ શ્રુતજ્ઞાન પરોક્ષ હોવાથી તેમાં આત્મા અનુભવમાં આવતો નથી. વસ્તુને દ્રવ્યસ્વભાવથી જુઓ તો ધ્રુવ છે અને પર્યાય તરફથી જુઓ તો તે અધ્રુવ છે. ઉત્પાદ-વ્યયવાળી છે. આમ, વિકલ્પવાળા શ્રુતજ્ઞાનથી બંને નયના વિષયને જાણો તોપણ તે પરોક્ષ સમકિત છે. પણ જ્યાં શુદ્ધ પરમાત્માનો અનુભવ થાય ત્યાં તો પ્રત્યક્ષ અનુભવ છે.

જુઓ! પુણ્ય-પાપના વિકલ્પને તો કાઢી નાંખ્યા પણ વિકલ્પવાળા જ્ઞાનને પણ 'પરોક્ષ' કહીને કાઢી નાખ્યું. વસ્તુ તો વિકલ્પ વિનાની ચીજ છે. નિર્વિકલ્પ-અવિકલ્પી આનંદઘન વસ્તુ છે. તેમાં રાગ નથી. પહેલાં વિકલ્પવાળા જ્ઞાનમાં નિર્ણય કર્યો હોય કે દ્રવ્યસ્વભાવે હું ધ્રુવ છું અને પર્યાય ક્ષણિક છું, પણ આવા પરોક્ષ જ્ઞાનમાં આત્માનો અનુભવ થતો નથી. લાખો શાસ્ત્રો ભણીને અભિમાન કરતો હોય તેની તો વાત જ નથી-તેને તો અનુભવ ન જ થાય પણ, શ્રુતજ્ઞાનની વિકલ્પવાળી દશાથી પણ અનુભવ થતો નથી માટે, તેની પણ અહીં ગણતરી નથી. દ્રવ્ય-પર્યાયના વિકલ્પ ઉઠે છે તે પણ દુઃખરૂપ છે. તો બહારના ઉઘાડના અભિમાન છે એ



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



તો દુઃખરૂપ જ છે. એવા અભિમાનવાળાને વસ્તુસ્વરૂપનું બહુમાન આવી શકતું જ નથી. પણ અહીં તો અભિમાન વિનાના, પણ વિકલ્પવાળા જ્ઞાનમાં અનુભવ થતો નથી એમ કહેવું છે. દ્રવ્ય-પર્યાયનું સ્વરૂપ વિકલ્પાત્મક જ્ઞાનમાં વિચારે છે પણ પ્રત્યક્ષ અનુભવ તેમાં થતો નથી. તેથી આત્મા પ્રત્યક્ષ થયા વિના આનંદનો સ્વાદ આવતો નથી.

કળશટીકામાં આ કળશના ભાવાર્થમાં કહ્યું છે કે જેટલા નય છે તે શ્રુતજ્ઞાનરૂપ છે. શ્રુતજ્ઞાન પરોક્ષ છે. અનુભવ પ્રત્યક્ષ છે-તેથી શ્રુતજ્ઞાન વિના જે જ્ઞાન છે તે પ્રત્યક્ષ અનુભવે છે. આગળ ૧૯મા કળશમાં પણ આવી ગયું કે શ્રુતજ્ઞાનથી આત્માને વિચારતાં ઘણાં વિકલ્પ ઉઠે છે. એક નયથી ભેદરૂપ એક નયથી અભેદરૂપ એમ અનેક નયથી આત્માને વિચારતાં સ્વરૂપનો અનુભવ નથી.

શ્રીમદ્‌માં પણ આવે છે-"સબ શાસ્ત્રનકે નય ધારી હિયે....વહ સાધન બાર અનંત કીયો તદપિ કછુ હાથ હજુ ન પર્યો."

શુદ્ધ પરમાત્માનો અનુભવ તો પ્રત્યક્ષ છે. રાગ અને મનના અવલંબન વિના આત્મા અનુભવમાં આવતાં એ જ્ઞાન પ્રત્યક્ષ થાય છે. આ જ્ઞાનને જ યથાર્થજ્ઞાન કહેવામાં આવે છે. ધારણાજ્ઞાન ગમે તેટલું હોય પણ તે જ્ઞાન નથી. તેમ શ્રુતજ્ઞાન દ્વારા દ્રવ્ય-પર્યાયનું વિકલ્પાત્મકજ્ઞાન કરવામાં આવે છે તે પણ જ્ઞાન નથી. કારણ કે વસ્તુ આખી પ્રત્યક્ષ ચીજ છે તેને પ્રત્યક્ષ ન કરે ત્યાં સુધી એ જ્ઞાનને જ્ઞાન કહેવામાં આવતું નથી.

શુદ્ધ પરમાત્મા એટલે અરિહંત કે સિદ્ધની વાત નથી પણ, શુદ્ધ અને ધ્રુવ એવા એકરૂપ જ્ઞાયકભાવની વાત છે કે જે ત્રિકાળ પ્રગટ છે તેને 'પરમાત્મા' કહ્યો છે. તેનો અનુભવ પ્રત્યક્ષજ્ઞાનમાં જ થાય છે. પરોક્ષજ્ઞાનમાં પરમાત્મા અનુભવમાં આવતો નથી. ત્યાં રાગ અને વિકલ્પ દ્વારા આત્મા અનુભવમાં આવે એ વાત ક્યાં રહી! લોકોને રાડ પડી જાય તેવી વાત છે. લોકોને એમ થાય કે આવું ક્યાંથી કાઢ્યું! પણ જે છે તે પ્રગટ થાય છે. સોનગઢમાં છપાય એટલે કાંઈ અહીંનું થઈ ગયું!

પ્રત્યક્ષ જ્ઞાન દ્વારા જ પ્રત્યક્ષ વસ્તુનો અનુભવ થાય.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

# મુક્તિનું કારણ એક સ્વાનુભવ જ છે

(સળંગ પ્રવચન નં. ૪૯)

આ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર છે તેમાં કર્તાકર્મ ક્રિયાદ્વારનું ૩૦મું પદ છે તેમાં બનારસીદાસજી આત્માનુભવની પ્રશંસા કરે છે.

दरबकी नय परजायनय दोऊ,
श्रुतग्यानरूप श्रुतग्ज्ञान तो परोख है।
सुद्ध परमातमाकौ अनुभौ प्रगट तातैं,
अनुभौ विराजमान अनुभौ अदोख है।।
अनुभौ प्रवान भगवान पुरुष पुरान,
ग्यान औ विग्यानघन महा सुखपोख है।
परम पवित्र यौं अनन्त नाम अनुभौके,
अनुभौ विना न कहूं और ठौर मोख है।।३०।।

શું કહે છે?-કે આત્મા જ્ઞાન અને આનંદસ્વભાવથી ભરપૂર ભરેલી વસ્તુ છે. આ આત્માને બે નય વડે ઓળખવામાં આવે છે એક તો દ્રવ્યાર્થિકનય અને બીજી પર્યાયાર્થિકનય. દ્રવ્ય જ જેનું પ્રયોજન છે તે જ્ઞાનના અંશને દ્રવ્યાર્થિકનય કહેવાય છે અને પર્યાયના સ્વરૂપને જાણનાર જ્ઞાનના અંશને પર્યાયાર્થિકનય કહેવાય છે. ભેદ પાડીને જાણવામાં સાથે રાગ છે તેથી આ જ્ઞાનને વિકલ્પાત્મક શ્રુતજ્ઞાન કહેવાય છે, તે વાસ્તવિક તત્ત્વ નથી.

જે જીવ શરીર, વાણી, મનના વિચારમાં જ રોકાણો છે તે તો આત્માના અનુભવમાં આવ્યો જ નથી પણ પુણ્યના વિકલ્પમાં રોકાણો છે તે પણ રાગમાં ઊભો છે. રાગ તે આત્માનો સ્વભાવ નથી માટે તેમાં ધર્મ નથી. જે બે નય દ્વારા આત્મસ્વરૂપનો રાગમિશ્રિત વિચાર કરે છે તે પણ રાગમિશ્રિત શ્રુતજ્ઞાન હોવાથી વાસ્તવિક શ્રુતજ્ઞાન નથી, પરોક્ષ જ્ઞાન છે. વિકલ્પાત્મક વિચાર છોડીને, અખંડ અભેદ ચૈતન્યસ્વભાવનો અનુભવ તો પ્રત્યક્ષ છે. જ્ઞાનમાં આત્માનો પ્રત્યક્ષ અનુભવ થાય તે જ ખરો સ્વાનુભવ છે. વ્યવહારરત્નત્રયથી આત્મા અનુભવમાં આવતો નથી.

અખંડ અભેદ આત્માનો અનુભવ તો પ્રત્યક્ષ છે તેમાં તેને કોઈ વિકલ્પના સહારાની જરૂર નથી. સ્વસંવેદનજ્ઞાનમાં-અનુભવમાં આત્મા બિરાજમાન છે માટે અનુભવ શોભનીય છે. વસ્તુ તો ત્રિકાળ બિરાજમાન છે પણ અનુભવની પર્યાય વડે તેના બિરાજમાનપણાનો અનુભવ થાય છે. સ્વ એટલે પોતાથી, સં એટલે પ્રત્યક્ષ, વેદન એટલે અનુભવ થવો તેનું નામ સ્વસંવેદન છે.

આ કોઈ ઘરની વાત કહેવાતી નથી. કુંદકુંદ આચાર્ય અને અમૃતચંદ્રાચાર્યે કહેલી વાત બનારસીદાસજી કહે છે.

અનુભવ 'અદોખ' છે અર્થાત્ નિર્દોષ છે. આત્માને અનુસરીને આત્માના આનંદનું વેદન થાય એ જ આત્માને શોભનીક છે. એ અનુભવ નિર્દોષ છે. વિકલ્પાત્મક શ્રુતજ્ઞાન સદોષ છે પણ અનુભવ નિર્દોષ છે. વિકલ્પમાત્ર અશોભનીક છે. સદોષ છે. તે ભલે વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ હોય તે પણ અશોભનીય છે.

અનુભવ રત્નચિંતામણિ, અનુભવ હૈ રસકૂપ,
અનુભવ મારગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ.

અનુભવ થયા પહેલાં અને પછી પણ વ્રત, ભક્તિ, દાન, તપ આદિના શુભ પરિણામ હોય છે-આવે છે પણ તે સદોષ છે. નિર્દોષ તો એક અનુભવ જ છે.

અનુભવ પ્રમાણ તે સત્ય છે. રાગમિશ્રિત વિચારથી રહિત નિર્વિકલ્પ અનુભવ થાય તે પ્રમાણજ્ઞાન છે, તે જ્ઞાન સાચું છે. અનુભવ તો 'ભગવાન' છે. પુણ્યની ક્રિયા એ તો રાંકાઈ છે-દીનતા છે અને અનુભવ તો ભગવાન છે. જન્મ-મરણરૂપ સંસાર અને આકુળતાથી છૂટવું હોય તો આ ભગવાન જ શરણરૂપ છે, ઉપાદેય છે. સત્ ચિદાનંદપ્રભુનો સ્વસન્મુખ થઈને અનુભવ કરવો હોય તે જ ભગવાનનો અનુભવ છે. પુણ્ય-પાપ તો દોષ છે તે કાંઈ વસ્તુનો સ્વભાવ નથી માટે તેનો આશ્રય લેવો એ તો દીનતા છે.

અનુભવ 'પુરુષ' છે બાકી બધાં ભાવ નપુંસક છે, આત્મા નથી. અનુભવ 'પુરાણ' છે. બહુ જૂની અનાદિની ચીજ છે. અનંત અનંત સંતો, જ્ઞાની ધર્માત્માઓ અનુભવ કરીને જ મુક્તિને પામ્યા છે. માટે અનુભવ તો પુરાણી ચીજ છે. અહીંથી આ અનુભવની વાત નવી નીકળી નથી પણ પુરાણી છે. સત્ ચિદાનંદપ્રભુ આત્માનું પદ સદા સિદ્ધ સમાન છે તેનો રાગથી હટીને, સ્વસન્મુખ થઈને અનુભવ કરવો તે 'પુરાણ' છે.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અનુભવ જ 'જ્ઞાન' છે. આત્મા વિકલ્પ અને રાગથી રહિત આત્માનો અનુભવ કરે ત્યારે તેને 'સમકિત' નામ આપવામાં આવે છે એવો પાઠ ૧૪૪ ગાથામાં છે તેના ઉપરનો આ શ્લોક છે તેમાં કહે છે કે અનુભવ જ 'જ્ઞાન' છે.

અહીં કાયરના કામ નથી-પુરુષાર્થહીનના કામ નથી. રાગમાં પુરુષાર્થને જોડે છે તે નપુંસક છે, પુરાણ પુરુષ નથી. પુરુષ એટલે આત્મા તેનો અનુભવ તે જ્ઞાન છે. શાસ્ત્રનું ભણતર કે બીજાને ભણાવવું તે જ્ઞાન નથી. પાંચ-પચાસ હજાર શ્લોક કંઠસ્થ થઈ જાય તો એને એમ થાય કે મને તો બધાં શાસ્ત્રો મોઢે (યાદ) છે પણ તે જ્ઞાન નથી. શુદ્ધ આનંદકંદનો અનુભવ તે જ્ઞાન છે.

ત્રિલોકનાથ તીર્થંકરદેવ ભગવાન સર્વજ્ઞે જેવું કહ્યું છે તેવું કુંદકુંદ આચાર્યદેવ કહે છે એ જ અમૃતચંદ્ર આચાર્ય કહે છે અને બનારસીદાસજીએ તેના ઉપર જ આ પદ બનાવ્યા છે. તેમાં કહે છે કે જ્ઞાન તો તેને કહીએ કે જેની સાથે આનંદ હોય, અતીન્દ્રિય આનંદ સહિતનું જ્ઞાન તે જ જ્ઞાન છે. એકલા જ્ઞાનના ઉઘાડમાં આત્મા તો આવતો નથી. આત્મા અનુભવમાં આવે તો તો અનંતગુણનો અભેદ સ્વાદ પર્યાયમાં આવવો જોઈએ તે તો આવતો નથી માટે ઉઘાડજ્ઞાન તે વાસ્તવિક જ્ઞાન નથી.

'અનુભવ' વિજ્ઞાનઘન છે. આત્મવસ્તુ તો ત્રિકાળ વિજ્ઞાનઘન છે પણ તેમાં જે જ્ઞાન સ્થિર થાય છે અને વિકલ્પ છૂટી જાય છે તે અનુભવજ્ઞાનને પણ વિજ્ઞાનઘન કહ્યું છે. આ અનુભવ પરમ સુખનો પોષક છે. વસ્તુના અનુભવપૂર્વક જે જ્ઞાન થાય છે તેમાં આનંદનું પોષણ છે. તે જ્ઞાન આનંદથી પોઢું (પોસાયેલું) થયેલું હોય છે. અશુભરાગ તો બંધનું કારણ છે પણ શુભરાગ પણ બંધનું કારણ છે અને સદોષ છે. તેનાથી ખસીને ભગવાન આત્માનો અનુભવ કરે તે અનુભવ પરમ સુખનો પોષક છે. કલ્પિત સુખનો પોષક નથી. પૈસાનું સુખ તો કલ્પિત છે. તેમાં તો જીવો બિચારા દુ:ખી થાય છે. અને આત્માના અનુભવનું સુખ તો આનંદમય છે અને પરમ પવિત્ર છે.

આત્માના અનુભવને પરમ અને પવિત્ર પણ કહેવાય છે. અનુભવપ્રકાશમાં દીપચંદજીએ 'અનુભવ'નું નામ બહુ લીધું છે. દ્રવ્યસંગ્રહમાં પણ 'અનુભવ' શબ્દ ટીકામાં આવે છે. આત્મા પરમ સ્વભાવી છે માટે આત્મારાજાની પર્યાયને પણ 'પરમ' કહેવાય છે. 'અનુભવ' એ તો આત્મારાજાની નિર્મળપર્યાય છે ને! માટે પવિત્ર છે. બાકી શુભ-અશુભ રાગની ક્રિયા અને તેનો અનુભવ તો અપવિત્ર છે.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

આમ, અનુભવના અનંત નામ છે. આત્મામાં જેટલાં-અનંતગુણ છે તે બધાંના નામ અનુભવને લાગુ પડે છે. કારણ કે 'અનુભવ'માં બધાં ગુણોનો અંશ અનુભવમાં આવે છે. 'સર્વગુણાંશ તે સમકિત છે' માટે અનુભવને 'સમ્યગ્દર્શન' કહો, 'સમ્યગ્જ્ઞાન' કહો, 'સમ્યક્ સ્વરૂપાચરણ ચારિત્ર' કહો, 'અતીન્દ્રિય આનંદ' કહો, 'વીર્યની સ્ફૂરણા' કહો. 'આત્માનો સાક્ષાત્કાર' કહો, આત્માનો ભેટો કહો, કે ભગવાનનો ભેટો કહો....આ બધાં અનુભવના નામ કહી શકાય છે.

અનુભવ સિવાય ક્યાંય મુક્તિ નથી એટલે કે અનુભવ સિવાય ધર્મ ક્યાંય નથી. વ્રત, તપ, જાત્રા, ભક્તિ આદિના ભાવ વચ્ચે આવે છે તે તો પુણ્યના વિકલ્પ છે. अनुभौ विना न कछू और ठौर मोख है। જુઓ! અનુભવ જ મોક્ષનું કારણ છે એમ કહ્યું તેમાં એકાંતવાદ ન થયો? ના, અનુભવ જ મોક્ષનું કારણ છે, વ્યવહાર મોક્ષનું કારણ નથી. એવું અનેકાંત તેમાં રહેલું છે. વ્યવહારને પણ મોક્ષનું કારણ માને તે તો ફૂદડીવાદ છે. જ્યાં સુધી વીતરાગતા પૂર્ણ ન થાય ત્યાં સુધી વ્રત, તપ, જપાદિનો શુભરાગ આવે તો છે જ પણ તે મોક્ષનું કારણ નથી.

કુંદકુંદઆચાર્ય ૨૦૦૦ વર્ષ પહેલાં થઈ ગયા. તેમણે સમયસારની રચના કરી. તેના ઉપર ૯૦૦ વર્ષ પહેલાં થઈ ગયેલા અમૃતચંદ્રાચાર્યદેવે ટીકા લખી અને કળશની રચના કરી. તેના ઉપર રાજમલ્લજીએ 'કળશટીકા' લખી તેના ઉપરથી બનારસીદાસજીએ આ પદ્યોની રચના કરી તે આ 'નાટક સમયસાર' શાસ્ત્ર છે. માટે, મૂળ તો આ આત્મજ્ઞાની જંગલમાં વસનારા નિર્ગ્રંથ દિગંબર મુનિએ બનાવેલું શાસ્ત્ર છે. તેમાં આ ૩૦મુ પદ્ય પૂરું થયું. હવે ૩૧મુ પદ્ય ૪૯મા શ્લોક ઉપર કહે છે. બનારસીદાસજી જુવાન અવસ્થામાં તો વ્યભિચારી હતા અને તેના ઉપર ગ્રંથ પણ લખતાં પછી રૂપચંદજી આદિ સાધર્મીનો સંગ મળ્યા પછી પોતે આત્મજ્ઞાની થયા તો પહેલાંના ગ્રંથ ગોમતી નદીમાં વહાવી દીધા, ત્યારબાદ આ 'ભાષ્ય'-(નાટક સમયસાર) બનાવ્યું.

આ ૩૧માં પદ્યમાં અનુભવના અભાવમાં સંસાર અને સદ્ભાવમાં મોક્ષ છે તેના ઉપર દૃષ્ટાંત આપીને સમજાવે છે.

जैसैं एक जल नानारूप-दरवानुजोग
    भयौ बहुभांति पहिचान्यौ न परतु है।
फिरि काल पाइ दरवानुजोग दूरि होत,
    अपनै सहज नीचे मारग ढरतु है।।

तैसैं यह चेतन पदारथ विभाव तासौं,
गति जोनि भेस भव-भांवारि भरतु है।
सम्यक् सुभाइ पाइ अनुभौके पन्थ धाइ,
बन्धकी जुगति भानि मुकति करतु है।।३१।।

એમ ન સમજવું કે હું બાળક છું કે વૃદ્ધ છું માટે મને ન સમજાય. આત્મા કાંઈ બાળક, યુવાન કે વૃદ્ધ નથી. મારી બુદ્ધિ અલ્પ છે માટે મને ન સમજાય એમ પણ ન માનવું. તમારી બુદ્ધિ અલ્પ નથી, તમે તો કેવળજ્ઞાનના કંદ છો. અંદરમાં આત્માની રુચિ અને દૃષ્ટિનો વિષય ખ્યાલમાં આવવો જોઈએ બસ, એટલી વાત છે. જ્ઞાન અલ્પ હોય તેનો વાંધો નથી.

જેવી રીતે પાણી અન્ય રંગ આદિનો સંયોગ થતાં અનેકરૂપ થઈ જાય છે અથવા અનેક વૃક્ષોની અંદર જતાં પાણીનો અનેકરૂપ સ્વાદ આવે છે. તેથી પાણીનો મૂળ વર્ણ કે સ્વાદ ઓળખવામાં આવતો નથી. જેમ કે લીંમડાંમાં ચડેલું પાણી કડવું લાગે છે, દ્રાક્ષમાં ચડેલું પાણી મીઠું લાગે છે તેમ, આ ચૈતન્યપદાર્થ વિભાવ અવસ્થામાં અનેક ગતિ, યોનિ, કુળરૂપ સંસારમાં ચક્કર લગાવ્યા કરે છે તેથી શુદ્ધજીવનું સ્વરૂપ ઓળખાતું નથી.

જેવી રીતે નદીના પાણીનો પ્રવાહ ચાલ્યો જતો હોય તે ખેતરમાં જતાં માટી સાથે મળતાં રંગ પણ બદલાઈ જાય છે પણ તે જ પાણીનો પ્રવાહ આગળ વધીને ફરી નદીમાં ભળે છે ત્યારે માટી આદિનો સંયોગ દૂર થતાં ફરી પોતાના નિર્મળ સ્વભાવમાં વહેવા લાગે છે-अपनै सहज नीचे मारग ढरतु है। તેમ, આ ચૈતન્યજળ અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ શુભ અને અશુભ વિભાવભાવથી અનેક પ્રકારની ગતિ, યોનિમાં ભમે છે. ચૈતન્યસ્વરૂપને છોડીને વિભાવમાં ગમન કરવાના કારણે સંસારમાં ચક્કર મારે છે પણ તે કાંઈ જીવનો સ્વભાવ નથી. અજ્ઞાનથી તે શુભાશુભભાવોમાં વ્યાપી રહ્યો છે તેથી નરકગતિ, પશુગતિ, મનુષ્યગતિ અને દેવગતિને પામે છે. બહારનું શરીર તે ગતિ નથી, અંદરમાં જીવની એવી યોગ્યતા છે તે જ હું છું એમ એ માને છે. હું કીડી, હું કાગડો, હું વાણિયો, હું ધનવાન એમ અનેક પ્રકારે સંયોગોમાં એકત્વ કરે છે તેથી તેને પોતાનું ખરું સ્વરૂપ ખ્યાલમાં આવતું નથી. 'વિભાવ છે તે જ હું છું' એમ માને છે. તે વિકલ્પની જાળમાં ફસાતો થકો ભિન્ન ભિન્ન અવતાર ધારણ કરતો દેખાય છે તે હવે सम्यक सुभाइ पाइ अनुभौके पन्थ धाइ, बन्धकी जुगति भानि मुकति करतु है। જ્યારે જીવને એમ થાય કે અરે! હું તો ચૈતન્ય આનંદકંદ છું, પવિત્રતાનો પુંજ છું, પુણ્ય-પાપના વિકલ્પ તો અપવિત્ર છે તે કાંઈ મારું સ્વરૂપ નથી....જ્ઞાન, આનંદ, સ્વચ્છતા,

વીતરાગતા એ મારો સ્વભાવ છે એવું સ્વભાવનું સમ્યક્ શ્રદ્ધાન કરે છે ત્યાં તેને સ્વભાવનું સમ્યક્ ભાન અને વેદન થાય છે. પછી તો દૃષ્ટાંતમાં જેમ ખેતરમાં વળી ગયેલું પાણી ફરી પોતાના મૂળ પ્રવાહમાં ભળીને ઢાળવાળા માર્ગથી નદીમાં ભળી જાય છે તેમ, ચૈતન્યદેવ અનુભવના માર્ગે ચાલીને પોતાના પૂર્ણ સ્વભાવને પ્રાપ્ત કરે છે. અર્થાત્ મુક્તિને પ્રાપ્ત થાય છે.

અનાદિથી પુણ્ય-પાપના વિભાવરૂપ પ્રવાહમાં જીવની ભિન્ન ભિન્ન ગતિ, યોનિ, કુળ આદિ અનેકરૂપ થતાં હતાં તે કાંઈ જીવનું અસલી સ્વરૂપ ન હતું. પોતાને મનુષ્ય તરીકે ઓળખવો કે દયાદિના વિકલ્પથી ઓળખવો કે સંયોગથી ઓળખવો તે કાંઈ જીવનું સ્વરૂપ નથી. એ તો પરઘર છે-વિભાવનું ઘર છે-વિભાવના ભેદ છે એમ જાણીને, જ્યારે જીવનું વીર્ય અનુભવના પંથે દોડે છે ત્યારે અનુભવ કરતાં....કરતાં....જીવનો મોક્ષ થઈ જાય છે. કરવાનું આ એક જ છે.

અનુભવના માર્ગે આનંદપૂર્વક જાય છે ત્યાં બંધ તો નાશ પામતો જાય છે (બંધ થતો નથી તેથી બંધને નાશ કર્યો એમ કહેવામાં આવે છે). અબંધસ્વભાવી ભગવાન આત્માની લગની લાગી છે તેથી જ્ઞાનીને અનુભવમાંથી બહાર નીકળવું ગમતું નથી. આવા અનુભવના પંથમાં લાગીને बन्धकी जुगति भानि-બંધના પ્રકારને જ્ઞાની ટાળી નાંખે છે. અને मुकति करतु है।-મુક્તિ પ્રાપ્ત કરે છે.

અનાદિથી પુણ્ય-પાપ, દાન, વ્રતાદિનું વેદન હતું તે તો ઝેરનું વેદન હતું અને તેનાથી તો કર્મનો બંધ પડતો હતો. તેને ટાળીને હવે જ્ઞાની કર્મબંધનથી મુક્તિનો અનુભવ કરે છે. જૈનદર્શનનો અને સર્વજ્ઞની વાણીનો સારમાં સાર આ છે કે પોતાના સ્વભાવને ઓળખીને તેનો અનુભવ કરવો. આ સારમાં સાર છે.

આ ૪૯મા કળશનું પદ્ય અને તેનો અર્થ થઈ ગયો. હવે ૫૦મા કળશ ઉપર ૩૨મા પદ્યમાં કહે છે કે મિથ્યાદૃષ્ટિજીવ કર્મનો કર્તા છે.

निसि दिन मिथ्याभाव बहु, धरै मिथ्याती जीव।
तातैं भावित करमकौ, करता कह्यौ सदीव।।३२।।

બહુ અલ્પશબ્દોમાં ભંડાર ભરેલો છે.

જેની દૃષ્ટિ પોતાના આનંદ અને જ્ઞાયકભાવ ઉપર નથી તેની દૃષ્ટિ પુણ્ય-પાપના વિકલ્પ અને વ્યવહારના રાગ ઉપર છે. તેથી મિથ્યાદૃષ્ટિ જીવ સદૈવ મિથ્યાભાવ કર્યા કરે છે. કેમકે

www.vitragvani.com



તેની દૃષ્ટિમાં આત્મા તો આવ્યો નથી. રાગ ઉપર જ દૃષ્ટિ છે તેથી રાગ જ કર્યા કરે છે. વિકલ્પનો કર્તા થવું તે જ અજ્ઞાન છે. અજ્ઞાની જ તેનો કર્તા થાય છે. કર્મના કારણે વિકલ્પનો કર્તા થાય છે એમ નથી. અજ્ઞાનથી તે વિકલ્પનો કર્તા થાય છે, બીજું કાંઈ કામ તો તે કરી શકતો નથી. મફતનો એમ માને છે કે હું પૈસા કમાણો અને મેં ભાગ પાડી દીધા. મેં દાનમાં પૈસા આપ્યા એમ અનેક પ્રકારે પરના કાર્યનો કર્તા પોતાને માને છે પણ જીવનું એ કાર્ય નથી, જીવ તેને કરી શકતો નથી.

અજ્ઞાની અનેક પ્રકારે પોતાને પરના કાર્યનો કર્તા માને છે પણ વિકલ્પથી આગળ વધીને તે કોઈ કાર્યને કરી શકતો નથી. એ પ્રથમ નક્કી કરવાનું છે. (૧) જીવ પરના કાર્ય કરી શકતો નથી. (૨) કર્મ જીવને વિકાર કરાવતા નથી. (૩) દ્રવ્યસ્વભાવથી જીવ વિકારનો કર્તા નથી પણ અજ્ઞાનભાવથી જીવ વિકારનો કર્તા થાય છે. નિસિ-દિન એટલે રાત-દિવસ-૨૪ કલાક અજ્ઞાની જીવ ફેરવી ફેરવીને વિકલ્પને જ કર્યા કરે છે. વિકલ્પ છે તે જ રાગ-વિકાર છે. આમ કરું....આમ કરી નાખું....તેમ કરી નાખું....મેં આ લીધું, મેં આ દીધું....એમ અનેક પ્રકારે મૂઢ અજ્ઞાની જીવ રાગનો કર્તા થાય છે. જ્ઞાની તો રાગના કર્તા જ થતાં નથી કારણ કે રાગને તો પોતાના સ્વરૂપથી ભિન્ન જાણે છે-અજ્ઞાની પોતાના સ્વભાવને જાણતો નથી અને રાગને પોતાનો માને છે તેથી તે રાગનો કર્તા થાય છે.

★ જોકે કર્મ તથા ભાવકર્મ આત્મા સાથે આકાશના એક ક્ષેત્રાવગાહરૂપ છે, જે આકાશના પ્રદેશમાં શુદ્ધ ચેતના છે તે જ પ્રદેશમાં વિકાર છે પણ પોતાના પ્રદેશની અપેક્ષાએ જોઈએ તો એક ક્ષેત્રાવગાહરૂપ નથી. નિત્યતાદાત્મ્યપણે તો નથી પણ અનિત્ય-તાદાત્મ્યપણે પણ નથી. વિકાર ને આત્માની વચ્ચે સંધિ છે, કેમ કે બે કહેતાં બે એક થયા જ નથી, બે વચ્ચે સંધિ છે. ચેતનામાત્ર દ્રવ્ય, જાણન-દેખન સ્વરૂપ આત્મા શુદ્ધ સ્વરૂપ એક વસ્તુ ને વિકાર બીજી વસ્તુ છે, કેમ કે શુભાશુભ ભાવ આસ્રવતત્ત્વ છે ને આત્મા જીવતત્ત્વ છે. વિકાર ભલે પર્યાયરૂપ છે પણ તે તત્ત્વરૂપ છે, તેમાં સપ્તભંગી ઊઠે છે.

*-પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

# રાગનો રસીયો રાગનો કર્તા છે

(સળંગ પ્રવચન નં. ૫૦)

આ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર છે. કર્તાકર્મ ક્રિયા દ્વારનું ૩૨મુ પદ્ય છે તેમાં મિથ્યાદૃષ્ટિ જીવ ભાવકર્મનો કર્તા થાય છે એ વાત સિદ્ધ કરી છે. ખરેખર, રાગ આત્માનું સ્વરૂપ નથી માટે રાગ આત્માથી ભિન્ન છે પણ મિથ્યાદૃષ્ટિ રાગને આત્માથી અભેદ માને છે. રાગમાં અભિન્નપણાનો તેને આગ્રહ છે તેથી તે રાગનો કર્તા થાય છે, અર્થાત્ મિથ્યાત્વભાવરૂપી વિકલ્પનો કર્તા થાય છે.

જેની દૃષ્ટિમાં પોતાના સ્વભાવના અસ્તિત્વનો અભાવ છે તે રાગના અસ્તિત્વને જ પોતાનું અસ્તિત્વ માનીને તેનો કર્તા થાય છે. નિજ સત્તાસ્વભાવની તેને ખબર નથી, પ્રેમ નથી. તેનો આદર નથી. પરદ્રવ્યનો આદર છે તેથી પરનો પોતાને કર્તા માનીને વિકલ્પનો કર્તા થાય છે; પરને તો કરી શકતો નથી. જ્ઞાનાનંદસ્વરૂપ સત્તાનો સ્વીકાર નથી એટલે જે વ્રત, ભક્તિ, દાનનો કે હિંસાદિ પાપનો જે વિકલ્પ ઊઠે છે તેનો તે કર્તા થાય છે.

ખરેખર આત્મા પરપદાર્થથી પાંગળો છે કેમ કે આત્મા પરપદાર્થથી રહિત છે. રાગથી પણ આત્મા રહિત જ છે પણ અજ્ઞાનીને પોતાનું સ્વરૂપ શું છે તે ખબર નથી તેથી રાગને જ સ્વરૂપ માનીને વિપરીત અભિનીવેશ કરી રાગનો કર્તા થઈને રાગને જ કર્યા કરે છે.

એને એમ થાય કે આ નજરે દેખાય છે કે હું પરના કામ કરું છું, પર મારા કામ કરે છે....અને તમે કહો છો કે આત્મા પરના કામ કરતો નથી!....ભાઈ! તારી નજર આત્મા ઉપર નથી એટલે આત્માની સત્તામાં શું થઈ રહ્યું છે તેની તને ખબર જ નથી. અને પરની સત્તામાં પરનું કાર્ય થઈ રહ્યું છે, મારાથી થતું નથી એની પણ તને ખબર નથી તેથી જ્યાં સુધી હું પરનો કર્તા છું, પર મારા છે એવી માન્યતા છે ત્યાં સુધી તેને વિભાવનું કર્તા-કર્મપણું ટળતું નથી.

જેને ચૈતન્યનો આનંદરસ નથી તે રાગના રસમાં ડૂબી ગયેલો છે તેથી રાગના



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



રસિયાને રાગનું કર્તા-કર્મપણું છૂટી શકતું નથી. विकल्प परं कर्ता એમ પાઠમાં શબ્દ છે ને! परं એટલે ખરેખર. મિથ્યાદૃષ્ટિ જીવ પણ પરને તો કરી શકતો નથી અને યથાર્થ જ્ઞાન પણ કરતો નથી તે તો ખરેખર રાગનો જ કર્તા થાય છે.

કોઈ કહે છે કે 'પરનો કર્તા પોતાને ન માને જે દિગંબર જૈન નહિ.' ભાઈ! દિગંબર જૈન એ તો વસ્તુનું સ્વરૂપ છે તેને રાગનું કપડું પણ ન હોય. રાગનો કર્તા થાય છે તે પણ દિગંબર નહિ....એવી વાત છે. ત્યાં પરના કરવાપણાની વાત તો દૂર રહી ગઈ. વસ્તુ તો નિજસત્તા સ્વભાવરૂપ છે તેમાં રાગ કે પરનું કર્તૃત્વ ન હોય પણ મિથ્યાત્વી જીવ જ રાગનો કર્તા થાય છે. પરનું કાર્ય કરવું એ તો જીવની મર્યાદાની બહાર છે. મિથ્યાદૃષ્ટિની મર્યાદા એટલી કે તે, અનેક પ્રકારના રાગ અને દ્વેષને કરે છે પણ પરનું કરવું એ તો તેની મર્યાદા બહાર છે અને સ્વભાવના કાર્ય ને તો એ કરતો નથી તેથી માત્ર રાગાદિ વિકારીભાવને કર્યા કરે છે-વિકલ્પો કર્યા કરે છે. ૨૪ કલાકમાં રાગ કરવો એ એક જ મિથ્યાત્વીનું કાર્ય છે એ સિવાય બીજું કાંઈ તે કરતો નથી.

ભાવાર્થઃ-મિથ્યાદૃષ્ટિ જીવ પોતાની ભૂલથી પરદ્રવ્યોને પોતાના માને છે. જોયું? 'પોતાની ભૂલથી.' પરને પર નહિ જાણતાં, સ્વ માને છે પણ પર કદી પોતાના થતાં નથી. મફતનો અભિમાન કરે છે. અમારી હોંશિયારીથી આ દુકાન વ્યવસ્થિત ચાલે છે. સંતો કહે છે અરે! તારા લખ્ખણ (લક્ષણ) તો જો! જ્ઞાનને છોડીને અજ્ઞાનનો કર્તા થાય છે! ચિદાનંદ વસ્તુસ્વભાવનું આ કામ નથી ભાઈ! ધર્મી વિકારના કર્તા ન થાય.

૭૦ વર્ષ પહેલાં અમે દુકાનમાં બેઠા પણ ધંધો જ કર્યા ન કરતાં, સઝાય વાંચતાં, તેમાં દ્રૌપદીને વિદેહનો રાજા ઉપાડી ગયેલો તેને છોડાવી લાવવા કૃષ્ણ સહિત પાંચેય પાંડવ ગયા હતાં ત્યાં કૃષ્ણની શૂરવીરતાની પરીક્ષા ન કરી અને ત્યાંથી આવીને કૃષ્ણની પરીક્ષા કરવા પાંડવોએ નૌકા મોકલી નહિ ત્યારે કૃષ્ણને ક્રોધ આવે છે અને દ્રૌપદી વિનવે છે એ બધું વર્ણન સઝાયમાં સરસ આવે છે.

પ્રભુજી! વિનવું ગોદ બિછાય કે રોષ નિવારિયે રે લોલ....
પ્રભુજી! મોટા હોય દાતાર, બોલે મુખ મીઠડું રે લોલ....
પ્રભુજી! છોરૂ કછોરૂ થાય, માવતર કમાવતર ન થાય....



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

ત્યારે કૃષ્ણ કહે છે દ્રૌપદી! અમારી ગદા ઉપડી છે તે પાછી નહિ ફરે. કૃષ્ણ કોઈ સાધારણ પુરુષ થોડાં હતા? મહાપુરુષો ઊંધા પડે તોપણ શૂરા અને સવળાં પડે તો મોક્ષ લઈ લે એવા હોય. કૃષ્ણ પણ ભવિષ્યે તીર્થંકર થવાના છે. આ મોટો ભગવાન આત્મા પણ અવળો પડે તો રાગને પોતાનો માનીને તેનો કર્તા થાય છે અને સવળો પુરુષાર્થ કરે તો સ્વભાવરૂપે પરિણમી જાય, રાગનો કર્તા ન થાય.

સટ્ટાના ધંધાવાળા દીધા-લીધા-દીધા-લીધા-એમ કર્યા કરે છે તેમ અજ્ઞાનદશામાં અજ્ઞાની રાગ અને દ્વેષ, રાગ અને દ્વેષ કર્યા જ કરે છે. મેં દીધું, મેં લીધું, મેં ખાધું, મેં પીધું, મેં આટલાં આટલાં કામ કર્યાં એવા મિથ્યા અભિપ્રાયને સેવ્યા કરે છે. ત્રિલોકનાથ પરમાત્મા જગતમાં જાહેર કરે છે કે તેં અજ્ઞાનદશામાં અશુદ્ધભાવને જ કર્યાં છે. અશુદ્ધભાવનો જ કર્તા થયો છો. શુદ્ધભાવ જે ત્રિકાળ તારું સ્વરૂપ છે તેની તો તને ખબર જ નથી તેથી તેને તો તેં કર્યો જ નથી અને જડકર્મ કે શરીરાદિ પરદ્રવ્યને કરી શકતો નથી. તેથી તેનું કાર્ય પણ તેં કદી કર્યું નથી. એકલાં પુણ્ય-પાપ વિકારીભાવને જ કર્યા છે. અનાદિથી આ એક જ કામ અજ્ઞાની જીવે કર્યું છે.

આ ૫૦મો કળશ થયો. હવે ૫૧મા કળશ ઉપરનું ૩૩મુ પદ્ય લઈએ.

करै करम सोई करतारा।
जो जानै सौ जाननहारा।।
जो करता नहि जानै सोई।
जानै सो करता नहि होई।।३।।

મૂળ પાઠમાં ખૂબી એ કહી છે કે, 'यः करोति स करोति केवल' જે રાગને કરે છે તે એકલાં રાગને જ કરે છે, થોડો શુદ્ધભાવ કરે અને થોડો અશુદ્ધભાવ કરે એમ હોતું નથી. ભગવાનને ભૂલીને ભૂલવાળો જીવ એકલી અશુદ્ધપરિણતિને જ કરે છે. અજ્ઞાની પરમાનંદને ભૂલેલો જીવ થોડો શુદ્ધભાવ પણ કરે અને થોડો અશુદ્ધ રાગ કરે એમ ત્રણકાળમાં બની શકતું નથી. એ ભલે માને કે હું શરીરાદિનું કાર્ય કરું છું પણ પરદ્રવ્યનું કાર્ય તો જીવ કરી શકતો જ નથી, કરે તો રાગને કરે, બાકી પરના કે પોતાના શુદ્ધભાવના કાર્યને અજ્ઞાની કરતો નથી.

જેણે ચૈતન્યના શુદ્ધ દ્રવ્યસ્વભાવને જોયો, જાણ્યો કે અનુભવ્યો નથી તે કરે તો કેવળ અશુદ્ધપરિણતિને કરે પણ શુદ્ધ પરિણતિને તે કરી શકતો નથી. જેણે ચૈતન્યના શુદ્ધ દ્રવ્યસ્વભાવને જોયો, જાણ્યો અને અનુભવ્યો છે તે તો એકલાં શુદ્ધપરિણામને જ કરે છે, તે અશુદ્ધપરિણામનો કર્તા થતો નથી. ટૂંકમાં, 'જાણનારો એકલું જાણે અને કરનારો એકલાં વિકારને કરે.'

શુદ્ધાત્માને જાણનારા જ્ઞાની તો જાણે છે કે, 'હું તો સદાય જ્ઞાન અને આનંદસ્વરૂપ છું. મારા હોવાપણામાં વિકાર-મેલનો ત્રિકાળ અભાવ છે. મારા સ્વભાવમાં તો શુદ્ધતાનો સદ્‌ભાવ છે.' આમ જેણે જાણ્યું તે તો જાણનાર જ રહે છે તેને રાગાદિ થાય છે એમ કહેવું તે ઉપચાર છે. ખરેખર તો એ જાણનાર જ છે. જે થાય તેને જાણે, જાય તેને જાણે, ઉદયને જાણે, ઉદયભાવને જાણે, ખરે તેને જાણે, બધાંને જાણે છે-તેનું જ નામ સમ્યગ્દૃષ્ટિ અને જ્ઞાની છે.

જેને આત્માનું ભાન થયું છે તે આખી દુનિયાનો કેવળ સાક્ષી રહે છે. રાગથી માંડીને જગતની બધી દશાઓનો તે કેવળ સાક્ષી છે-માત્ર દૃષ્ટા છે.

ભગવાન સર્વજ્ઞના મુખેથી આવેલી આ વાણી છે કે જે કોઈ રાગનો કર્તા થાય છે તે એકલો રાગનો કર્તા જ છે, તે જાણનાર રહી શકતો નથી અને જેને એમ ભાસ્યું કે હું એકલો જાણનાર-દેખનાર જ છું તે ત્રણકાળ ત્રણલોકને તથા રાગાદિ પરિણામને જાણનાર થઈને જ ઊભો રહે છે કર્તા થતો નથી.

કેટલી ખૂલ્લી વાત કરી છે કે એક નાનામાં નાના રાગના અંશનો કર્તા થાય છે તે કર્તા જ છે, તે વિકારને જ કરશે, જરાપણ ધર્મ કે વીતરાગી શાંતિને તે નહિ કરી શકે અને જે સ્વભાવના જ્ઞાન વડે જાણનાર થયો તે કેવળ જાણનાર જ રહે છે. નાના-મોટા કોઈ પણ રાગનો તે કર્તા થતો નથી.

ત્યારે પ્રશ્ન થાય કે જો જાણનાર કેવળ જાણનાર જ રહે છે તો પછી સમ્યગ્દૃષ્ટિ ચક્રવર્તી ૯૬૦૦૦ રાણીને પરણે, મોટાં મોટાં બંગલામાં રહે, ૧૬૦૦૦ દેવો જેની સેવા કરે, મણિ-રતન જડેલાં હીરાના સિંહાસનમાં બેઠા હોય, ઈન્દ્રો જેના મિત્ર હોય આવો બધો આડંબર શેનો? એમ પ્રશ્ન થાય પણ જ્ઞાની ખરેખર જાણનાર છે તે કોઈ આડંબર તેને ઉપાદેય નથી.

કાલે ગોંડલથી આવેલા મહેમાનમાં દીક્ષા લીધેલા બેન પણ હતાં એ લોકો કહેતાં હતાં કાંઈક સંભળાવો, કીધું કે અંદરમાં સમ્યગ્દર્શન વિના ધર્મની શરૂઆત થતી નથી. મારગ કોઈ જુદો જ છે બાપુ! રાગ અને વિકલ્પથી પાર ચૈતન્યના અનુભવ વિના સમ્યક્ત્વ ન હોય અને સમ્યક્ત્વ વિના ધર્મની શરૂઆત થાય નહિ, આ વાત આપણે તો દાંડી પીટીને કરી છે, કાંઈ ગુપ્ત રાખી નથી. સંપ્રદાયની દૃષ્ટિ છોડીને અમે સાધુ નથી એમ કહેનારા વિરલાઓ પણ કોઈક હોય છે. વીતરાગનો મારગ કોઈ જુદો અને લોકો બીજી રીતે માત્ર ક્રિયાકાંડમાં ધર્મ માની બેઠાં છે.

અહા! સમ્યગ્દર્શન જેને થયું તે કેવળ જાણનાર-દેખનાર છે. તેને અશુદ્ધિનું કરવાપણું બિલકુલ નથી. જાણવા-દેખવાનું પરિણમન જ તેનું છે. રાગનું પરિણમન તેનું નથી અને જે કેવળ અશુદ્ધ પરિણમનનો જ કર્તા છે તે અંશે પણ જાણનાર રહેતો નથી.-તેને જાણનારની ભૂમિકા પ્રગટ થતી નથી.

આ તો વીતરાગી ત્રિલોકનાથના સંદેશા છે, સંતો તો વચ્ચે આડતિયા થઈને સંદેશા આપે છે. આહાહા....! ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકર ત્રિલોકનાથને એક સમયમાં ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન છે તેમની આ વાણી છે-જે કર્મ એટલે રાગને કરે છે તે કર્તા છે અને જે જાણે છે તે જ્ઞાતા છે. જે કર્તા છે તે જ્ઞાતા હોતો નથી અને જે જ્ઞાતા છે તે કર્તા હોતો નથી.

જ્યાં સુધી દ્રવ્યની દૃષ્ટિનું પરિણમન ન હતું ત્યાં સુધી અશુદ્ધિનું પરિણમન સ્વભાવમાં ન હતું છતાં ઊભું થયું હતું એ અશુદ્ધિનો જ જે કર્તા થયો તેને શુદ્ધતાનું કાંઈ ભાન નથી. પણ જ્યાં તેને સ્વભાવનું ભાન થયું અને શુદ્ધતાનું પરિણમન થયું ત્યાં અશુદ્ધિને તે બિલકુલ પોતાની માનતો નથી. જેમ એક મ્યાનમાં બે તલવાર ન રહી શકે તેમ રાગનો કર્તા પણ થાય અને જાણનાર પણ રહે એમ બે કાર્ય એક સાથે ન થઈ શકે. રાગ આવી જાય પછી એને એમ થાય કે આ રાગ આવ્યો પણ હું તો જાણનાર છું તો એ જાણનાર નથી. જે કાળે રાગ આવ્યો એ જ કાળે જાણનાર રહી શકતો નથી તે જ્ઞાતા નથી.

આ તો જીવના પોતાના ઘરની વાત છે. આ વાત સાંભળીને તરત ભલે સાચું જ્ઞાન ન થઈ જાય પણ અજ્ઞાનપણે પણ તેને ખ્યાલ તો આવવો જોઈએ, અવ્યક્તપણે પણ તેને રસ આવવો જોઈએ.

જે કર્તા થઈને પરિણમે છે તે જાણનારપણે રહી શકતો જ નથી. આવી વાત છે તેને મોંઘી કહો કે સરળ કહો પણ સિદ્ધાંત તો આમ જ છે. જે અશુદ્ધ પરિણમનનો કર્તા થાય છે તે સ્વને કે પરને કોઈને જાણતો નથી.

જેની દૃષ્ટિ જાણનાર-દેખનારના અસ્તિત્વમાં જ પડી છે તે તો કિંચિત્ પણ રાગનો કર્તા થતો નથી. વ્યવહારરત્નત્રયના શુભ ઉપયોગને પણ તે કરતો નથી. વ્યવહારરત્નત્રય સાધન છે અને નિશ્ચયરત્નત્રય સાધ્ય છે એમ પંચાસ્તિકાયમાં આવે છે પણ તેનો અર્થ નીચે ફુટનોટમાં ખુલ્લો કરી દીધો છે. (અર્થ ખો દિયા નહિ હૈ, ખોલ દિયા હૈ).

જ્ઞાની વૈત્તિ એટલે જાણે છે તે કવચિત્ એટલે ક્યારે પણ રાગને કરતો નથી. અરે પણ! જ્ઞાનીને લડાઈના ભાવ આવે છે ને! આવે છે. પણ જ્ઞાનીના તે ભાવ નથી. જ્ઞાની તેના સ્વામી નથી. આ વીતરાગનો મારગ બહારથી કલ્પના કરીને સમજી શકાય તેવો નથી. વીતરાગ મારગ કોઈ અલૌકિક છે. સો ઈન્દ્રોથી પૂજિત એવા ધર્મપિતાની પ્રણાલિકા કોઈ અલૌકિક છે. એકલી વીતરાગતા ઊભી કરે છે. અસ્થિરતા આવે છે પણ તેનો પણ જ્ઞાની જાણનાર રહે છે. એ જાણનાર રહેતાં....રહેતાં અસ્થિરતા ટળી જઈને એકલી વીતરાગતા જ્ઞાનદશા થઈ જશે. માટે શાસ્ત્રમાં કહ્યું છે કે જે કોઈ આત્માના જાણનાર થાય છે તે પછી કિંચિત્ રાગનો કર્તા થતો નથી.

જે જાણનારમાં રહ્યો છે તે અશુદ્ધપણે પરિણમતો નથી અને જે અશુદ્ધપરિણમનમાં પરિણમે છે તે જ્ઞાતા રહી શકતો નથી.

ભાવાર્થઃ-મૂઢ અને જ્ઞાની બંનેની ક્રિયા જોવામાં એકસરખી લાગે છે પરંતુ બંનેના ભાવોમાં મોટો ફેર છે. અજ્ઞાની જીવ મમતાભાવના સદ્ભાવમાં બંધન પામે છે અને જ્ઞાની મમત્વના અભાવમાં અબંધ રહે છે.

પક્કડ પક્કડમાં ફેર હોય છે. જેમ બિલાડી મોઢામાં પોતાના બચ્ચાને પકડે અને ઉંદરને પકડે પણ પક્કડમાં ફેર હોય છે. બચ્ચાને તો પોચા મોઢે પકડે અને ઉંદરને તો ભીંસ આપીને પકડે છે. બહારથી તો માત્ર પકડેલું દેખાય તેમ, જ્ઞાની અને અજ્ઞાનીની બધી ક્રિયા બહારથી તો સરખી દેખાય છે પણ બંનેના ભાવમાં મોટો તફાવત હોય છે. અજ્ઞાની રાગમાં પકડાઈને કામ કરે છે અને જ્ઞાની

જ્ઞાતામાં રહીને કામ કરે છે.

અજ્ઞાનીને સૂક્ષ્મ વિકલ્પથી માંડીને દરેક પ્રકારના રાગાદિમાં મમત્વ હોવાથી તેને કર્મોનું બંધન થાય છે અને જ્ઞાનીને તો જાણનાર-દેખનાર સ્વભાવમાં અહમ્ અને મમત્વ છે તેથી રાગમાં મમતા કરતો નથી તેથી બંધાતો નથી. એ તો અબંધપરિણામને ઉત્પન્ન કરે છે.

હવે પરમાં કળશના ૩૪મા પદ્યમાં કહે છે કે જે જ્ઞાની છે તે કર્તા નથી.

ग्यान मिथ्यात न एक, नहि रागादिक ग्यान महि।
ग्यान करम अतिरेक, ग्याता सो करता नहीं।।३४।।

અર્થઃ-જ્ઞાનભાવ અને મિથ્યાત્વભાવ એક નથી અને જ્ઞાનમાં રાગાદિભાવ હોતા નથી. જ્ઞાનથી કર્મ ભિન્ન છે, જે જ્ઞાતા છે તે કર્તા નથી.

સ્વભાવભાવ અને વિભાવભાવ ભિન્ન ભિન્ન છે. સ્વભાવભાવમાં વિભાવભાવ ન હોય અને વિભાવભાવમાં સ્વભાવભાવ ન હોય. જ્ઞાનભાવ અને વિકલ્પને કોઈ રીતે મેળ નથી.

જુઓ! સ્ત્રી, પુત્રાદિ તો સ્વભાવથી ભિન્ન છે, ધંધો પૈસા આદિ તો ભિન્ન જ છે પણ જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવમાં વિભાવ પણ તેનાથી જુદો છે એમ કહ્યું છે. જ્યાં જ્ઞાનભાવ પરિણમ્યો ત્યાં રાગભાવ થતો જ નથી. તેથી જ્યાં જાણનાર-ધર્મી થયો ત્યાં મિથ્યાત્વરૂપ રાગનું પરિણમન હોતું જ નથી એવો જ વસ્તુનો સ્વતઃ સ્વભાવ છે.

★ ભાઈ તું શાંત થા! ધીરો થા! તારી પ્રભુતા પ્રભુ! તારી પાસે જ છે અને તારી પ્રભુતાનો ઉપયોગ તું કરી શકે છો. તારી પ્રભુતાથી તું સ્વભાવનું સાધન કર, તેમાં તારે બીજાની પાસે દીનતા કરવાની જરાય જરૂર નથી. ત્રણ ભુવનના નાથ તીર્થંકરદેવ સો ઈન્દ્રોની ઉપસ્થિતિમાં સમવસરણમાં આ વાત ફરમાવતાં હતાં. તેની જ માર્ગ પરંપરામાં આ વાત મુનિરાજ ફરમાવે છે. તેનો તું વિશ્વાસ કર! પ્રતીતિ લાવ! *-પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ*

# જીવ દ્રવ્યકર્મ કે ભાવકર્મને કરતો નથી

(સળંગ પ્રવચન નં. ૫૧)

શ્રી નાટક સમયસાર શાસ્ત્રનો આ કર્તાકર્મક્રિયા અધિકાર છે તેમાં ૫૩મા કળશ ઉપરનું ૩૫મું પદ્ય છે.

करम पिंड अरु रागभाव, मिलि एक हौंहि नहि।
दोऊ भिन्न-सरूप बसहिं, दोऊ न जीवमहि।।
करमपिंड पुग्गल, विभाव रागादि मूढ भ्रम।
अलख एक पुग्गल अनन्त, किमि धरहि प्रकृति सम।।
निज निज विलासजुत जगतमहि,
जथा सहज परिनमहि तिम।
करतार जीव जड़ करमकौ,
मोह-विकल जन कहहि इम।।३५।।

અર્થ:-જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ અને રાગ-દ્વેષ આદિ ભાવકર્મ આ બંને ભિન્ન-ભિન્ન સ્વભાવવાળા છે, મળીને એક નથી થઈ શકતાં અને એ જીવના સ્વભાવ પણ નથી. દ્રવ્યકર્મ પુદ્ગલરૂપ છે અને ભાવકર્મ જીવના વિભાવ છે આત્મા એક છે અને પુદ્ગલકર્મ અનંત છે, બંનેની એકસરખી પ્રકૃતિ કેવી રીતે હોઈ શકે? કારણ કે સંસારમાં બધાં દ્રવ્યો પોતપોતાના સ્વભાવમાં પરિણમન કરે છે તેથી જે મનુષ્ય જીવને કર્મનો કર્તા કહે છે તે કેવળ મોહની વિકળતા છે.

આ કળશમાં 'જીવ કર્મનો કર્તા નથી' એ વાત સમજાવી છે. જ્ઞાનાવરણી, દર્શનાવરણી, મોહનીય આદિ આઠ પ્રકારના કર્મ છે તેને જીવ કરતો નથી. જ્ઞાનની અશાતના આદિ ભાવને જીવ કરે છે પણ તે ભાવ તો જીવમાં રહે છે અને જ્ઞાનાવરણી તો પુદ્ગલની અવસ્થા છે તેને જીવ કરી શકતો નથી. જીવના ભાવ-મિથ્યાત્વ રાગાદિની હયાતિ જીવની દશામાં છે અને કર્મની હયાતિ પુદ્ગલની દશામાં છે, જીવ અને કરમપિંડ મળીને કદી એક થતાં નથી.

અજ્ઞાનદશામાં જીવ જેવા રાગ-દ્વેષ-મોહ ભાવને કરે છે એવા જ કર્મો, એ જ સમયે



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



જીવની સાથે બંધાય છે પણ જીવના ભાવ તે કર્મના કર્તા નથી. જીવ પોતાના સ્વભાવના ભાન વિના મિથ્યાત્વ અને રાગ-દ્વેષાદિ ભાવોને તો કરે છે. 'હું તો જ્ઞાતા-દૃષ્ટા-આનંદસ્વરૂપ છું' એવા સ્વસન્મુખતાના ભાન વિના અનેક પ્રકારના વિભાવ ભાવોને કરે છે પણ તેની જાત અને કર્મની જાત જુદી છે તેથી વિભાવ અને કર્મ બંને મળીને એક થઈ જતાં નથી.

તત્ત્વાર્થસૂત્રમાં તો આવે છે કે છ કારણોથી જીવ જ્ઞાનાવરણીકર્મ બાંધે છે, છ કારણોથી દર્શનાવરણી બાંધે છે વગેરે પણ તે બધાં નિમિત્તના કથનો છે. જીવ જેમ પોતાના ભાવને કરે છે તેમ કર્મના ભાવને જીવ કરતો નથી. કારણ કે કર્મ તો રજકણના પિંડની અવસ્થા છે-પુદ્ગલદ્રવ્યની પર્યાય છે, અને જીવના રાગ-દ્વેષ-મોહાદિભાવ છે, તે કદી એકમેક થતાં નથી. જુદાં દ્રવ્યની પર્યાયને જીવ કેવી રીતે કરે! જીવ વિકારભાવને કરે અને એ વિકારભાવ કર્મને બાંધે એવું બનતું નથી અને કર્મ જીવના વિકારભાવને કરે એમ પણ ન બની શકે કારણ કે કર્મની અવસ્થા કર્મમાં છે અને જીવની અવસ્થા જીવમાં છે. બંને અવસ્થા મળીને એક થતી નથી માટે જીવ કર્મને કરતો નથી અને કર્મ જીવના ભાવને કરતા નથી.

કર્મ અને વિકાર બંને **भिन्नसरूप वसहिं।** કર્મ રૂપીપણે રહે છે અને વિકાર અરૂપીપણે રહે છે. બંનેના સ્વરૂપ જ ભિન્ન છે. વિકાર જીવની પર્યાયમાં રહે છે પણ તે જીવનું સ્વરૂપ નથી. મૂઢ જીવનો ભ્રમ છે. **अलख एक पुग्गल अनन्त, किमि धरहि प्रकृति सम।** 'અલખ' એટલે 'આત્મા' તો એક છે અને પુદ્ગલ તો અનંત છે, બંનેની જાત જ જુદી છે તેનો સ્વભાવ એક કેમ હોય! જીવ પોતાના ભાવને કરે અને અનંત પુદ્ગલના ભાવને પણ કરે એમ અનેક દ્રવ્યોના પરિણામને એક જીવ કેમ કરે? ન કરી શકે. જીવ જેવા ભાવ કરે તેવા જ કર્મ બંધાય પણ જીવ એ કર્મબંધનનો કર્તા નથી. આ તો સ્થૂળ વાત છે છતાં જૈનને પણ સમજાતી નથી.

આત્મા 'એક' છે એમ કહ્યું તેમાં આત્મા એક દ્રવ્ય છે એમ કહેવું છે આત્મા જ્ઞાતા-દૃષ્ટા છે, રાગરૂપ નથી એ વાત અહીં નથી. અહીં તો આત્મા એક દ્રવ્ય છે અને કર્મ તો અનંત પુદ્ગલ દ્રવ્યનો પિંડ છે તો એક આત્મા અનંત પુદ્ગલદ્રવ્યની પર્યાયને કેમ કરે! કરી જ ન શકે એમ સમજાવ્યું છે. ભાષાની પર્યાયને પણ જીવ કરતો નથી કેમકે ભાષા તો પુદ્ગલની પર્યાય છે. 'હા' અજ્ઞાની જીવ પોતાના રાગભાવને કરે છે. જ્ઞાની તો રાગને પણ જાણે છે, કરતા નથી.

ગજ ગોથા ખાય ત્યાં ગાડર તો ગોથા ખાય જ તેમ, મોટા મોટા વિદ્વાન ગણાતાં લોકો પણ જ્યાં ગોથા ખાય ત્યાં નાનાનું શું કહેવું? છતાં સમજવા માગે તો સમજાય તેવી જ વાત છે.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

અહીં તો એટલું જ કહેવું છે કે જીવના સંસારભાવ કર્મને કરતા નથી અને કર્મ જીવના સંસારભાવને કરતા નથી. જીવ પોતાના સંસારભાવને પણ કરે અને કર્મને પણ કરે એમ બે દ્રવ્યના ભાવને એક જીવ કરી શકતો નથી. **निज निज विलासजुत जगतमहि**, પરમાણુ પરમાણુના વિલાસની અવસ્થાને કરે અને અજ્ઞાની જીવ પોતાની ભ્રમરૂપ અવસ્થાને કરે પણ કર્મની અવસ્થાને જીવ ન કરે.

હવે આમાં 'પરનું કાર્ય ન કરે તે દિગંબર જૈન નહિ' આ વાત ક્યાં રહી? જો જગતનાં અનંત દ્રવ્ય છે એમ તમે માનો છો તો અનંત દ્રવ્ય પોતપોતાની અવસ્થાને કર્યા વગર રહે નહિ. આત્મા આત્માના ભાવરૂપે પરિણમે અને કર્મ કર્મના ભાવરૂપે પરિણમે. અહીં આત્માના ભાવમાં 'વિકારભાવ'ને લીધો છે.

**करतार जीव जड़ करमकौ, मोह-विकल जन कहहि इम।** જીવ કર્મને કરે એ મૂરખ મિથ્યાદૃષ્ટિજનોનો ભ્રમ છે-મોહની વિકળતા અર્થાત્ પાગલપણું છે. વજન કરવાના કાંટામાં જેટલું વજન મૂક્યું હોય એ પ્રમાણે સામે કાંટો વજન બતાવે તેમ જીવ જેવા ભાવ કરે તેવા જ પ્રકારના કર્મો બંધાય એવો કર્મનો પોતાનો સ્વભાવ છે જીવ તેને કરતો નથી.

જીવ કર્મને પણ કરતો નથી તો પછી ઘરનું, દુકાનનું, સગા-વહાલાનું કામ જીવ કરે એ વાત ક્યાં રહી! તું ઈશ્વરને જગતનો કર્તા ન માન પણ કર્મનો કર્તા અને પરદ્રવ્યનો કર્તા તને માન તો એમાં ફેર શું પડ્યો! જે વસ્તુ સત્ છે તેનો કર્તા અન્ય દ્રવ્ય ન હોય અને જે વસ્તુ નથી તે તો થતી જ નથી. 'જે' છે તેને કરે કોણ અને નથી તે થાય કેમ! જે વસ્તુ છે તે પોતે જ પોતાના ભાવને કરે છે.

અરે! એક પરમાણુ બીજા પરમાણુના ભાવને કરી ન શકે તો જીવ તો પરમાણુના ભાવને કેમ કરે! જગતમાં અનંત દ્રવ્ય છે તે દરેક પોત-પોતાની અવસ્થાને કરે છે માટે હું કોઈના ભાવને ન કરું પણ સર્વને જાણું. કેમ કે 'જાણવું' એ મારો ભાવ છે.

અનંત દ્રવ્યોને આત્મા એક સમયમાં જાણે એ સિદ્ધાંત સાંભળી કોઈને એમ પ્રશ્ન ઊઠે કે જ્ઞાનમાં બધું જણાઈ જાય છે તો એ દ્રવ્યોનો અંત પણ આવી ગયો ને! જેમ કે આકાશના આખા ક્ષેત્રને જ્ઞાને જાણ્યું તો ક્ષેત્રનો અંત પણ જણાયો હશે ને!-ના ભાઈ! એમ નથી. જ્ઞાનમાં વસ્તુ જેમ છે તેમ જણાય છે. ક્ષેત્રનો અંત નથી તો જ્ઞાન પણ એમ જાણે છે કે આ ક્ષેત્રનો અંત નથી. આકાશ છે....છે....છે....એમ જણાય છે.

www.vitragvani.com



એ જ તો આ જ્ઞાનનું રહસ્ય છે કે અનંત દ્રવ્યોને જાણે, અનાદિ અનંતકાળને જાણે, અનંત ક્ષેત્રને જાણે, દ્રવ્યમાં રહેલા અનંતગુણને જાણે પણ તેથી કાંઈ વસ્તુનો અંત આવતો નથી. આત્મામાં રાગનો અંત આવીને રાગરહિત દશા થઈ જાય છે. અનંતને અનંતપણે જાણવા એ તો જ્ઞાનનો સ્વભાવ છે તે પણ પર છે માટે પરને જાણે છે એમ નહિ. પરના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની અસ્તિથી જ્ઞાનની અસ્તિ નથી. જ્ઞાન અનંતને અનંતપણે પોતાથી જાણે એવી જ્ઞાનની કોઈ અજબ શક્તિ છે અને એવી અનંત શક્તિવાળું મારું તત્ત્વ છે એમ જેને અંતર પ્રતીતમાં આવે તેને રાગની એકતા તૂટ્યા વિના રહે નહિ અને સ્વભાવમાં એકતા થયા વિના રહે નહિ.

અહો! હું તો સર્વજ્ઞસ્વભાવી-સર્વને જાણવાના સ્વભાવવાળો છું. બેહદ તત્ત્વને બેહદપણે હું જાણી શકું એવો મારો સ્વભાવ છે. આમ જ્યાં સ્વભાવને માને ત્યાં ભિન્ન પડ્યા વિના રહે નહિ. માત્ર આ વાત ધારણામાં આવે તેને 'હું રાગનો અને કર્મનો કર્તા નથી' એમ કહેવાનો અધિકાર નથી. હું ક્ષેત્રથી ભલે નાનો છતાં અપરિમિત જ્ઞાનસ્વભાવી છું એમ જ્યારે જ્ઞાનમાં ભાસે ત્યારે તે જીવ રાગનો અને પરનો અકર્તા થાય. તે જીવ 'હું રાગનો અને પરનો કર્તા નથી' એમ કહેવાનો અધિકારી થાય છે.

અહીં તો કહે છે કે જીવ સહજપણે પોતાની અવસ્થાકાળે પરિણમે છે તો પરની અવસ્થાને તો એ કેમ કરે! 'પરનું હું કરું છું' એ તો મોહી મિથ્યાદૃષ્ટિનો ભ્રમભાવ-પાગલભાવ છે. અનાદિથી ઘોર મોહનિદ્રામાં સૂતેલો જીવ જ 'હું પરને કરું છું' એમ માને છે. જીવ પોતાના ભાવને કરે એ તો પોતાનો વિલાસ છે પણ સાથે જડકર્મોની અવસ્થાને પણ જીવ કરે એમ બની શકતું નથી.

આ ૫૩મો કળશ થયો. હવે ૫૪માં કળશમાં શુદ્ધાત્માનુભવનું માહાત્મ્ય બતાવે છે. તેમાં કહેશે કે જે કર્મનો કર્તા થતો નથી તે મિથ્યાત્વને પણ કરતો નથી.

जीव मिथ्यात न करै, भाव नहि धरै भरम मल।<br>
ग्यान ग्यानरस रमै, होइ करमादिक पुदगल।।<br>
असंख्यात परदेस सकति, जगमगै प्रगट अति।<br>
चिदविलास गंभीर धीर, थिर रहै विमलमति।।<br>
जब लगि प्रबोध घटमहि उदित,<br>
तब लगि अनय न पेखिये।



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



जिमि धरमराज वरतंत पुर,
जहं तहं नीति परेखिये।।३६।।

ભગવાન જ્ઞાનસ્વભાવી પ્રભુ ભ્રમણાને કેમ કરે! કર્મનું કર્તાપણું તો જીવને નથી પણ ભ્રમણાનું કરવાપણું પણ અજ્ઞાની બળાત્કારે માને છે, ખરેખર કર્તા નહિ હોવા છતાં માને છે. જ્ઞાની તો જાણે છે કે 'રાગાદિ ભાવને કરનારો હું નથી.' જુઓ! પરનો કર્તા થવાની વાત તો દૂર રહી, આત્મા રાગનો પણ કર્તા નથી તેથી, રાગનો કર્તા માનનારને અમે આત્મા કહેતા નથી. મૂળ ભગવાનને ભૂલીને વાત કરનારાની વાતને જ્ઞાની કેમ માને! આત્મામાં તો જ્ઞાનનો રસ છે. આવ્યું ને!-'ग्यान ग्यानरस रमै!'

અર્થઃ-જીવ મિથ્યાત્વભાવ કરતો નથી અને રાગાદિ ભાવમળને પણ ધરતો નથી. કર્મ તો પુદ્ગલ છે. જ્ઞાન તો જ્ઞાનરસમાં જ લીન છે. જીવના અસંખ્યાત પ્રદેશોમાં તેની સ્થિર, ગંભીર, ધીર, નિર્મળ જ્યોતિ અત્યંત ઝગમગે છે, તે જ્યાં સુધી હૃદયમાં પ્રકાશિત રહે છે ત્યાં સુધી મિથ્યાત્વ રહેતું નથી. જેવી રીતે નગરમાં ધર્મરાજાનું રાજ વર્તતું હોય ત્યારે બધે નીતિ જ નીતિ દેખાય છે. અનીતિનો લેશ પણ રહેતો નથી. ૩૬.

જ્યાં સુધી બહિર્મુખભાવ છે ત્યાં સુધી અજ્ઞાની જીવ બહિર્મુખ ભાવને તો કરે છે પણ કર્મને કરતો નથી પણ જ્યાં પોતાનું સ્વરૂપ સમજાયું તો જોયું કે મારા જ્ઞાનરસમાં તો બહિર્મુખભાવનો પ્રવેશ જ નથી. મારો જ્ઞાનાનંદસ્વભાવી આત્મા જ્ઞાન અને આનંદને તો કરે પણ વિકલ્પને મારો આત્મા ન કરે. જેની એક એક શક્તિનું માપ અનંત છે એવી અનંત જેની શ્રદ્ધા, અનંત જેના જ્ઞાનનું માપ, અનંત જેના આનંદનું માપ એવી અનંત બેહદ શક્તિવાળુ તત્ત્વ રાગને કેમ કરે! અનંત સ્વભાવને ધરનાર મહાપ્રભુ વિભાવને કેમ કરે!

આગળના શ્લોકમાં, એક આત્મા અનંતા પુદ્ગલપિંડ-કર્મને કેમ કરે! એ વાત હતી. હવે ગુંલાટ મારી અને આ શ્લોકમાં કહ્યું કે અનંત અનંત શુદ્ધસ્વભાવને ધરનારો આત્મા એક કણી જેવા રાગાદિ મેલને કેમ કરે! સંતોના આવા ઢંઢેરા છે. દાંડી પીટીને જગતને જાહેર કરે છે કે વસ્તુસ્વરૂપ આ પ્રમાણે છે. કાંઈ ગુપ્ત રાખ્યું નથી. બેહદ અપરિમિત સ્વભાવનો સાગર ભગવાન આત્મા પરિમિત એવી સમયની ભૂલરૂપ ભ્રમણાને કેમ કરે!

આત્મા પરના કામ ન કરી શકે, દવા ન લઈ શકે, ઈન્જેક્શન લઈ ન શકે, બોલી ન શકે, ચાલી ન શકે, ખાઈ ન શકે એ બધું શ્રદ્ધામાં આવ્યું હોય તો હવે કહે છે કે આગળ વધ! આત્મા બેહદ જ્ઞાનસ્વભાવી છે તેથી બેહદ ક્ષેત્ર, કાળ, ભાવવાળા દ્રવ્યોને બેહદસ્વભાવે જાણે



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પણ મિથ્યાત્વને ન કરે. બેહદ જ્ઞાન કરનારું તત્ત્વ વિભાવના ક્ષણિકભાવને કેમ કરે? વ્રત, તપ, દયા, દાનાદિ ભાવને આત્મા ન કરે, કેમ કે એ તો અજ્ઞાનભાવ છે. ક્ષણ પૂરતો ચેતનનો અંશ છે તેને બેહદ સ્વભાવી આત્મા કેમ કરે! જે સ્વભાવમાં નથી એવી મિથ્યાભ્રમણા અને કૃત્રિમ રાગને એ કેમ કરે! ત્રિકાળ રહેલાં ભાવને છોડીને રાગાદિ ક્ષણિકભાવને આત્મા ન કરે.

આ તો નવી જાતનો ધર્મ કાઢ્યો છે એમ લોકોને લાગે પણ આત્માનો ધર્મ તો અનાદિનો છે એને કદી જાણ્યો ન હતો તેથી નવો લાગે. આ તો સાદી ભાષામાં બનારસીદાસજીએ, સમયસારના અમૃતચંદ્રાચાર્યના શ્લોક ઉપરથી રાજમલ્લજીએ ટીકા રચી છે તેના ઉપરથી પદ્યમાં નાટક સમયસારની રચના કરી છે. આ નાટકની ચર્ચા તો ઘરે-ઘરે થવા લાગી છે એમ પાછળ પ્રશસ્તિના પદ્યમાં આવે છે.

ભારે ચીજની ઉપર હળવી ચીજ રહી શકે પણ હળવી ચીજ ઉપર ભારે ચીજ ન રહી શકે તેમ, કર્તાબુદ્ધિ વિનાના હળવા આત્મા ઉપર મિથ્યાત્વનો બોજો ન રહી શકે. શુદ્ધચૈતન્યઘન નિર્મળ ચીજ મલિનભાવને કેમ ધારે! શીખંડના ખાનારા વિષ્ટાને કેમ ખાય? મોતીના ચારાને ચરનારા હંસલા જુવારના દાણાં ન ખાય. તેમ જ્ઞાનશક્તિ તો જ્ઞાનમાં રમે. વિભાવમાં તે ન રમે રાગને કરે કે ધરે નહિ અને સ્વભાવમાં રમે એવું આત્માનું સ્વરૂપ છે.

જુઓ! રાગમાં રમે એમ કહ્યું નથી. આત્મા રાગને કરે પણ નહિ અને ધરે પણ નહિ. આત્મા જ્ઞાનરસમાં રમે તો કર્માદિક છે તે પણ સામાન્ય પુદ્ગલપણે થઈ જાય. જ્ઞાનપ્રકાશ થતાં કર્મ પુદ્ગલરૂપ થઈ જાય. જ્ઞાને અજ્ઞાનનો વેષ ધારણ કર્યો હતો તે છૂટતાં પુદ્ગલે કર્મનો વેષ ધાર્યો હતો તે છોડીને પુદ્ગલરૂપ થઈ જાય છે.

ભગવાન આત્મા શરીર પ્રમાણે (શરીર જેવડો) અરૂપી અસંખ્ય પ્રદેશનો પિંડ છે. અર્થાત્ અસંખ્યાતપ્રદેશી આત્માનું ક્ષેત્ર છે તેમાં પોતે રમે છે. અનંત શક્તિનો ધરનારો અસંખ્ય પ્રદેશી આત્મા તેનું ભાન થતાં અસંખ્ય પ્રદેશમાં જ્ઞાનજ્યોતિ ઝગમગવા લાગે છે. જ્યારે આત્મા રાગનો કર્તા થતો હતો ત્યારે ચૈતન્યજ્યોતિ પર્યાયમાં ઢંકાઈ જતી હતી (પ્રગટ થતી ન હતી) તે હવે પર્યાયમાં ઝગમગવા લાગી. બ્રહ્માંડનો નાથ, બ્રહ્માંડને જાણનાર, બ્રહ્માંડમાં નહિ પેસનાર, બ્રહ્માનંદી આત્મા ઝગમગ થવા લાગે છે.

**अप्पा सो परमप्पा**।-આત્મા તે પરમાત્મા છે. આત્મામાં પરમાત્મશક્તિ છે તે પ્રગટીને બહાર આવે છે. શક્તિમાં છે તેનો જ એન્લાર્જ થાય છે, બહારથી કાંઈ આવતું નથી. દર્શન, જ્ઞાન, આનંદ, શ્રદ્ધા આદિ શક્તિથી પ્રગટતાથી આત્મા ઝગમગવા લાગે છે.-વિલાસ કરે છે.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**चिदविलास गंभीर धीर, थिर रहै विमलमति।** રાગની રમતું છોડીને જે જ્ઞાનમાં આવ્યો તેનો જ્ઞાનવિલાસ જ આત્મા છે, તે જ્ઞાનરસમાં રમે છે, તેનો વિલાસ ઘણો ઊંડો અને ગંભીર છે. જ્ઞાનની દશામાં અનંતતા આવી ગઈ છે છતાં ધીર છે, શાંત છે.

જુઓ! આ સમ્યગ્દર્શનમાં-આત્માના ભાનમાં આવી દશા થાય છે એમ કહે છે. રાગ ઉપરથી દૃષ્ટિ ઉઠી ગઈ અને સ્વભાવ ઉપર દૃષ્ટિ ગઈ ત્યાં ચૈતન્યના અસંખ્ય પ્રદેશો ઝગમગવા લાગે છે. અનંતાગુણોના પર્યાયો પ્રગટ થઈ ગયા. જ્ઞાન પર્યાયરૂપી 'ધી (બુદ્ધિ) અખંડપૂર્ણ પ્રભુને ધ્યેય બનાવીને તેમાં ઢળી છે માટે તે ધીર છે અને ગંભીર છે.

અરે! એણે કદી એના ગાણાં પણ સાંભળ્યાં નથી. મહાવ્રત પાળો, ભક્તિ કરો અને સિદ્ધગિરી શેત્રુંજયની જાત્રા કરો એટલે તમારું કલ્યાણ થઈ જશે એવી વાત સાંભળી છે. પણ એ તો શુભભાવ છે. તે ભાવ હોય પણ તેનાથી કાંઈ ધર્મ થાય તેમ નથી. જ્ઞાનીને પણ શુભરાગ તો હોય છે પણ તે પુણ્યબંધનું કારણ છે, સંવર-નિર્જરાનું કારણ નથી. 'ભગવાનના દર્શનથી આસ્રવ ઘટે અને સંવર વધે' એ ભગવાનના વચન નથી. જ્ઞાનીને અસ્થિરતા ન ટળે ત્યાં સુધી શુભભાવ હોય છે, થાય છે-થઈ જાય છે પણ તેનાથી સંવર થતો નથી. અંતરમાં નિર્મળ જ્યોતિ ઝગમગતી જ રહે છે-સ્થિર રહે છે. તે ચિદ્‌વિલાસ છે.

**जब लगि प्रबोध घटमहि उदति**-જ્યાં સુધી અંદરમાં જ્ઞાનસ્વરૂપનું ભાન વર્તે છે ત્યાં અન્યાય એટલે મિથ્યાત્વ અંદરમાં પ્રવેશી શકતું નથી. અહીં મિથ્યાત્વને જ અન્યાય કહે છે. જ્યાં જ્ઞાનનો પ્રકાશ છે ત્યાં મિથ્યાત્વનો અંધકાર ન હોય. જેમ ધરમરાજ એટલે રામના રાજમાં ક્યાંય અનીતિનું નામ ન હતું. જ્યાં જુઓ ત્યાં નીતિ-નીતિ અને નીતિ જ દેખાય. પુરુષોત્તમ પુરુષ રામનું રાજ્ય એવું હતું તેમ, આ ચૈતન્યરાજાના રાજ્યમાં ભ્રમ પ્રવેશી ન શકે. જ્યાં સુધી પ્રબોધ એટલે સમ્યગ્જ્ઞાન રહે ત્યાં સુધી મિથ્યાત્વ આવી ન શકે. ભ્રમની તાકાત નથી કે બ્રહ્મમાં આવી શકે.

અનંતગુણનું ધામ પ્રભુ ચૈતન્યસ્વરૂપ ભગવાન જ્યાં રાગથી ભિન્ન પડીને પોતાના ભાનમાં આવ્યો ત્યાં તેને અન્યાય અને મિથ્યાત્વ ન હોય શકે.

આ ૫૪મા કળશનું ૩૬મું પદ્ય પૂર્ણ થયું. હવે અધિકારનો સાર કહેશે.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

# વસ્તુને પ્રથમ અનેક પડખાથી સમજ

(સળંગ પ્રવચન નં. ૫૨)

આ નાટક સમયસાર શાસ્ત્ર છે. તેમાં ત્રીજા અધિકારનો સાર કહે છે. તેમાં પ્રથમ ક્રિયા, કર્મ અને કર્તાની વ્યાખ્યા કરે છે.

કરવું તે ક્રિયા, કરવામાં આવે તે કર્મ અને જે કરે તે કર્તા છે. અભિપ્રાય એ છે કે જે ક્રિયાનો વ્યાપાર કરે તે કર્તા છે. અર્થાત્ કામ કરનારને કર્તા કહે છે. જેમાં ક્રિયાનું ફળ રહે છે અર્થાત્ કરેલા કામને કર્મ કહે છે, જે કાર્ય કરવામાં આવે તેને ક્રિયા કહે છે. જેમકે કુંભાર કર્તા છે, ઘડો કર્મ છે અને ઘડો બનાવવાની વિધિ ક્રિયા છે. અથવા જ્ઞાનીરામ કેરી તોડે છે, આ વાક્યમાં જ્ઞાનીરામ કર્તા, કેરી કર્મ અને તોડવું તે ક્રિયા છે.

કોઈ પણ પદાર્થમાં પલટવાની ક્રિયા કરવી તે 'ક્રિયા'; છે. અને જે કરવામાં આવે છે તેને 'કર્મ' અથવા કાર્ય કહેવાય છે. (કર્મ એટલે જડકર્મની વાત નથી.) અને આ પલટવાની ક્રિયાને જે કરે છે તે 'કર્તા' છે. વિશેષ સ્પષ્ટ કરતા કહે છે કે જેમાં પલટવાનું ફળ આવે છે-કાર્ય થાય છે તે કાર્યને કર્મ કહેવાય છે. તે વસ્તુ ચેતન હો કે અચેતન હો પણ તેના કાર્યને કર્મ કહેવાય. આ તો એકલા સિદ્ધાંત છે. આગળ ૭મો શ્લોક આવી ગયો છે કે કર્તા, કર્મ અને ક્રિયા ત્રણેય એક જ વસ્તુમાં છે તેના નામ ત્રણ છે.

કર્તા પરિણામી દ્રવ્ય, કર્મરૂપ પરિણામ,<br>
ક્રિયા પર્યાયકી ફેરણી, વસ્તુ એક ત્રય નામ.

છ એ દ્રવ્યમાં જે દ્રવ્ય છે તે કર્તા છે, તેના પરિણામ અથવા ભાવને કર્મ કહેવાય છે અને જે કરવામાં આવે છે તેને ક્રિયા કહેવાય છે. આ કર્તા, કર્મ, ક્રિયા ઉપર જે દૃષ્ટાંતથી સમજાવ્યા છે તે ભેદકારક છે. એટલે કે કર્તા જુદું દ્રવ્ય છે, અને કર્મ અને ક્રિયા જુદા દ્રવ્યમાં થાય છે. ઘડાનું દૃષ્ટાંત છે તેમાં કુંભાર કરનારો છે માટે તે કર્તા છે અને ઘડો તેનું કાર્ય છે. માટીના પિંડામાંથી પલટીને

www.vitragvani.com



ઘડાનું કાર્ય આવ્યું તેમાં પલટવું તે ક્રિયા છે. એ જ રીતે કેરી તોડવાનું દૃષ્ટાંત પણ ભેદવિવક્ષાનું જ છે. તોડનારો જ્ઞાનીરામ કર્તા છે, તોડવું તે ક્રિયા છે અને તોડવાના ફળરૂપે કેરી હાથમાં આવી તે જ્ઞાનીરામનું કર્મ છે.

આ ભેદ-વ્યવહારમાં જેમ, કર્તા-કર્મ-ક્રિયા ભિન્ન ભિન્ન દ્રવ્યમાં રહે છે તેમ અભેદ-દૃષ્ટિમાં હોતું નથી. અભેદ-દૃષ્ટિમાં કર્તા-કર્મ અને ક્રિયા ત્રણેય એક જ દ્રવ્યમાં હોય છે. જેમકે

"ચિદ્‌ભાવ કર્મ ચિદેશ કર્તા, ચેતના કિરિયા તહાં." -*છઢાળા*

આમાં, જ્ઞાનસ્વભાવી ભગવાન આત્મા 'ચિદેશ' છે તે કર્તા છે. કર્તા શું કરે છે?-ચિદેશ કર્તા જ્ઞાનભાવને કરે છે માટે જ્ઞાનભાવ અર્થાત્ ચિદ્‌ભાવ તે કર્મ છે. અને ચેતવાની પરિણતિ તે ક્રિયા છે. ફરી-જ્ઞાનનો ધણી આત્મા તે ચિદેશ 'કર્તા' છે, ચૈતન્યભાવ તેનું કાર્ય અર્થાત્ કર્મ છે અને જાણવું તે તેની ક્રિયા છે.

આ તો પરપદાર્થથી જુદું દરેક દ્રવ્યનું સ્વતંત્ર પરિણમન સિદ્ધ કરવા કર્તા, કર્મ, ક્રિયા ત્રણેય એક જ વસ્તુમાં છે. એમ બતાવ્યું છે ખરેખર આત્માનો ધ્રુવસ્વભાવ ચિદેશ ભગવાન આત્માને શુદ્ધપરિણામનો કર્તા કહેવો તે પણ વ્યવહાર છે. ધ્રુવસ્વભાવ પરિણામને પણ કરતો નથી.

ચિદેશ એટલે ચિદ્+ઈશ=જ્ઞાનનો ઈશ્વર ભગવાન આત્મા કર્તા થઈને કરે તો શું કરે? કે જ્ઞાનને કરે-જાણવાના કાર્યને કરે તે ચિદેશનું કર્મ અર્થાત્ કાર્ય છે. રાગાદિ કરવા કે જડની પર્યાયને કરવી તે તેનું કાર્ય નથી. લાડવા વાળવા, મકાન બનાવવા કે એવા કોઈ જડના કાર્યનો કર્તા આત્મા નથી. આત્મા તો પોતાની જ્ઞાનની ક્રિયાને કરનારો કર્તા છે. નિશ્ચયથી તો અપરિણામી આત્મામાં પરિણામની ક્રિયા જ નથી. પરિણામની ક્રિયાને અપરિણામી આત્મા કરતો નથી. પરથી ભિન્ન પડાવવા પરિણામ અને પરિણામીમાં કર્તા-કર્મ સંબંધ બતાવ્યો પણ પરિણામ અને પરિણામીનું ભિન્ન ભિન્ન સ્વરૂપ સમજાવવું હોય ત્યારે પરિણામી ભગવાન આત્મા પરિણામની ક્રિયાનો કર્તા નથી. ૩૨૦મી ગાથામાં આવી ગયું છે કે મોક્ષમાર્ગ અને મોક્ષના પરિણામને પણ 'ધ્રુવ' કરતું નથી.

એક દ્રવ્ય કર્તા અને બીજા દ્રવ્યમાં તેનું કર્મ કહેવું એ તો માત્ર નિમિત્ત-



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



નૈમિત્તિક સંબંધ બતાવવા પૂરતો વ્યવહાર છે. આ વાત બધાં દ્રવ્યને લાગુ પડે છે પણ આપણે તો મુખ્યપણે આત્માની જ વાત કરી લેવી છે. આત્માને પરના કાર્યનો કર્તા કહેવો એ તો માત્ર વ્યવહાર છે. આત્મા પરના કાર્યનો કર્તા નથી અને પરદ્રવ્યરૂપ કર્તાનું કાર્ય પણ નથી. આત્મા તો પોતાના નિર્મળ શ્રદ્ધા ભાવનો, જ્ઞાનભાવનો, એવા બધાં નિર્મળભાવોનો કર્તા છે અને નિર્મળભાવ એ તેનું કામ એટલે કર્મ છે અને એક ભાવથી બીજાં ભાવરૂપ અવસ્થા થાય તે તેની ક્રિયા છે. આમ, પરથી ભિન્ન પડાવી આત્મામાં અભેદ કર્તા-કર્મ-ક્રિયા બતાવ્યાં. હવે, તેનાથી આગળ જવું હોય તો ધ્રુવમાં પરિણામ નથી અને ધ્રુવ પરિણામને કરતું નથી. સદૃશપણે એકરૂપ રહેલો ત્રિકાળી ભાવ વિસદૃશ એવા પરિણામમાં આવતો નથી.

ઉત્પાદ-વ્યય વિસદૃશ છે. થવું.....જવું, થવું.....જવું એ ઉત્પાદ્-વ્યયનું સ્વરૂપ છે, ધ્રુવ તો સદાય સ્થિર છે તેથી તે ઉત્પાદ-વ્યયમાં આવતો નથી. અનાદિથી જીવ આ ઉત્પાદ-વ્યયરૂપ પર્યાયમાં જ પોતાનું અસ્તિત્વ માનીને બેઠો છે-પર્યાયમાં જ એકત્વબુદ્ધિ છે તેને તોડવામાં આ કહેવામાં આવે છે કે પરિણામ તારી ધ્રુવવસ્તુમાં નથી. દ્રવ્યલિંગી સાધુ થઈને નવમી ગ્રૈવેઈક જઈ આવ્યો તોપણ તેની માન્યતામાં અંશમાં જ પોતાની સત્તાનો સ્વીકાર છે. પરિણામ ઉપરાંત આખી વસ્તુ છે તેનો તેને અંતરમુખ દૃષ્ટિપૂર્વક સ્વીકાર કદી આવ્યો નથી. પરિણામની દૃષ્ટિ તે બહિર્મુખ દૃષ્ટિ છે. નિયમસારમાં પરિણામને બહિરતત્ત્વ જ કહ્યાં છે. કારણ કે અંતઃતત્ત્વથી તે બહિરંગ છે. ભલે તે આસ્રવતત્ત્વ હો કે સંવર તત્ત્વ હો પણ બહિરતત્ત્વ છે. સદૃશરૂપે રહેલો એકરૂપભાવ વિસદૃશ પરિણામમાં આવતો નથી એટલે કે સ્થિર રહેલો ભાવ અસ્થિર એવા પરિણામમાં આવતો નથી.

અનાદિથી જીવે વર્તમાન વર્તતી દશામાં એકત્વ કર્યું છે અને તેથી રખડ્યો છે તેથી એ એકત્વથી છોડાવી તેને ધ્રુવમાં લઈ જવો છે. માટે કહે છે કે જે સ્થિરબિંબ ધ્રુવ-અચળ અવિચળ-નિશ્ચલ ધ્રુવ છે તે મોક્ષના પરિણામને કે મોક્ષમાર્ગના પરિણામને પણ કરતો નથી, તે મોક્ષ અને મોક્ષમાર્ગના પરિણામથી પણ રહિત છે.

આમાં કેટલું સમજવું! એક તરફ તો કુંભાર ઘડાનો કર્તા છે એ વાત છે અને બીજી બાજુ દ્રવ્ય પોતાના પરિણામને પણ કરતું નથી એ બેમાં મોટો આંતરો છે તે કેમ સમજાય! એમ અજ્ઞાનીને થઈ જાય. કુંભાર વિના કાંઈ ઘડા થાય!



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આત્મા વિના કાંઈ રાગ થાય! હા ભાઈ! આત્મા ઘડાને તો કરતો નથી પણ રાગને પણ કરતો નથી. ધ્રુવદ્રવ્ય શુદ્ધપરિણામને પણ કરતું નથી.

એક મહાપ્રભુના બે સ્વરૂપ છે. એક ધ્રુવસ્વરૂપ છે અને બીજું પર્યાયસ્વરૂપ છે. એમ જ્યારે વસ્તુને તેના બે સ્વરૂપથી સમજવું હોય તો ધ્રુવસ્વરૂપમાં પરિણામ નથી અને પરિણામસ્વરૂપમાં ધ્રુવ નથી. તેથી ધ્રુવ તે પરિણામનો કર્તા નથી.

આમ, વ્યવહારથી કુંભારને ઘડાનો કર્તા કહેવો અને નિશ્ચયથી ધ્રુવ વસ્તુ પરિણામને પણ કરતી નથી એમ કહેવું તે બે વાતમાં કાંઈ વિરોધ નથી. બંને અપેક્ષા જ જુદી છે. ચિદેશને ચિદ્‌ભાવનો કર્તા કહેવો તે પણ જૂઠ નથી. પરવસ્તુથી ભિન્નપણું સમજાવવા આત્મા પોતાના પરિણામનો કર્તા છે અને પરિણામ આત્માનું કર્મ છે એ વાત સિદ્ધ કરી છે, પણ જ્યારે એક આત્માના જ બે સ્વરૂપને સમજાવવા હોય અને ધ્રુવનું માહાત્મ્ય કરાવીને જીવને ધ્રુવની દૃષ્ટિ કરાવવી હોય ત્યારે પર્યાય પણ ધ્રુવમાં નથી એવું સ્વરૂપ સમજાવું જોઈએ અને સમજનારે પણ જે અપેક્ષાથી જે કથન થતું હોય તેને તે અપેક્ષાથી સમજવું જોઈએ.

દૃષ્ટાંતમાં અભેદ વિવક્ષામાં માટી કર્તા છે, ઘડો કર્મ છે અને માટીનું પિંડ પર્યાયમાંથી ઘટપર્યાયરૂપ થવું તે ક્રિયા છે એમ સમજવું. આત્મામાં આત્મા કર્તા છે, જ્ઞાન તેનું કર્મ છે અને જાણવું તે તેની ક્રિયા છે એમ સિદ્ધાંત સમજવો.

આ અધિકારમાં કર્તા-કર્મ-ક્રિયા શબ્દ ક્યાંક ભેદદૃષ્ટિથી અને અભેદદૃષ્ટિથી કહેવામાં આવ્યા છે, તેથી ખૂબ ગહન વિચારપૂર્વક સમજવું. અજ્ઞાની પોતાને જડકર્મોનો કર્તા માને છે ત્યાંથી છોડાવવા તેને રાગનું કર્તાપણું ઠરાવે છે અને રાગનું કર્તાપણું છોડાવવા તેને જ્ઞાનનું કર્તાપણું સિદ્ધ કરી સમજાવાય છે. આમ, આ બધી ઊંડી વાતો છે તેને જેમ છે તેમ યથાર્થ રીતે સમજવી.

શ્રોતાઃ-શાસ્ત્રમાં જ જીવને કર્મનો કર્તા તો કહ્યો છે?

પૂજ્ય ગુરુદેવશ્રીઃ-જીવ અને કર્મના બંધનને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે એ બતાવવા એમ કથન આવે છે પણ ખરેખર જીવને અને જડને કર્તા-કર્મ સંબંધ નથી. અહો! ભગવાન આત્માને તેનું સ્વરૂપ માહાત્મ્ય સમજાવવા એમ પણ કહેવાય કે જગતમાં જીવને પોતાના દ્રવ્યપર્યાયસ્વરૂપ સિવાય બીજી કોઈ ચીજ નથી. મારી



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

અપેક્ષાએ હું એકલો જ પૂર્ણ છું. મારી પૂર્ણતા માટે જગતની કોઈ ચીજની જરૂર નથી. મારા સુખ માટે મારો આત્મા જ એક સાધન છે. સુખ માટે બીજું કોઈ સાધન નથી એ અપેક્ષાએ જગતમાં બીજી કોઈ ચીજ જ નથી એમ કહેવાય. હું જ એક સર્વસ્વ ધ્રુવ છું. ધ્રુવની અપેક્ષાએ પર્યાય પણ નથી એમ અપેક્ષાથી સમજીને લઈ શકાય છે. ધ્રુવની અપેક્ષાએ 'પર્યાય છે' એવા વિકલ્પની પણ ત્યાં જરૂર નથી.

મારી સત્તાની અપેક્ષાએ બીજી ચીજ અસત્તા છે પણ પરવસ્તુ જ નથી એમ નથી. તેમ ધ્રુવમાં પર્યાય નથી પણ ખરેખર સંબંધ નથી એમ નથી. ધ્રુવને પર્યાય સાથે વ્યવહાર સંબંધ છે પણ ખરેખર સંબંધ નથી. ધ્રુવને સામાન્ય કહો કે એકરૂપ સદૃશ્યભાવ કહો એક જ છે. સમયસારની ૧૧મી ગાથામાં તેને જ ભૂતાર્થ કહ્યો છે અને છટ્ઠી ગાથામાં તેને એક જ્ઞાયકભાવ કહ્યો છે. પ્રમત્ત-અપ્રમત્તની પર્યાય ધ્રુવમાં નથી. આ ધ્રુવભાવ જ મહાપ્રભુ છે તેની અસ્તિમાં બીજાં બધાંની નાસ્તિ છે. સર્વજ્ઞસ્વભાવી મહાપ્રભુની અપેક્ષાએ એક સમયની પર્યાયની પણ તેમાં નાસ્તિ છે.

આ તત્ત્વ સમજવું એમાં તારું ડહાપણ છે ભાઈ! વકીલાત કરવી કે દુકાન ચલાવવી, પૈસા કમાવા એમાં તારું ડહાપણ નથી.

મારું હોવાપણું, તો એક મારા સર્વજ્ઞસ્વભાવમાં જ છે. અલ્પજ્ઞ પર્યાયમાં મારું હોવાપણું નથી અને કેવળજ્ઞાનના પર્યાય જેવડો પણ હું નથી. નિયમસારમાં તો ત્યાં સુધી વાત આવી ગઈ કે ક્ષાયિકભાવ એટલે કેવળજ્ઞાનની પર્યાય પણ પરદ્રવ્ય, પરભાવ અને હેય છે. કેમ? કેમ કે તેના આશ્રયથી નવી નિર્મળ પર્યાય પ્રગટ થતી નથી માટે આશ્રય તો એક ત્રિકાળી સ્વભાવનો જ લેવા યોગ્ય છે.

અજ્ઞાનની દશામાં જીવ શુભાશુભકર્મ અને શુભાશુભ પ્રવૃત્તિને પોતાની માને છે અને તેનો કર્તા પોતે બને છે, પરંતુ ખૂબ ધ્યાન રાખો કે લોકમાં અનંત પૌદ્‌ગલિક કાર્માણવર્ગણાઓ ભરેલી છે આ કાર્માણવર્ગણાઓમાં એવી શક્તિ છે કે આત્માના રાગ-દ્વેષનું નિમિત્ત પામીને તે કર્મરૂપ થઈ જાય છે-રાગ છે માટે કર્મ બંધાય છે એમ નથી તેથી 'રાગનું નિમિત્ત પામીને' એમ શબ્દ વાપર્યો છે પરમાણુનો તે કાળે કર્મરૂપ થવાનો પોતાનો સ્વભાવ છે તેમાં રાગ માત્ર નિમિત્ત છે.

થોડો થોડો અભ્યાસ કરે તો સમજાય તેવું છે, મુંજાવું પડે તેવું નથી. ક્યારેય સાંભળ્યું ન હોય એટલે સૂક્ષ્મ લાગે.

જીવ અને પુદ્ગલ બંનેના સ્વભાવ ભિન્ન છે. કોઈ કોઈના પરિણામને કરતાં નથી. પુદ્ગલની કર્મરૂપ અવસ્થા થાય ત્યારે જીવના વિકારી ભાવનું નિમિત્ત છે પણ વિકાર કર્મની રચના કરી શકતો નથી. વિકારને અને કર્મબંધનને સમયભેદ નથી પણ જે સમયે જીવમાં રાગ-દ્વેષરૂપ વિકાર થાય છે એ જ સમયે જડ વર્ગણા કર્મબંધનરૂપે પરિણમે છે પણ કર્મબંધન વિકારથી થઈ શકતું નથી. કર્મ બંધાય ત્યારે અજ્ઞાનીના રાગ-દ્વેષ નિમિત્તરૂપે જરૂર હોય જ છે પણ તે કર્તા નથી. કર્મને પણ ખબર નથી કે જીવને રાગ-દ્વેષ થયા છે માટે હું કર્મરૂપે પરિણમું. કુદરતી કર્મની વ્યવસ્થિત વ્યવસ્થા થઈ જાય છે.

તેથી સ્પષ્ટ છે કે જ્ઞાનાવરણાદિકર્મ પુદ્ગલરૂપ છે, અચેતન છે, પુદ્ગલ જ તેનો કર્તા છે-આત્મા નહિ. હા, રાગ-દ્વેષ-મોહ આત્માના વિકાર છે તે આત્મજનિત છે. રાગ- દ્વેષ અને મોહ એટલે મિથ્યાત્વને કર્મના નિમિત્તની અપેક્ષા નથી. અર્થાત્ કર્મરૂપ નિમિત્તના અસ્તિત્વથી રાગ-દ્વેષ-મોહ થાય છે-એમ નથી. માટે રાગ-દ્વેષ-મોહ જીવ પોતાના અપરાધથી કરે છે, કર્મ કરાવતાં નથી એમ સમજવું.

બૃહદ્દ્રવ્યસંગ્રહમાં રાગ-દ્વેષ-મોહ જીવજનિત છે અને પુદ્ગલજનિત છે તેનું સરસ સમાધાન કરાવ્યું છે. તે આ પ્રમાણે કે-જેમ સંતાન ન તો એકલી માતાથી થાય છે કે ન તો એકલા પિતાથી થાય છે. પરંતુ બંનેના સંયોગથી સંતાન ઉત્પન્ન થાય છે તેવી જ રીતે રાગ-દ્વેષ-મોહ ન તો એકલો આત્મા ઉપજાવે છે કે ન તો પુદ્ગલ ઉપજાવે છે, જીવ અને પુદ્ગલ બંનેના સંયોગથી રાગ-દ્વેષ-મોહ ભાવકર્મની ઉત્પત્તિ થાય છે. જો એકલા પુદ્ગલથી રાગ-દ્વેષ-મોહ થાય તો કલમ, કાગળ, ઈંટ, પત્થર આદિને પણ રાગ-દ્વેષ-મોહ થવા જોઈએ અને એકલા આત્માથી રાગ-દ્વેષ-મોહ થતાં હોય તો સિદ્ધને પણ થવા જોઈએ. વિશેષ લખવાથી શું? પુદ્ગલ અને જીવ બંનેના સંયોગથી થાય છે.

ઉપરના કથનમાં પ્રમાણજ્ઞાન કરાવ્યું છે પણ તે નિશ્ચય રાખીને સમજવા માટે વાત છે. નિશ્ચયથી રાગ-દ્વેષ-મોહ જીવમાં જ થાય છે એ વાત નક્કી રાખીને નિમિત્તથી કથન કરતાં તેને પુદ્ગલજનિત પણ કહેવાય છે. દૃષ્ટાંતમાં માતા-પિતા બંને નિમિત્ત છે સંતાન પોતાના ઉપાદાનથી થાય છે તેમ. રાગ-દ્વેષ-મોહ જીવથી પોતાથી થાય છે પણ તેમાં પુદ્ગલકર્મનું નિમિત્ત હોય છે તેથી પ્રમાણથી જીવ અને પુદ્ગલ

www.vitragvani.com



બંનેથી કર્મ થયા કહેવાય છે.

પંચાસ્તિકાયની ૬૨મી ગાથામાં આવે છે કે વિકાર જીવથી જ થાય છે તેમાં તેને કોઈ પર કે નિમિત્તની અપેક્ષા નથી.

સ્વભાવની દૃષ્ટિ થાય તેને સ્વભાવનું કાર્ય સ્વભાવરૂપ જ હોય, પરભાવ એટલે વિકારરૂપ ન હોય એવી દૃષ્ટિ હોવાથી રાગ થાય છે તેનો તે જ્ઞાતા હોવાથી રાગ કર્મનું કાર્ય છે એમ કહે છે.

પ્રમાણજ્ઞાનમાં વિકારનો નિશ્ચયકર્તા જીવ છે અને નિમિત્તકર્તા પુદ્ગલ છે માટે બંનેથી આ કાર્ય થયું છે એમ તેમાં નિશ્ચયનું જ્ઞાન રાખીને એમ જાણવામાં આવે છે. નિશ્ચયનો નિષેધ કરતું નથી. નિશ્ચયથી રાગ-દ્વેષાદિ જીવનું કાર્ય છે એમ રાખીને સાથે કર્મના નિમિત્તનું પણ જ્ઞાન કરાવીને પ્રમાણજ્ઞાન જેમ છે તેમ સમજાવે છે. નિશ્ચયનો નિષેધ કરે તો જ્ઞાન પ્રમાણ રહેતું નથી. અહીં આ ગ્રંથ નિશ્ચયનો હોવાથી પ્રમાણથી વાત ન કરતાં નિશ્ચયથી વાત કરી છે.

રાગ-દ્વેષ-મોહ જીવનું નિજસ્વરૂપ નથી માટે શુદ્ધનિશ્ચનયથી તેને પુદ્ગલના કહ્યાં છે. શુદ્ધનિશ્ચયથી જોતાં જીવનાં સ્વભાવમાં રાગ-દ્વેષ-મોહ નથી. માટે તે જીવના નથી અને પરમ શુદ્ધનિશ્ચયથી તો રાગ-દ્વેષ-મોહ આત્મજનિત પણ નથી અને પુદ્ગલજનિત પણ નથી. વસ્તુ જ નથી, અવસ્તુ છે.

હવે આટલી બધી અપેક્ષા સમજવી તો કઠણ પડે છે. એક જ આત્મા છે અને તે ઈશ્વરે બનાવ્યો છે એમ માનનારાને આ અઘરું પડે પણ એમ ન ચાલે. આત્મા છે, આત્મા ભૂલ્યો છે તે કેમ ભૂલ્યો છે, ભૂલ શું છે? ભૂલ ન હોય તો આનંદનો પ્રત્યક્ષ અનુભવ હોવો જોઈએ એ તો નથી માટે ભૂલ તો છે જ, તેનું કારણ અને નિવારણ બધું શોધવું પડે. આત્મા ભૂલ્યો છે છતાં સ્વભાવમાં ભૂલ નથી તેથી ભૂલ ભાંગીને ભગવાન થઈ શકે છે એવો બધો નિર્ણય કરવો પડશે.

શુભાશુભભાવ અને શુભાશુભ ક્રિયા આત્માનો સ્વભાવ નથી માટે પુદ્ગલજનિત છે. આમ આ પેરેગ્રાફમાં ઘણી અપેક્ષા સમજાવી છે. હવે સારાંશ એ છે કે શુભાશુભ કર્મ અને શુભાશુભ ક્રિયાને આત્માના માનવા અને તે બંનેનો કર્તા જીવને ઠરાવવો



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



તે અજ્ઞાન છે. શુભાશુભભાવ પણ જીવનો સ્વભાવ નહિ હોવા છતાં પોતાના માનવા તે અજ્ઞાન છે. સ્વભાવનું ભાન નથી માટે અજ્ઞાન છે. સ્વભાવનું ભાન હોય તો રાગ-દ્વેષ થતાં જ નથી. કારણ કે વસ્તુમાં રાગ-દ્વેષ-મોહ નથી.

આ મારગ એવો છે કે વિચાર કરીને સમજણના બધાં પડખાં ચોખ્ખા થવા જોઈએ, તેમાં જો ક્યાંય ભૂલ રહી જાય તો અંતરમુખ થવાની યોગ્યતા ન થાય. વાસ્તવિક સમજણ થાય પછી જ અંતરમાં જઈ શકાય છે.

ભગવાન આત્મા તો પોતાના જ્ઞાનભાવ અને ચૈતન્ય ક્રિયાનો કર્તા છે. ત્રિકાળી ચૈતન્યસ્વભાવની પરિણમનની ક્રિયા અને તેના ફળરૂપ કાર્યનો જીવ કર્તા છે. રાગનો કર્તા નથી, વ્યવહારનો કર્તા નથી અને કર્મનો કર્તા તો નથી જ.

મિથ્યાત્વના ઉદયથી જીવ શાતા-અશાતા આદિ કર્મ અને દયા, દાન, પૂજાદિ તથા વિષય-કષાયાદિ શુભાશુભ ક્રિયામાં અહંબુદ્ધિ કરે છે કે આ કર્મ મારા છે અને આ ક્રિયા મારી છે. આવો મિથ્યાત્વભાવ જ છે તે જ બંધનું કારણ છે અને શુભાશુભ ક્રિયામાં અહંબુદ્ધિ ન કરવી અર્થાત્ પોતાની ન માનવી અને તેમાં તન્મય ન થવું-એ સમ્યક્ભાવ છે, એ જ નિર્જરાનું કારણ છે.

એક દ્રવ્ય અન્ય દ્રવ્યથી ભિન્ન હોવાથી બહાર લોટે છે. શરીરને આત્મા અડતો નથી, વીંછીનો ડંખ શરીરને અડતો નથી ને વીંછી કરડે ત્યાં રાડ નાખે! આહાહા! શરીર આત્માથી બહાર લોટે છે તે આત્માને શું કરી શકે! પગ છે તે જમીનને અડતો નથી ને તડકો હોય ત્યાં પગ ગરમ થઈ જાય! પાણીને અગ્નિ અડતી નથી ને અગ્નિ હોય ત્યાં પાણી ગરમ થાય! જીવને કર્મ અડતા નથી ને કર્મ હોય ત્યાં જીવને વિકાર થાય! આહાહા! એ દ્રવ્યનો પોતાનો ચમત્કારિક સ્વભાવ છે પણ ઉપાદાનને દેખતો નથી ને નિમિત્ત ઉપર દૃષ્ટિ પડી છે તેથી નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થવાનો ભ્રમ થઈ ગયો છે. એક દ્રવ્ય અન્ય દ્રવ્યમાં પ્રવેશ પામી શકતું નથી, બહાર જ લોટે છે, તે અન્ય દ્રવ્યનું કરે શું? એ સિદ્ધાંત અંદરમાં બેસે તો ભ્રમણા ભાંગી જાય ને દૃષ્ટિ સ્વસન્મુખ વળી જાય.

*-પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ*



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

# પુણ્ય પણ સંસારમાર્ગ છે

(સળંગ પ્રવચન નં. ૫૩)

શ્રી નાટક સમયસાર શાસ્ત્રમાં આ કર્તા-કર્મ-ક્રિયા નામના ત્રીજા અધિકારનો સાર ચાલે છે.

મિથ્યાત્વના ઉદયથી જીવ શાતા-અશાતા આદિ કર્મ અને દયા, દાન, પૂજા અથવા વિષય-કષાયાદિ શુભાશુભક્રિયામાં અહંબુદ્ધિ કરે છે કે આ મારાં કર્મ છે, મારી ક્રિયા છે...અમે પૈસાવાળા, અમે નિર્ધન, અમે હોંશિયાર, અમે મૂરખ અથવા અમે અગ્રેસર....એમ અનેક પ્રકારે શાતા-અશાતા કર્મના ફળમાં અહંપણું માનવું તે મિથ્યાત્વભાવ છે.

શ્રોતાઃ-મારાં પુણ્યથી પૈસા મળે તેને પણ મારાં ન માનવાં?

પૂજ્ય ગુરુદેવશ્રીઃ-પુણ્ય ક્યાં તમારું છે! પુણ્ય તો રાગ છે, બંધન છે, તે તમારું ચૈતન્યનું સ્વરૂપ નથી, તેને મારું માનીને તેના ફળમાં મળેલાં ધનાદિ સંયોગને પણ મારાં માનવા તે મિથ્યાબુદ્ધિ જ છે. નિર્ધનપણું હોય તો આ મારાં પાપકર્મનું ફળ છે તેનાથી મને દુઃખ થાય છે એમ માને છે તે પણ મૂઢ મિથ્યાદૃષ્ટિ છે.

અંદરમાં દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ આવે છે તે મારું કર્તવ્ય છે અથવા હું જ છું એમ માનનારા પણ મિથ્યાદૃષ્ટિ છે. શુભ કે અશુભભાવ તે મારાં છે, મારાં કર્મ છે, મારી ક્રિયા છે...આ બધો મિથ્યાભાવ છે. હું એક સત્ ચિદાનંદ પ્રભુ છું, અતીન્દ્રિય આનંદનો નાથ છું, પુણ્ય-પાપના ભાવ કે તેનું બંધન અને તેનું ફળ મારી વસ્તુમાં નથી.

ભગવાન આત્મા તો ચૈતન્યસ્વરૂપ છે, આનંદસ્વરૂપ છે, તેના ચૈતન્યસ્વભાવ સિવાય તેનાથી 'વિપરીતભાવ' અને તેનાથી થતો 'કર્મબંધ' અને તેના ફળસ્વરૂપ 'સંયોગ' આ ત્રણેયમાં અહમ્‌પણું તે મિથ્યાદર્શન છે. શુભ અને અશુભભાવ તો બંધના કારણ છે તેને પોતાના માને તે મિથ્યાદૃષ્ટિ છે અને મિથ્યાત્વને સેવીને બંધની પરંપરાને વધારે છે.

દયા, દાન, પૂજા અને વિષય-કષાયાદિ શુભ અને અશુભ ક્રિયા એ મારું. કર્તવ્ય છે માટે તે હું જ છું એવો અભિપ્રાય તે મિથ્યાત્વ છે. આ મિથ્યાત્વને સેવતો જીવ બંધને વધારતો જાય છે. શુભાશુભક્રિયામાં અહમ્બુદ્ધિ ન કરવી અર્થાત્ પોતાની ન માનવી અને તેમાં તન્મય ન થવું એ સમ્યક્સ્વભાવ છે અને તે નિર્જરાનું કારણ છે. શુભાશુભભાવ, ક્રિયા અને તેના ફળમાં એકતા નહિ કરતાં જ્ઞાનાનંદસ્વભાવમાં એકતા કરે તેને સંવર નિર્જરા થાય-ધર્મ થાય.

શુભ અને અશુભભાવ તો બંને એક જાતના છે. દયા, દાનના ભાવ થાય કે હિંસા જૂઠના ભાવ થાય તે બંને આત્માથી વિરુદ્ધ ભાવ છે.

શ્રોતાઃ-તો પછી અમારે કરવું શું?

પૂજ્ય ગુરુદેવશ્રીઃ-બંને પ્રકારના ભાવોથી ભિન્ન પડીને આત્માનું હિત કરવું. શુભ અશુભભાવ તો વિકલ્પ છે, તે કાંઈ વસ્તુ નથી. આત્મા તો એક વસ્તુ છે તેમાં એકાગ્ર થવું તે જીવનું કર્તવ્ય છે. વિકલ્પમાં ઊભા રહેવું તે જીવનું કર્તવ્ય નથી.

અનાદિથી જીવની દૃષ્ટિ ખોટી છે અને તેને કહેનારા પણ એવા જ મળ્યા તેથી અનાદિથી ખોટા રસ્તે ચાલવાવાળાને આ સાચા રસ્તાની વાત સાંભળવી પણ કઠણ પડે છે. ખોટા માર્ગમાં જ તેનો ઝુકાવ રહે છે પણ શાંતિ મળતી નથી અને ચિદાનંદ ભગવાન આત્માના સુખની વાત સાંભળી નથી એટલે ક્યાં જવું એમ એને થાય છે.

**સમયસાર નાટક પ્રવચન**
**પ્રથમ ભાગ સંપૂર્ણ**